# શ્રમણ ભગવાન શ્રી મહાવીરના ૨૬ ભવ
અને
## ૨૭મા ભવનો પ્રારંભ માત્ર







લે. પૂ. યુગદિવાકર આચાર્ય શ્રી વિજય ધર્મસૂરિજી મ.

સંપા.- પૂ.આ.શ્રી યશોદેવસૂરિજી

શ્રી મુક્તિકમલ જૈન મોહન ગ્રન્થમાળા પુષ્પ-૬૭

# શ્રમણ ભગવાન મહાવીર

## પૂર્વના ૧ થી ૨૬ ભવો-જન્મોનો પરિચય
ઉપયોગી સમીક્ષા સાથે

અને

૨૭ મા ભવનો પ્રારંભ માત્ર

પાંચ ચિત્રો સાથે

卐

: લેખક :

કર્મતત્ત્વજ્ઞાનના પ્રખરવિદ્વાન પ્રભાવકવક્તા યુગદિ-
વાકર પ. પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.

*

પ્રેરક, સંપાદક : સાહિત્યકલારત્ન પૂ. આચાર્ય
શ્રી વિજય યશોદેવસૂરિજી

*

—: આર્થિક સહાયક :—

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
ઘાટકોપર, સાયનાથનગર, મુંબઈ

*

આવૃત્તિ ચોથી

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :

**શ્રી મુક્તિકમલ જૈન મોહન ગ્રન્થમાળા**

કાર્યાધિકારી શ્રી પનાલાલ શાહ

ઠે. રાવપુરા કોઠીપોળ 'નંદકુંજ' મું. વડોદરા.

---

ભગવાન શ્રી મહાવીર ના ૨૬ ભવના પ્રસંગો અને એ પ્રસંગોને અનુરૂપ ધર્મતત્વજ્ઞાન અને કર્મના સિધ્ધાંતો **પ. પૂ આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજશ્રી એ** આ પુસ્તકમાં ખૂબ સરળતાથી સમજાવ્યા છે. આ પુસ્તક તમે જરૂર વાંચશો તેવી આશા.

**સ્વ. લીલાવતીબેન મણીલાલ સુતરિયા અને સ્વ. મહેન્દ્રભાઈ મણીલાલ સુતરિયાની** પુણ્ય સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી ભેટ.

અન્ય પ્રાપ્તિસ્થાનો :

(૧) **જૈન સાહિત્ય મંદિર તથા સુઘોષા કાર્યાલય**
મું. પાલીતાણા.

(૨) **શ્રી ઋષભદેવજી જૈન મંદિર**
૧૦ મો રસ્તો, મુ. ચેમ્બુર, મુંબઈ–૭૧

*

પ્રથમ આવૃત્તિ ૨૦૨૪, બીજી ૨૦૨૫, ત્રીજી ૨૦૩૧
ચોથી આવૃત્તિ ૨૦૪૨. (કુલ સંખ્યા ૧૧ હજાર)



અહિંસાની મહાન વિભૂતિ પ્રાણી માત્રના ઉદ્ધારક,
વિશ્વવત્સલ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર

પ્રખર તત્વજ્ઞાની, અનોખા વક્તા, શ્રેષ્ઠ લેખક



પૂજ્યપાદ યુગદિવાકર
આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ ઘાટકોપર મુંબઈ

# આભાર દર્શન

સંઘાણી એસ્ટેટ સાયનાથનગર ઘાટકોપર જૈન સંઘ ઉપર પરમપૂજ્ય યુગદિવાકર આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજનો અસાધારણ ઉપકાર છે. સંઘાણી એસ્ટેટમાં જૈન મંદિર, ઉપાશ્રય આદિ જે કાંઇ છે તે બધું તેઓશ્રીની જ પરમ કૃપાનું ફળ છે. સંઘાણી વામનમાંથી વિરાટ્ બન્યું હોય તો તે પૂજ્યપાદ ગુરુદેવના સાથ સહકારને આભારી છે. પણ સાથે સાથે નિર્વિવાદ પણે કહેવું જોઇએ કે આ વિરાટ વૃક્ષનાં બીજ વાવનાર જો કોઇ મુનિરાજ હોય તો પૂજ્ય આચાર્ય શ્રી યશોદેવસૂરિજી મહારાજના સેવાભાવી, જૈન પંચાંગના સંપાદક, વિનીત શિષ્ય પૂજ્ય પન્યાસ મુનિશ્રી વાચસ્પતિવિજયજી કે જેમણે પાંચ પાંચ વરસ સુધી પર્યુષણા પર્વની આરાધનાઓ કરાવી સંઘમાં જાગૃતિ આણી હતી તેઓ છે.

સંઘાણી–સાયનાથનગરના ધર્મશ્રદ્ધાળુ ભક્તિવંત શ્રી સંઘે, પૂ. ગુરુદેવોના ઉપકારનું ૠણ અદા કરવા પૂ. આચાર્ય શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી આ પુસ્તક છાપવા માટે ઉત્તમ આર્થિક સહકાર આપ્યો છે તે બદલ અમો તેઓનો ભારોભાર આભાર માનીએ છીએ. અને પૂજ્ય ગુરુદેવોના અન્ય પ્રકાશનોના પ્રસંગમાં યોગ્ય સહકાર આપતા રહેશે તેવી નમ્ર વિનંતિ કરીએ છીએ.

—પ્રકાશકો

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ નં. |
|---|---|
| (૧) નયસારનો ભવ, જીવાત્મા એજ પરમાત્મા | ૧ |
| અભવ્ય-જાતિભવ્ય અને ભવ્ય | ૨ |
| ભવ્યાત્મા હોય તે જ પરમાત્મા થાય | ૩ |
| ભગવાન મહાવીરનો આત્મા ભૂતકાળમાં સંસારી જ હતો | ૪ |
| સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી જ ભવની ગણતરી | ૫ |
| સમ્યગ્દર્શન એ પરમાત્મદશાનું બીજક છે | ૬ |
| નયસારના સમયનો યુગ | ૭ |
| આમસુખી નયસારનું સંસ્કારી જીવન | ૮ |
| નોકર-ચાકર પ્રતિ પ્રાચીનકાળની કૌટુંબિક ભાવના | ૧૦ |
| નયસારે કરેલ મુનિવરોનું ભક્તિ-બહુમાન | ૧૨ |
| નયસારને મુનિવરે બતાવેલ ભાવમાર્ગ | ૧૩ |
| કર્મપ્રવાહની પરંપરાનું કારણ | ૧૪ |
| માનવજીવનને સફળ બનાવવા માટે શું કરવું જોઈએ? | ૧૫ |
| (૨) મહાનુભાવ મરિચિ યાને ભગવાન મહાવીરનો ત્રીજો ભવ | ૧૮ |
| ભગવાન શ્રી ઋષભદેવજી પાસે મરિચિકુમારની દીક્ષા | ૧૯ |
| ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુના સમયમાં આત્માની સરલતા | ૨૦ |
| મરિચિમુનિને ઉષ્ણુપરિષહનો પ્રસંગ અને નવીન વેષની કલ્પના | ૨૧ |

મરિચિ આચારથી પતિત થયા પણ શ્રદ્ધાથી પતિત થયા નથી ૨૩
શ્રદ્ધાથી-પરિણામથી પણ પતિત થનારની દુર્દશા ૨૫
પ્રભુને ભરતમહારાજાનો પ્રશ્ન ૨૬
ભરતચક્રીનું મરિચિ પાસે ગમન અને વંદન ૨૮
સમ્યગ્દર્શન સંપન્ન આત્માની મનોભાવના ૨૯
જૈનદર્શનની વિશાળતા સાથે વ્યવહાર મર્યાદા ૩૦

(૩) મરિચિએ કરેલો કુલમદ ૩૧
વર્તમાનકાળે અહંભાવનું પ્રાબલ્ય ૩૨
અહંભાવથી થતું નુકશાન ૩૩
ઉચ્ચ અને નીચ ગોત્ર અંગે શાસ્ત્રીય વિચાર ૩૪
જીવનમાં પ્રકાશ અને અંધકારનું દ્વન્દ્વ ૩૫
મરિચિના શરીરમાં બિમારી ૩૮
મરિચિને માંદગી પ્રસંગે થયેલી શિષ્ય કરવાની ઇચ્છા ૪૦
મરિચિ પાસે કપિલનું આગમન ૪૧
મરિચિનું સૂત્ર વિરુદ્ધ પ્રતિપાદન ૪૩
માનસિક કસોટી પ્રસંગે મરિચિનું શૈથિલ્ય ૪૩
મરિચિનું સ્વર્ગગમન ૪૪

(૪) મરિચિની હયાતીનો સમય એટલે આત્મકલ્યાણની વધુ અનુકૂળતાનો સમય ૪૬
મરિચિ પંચમ દેવલોકમાં કેમ ઉત્પન્ન થયા? ૪૭
જીવનવિશુદ્ધિ માટે આલોચના-પ્રતિક્રમણાદિની અત્યંત જરૂરીયાત ૪૮

આત્મનિરીક્ષણ ૪૯
મરિચિનો અંતિમ સમયે આલોચનાનો અભાવ ૫૦
અંતરંગવિકાસ ઉપર સ્થાનની ઉચ્ચતાનો આધાર છે ૫૧
પ્રકાશમાંથી અંધકારમાં ગયા બાદ પુનઃ પ્રકાશ પ્રાપ્ત થવો મુશ્કેલ બને છે ૫૨
આચારભ્રષ્ટતાથી ઉત્સૂત્રપ્રરૂપણા એ મોટું પાપ છે ૫૩
ભગવાન મહાવીરના પાંચમા ભવથી પંદરમાં ભવ સુધીની હકીકત ૫૪
એક જન્મની વધુ પડતી ભૂલની અનેક ભવો સુધી કારમી શિક્ષા ૫૬

(૫) સોળમો ભવ વિશ્વભૂતિ મુનિરાજ અને ચાર ગતિનું સ્વરૂપ ૫૭
સોળમા ભવે વિશ્વભૂતિ રાજકુમાર ૫૮
કર્મોદયમાં સાન્તરપણું ૫૯
વિશ્વભૂતિની ઉદ્યાનક્રીડા અને યુદ્ધ માટે પ્રયાણ ૬૦
રાજાના પ્રપંચની જાણ થતાં વિશ્વભૂતિને વૈરાગ્યપ્રાપ્તિ અને ચારિત્રનો સ્વીકાર ૬૨
સંયમ માર્ગનો સ્વીકાર થયા બાદ તેમાં સ્થિરતા પ્રાપ્ત થવી તે પરમ સૌભાગ્ય છે ૬૪
ક્ષયોપશમભાવના ગુણમાં ચલ-વિચલ અવસ્થા ૬૬
મરિચિના ભવમાં પાળેલા સંયમના સંસ્કારોનો પ્રભાવ ૬૭
વિશ્વભૂતિ મુનિએ કરેલ નિયાણું, આયુષ્યની સમાપ્તિ અને સત્તરમા ભવે મહાશુક્ર દેવલોકે ૬૮

(૬) અઢારમો ભવ ત્રિપૃષ્ઠ વાસુદેવ ૭૧
જીવોના બે પ્રકાર–ક્ષપિત કર્માંશ અને ગુણિત કર્માંશ ૭૧
આત્માનો આરોહ–અવરોહ અને ભવ્ય–અભવ્ય જીવો ૭૨
ગુણસ્થાનકોમાં આરોહ–અવરોહ ૭૪
દ્રવ્યપાપ અને ભાવપાપની વિચારણા ૭૫
ત્રિષષ્ટિ શલાકા પુરુષો ૭૭
તીર્થંકરો અને ચક્રવર્તીઓ ૭૭
વાસુદેવો તથા પ્રતિવાસુદેવો અને બળદેવો ૭૮
પુત્રીની સાથે જ પિતાએ કરેલ ગાંધર્વ લગ્ન ૮૦

(૭) સંસારી જીવોમાં સ્ત્રી-પુરુષ અને નપુંસકના વિભાગો ૮૩
લિંગ અને વેદમાં તફાવત ૮૪
લિંગમાં સ્ત્રી છતાં વેદમાં પુરુષવેદ વગેરે ૮૫
પાણિગ્રહણનો આદર્શ ૮૬
જાતિ અને કુળ ઉપર આત્માના ઉત્કર્ષનો આધાર ૮૭
ત્રિપૃષ્ઠ વાસુદેવને પાપાનુબંધી પુણ્ય ૮૮
બલદેવ અચલકુમારને પુણ્યાનુબંધી પુણ્ય ૮૯

(૮) પ્રાસંગિક પ્રતિવાસુદેવ અશ્વગ્રીવનો જીવનવૃતાંત
ઉત્સર્પિણી અવસર્પિણીનો પ્રભાવ ૯૧
કુશલ દૈવજ્ઞને પ્રતિવાસુદેવનો પ્રશ્ન ૯૨
અષ્ટાંગ નિમિત્તનો અવબોધ એ વિશિષ્ટ શ્રુતજ્ઞાન છે ૯૩
પ્રતિવાસુદેવને શરૂ થયેલ આર્તધ્યાન ૯૪
દૈવજ્ઞના વચનોની પ્રતીતિ કરવા માટે પ્રતિવાસુદેવનો
પ્રયાસ ૯૫

ત્રિપૃષ્ઠકુમારે કરેલો ચંડવેગ દૂતનો પરાભવ ૯૭
ત્રિપૃષ્ઠકુમારે કરેલ સિંહવિદારણ ૯૮
ત્રિપૃષ્ઠકુમાર સાથે સ્વયંપ્રભાનું પાણિગ્રહણ ૧૦૧
પૂર્વસંચિત પ્રારબ્ધ પ્રમાણે નિમિત્તની હાજરી ૧૦૨
વાસુદેવ-પ્રતિવાસુદેવનું યુદ્ધ અને વાસુદેવનો વિજય ૧૦૨

(૯) સુખનું અનન્ય સાધન ધર્મ જ છે. ૧૦૪

વાસુદેવનો રાજ્યાભિષેક ૧૦૭
પોતનપુરના પરિસરમાં ભગવાન શ્રેયાંસનાથ ૧૦૭
પ્રભુની ધર્મદેશના અને સંવર, નિર્જરાનું સ્વરૂપ ૧૦૮
ત્રિપૃષ્ઠ વાસુદેવને પુનઃ સમ્યક્ત્વની પ્રાપ્તિ ૧૦૯
નિમિત્તવાસી આત્મા ૧૧૦
ત્રિપૃષ્ઠ વાસુદેવની વિષય લોલુપતા ૧૧૧
સર્વ અનિષ્ટનું મૂળ વિષયોની લોલુપતા ૧૧૨

(૧૦) અઢારમાં ભવનું સિંહાવલોકન ૧૧૫

પુણ્ય-પુણ્યમાં તફાવત ૧૧૬
પુણ્ય-પાપની ચઉભંગી ૧૧૮
યોગનો ધર્મ અને ઉપયોગનો ધર્મ ૧૨૦
ત્રિપૃષ્ઠવાસુદેવને પાપાનુબંધી પુણ્ય ૧૨૦
બલદેવો અને વાસુદેવોના અંતરંગ જીવનની
તરતમતા ૧૨૨
અચલકુમારનો વિલાપ અને દીક્ષા ૧૨૩
ત્રિપૃષ્ઠ વાસુદેવનું આયુષ્ય ૧૨૫

| | |
|---|---|
| (૧૧) વાસુદેવના નામ-સમય-ગતિ | ૧૨૭ |
| બાહ્ય સુખ-દુઃખની ચરમ સીમાઓ | ૧૨૮ |
| નારક જીવોની અશરણ દશા | ૧૨૯ |
| દુઃખની સતત પરંપરા | ૧૩૦ |
| નરકમાં બીજી વેદનાઓ | ૧૩૧ |
| વિષયોની ગુલામી એ દુઃખનું કારણ છે | ૧૩૨ |
| વીશમા ભવમાં સિંહ તરીકે ઉત્પત્તિ | ૧૩૩ |
| સાતમી નારકીમાં પણ સમ્યક્ત્વ | ૧૩૪ |
| (૧૨) પશુ-પશુઓમાં તરતમતા | ૧૩૭ |
| શુભા-શુભ પ્રવૃત્તિથી સુખ-દુઃખ નિર્માણ | ૧૩૮ |
| પાપથી વિમુખ યા અનાસક્ત બનો | ૧૩૮ |
| નિયાણું એ ઉગ્ર પાપ છે | ૧૩૯ |
| ૨૧મા ભવમાં ચોથી નરક | ૧૪૦ |
| વિપરીત પુરુષાર્થથી બચો | ૧૪૧ |
| નરક પછી અનેક તિર્યંચાદિ ભવો | ૧૪૨ |
| અકુશલાનુબંધની પરંપરાનો અંત | ૧૪૩ |
| કુશલાનુબંધનો પુનઃ પ્રારંભ | ૧૪૪ |
| સકામ-અકામ નિર્જરા | ૧૪૪ |
| વિમલ રાજકુમાર | ૧૪૫ |
| રાજા વિમલની અનુકંપા | ૧૪૬ |
| ચારિત્ર ગ્રહણ | ૧૪૭ |
| (૧૩) ૨૨ભવોનું સરવૈયું (તારવણી) | ૧૫૦ |
| વિકાસક્રમમાં આરોહ-અવરોહ | ૧૫૧ |

ગર્ભાવતાર અને માતાને સ્વપ્ન દર્શન ૧૫૨
સ્વપ્ન ફલ નિરૂપણ ૧૫૩
મોક્ષાનુકૂલ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ સામગ્રી ૧૫૪
ભાવસામગ્રીની પ્રધાનતા ૧૫૫
દ્રવ્ય અને ભાવપુણ્ય ૧૫૫
બાલમરણ-પંડિતમરણ ૧૫૭
સમાધિ મરણની દુર્લભતા ૧૫૮
(૧૪) એકભવમાંથી બીજા ભવમાં ઉત્પન્ન થવાનું મુખ્યકારણ ૧૬૦
એક ભવમાંથી બીજા ભવમાં જતાં આત્માને કેટલો કાળ લાગે? ૧૬૧
ઋજુગતિ ૧૬૨
વિગ્રહગતિ અથવા વક્રગતિ ૧૬૨
ઉત્તમ પુત્રરત્નની પ્રાપ્તિમાં માતા-પિતાનો પણ વિશિષ્ટ પુણ્યોદય ૧૬૩
પ્રિયમિત્ર ચક્રવર્તીનો જન્મ અને જન્મ મહોત્સવની ઉજવણી ૧૬૩
પ્રાચીનકાળમાં આર્યાવર્તની ભૂમિ ઉપર અધ્યાત્મવાદની પ્રબલતા ૧૬૪
રાજા ધનંજય અને રાણી ધારિણીની સંયમ સાધના ૧૬૫
રાજા પ્રિયમિત્રનું નિર્વેદમય જીવન ૧૬૬
રાજ્યનું રાજ્યપરિપાલન ૧૬૬
આજના માનવજગતની વિષમ સ્થિતિ ૧૬૬

આપણે કેવું જીવન જીવવું જોઇએ ? ૧૬૭
આરાધના પ્રસંગે સંવર અને સકામ નિર્જરાની મુખ્યતા ૧૬૭
પ્રિયમિત્રનાં ભવમાં ચક્રવર્તીપણાની યોગ્યતા ૧૬૮
ત્યાગની પાછળ ભોગ–ઉપભોગની સામગ્રી ૧૬૯
અંતરાય કર્મનો વાસ્તવિક ભાવાર્થ ૧૬૯
મોહની લઘુતા સાથે જ અંતરાયની લઘુતાનો સંબંધ ૧૭૦
ધર્મની આરાધનાનું વાસ્તવિક ફળ ૧૭૧
વિમલમુનિના ભવની આરાધના ૧૭૧
તીર્થંકર નામકર્મની અંતર્ગત ગણધરાદિ નામકર્મ ૧૭૨
દ્રવ્યદયા અને ભાવદયાનું ભાવિ ફળ ૧૭૨
લોકોત્તર અને લૌકિક અધિકારોના હેતુ ૧૬૩
દ્રવ્યદયા અને ભાવદયાની સંક્ષિપ્ત વ્યાખ્યા ૧૭૪
વિમલ રાજાએ ઉપાર્જન કરેલ પુણ્યાનુબંધી પુણ્ય ૧૭૪
પંદર કર્મભૂમિમાં ચક્રવર્તીઓ ૧૭૫

(૧૫) પંચેન્દ્રીય સાત રત્નો ૧૭૬
એકેન્દ્રીય સાત રત્નો ૧૭૭
નવનિધાનના નામો ૧૭૯
ચૌદ રત્ન અને નવનિધાનનો પ્રભાવ ૧૭૯
ચક્રવર્તીનો અભિષેક મહોત્સવ ૧૮૦
ચક્રવર્તીના બે વિભાગ ૧૮૦
આ અવસર્પિણીના બાર ચક્રવર્તીઓ ૧૮૧
પ્રિયમિત્ર ચક્રી ૧૮૩
સંસારના ટકાવનું કારણ અઢાર પાપસ્થાનકો ૧૮૪

સમ્યગ્‌જ્ઞાન, સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌ચારિત્રનું
સાચું રહસ્ય ૧૮૫
પ્રભુપાસે પણ પાપથી બચવાની માંગણી ૧૮૫
પ્રિયમિત્ર ચક્રવતીંની સંસાર સુખમાં ઉદાસીનતા ૧૮૬
પોટ્ટિલાચાર્ય પાસે પ્રિયમિત્ર ચક્રવતીંનું ચારિત્રગ્રહણ ૧૮૭
આયુષ્ય કર્મ સિવાય બધાય શુભા-શુભ કર્મનો
સ્થિતિબંધ અશુભ જ હોય ૧૮૮
કષાયની મંદતાનું અસાધારણ કારણ સમ્યગ્‌જ્ઞાનપૂર્વક
તપ સંયમની આરાધના ૧૮૯
એક ક્રોડ વર્ષના ચારિત્ર પર્યાયમાં પ્રમત્ત-અપ્રમત્ત
ગુણસ્થાનકનો કાળ ૧૯૦
ચોવીસમા ભવે શુક્ર નામના દેવલોકમાં અવતાર ૧૯૦
(૧૬) દેવલોક અને મહર્દ્ધિક દેવ ૧૯૧
દેવલોકમાં સર્વથી ઉત્તમ કોટિના દેવો ૧૯૧
સર્વોત્તમ દેવોનું સંક્ષિપ્ત સ્વરૂપ ૧૯૨
દેવલોક તથા નારકીના સ્થાન માટે શંકાનું સમાધાન ૧૯૩
સ્વર્ગલોકમાં કોણ ઉત્પન્ન થાય ? ૧૯૪
સંયમ એ મોક્ષનું સાધન છતાં આત્મા સ્વર્ગલોકમાં
કેમ ઉત્પન્ન થાય ? ૧૯૫
દેવો દેવલોકમાં કેવી રીતે ઉત્પન્ન થાય ? ૧૯૬
દેવલોકમાં ઉત્પન્ન થનાર દેવોને મતિ, શ્રુત અને
અવધિજ્ઞાન ૧૯૭
ભગવંતના આત્મામાં ત્રણ જ્ઞાનની વિશેષતા ૧૯૮

દેવલોકમાં વર્તતા સમ્યગ્દૃષ્ટિ દેવોનું અંતરંગ જીવન ૧૯૮
આરાધનાની સફળતા ૨૦૦
આરાધનાની સફળતા નરકગતિમાં કેવી રીતે? ૨૦૧
નારકીના જીવોને ભયંકર વેદનાના ભોગવટામાં પણ
સમભાવ એ આરાધના છે ૨૦૨
એકવાર પણ આરાધક ભાવ પ્રગટ થાય તો સંસાર
પરિમિત બને ૨૦૩
બાવીશમાં ભવથી આરાધક ભાવની પરંપરા ૨૦૪
ઉચ્ચકુલનો વાસ્તવિક ભાવાર્થ ૨૦૪
નંદનકુમારને પિતા તરફથી રાજગાદીનું સમર્પણ
અને પિતાજીની દીક્ષા ૨૦૫
નંદન રાજાની દીક્ષા ૨૦૬
દીક્ષા ગ્રહણ કર્યા બાદ સંયમ, તપ અને જ્ઞાનયોગનો
ત્રિવેણી સંગમ ૨૦૭
ભાવદયાની પ્રધાનતા તેમજ વિંશતી-સ્થાનકની
આરાધનાનો પ્રારંભ ૨૦૮
(૧૭) વિંશતી-સ્થાનકના એક એક પદનું સ્વરૂપ ૨૦૯
વિંશતિ સ્થાનકમાં પ્રથમ શ્રી અરિહંત પદ ૨૧૦
ભગવંત જેવા બીજા કોઇ પરોપકારી નથી ૨૧૧
બીજા સિદ્ધપદની આરાધના ૨૧૨
ત્રીજા પ્રવચન પદની આરાધના ૨૧૩
ચોથું આચાર્ય પદ ૨૧૫
પાંચમું સ્થવિરપદ અને છઠું ઉપાધ્યાયપદ ૨૧૭

| | |
|---|---|
| સાતમું સાધુપદ | ૨૧૮ |
| આઠમું જ્ઞાનપદ, નવમું દર્શનપદ અને દશમું વિનયપદ | ૨૧૯ |
| સમ્યગ્જ્ઞાન સાચું જ્ઞાન કોને કહેવાય ? | ૨૨૦ |
| અગીયારમું ચારિત્રપદ | ૨૨૧ |
| બારમું બ્રહ્મચર્યપદ | ૨૨૨ |
| તેરમું શુભ ધ્યાનપદ–પ્રાસંગિક આર્ત અને રૌદ્રનું સ્વરૂપ | ૨૨૩ |
| ધર્મ અને શુકલનું સંક્ષિપ્ત સ્વરૂપ | ૨૨૫ |
| શુકલ ધ્યાન | ૨૨૬ |
| ચૌદમું તપ પદ | ૨૨૭ |
| પંદરમું ગોયમ અથવા પ્રથમ ગણધર પદ | ૨૨૮ |
| પ્રથમ ગણધર ભગવંતની મહત્તા | ૨૨૯ |
| ગૌતમપદ અને દાનપદનો સમન્વય | ૨૩૧ |
| સોળમું વૈયાવચ્ચપદ અને સત્તરમું સમાધિપદ | ૨૩૨ |
| સત્તરમું સમાધિપદ | ૨૩૪ |
| અઢારમું અભિનવજ્ઞાનપદ | ૨૩૪ |
| ઓગણીશમું શ્રુતપદ | ૨૩૫ |
| વીસમું તીર્થપદ | ૨૩૬ |
| (૧૮) નંદનમુનિવરનું પ્રશંસનીય સંયમી જીવન | ૨૩૮ |
| નંદનમુનિવરની અંતિમ આરાધના | ૨૩૯ |
| અતિચારની આલોચના એ અભ્યંતર તપ છે | ૨૪૧ |
| પંચાચારનું પરિપાલન એજ ધર્મ છે | ૨૪૧ |
| જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચારની આલોચના | ૨૪૨ |
| તપાચાર અને વીર્યાચારની આલોચના | ૨૪૪ |

સર્વ જીવોની સાથે ક્ષમાપના ૨૪૫
અનિત્ય અશરણ વગેરે બાર ભાવનાઓનું ચિંતન મનન ૨૪૫
અરિહંતાદિ ચારેય શરણોનો સ્વીકાર ૨૪૬
અરિહંતાદિ પંચ પરમેષ્ઠિને નમસ્કાર ૨૪૬
ચારેય પ્રકારના આહારનો ત્યાગ અને અનશનનો સ્વીકાર ૨૪૮
દેવલોકમાં દેવને ઉત્પન્ન થવાની વ્યવસ્થા ૨૪૯
દેવોના જીવનમાં પણ ધર્મવ્યવહાર ૨૪૯
દેવલોકમાં ઉત્પન્ન થયા બાદ અવધિજ્ઞાનનો ઉપયોગ અને પૂર્વભવનું જાણપણું ૨૫૦
દેવલોકમાં આયુષ્યની સમાપ્તિ અને ચ્યવન ૨૫૨
૨૭મો ભવ શરૂ થતાં પહેલાં મારો થોડોક ખુલાસો ૨૫૪
છેલ્લા ૨૭મા ભવનો પ્રારંભ ૨૫૯
આત્મા છેવટે દ્રવ્યોનું સ્વરૂપ ૨૫૯
આકાશદ્રવ્યના લોકાકાશ અને અલોકાકાશ વિભાગ ૨૬૧
લોકાકાશના ઉર્ધ્વ, મધ્ય અને અધોલોકના વિભાગો ૨૬૨
માનવજન્મની મહત્તા તેમજ તેની ઉન્નતિ અને અવનતિ ૨૬૨
ઉન્નતિમાં પરમ સહાયભૂત તીર્થંકર દેવોનું ધર્મશાસન ૨૬૩
ધર્મશાસન પ્રવર્તાવનાર તીર્થંકર ભગવંતો ૨૬૪
તીર્થંકર નામકર્મ નિકાચિત બંધ ૨૬૫
તીર્થંકર પરમાત્માનું ગર્ભાવતરણ અને વિશ્વમા સુખ-શાંતિનો પ્રસાર ૨૬૭

માતાનું સ્વપ્નદર્શન અને ઇન્દ્રદ્વારા સ્તુતિ ૨૬૮
તીર્થંકરનામકર્મ પુણ્યનો પ્રબળ પ્રભાવ ૨૬૯
ઇન્દ્રનું સિંહાસન ચલિત થવાના સંદેહનું સમાધાન ૨૭૦
કલ્યાણક સમયના અજવાળા અને શાંતિ સર્વદા
ન હોવા બાબત શંકાનું સમાધાન ૨૭૧
ચ્યવન કલ્યાણકનો પુણ્ય પ્રસંગ ૨૭૪
માતાજીને સ્વપ્નદર્શન અને તેનું કારણ ૨૭૪
કર્મનો ભોગવટો બે પ્રકારે, વિપાકોદયથી અને
પ્રદેશોદયથી ૨૭૫
દેવાનંદાનું ઋષભદત્ત બ્રાહ્મણ પાસે જવું અને
સ્વપ્નનો વૃત્તાંત રજૂ કરવો ૨૭૭
ગૃહસ્થાશ્રમમાં પતિ-પત્નીનો ધર્માનુકૂલ વ્યવહાર ૨૭૮
ચૌદ મહાસ્વપ્નોનું ફળ ૨૭૮
બંધાયેલ શુભ-અશુભ કર્મનાં ફળમાં ફેરફાર
થવાનું કારણ ૨૮૦
કર્મનો સંક્રમ અને સકામ નિર્જરા ૧૮૧
સૌધર્મેન્દ્રની ચ્યવન કલ્યાણક પ્રસંગે સ્તુતિ-સ્તવના ૨૮૨
દેવોની દુનિયા અને માનવજગતમાં પ્રવર્તતી
તરતમતા ૨૮૩
સમ્યગ્દૃષ્ટિ દેવોનું જીવન ૨૮૪
શ્રી મહાવીર પ્રભુના બ્રાહ્મણકુળમાં થએલા અવતરણ
અંગે સૌધર્મેન્દ્રની વિચારધારા ૨૮૬
અનંતકાળ દરમિયાન કર્મ વિશેષના કારણે બનતા
આશ્ચર્યકારક પ્રસંગો ૨૮૭

સૌધર્મેન્દ્રનો ગર્ભપરાવર્તન માટે નિર્ણય ૨૮૮
ગર્ભપરાવર્તન માટે હરિણૈગમેષી સાથે વાર્તાલાપ ૨૮૯
ગર્ભપરાવર્તન કેવી રીતે કરવું ૨૯૦
પ્રાસંગિક પાંચ પ્રકારનાં શરીરોનું સ્વરૂપ ૨૯૧
હરિણૈગમેષીએ કરેલી ઉત્તર વૈક્રિયની રચના ૨૯૩
ઉપર રજૂ થયેલા પ્રશ્નોનું સમાધાન ૨૯૪
સૌધર્મેન્દ્રના પાંચ રૂપોની વિકુર્વણા ૨૯૫
ઉત્તર વૈક્રિય શરીરનું સ્વરૂપ ૨૯૬
હરિણૈગમેષીનું બ્રાહ્મણકુંડ નગરમાં આગમન ૨૯૭
માતા દેવાનંદા અને માતા ત્રિશલાના ગર્ભનું પરાવર્તન ૨૯૮
હરિણૈગમેષીનું સૌધર્મેન્દ્ર પાસે પુનરાગમન ૨૯૯
ગર્ભપરાવર્તનના પ્રસંગને અનુલક્ષીને વિશેષ વિચારણા ૩૦૧
અનંતકાળ દરમિયાન કદાચિત્ બનતા અચ્છેરાંઓ ૩૦૧
ભગવાન મહાવીર માટે આવો પ્રસંગ આવવાનું કારણ ૩૦૨
ભરત મહારાજાએ ભગવાન ઋષભદેવ પ્રભુને પૂછેલ પ્રશ્નોનો ઉત્તર ૩૦૩
મરિચિને પ્રગટ થયેલ વધુ પડતો અહંભાવ ૩૦૪
અવશિષ્ટ રહેલા અશુભકર્મના કારણે દેવાનંદાની કુક્ષિમા અવતરણ ૩૦૫
દેવાનંદાનો આ પ્રસંગ ઉપસ્થિત થવાનું શું કારણ? ૩૦૫
દેવાનંદા અને ત્રિશલાનો પૂર્વજન્મનો સંબંધ ૩૦૬
માતા દેવાનંદાને આવેલાં ચૌદ મહાસ્વપ્નોનું અપહરણ ૩૦૭
ત્રિશલામાતાને ચૌદ મહાસ્વપ્નોનું દર્શન ૩૦૮

સિદ્ધાર્થ ક્ષત્રિયે જણાવેલું મહાસ્વપ્નોનું પ્રશસ્ત ફળ ૩૦૯
સ્વપ્નલક્ષણ પાઠકોને બોલાવી લાવવા માટે સેવક
પુરૂષોને સિદ્ધાર્થ રાજાએ કરેલ આજ્ઞા ૩૧૦
સ્વપ્નલક્ષણ પાઠકોને આમંત્રણ ૩૧૦
સ્વપ્નલક્ષણ પાઠકોનું સભામાં આગમન ૩૧૧
સર્વસંમત એક સ્વપ્નલક્ષણ પાઠકને મુખ્યતા
આપવાની વાત ૩૧૨
ત્રિશલા ક્ષત્રિયાણીને આવેલા ચૌદ મહાસ્વપ્ન ૩૧૩
સ્વપ્નલક્ષણ પાઠકોના ફળ કથનનો પ્રારંભ ૩૧૪
અતિ ઉત્તમ કોટિના મહાસ્વપ્નો ૩૧૫
સ્વપ્ન આવવાનું વાસ્તવિક કારણ ૩૧૫
શુભ–અશુભ સ્વપ્નના હેતુઓ ૩૧૬
શુભ–અશુભ સ્વપ્નો એટલે સદ્–અસદ્ વર્તન અને
વિચારોનું પ્રતિબિંબ ૩૧૭
સર્વ ગુણ સંપન્ન પુત્રરત્નની પ્રાપ્તિ ૩૧૮
સ્વપ્ન શાસ્ત્રનો નિયમ ૩૧૯
તીર્થંકરોની માતાને સ્વપ્ન દર્શનના ક્રમમાં તફાવત ૩૨૦
બારમા સ્વપ્નદર્શનમાં વિમાન અથવા ભવનનું કારણ ૩૨૧
તીર્થંકરના આત્મા માટે આગતિદ્વારનાં બેજ દંડક ૩૨૨
૧–૨–૩ નારકીમાંથી મનુષ્યપણું પ્રાપ્ત કરનાર
તીર્થંકર થઇ શકે છે ૩૨૩
ચૌદેય મહાસ્વપ્નનું ભિન્ન ભિન્ન ફળ ૩૨૪
સિદ્ધાર્થ રાજાને ત્યાં ધન–ધાન્યદિકની વૃદ્ધિ ૩૨૭

'વર્ધમાન કુમાર' નામ સ્થાપવાનો મનોમન નિર્ણય ૩૨૭
ભગવંતની ગર્ભાશયમાં નિશ્ચલતા ૩૨૮
વિચાર કરવાની શક્તિનું વિવેચન ૩૨૯
ગર્ભાશયમાં મૃત્યુ થાય તો કોઇવાર દેવ અથવા ૩૩૦
ગર્ભાશયમાં ભગવંતની જ્ઞાન શક્તિ ૩૩૧
ત્રિશલા માતાને વિકલ્પની પરંપરા ૩૩૨
પોતાના સંતાન માટે માતાનું વાત્સલ્ય ૩૩૨
સિદ્ધાર્થ રાજા અને સમગ્ર પરિવારનું શોકાકુલ
વાતાવરણ ૩૩૩
મોહરાજાનો પ્રભાવ ૩૩૪
પ્રભુની કાયાનું અને સમગ્ર રાજકુટુંબમાં આનંદ ૩૩૪
ભગવંતે ધારણ કરેલો અભિગ્રહ અને તેનું વિશદ
વિવેચન ૩૩૫
સંયમાર્થી મહાનુભાવ માટે માતા-પિતાની અનુમતિ
સાથે આશીર્વાદ ૩૩૭
ગર્ભનું પાલન-પોષણ ૩૩૭
ગર્ભના પ્રભાવે માતાજીના પ્રશસ્ત દોહલા ૩૩૮
ભગવાન મહાવીર પ્રભુનો જન્મ ૩૩૯
તીર્થંકરની માતાને ઉદરવૃદ્ધિ અને પીડાનો અભાવ ૩૪૦
તીર્થંકરના જન્મ પ્રસંગે માતા અને પુત્રને પીડાનો
સર્વથા અભાવ ૩૪૦
દ્રવ્ય તીર્થંકરપણામાં તીર્થંકર નામકર્મનો પ્રદેશોદય ૩૪૧
પ્રદેશોદય-પ્રદેશોદયમાં પણ વિચિત્રતા ૩૪૨

પ્રત્યેક વર્ષે પાંચેય કલ્યાણકોની ઉજવણી અવશ્ય
થવી જોઇએ ૩૪૨
જન્મ કલ્યાણકની વિશેષતા ૩૪૩
દિક્કુમારીકાઓનું આગમન ૩૪૪
પ્રભુના જન્મપ્રસંગે સૂતિકર્મ માટે દિક્કુમારીકાઓનો
અધિકાર ૩૪૫
દરેક દિક્કુમારીકાઓ સમકિતવંત હોય ૩૪૫
પ્રભુ અને પ્રભુની માતાની આ દિક્કુમારીકાઓએ
કરેલ સ્તુતિ ૩૪૬
સૂતિકર્મનો પ્રારંભ ૩૪૭
સૌધર્મેન્દ્રના સિંહાસનનું પણ ચલિત થવું ૩૪૯
સુઘોષા ઘંટાના નાદ વડે સર્વ દેવલોકમાં પ્રભુનો
જન્મ થયાના સમાચાર ૩૫૦
શબ્દપણે પરિણમેલા ભાષાના પુદ્દગલો ૩૫૧
સૌધર્મેન્દ્રનું ત્રિશલામાતાના શયનઘરમાં આગમન ૩૫૨
સૌધર્મેન્દ્ર ભગવંતને મેરુશિખર પર લઇ જાય છે ,,

卐

## ચોથી આવૃત્તિ પ્રસંગનું

# પ્રકાશકીય નિવેદન

આ પુસ્તકની ચોથી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો આનંદ અનુભવીએ છીએ. લેખક પૂજ્ય યુગ-દિવાકર આચાર્યશ્રીજી જૈન સમાજમાં દ્રવ્યાનુયોગના-તત્વજ્ઞાનના નિષ્ણાંત તરીકે જાણીતા હતા. તાત્ત્વિક અને કર્મશાસ્ત્રોને લગતા ગ્રન્થોના અભ્યાસ અને તેનું ચિંતન ઘણું ઉંડુ અને વ્યાપક હતું. તત્વજ્ઞાની સાથે શ્રેષ્ઠ કોટિના વકતા અને સુંદર લેખક હતા, અને આ કારણે જ આ ભગવાન મહાવીરનું પુસ્તક અતિવાચનીય અને મનનીય બની ગયું. વિદ્વાનો અને જનતાની માંગ રહ્યા જ કરતી હતી જેથી તેનું પુનઃપ્રકાશન કર્યું છે.

વાચકો આધ્યાત્મિક પ્રેરણા આપતા આ પુસ્તકને મનન પૂર્વક શાંતિથી વાંચે અને જીવનને અજવાળે એ જ, અને સાથે-સાથે આવા બોધક-પ્રેરક પુસ્તકો પોતપોતાના સર્કલમાં વધુ વંચાય એ માટે ઘટતું કરે !

આ આવૃત્તિમાં ૦૭ મા ભવના પ્રારંભનું ઉપલબ્ધ લખાણ પહેલી જ વાર ઉમેરવામાં આવ્યું છે.

—પ્રકાશકો

# પહેલી આવૃત્તિ પ્રસંગે

## ચરિત્ર લેખક પૂજ્ય આચાર્ય મહારાજે લખેલું

## નિવેદન

લગભગ આજથી દશ અગિયાર વર્ષ અગાઉ મારા શિષ્ય મુનિ શ્રી યશોવિજયજીની પ્રેરણાથી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના મુખ પત્ર 'જૈન યુગ' માસિકના તંત્રી-સહતંત્રી તરફથી લેખ માટે મારી પાસે જે અવસરે માંગણી આવી તે અવસરે ભગવાન મહાવીરના જન્મકલ્યાણક ચૈત્ર – શુદિ – ત્રયોદશીનો પવિત્ર દિવસ નજીકમાં આવતો હોવાથી શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના કોઇ જીવન પ્રસંગને અનુલક્ષીને કાંઇક લખવાનો વિચાર જાગ્યો. ભગવાન મહાવીર પ્રભુ પરમાત્મા કિંવા તીર્થંકર શ્રી વર્ધમાનના ( મહાવીરના ) ભવમાં થયા. પરંતુ મહાવીર પરમાત્મા થવાના મંગલાચરણ તો **નયસાર**ના ભવમાં થએલા. એટલે નયસારના જીવન અંગે જ લેખ લખવાનો સંકલ્પ કરવા સાથે તેનો અમલ થયો.

પ્રથમ લેખ લખ્યા બાદ બીજા અંકમાં બીજો લેખ લખવાનું મન થયું, અને પછી તો મારી અભિલાષા સાથે જૈન યુગના વાચકોની પણ લેખો ચાલુ રાખવા માંગણીઓ આવવા માંડી. તે કારણે લેખો લખવાનો પ્રવાહ ચાલુ રહ્યો. સંજોગવશાત્ "જૈનયુગ" બંધ થયું, અને મારા લેખો પણ બંધ થયા.

સદ્ભાગ્યે 'સુઘોષા'ના તંત્રી શ્રીયુત સોમચંદ ડી. શાહને આ લેખોની પોતાના માસિકમાં પુનરાવૃત્તિ

કરવાની અભિલાષા જાગી, અને તેમણે પોતાના માસિકમાં એ લેખો ક્રમશઃ પ્રગટ કરવા શરૂ કર્યા, જેટલા લેખો 'જૈન યુગ'માં પ્રગટ થયેલા તેટલા લેખો તો સુધારા વધારા સાથે સુઘોષામાં પ્રગટ થઇ ચૂક્યા. પરંતુ સુઘોષાના તંત્રી મહાશયની તેમ જ સુઘોષાના વાચકોની આગળના લેખો માટે માંગણી થતાં બાકીની લેખમાળાનો પણ પ્રારંભ થયો.

દરમિયાન હું હૃદયરોગની બિમારીમાં પટકાયો, શરીર અસ્વસ્થ બન્યું, મુંબઇની સ્થિરતા દરમિયાન શાસનના અનેકવિધ કાર્યો, તેમજ સાધુઓનું પઠન-પાઠન વગેરે કારણે લેખમાળામાં વચ્ચે વચ્ચે ખાંચો તો પડતો હતો, શરીરની અસ્વસ્થતાના કારણે એમાં વધુ ખાંચો પડયો અને ભગવાન મહાવીર પ્રભુના સ્થૂલ સત્તાવીશ ભવો પૈકી બાવીશ તેવીશમા ભવ સુધીની લેખમાળા પછીના લેખો લખવાનું લગભગ બંધ થઈ ગયું. શરીર થોડું સ્વસ્થ થતાં પચ્ચીશમા નંદનમુનિના ભવ સુધી આ લેખમાળા પુનઃ ચાલુ રહી પણ પછી તો આ લેખો લખવાનું અનેકવિધ ધાર્મિક પ્રવૃત્તિના કારણે કિંવા ગમે તે હેતુએ લગભગ અટકી ગયું.

જે જે મહાનુભાવોએ આ લેખો વાંચેલા તેમાંના કેટલાક ભાઇઓ તરફથી આ બધાય લેખોને વ્યવસ્થિત રૂપે ગોઠવી અને અધુરૂં લખાણ પૂર્ણ કરી વર્તમાન જૈન શાસનના અધિપતિ શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના જીવનનો એક મનનીય ગ્રન્થ ચતુર્વિધ જૈનસંઘ તેમજ જૈનેતર જનતા માટે પ્રગટ કરવાનો વિશેષ આગ્રહ થયો.

શ્રમણ ભગવાન મહાવીરનું જીવનચરિત્ર લખવાની ભાવના છતાં તેમ કરવામાં ઘણો સમય લાગે, એમ સમજીને હાલ તુરતમાં નયસારના ભવથી પ્રાણુત દેવલોકના દેવ–ભવ સુધીના છવ્વીશ ભવોનો એક વિભાગ તૈયાર કરવાનો નિર્ણય કર્યો. અને આ ગ્રન્થમાળાના કાર્યવાહકોએ એ નિર્ણયનો અમલ કરવાની ભાવના વ્યકત કરવાથી મને ઘણો આનંદ થયો છે.

વિશ્વવંદ્ય ભગવાન મહાવીરના છવ્વીશ ભવોનું વૃત્તાંત લખવું એ સામાન્ય બાબત નથી. મારા જેવા મંદ બુદ્ધિવાળા માટે વૃત્તાંત લખવાનું ગજુ પણ નથી એમ છતાં મારા પોતાના ક્ષયોપશમની વૃદ્ધિના કારણે તેમજ આ નિમિત્તે એ તારક પરમાત્માના ગુણગાન કરવા દ્વારા પ્રભુભકિતના લાભ માટે મેં આ ગ્રંથ લખેલ છે. મારા અભ્યાસની ક્ષતિના કારણે અથવા છદ્મસ્થ સુલભ ઉપયોગની શૂન્યતાના કારણે ભગવાન મહાવીરના રહેવા દેવું નિરૂપણમાં કોઇ શાસ્ત્ર વિરૂદ્ધ નિરૂપણ થયું હોય તો તે અંગે મિચ્છામિદુક્કંડ આપવા સાથે તે બાબત મને અથવા ગ્રન્થમાળાના કાર્યવાહકને સૂચન કરવાની વાંચકોને નમ્ર વિનંતિ છે.

ભગવાન મહાવીરના છવ્વીશ ભવોનું નિરૂપણ વાંચવાથી આપણા જીવનમાં આપણને સહુ કોઇને જીવાત્મામાંથી પરમાત્મદશાના પંથે પ્રયાણ કરવાની શકિત પ્રગટ થાય એજ અંતિમભાવના ! —ગ્રંથ લેખક

# પૂજ્યપાદ ગુરુદેવ અંગે મારે કંઈક કહેવાનું છે–

—આચાર્ય શ્રી યશોદેવસૂરિ.

તત્ત્વજ્ઞાનનો ઉંડો અભ્યાસ હોય પણ સાથે પ્રવચનકાર હોય એવું ન પણ હોય! બંને શક્તિ હોય છતાં લેખક પણ હોય જ એવું ન બને! જ્યારે આપણા પૂજ્ય યુગ દિવાકર આચાર્યશ્રીજીની જન્માન્તરની ઉત્તમ જ્ઞાન સાધનાના પ્રતાપે જ્ઞાનાદિ ક્ષેત્રના અંતરાયો યથોચિત રીતે તોડયા હતા એટલે તેઓશ્રીને અનુકૂળ મન–ઉત્તમ વિચાર, શક્તિ અને ઉંડી ચિંતનશક્તિ, મૌલિક તત્ત્વોને સરલતાથી રજૂ કરવાનો કસબ. આ ત્રણેય ગુણો આ કાળના હિસાબે સ્વ–પર કલ્યાણ માટે ઉત્તમ કહી શકાય તેવા પ્રાપ્ત થયા હતા. મહાન ભગવતી સૂત્રનાં એમના છપાએલાં પ્રવચનો અને ૨૬ ભવની ભગવાન મહાવીરની પુસ્તિકા અને છાપામાં લખાએલા તાત્ત્વિક લેખો એના પુરાવાઓ છે.

દ્રવ્યોનુયોગને લગતા તત્ત્વાર્થ, કર્મગ્રન્થ, કમ્મપયડી, પંચવસ્તુ વગેરે દ્રવ્યાનુયોગના ગ્રન્થોનું અધ્યયન મનન ખૂબ જ શ્રેષ્ઠ હતું. ગુણસ્થાનકની ચેનલના તો તેઓ, શ્રેષ્ઠ વ્યુત્પન્ન અને અજોડ અભ્યાસી હતા. ઉપયોગ, લેશ્યા, ક્ષપકશ્રેણિ, ઉપશમશ્રેણિ વગેરે ઉચ્ચ કક્ષાના વિષયોની વ્યાખ્યા રજૂ કરતા ત્યારે એકાકાર બની જતા. એમની પ્રવાહબદ્ધ વાણી ચાલે ત્યારે આત્માને સ્પર્શતું કંઈક નવ-

નવું સાંભળતા હોઈએ એવું શ્રોતાઓને લાગતું. એમના પ્રવચનો સાંભળ્યા પછી બીજા સાધુઓના લાઈટ પ્રવચનોથી શ્રોતાઓના અંતર સંતોષતા નહીં. જ્ઞાનપિપાસા નાની ઉંમરથી જ અદમ્ય હતી. માત્ર ભણવું જ નહિં પણ બીજાને ભણાવવું એ એમના રસનો વિષય હતો. ભણાવાથી જે જ્ઞાન ખીલે છે તે અનોખું ચમકે છે એવું તેઓ બરાબર જાણતા હતા. એથી યોગ્ય સમયે વાચનાઓ શરૂ કરી હતી. પ્રાયઃ અનેકવાર વાચનાઓ આપી છે. ગમે તેટલા કામો હોય પણ રાતના એમના તત્ત્વજ્ઞાનના કલાસો નિયમિત રહેતા. વિશાળ જનસમાજને પ્રવચનો દ્વારા તત્ત્વજ્ઞાન અને જૈન આચાર–વિચારનું જ્ઞાન ખૂબ ખૂબ પીરસ્યું. આત્મસ્પર્શી સચોટ ઉપદેશ દ્વારા અનેકના જીવનમાં એમણે ધાર્મિક–આધ્યાત્મિક પ્રકાશ પાથર્યો. ધર્મ–કર્મના આરોહ–અવરોહ ઉત્સર્ગ–અપવાદની જૈનસિદ્ધાંતો અને તેની સુવ્યવસ્થાને ઘટાવાની વ્યાખ્યાઓ, દૃષ્ટાન્તો ઘટાવાની વિશિષ્ટ ખૂબી વગેરે ઘણું ઘણું આપ્યું. અનેકના જીવનના અંધારા યથાયોગ્ય રીતે ઉલેચાયાં. અનેકે પ્રકાશ અને પ્રેરણાઓ મેળવી. જિનમંદિરો, ઉપાશ્રયો, આયંબિલશાળાઓ, પાઠશાળાઓ વગેરે ધાર્મિક સ્થાનકો, સાતેક્ષેત્રોને પુષ્ટિ વગેરે ઘણાં ઘણાં ઉપકારક કાર્યો એમના હસ્તક થવા પામ્યાં. પણ આ બધી રોકાણોને લઇને કમનસીબી એ કે કલમ દ્વારા એમના તલસ્પર્શી અને વેધક ક્ષયોપશમનો પુસ્તકો દ્વારા જેટલો લાભ મળવો જરૂરી હતો તે મલી શક્યો નહિ.

ભાવિ પેઢી એમના એ વારસાથી વંચિત રહી તેનો અફ-સોસ છે. તત્ત્વાર્થસૂત્રનું ભાષાંતર કરાવાની મારી વરસોની ઇચ્છા પણ સમયની તાણે ફળવા ન પામી ખરેખર ? જૈનસમાજ માટે એક મોટા અફસોસની વાત હતી. કેમકે આવા તત્ત્વજ્ઞાનીઓ જલદી જનમતા નથી માટે.

* * *

છેલ્લા ૨૦ વરસથી આવેલો સમય, બહુ જ વિષમ વિચિત્ર અને ભારે ચિંતા ઉપજાવે તેવો ચાલી રહ્યો છે. આગમજ્ઞાનનો પારો ૧૧૦ ડીગ્રીથી ઉતરીને સર્વસામાન્ય દૃષ્ટિએ જોઈએ તો ૧૦૧ ડીગ્રીએ આવ્યો દેખાય. સાધુ-ઓના હાથમાં પોથી કરતાં પણ પુસ્તક અને છાપાઓના દર્શન વધુ જોવા મળે. જ્ઞાનપ્રાપ્તિની ગુરુ પરંપરા તૂટી. ભાવિસ્થિતિ આજે ઘણી ચિંતા ઉપજાવે તેવી બની છે. સાધુ મહાત્માઓ જ્યારથી વધુ પડતા જાહેર કાર્યો કરાવવા તરફ આગળ વધ્યા. અને શ્રાવક યોગ્ય કાર્યો જાતે સંભાળવા માંડયા ત્યારથી ઘણી બધી પરિસ્થિતિઓ પલટાઇ ગઈ. જો કે બાહ્યદૃષ્ટિએ લાભો જરૂર થાય પણ ધર્મગુરુઓ સંઘાડા કરતા સમાજને વધુ અર્પણ થઇ ગયા. પરિણામે બીજા ક્ષેત્રોમાં ક્ષતિઓ પહોંચી ગઈ. ગમે ત્યારે અસલી પરંપરા પરપાછું ફરવું ખૂબ જ જરૂરી છે. શાસનના વિચારશીલ, સંયમી મહાત્માઓ અને જૈનસંઘના હિતેચ્છુ શ્રમણોપાસકો આ બંને અંગો મારી વાત ઉપર જરૂર ઉંડું ચિંતન મનન કરે !

પ્રાસંગિક એક વાતની સૂચના કરવાને ૧૫ વરસથી ઇચ્છી રહ્યો છું, તે એ કે ૫૦ વરસ પહેલાં શ્રેષ્ઠ જ્ઞાની

વકતાઓ અલ્પ હતા જ્યારે આજે ભિન્ન ભિન્ન શૈલીએ સુંદર પ્રવચનો આપતા અનેક વકતાઓ છે. દરેકની છટા, વિવેચન શકિત નોખી નોખી હોય છે. આ બધા વકતાઓના એક બે વ્યાખ્યાનોની પણ ટેપો થાય તો સમાજને–જાહેર પ્રજાને, તેમજ નવા વકતાઓને અતિ મહત્વની કે ઐતિહાસિક ભેટ મળી જાય. કોઈ કોઇ વકતાઓ એવા છે આવા વકતાઓ ભાવિમાં ક્યારે થશે તે જ્ઞાની જાણે ! આવા પ્રયાસથી અનેકનો અવાજ ચિરંજીવ બની જશે. આવું ઉપયોગી સાધન જ્યારે પ્રાપ્ત થયું છે ત્યારે દીર્ઘ દૃષ્ટિએ વિચારવું જરૂર બન્યું છે.

જૈન વકતાઓની વાતો, બીજા ધર્મના વકતાઓથી અનોખી અને અંતરને સ્પર્શતી હોય છે, અજૈનોને ખૂબજ ગમી જાય છે. સાધુ મહાત્માઓ પુસ્તકો છપાવવા, તાર, ટેલીફોનો કરાવવાના પોતાના માટે કે પોતાની હાજરીવાળા સમારંભો માટે ફોટાઓ, ફીલ્મ અને વીડીઓ બેધડક જ્યારે ઉતરાવરાવે છે ત્યારે સુશ્રાવકો ટેપ ઉતરાવાનું હજારોને ઉપયોગી કાર્ય શું ન કરી શકે ? લાભાલાભની દૃષ્ટિએ આજે વિચારવું જોઇએ !

જો કે મારી વાત અદેશકાલજ્ઞ આત્માઓને નહીં ગમે ! મારા પ્રત્યે અણગમો દાખવશે, પણ કોઇપણ વાત બધાને ગમે તેવું હોતું નથી, મારા કાર્યોની ફાઈલમાં ઘણા વખતથી આવી તો આત્મોપયોગી સમાજોપયોગી બીજી ઘણી આઇટમો નોંધેલી છે. બીજા લોકો દ્વારા કેટલાકનો અમલ થઈ પણ રહ્યો છે.

ચોથીવાર છપાતા આ પુસ્તકનો સહુ વિશેષ પ્રમાણમાં લાભ ઉઠાવે એ જ સહુને અનુરોધ !

આ પુસ્તક અંગેની વધુ વાતો આ પુસ્તકના ૨૫૪ પાનાથી જોવી. અન્તમાં લેખકને વંદન કરી તેમની લેખિની અને લેખને ધન્યવાદ આપી વિરમું છું.

## ત્રીજી આવૃત્તિ વખતનું પ્રકાશકનું નિવેદન

શ્રી મુક્તિમલ જૈન મોહન ગ્રન્થમાળા તરફથી આજ સુધીમાં સંસ્કૃત પ્રાકૃત તેમજ ગુજરાતી ભાષામાં અનેક મનનીય ગ્રન્થોનુ પ્રકાશન થયું છે અને જૈનસંઘમાં એ ગ્રન્થો ઘણા આવકાર પાત્ર બન્યા છે. અમુક ગ્રન્થોની બબે ત્રણ ત્રણ આવૃત્તિ થવા છતાં આજે એ ગ્રન્થો અનુપલબ્ધ બન્યા છે એજ આ બાબતની પ્રતીતિ છે.

શ્રમણ ભગવાન મહાવીરદેવના આત્માને નયસારના ભવમાં સમ્યક્‌દર્શન પ્રગટ થયું ત્યારથી જ એ તારક પરમાત્માના ભવની ગણતરીનો પ્રારંભ થયો. નયસારના ભવમાં ભગવંતના આત્માને આત્મસ્વરૂપનાં દર્શન થયાં કંઇક આત્મ-સાક્ષાત્કાર થયો અને મહાવીરના ભવમાં આત્મ–સ્વરૂપનો સ્થૂલભવોની ગણતરીની અપેક્ષાએ સત્તાવીશમો ભવ હતો. આ ગ્રન્થમાં નયસારના ભવથી મહાવીરનો ભવ લઇને સત્તા-વીશમા વર્ધમાન મહાવીરના ભવના જીવનવૃત્તાંતનું નિરૂપણ નથી, પરંતુ નયસારના ભવથી શરૂઆત કરીને છવ્વીસમા

પ્રાણુત નામના દશમા દેવલોકમાં દેવભવે હતા ત્યાં સુધીનું જ વૃત્તાંત છે.

આ ગ્રંથના તે તે પ્રકરણમાં ભગવાન મહાવીરના છવ્વીશ ભવ સંબંધી જીવન પ્રસંગનું આલેખન કરવા સાથે સ્થાને સ્થાને શાસ્ત્રીય વિષયોનું જે નિરૂપણ કર્યું છે તેના કારણે આ ગ્રન્થનું મહત્ત્વ ઘણું વધી જાય તેમ છે. જે બાબત આ ગ્રન્થના સાદ્યંત વાચક મહાશયોને જરૂર ખ્યાલમાં આવશે.

પ. પૂ. આચાર્ય શ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ શ્વે. મૂ. જૈન સંપ્રદાયમાં અગ્રણી આચાર્ય તરીકે જાણીતા છે. જૈન તત્ત્વજ્ઞાનના ઘણા સારા અભ્યાસી છે. અને વ્યાખ્યાન વગેરે પ્રસંગે જૈન તત્ત્વજ્ઞાનને સમજાવવાની તેઓશ્રીની શૈલી ઘણી પ્રશંસનીય છે. શ્વે. મૂ. જૈનસંઘમાં દ્રવ્યાનુયોગ વગેરે શાસ્ત્રીય વિષયોના કુશલ વ્યાખ્યાનકાર તરીકે તેઓશ્રીની ખાસ પ્રસિદ્ધિ છે. જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ વગેરે જૈન શાસનના સાતેય ક્ષેત્રોની પુષ્ટિ માટે તેમ જ સાધર્મિક ભક્તિ અને અનુકંપાદાનના ક્ષેત્રોના પોષણ માટે તેઓશ્રીની ઉપદેશધારામાં સચોટ માર્ગદર્શન હોય છે. અને એ કારણે પુન્યવંત શ્રાવકો હજારો લાખો રૂપિયા ઉપર જણાવેલા ક્ષેત્રોમાં ઉલ્લાસથી વાપરી ભવોભવનું ભાથું બાંધે છે.

અંજનશલાકા–પ્રતિષ્ઠા–ઉપધાન અને ઉજમણાના સંખ્યાબંધ દબદબાભર્યા મહોત્સવો તેઓશ્રીની શુભનિશ્રામાં વારંવાર ઉજવાયા છે અને તેવા મહોત્સવોની ઉજવણી

પ્રસંગે થતી જૈન શાસનની સુંદર પ્રભાવનાના કારણે જૈન જૈનેતર જગતમાં 'શાસન પ્રભાવક' તરીકે આચાર્યશ્રીને સહુ કોઈ સારી રીતે જાણે છે. પૂજ્ય શ્રી જૈનસંઘના એક શ્રદ્ધેય આચાર્ય તરીકે પ્રસિદ્ધ છે. તેઓશ્રીએ સરલ, સુંદર અને પ્રાસાદિક ભાષામાં લખેલ **"શ્રમણ ભગવાન મહાવીરના ૨૬ ભવો"**નું નિરૂપણ કરનાર આ પુસ્તકની બબ્બે આવૃત્તિઓની હજારો નકલો છપાયેલી છતાં હાલમાં પુસ્તક મળવું દુર્લભ બન્યું છે. અને જે જે વિદ્વાનોએ આ પુસ્તકને સાદ્યંત વાંચેલ છે તેઓએ આ પુસ્તકની મુક્ત કંઠે પ્રશંસા કરેલ છે.

પૂ. મુનિ શ્રી યશોવિજયજી મહારાજે મુંબઈ વાલકેશ્વર બાબુ અમીચંદજી પનાલાલ આદીશ્વર જૈન દહેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળને તીર્થંકર શ્રમણ ભગવાન શ્રી મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણ પ્રસંગે કોઇ ને કોઇ પ્રકારે ભગવાન શ્રી મહાવીરને ભાવાંજલિ આપવી જોઇએ એવી પ્રેરણા આપી, એ પ્રેરણા ધર્મશ્રદ્ધાળુ ટ્રસ્ટી મંડળે ઉદારતાથી ઝીલી લીધી અને તેના ફલ સ્વરૂપે ભગવાન મહાવીરના ૨૬ પૂર્વભવનું પ્રેરણાદાઈ ઉત્તમ કક્ષાનું અભૂતપૂર્વ શૈલીમાં લખાયેલું પુસ્તક આજે પ્રગટ થઇ રહ્યું છે તે બદલ ટ્રસ્ટી મંડળનો અમો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. અને આવોને આવો ઉદારતાભર્યો સહકાર અમારી સંસ્થાને આપતા રહેશે એવી નમ્ર વિનંતિ અમો સંસ્થા તરફથી કરીએ છીએ.

આ ગ્રંથને સૌ કોઇ વાંચે, વિચારે અને પોતાના આત્મમંદિરમાં અજવાળાં પ્રગટ કરે એજ પ્રાર્થના.

—**પ્રકાશકો**

## વિદ્વાન લેખક શ્રી અગરચંદજી નાહટાએ આપેલી શ્રદ્ધાંજલિ

જૈનધર્મમાં સર્વોચ્ચ સ્થાન તીર્થંકરનું છે. જૈનધર્મના નવકાર મહામંત્રમાં પ્રથમ અરિહંતોને, તેના પછી સિદ્ધોને નમસ્કાર કરવામાં આવ્યો છે, કારણ કે સિદ્ધોના સ્વરૂપને બતાવનાર અરિહંત જ હોય છે, તેથી તેમનો ઉપકાર સૌથી મહાન છે. આમ તો સિદ્ધ; બુદ્ધ અને મુક્ત એમ આત્માની સર્વોચ્ચ સ્થિતિ છે પરંતુ સિદ્ધને શરીર, ઇન્દ્રિયો વગેરે હોતું નથી, તેથી તેઓ કોઈ પર પ્રત્યક્ષ ઉપકાર કરી શકતા નથી, જ્યારે અરિહંત–તીર્થંકર પોતાની લાંબી આયુષ્ય મર્યાદામાં લાખો–કરોડો વ્યકિતઓને મોક્ષમાર્ગ બતાવે છે. તેનાથી અનેક વ્યકિતઓ પ્રતિબોધ પામી 'મોક્ષમાર્ગ' પામે છે. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ અથવા તીર્થની સ્થાપના કરવાને કારણે જ અરિહંતને તીર્થંકર કહેવામાં આવે છે. તેઓ પોતાના પૂર્વજન્મોમાં ગુણવાન વ્યકિતઓની ભકિત અને સેવા કરે છે તેના ફળ સ્વરૂપે 'સમ્યગ્દર્શન' પ્રાપ્ત કરીને આત્મા ઉન્નતિમાં આગળ વધે છે, તીર્થંકર પોતાના જન્મ પહેલાના આગલા ભવમાં 'વીશ સ્થાનક' કે ઓછા વત્તાની આરાધના કરે છે ત્યારે સર્વ જીવોના કલ્યાણની કામના અત્યંત તીવ્ર ભાવે કરે છે. તેથી તીર્થંકર નામકર્મ જેવા મહાન પુણ્યોદયનો વિશિષ્ટ કર્મબંધ થાય છે. જેના પરિણામે ત્રીજા ભવમાં તે તીર્થંકર બને છે. તેમનામાં એક વિશિષ્ટ પ્રકારની યોગ્યતા હોય છે. જેથી ગર્ભ અને જન્મથી

લઇને અનેક અતિશય પ્રગટે છે. આગળ ચાલીને તેઓ સંન્યાસ અર્થાત્ સાધુધર્મની દીક્ષા લઇને સાધના કરે છે. પછી 'કેવળજ્ઞાન' પામીને સર્વત્ર વિચરીને ધર્મોપદેશ દેતા રહે છે. તેમની વાણીથી પ્રભાવિત થઇને હજારો લોકો સર્વ-વિરતિ ધર્મ અને લાખો વ્યક્તિઓ દેશવિરતિ ધર્મ તથા સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને આત્મકલ્યાણ કરે છે. આવા મહાન ઉપકારી વ્યક્તિને સર્વોચ્ચ સ્થાન દેવું સર્વથા (उपयुक्त) યોગ્ય જ છે. તેમના પ્રવર્તિત તીર્થને આચાર્ય સમંતભદ્રે **સર્વોદયતીર્થની** જ સંજ્ઞા આપેલ છે.

જૈન માન્યતા અનુસાર પાંચ ભરત પાંચ ઐરવતક્ષેત્રમાં ઉત્કર્ષ અને અપકર્ષ કાળને ઉત્સર્પિણી તથા અવ-સર્પિણી કાળ કહેવામાં આવે છે. તે બન્ને મળીને કાળચક્ર બને છે. પ્રત્યેક ઉત્કર્ષ અને અપકર્ષ કાળના ત્રીજા ચોથા આરામાં ચોવીશ તીર્થંકર જન્મ લે છે. આપણે લોકો જ્યાં રહીએ છીએ, ત્યાં દક્ષિણ ભરતક્ષેત્ર છે. અને વર્તમાનકાળ અવસર્પિણી અર્થાત્ ઉતરતો કાળ છે. તેના ત્રીજા આરાના છેલ્લા કાળમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ થયા, જેમણે વર્તમાન ભારતીય સભ્યતાનો પાયો નાંખ્યો. તેમના મોટા પુત્ર ભરત પ્રથમ ચક્રવર્તી થયા. તેમના નામ પરથી આ દેશનું નામ ભારતવર્ષ અથવા ભરતક્ષેત્ર પડયું. ભગવાન ઋષભદેવે પોતાની પુત્રીઓને લિપિ અને અંક અર્થાત્ લેખન અને ગણિતનું જ્ઞાન આપ્યું અને ચોસઠ કલાઓ શિખવાડી અને પુરૂષોને ૭૨ કલાઓ અથવા વિદ્યાઓ શિખવાડી.

અસિ, મસિ અને કૃષિ અને સર્વપ્રકારના જીવન ઉપયોગી હુન્નર શિખવ્યા તેથી ઋષભદેવ, આદિનાથ આદીશ્વર કહેવાયા. ભાગવત્ પુરાણમાં પણ તેમના અવતારને માનીને જૈનધર્મના પ્રવર્તક તરીકે દર્શાવ્યા છે.

ઋષભદેવ પછી અજિતનાથ આદિ વીશ તીર્થંકર થયા. ત્યારબાદ ભગવાન અરિષ્ટનેમિ બાવીશમા તીર્થંકર થયા જે પુરુષોત્તમ શ્રી કૃષ્ણના પિત્રાઈ ભાઈ હતા.

મહાભારતના યુદ્ધને જો ઇતિહાસ તરીકે માનવામાં આવે, તો ભગવાન નેમિનાથને પણ ઐતિહાસિક પુરુષ માનવા જ જોઇએ. પ્રાચીન આગમોમાં મહાભારત ગ્રંથનું નામ ઇતિહાસ તરીકે બતાવવામાં આવ્યું છે. મથુરાની આસપાસ ભગવાન નેમિનાથની થોડી એવી પ્રાચીન મૂર્તિઓ મળી આવી છે, જેની સાથે કૃષ્ણ અને બળરામ પણ આલેખાયેલ છે. આથી તેમના ઘનિષ્ટ સંબંધની પુરાતાત્વિક સાક્ષી પણ પ્રાપ્ત થાય છે. જૈન આગમો અનુસાર શ્રીકૃષ્ણ ભગવાન અરિષ્ટનેમિના મહાન ભક્ત હતા. નેમિનાથનું નિર્વાણ ગિરનાર પર્વત પર થયું. નેમ–રાજુલની ગાથા ખૂબ જ પ્રસિદ્ધ છે. ત્રેવીશમા તીર્થંકર ભગવાન પુરિષાદાનીય પાર્શ્વનાથને તો બધા જ ઐતિહાસિક મહાપુરુષ માને જ છે. ભગવાન મહાવીરના નિર્વાણ પહેલાં ફક્ત અઢીસો વર્ષે જ ભગવાન પાર્શ્વનાથ નિર્વાણ પામ્યા હતા. ભગવાન પાર્શ્વનાથના સાધુ–સાધ્વી અને શ્રાવક, શ્રાવિકા ભગવાન મહાવીરના

સમયમાં વિદ્યમાન હતા. ભગવાન મહાવીરના પિતા અને મામા ભગવાન પાર્શ્વનાથના જ અનુયાયી હતા. દિ. દર્શનસાર ગ્રંથના અનુસારે તો મહાત્મા બુદ્ધે પણ પાર્શ્વ પરંપરામાં જ પહેલાં દીક્ષા લીધી હતી. ભગવાન પાર્શ્વનાથ સમેતશિખર પર નિર્વાણ પામ્યા હતા. ચોવીસ તીર્થંકરોમાં તેમની પ્રસિદ્ધિ સૌથી વધારે છે. દેશમાં પાર્શ્વનાથ મંદિરો, તેમની મૂર્તિઓ સૌથી વધુ સંખ્યામાં પ્રસિદ્ધ છે.

તેમના અંગેનાં સ્તોત્રો અને સ્તવનો વગેરે બધા કરતાં વધારે મળી આવે છે. ભગવાન પાર્શ્વનાથના કેટલાક સાધુ ભગવાન મહાવીરની પરંપરામાં સામેલ થઈ ગયા હતા. ભગવાન પાર્શ્વનાથે ચાતુર્યામ ધર્મનું પ્રવર્તન કર્યું હતું, જેમાંથી ચોથા યામ અપરિગ્રહ વ્રતમાં સંશોધન કરીને બ્રહ્મચર્યને ભિન્ન વ્રત બતાવીને ભગવાન મહાવીરે પંચ-મહાવ્રત રૂપી ધર્મનો પ્રચાર કર્યો હતો. ઉત્તરાધ્યયનસૂત્રના જ ગૌતમસંવાદમાં પાશ્ર્વ અને મહાવીરની ધર્મ ભિન્નતા સ્પષ્ટ કરેલ છે. (યામ એટલે નિયમો, વ્રતો)

✕ ✕ ✕

આજથી ૨૫૭૨ વર્ષ પહેલાં ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મ થયો હતો. તેમનું મૂળ નામ વર્ધમાન હતું. ત્રીશ વર્ષની ઉંમરે તેમણે ગૃહત્યાગ કરીને મુનિ દીક્ષા ગ્રહણ કરી અને સાડા બાર વર્ષ સુધી મહાન, (કઠિન) દુર્ગમ સાધના કરીને તેમણે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું. ત્યારબાદ ચતુર્વિધ સંઘની સ્થાપના

કરીને ત્રીશ વર્ષ સુધી અનેક સ્થાનોમાં ધર્મપ્રચાર કરીને આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં મધ્યમ પાવા (પાવાપુરી)માં નિર્વાણ પામ્યા હતા. તેના ઉપલક્ષમાં ભારતભરમાં અને વિદેશોમાં પણ તેમનો ૨૫૦૦ મો નિર્વાણ મહોત્સવ મનાવવામાં (ઉજવવામાં) આવી રહ્યો છે.

ભગવાન મહાવીરનું જીવન અને તેમના ઉપદેશોના સંબંધમાં અનેક ગ્રંથો પ્રકાશિત થઈ ચૂકયા છે, પરંતુ તેમના પૂર્વભવો અંગે વિસ્તૃત વિવેચન પ. પૂજ્ય આચાર્ય દેવેશ વિજયધર્મસૂરિજીએ કર્યું છે તેટલું કોઈએ આજ સુધી કર્યું નથી, એ ઘણા જ હર્ષની વાત છે. તેમણે ગુજરાતીમાં ભગવાન મહાવીરના પૂર્વવર્તી છવ્વીશ ભવોના સંબંધમાં એક સ્વતંત્ર ગ્રંથજ લખ્યો છે. જે સને ૧૯૬૮ માં પ્રકાશિત થયો હતો. તેનો હિન્દી અનુવાદ જ ૨૫૦૦ માં નિર્વાણ મહોત્સવ પ્રસંગે પ્રકાશિત કરવામાં આવી રહેલ છે. જો કે હિન્દી અનુવાદ જેવો થવો જોઈએ તેવો નથી થયો. છતાં પણ હિન્દી પાઠકો માટે આ પ્રકાશન ઉપયોગી સિદ્ધ થશે.

વાસ્તવમાં અનેક જન્મોની સાધનાના ફળ સ્વરૂપે મહાપુરુષ બને છે, તેથી તેમના પૂર્વજન્મોની કથા પણ જાણવી આવશ્યક છે. જૈનધર્મમાં સમ્યક્દર્શનની પ્રાપ્તિનું ખૂબ જ મહત્ત્વ બતાવ્યું છે. તેથી તીર્થંકરોના પૂર્વજન્મોનું વર્ણન અહીંથી જ પ્રારંભ કરવામાં આવે છે, જ્યારે તેમને સર્વ પ્રથમ સમ્યક્દર્શન પ્રાપ્ત થયું હોય. (આમ તો અનાદિકાળથી

જીવ અનંતભવ કરતો આવ્યો છે. તેનું વર્ણન કરવું સંભવે જ નહીં) સમ્યક્‌દર્શન પ્રાપ્ત થયા પછી તે જીવ થોડા ભવો પછી વહેલો કે મોડો પણ મોક્ષ અવશ્ય પ્રાપ્ત કરશે જ એ નિશ્ચિત થઇ જાય છે. ભગવાન મહાવીરના પૂર્વભવોનું વર્ણન પણ ગ્રંથકારોએ ત્યારથી જ લખ્યું છે. આમ તો વચમાં નાના નાના ભવો થયા પણ તે છોડીને શ્વેતામ્બર સંપ્રદાયમાં નયસારથી લઇને મહાવીર સુધીના ૨૭ ભવ માનવામાં આવ્યા છે, દિગમ્બર સંપ્રદાયમાં ચોવીશ જન્મોની કથા પ્રસિદ્ધ છે, તે સિવાયના ભવ શ્વેતામ્બર ગ્રંથોમાં મળતા આવે છે. દિગંબર ગ્રંથમાં વચ્ચેના ભવોને વધારે બતાવી સંખ્યા વધારી દેવામાં આવી છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્વેતામ્બર માન્યતા અનુસાર વર્ણન કરવામાં આવ્યું છે.

જૈન ધર્મની માન્યતા અનુસાર તીર્થંકર નામકર્મનું ઉપાર્જન જે વિશેષ ધર્માચરણ દ્વારા થયું હોય છે તેને શ્વેતામ્બર ગ્રંથોમાં 'વીશસ્થાનક' અને દિગંબર ગ્રંથોમાં *'ષોડશકરણ' કહેવામાં આવે છે. "નાયાધમ્મકહાઓ" નામના* છઠ્ઠા અંગસૂત્રમાં ભગવાન મલ્લિનાથના જીવન પ્રસંગમાં વીશસ્થાનકનું વર્ણન મળે છે, યથાઃ—

**इमेहि य णं वीसाएहि य कारणेहिं आसेवियबहु-**
**लीकएहिं तित्थयरनामगोयं कम्मं निव्वत्तिंसु त जहा.**
**अरिहंतसिद्धपवयणगुरु थेर बहुस्सुए तवस्सीसुं ।**
**वच्छल्ल य तेसिं अभिक्ख णाणोवआगेय ॥१॥**

**दंसणविणए आवस्सए अ सीलव्वए निरइयारं ।**
**खणलव तवच्चियाए वेयावच्चे समाही य ॥२॥**
**अपुव्वनाणगहणे सुयभत्तो पवयणे पभावणया ।**
**एएहिं कारणेहिं तित्थयरत्तं लहइ जीओ ॥३॥**

પ્રસ્તુત ગ્રંથના ૧૭ મા પ્રકરણમાં આ વીશ પદો અથવા સ્થાનકોનું વિવેચન પૂજ્ય આચાર્યશ્રીએ કર્યું છે. તે આ ગ્રંથના ૧૮૨ થી ૨૦૬ પૃષ્ઠમાં છાપ્યું છે.

દિગંબર અને શ્વેતામ્બર બંને સંપ્રદાય અનુસાર ઉમાસ્વાતિના તત્વાર્થસૂત્રમાં ૧૬ કારણોનો ઉલ્લેખ થયો છે.

**दर्शनविशुद्धिविनयसमपन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णंज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्यागतपसीसंघसाधुसमाधिवैयावृत्यकरणमर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्ति. रावश्यकापरिहाणिमार्गप्रभावनाप्रवचनवत्सलत्वमिति तीर्थंकृत्वस्य.**

વાસ્તવમાં જ્ઞાતાસૂત્ર અને તત્વાર્થમાં કોઇ તાત્વિક ભેદ નથી. જ્ઞાતાસૂત્રની સિદ્ધવત્સલતા, સ્થવિરવત્સલતા, તપસ્વીવત્સલતા અને જ્ઞાનગ્રહણ એ ચાર પદ અધિક છે, તેમાંથી જીવનો સમાવેશ, અર્હદ્ભક્તિ આચાર્યભક્તિ અને બહુશ્રુતભક્તિમાં તથા અપૂર્વ જ્ઞાનગ્રહણનું અભિક્ષણ જ્ઞાનોપયોગમાં સમાવેશ થઇ જાય છે. શ્વેતામ્બર સમાજમાં વીશ

પદોની આરાધના વીશસ્થાનક તપના દ્વારા કરવામાં આવે છે, અને દિગંબર સમાજમાં પ્રત્યેક ભાવમાં ષોડશ કારણોની આરાધના સોળ દિવસોમાં–પ્રતિદિન એક એક કારણને લઈને કરવામાં આવે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેવામાં આવ્યું છે: **'वेयावच्चेणं तित्थयरंनामगोयं निबन्धई'** અર્થાત્– વૈયાવચ્ચ-સેવાથી જીવ તીર્થંકર નામગોત્ર ઉપાર્જન કરે છે.

બૌદ્ધ ગ્રંથોમાં પણ બુદ્ધત્વ પ્રાપ્તિના કારણોની ચર્ચા જોવા મળે છે, દીઘનિકાય આદિ બૌદ્ધ ગ્રંથોમાં મહાપુરુષોના બત્રીસ લક્ષણ બતાવવામાં આવ્યા છે. આ બત્રીસ લક્ષણ જે પૂર્વકૃત કર્મો દ્વારા પ્રાપ્ત થાય છે. તેની સંખ્યા દીર્ઘ-નિકાયમાં વીશ જ બતાવવામાં આવી છે. પ્રાચીન પાલી સાહિત્યમાં બારપારમિતાઓનો ઉલ્લેખ મળતો નથી. આગળ ચાલીને ૧૦ પારમિતાઓનું વિવેચન જોવા મળે છે. બૌદ્ધ સાહિત્યના વિશિષ્ટ જૈન વિદ્વાન ડૉ. ભાગચંદ જૈને તુલના કરીને લખ્યું છે કે જૈનધર્મ અને બૌદ્ધ ધર્મમાં વર્ણવેલું તીર્થંકરત્વ અને બુદ્ધત્વ પ્રાપ્તિના નિમિત્તોને તુલનાત્મક દૃષ્ટિથી જોવાથી સ્પષ્ટ આભાસ થાય છે કે એક બીજાની પરંપરાથી બન્ને સારી રીતે પરિચિત રહ્યા છે. દીઘનિકાયમાં ઉલ્લેખિત નિમિત્ત પરસ્પર મિશ્રત્વ છે. જ્યારે અભિધર્મ-વિનિશ્ચય સૂત્રમાં તે અપેક્ષાકૃત અધિક સ્પષ્ટ છે. બંનેની પરંપરાઓને જૈન પરંપરા સાથે મેળવવાથી જૈન પરંપરા ઘણી પ્રાચીન જોવા મળે છે, બૌદ્ધ પરંપરામાં બારમિતા-ઓનું આલેખન ઉત્તરકાલીન છે.

શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયના ગ્રંથોમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે સર્વ જીવોના કલ્યાણની કામના અર્થાત્ ઉત્કટ ભાવનાથી તીર્થંકર જેવી જ મહાન પદવીની પ્રાપ્તિ થાય છે. શ્રીમદ્ દેવચંદ્રજીની સ્નાત્રપૂજામાં ખૂબ જ સરળ શબ્દોમાં લખ્યું છે :–

સવિ જીવ કરૂં શાસનરસી, એસી ભાવ દયા મન ઉલ્લસી;
લહિ પરિણામ એહવું ભલું, નિપજાવી જિનપદ નિરમલું.

વાસ્તવમાં ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય થવાથી કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત થાય છે. ત્યારબાદ તીર્થંકર સ્થળે સ્થળે વિચરીને ઉપદેશ દે છે. પૂર્વજન્મમાં જે તીર્થંકર નામ-ગોત્ર કર્મનો બંધ કર્યો છે તેને જ ભોગવતા રહે છે બંધના સમયે જે સર્વ જીવોના કલ્યાણની ઉત્કટ ભાવના હતી, તેના ફળ સ્વરૂપે સર્વોદયતીર્થંનું પ્રવર્તન કરે છે. સર્વ જીવોને કલ્યાણમાર્ગ બતાવે છે અને તેમાં પ્રવૃત્તિશીલ બનાવે છે.

ભગવાન મહાવીરના જીવનમાં ખૂબ જ કષ્ટો આવ્યા હતાં, તે તેમના પૂર્વ ભવોનાં ફળરૂપે સમજવાં જોઇએ. આ દૃષ્ટિથી તેમના પૂર્વભવોને સારી રીતે જાણવા જરૂરી છે. તેમના જીવે પૂર્વ જન્મોમાં અનેક ચડતી પડતી જોઈ છે, શુભાશુભ કર્મોના બંધથી તેમને બેવાર નરકમાં પણ જવું પડયું હતું, અનેક વખત તાપસ બનવું પડયું અને તેમાં જે પુણ્ય આચર્યું તેના ફળ સ્વરૂપે દેવગતિમાં ગયા. તેમના

પૂર્વભવમાં નયસારના જીવે મુનિઓના સત્સંગ અને ઉપદેશથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. પછી મરિચિના ભવમાં શુદ્ધ સંયમ પાલન નહીં કરી શકવાથી ત્રિદંડ તાપસ બન્યા. તેના જ સંસ્કારે આગળ કેટલાય જન્મો સુધી તાપસી દીક્ષા લીધા કરી. 'કલ્પસૂત્ર' આદિમાં કહેવામાં આવ્યું છે કે, ભગવાન ઋષભદેવે ભરતના પૂછવાથી કહ્યું હતું કે, 'મરિચિનો જીવ આગળ ચાલીને ૨૪ મા તીર્થંકર થવાનો છે' તે ચક્રવર્તી અને વાસુદેવ પણ થશે, ભરત ચક્રવર્તીએ ઋષભદેવે કહેલી વાત મરિચિને સંભળાવી અને ભાવિ તીર્થંકર રૂપે તેમનું આદર્શ સન્માન કર્યું. કહેવામાં આવ્યું છે કે આ સાંભળીને મરિચિને પોતાના કુળનું ઘણું અભિમાન થયું. તે જ કારણે તેમને ભિક્ષુક કુળમાં દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ઉત્પન્ન થવું પડયું. મરિચિએ કપિલને 'મારી પાસે જ ધર્મ છે' એમ કહેવાથી ઉત્સૂત્ર-પ્રરૂપણા કરી તેના જ ફળ સ્વરૂપે અનેક ભવ કરવા પડયા. મિથ્યાત્વદશા પ્રાપ્ત થઇ અર્થાત્ કર્મોનાં ફળ તો તીર્થંકરના જીવને પણ ભોગવવાં જ પડે છે. પૂર્વ જન્મોમાં ભગવાન મહાવીરના જીવે જે શુભાશુભ ઘટનાઓ બની, તેની વિસ્તૃત ચર્ચા પ્રસ્તુત ગ્રંથમાં વિદ્વાન આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીએ કરી છે. જેનાથી વાચકોને ઘણું જ અગત્યનું જ્ઞાન મળે છે

પરિશિષ્ટમાં ભગવાન મહાવીરનું પણ સંક્ષિપ્ત વૃત્તાંત અને તેમના ઉપદેશ વચનોને છાપીને ગ્રંથને પૂર્ણ કરવામાં આવ્યો છે.

પૂજ્ય આચાર્ય શ્રી જૈનધર્મ દર્શન અને કર્મ સિદ્ધાંતના ઉલ્લેખનીય વિદ્વાન છે. તત્ત્વજ્ઞાનના શ્રેષ્ઠ પ્રવચનકાર પણ છે. તેમણે ખૂબ સુંદર અને મધુર શૈલીમાં ભગવાન મહાવીરના પૂર્વ જન્મોનું વિવેચન પ્રસ્તુત ગ્રંથમાં કર્યું છે. તેનાથી વાચકો બોધ ગ્રહણ કરીને ખરાબ કાર્યોથી બચે અને સારા કાર્યોથી પ્રવૃત્ત બને. એ જ પ્રસ્તુત ગ્રંથ લખવાનો ઉદ્દેશ્ય છે. ભગવાન મહાવીરની જેમ આપણે પણ મહાવીર બનીએ એ શુભ કામના સાથે મારું વકતવ્ય સમાપ્ત કરું છું.

—અગરચંદ નાહટા

માગશર સુદ ૧૪ સં. ૨૦૩૧ બીકાનેર (રાજસ્થાન)

## વિદ્વાન લેખક શ્રી મનસુખલાલ મહેતાએ આપેલી

# શ્રદ્ધાંજલિ

## (પ્રથમાવૃત્તિ ઉપરથી ઉદ્ધૃત)

આમ્રવૃક્ષ પર કેરી પાકીને તૈયાર થાય ત્યારે તેના રૂપ-ગુણની સમૃદ્ધિથી આકર્ષાઇને આવનારા પ્રશંસકોની પ્રશંસામાં, માત્ર તેના વર્તમાન લાવણ્ય અને સુગંધની જ પ્રશંસા હોય છે. પરંતુ એ કેરી જે વૃક્ષ પર તૈયાર થયેલી હોય છે, તે વૃક્ષને એ કેરી તૈયાર થતાં પહેલાં શી શી વિટંબણા અને વ્યથા સહન કરવાં પડયા હશે, તેનો તેઓને ભાગ્યે જ ખ્યાલ આવે છે. આમ્રવૃક્ષના ફળની બાબતમાં તો આમ કરવું કદાચ પરવડે, કારણ કે માનવીને તો તેના વર્તમાન રૂપ-લાવણ્ય-સ્વાદની સાથે જ સંબંધ હોય છે. પરંતુ જેને આપણે આ અવસર્પિણી કાળના ચરમ તીર્થંકર તરીકે માનીએ છીએ, તેમજ જે મહાન વિભૂતિએ જીવમાત્રને અભય આપ્યું, ચક્ષુ આપ્યાં, માર્ગ બતાવ્યો, શરણ આપ્યું, બોધ આપ્યો અને ધર્મ આપ્યો એવા ધર્મદાતા, ધર્મદેશક, ધર્મનાયક, ધર્મસારથિ અને ધર્મક્ષેત્રના ચક્રવતી એવા **શ્રમણ ભગવાન મહાવીર**નું માત્ર જીવન જાણીને આપણને તૃપ્તિ થતી નથી. મહાવીરે આ બધું કઈ રીતે પ્રાપ્ત કર્યું હશે? અને એ પ્રાપ્ત કરતાં પહેલાના ભવોમાં તેમના જીવે કેવી કેવી સાધના કરી હશે! કેવા કેવા દારુણ કષ્ટો અને અસહ્ય વેદનાઓમાંથી પસાર થવું પડયું હશે?

આ બધું જાણવા અને સમજવાની ઈચ્છા સ્વાભાવિક રીતે દરેક મુમુક્ષુને થયા વિના ન જ રહે.

પ. પૂ. આચાર્યશ્રી **વિજય ધર્મસૂરિજી** મહારાજ સાહેબે આવા જિજ્ઞાસુઓની ઈચ્છા તૃપ્તિ અર્થે 'શ્રમણ ભગવાન મહાવીર'નો આ અમૂલ્ય ગ્રંથ તૈયાર કર્યો છે. તત્ત્વજ્ઞાન ભરપૂર તેમના વ્યાખ્યાનો જેમ વિશાળ શ્રોતા સમુદાયના એક અદ્‌ભુત આકર્ષણ રૂપ બની રહે છે. તેમ આ ગ્રંથની તેમની લેખન શૈલીમાં રહેતી સરળતા, સચોટતા, સ્પષ્ટતા અને વસ્તુ નિરૂપણ કરવાની અનોખી પદ્ધતિ કોઈપણ સંપ્રદાયના વાચક વર્ગ માટે અદ્‌ભુત આહ્‌લાદ રૂપ બનશે તેમાં મને કશી જ શંકા નથી. ભગવાન મહાવીરના ભૂતકાલીન છવ્વીસ ભવોનું સિંહાવલોકન કરતાં પૂ. આચાર્યશ્રીજીએ, એ જીવની ક્યાં ક્યાં કેવી સ્ખલનાઓ થઈ, તેમ જ કયા કયા સદ્‌ગુણોની પારમિતા અર્થાત્ પારંગતતા સંપાદિત કરી, તેનું અત્યંત મનોવેધક અને ઉપદેશ પ્રચૂર વર્ણન પ્રસ્તુત ગ્રંથમાં આપ્યું છે. એટલે એક રીતે તો, આ ગ્રંથ મહાપુરુષની સાધક અવસ્થામાં અપૂર્ણતાઓ અને તે અપૂર્ણતાઓ ઉપર તેમણે કઈ રીતે વિજય પ્રાપ્ત કર્યો, તેના સળંગ ઇતિહાસ રૂપ બની જાય છે.

ભગવાન મહાવીરની છેલ્લા તીર્થંકરના ભવની અપૂર્વ સાધના અને તે દરમિયાન તેમને થયેલાં અનેક ઉપસર્ગોનું વર્ણન વાંચતાં આપણા રૂંવાડા ખડા થઈ જાય છે, અને આપણામાં એક પ્રકારની હતાશા ભરી લાગણી ઉત્પન્ન થાય

છે કે, અહો અહો ! એવું મહાન તપ આપણાથી આ કાળમાં તો શી રીતે થાય ? એવા એવા ઉપસર્ગો આપણે કઇ રીતે સહન કરી શકીએ ?

પરંતુ આ ગ્રંથ દ્વારા ભગવાન મહાવીરના પૂર્વ જન્મોનો ઇતિહાસ જાણવાથી આપણી આવી હતાશા ભરી લાગણીના ચૂરેચૂરા ઊડી જાય છે. આચાર્ય મહારાજશ્રીએ ગ્રંથની શરૂઆતમાં જ આ બાબત અંગે સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે : "ભગવાન મહાવીરનો આત્મા અનાદિ-કાળની અપેક્ષાએ તો આપણા જેવા કર્મના આવરણ વાળો, અશુદ્ધ, સંસારવર્તી ચોરાશી લાખ જીવયોનિ કિંવા ચાર ગતિમાં પરિભ્રમણ કરનાર જીવાત્મા હતો."

આ ગ્રંથનું બીજું વિશેષ મહત્ત્વ એ છે કે, ભગવાન મહાવીરના ભૂતકાલીન જુદા જુદા ભવોમાં થયેલ ઉત્ક્રાન્તિ–અપક્રાન્તિના પ્રસંગોની સાથો સાથ એ પ્રસંગોને અનુરૂપ એવું ધર્મશાસ્ત્રોનું તત્ત્વજ્ઞાન પણ વણી લેવામાં આવ્યું છે. આ રીતે જૈનધર્મને લગતાં અનેક વિષયોનું નિરૂપણ એવી તલસ્પર્શી અને રોચક ભાષામાં થયેલું છે કે જેથી દરેક વાચકને વિના મુશ્કેલીએ ખાતરી થઇ જાય છે કે '**आत्मैवात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥** અર્થાત્ આત્મા જ પોતાનો બંધુ અને આત્મા જ પોતાનો દુશ્મન છે.

પ્રસ્તુત ગ્રંથમાં ભગવાન મહાવીરના તીર્થંકર થવા પહેલાંના ભૂતકાલીન મુખ્ય છવ્વીસ ભવોનું વર્ણન આપવામાં

આવ્યું છે. સમગ્ર રીતે આ બધા ભવોનું વર્ણન વાંચતાં આપણી પર જે એક અવિચ્છિન્ન છાપ પડે છે તે એ છે કે, જે અનન્ત આત્માઓ વર્તમાન કાળે સિદ્ધાવસ્થામાં વિદ્યમાન છે, તેઓ સૌને પણ મુક્તાવસ્થા પ્રાપ્ત કર્યા પહેલાં સંસાર પરિભ્રમણ અને જન્મ–મરણના અનેક ચક્રોમાંથી પસાર થવું પડયું હોય છે, જે વિષય–કષાયો માનવ જાતને વર્તમાનકાળે પીડા ઉપજાવી રહ્યાં છે, તેવા જ વિષયકષાયોની આળપંપાળમાંથી મુક્ત આત્માઓને પણ એક વખત પસાર થવું પડયું હતું, એ હકીકત સમગ્ર માનવજાત માટે અત્યંત આશ્વાસનરૂપ બની રહે છે. ગમે તેવા પાપીમાં પાપી આત્માનો પણ, જો ભવી આત્મા હોય તો જૈનદર્શન તેની મુક્તિનો હક્ક સ્વીકારે છે. બ્રાહ્મણ સ્ત્રી, બાળક અને ગાયની હત્યા કરનાર દૃઢપ્રહારી જેવા મહાપાપી માનવીએ પણ તેજ ભવમાં મુક્તિ પ્રાપ્ત કરી એ હકીકત ક્ષુદ્રમાં ક્ષુદ્ર અને પામરમાં પામર માનવીમાં પણ એક નવી જાતની ચેતના ઉભી કરે છે.

જે પળે માણસના મનમાં 'હું' અનંત ઐશ્વર્યનો માલિક છતાં કર્મની પરાધીનતાના કારણે પામરનો પામર બની ગયો છું. મારો દેહ અને આત્મા બંને ભિન્ન ભિન્ન છે, હું ચૈતન્ય સ્વરૂપ છું. અને શરીરાદિ પદાર્થો તો અનિત્ય તેમ જ નાશવંત છે, એવું ભાન ઉત્પન્ન થાય, ત્યારે મહર્ષિ હરિભદ્રસૂરિજીએ યોગબિંદુમાં કહ્યું છે તેમ, એક તરફથી આત્માના ઉપર મોહનો પ્રભાવ ઘટવાનો આરંભ થાય છે.

અને બીજી તરફથી મોહના ઉપર આત્માનું દબાણ થવું શરૂ થાય છે. આ પરિસ્થિતિ પ્રાપ્ત થતા આધ્યાત્મિક વિકાસનો પ્રારંભ થઈ જાય છે.

ભગવાન મહાવીરના ભૂતકાલીન છવ્વીસ ભવો પૈકી મરિચિ રાજકુમારનો ત્રીજો ભવ, વિશ્વભૂતિ રાજકુમારનો સોળમો ભવ અને ત્રિપૃષ્ઠ વાસુદેવના અઢારમાં ભવનો ઇતિહાસ ખાસ સમજવા જેવો છે. આચાર્ય મહારાજશ્રીએ આ ત્રણેય ભવો ઉપરનું વિવેચન અને સમાલોચના બહુ વિસ્તૃત રીતે કરેલ છે, વર્તમાનકાળે માનવજાતિમાં પ્રવર્તી રહેલ આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ રોગનું નિદાન તેમજ નિવારણ ભગવાનના ભૂતકાલીન આ ત્રણે ભવોમાંથી માનવ-જાતિને પ્રાપ્ત થાય તેવું છે. તેથી કરીને આ ગ્રંથના વાચકોને ભગવાનના આ ત્રણેય ભવો વિષેના વર્ણનનો અત્યંત મનન અને ચિંતનપૂર્વક અભ્યાસ કરવાની હું ભલામણ કરૂં છું.

ત્રીજા ભવમાં મરિચિએ જ્યારે જાણ્યું કે તેનો જ આત્મા આ ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીશીના ચોવીસમાં તીર્થંકર થશે. તેમજ ત્રિપૃષ્ઠ નામના પ્રથમ વાસુદેવ અને પ્રિયમિત્ર નામના ચક્રવર્તી થશે, ત્યારે તેના મનમાં એક પ્રકારના અહંભાવની લાગણી ઉત્પન્ન થયા વિના ન રહી. આ હકીકત જાણ્યાં પહેલાં પણ દીક્ષા લીધા બાદ પરીષહો સહન કરવાની અશક્તિના કારણે, તેણે સંયમ પાલનના નિયમો ઢીલા કર્યા હતા, પણ તેમ છતાં તેની ધર્મ શ્રદ્ધા અખંડિત હતી. કોઈપણ વ્યક્તિ આચારથી પતિત થવા છતાં જો તેની

શ્રદ્ધા અખંડ હોય તો અમુક સંજોગોમાં તે વસ્તુ ક્ષમ્ય છે પરંતુ શ્રદ્ધાથી પતિત થવું એ વસ્તુ જીવના માટે ભારે ખતરનાક છે. આવા વિવેકભ્રષ્ટ થનાર માનવીનું પછી અનેક રીતે પતન થાય છે. મરિચિમાં અહંભાવ પ્રગટ થયા પછી એક પગલું તેઓ ચૂક્યા અને શ્રદ્ધાના દીપને બુઝાવી તેના થનાર શિષ્ય કપિલને કહ્યું કે 'સાધુના માર્ગમાં પણ ધર્મ છે. અને મારા માર્ગમાં પણ ધર્મ છે.' આ રીતે સૂત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરવાના કારણે ભગવાનના આત્માએ દીર્ઘ સંસાર ઉપાર્જન કર્યો અને તે પછીના બાર ભવો પર્યંત તેમનું ઠેકાણું ન પડ્યું. આચાર ભ્રષ્ટતા કરતાં ઉત્સૂત્ર પ્રરૂપણામાં અનેક ગણું વધારે પાપ છે.

ભગવાનના આત્માએ સોળમા ભવે ભરતક્ષેત્રના રાજગૃહ નગરમાં વિશ્વનંદી રાજાના બંધુ વિશાખાભૂતિના પુત્ર વિશ્વભૂતિ તરીકે જન્મ લીધો. સંસારના કાવાદાવા, કપટબાજી અને છલ પ્રપંચના કારણે અસહ્ય આઘાત થતાં વિશ્વભૂતિએ ચારિત્ર ધર્મ અંગીકાર કર્યો અને તેનું સુંદર પાલન પણ કર્યું સાથે સાથે એક એક મહિનાના ઉપવાસ પણ કર્યા. આ રીતે, એ ભવમાં તેણે મહાન તપ કર્યું. પણ નિમિત્ત મળતાં ભાન ભૂલીને ચિંતામણિ રત્નરૂપ તપના ફળને કાણીકોડીના બદલામાં વેચી માર્યું.

તપની મહત્તા અને યોગ્યતા વિષે જૈન દર્શનમાં ઘણી ઘણી વાતો કહેવાયેલી છે. પૂર્વ કર્મોને બાળવામાં તપ પ્રજ્વલિત અગ્નિ રૂપ છે. તપનો સાચો હેતુ જીવનમાં ઊંડા

ઉતરીને જીવનનો અંતર્મળ ફેંકી દેવાનો છે. 'ક્લેશોને નબળા પાડવા અને સમાધિના સંસ્કારો પુષ્ટ કરવા માટે તપનું ખૂબ પ્રયોજન છે' એમ પતંજલીએ યોગશાસ્ત્રમાં કહ્યું છે. મહર્ષિ પતંજલીએ આ રીતે તપને માત્ર ક્રિયાયોગ કહ્યો અને તેથી જ તેણે ક્રિયાયોગથી જુદો રાજયોગ સ્વીકારવો પડયો છે. જૈન દર્શનમાં તપની ખાસ વિશિષ્ટતા એ છે કે આપણા તપની વ્યવસ્થામાં ક્રિયાયોગ અને જ્ઞાનયોગ બંનેનો સમાવેશ થઇ જાય છે. જૈન દર્શનમાં તેથી જ તપના બાહ્ય તેમજ અભ્યંતર એવા બે વિભાગો પાડવામાં આવ્યા છે. અને ક્રિયાની સાથોસાથ જીવનશુદ્ધિના આવશ્યક તમામ નિયમોનો તેમાં સમાવેશ થઇ જાય છે.

પરંતુ તપની સાથોસાથ સંયમ–ત્યાગ–વિવેક માટે પણ જૈન દર્શને બહુ ભાર મુકયો છે. તપ કરનાર સાધકની સંકલ્પ શકિત મોટા પ્રમાણમાં વધી જાય છે. પણ જો તપની સાથે સંયમ, ત્યાગ અને વિવેકનો અભાવ હોય તો એજ તપ આત્માને ઉર્ધ્વગતિમાં લઇ જવાને બદલે અધોગતિમાં લઈ જવાના નિમિત્તરૂપ બની જાય છે તેજોલેશ્યા પ્રાપ્ત કરનાર, ભગવાન મહાવીરના એક વખતના શિષ્ય ગોશાળાએ તપ દ્વારા અનેક સિદ્ધિઓ પ્રાપ્ત તો કરી, પણ એજ સિદ્ધિઓ તેના અનેક ભવ ભ્રમણના કારણ રૂપ બની ગઈ. વિશ્વભૂતિએ તપ દ્વારા સિદ્ધિ તો પ્રાપ્ત કરી, પણ પોતાના સંસારી પિતરાઈ ભાઇ વિશાખાનંદીના અસભ્ય વર્તનના કારણે તેણે નિયાણું બાંધ્યું કે : "સંયમ ગ્રહણ કર્યા બાદ

આજ સુધી કરેલી મારી તીવ્ર તપશ્ચર્યાના ફળમાં મને હવે પછીના ભવમાં એવું કાયિક બળ પ્રાપ્ત થાઓ કે મારી હાંસી કરનાર વિશાખાનંદીને ઠેકાણે કરી શકું."

નિયાણું બાંધવું એ એક ઉગ્ર પ્રકારનું પાપ છે એટલું જ નહિ પણ જીવનમાં નિયાણાની વૃત્તિ પ્રગટ થવી એ પણ એક પ્રકારનું પ્રબલ ભાવ પાપ છે.

ભગવાનનો આત્મા સત્તરમા ભવમાં દેવલોકમાં રહી અઢારમા ભવે ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે જન્મ્યો. ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં અમાપ શક્તિ, વિશાળ સત્તા, વિપુલ વૈભવ અને ભૌતિક સુખના અનેક સાધનો પ્રાપ્ત કર્યા પછી, ચોરાશી લાખ વર્ષ સુધી ભોગોપભોગમાં તે રચ્યા પચ્યા રહ્યા અને પરિણામે જે કર્મ બંધ થયો તેનો એ જીવને ભારે ઉગ્ર દંડ આપવો પડયો. ત્રિપૃષ્ઠ વાસુદેવના મૃત્યુ બાદ ભગવાનનો આત્મા ઓગણીસમાં ભવે સાતમી નરકમાં ગયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થયે વીસમા ભવે તિર્યંચયોનિમાં સિંહ તરીકે તેનો જન્મ થયો. અને તે પછી–એકવીસમા ભવે પાછો તે જીવ ચોથી નરકમાં ઉત્પન્ન થયો. આ રીતે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવ વખતે જે કર્મો બાંધ્યાં તેની ભારે શિક્ષા અસંખ્યાતા વરસો સુધી સહન કરવી પડી. તે પછી ઉત્તરોત્તર એ આત્માનો વિકાસ થતો રહ્યો અને સત્તાવીસમા ભવે તીર્થંકર પદ પ્રાપ્ત કર્યું. કોઈ મહાન તત્ત્વજ્ઞે કયાંક કહ્યું છે કે 'your joy is your sorrow unmasked' 'ભૌતિક

સુખોની ભીતરમાં મહાન શોકરૂપી અગ્નિની પ્રચંડ જ્વાલાઓ ન જોઇ શકાય એ રીતે રહેલી જ હોય છે.' ચોરાશી લાખ વર્ષના અત્યંત વૈભવ અને રંગરાગ આસક્તિ ભરેલા એકધારા જીવન પછી, અસંખ્યાત વરસો સુધી તેની અત્યંત કારમી શિક્ષા ભોગવવી પડી. આત્માના ઊંડાણમાંથી ઉત્પન્ન થતાં આનંદ-સુખ-શાંતિ-સમાધિ એજ સાચાં છે. બાકી પર પદાર્થોના સંયોગથી જીવને જે સુખનો અનુભવ થાય છે તે માત્ર ભ્રમ અને મિથ્યા કલ્પના છે, એટલું જ નહિ પણ પરિણામે દીર્ઘકાળ સુધી અત્યંત દુઃખ અને કલેશ આપવામા નિમિત્તરૂપ બને છે. માનવજાતે ભૌતિક સુખોથી જ ડરવાનું અને દૂર રહેવાનું છે, કારણ કે માનવ સ્વભાવમાં જે કાંઇ નિર્બળ અને અસ્થિર અંશો છે, તેને ઉત્તેજનાર વસ્તુ ભૌતિક સુખો છે, ત્યારે માનવ સ્વભાવમાં જે કાંઈ સબળ અને અચળ અંશો છે, તે તો આઘાત અને વેદના દ્વારા પ્રકાશ પામે છે.

સંસારની પ્રવૃત્તિઓમાં રચીપચી રહેલા જીવને નિવૃત્તિનો માર્ગ બતાવતો, દુખિયાને દિલાસો આપતો, નિરાશ થયેલા જીવોને આશા આપતો, પામર જીવોની પામરતાને છેદ દેતો અને આધ્યાત્મિક ચિંતનનો પુણ્યમાર્ગ દર્શાવતો આ ગ્રંથ જડવાદના યુગમાં એક આશીર્વાદ રૂપ થશે તે માટે મને કશી શંકા નથી. આવો સર્વોત્તમ ગ્રંથ તૈયાર કરવા માટે હું પૂ. આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબને કોટિકોટિ વંદન કરવા પૂર્વક ધન્યવાદ આપું છું.

અને વાચકો ભગવાન મહાવીરના પાછલા ભવોના જીવન પ્રસંગોનું ચિંતન-મનન કરીને પોતાનો જીવનપંથ પણ નિર્મળ અને ઉજ્જવળ બનાવવા કટીબદ્ધ થઇ તે દિશામાં પુરુષાર્થ કરે એમ ઇચ્છું છું.

પ્રશ્ન : ભરતક્ષેત્રનું નાન ભરત ચક્રવર્તી ઉપરથી ,પડ્યું' એમ કહેવામાં આવ્યું છે. પણ તે ખાસ વિચારણા માગે છે. જો એ માન્યતા સ્વીકારીએ તો ક્ષેત્રોનાં નામો શાશ્વત હોય છે એમ જે કહેવાય છે તેનું શું ?

યશોદેવ સૂરિ. ૨૦૪૩

# સમર્પણ

પરમપૂજ્ય માતુશ્રી સ્વ. લીલાવતીબેન મણીલાલ સુતરીયા અને સ્વ. મહેન્દ્રભાઈ મણીલાલ સુતરીયાની સ્મૃતિમાં તેમનાં સર્વ કુટુમ્બીજનો તરફથી ગ્રંથ સમર્પણ –

લી.

સરલાબેન મહેન્દ્રભાઈ સુતરીયા
સંજય મહેન્દ્રભાઈ સુતરીયા
ધર્મેન્દ્ર મહેન્દ્રભાઈ સુતરીયા
સુજાતા કેતનભાઈ શાહ

ડૉ. વિનોદભાઈ મણીલાલ સુતરીયા
ડૉ. હંસાબેન વિનોદભાઈ સુતરીયા
સેજલ વિનોદભાઈ સુતરીયા
શેતલ વિનોદભાઈ સુતરીયા

સુનંદાબેન અરૂભાઈ પોથીવાલા
ભારતીબેન કીર્તિપાલ શાહ

# બે બોલ

જેઓએ પોતાના જીવનને જૈન ધર્મની આરાધનાથી શણગાર્યું અને આજે અમારા જેવા બાળકોને પ્રેરણાદાયી પાથેય રૂપ બન્યું છે. તેવા સ્વ. લીલાવતીબેનનો જન્મ અમદાવાદની ગુસાપારેખની પોળના કુલીન અને ધર્મ શ્રાવક કુટુંબમાં થયો હતો. પિતાશ્રીનું નામ માધવલાલ હીરાચંદ શાહ અને માતુશ્રીનું નામ સાકુબેન હતું. જીવનના વિકાસમાં પ્રાથમિક આલંબનો હતાં નિયમિત દેવ-ગુરુ ધર્મની આરાધના, અભક્ષ્ય અનંતકાયાદિ પાપપોષક આહારનો ત્યાગ, તેમના લગ્ન (સ્વ. ડાહ્યાભાઈ સુતરીયા અને મોતીબેન ડાહ્યાભાઇ સુતરીયાના સુપુત્ર) શ્રી મણીભાઈ સુતરીયા સાથે થયેલાં, સાસરે પણ શુભ આલંબનોને બળે ધાર્મિક સંસ્કારો દૃઢ થતા ગયા.

તેમની ૨૮ વર્ષની વયે તેમના પતિ મણીભાઈનું અવસાન થયું ! ધર્મે જેમને ટકાવી રાખ્યા હતા, તેમણે સુખ સગવડ માન-માયાને બાજુમાં મુકી, વૃદ્ધ સાસુ-સસરા સમગ્ર કુટુંબની સેવા અને વૈયાવચ્ચ કરતાં બાળકોને આચરણ દ્વારા ઉચ્ચ સંસ્કારો રેડ્યા, તેમના જીવનની ઇમારત ધર્મના પાયા પર ચણાઇ-ધાર્મિક વાંચન અને અનુષ્ઠાનો જિંદગીના અંતિમ દિન સુધી ટકાવી રાખ્યા, યથાશક્ય સુપાત્ર દાન, ભક્તિ-સેવા-વ્યાખ્યાન શ્રવણ, પ્રતિક્રમણ આ બધું એમના જીવનમાં વણાઈ ગયું હતું. ઉપધાન તપ,

શ્રી સિદ્ધક્ષેત્રમાં ચોમાસુ, શ્રી નવપદજીની ઓળી, અનેક છઠ્ઠ, અઠ્ઠમ-અઠ્ઠાઈ, ગંઠિયા-બગઠિયા ભવ-આલોચના ઇત્યાદિ વિશિષ્ટ તપે તેમના આંતર જીવનને પવિત્ર અને નિર્મળ બનાવ્યું હતું-સમતા, સહનશીલતા તથા સહિષ્ણુતા, દેવ ગુરુ પ્રત્યેની અનન્ય ભક્તિ વગેરે સદ્ગુણોથી જીવન સંસ્કારી બન્યું હતું. તેમના બાળકો આ સંસ્કારોની સહાયથી અનાદિ અનંત દુઃખોથી ભરેલા સંસાર સાગરને પાર કરવા (પુરુષાર્થી) પ્રયત્નશીલ બન્યા, તેમના સુપુત્ર સ્વ. મહેન્દ્રભાઈને વીતરાગ પરમાત્મા પર અનન્ય શ્રદ્ધા હતી. વાત્સલ્ય મૂર્તિ મા અને પુત્રમાં સામ્ય હતું. તેમનો સ્વભાવ પરોપકાર, સરળતા, નિઃસ્વાર્થ વૃત્તિથી ઝળહળતો હતો આખું કુટુમ્બ તેમનું અત્યંત ઋણી છે. તેમના આદર્શ અને ધર્મ ભાવનાને અંતરમાં જાગૃત રાખવા તેને અભિવ્યકત કરવા અમને કાંઈક કરવાની પ્રેરણા જાગી.

તેવામાં અમારા અનન્ય સ્નેહીએ પરમપૂજ્ય આચાર્યશ્રી સાહેબજી ધર્મસૂરીશ્વરજી મહારાજનું "શ્રી મહાવીર સ્વામી પ્રભુના ૨૬ ભવનું આ પુસ્તક વાંચવા આપ્યું, જેનો આદર્શ પણ પ્રભુની આજ્ઞાને લાયક બનવાનો છે.

આ પુસ્તક માંહ્યલાને જગાડી ગયું.! દરેક જીવો અકથ્ય, અસહ્ય, અનંત આપત્તિઓનો ભોગ બને છે અને એમાંથી છૂટવા માટે સાચો માર્ગ બતાવનાર કોઇ ખરેખર ઉપકારી હોય તો એક વીતરાગનું જ મહાન શાસન છે. એવી અનુભૂતિ થઈ માનવ ભવને પામીને જીવનું કોઇ

કર્તવ્ય હોય તો અજ્ઞાન-મોહનો નાશ કરવાનું ! કર્મ અંગે એટલું સરળતાથી સમજાવ્યું છે કે આત્માને તે અત્યંત દૃઢ રીતે સમજાઈ જાય. ભવિષ્યના જન્મોને ટાળવા માટે કે આ જન્મને સુધારવા માટેના કળાધામ જેવું આ પુસ્તક છપાવવાની પ્રેરણા થઈ-શુભ વિચાર આવ્યો.

પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજને અમો અમુક પુસ્તકો માટે લાભ આપવા વિનંતિ કરી, તેઓશ્રીએ સહાનુભૂતિ સાથે અમને લાભ આપ્યો તેથી ઘણો આનંદ થયો છે. અમો તેઓશ્રીના આભારી છીએ.

સહૃદયી સ્નેહીઓ! વાંચન-મનન કરી પોતાના જીવનમાં જ્ઞાન-રસનો લાભ ઉઠાવશો એવી આશાપૂર્વક અમો અહીં વિરમીએ.

લી.

સ્વ. **લીલાવતીબેનના** અને સ્વ. **મહેન્દ્રભાઈના**

ઋણી પરિવારના જય જીનેન્દ્ર

તા. ૧-૧૧-૮૬, અમદાવાદ



પરમપૂજ્ય માતુશ્રી
સ્વ. લીલાવતીબ્હેન મણીલાલ સુતરીયા



સ્વ. શ્રી મહેન્દ્રભાઈ મણીલાલ સુતરીયા

કરૂણાના પરમાવતાર, સર્વજ્ઞ,

વીતરાગ, શ્રી તારક પરમાત્મા, સર્વજ્ઞ-

# ભગવાન શ્રી મહાવીર

નો

## અન્તિમ છેલ્લો ૨૭ મો ભવ

— માત્ર પ્રારંભનો જ ભાગ —

॥ णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स ॥




# [૧]

## પ્રથમ નયસારનો ભવ યાને ભગવાન મહાવીરને મહાવીર બનવાના પુન્ય-સમયનો પ્રારંભ

### જીવાત્મા એ જ પરમાત્મા

સર્વનયશુદ્ધ સનાતન જૈન શાસનના મંતવ્ય પ્રમાણે પરમાત્મદશાએ પહોંચેલા કોઇપણ આત્મા અનાદિથી પરમાત્મા નથી હોતા. પરંતુ સંસારી જીવાત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્ષાયિકભાવે આરાધના કરવા દ્વારા પરમાત્મદશા પ્રાપ્ત કરે છે. સર્વથી પહેલો કોણ આત્મા પરમાત્મા થયો ? એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં 'પ્રવાહની અપેક્ષાએ પરમાત્મા અનાદિ છે' એ વાત જેમ યથાર્થ છે તેમ વ્યક્તિની અપેક્ષા એ જીવાત્મા

(સંસારી આત્મા) એ જ પરમાત્મા થાય છે એ વાત પણ એટલી જ બરાબર છે. પરમાત્મા એ અનાદિથી પરમાત્મા જ છે અને જીવાત્મા એ સદાય જીવાત્મા જ રહે છે; એવું કોઈ દર્શનકારનું કથન કેટલે અંશે સત્ય છે ? તે ઘણું વિચારણીય છે.

## અભવ્ય-જાતિભવ્ય અને ભવ્ય

શ્રમણ ભગવાન મહાવીર, મહાવીરના ભવમાં પરમાત્મા-તીર્થંકર દેવાધિદેવ-યાવત્ સિદ્ધ બુદ્ધ મુક્ત નિરંજન નિરાકાર થયા, પરંતુ એ ભગવાન મહાવીરનો આત્મા અનાદિ કાળની અપેક્ષાએ તો આપણા જેવા કર્મના આવરણોવાળો અશુદ્ધ, સંસારવર્તી ચોરાસી લાખ જીવયોનિ કિંવા ચારગતિમાં પરિભ્રમણ કરનાર જીવાત્મા હતો. અખિલ વિશ્વમાં વર્તતા અનંત જીવાત્માઓ પૈકી અમુક આત્માઓ એવા હોય છે કે જેમનો જીવાત્મા ગમે તેવી ઉચ્ચ કક્ષાની બાહ્ય સાધન સામગ્રી પ્રાપ્ત થાય તો પણ પરમાત્મદશા અને તેના અંતરંગ સાધનો સમ્યગ્દર્શન વગેરે સદ્‌ગુણો પ્રાપ્ત કરવા માટે અયોગ્ય છે. આવા જીવાત્માઓને 'અભવ્ય'ના નામથી જૈન શાસનમાં સંબોધવામાં આવ્યા છે. અમુક જીવાત્માઓમાં પરમાત્મદશા અને તેના અંતરંગ સાધનો સમ્યગ્દર્શન વગેરે સદ્‌ગુણો પ્રાપ્ત કરવાની યોગ્યતા હોવા છતાં પંચેન્દ્રિયપણું, મનુષ્યત્વ, વિચારશક્તિ અને તેને લાયક બહિરંગ સાધનો પ્રાપ્ત થતાં નથી, જેથી પરમાત્મપદની યોગ્યતા છતાં અનાદિ-અનંતકાળ પર્યંત પરમાત્મદશાથી એ જીવાત્માઓ વંચિત રહે છે. એવા પ્રકારના આત્માઓને '**જાતિભવ્ય**' કહેવામાં આવ્યા

છે, અને જે જીવાત્માઓમાં પરમાત્મદશા તેમજ તેના અંતરંગ સાધનો સમ્યગ્દર્શન વગેરે પ્રાપ્ત કરવાની યોગ્યતા હોવા સાથે બાદરપણું, ત્રસપણું, પંચેન્દ્રિયપણું, વિચાર શક્તિ, મનુષ્યત્વ વગેરે બહિરંગ વિકાસક્રમની પણ યોગ્યતા છે તેવા આત્માઓને '**ભવ્યાત્મા**'ના નામથી સંબોધન કરવામાં આવેલ છે.

## ભવ્યાત્મા હોય તે જ પરમાત્મા થાય

બીજમાં ઉદ્‌ગમ શક્તિનો જો અભાવ હોય તો કાળી માટી તેમજ પાણી વગેરે વિપુલ સાધનો મળવા છતાં ફળ પ્રાપ્તિ નથી થતી. બીજમાં ઉદ્‌ગમ્ શક્તિ હોવા છતાં ઉદ્‌ગમશક્તિના વિકાસ માટે બાહ્ય સાધન માટી તેમજ પાણીનાં યથાયોગ્ય સાધનો ન મળે તો પણ એ ઉદ્‌ગમશક્તિ ફળસ્વરૂપે પ્રગટ થતી નથી. બીજમાં ઉદ્‌ગમશક્તિ હોય અને સાથે એ શક્તિના વિકાસમાં સહાયક અનુકૂળ બાહ્ય સાધનો હોય તો તો બીજમાં વર્તતી શક્તિ ફળસ્વરૂપે પ્રગટ થતી પ્રત્યક્ષ અનુભવાય છે. જીવાત્મા માટે પણ આ જ વ્યવસ્થા છે. અભવ્ય જીવાત્મામાં ઉદ્‌ગમશક્તિનો જ અભાવ છે. તેથી તે અભવ્ય આત્માઓ મનુષ્યત્વ, વિચારશક્તિ, દેવ ગુરૂની સામગ્રી વગેરે અનુકૂળ બાહ્ય સાધનો મળવા છતાં ઉદ્‌ગમશક્તિનો અભાવ હોવાથી પરમાત્મદશાને પ્રગટાવી શકતા નથી. જાતિભવ્યમાં ઉદ્‌ગમશક્તિ છે, પણ ભવિતવ્યતાના કારણે મનુષ્યત્વ વગેરે શક્તિવિકાસનાં બાહ્ય સાધનો તેને મળતાં નથી. જ્યારે

ભવ્યાત્માને ઉદ્દગમશક્તિનું અસ્તિત્વ હોવા સાથે વહેલા મોડા પણ મનુષ્યત્વ વગેરે વિકાસનાં સાધનો પ્રાપ્ત થાય છે, તેથી તે ભવ્યાત્મા પરમાત્મદશાએ પણ વહેલો મોડો અવશ્ય પહોંચે છે.

## ભગવાન મહાવીરનો આત્મા ભૂતકાળમાં સંસારી જ હતો.

બીજી એક વિશેષતા એ છે કે જેમ જીવ એ ત્રણ કાળમાં અજીવ થતો નથી અને અજીવ જેમ જીવ થતો નથી તેમ જીવમાં પણ જે અભવ્યજીવ છે તે સદાને માટે અભવ્ય છે. કોઈ પણ કાલે અભવ્ય ભવ્ય થતો નથી, તેમ ભવ્ય અભવ્ય થતો નથી. જાતિભવ્ય માટે પણ આજ વ્યવસ્થા છે. અભવ્યપણું, જાતિભવ્યપણું કે ભવ્યપણું એ અનાદિ પારિણામિક ભાવો છે, એ અનાદિ પારિણામિક ભાવમાં પરિવર્તનની શક્યતા નથી. આટલી વાત તો પ્રાસંગિક જણાવેલ છે. આ પ્રાસંગિક જણાવેલ બાબત ઉપરથી એક નિર્ણય થાય છે કે કોઈ પણ પરમાત્મા ભલે પછી ભગવાન મહાવીર હોય કે બીજા કોઈ હોય પરંતુ તેમનો આત્મા પરમાત્મદશા પ્રાપ્ત થવા અગાઉ અનાદિ સંસારમાં જીવાત્મા રૂપે વિદ્યમાન હતો અને એ પરમાત્માના આત્માને પણ આ સંસારી અવસ્થામાં અનંત જન્મમરણની પરંપરાનો અનુભવ થયો હતો. પરમાત્મદશા અથવા સિદ્ધાવસ્થામાં વર્તમાન કાળે વિદ્યમાન અનન્ત આત્માઓ પૈકી એક પણ એવો આત્મા નથી કે જેને ભૂતકાળમાં સંસાર-

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા
પરિભ્રમણ અને જન્મ મરણની પરંપરા તેમજ કામક્રોધાદિની વાસનાઓ ન વર્તતી હોય.

## સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી જ ભવની ગણતરી

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ માટે પણ આ જ વ્યવસ્થા સમજવાની છે. આ પરિસ્થિતિમાં ભગવાન મહાવીરના આત્માને આત્મિકવિકાસનો પ્રારંભ ક્યારે ક્યા ભવમાં કેવા સંજોગોમાં થયો? વિકાસનો પ્રારંભ થયા બાદ એકધારો આધ્યાત્મિક વિકાસ જ ચાલુ રહ્યો કે તેમાં ઉત્ક્રાન્તિ–અપક્રાન્તિના પ્રસંગો પણ પ્રાપ્ત થયા? વગેરે જાણવા માટે એ પ્રભુના ભૂતકાલીન છવ્વીશ ભવો અને તેમાં પણ પ્રથમ ભવ તરફ સિંહાવલોકન કરવાની ખાસ જરૂર છે.

જૈન શાસનમાં વર્તમાન અવસર્પિણી કાલે આ ભરતક્ષેત્રમાં થયેલા ચોવીશતીર્થંકર ભગવંતો પૈકી પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવપ્રભુના તેર ભવ, ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુના દશ ભવ, બાવીશમા તીર્થંકર નેમનાથ પ્રભુના નવ ભવ વગેરે ભવોની સંખ્યા જેમ પ્રસિદ્ધ છે, તે પ્રમાણે ભગવાન મહાવીરપ્રભુના સત્તાવીશ ભવની પણ પ્રસિદ્ધિ છે. કોઇપણ આત્માના અનન્ત ભવો છતાં તેર, દશ, નવ અથવા સત્તાવીશ વગેરે ભવોની જે પ્રસિદ્ધિ છે તે આધ્યાત્મિક વિકાસના પ્રારંભની અપેક્ષાએ છે. જે જન્મમાં પોતાને પોતાના આત્મસ્વરૂપનું ભાન થાય છે; "હું અનન્ત ઐશ્વર્યનો માલિક છતાં કર્મની પરાધીનતાના કારણે પામરમાં પામર બની ગયો છું, હું જુદો છું, શરીર જુદું છે, મારું

સ્વરૂપ ભિન્ન છે, શરીરાદિ સંયોગી પદાર્થોનું સ્વરૂપ ભિન્ન છે, હું ચૈતન્યસ્વરૂપ છું, શરીરાદિ પદાર્થો અચેતન સ્વરૂપ છે." આવો અભૂતપૂર્વ પ્રકાશ આત્મામાં જે પુન્ય ઘડીએ પ્રગટ થાય છે ત્યારથી આજ સુધી ભૌતિક સુખ તથા તેનાં સાધનો તરફ જે જે રૂચિ હતી તેને બદલે અંતરંગ સુખ અને તેના સાધનો તરફ અભિરુચિ પ્રગટ થાય છે એ આધ્યાત્મિક વિકાસનો પ્રારંભ ગણાય છે. પ્રારંભિક વિકાસનું નામ **સમ્યગ્દર્શન** છે. એ સમ્યગ્દર્શનની જે ભવમાં જે આત્માને પ્રાપ્તિ થાય ત્યારથી તેના જીવનની કિંવા ભવોની ગણતરી ગણાય છે. તે પહેલાંનું જીવન બાહ્ય વિકાસથી ગમે તેટલું ભરપૂર હોય કે રહિત હોય પણ તેની કશી ગણતરી નથી.

## સમ્યગ્દર્શન એ પરમાત્મ દશાનું બીજક છે

જ્યાં સુધી આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય અને એ અનુપમગુણની પ્રાપ્તિ દ્વારા આત્માને સ્વ-સ્વરૂપના ભાન સાથે નિજસ્વરૂપની અભિલાષા ન પ્રગટે ત્યાં સુધી એ સ્વ-સ્વરૂપના આવિર્ભાવ માટે અનુકૂળ પુરુષાર્થ પણ ન થાય એ સમજી શકાય તેવી વાત છે. આજના ભૌતિકવાદના ભીષણ કાળમાં ભૌતિક સુખના પોષણ માટે કેટલો પુરુષાર્થ ચાલી રહ્યો છે? અને આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ માટે મોટા ભાગનું જગત કેવું શૂન્ય બની ગયું છે? તે આપણાથી અજાણ્યું નથી. આપણી પોતાની પણ પ્રાયઃ એ જ દશા છે. અનંતકાળના અવળી દિશાના આ વહેણ

સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થયા સિવાય કોઈપણ આત્માને ખપતાં નથી અને એ કારણે જ સમ્યગ્દર્શનને પરમાત્મ-દશાના બીજક તરીકે મહાપુરુષોએ વર્ણવેલ છે. આપણા શાસનપતિ શ્રમણભગવાન મહાવીર પ્રભુના આત્માને કયા ભવમાં અને કેવા સંજોગોમાં એ સમ્યગ્દર્શન પ્રગટ થયું? તે બાબત સંક્ષેપમાં આપણે વિચારીએ અને સાથે સાથે તેનું ચિંતન-મનન કરવા પૂર્વક આપણે પણ એ માર્ગે ચાલવાનો પ્રયાસ કરીએ તો આપણા આત્મમંદિરમાં એ સમ્યગ્દર્શનનો સૂર્ય ઉદય પામે, અનંતકાળનો અજ્ઞાનાંધકાર વિનષ્ટ થઈ જાય અને નિર્મળજ્ઞાન પ્રકાશના યોગે આપણા કલ્યાણમાર્ગનું દર્શન આપોઆપ થઈ જવાની સુભગ ઘડી આપણા માટે હાજર થાય.

## નયસારના સમયનો યુગ

ભગવાન મહાવીર પ્રભુ, મહાવીરના ભવથી પશ્ચાનુ-પૂર્વીએ સત્તાવીશમા ભવમાં **નયસાર** નામે એક ગામના મુખી હતા. એ કાળે એ પ્રદેશમાં સંસ્કૃતિની સુવાસ સર્વત્ર પ્રસરેલી હતી. અહિંસા, કરુણા, સત્ય, સદાચાર, સંયમ તેમજ સેવાની ભાવનાઓ પ્રાયઃ હરકોઈ માનવના મનો-મંદિરમાં વિદ્યમાન હતી. સ્વાર્થવૃત્તિ અને સંગ્રહખોરીની પૈશાચિક ભૂતાવળથી પ્રત્યેક માનવ દૂર રહેવા સદાય જાગૃત રહેતો. દાનધર્મ, શીલધર્મ, તપોધર્મ અને ભાવધર્મના પ્રવાહો અસ્ખલિતપણે તે અવસરે ચારેય બાજુ પથરાયેલા હતા. આવા સંસ્કૃતિમય સતયુગમાં માનવનો અવતાર

મળવો એ પ્રબળ ભાગ્યોદય ગણાતો. કોઇપણ કાળ એવો નથી કે જ્યારે આ પૃથ્વી માનવ સંખ્યાથી સર્વથા રહિત હોય. પરંતુ સતયુગના માનવમાં અને કલિયુગનાં (ચોથા આરાના માનવમાં અને પંચમ આરાના માનવમાં) માનવમાં આભ ધરતી જેટલું અંતર હોય છે. સતયુગના સમયે માનવ સમુદાયના મનોમંદિરમાં માનવતાની જ્યોત જીવંત હોય છે. અને એ કારણે એ કાળના માનવો-કિંવા પશુ-પક્ષી વગેરે સર્વ નાના મોટા પ્રાણીઓ બહુલતાએ નિર્ભય તેમજ નિરાકુલ હોય છે, જ્યારે કલિયુગમાં વર્તતા માનવ સમુદાયના મનોમંદિરમાં મોટા ભાગે પાશવતાનો ઘોર અંધકાર જામેલો હોય છે. આવા સંજોગોમાં ભૌતિક વિકાસના ઓઠા નીચે માનવો-પશુ-પક્ષીઓ તેમજ અન્ય નાના મોટા પ્રાણીઓને નિર્ભયતા અને નિરાકુલતાના સ્થાને સદાય રાત્રિ-દિવસ સભયપણું અને એકધારી આકુલ-વ્યાકુલતા વળગેલી હોય છે. કોઈ વ્યક્તિ વિશેષ અપવાદ તરીકે નિર્ભય દૃષ્ટિગોચર થાય તો તે જુદી વાત છે.

## ગ્રામમુખી નયસારનું સંસ્કારી જીવન

નયસારની હયાતીનો યુગ સંસ્કૃતિના વિકાસનો હતો. નયસારનું જીવન પણ સંસ્કારની સૌરભથી મઘમઘતું હતું. ગૃહસ્થજીવન અને ઘરબાર માટે ઉપયોગી લાકડાંની જરૂરિયાત હોવાથી પોતાના માણસો સાથે ગ્રામમુખી નયસાર ભોજન વગેરે સામગ્રી સહિત એક અવસરે નજીકના કોઇ જંગલ પ્રદેશમાં પહોંચ્યા. આપણા દેશની પ્રાચીન પ્રણાલિકા

તરફ દૃષ્ટિ કરીએ તો તે કાળે ગૃહસ્થજીવનને ઉપયોગી વસ્તુઓ માટે નાણાંકીય વ્યવહાર કરવાનો બહુ ઓછો પ્રચાર હતો. તે સમયના ગૃહસ્થો સામાન્ય રીતે જમીન જાગીરવાળા, પશુધનનું પાલન કરનારા અને શ્રમજીવી વર્ગને સુંદર આશ્રય આપનારા હતા. અનાજ, દૂધ, ઘી, બળતણ તેમજ ઇમારતને ઉપયોગી સાધનો માટે પરાવલંબી-પણું લગભગ ન હતું, આપણા નયસાર પણ એ ઉચ્ચ-કક્ષાના ગૃહસ્થ હતા. અટવી પ્રદેશમાં પહોંચ્યા બાદ શુષ્ક થયેલા વૃક્ષમાંથી જરૂરી લાકડાં કાપવાનું કાર્ય પોતાના માણસો મારફત શરૂ થયું. મધ્યાહ્નનો સમય થતાં માણ-સોને ભોજન તેમજ ત્યાર બાદ થોડો સમય આરામ માટે આજ્ઞા થઇ. પોતાના માણસોને પોતાની સાથે એક પંક્તિમાં ભોજન માટે બેસાડયા 'હું માલિક છું. આ મારા નોકરો છે,' એવો ભેદ નયસારના ઉદાર જીવનમાં ન હતો. **નયસાર એમ માનતા કે હું આ મારા માણસોની મદદથી સુખી છું. સેવકોના દિલમાં સદાય એ ભાવના હતી કે અમો અમારા માલિકના પ્રતાપે સુખી છીએ.** શેઠ અને નોકર વચ્ચે આવો મીઠો સંબંધ આપણા દેશમાં પ્રાચીન કાળે ઘણો સુંદર હતો અને ઉભય વર્ગ પોતપોતાની ફરજમાં પરાયણ રહેતો હોવાથી સહુ કોઇના જીવનમાં શાંતિ હતી. ગ્રામસુખી નયસારના આત્મ-મંદિરમાં તો તીર્થંકર પદની યોગ્યતા વિદ્યમાન હતી, એટલે એમના જીવનમાં સેવકો પ્રત્યે આવી ઉદારતા ભરી કૌટુંબિક

ભાવના અંગે શું આશ્ચર્ય હોય !

## નોકર-ચાકર પ્રતિ પ્રાચીન કાળની કૌટુંબિકભાવના

આપણા સુપ્રસિદ્ધ કલ્પસૂત્રના મૂળમાં સેવક કિંવા નોકરવર્ગ માટે **કૌટુંબિકપુરુષ** શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે. સિદ્ધાર્થરાજા જ્યારે સેવકને બોલાવવાની જરૂર પડે છે અને બોલાવે છે તે પ્રસંગમાં **"तएणं सिद्धत्थेणं राया कौटुंबिय पुरिसे सद्दावेई"** આવા વાક્યના ઉલ્લેખો છે. આપણા દેશમાં જ્યાં સુધી નોકર-ચાકર પ્રતિ શ્રીમંત-વર્ગના દિલમાં કૌટુંબિક ભાવના હતી ત્યાં સુધી નોકરિયાત ધારો, સામ્યવાદ કે સમાજવાદને સ્થાન ન હતું. પરંતુ નોકર-ચાકર પ્રતિ શ્રીમંતવર્ગની કૌટુંબિક ભાવનામાં જ્યારથી પરિવર્તન થયું અને નોકરિયાત વર્ગ પણ પોતાના કર્તવ્યથી-પોતાની વફાદારીમાંથી ક્રમશઃ શિથિલ થતો ગયો ત્યારથી જુદા-જુદા ધારાઓ અને વાદોનો પ્રારંભ થયો અને ઉભય વર્ગમાં શાંતિ તેમજ વિશ્વાસના સ્થાને અશાંતિ અને અવિશ્વાસનું સ્થાન પ્રગટયું. મહાપુરુષોના જીવન ચરિત્રો ફક્ત વાંચીને કે શ્રવણ કરીને જ સંતોષ માનવામાં કાંઈ વિશેષતા નથી. પરંતુ એ મહાપુરુષોના પ્રત્યેક જીવનપ્રસંગોનું ચિંતનમનન કરીને આપણો જીવનપંથ ઉજ્જવળ અને કલ્યાણકારી બને એ એનું મુખ્ય ફળ છે.

## નયસારના દિલમાં દાનધર્મની ઉદારભાવના

નયસાર અને એના માણસો એક પંક્તિમાં ભોજન માટે બેસી ગયા. ભોજનની સામગ્રી પણ સહુને યથેચ્છ પીરસવા

આવી. પરંતુ ભોજનનો પ્રારંભ થાય એ પહેલાં આપણા નયસારે પોતાના માણસોને સંબોધીને ઉચ્ચાર્યું કે આવા નિર્જન પ્રદેશમાં આપણે ભોજન કરવા બેઠા છીએ, એટલે કોઈ સંત સાધુ–અતિથિ કે પ્રાહુણાની આશા ક્યાંથી રખાય ! ઘરના આંગણે તો નયસારનો લગભગ એ નિયમ હતો કે કોઈ સંત સાધુના પાત્રમાં અથવા દીન–દુઃખીના મુખમાં ભોજન આપ્યા સિવાય મુખમાં અન્ન ન નાંખવું, પણ આ તો જંગલ હતું, વિકટ અટવીનો પ્રદેશ હતો. આવા નિર્જન વનવગડાના સ્થાનમાં સંત સાધુ કે સુપાત્રની આશા ક્યાંથી રખાય ? છતાં હૈયામાં રહેલી એ સુંદર ભાવના તો જરૂર પ્રગટ થાય ! હૈયું જરૂર અંતરમાંથી અવાજ આપે કે આજે કમભાગી છું જે સંત સાધુ અથવા કોઈ માનવબંધુની ભક્તિ-સેવા વિના વાંઝિયું અન્ન ખાવાનો પ્રસંગ આવ્યો છે. આપણા નયસાર એ ભાવના ભાવી રહ્યા હતા, એટલું જ નહિ પણ કકડીને ક્ષુધા લાગેલી હોવા છતાં ઉભા થઈ પાંચ-દશ મિનિટ ચારેય દિશામાં કોઇ સંત સાધુની પધરામણી માટે પ્રતીક્ષા કરવા લાગ્યા. ઉત્તમ આત્માઓની ભાવનાઓ જેમ ઉત્તમ હોય છે, તે પ્રમાણે તેઓનું પુન્યબલ ઘણું ઉચ્ચકક્ષાનું હોય છે. અને એ પુન્યબલના પ્રભાવે તેમના ઉત્તમ મનોરથો પણ સહજ રીતે પૂર્ણ થાય છે. ચારે ય દિશામાં પ્રતીક્ષા કરી રહેલા ગ્રામમુખી નયસાર પણ ઉત્તમ આત્મા હતા ભોજન કરતાં સાધુ સંતની ભક્તિ તેમને વધુ વહાલી હતી. તેમના પ્રબલ પુન્યોદયે અતિવિકટ અટવીના પ્રદેશમાં રસ્તો ભૂલી જવાના કારણે

જાણે ચારેય બાજુ માર્ગ શોધી રહેલા હોય તેવા તપસ્વી મુનિવરોને દૂરથી દેખ્યા. મુનિદર્શન થતાં નયસાર એ દિશામાં સામે ચાલી મુનિવરોની પાસે પહોંચી તે પવિત્ર આત્માઓના ચરણોમાં ઝુકી પડયા મુનિવરોએ પણ 'ધર્મલાભ'ના મંગળ ઉચ્ચારણ દ્વારા શુભાશિષ સમર્પણ કર્યા. નયસારની વિનંતીથી મુનિવરો જે સ્થાને અન્ય સેવકો ભોજનની તૈયારીમાં બેઠા હતા ત્યાં આવી પહોંચ્યા. નયસાર તેમજ તેના સેવકોનાં હૈયામાં નિરવધિ આનંદ પ્રગટ થયો. ઘરના આંગણે સાધુસંતની ભકિતનો લાભ મળતાં જે આનંદ પ્રગટે તે અપેક્ષાએ આવા નિર્જન-વિકટ અટવીનાં પ્રદેશમાં સાધુ–મુનિવરોની ભકિતનો લાભ પ્રાપ્ત થતાં ઉત્તમ આત્માને જે આનંદ પ્રગટે તે અવર્ણનીય હોય છે. સર્વ સેવકોએ મુનિવરોને વંદન કર્યું એટલે મુનિરાજે પણ સર્વને 'ધર્મલાભ' આપ્યા.

## નયસારે કરેલ મુનિવરોનું ભક્તિ-બહુમાન

મુનિવરો યોગ્ય આસને બિરાજમાન થયા બાદ નયસારે તેઓને પૂછ્યું. કૃપાળુ! આવા વિકટ પ્રદેશમાં આપ કયાંથી આવી ચઢયા?' મુનિવરો બોલ્યા. 'મહાનુભાવ! વિશાલ સાધુ સમુદાય સાથે એક ગામથી બીજે ગામ વિહાર કરીને જતાં જરા પાછળ રહી જવાના કારણે માર્ગ ભૂલી જવાયો માર્ગ શોધવા માટે પ્રયાસ કરવા છતાં જે ગામ જવું હતું તે ગામના માર્ગનો પત્તો ન લાગ્યો. અને આ અટવી પ્રદેશમાં આવી પહોંચ્યા. 'અમો માર્ગ ભૂલી ગયા અને અહીં આવી



– ભવ ૧ –

પ્રથમભવમાં ભગવાનનો આત્મા નયસાર રૂપે હતો. આ નયસાર કામ માટે જંગલમાં ગયેલો. ત્યાં અણધાર્યા ઉત્તમ, ત્યાગી મુનિવરો મળી જતાં તેમના પાત્રમાં નિર્દોષ આહાર આપે છે. એ અવસરે સમ્યકત્વની પ્રાપ્તિ કરે છે. –પૃષ્ઠ ૧૨ જુઓ

ચઢયા, ક્ષુધાતૃષા વગેરે પરીસહો સહન કરવાનો પ્રસંગ અમને પ્રાપ્ત થયો,' તેનું અમારા દિલમાં જરાય દુઃખ નથી, પરંતુ અમારા સમુદાયના સાધુઓ અમારી ચિંતા કરી રહ્યા હશે એ બાબતનું અમારા દિલમાં દુઃખ છે. નયસારે એ મુનિવરોને કહ્યું 'ગુરુદેવ આપ યોગ્ય ભિક્ષા ગ્રહણ કરી અમોને સુપાત્ર દાનનો લાભ આપો, આપ માર્ગ ભૂલ્યા અને આ અટવીમાં અનેક કાંટા કાંકરાના કષ્ટો સહન કરવા પડયા એ યદ્યપિ ઠીક નથી થયું એમ છતાં અમારૂં તો આજે અહોભાગ્ય જાગ્યું કે આવા જંગલ પ્રદેશમાં આપ જેવા તારક પૂજ્ય મુનિવરોના પવિત્ર દર્શનનો અને સુપાત્ર-દાનનો અમોને લાભ મળ્યો. કૃપાળુ ! આપ યોગ્ય ભિક્ષા ગ્રહણ કરી આપની સાધુ ધર્મની મર્યાદા પ્રમાણે આપ આહાર વાપરવાનો ઉપયોગ કરી લો. અમો પણ ભોજન કરી લઇએ પછી આપને જે ગામ જવું છે અને આપના સાધુઓ જે તરફ ગયા છે ત્યાં આપને અમો ભેગા કરી દઇએ.

## નયસારને મુનિવરે બતાવેલ ભાવ માર્ગ

ગૃહસ્થ જીવનમાં સાધુ સંત પ્રત્યે કેવું બહુમાન અને અંતરનો આદર હોવો જોઇએ. તેનું આ અનુપમ દૃષ્ટાંત છે. આજે તો વિહાર કરીને સાધુઓ કોઈ શહેર અથવા ગામમાં પધારે, જિનાલય કે ઉપાશ્રયના અજાણ સાધુ કપાળમાં પીળો ચાંલ્લો દેખી રસ્તામાં મળતાં અથવા દુકાને બેઠેલા શ્રાવકને પૂછે કે 'ભાઇ ! ઉપાશ્રય–દેરાસર કઇ બાજુ આવ્યાં ?' જવા-બમાં પેલા ભાઈ કહી દે કે–સીધા ચાલ્યા જાઓ, થોડું

આગળ ચાલીને ડાબી બાજુ જે રસ્તો આવે તે રસ્તે વળી જજો' આજની લગભગ આ મનોદશા જ્યારે નયસારના જીવનની કેવી પ્રશંસનીય ઉદારવૃતિ! નયસારની વિનંતીથી સાધુ મુનિરાજે યોગ્ય નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરી લીધી. બાજુમાં બેસીને સાધુ ધર્મની મર્યાદાને બાધ ન પહોંચે તે પ્રમાણે ગોચરી વાપરી. નયસાર તેમજ સેવકોએ પણ અટવી જેવા પ્રદેશમાં તપસ્વી મુનીવરોની ભક્તિનો લાભ મળવા બદલ વારંવાર પરસ્પર અનુમોદના કરતાં જમી લીધું. ભોજન થઇ ગયા પછી નયસાર પોતાનાં કોઈ સેવકને મુનિરાજો સાથે માર્ગ બતાવવા ન મોકલતાં 'મને આવો ઉત્તમ લાભ ક્યાંથી મળે' આ ભાવનાના યોગે પોતે જ મુનિવરો સાથે ચાલ્યા, રસ્તે ચાલતાં ચાલતાં મુનિવરોએ નયસારના આત્માની યોગ્યતા પારખી લીધી અને ધર્મોપદેશ શરૂ કર્યો.

## કર્મપ્રવાહની પરંપરાનું કારણ

**આત્મા અનાદિ છે, એનો સંસાર અનાદિ છે અને સંસારના કારણરૂપ કર્મસંયોગ પણ પ્રવાહની અપેક્ષા અનાદિ છે.** ચોરાશી લાખ જીવાયોનિ અથવા ચારગતિમાં પરિભ્રમણ કરવું એ આત્માનો મૂલ સ્વભાવ નથી એમ છતાં અનાદિકાલીન કર્મસત્તાના કારણે સંસારમાં પરિભ્રમણ કરતાં અનંત પુદ્ગલ પરાવર્તન જેટલો કાળ આત્માએ પસાર કર્યો છે. હજુ પણ જ્યાં સુધી આત્માને આત્મસ્વરૂપનું ભાન નહિ થાય ત્યાં સુધી એ પરિભ્રમણ સતત ચાલુ રહેવાનું છે. કર્મના કારણે કોઈ પણ ગતિમાં જન્મ લેવો પડે છે.

જન્મ લીધા બાદ શરીર અવશ્ય તૈયાર થાય છે. શરીરની પાછળ તે જાતિને યોગ્ય ઇન્દ્રિયો પ્રાપ્ત થાય છે, અને ઇન્દ્રિયો પ્રાપ્ત થયા બાદ તેને અનુકૂળ વિષયોની પ્રાપ્તિમાં સુખની કલ્પના તેમજ પ્રતિકૂળ વિષયોની પ્રાપ્તિમાં દુઃખની કલ્પના ખડી થાય છે. સુખની કલ્પના આત્મામાં રાગ ભાવ પ્રગટ કરાવે છે. દુઃખની કલ્પના આત્મામાં દ્વેષ ભાવ પ્રગટ કરાવે છે, અને એ રાગ દ્વેષ દ્વારા પુનઃ નવાં કર્મ બંધાતા જાય છે. બીજમાંથી ફળ અને ફળમાંથી બીજની માફક અથવા ઇંડામાંથી કુકડી અને કુકડીમાંથી ઈંડાંની માફક રાગ-દ્વેષ રૂપી ભાવકર્મથી દ્રવ્યકર્મ, અને દ્રવ્યકર્મથી ભાવકર્મ. આ પ્રમાણે કર્મપ્રવાહને કારણે જન્મ, જરા, મરણ, આધિ-વ્યાધિ, રોગ, શોક, સંતાપ વગેરે દુઃખોથી ભરપૂર સંસારમાં પરિભ્રમણ પણ કાયમ અવસ્થિત રહે છે.'

## માનવ જીવનને સફળ બનાવવા માટે શું કરવું જોઇએ?

મહાનુભાવ ! ઇન્દ્રિયના વિષયોની અનુકૂલતા પ્રતિકૂલતામાં સુખ-દુઃખની કલ્પના કરવી એ ભયંકર અજ્ઞાન ભાવ છે. ખરું સુખ આત્માના ગુણોની અનુકુળતામાં જ છે. આત્મામાં પોતાના જ્ઞાન-દર્શન ચારિત્ર ગુણોના કારણે જે અનંત સુખ ભર્યું છે, તે અખિલવિશ્વના સમગ્ર ભૌતિક સુખને એકઠું કરવામાં આવે તો પણ આત્મિક સુખના એક અંશની તુલનામાં તે સુખ આવી શકે તેમ નથી. ભૌતિક સુખ જીવનમાં ગમે તેટલું પ્રાપ્ત થાય છતાં તે સુખ ક્ષણ વિનાશી છે. જ્યારે આત્મિક સુખ અવિનાશી છે. ભૌતિક સુખની

પરાધીનતા આત્માનું અધઃપતન કરનાર છે. જ્યારે આત્મિક સુખની સ્વાધીનતા આત્માનો ઉત્કર્ષ સાધનાર છે. આમ છતા અજ્ઞાન વડે અંધ બનેલા આત્માએ આજ સુધીના અનંતકાળ દરમ્યાન એ ભૌતિક સુખ માટે જ પુરુષાર્થ કરેલ છે અને પોતાના જીવનને નિષ્ફળ બનાવ્યું છે. માનવ–જીવન–આર્યક્ષેત્ર–પંચેન્દ્રિયની પૂર્ણતા વગેરે અનુકૂળ સાધનોની સફળતા ભૌતિક સુખની પ્રાપ્તિમાં નથી. મનુષ્યત્વ વગેરે સાધનોની સફળતા માર્ગાનુસારિતા પૂર્વક–દાન, શીલ, તપ અને ભાવ વગેરે ચારે ય પ્રકારના ધર્મનું સુંદર આરાધન કરી સમ્યગ્દર્શન વગેરે સદ્દગુણોને પ્રાપ્ત કરવામાં છે. અનંતનો માલિક આત્મા કર્મસત્તાના કારણે માયકાંગલો બની ગયો છે, તેનો અનંતનો પ્રભુ બનાવવા માટેનાં પુરુષાર્થમાં જ માનવ જીવન વગેરે સામગ્રી ધન્ય બને છે.

મુનિરાજ અને ભાવિકાળના ભગવાન મહાવીર પણ વર્તમાનના નયસાર બન્ને ઉત્તમ આત્માઓ માર્ગે ચાલ્યા જાય છે. નયસાર મુનિરાજને દ્રવ્ય માર્ગ બતાવે છે. જ્યારે મુનિરાજ નયસારને ભાવમાર્ગ, મોક્ષમાર્ગ સમજાવે છે, મુનિરાજના મુખમાંથી ધર્મોપદેશની અમૃતધારા અસ્ખલિત ચાલી રહેલ છે. નયસાર પણ આજ સુધીના જીવનમાં કોઇ વાર નહિ પીધેલા એ ધર્માંમૃતના ઘુંટડા પ્રેમપૂર્વક અંતકરણમાં ગટગટાવી રહ્યા છે. નયસારના આત્મામાં સમ્યગ્દર્શનાદિ સદ્દગુણો યાંવત્ તીર્થંકર પદ અને અસંખ્ય આત્માઓના તારણહાર થવાની યોગ્યતા તો ભરેલી પડી હતી, ફક્ત

વચ્ચે આછો પાતળો મોહના આવરણનો પડદો હોવાના કારણે એ યોગ્યતા તિરોભાવે હતી, પરંતુ તપસ્વી અને શાન્ત પ્રશાન્ત મુનિવરના મંગલ વચનામૃતો ગામમુખી નયસારના કર્ણવિવર દ્વારા જ્યાં આત્મસ્પર્શી બન્યાં એટલે તુરત સૂર્યનાં કિરણો દ્વારા અંધકારનો નાશ થાય અને બીડાયેલ કમળ પુષ્પ જેમ વિકસ્વર બની જાય તેમ નયસારના આત્મા ઉપર વર્તતું મોહનું આવરણ વિલીન થયું, અને કેવલજ્ઞાનના અંશ સમા સમ્યગ્દર્શનનું દિવ્ય તેજ પ્રગટ થયું. ગામમુખી નયસારનું આત્મકમળ વિકસ્વર બની ગયું અને મહાનુભાવ નયસાર માટે ભાવિ કાળે ભગવાન મહાવીર બનવાનો પુન્ય સમય પ્રારંભાયો.



# [ ૨ ]

## મહાનુભાવ મરિચિ યાને ભગવાન મહાવીરપ્રભુનો ત્રીજો ભવ

ગામમુખી નયસારના ભવે અટવીના વિકટપ્રદેશમાં ઉત્તમ મુનિવરોનો સુયોગ ભગવાન શ્રી મહાવીરપ્રભુના આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું નિમિત્ત બનવા ઉપરાંત તીર્થંકર મહાવીર બનવામાં મંગલાચરણરૂપ થયો. નયસારનું શેષજીવન આદર્શગૃહસ્થરૂપે સંપૂર્ણ થયું. આયુષ્ય પૂર્ણ થતાં નયસારનો આત્મા પુન્યપ્રકર્ષના યોગે સ્વર્ગલોકમાં ઉત્પન્ન થયો. સ્વર્ગીય આયુષ્ય પૂર્ણ થયા બાદ વર્તમાન અવસર્પિણીના પ્રથમ તીર્થંકર ભગવાન **શ્રી ઋષભદેવ** પ્રભુના પુત્ર ચક્રવર્તી **ભરતમહારાજાને** ત્યાં **મરિચિકુમાર** નામે એ આત્માએ અવતાર ધારણ કર્યો. ભગવાન શ્રી મહાવીરદેવના સમ્યક્ત્વ પ્રાપ્તિની અપેક્ષાએ ગણાતા સ્થૂલ સત્તાવીશ ભવો પૈકી 'મરિચિકુમારનો' ભવ એ ત્રીજો ભવ હતો. શ્રમણ ભગવાન મહાવીરપ્રભુના ભવો પૈકી અમુક ભવો ખાસ વિશિષ્ટ જીવન પ્રસંગોથી ભરપૂર છે. જ્યારે કેટલાક ભવો ખાસ વિશિષ્ટ પ્રસંગો રહિત છે, નયસારનો ભવ, મરિચિનો ભવ, વિશ્વભૂતિમુનિનો ભવ, ત્રિપૃષ્ઠ વાસુદેવનો ભવ, પ્રિયમિત્ર ચક્રવર્તીનો ભવ અને નન્દનમુનિનો ભવ, વગેરે ભવો વિવિધ

જીવન પ્રસંગોથી સંકળાએલા છે. એ પ્રત્યેક ભવોના જીવન પ્રસંગો અનેક રીતે બોધપ્રદ હોવાથી અહીં મરિચિકુમારના ભવનું જીવન આલેખવાનો પ્રયાસ કરવામાં આવે છે.

## ભગવાન શ્રી ઋષભદેવજી પાસે મરિચિકુમારની દીક્ષા

મરિચિકુમાર ભરતમહારાજાને ત્યાં પુત્ર રૂપે અવતર્યા. બાલ્યવયમાં માતપિતા તરફથી સુંદર સંસ્કારો મળવા ઉપરાંત યોગ્ય વયે સર્વ કળાઓનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. આત્મામાં સમ્યગ્દર્શનનું બીજ અને તજ્જન્યસંસ્કારોનું સ્થાન તો નયસારના ભવથી જ પ્રાપ્ત થયેલ હતું. જેના અંતરાત્મામાં એ ગુણનો પ્રકાશ અને તેને લાયક સંસ્કારોનું સ્થાન હોય તે આત્માને ધન-દોલત તેમજ બાહ્ય સુખવિષયક વિપુલ ભોગોપભોગની સામગ્રીમાં દિલનો પ્રેમ પ્રાપ્ત થતો નથી. એ ઉત્તમ મહાનુભાવોને મોક્ષ અને મોક્ષના સાધનરૂપ દેવ-ગુરુ-ધર્મ ઉપર વિશિષ્ટ અભિરુચિ હોય છે. જેને ભોગોપભોગની સામગ્રીમાં તીવ્ર આનંદ આવતો હોય તે આત્મા મિથ્યાદૃષ્ટિ છે અને જે આત્માને દેવ-ગુરુ-ધર્મ અર્થાત્ આત્મકલ્યાણની સાધન સામગ્રી પ્રમોદ પ્રગટાવનારી બને તો તે આત્મા સમ્યગ્દૃષ્ટિ છે. આ વાત શાસ્ત્રપ્રસિદ્ધ છે. મરિચિકુમારે યુવાનીના આંગણે પ્રવેશ કર્યો ત્યારે ભગવાન શ્રી ઋષભદેવજીને વિશ્વના ત્રૈકાલિક ભાવો જણાવનારૂં કેવલજ્ઞાન, કેવલદર્શન પ્રગટ થઈ ચુક્યું હતું. હજારો મુમુક્ષુ આત્માઓ એ પ્રભુની અમૃતમય ધર્મ દેશના શ્રવણ કરી સંયમના પવિત્ર પંથે પ્રયાણ કરવા તૈયાર થઈ જતા હતા. મરિચિકુમાર પણ ભરયૌવનના પ્રારં-

ભમાં એ પરમાત્માની ધર્મદેશના શ્રવણ કરવા માટે પહોંચી ગયા. આત્મામાં સંસ્કારનું બીજ તો વિદ્યમાન હતું. એમાં પ્રભુની ધર્મદેશના રૂપી નિર્મળ વારિપ્રવાહનું પોષણ મળ્યું, વૈરાગ્યના અંકુરો પ્રગટ થયા, અને ભરતમહારાજાની સંમતિ લેવા સાથે મરિચિકુમારે ભગવાન શ્રી ઋષભદેવજી પાસે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. શ્રી મરિચિકુમાર હવે મરિચિ-મુનિ બન્યા.

## ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુના સમયમાં આત્માની સરલતા

ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુના સમયનો કાળ શ્રદ્ધાબળની સુવાસથી મઘમઘતો કાળ હતો. તર્ક કિંવા દલીલોનો તે સમયે સર્વથા અભાવ હતો એમ નહિં, પણ તર્ક કે દલીલની પાછળ આપ્ત પુરુષોના વચનોને વધુ પરિપક્વ કરવાનું શ્રદ્ધા બળ જીવંત હતું. જ્યારે આજે તર્ક તેમજ દલીલોની પાછળ બહુલતાએ તેથી વિપરીત મનોદશા હોય છે. ભગવાન શ્રી ઋષભદેવજીના સમયવર્તિ જીવોને 'જડ અને સરલ' તરીકે કહેવામાં આવ્યા છે. એ કથનનો પ્રધાન આશય જડ પદમાં નથી, પણ સરલ પદમાં છે. શાસ્ત્રીય અભ્યાસ ઓછો હોય કે વધુ હોય, દલીલો કરવાની સ્ફુરણા અલ્પ પ્રમાણમાં હોય કે વધુ પ્રમાણમાં હોય, સમ્યગ્જ્ઞાનનો એ બાબતની સાથે મુખ્ય સંબંધ નથી. સમ્યગ્જ્ઞાનનો અને તે દ્વારા આત્માના ઉત્થાનનો સંબંધ સરલતા-ઋજુતાની સાથે છે.

**જીવનમાં જેટલી સરલતા તેટલી જ્ઞાનની નિર્મ-ળતા અને જ્ઞાનની જેટલી નિર્મળતા તેટલું આત્મ-**

**કલ્યાણનું પ્રમાણ વધ્યું.** જુદા જુદા અનેક શાસ્ત્રોનું ઘણા શ્રમપૂર્વક અવગાહન કર્યું હોય, છતાં અંતઃકરણમાં ઋજુતાનું સ્થાન ન હોય તો એ શાસ્ત્રોનું અવગાહન કરવા દ્વારા પ્રાપ્ત થયેલા જ્ઞાનમાં નિર્મળતા નથી હોતી, બલ્કે મલીનતા હોય છે. **જ્ઞાનનું કાર્ય આત્મકલ્યાણના પવિત્ર માર્ગ ઉપર પ્રકાશ પાથરવાનું છે.** જો એ પ્રમાણે ન હોય તો તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન ન ગણાય. ભગવાન ઋષભદેવજીના સમયવર્તિ જીવોને જે જડ અને ઋજુ વર્ણવ્યા છે, તેનો અર્થ વાસ્તવિક રીતે એ સમજાય છે કે—આજની જેમ જ્ઞાન વિજ્ઞાનનો વ્યવહારમાં ભલે વિકાસ ન હતો, પણ જેટલા પ્રમાણમાં જ્ઞાનવિજ્ઞાન હતું તેટલા પ્રમાણમાં તે બહુલતાએ નિર્મળ હતું, શ્રદ્ધાની સૌરભથી વાસિત હતું. અને સ્વ-પર કલ્યાણના પવિત્ર રાજમાર્ગ ઉપર પ્રકાશ પાથરનાર હતું. એ કારણે જ ભગવાન ઋષભદેવના શાસનમાં સકલ કર્મનો ક્ષય કરવા સાથે મોક્ષે જનારા આત્માઓની સંખ્યા શ્રી અજિતનાથથી લઈ ભગવાન મહાવીરસુધીના સર્વ તીર્થંકરોના શાંસનવર્તિ મોક્ષગામી જીવોની અપેક્ષાએ વધુ યાવત્ અસંખ્યગુણી હતી.

## મરિચિમુનિને ઉષ્ણ પરિષહનો પ્રસંગ અને નવીન વેષની કલ્પના

આવા આત્મકલ્યાણના અનુકૂલ સમયમાં મરિચિકુમારે પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી. જ્ઞાન, ધ્યાન સંયમ અને તપની આરાધનામાં એ મરિચિ મુનિવર એકતાન બની ગયા. પ્રભુની

પવિત્રનિશ્રામાં અગિયાર અંગના પારંગત થયા. એક અવસરે ગ્રીષ્મઋતુના પ્રચંડ તાપમાં એક બાજૂથી ખુલ્લા મસ્તકે સૂર્યના કિરણોનો ઉગ્ર તાપ, બીજી બાજુ સંતપ્ત બનેલ ભૂમિ ઉપર ખુલ્લા પગે ચાલવાના પ્રસંગની વધુ પડતી ગરમી વગેરે કારણે મરિચિમુનિવરનું ચિત્ત આકુલ વ્યાકુલ બન્યું. સંયમ ગ્રહણ કરતી વેળાએ કાયાની માયાને ફગાવી દેનાર મરિચિમુનિવર અનંત કાળથી આત્માની પૂંઠે પડેલી એ કાયાની માયામાં પુનઃ ફસાયા. કર્મનિર્જરા માટેનો ઉષ્ણપરિસહનો પ્રસંગ એ મુનિવરને કર્મબંધનનું કારણ બન્યો. "આવા ઉષ્ણ પરિષહના આકરા સંતાપ દીર્ઘકાળ પર્યંત મારાથી કેમ સહન થાય? ક્યાં મારી સુકોમળ કાયા અને ક્યાં આ ઉગ્ર પરિષહોને સહન કરવાપણું? આવું કષ્ટમય ચારિત્ર પાળવું એ મારાથી અશક્ય છે. એકવાર ઘર છોડી નીકળ્યા બાદ પાછા ઘેર જવું અને પુનઃ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો એ પણ મારા જેવા કુલીન આત્મા માટે યોગ્ય નથી, અને કદાચ કુલીનતાને બાજુમાં મૂકી ઘેર જાઉં તો મારા સંસારપક્ષના પિતા ભરત-મહારાજા મને સ્થાન આપે કે કેમ? તે પણ શંકાસ્પદ છે. આવી વિષમ પરિસ્થિતિમાં મારે શું કરવું?" મરિચિમુનિ આ પ્રમાણે મુંઝવણમાં મુકાયા. ઘણો વિચાર કરતાં તેમણે એક નવો માર્ગ નિશ્ચિત કર્યો. "શ્રમણનિર્ગ્રન્થો ત્રણદંડથી રહિત છે, હું તેવો નથી, માટે મને ત્રિદંડનું ચિહ્ન હો. સાધુઓ લગભગ મોહના આવરણથી રહિત હોય છે, હું તેવો નથી, માટે મને મસ્તક ઉપર છત્ર હો. સાધુઓ સદાય ખુલ્લા પગે ચાલનારા છે. મારામાં એ સહનશીલતા નથી, માટે મને

પગે પાવડી પહેરવાનું હો. સાધુઓ સ્નાનથી સર્વથા રહિત છે, મને પરિમિત જલ વડે સ્નાન હો. સાધુઓ વસ્ત્ર પાગની મૂર્છાથી રહિત છે, મંદકષાયવાળા છે, હું તેવો નથી, માટે મને ભગવું વસ્ત્ર હો" આ પ્રમાણે મરિચિએ નવીન વેષ અને નવીન માર્ગનો નિર્ણય કર્યો. તેમજ તે માર્ગને અમલી પણ બનાવ્યો, પરંતુ શ્રદ્ધામાં તો પહેલાંનો જે ઉત્તમ મુનિમાર્ગ હતો તે માર્ગને જ ટકાવી રાખ્યો. અગીયાર અંગનો અભ્યાસ અને અનુપમ દેશનાશક્તિથી જે કોઇ રાજપુત્ર વગેરે પ્રતિબોધ પામતા તે સર્વને સંયમ ગ્રહણ કરવા માટે પ્રભુ પાસેજ મોકલવાનું ચાલુ રાખ્યું.

## મરિચિ આચારથી પતિત થયા, પણ શ્રદ્ધાથી પતિત થયા નથી.

મરિચિના દીક્ષા ગ્રહણ કર્યા બાદ અમુક વર્ષો પછી બનેલા આ પ્રસંગે ઘણું ઘણું વિચારવા યોગ્ય છે. આપણે વધારે વિસ્તારથી નહીં, પણ ટૂંકમાં આ પ્રસંગ બાબત થોડો વિચાર કરીએ તો તે અવસરોચિત છે. નયસારના ભવમાં પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શન મરિચિના ભવમાં હતું કે કેમ? અને હતું તો સંયમ ગ્રહણ કર્યા બાદ મરિચિ જેવા મુનિવરના આત્મામાં આવા કાયર અધ્યવસાયો કેમ પ્રગટ થયા? આ પ્રથમ પ્રશ્ન છે. એના સમાધાનમાં નયસારના ભવમાં પ્રગટ થયેલ સમ્યક્ત્વ ત્યાર પછીના દેવલોકના ભવમાં અને યાવત્ મરિચિના ભવમાં દીક્ષાગ્રહણ કર્યા બાદ નવીન વેષની કલ્પના પર્યંત અવિચ્છિન્નપણે ટક્યું હોય તો તે સંભવિત

છે. કારણ કે ક્ષયોપશમ સમ્યક્ત્વનો વધુમાં વધુ છાસઠ સાગરોપમ સુધીનો શાસ્ત્રમાં જણાવેલ કાળ, ભરત મહારાજને ત્યાં જન્મ પ્રાપ્ત થયા છતાં ભોગોપભોગની વિપુલ સામગ્રીનો પરિત્યાગ કરીને ચારિત્રગ્રહણ કરવાનો અનુપમ પ્રસંગ, ચારિત્ર ગ્રહણ કર્યા બાદ જ્ઞાનધ્યાનસંયમ અને તપની આરાધનામાં ઉજમાળપણું, આ બધાય પ્રસંગો એ મહાનુભાવ મરિચિના આત્મમંદિરમાં સમ્યગ્દર્શનનો દિવ્ય પ્રકાશ હોવા માટેના પ્રબલ પુરાવાઓ છે. ઉષ્ણ પરિષહના પ્રસંગમાં સંયમની આચરણા પરત્વે મરિચિના દિલમાં શૈથિલ્ય આવ્યું છે, પણ સંયમની શ્રદ્ધામાં તો તે પ્રસંગ પર્યંત જરાય નબળાઈ નથી આવી. ચારિત્રમોહના ઉદયથી આચરણમાં શિથિલતા આવે એ સંભવિત છે, પરંતુ આત્મામાં સમ્યગ્દર્શન વિદ્યમાન હોય તો પરિણામમાં અર્થાત્ શ્રદ્ધામાં શિથિલતા આવવાનો સંભવ નથી. ચારિત્રમોહોદયના કારણે મરિચિમુનિ સંયમોચિત આચારમાંથી ભ્રષ્ટ થયા છે, પરંતુ અંતરમાં એક વાત હજુ સુધી તો નિર્ણયરૂપે બેઠી છે કે—'મારી નબળાઈ કિંવા કાયરતાના કારણે હું એ સંયમમાર્ગને યથાર્થ નથી પાળી શકતો—એ મારો પોતાનો દોષ છે, પણ મોક્ષપ્રાપ્તિ માટે પવિત્ર સંયમમાર્ગની આરાધના—એજ અનન્ય ઉપાય છે.' આ મંતવ્યમાં કિંવા શ્રદ્ધામાં આપણા મરિચિ હજુ બરાબર સ્થિર છે. અને એ કારણે જ દેશના દ્વારા જે કોઇ રાજકુમાર વગેરે પ્રતિબોધ પામે છે તેને પોતાનો શિષ્ય ન બનાવતાં પ્રભુ પાસે અથવા પ્રભુના સાધુઓ પાસે મોકલે છે. આ મનનીય બાબત મરિચિમાં હજુ સુધી સમ્યગ્દર્શન

અસ્તિત્વ હોવાનું સાબીત કરે છે. મરિચિના આંતરપ્રદેશમાં સમ્યગ્દર્શનનો પ્રકાશ પણ અસ્ત થઈ ગયો હોત તો સંયમ-માર્ગ ઉપરથી શ્રદ્ધાનો પણ અભાવ થઈ જાત અને શ્રદ્ધાના અભાવે પ્રતિબોધ પામેલા રાજકુમાર વગેરે મુમુક્ષુ આત્મા-ઓને પ્રભુ પાસે સંયમ લેવા માટે મોકલવાનું ન બનત. વળી 'મારા જેવા કુલીન આત્માને એકવાર ઘરબારનો પરિત્યાગ કર્યા બાદ પુનઃ ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરવો એ કોઈ રીતે ઉચિત નથી.' **गृहे गमनं तु सर्वथा अनुचितं** આવા સદ્-વિચારો કસોટીના ટાણે જે પ્રગટ થયા છે તે પણ શ્રદ્ધાબલ વિદ્યમાન હોવાનો પુરાવો છે.

## શ્રદ્ધાથી-પરિણામથી પણ પતિત થનારની દુર્દશા

જે વ્યકિત આચારથી પતિત થવા સાથે શ્રદ્ધાથી પણ પતિત થાય છે. તે આત્માની પરિસ્થિતિ ઘણી વિષમ બની જાય છે. આજના પ્રચલિત શબ્દોમાં કહીએ તો 'વટલી બ્રાહ્મણી તરકડીથી ભૂંડી' એના જેવી અત્યન્ત પામર મનોદશા તે આત્માની હોય છે. શ્રદ્ધાથી પતિત થયેલાને પોતાની નબળાઇ તરફ દૃષ્ટિ નથી જતી, એને તો પરમ પવિત્ર દીક્ષા અથવા દીક્ષિત અવસ્થામાં વર્તતા શ્રમણ સંઘની સાચી-ખોટી નબળાઇઓ કિંવા ખામીઓ નજરે આવે છે. પોતાની નબળાઇને ઢાંકવાને બહાને એ શ્રદ્ધા-પતિત વ્યકિત ધર્મ અને ધર્મીવર્ગની એકધારી અવહેલના –નિંદા કરીને રાજી થાય છે, અને એ રીતે ધર્મ અને ધર્મીઓની નિંદા કરવા દ્વારા તીવ્ર દર્શનમોહનીય કર્મ

ઉપાર્જન કરી અનન્તકાળ પર્યંત એ આત્મા સંસારમાં પરિભ્રમણ કરવા સાથે દુરન્તદુઃખોને અનુભવે છે. જો કે મુમુક્ષુ આત્મા માટે આચારપતિતપણું કે શ્રદ્ધા-પરિણામથી પતિત-પણું બેમાંથી એક્કેય હિતકર નથી. એમ છતાં આચાર પતિત-આત્મા જો પરિણામથી-શ્રદ્ધાથી પતિત ન થાય તો તે આત્માને પુનઃ મૂળ આચારનો પવિત્ર માર્ગ પ્રાપ્ત થવામાં વિલંબ નથી લાગતો. પરંતુ જો આચારપતિતપણાની સાથે આત્મ પરિણામ-શ્રદ્ધાથી પણ પતિત થઈ જાય તો એ આત્માને મૂલ માર્ગ પ્રાપ્ત થવો અત્યન્ત દુષ્કર બને છે. હવે પછીના મરિચિના જીવન પ્રસંગોમાં કપિલના સમા-ગમનો પ્રસંગ અને તે અવસરે મરિચિએ ઉચ્ચારેલા **'कविला ! इत्थंपि इहयंपि'** (ત્યાં પ્રભુમાર્ગમાં પણ ધર્મ છે. અને અહીં મારા માર્ગમાં પણ ધર્મ છે.) વગેરે શબ્દો અને તેની પાછળ આત્મમંદિરમાં પ્રગટેલા વિપરીત અધ્ય-વસાયોનો પ્રસંગ મરિચિનાં જીવનમાં શુદ્ધ માર્ગની શ્રદ્ધાથી પણ પતિત થવાનો પુરાવો છે. જે બાબત આગળ આવ-વાની છે, પરંતુ કપિલનો સમાગમ થવા પહેલાં તો મરિચિ અન્યવેષમાં રહીને પણ જે જાતનું જીવન જીવી રહ્યા છે તે અંગે વિચારણા કરતાં એમ અવશ્ય માનવું પડે છે કે-આચા રમાં પરિવર્તન થયાં છતાં શ્રદ્ધામાં પરિવર્તન નથી થયું.

## પ્રભુને ભરત મહારાજાનો પ્રશ્ન

મરિચિ ભગવા વેષમાં પણ પ્રભુની સાથે જ વિચરે છે અને ત્રિકરણયોગે એ પરમાત્માની ભક્તિ ઉપાસના કરે છે.

એક અવસરે ભગવાન **શ્રી ઋષભદેવજીને** ભરત મહારાજાએ પ્રશ્ન કર્યો કે–હે **પ્રભો** ! આપની **પર્ષદામાં** ભાવી **તીર્થંકર** તરીકે થનાર કોઇ આત્મા છે ? ભગવાન શ્રી ઋષભદેવજી સર્વજ્ઞ હતા, જીવ અજીવ સર્વ દ્રવ્યોનાં ત્રૈકાલિક ભાવો જાણતા હતા. ભરત ચક્રીના પ્રશ્નસંબંધી ઉત્તરમાં ભગવાન બોલ્યા–હે ભરત ! તારો પુત્ર મરિચિ હાલમાં જે ત્રિદંડિક વેષમાં અમારી સાથે વિચરે છે, તે આ ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીશીના ચોવીશમાં **વીર** નામે તીર્થંકર થશે, એટલું જ નહિં, પણ આ ભરતક્ષેત્રમાં થનારા સર્વ વાસુદેવો પૈકી **ત્રિપૃષ્ઠ** નામના પ્રથમ વાસુદેવ થશે, ઉપરાંત મહાવિદેહ ક્ષેત્રમાં મૂકાનગરીમાં **પ્રિયમિત્ર** નામે ચક્રવર્તી તરીકે પણ તારો આ મરિચિ પુત્ર અવતાર ધારણ કરશે. ભગવાન શ્રી ઋષભદેવજીના મુખેથી પોતાના પુત્ર મરિચિને ભવિષ્યમાં પ્રાપ્ત થનાર વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકરની પદવીના લાભોની હકીકત શ્રવણ કરવાથી ભરતચક્રીને અત્યન્ત આનંદ થાય તે સ્વાભાવિક છે. એમાં પણ વાસુદેવ અને ચક્રવર્તીની પદવી કરતાં પરંપરાએ આત્માઓના કલ્યાણમાં કારણભૂત તીર્થંકરપદની પ્રાપ્તિ સંબંધી હકીકત સાંભળતાં ભરત મહારાજાના અસંખ્ય આત્મપ્રદેશમાં નિરવધિ આનંદ થયો. ભરત મહારાજા સમ્યગ્દૃષ્ટિ અને તદ્ભવમાં મુક્તિગામી આત્મા હતા. સમ્યગ્દૃષ્ટિ કોઇપણ આત્માના હૈયામાં પોતાના માટે તેમજ પોતાના પરિવાર વગેરે અન્ય કોઇ પણ જીવાત્મા માટે પૌદ્ગલિક સુખની પ્રાપ્તિમાં આનંદ ન હોય, પરંતુ સ્વપર કલ્યાણ સાધક ધર્મ સંબંધી

સાધન સામગ્રીની પ્રાપ્તિ અંગે અત્યંત આનંદ થાય એ સહજ છે, કેમકે જે પદવી સમગ્ર વિશ્વના કલ્યાણમાં અસાધારણ કારણભૂત છે—એવું તીર્થંકર પદ પોતાનાં પુત્રને પ્રાપ્ત થવાનું શ્રવણ કર્યા બાદ ભરત મહારાજાના આનંદમાં શું ખામી હોય?

## ભરત-ચક્રીનું મરિચિ પાસે ગમન અને વંદન

એ આનંદમાં ભરતમહારાજા પ્રભુને પ્રણામ કરીને ઉભા થયા, તેમજ જ્યાં મરિચિ હતા ત્યાં પહોંચ્યા. મરિચિને ત્રણ પ્રદક્ષિણા આપી વંદન કર્યું અને સાથે જ સ્પષ્ટતા કરી કે—હું તમારા આ નવા ત્રિદંડિક વેષની અપેક્ષાએ તમોને વંદન કરતો નથી, પણ ભાવિકાલે આ ભરતક્ષેત્રમાં થનારા ચોવીશ તીર્થંકરો પૈકી વીરનામના ચોવીશમાં તીર્થંકર થવાની યોગ્યતા તમારા આત્મામાં છે—એ વાત સર્વજ્ઞ ભગવાન શ્રી ઋષભદેવજી પાસેથી જાણીને તમોને ભાવિ તીર્થંકર તરીકે વંદન કરું છું અને તમારા આત્માની વારંવાર અનુમોદના કરું છું. પ્રભુના કથન પ્રમાણે તમોને ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં ત્રણ ખંડનું ઐશ્વર્ય અને પ્રિયમિત્ર ચક્રવર્તીના ભવમાં ચૌદરત્ન નવનિધાન સાથે છ ખંડના ઐશ્વર્યની પ્રાપ્તિ થવાની છે, પરંતુ તે અંગે મારૂં અનુમોદન કે અભિનંદન નથી. જે ભાવ તીર્થના અવલંબનથી હજારો લાખો યાવત્ ગણનાતીત આત્માઓ ભવસાગરનો પાર પ્રાપ્ત કરી શકે છે, તે તીર્થના પ્રવર્તક—તીર્થંકર તમો ભવિષ્યમાં થનારા છો—માટે તમોને મારું વારંવાર વંદન છે.

## સમ્યગ્દર્શન સંપન્ન આત્માની મનોભાવના

ભરતમહારાજા સમ્યગ્દૃષ્ટિ આત્મા હતા. **'सम्यग्दर्शन-पूतात्मा रमते न भवोदधौ'** એ આપ્ત વાક્ય પ્રમાણે સમ્યગ્દર્શન સંપન્ન આત્માએ સંસારમાં રહે ખરા; પણ રમે નહીં. રહેવું અને રમવું—એમાં આભ–ધરતી જેટલું અંતર છે. આ કારણે સંસાર તેમ જ સાંસારિક સુખના ગમે તેટલા વિપુલ સાધનો પ્રાપ્ત થાય, છતાં એમાં એ ઉત્તમ આત્માને રમ-ણતા ન હોય. એ ધન્ય આત્માઓને તો મુક્તિ અને તેનાં સાધનોની પ્રાપ્તિમાં જ આનંદ હોય, એટલું જ નહિં, પણ જે લિંગ, વેષ અથવા આચારોમાં મુક્તિનું સાધન ન હોય તેને પણ એ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ વંદન પ્રણામાદિ ન કરે. વંદન પ્રણામાદિ ન કરવામાં વ્યક્તિ તરફ વિરોધ નથી, પણ તેનો વિપરીત વેષ તેમજ વિપરીત આચારો તરફ વિરોધ છે **'જે જેમ છે તેમાં તે પ્રમાણે માન્યતા કિંવા સદ્-ભાવ તેનું નામ 'સમ્યગ્દર્શન,' તેથી વિપરીત મન્તવ્ય તેનું નામ 'મિથ્યાદર્શન'** સમ્યગ્દર્શન–મિથ્યાદર્શનની આ સંક્ષિપ્ત પણ યથાર્થ વ્યાખ્યા છે. આ વ્યાખ્યાના ભાવ પ્રમાણે મરિચિનો ત્રિદંડિક વેષ વગેરે કે જે વ્યવહાર દૃષ્ટિએ મોક્ષનું સાધન નથી તેના તરફ ભરત-મહારાજાનો કેમ સદ્ભાવ હોઈ શકે? બજારમાં કોઈ પણ ચીજ વસ્તુ ખરીદવા માટે જનાર પરીક્ષક મનુષ્ય બનાવટી વસ્તુને સ્વીકારવા જેમ તૈયાર નથી હોતો, એ પ્રમાણે આત્મકલ્યાણનો અભિલાષી આત્મકલ્યાણથી વિપરીત સાધ-નોને સ્વીકારવા કેમ તૈયાર થાય ?

## જૈન દર્શનની વિશાળતા સાથે વ્યવહારમર્યાદા

જૈન દર્શન એ સંકુચિત દર્શન નથી, એ દર્શનની ઉદારતા અવર્ણનીય છે. જૈન દર્શનમાં સ્વલિંગમા, અન્ય-લિંગમાં, તેમ જ ગૃહિલિંગમાં પણ મુક્તિ સ્વીકારવામાં આવેલ છે. શરીરનો આકાર સ્ત્રીનો હોય, (કૃત્રિમ) નપુંસકનો હોય, કિંવા પુરુષનો હોય, પણ શરીરના આકારમાં મુક્તિનો પ્રતિબંધ જૈન દર્શનમાં અમાન્ય છે, એમ છતાં વ્યવહારમાર્ગની વ્યવસ્થા તેમજ બાલવર્ગને માટે આત્મકલ્યાણના મંગલ પ્રસંગોનું લક્ષ્ય રાખી બાહ્ય કે અંતરદૃષ્ટિએ જ્યાં જ્યાં મોક્ષના વિશુદ્ધમાર્ગથી વિપર્યાસ જાણવામાં આવે. ત્યાં ત્યાં મન, વાણી. કાયાથી દૂર રહેવાની શાસ્ત્રકાર ભગવંતોની એટલી જ જોરદાર ભલામણ છે. આ બાબત ધ્યાનમા રાખીને જ 'હું તમારા ત્રિદંડિક વેષને વંદન નથી કરતો, પણ તમો ભાવિકાલે ચોવીશમાં તીર્થંકર થનારા છો—એ કારણે વંદન કરૂં છું"—એમ ભરત મહારાજાએ મરિચિ પાસે સ્પષ્ટતા કરેલ છે.

[૩]

## મહાનુભાવ મરિચિ યાને ભગવાન મહાવીરપ્રભુનો ત્રીજો ભવ (ચાલુ)

આ પ્રમાણે વંદન કર્યા પછી વંદનના હેતુની સ્પષ્ટતા કરીને મરિચિને પ્રાપ્ત થનાર તીર્થંકર પદની વારંવાર અનુમોદના કરતાં ભરત મહારાજા પોતાના સ્થાને ગયા.

### મરિચિએ કરેલો કુલમદ

ભરતમહારાજા પાસેથી મરિચિએ પોતાના ભાવિકાળે પ્રાપ્ત થનારા ઉત્તમ લાભોની હકીકત શ્રવણ કર્યા બાદ ત્રિદંડિક મરિચિના મનોમંદિરમાં અહંભાવનું તોફાન શરૂ થયું. 'હું વાસુદેવ થવાનો, હું ચક્રવર્તી થવાનો અને હું તીર્થંકર પણ થવાનો. ખરેખર! મારા જેવો બીજો મહાન આત્મા આ જગતમાં કોણ છે? તીર્થંકરમાં પહેલો નંબર મારા દાદાનો, ચક્રવર્તીઓમાં પ્રથમ નંબર મારા પિતાનો અને વાસુદેવમાં પ્રથમ નંબર મારો. અહો! મારું કુલ કેટલું ઉત્તમ છે!'

**आद्योऽहं वासुदेवानां पिता मे चक्रवर्त्तिनाम् ।**
**पितामहो जिनेन्द्राणां ममाहो! उत्तमं कुलम् ॥**

આવા અહંભાવના વાક્યો મરિચિ વારંવાર બોલવા લાગ્યા. એટલું જ નહિં, પરંતુ એ અહંભાવભર્યાં વાક્યો

પુનઃ પુનઃ ઉચ્ચારવા સાથે ઉંચા થઇ વારંવાર નાચવા કૂદવાનું શરૂ કરી દીધું. હૈયામાં પોતાની મહત્તા માટે એક સરખી અહંભાવભરી વિચારધારા, તેને લાયક વચનોનું વારંવાર ઉચ્ચારણ અને કાયાની નાચવા–કૂદવાની પ્રવૃત્તિ, આમ મન, વાણી અને કયાના વ્યાપારો એક સાથે કુલના અભિમાનની ટોચે પહોંચ્યા.

## વર્તમાનકાળે અહંભાવનું પ્રાબલ્ય

જીવનમાં કોઇ પણ પ્રશસ્તભાવની પ્રાપ્તિ થવાનો યોગ બને ત્યારે ઉત્તમ આત્માઓ આમ્રફળોથી લચી પડેલા આમ્રવૃક્ષની માફક વિનમ્ર બને, પણ અભિમાનને અંતરમાં સ્થાન ન આપે. વળી એવા ઉત્તમ આત્માઓ અતિ અલ્પસંખ્યામાં હોય છે. આજની પરિસ્થિતિ તરફ દૃષ્ટિ કરવામાં આવે તો નહિં જેવા વિશિષ્ટ ભાવોની પ્રાપ્તિ પાછળ અહંભાવ પરાકાષ્ઠાએ પહોંચી ગયેલો જોવાય છે. પુન્યયોગે સંપત્તિનો સુયોગ થયા પછી જીવનમાં નિરભિમાનપણું, સાદાઇ અને વિનમ્રભાવને ધારણ કરનારા કેટલા ? અને માથું ઊંચું રાખી અક્કડ બનીને રહેનારા કેટલા ? તે તે વિષયનો અભ્યાસ કર્યા પછી કોઈ વિષયપરત્વે વધુ બુદ્ધિમત્તા પ્રાપ્ત થયા બાદ અન્ય વિદ્વાનો તરફ અને તેમની વિચારધારાઓ તરફ સદ્ભાવ અને સમન્વયદૃષ્ટિ રાખનારની સંખ્યા કેટલી ? તેમજ એકાદ વિષયમાં ડીગ્રી મળ્યા બાદ પ્રભુતામાં–મોટાઇમાં મસ્ત બનીને 'હું કહું તે જ બરાબર છે'–એ પ્રમાણે પોતાની બુદ્ધિના અહંભાવનું પ્રદર્શન કરાવનારા કેટલા ? કોઇ સંઘ–સંસ્થા કે



\- ભવ ૩ -

પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાને ભાખેલું ભવિષ્ય, ભરત મહારાજાએ જ્યારે મરિચીને કહ્યું ત્યારે મરિચી ગર્વમાં આવીને ઉન્માદ નૃત્ય કરે છે. -પૃષ્ઠ ૩૪ જૂઓ

સોસાયટીના પ્રમુખ, સેક્રેટરી અથવા મંત્રીનો માનદ્ અધિકાર મળ્યા બાદ નિષ્કામભાવે તન-મન-ધનથી સેવાનો ભોગ આપનારની સંખ્યા કેટલી? જ્યારે પ્રાપ્ત થયેલા એ અધિકારની પાછળ અભિમાનને ધારણ કરી અધિકારનો દુરૂપયોગ કરનારા કેટલા? આ બાબત આજે વિચારક અને વિવેકી વર્ગથી અજ્ઞાત નથી.

## અહંભાવથી થતું નુકસાન

'કોઇ પણ અધિકાર અથવા ઉત્તમ લાભ પ્રાપ્ત થવો જેટલો દુર્લભ છે, તેનાથી તે અધિકાર વગેરેને પચાવવો અત્યન્ત દુર્લભ છે.' આજના આપણા જીવનમાં વાતવાતમાં અહંભાવ કેટલો વ્યાપક બન્યો છે? અને એ કારણે રાષ્ટ્રમાં, સમાજમાં ધર્મસંઘમાં કે ઘરઘરમાં કેટલું સંઘર્ષણ પ્રગટ થયું છે? એ આપણી નજર સામે છે. વાચક શિરોમણિ ભગવાન ઉમાસ્વાતિ મહારાજે પ્રશમરતિગ્રન્થમાં કહ્યું છે કે-

**श्रुत-शील-विनयसन्दूषणस्य धर्मार्थ-कामविघ्नस्य ।**
**मानस्य कोऽवकाशं, मुहूर्त्तमपि पंडितो दद्यात् ॥**

"શ્રુતજ્ઞાન-શીલ અને વિનયાદિ સદ્ગુણોને જે અત્યંત દૂષિત કરનાર છે; ધર્મ-અર્થ અને કામ પુરુષાર્થ માટે જે મહાવિઘ્ન રૂપ છે એવા અભિમાનને કયો સુજ્ઞ મનુષ્ય એક મુહૂર્ત=બે ઘડી જેટલો સમય પણ પોતાના મનોમંદિરમાં સ્થાન આપે ?' મરિચિના ચિત્તમાં પોતાને થનારા ઉત્તમ

લાભો પરત્વે કુલમદ વધુ પ્રમાણમાં શરૂ થયો. શાસ્ત્રોનું એ કથન છે કે 'જે વ્યક્તિ પોતાને પ્રાપ્ત થનાર અથવા થયેલા કોઈપણ પ્રકારનાં ઉત્તમભાવો અંગે મદમાં આવે તો તે આત્માને ભાવિકાળે તે શક્તિ સંબંધી હલકું સ્થાન પ્રાપ્ત થાય છે.' મરિચિએ વધુ પ્રમાણમાં કુલનો મદ કરવાથી ઉગ્રભાવે નીચગોત્ર કર્મનો બંધ કર્યો, જેના પરિણામે મરિચિનાં ભવ પછી ભગવાન મહાવીરના આત્માને જ્યારે જ્યારે મનુષ્યપણું મળ્યું ત્યારે ત્યારે અમુક ભવો પર્યંત યાચકવૃત્તિના કારણે જેની ગણતરી ઉચ્ચ કુળમાં નથી તેવું બ્રાહ્મણનું કુળ પ્રાપ્ત થયું, યાવત યત્કિંચિત્ અવશિષ્ટ રહેલા એ કર્મનાં કારણે સત્તાવીસમાં મહાવીરના ભવમાં પ્રથમ દેવાનન્દા બ્રાહ્મણીની કુક્ષિમાં અવતરવા સાથે બ્યાશી દિવસ સુધી ત્યાં રહેવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

## ઉચ્ચ અને નીચગોત્ર અંગે શાસ્ત્રીય વિચાર

ઉચ્ચગોત્ર અને નીચ ગોત્રના વિભાગો આજના નથી, પણ અનાદિના છે, શુભાશુભ કર્મના વિભાગમાં એ બન્ને કર્મોનું સ્થાન, એ બન્ને કર્મનાં બન્ધહેતુ પણ તત્ત્વાર્થ વગેરે સૂત્ર ગ્રન્થોમાં સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવ્યા છે. જેનું જીવન ઉદાર વૃત્તિવાળું અને કોઈપણ વ્યક્તિના વાસ્તવિક ગુણની અનુમોદનામાં પરાયણ છે તે આત્મા ઉચ્ચગોત્રનો બંધ કરે છે. જ્યારે જેના જીવનમાં ક્ષુદ્રતા છે, આપબડાઈ કરવા સાથે બીજાનાં દૂષણો જોવાની હલકી વૃતિ છે, તે આત્માઓ નીચગોત્રનો બંધ કરે છે, જ્યાં જન્મ

થાય ત્યાં સુંદર સંસ્કારોના વાતાવરણની પ્રાપ્તિ થાય એ ઉચ્ચગોત્રનું ફળ છે, અને જ્યાં જન્મ થાય ત્યાં સુંદર સંસ્કારોનાં સ્થાને હિંસા, અસત્ય, ચોરી, અનીતિ તેમ જ યાચકવૃત્તિ વગેરે વિપરીત સંસ્કારોનું વાતાવરણ પ્રાપ્ત થાય તે નીચગોત્રનું ફળ છે. **નીચગોત્રનાં ફળ સ્વરૂપે શૂદ્રકુળોમાં જેનો જન્મ થયો હોય તેવા માનવ સમુદાય તરફ અનાદર, ઉપેક્ષા વૃત્તિ કે તિરસ્કાર કરવો એ જેમ યોગ્ય નથી તેજ પ્રમાણે પોતાની ભૂતકાળની વિપરીત પ્રવૃત્તિજન્ય કર્મદોષના કારણે તે વર્ગને જે શિક્ષા મળી છે અર્થાત્ ધર્મક્ષેત્ર તથા સમાજ ક્ષેત્રની અમુક વ્યવહાર મર્યાદામાં અનધિકાર પ્રાપ્ત થયો છે તેમાં છુટછાટ કરવી તે પણ યોગ્ય નથી.** વ્યાપારી બજારોમાં દેવાળું કાઢનાર હવે પછી પોતાના નામે વ્યાપાર કરવાનો અધિકાર જેમ ગુમાવે છે તે જ પ્રમાણે ધર્મ તેમ જ સમાજની નીતિ-રીતિ સંબંધી મર્યાદાઓનો ભંગ કરનાર માનવ ધાર્મિક તેમજ સામાજિક અધિકારોને પોતાની વિપરીત પ્રવૃત્તિના કારણે ગુમાવે છે. આવા સંજોગોમાં અસ્પૃશ્યતા નિવારણ, હરિજન પ્રવેશ વગેરે પ્રવૃત્તિ કેટલી વ્યાજબી તેમજ લાભ-હાનિવાળી છે, એ બાબત ઘણી વિચારણીય છે.

## જીવનમાં પ્રકાશ અને અંધકારનું દ્વન્દ્વ

ભગવાન શ્રી ઋષભદેવજીની હયાતી દરમ્યાન મરિચિ પ્રભુની સાથે જ ગ્રામાનુગ્રામ વિચરતા હતા. પ્રભુના નિર્વાણ

પછી પણ પ્રભુના સાધુઓ સાથે જ વિહાર કરવાની પ્રવૃત્તિ મરિચિએ ચાલુ રાખી હતી. એટલું જ નહિં, પરંતુ પોતાની ધર્મદેશનાની શક્તિથી જે કોઈ રાજકુમારો વગેરે પ્રતિબોધ પામતા તે સર્વને પ્રથમની માફક પ્રભુના સાધુઓ પાસે મોકલી તેમના શિષ્યો બનાવવા સાથે શુદ્ધ સંયમ માર્ગની આરાધના માટે પ્રેરણા કરતા હતા.

આત્માની અમુક અવસ્થા એવી હોય છે કે—જે અવસ્થામાં આત્મામાં કેવળ અંધકાર ભર્યો હોય છે, પ્રકાશનું એકાદ કિરણ પણ પ્રગટ થયેલ નથી હોતું. અમુક અવસ્થા આત્માની એવી હોય છે કે જે અવસ્થામાં આત્મા સંપૂર્ણ પ્રકાશથી ભરપૂર હોય છે, અંધકારનું નામનિશાન નથી હોતું જ્યારે અમુક અવસ્થા એવી પણ હોય છે કે—જે અવસ્થામાં અંધકાર અને પ્રકાશ ઉભયનું સ્થાન હોય છે. મરિચિના જીવનની પણ પ્રકાશ અને અંધકારના દ્વન્દ્વ ભરી એવી જ પરિસ્થિતિ છે ભરતચક્રવર્તીને ત્યાં જન્મ થવા છતાં પ્રભુની ધર્મદેશના શ્રવણ કર્યા પછી આત્મા વૈરાગ્ય રંગથી રંગાઇ જવો અને ભોગોપભોગની વિપુલ સામગ્રીનો પરિત્યાગ કરી સંયમનો સ્વીકાર કરવો એ અવસ્થા આત્માના પ્રકાશની છે. એના એ જ મરિચિને ગ્રીષ્મ ઋતુમાં ઉષ્ણ પરિષહનો પ્રસંગ પ્રાપ્ત થતા ગ્રહણ કરેલા સંયમમાં શૈથિલ્ય પ્રાપ્ત થવું અને ત્રિદંડિક વેષની કલ્પના કરવી એ અવસ્થા આત્માના અંધકારની છે. સંયમમાર્ગમાં પોતાની શિથિલતા છતાં

શુદ્ધ સંયમમાર્ગની શ્રદ્ધાને કારણે પ્રતિબોધ પામનાર ક્ષત્રિય કુમારોને પ્રભુ તેમજ પ્રભુના સાધુઓ પાસે નિર્મળ ચારિત્રની આરાધના માટે મોકલવાની પ્રવૃત્તિએ મરિચિના આત્મ મંદિરમાં વર્તતા પ્રકાશનું પ્રતીક છે. જ્યારે ભરત મહારાજ પાસેથી પોતાને ભાવિકાલે પ્રાપ્ત થનાર તીર્થંકર ચક્રવર્તી તેમજ વાસુદેવની ઉતમ પદવીની હકીકત શ્રવણ કરતાં કુલનો મદ કરવો એ મરિચિને માટે અંધકારનું ચિહ્ન છે. મરિચિ માટે જ આમ બન્યું છે. એમ નથી, પરંતુ કોઈપણ આત્મા અનાદિકાલના અંધકારમાંથી જ્યારે પ્રાથમિક પ્રકાશમાં આવે છે અર્થાત્ અનાદિ મિથ્યા દૃષ્ટિ આત્મા પહેલીવાર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે, ત્યાર બાદ જ્યાં સુધી ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ ન કરે ત્યાં સુધી તે વ્યકિતના આત્મમંદિરમાં અંધકાર અને પ્રકાશ ઉભયનું સ્થાન હોય છે. કોઇવાર પ્રકાશનું જોર હોય, તો કોઇવાર અંધકારનું જોર હોય છે. એમ અંધકાર અને પ્રકાશનું દ્વન્દ્વ ચાલ્યા જ કરે છે આત્મામાં અપ્રમત્તદશા જ્યાં સુધી પ્રાપ્ત ન થઇ હોય ત્યાં સુધી તે નિમિત્તવાસી છે. અનુકૂલ વાતાવરણ અર્થાત્ દેવ-ગુરુ-ધર્મની આરાધના-સત્સંગ વિદ્યમાન હોય તો આત્મામાં પ્રકાશના પૂંજનું સ્થાન હોય છે. પ્રતિકૂલ વાતાવરણ હોય તો અંધકારનું સ્થાન પ્રગટ થાય છે. વીતરાગ સ્તોત્રમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ ભગવંતે એજ ભાવભર્યા અક્ષરો ઉચ્ચાર્યાં છે કે—

**क्षणं सक्तः क्षणं मुक्तः क्षणं क्रुद्धः क्षणं क्षमी ।**
**मोहाद्यैः क्रीडयेवाहं. कारितः कपिचापलम् ॥**

(ભાવાર્થ :– હે ભગવન્! ક્ષણવારમાં સંસારમાં મન ખુંચેલું રહે છે, ક્ષણવારમાં સંસારના પ્રલોભનોથી મન મુક્તદશા અનુભવે છે, ક્ષણવારમાં મન ક્રોધી બની જાય છે, વળી ક્ષણવારમાં મન ક્ષમાધર્મસંપન્ન બને છે. હે ભગવન્! મોહ વગેરે અંતરંગ શત્રુઓએ મારા આત્માની કિંવા મનની મર્કટ જેવી ચપલતા કરી દીધી છે) આત્માની આવી ચપલ પરિસ્થિતિ છતાં એક વાત નિશ્ચિત છે કે જે મહાનુભાવના આત્મમંદિરમાં આત્માના જ્ઞાનપ્રકાશનું સાચું કિરણ એકવાર પણ પ્રગટ થયું હોય, વચ્ચે વચ્ચે ભલે અંધકારનાં આવરણ આવે, પરંતુ આખર તે આત્મા અર્ધપુદ્ગલ પરાવર્તમાં સંપૂર્ણ પ્રકાશમય બની મુક્તિમંદિરનો અવશ્ય અધિકારી બને છે.

## મરિચિના શરીરમાં બિમારી

એક અવસરે મરિચિના શરીરમાં અશાતાવેદનીયના કારણે બિમારી શરૂ થઈ. મરિચિ ભગવાન ઋષભદેવજીના સાધુઓ સાથે જ વિચરે છે. મરિચિને બિમારીનો પ્રસંગ પ્રાપ્ત થતાં તેના અસંયમીજીવનના કારણે મરિચિની જે રીતે સેવાચાકરી કરવી જોઈએ તે પ્રમાણે સંયમી સાધુઓ સેવાચાકરી નથી કરતા. સાધુઓ સામાન્ય સાધુઓ ન હતા. ભગવાન ઋષભદેવ પ્રભુના સાધુઓ હતા. અલ્પસંસારી–નિકટમુક્તિગામિ સાધુઓ હતા. તેવા ગુણવંત સાધુઓના

દિલમાં અનુકંપા-દયાનું સ્થાન અનુપમ હતું. મરિચિ માટે એ સાધુઓના દિલમાં ભાવદયાનું ઝરણું અસ્ખલિતપણે ચાલુ હતું, એમ છતાં વિરતિવંત-સંયમી સાધુઓ અસંયમી-અવિરતિવંત ગૃહસ્થોની માંદગીના પ્રસંગે સીધી રીતે સેવાચાકરીની પ્રવૃત્તિમાં ન જોડાય. પોતાના સંયમ ધર્મની મર્યાદા સચવાય તે પ્રમાણે ઉપદેશદ્વારા ગૃહસ્થો મારફત સેવાચાકરીની વ્યવસ્થા માટે ખ્યાલ આપે. સીધી રીતે અસંયમીની સેવા-ચાકરી કરવામાં અસંયમનું પોષણ થાય અને પરિણામે પોતાના સંયમમાં શૈથિલ્ય આવે. એ હેતુએ જ આપ્તમહર્ષિઓએ **गिहिणो वेयावडियं न कुज्जा** (સાધુઓ ગૃહસ્થની વૈયાવચ્ચ ન કરે, વગેરે નિયમો અને મર્યાદાઓનું પ્રતિપાદન કરેલું છે.) આવા પ્રસંગે સાધુઓના દિલમાં દયા કે અનુકંપાનો અભાવ છે-એવી અનુચિત કલ્પના કરવાની કશી જરૂર નથી. સાધુધર્મના આચાર-વિચારો ભિન્ન છે. શ્રાવકધર્મ (ગૃહસ્થધર્મ)ના આચાર-વિચારો ઘણા ભિન્ન છે, શ્રાવકધર્મમાં દ્રવ્યદયા-ભાવદયા-ઉભયની પ્રધાનતા છે. જ્યારે સાધુધર્મમાં ભાવદયાની પ્રધાનતા-પૂર્વક દ્રવ્યદયા છે. છએ કાયના જીવોને અર્થાત્ વિશ્વના સર્વ જીવાત્માઓને અભયદાન દેવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરનાર મુમુક્ષુ મુનિવરના મનોમંદિરમાં દયા-અનુકંપા ન હોય એ બને જ કેમ? ગૃહસ્થાશ્રમમાં જીવનની અનુકૂલતા માટે સાધુઓ કેમ જરૂરિયાતનું ધ્યાન આપતા નથી?' આવા પ્રકારના પ્રશ્નો આજે પૂછવામાં આવે છે, પરંતુ શ્રદ્ધા

સંપન્ન પુન્યવંત શ્રાવકો પોતાના સાધર્મિકબંધુઓ કે માનવબંધુઓના જીવનવ્યવહારની અનુકૂલતા માટે સદાય જાગૃત રહી પોતાની ફરજ બજાવતા હોય તો આ પ્રશ્નનો પ્રસંગ ઉપસ્થિત જ ન થાય. સાધુઓ શાસ્ત્રોકત મર્યાદાને સાચવીને ઉત્તમ શ્રાવકોને પોતાના કર્તવ્યનું ભાન કરાવે અને એ સાધુઓએ આપેલા માર્ગદર્શન પ્રમાણે શ્રાવકો સદાય કર્તવ્યપરાયણ રહે. આ પરિસ્થિતિ જો સર્જાય તો બધું જ વ્યવસ્થિત બને.

## મરિચિને માંદગી પ્રસંગે થયેલી શિષ્ય કરવાની ઇચ્છા

મરિચિ બિમાર હતા. સાધુઓ તેની વૈયાવચ્ચ (સેવા-ચાકરી) તેના અસંયમીપણાના કારણે નથી કરતા. એટલે મરિચિના દિલમાં વિચાર જાગે છે કે–'પારકા એ પારકા, પોતાના એ પોતાના' આજ સુધી આ સાધુઓની સાથેજ હું રહું છું તેમજ મારા ઉપદેશથી જે કોઈ મહાનુભાવો પ્રતિબોધ પામી સંયમ ગ્રહણ કરવા ઉજમાળ બને છે તે બધાયને તેમની પાસે દીક્ષા ગ્રહણ કરવા મોકલું છું, પણ મારી વર્તમાન બિમારીમાં આટલા વિશાળ સમુદાયમાંથી મને કોઈ ઉપયોગમાં નથી આવતા, એમાં એ સાધુપુરુષોનો દોષ નથી. તે સાધુઓ તો મારા માટે સદાય ભાવદયાની ભાવના રાખી રહ્યા છે. હું પ્રથમ ગ્રહણ કરેલા શુદ્ધ સંયમ માર્ગમાં ટકી રહ્યો હોત તો એ ગુણવંત સાધુઓ મારી વૈયાવચ્ચ કરવામાં જરાય ખામી ન રાખત. વળી હું અસં-યમી, એ સાધુમુનિવરો સંયમી, એ સંયમી ગુણવંત

આત્માઓ પાસે મારાથી વૈયાવચ્ચ કરાવાય પણ કેમ ? હવે ભવિષ્યમાં મારી પાસે આવનારા ક્ષત્રિય વગેરે કુમારો પૈકી મારો ઉપદેશ શ્રવણ કરીને મારો શિષ્ય થવાની કોઈ ઇચ્છા કરશે તો હું એને મારો શિષ્ય બનાવીશ.' મરિચિનાં દિલમાં બીમારી પ્રસંગે ઉપરનાં વિચારો પ્રગટ થયેલા હતા, પરંતુ બીમારી દૂર થઈ અને શરીર અનુક્રમે નીરોગી થયા બાદ જે કોઈ મુમુક્ષુ આત્માઓ પોતાની પાસે આવે છે તેઓ અસરકારક ઉપદેશની ધારાથી પ્રતિબોધ પામે છે, તે સર્વને પૂર્વવત્ પ્રભુના સાધુઓ પાસે સંયમ ગ્રહણ કરવા મોકલે છે, અને પોતે પણ પ્રભુના સાધુઓ સાથે વિચરે છે

## મરિચિ પાસે કપિલનું આગમન

એક અવસરે કપિલ નામે રાજકુમાર મરિચિ પાસે આવી પહોંચ્યો. મરિચિએ હંમેશના નિયમ પ્રમાણે શુદ્ધ સંયમમાર્ગનો ઉપદેશ આપ્યો, તેમજ ઉપદેશથી પ્રતિબોધ પામતાં સંયમ ગ્રહણ કરવા માટે કપિલને પ્રભુના ગુણવંત સાધુઓ પાસે જવાની પ્રેરણા કરી. મરિચિ પાસે આજ સુધીમાં સંખ્યાબંધ મુમુક્ષુ આત્માઓ આવી ગયા. તે દરેકને શુદ્ધ માર્ગની ધર્મદેશના આપી પ્રતિબોધ પમાડયા બાદ પ્રભુ તેમજ પ્રભુના સાધુઓ પાસે જઈ પવિત્ર સંયમ-ગ્રહણ કરી આત્મકલ્યાણના પુનિતપંથે પ્રયાણ કરી એ સર્વ મુમુક્ષુ આત્માઓએ મરિચિની પ્રેરણાનો અમલ કર્યો. પરંતુ છેલ્લો આવેલો કપિલ રાજકુમાર મરિચિની પ્રેરણાનો અમલ કરવા તૈયાર ન થયો. આ રાજકુમાર કપિલે તો સામેથી પ્રશ્ન કર્યો-

'મને પ્રભુના સાધુઓ પાસે શા માટે મોકલો છો ? મરિચિએ તુરત ઉત્તર આપ્યો કે–'સાધુઓ ત્રણ દંડથી રહિત છે, હું તેવો નથી. સાધુઓ મસ્તકે છત્ર તથા પગે પાવડી ધારણ કરતા નથી, હું છત્ર તથા પાવડીને ધારણ કરનાર છું" વગેરે વગેરે. આમ પોતે કલ્પેલા નવીન ધર્મનું કપિલ પાસે સ્વરૂપ રજૂ કર્યું. આ સ્વરૂપ રજૂ કર્યું ત્યાં સુધી મરિચિના અંતઃકરણમાં એક જ ભાવના હોવાનું અનુમાન કરી શકાય છે કે મારી નબળાઈનાં કારણે હું પોતે મૂળ માર્ગની આરાધના નથી કરી શકતો, પણ બીજા કોઇ આત્માને શુદ્ધ માર્ગની આરાધનાથી વંચિત રાખવામાં હું પોતે શા માટે નિમિત્ત બનું ? બીમારીનાં પ્રસંગે શિષ્ય કરવાની ભાવના થયા બાદ જો અંતરમાં આ નિર્મળ પ્રકાશનો અભાવ હોત તો તો નિરોગી થયા બાદ જે જે મુમુક્ષુઓ પોતાની પાસે આવ્યા અને પ્રતિબોધ કરીને પ્રભુના સાધુઓ પાસે મોકલ્યા તેમજ કપિલને પણ એજ શુદ્ધ સનાતન સંયમ માર્ગે જવાની ભલામણ કરી તે ભલામણ કરવાનો પ્રસંગ જ પ્રાપ્ત ન થાત. શુદ્ધ સંયમ માર્ગના આચાર–વિચારોનું તેમજ પોતાના વર્તમાન ત્રિદંડિક માર્ગના આચાર વિચારોનું કપિલ પાસે સ્પષ્ટીકરણ કરવાનો મરિચિનો આશય પણ ઘણો ઉત્તમ હતો. કપિલને પાછળથી એમ બોલવાનો સહજ પણ પ્રસંગ ન આવે કે પહેલેથી મારી પાસે શુદ્ધ–અશુદ્ધ માર્ગનું સ્પષ્ટીકરણ કેમ ન કર્યું ! મરિચિનાં અંતરમાં શુદ્ધ સંયમ માર્ગ માટે કેટલો વિશિષ્ટ શ્રદ્ધાનો સદ્ભાવ હશે ? તેનું

અનુમાન કરવા માટે આ પ્રસંગ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

## મરિચિનું સૂત્ર વિરૂદ્ધ પ્રતિપાદન

અહીં સુધી તો મરિચિના મનોમંદિરમાં શ્રદ્ધાનો દીપક સતેજ હતો, પણ કપિલની પાસે પોતાના માર્ગનું સ્પષ્ટી-કરણ થયા બાદ કપિલે પુનઃ મરિચિને પ્રશ્ન કર્યો કે-તમો કહો છો તે બધું બરાબર, પણ શું પ્રભુનાં સાધુઓનાં સંયમ માર્ગમાં જ ધર્મ છે અને તમારા ત્રિદંડિક માર્ગમાં ધર્મ નથી ? કપિલે જ્યાં આ પ્રશ્ન કર્યો ત્યાં મરિચિ મૂંઝવણમાં પડયા. શુદ્ધ ધર્મનું સ્થાન પ્રભુના સાધુઓ પાસે જ છે. પોતાના ત્રિદંડિક ધર્મમાં મોક્ષના કારણભૂત ધર્મનું સ્થાન નથી–એ વાત શ્રદ્ધામાં હોવા છતાં જો હું મારા ત્રિદંડિક માર્ગમાં ધર્મનો સર્વથા અભાવ છે–એમ જણાવીશ તો મારી કિંમત શું ? આમ અંતઃકરણમાં પ્રકટેલી માનદશાએ શ્રદ્ધાના સતેજ દીપકને બુઝાવી નાંખ્યો. એ શ્રદ્ધાનો દીપ બુઝાઈ જતાં આત્મમંદિરમાં અંધકાર પ્રવેશ્યો અને મરિચિના મુખ-માંથી શબ્દો નીકળ્યા કે–'कपिला ! इत्थंपि इहयंपि' 'કપિલ ! સાધુના માર્ગમા પણ ધર્મ છે, અને અહીં મારા માર્ગમાં પણ ધર્મ છે.'

## માનસિક કસોટી પ્રસંગે મરિચિનું શૈથિલ્ય

કોઇપણ શ્રદ્ધાસંપન્ન તેમજ ધર્મપરાયણ આત્માને કસોટીનો પ્રસંગ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તો પોતાની શ્રદ્ધા

તેમજ ધર્મપ્રવૃત્તિમાં પ્રાયઃ વિક્ષેપ થવાનો પ્રસંગ પ્રાપ્ત નથી થતો, પણ જ્યારે કસોટીનો પ્રસંગ આવે અને તેમાં પણ કાયાની કસોટીને સ્થાને માનસિક કસોટીનો અવસર આવે ત્યારે જ શ્રદ્ધાબળનો ટકાવ વ્યવસ્થિત રહેવો ઘણો મુશ્કેલ બને છે. **કાયાની કસોટીમાંથી પસાર થવું સહેલું છે, પણ માનસિક કસોટીમાંથી પસાર થવું ઘણું કઠણ છે.** 'પ્રભુના સાધુઓ પાસે જ ધર્મ છે. અને તમારી પાસે શું ધર્મ નથી?' કપિલનો આ પ્રશ્ન મરિચિ માટે આકરી માનસિક કસોટી રૂપ બન્યો. મરિચિના દિલમાં માન-હાનિનો પ્રશ્ન ખડો થયો, શ્રદ્ધાના બળ કરતાં માનહાનિના પ્રસંગનું બળ વધી ગયું. પ્રકાશના સ્થાને અંધકારે સ્થાન જમાવ્યું અને ભાવિ અનિષ્ટ પરિણામનો વિચાર ન કરતાં 'હે કપિલ! સાધુઓ પાસે ધર્મ છે, તેમ મારા માર્ગમાં પણ ધર્મ છે; એ સૂત્ર વિરૂદ્ધ વાક્યનું ઉચ્ચારણ કર્યું. જેના કારણે મરિચિએ તે અવસરે દીર્ઘસંસાર ઉપાર્જન કર્યો. રાજ-પુત્ર કપિલ બહુલકર્મા અને ધર્મ–પરાઙ્મુખ આત્મા હતો. મરિચિ પાસે કપિલે દીક્ષા ધારણ કરી. ભગવાન શ્રી ઋષભ-દેવ પ્રભુએ સ્થાપેલા શાસનમાં આ કપિલથી પ્રથમ મિથ્યા-ધર્મનો પ્રારંભ થયો. અને સાંખ્યદર્શનની ઉત્પત્તિ થઈ.

## મરિચિનું સ્વર્ગગમન

શાસ્ત્રોમાં સૂત્રવિરૂદ્ધ પ્રરૂપણાનું પાપ ઘણું ભયંકર ગણ્યું છે. આનંદઘનજી જેવા સમર્થ યોગી પુરૂષે પણ ઉચ્ચાર્યું છે કે– **'પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ**

**જિસ્યો, ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરિખો' સૂત્ર વિરૂદ્ધ પ્રવૃત્તિ કરનાર પ્રાયઃ પોતાના આત્માનું જ અહિત કરે છે પણ સૂત્ર વિરૂદ્ધ પ્રતિપાદન કરનાર પોતાનું તેમજ અનેક આત્માનું અહિત કરે છે,** સૂત્ર વિરૂદ્ધ પ્રવૃત્તિ ચારિત્ર મોહના ઉદયથી થાય છે, જ્યારે સૂત્રવિરૂદ્ધ પ્રતિપાદન દર્શનમોહ, મિથ્યાત્વમોહના ઉદયથી થાય છે. આજના વિષમકાળમાં સૂત્રવિરૂદ્ધ પ્રતિપાદન કરવાની પ્રવૃત્તિ જાણતાં અજાણતાં પણ ન થઇ જાય તે માટે મુમુક્ષુ આત્માઓએ ઘણું સાવચેત રહેવાની જરૂર છે, શુદ્ધ પ્રરૂપકપણું એ મહાન ધર્મ છે, ઉત્સૂત્ર પ્રરૂપણા એ મહાન અધર્મ છે. પોતાના જીવન દરમ્યાન લાગેલાં દૂષણોની આલોચના કર્યા સિવાય મરિચિ પોતાનું શેષ આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગલોકના અધિકારી બન્યા.

# [ ૪ ]

## મહાનુભાવ મરિચિ અને
## ત્યાર પછીના ભવોની વિચારણા
## મરિચિની હયાતીનો સમય એટલે
## આત્મકલ્યાણની વધુ અનુકૂળતાનો સમય

મરિચિના ભવમાં આયુષ્ય પૂર્ણ થયા બાદ ભગવાન મહાવીરપ્રભુનો આત્મા ચતુર્થભવે વૈમાનિક નિકાયના પંચમ **બ્રહ્મદેવલોક**માં ઉત્પન્ન થયો છે. મરિચિની હયાતિનો સમય એટલે ભગવાન ઋષભદેવ પ્રભુના નિર્વાણની આસપાસનો સમય. આજના સમયની અપેક્ષાએ એ સમય આત્માના કલ્યાણ માટે ઘણો અનુકૂળ હતો. કાળ પરત્વે એ સમયના માનવોમાં કષાયોની મંદતા હતી, અનીતિ–અસત્ય તેમ જ હિંસાનું ઘણું અલ્પપણું હતું. એ સમયનાં માનવોમાં સરળતા, ભદ્રિકતા વગેરે ગુણો સ્વાભાવિક રીતે વિદ્યમાન હતા. આવા અનુકૂળ સંયોગોમાં મરિચિનો જન્મ થયા પછી ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુ પાસે ચારિત્ર ગ્રહણ, અગિયાર અંગનો શાસ્ત્રાભ્યાસ અને પ્રભુની પવિત્રનિશ્રામાં અમુક વર્ષો પર્યંત સંયમધર્મની આરાધનાનો સુભગ યોગ તેમને પ્રાપ્ત થયો હતો ભગવાન શ્રી ઋષભદેવજીનાં નિર્વાણ બાદ અજિતનાથ ભગવંતે લગભગ પચાસ લાખ કોટી સાગરોપમ જેટલો કાળ એટલે અસંખ્ય વર્ષો પસાર થયા પછી ધર્મશાસનની સ્થાપના કરી, ત્યાં સુધી ભગવાન શ્રી ઋષભદેવજીનું

ધર્મશાસન વિદ્યમાન હતું. એ ધર્મશાસનના અવલંબનથી અસંખ્ય આત્માઓ મુકિતપદના અધિકારી બન્યા અને અસંખ્ય આત્માઓ એકાવતારી દેવ તરીકે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા.

## મરિચિ પંચમ દેવલોકમાં કેમ ઉત્પન્ન થયા ?

મરિચિ તો ખુદ ભગવાન ઋષભદેવજીના હસ્તદીક્ષિત હતાં, અને અમુક વર્ષો સુધી પ્રથમ તીર્થંકરની છત્રછાયામાં સંયમની આરાધના ચાલુ હતી. એ સંજોગોમાં એમનો આત્મા તો અવશ્ય મુકિતનો અધિકારી બનવો જોઈએ, એમ છતાં મરિચિ આયુષ્ય પૂર્ણ થયા બાદ પાંચમાં બ્રહ્મદેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા, તેનું પ્રધાન કારણ કર્મસત્તાનું પ્રાબલ્ય હતું. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ વગેરે નિમિત્ત કારણની સામગ્રી ગમે તેટલી અનુકૂળ હોય પણ ક્ષાયિકભાવ સ્વરૂપ ઉપાદાન કારણની જયાં સુધી અનુકૂળતા ન થાય ત્યાં સુધી આત્મા મુકિતનો અધિકારી બની શકતો નથી. ઉષ્ણ પરિષહના પ્રસંગે શરીરની મમતાનાં કારણે શુદ્ધ સંયમ ધર્મનો પરિત્યાગ કરી પરિવ્રાજક-ત્રિદંડિક વેષને ધારણ કરવો, તીર્થંકરપદ–ચક્રવર્તીપદ તેમ જ વાસુદેવપદની પોતાને ભાવિકાળે પ્રાપ્તિ થવાની હકીકત ભરતજી પાસેથી જાણવામાં આવતાં ત્રિકરણયોગે કુળમદ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થવો અને કપિલ પાસે મોક્ષમાર્ગ વિરૂદ્ધ નિરૂપણ કરવાની સર્વથી વધુ અનર્થકારક પરિસ્થિતિ ઉભી થવી, એ બધી ઘટનાઓ મરિચિ માટે કર્મસત્તા અને મોહની પ્રબળતા અંગે સાક્ષીભૂત હતી

## જીવનવિશુદ્ધિ માટે આલોચના-પ્રતિક્રમણાદિની અત્યન્ત જરૂરિયાત

આત્મકલ્યાણનો પવિત્ર માર્ગ પ્રાપ્ત થયા બાદ સત્તામાં રહેલા મોહરાજાની પ્રબળતાના કારણે વિષય કષાયનું પ્રતિકૂળ વાતાવરણ મળતાં એ પવિત્ર માર્ગથી ઘણીવાર સ્ખલિત થઈ જવાય છે, એમાં આશ્ચર્ય નથી. આત્મકલ્યાણનો પવિત્ર માર્ગ પ્રાપ્ત થવો જેમ અતિ દુષ્કર છે, તેનાથી અધિક દુષ્કરતા પ્રાપ્ત થયેલા એ પવિત્રમાર્ગમાં અસ્ખલિતપણે ટકી રહેવામાં છે, પરંતુ એ ઉત્તમ પરિસ્થિતિ કોઈ તદ્ભવ મુક્તિગામી અથવા એકાવતારી વગેરે નિકટ મુક્તિગામી આત્માઓને જ પ્રાપ્ત થાય છે. સિવાય ઘણાખરા આત્માઓને તો ચારિત્રજેવા ચારિત્રનો સ્વીકાર કર્યા બાદ પ્રમત્તદશાનાં યોગે આરોહ-અવરોહનો ક્રમ એકભવ નહિં, પરંતુ અનેક ભવો પર્યંત ચાલે છે, અને એ પ્રમાણે અનેક ભવો પર્યંત એ આરોહ-અવરોહનો ક્રમ ચાલ્યા બાદ એક ભવ એવો પ્રાપ્ત થાય છે કે-તે ભવમાં એ ઉત્તમ આત્માને અપ્રમત્ત ભાવના કારણે કેવળ આરોહની અનુકૂળતા પ્રાપ્ત થાય છે. અને અંતે નિર્વાણપદનો તે અધિકારી બને છે. સમ્યગ્દર્શનાદિ કોઈપણ ગુણ પ્રગટ થયા બાદ પ્રથમથી જ તે ગુણો અતિચાર વિનાના અર્થાત યત્કિંચિત પણ દૂષણ વિનાના નથી હોતા. ક્ષયોપશમ ભાવના ગુણમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચારાદિનો

સંભવ અવશ્ય રહેલો છે, બિલકુલ નિરતિચારપણું તો ક્ષાયિક ભાવે સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટ થાય ત્યારે પ્રાપ્ત થાય છે. ફક્ત વિશેષતા એટલી છે કે વ્રતાદિ ગ્રહણ કર્યા બાદ મુમુક્ષુ આત્મા ગ્રહણ કરેલાં વ્રતોમાં અતિચારાદિ ન લાગે તે માટે સદાય સાવધાન રહે, પ્રતિકુલ વાતાવરણથી દૂર રહે અને અખંડ ગુરુકુળવાસનો સ્વીકાર કરે એમ છતાં પ્રમાદના કારણે અતિચારાદિ લાગે તો તેની આલોચના કરવાનું ન ચૂકે.

## આત્મનિરીક્ષણ

પ્રભુના પવિત્ર શાસનમાં સવાર સાંજ તેમ જ પાક્ષિક-ચાતુર્માસિક અને વાર્ષિક (સંવત્સરી) પ્રતિક્રમણની જે વ્યવસ્થા છે તે પોતાના વિશુદ્ધ જીવનમાં લાગેલા અતિચારોની આલોચના કિંવા પાપાચરણના પશ્ચાત્તાપ માટે જ છે. **આલોચના કિંવા પ્રતિક્રમણ એ અનુપમ આત્મનિરીક્ષણ છે. એ આલોચના જો જાગૃતિપૂર્વક થાય તો જીવનશોધનનું એ અજબ સાધન છે.** વિશુદ્ધ જીવન વ્યવહારમાં સ્ખલના ન થવા દેવી એ સર્વોત્તમ છતાં ઘણી મુશ્કેલ બાબત છે. આત્માની નબળાઈ અને પ્રતિકૂલ વાતાવરણના કારણે સ્ખલના કદાચ થઈ જાય તો તેટલા માત્રથી નાસીપાસ થવાની જરૂર નથી. સ્ખલના થવા બાદ સ્ખલનાનું સ્ખલનારૂપે ભાન થવું, અને એ પ્રમાણે ભાન થયા બાદ થયેલી સ્ખલનાઓ માટે આલોચના પ્રતિક્રમણાદિ પ્રાયશ્ચિત્તનો ઉપયોગ કરી લેવો તેમ જ જીવન વિશુદ્ધ

બનાવવું એ પણ મુમુક્ષુ આત્મા માટે આત્મકલ્યાણનો જ માર્ગ મહાપુરુષોએ જણાવ્યો છે. જીવનમાં હંમેશાં ઉપર મુજબ આત્મનિરીક્ષણ ન થઇ શકે તો પખવાડિયે, ચાર મહિને, બાર મહિને છેવટે આયુષ્ય પૂર્ણ થવા પહેલાં તો આત્મનિરીક્ષણ સ્વરૂપ આલોચના થઇ જવી જોઇએ. ગ્રહણ કરેલાં વ્રતોમાં અતિચારાદિ લાગવા છતાં અંતઃકરણની વિશુદ્ધથી છેવટે અંતિમ સમયે પણ જો ભાગ્યવાન આત્મા આલોચના કરી લે તો તે આત્મા આરાધક ગણાય છે. અને ગ્રહણ કરેલા વ્રતોમાં લાગેલા અતિચારાદિની અથવાં વ્રતો ગ્રહણ કરવા સિવાય જીવનમાં સેવાએલા અનાચારોની આલોચના–પ્રશ્ચાત્તાપ–મિથ્યાદુષ્કૃત વગેરે પ્રાયશ્ચિત્તની પ્રવૃત્તિ જે કોઇ કરતો નથી તે આત્મા વિરાધક ગણાય છે.

## મરિચિને અંતિમ સમયે આલોચનાનો અભાવ

મરિચિ માટે પણ આવા વિરાધક ભાવનો જ પ્રસંગ પ્રાપ્ત થયો છે. પરિવ્રાજક વેષનો સ્વીકાર, કુલમદ કરવાનો પ્રસંગ અને ઉત્સૂત્રપ્રરૂપણા વગેરે વિપરીત માર્ગની આચારણા થઇ ગયા બાદ પણ આયુષ્ય પૂર્ણ થયા પહેલાં જો એ વિપરીત પ્રવૃત્તિ માટે અંતઃકરણમાં સાચી રીતે પશ્ચાત્તાપ થવાપૂર્વક આલોચનાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોત તો તો મરિચિનું જીવન પણ આરાધક ભાવનું અધિકારી બની જાત ! પરંતુ મરિચિને મોહનું પ્રાબલ્ય હતું. એના કારણે ચારિત્રગ્રહણ કર્યા બાદ સંયમ અને શ્રદ્ધા બન્નેથી ભ્રષ્ટ થવાય તેવી ત્રિકરણયોગે પ્રવૃત્તિ થઇ. શુદ્ધ માર્ગમાંથી ખસી

પરિવ્રાજકપણાનો સ્વીકાર એ સંયમભ્રષ્ટતા હતી. અને કપિલ પાસે ઉત્સૂત્રપ્રરૂપણા કરી તે શ્રદ્ધાથી ભ્રષ્ટતા હતી. ઉભય પ્રકારની શોચનીય પરિસ્થિતિ પ્રાપ્ત થયા બાદ અંતિમ સમયે અર્થાત્ આયુષ્ય પૂર્ણ થવા અગાઉ આલોચના કર્યા સિવાય જ મરિચિ પરલોકમાં પહોંચી ગયા. એ અનાલોચના ઉભય ભ્રષ્ટતાથી પણ અધિક પ્રમાણમાં આત્માના અધઃપતનનું કારણ હતી. મરિચિ પંચમ બ્રહ્મદેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા એટલે આપણી વર્તમાન દૃષ્ટિએ પંચમ બ્રહ્મદેવલોકનું સ્થાન ઘણું ઊંચું લાગે–પણ મરિચિની હયાતીનો સમય–અને તેમાં પણ સંયમાદિની પ્રાપ્તિની અપેક્ષાએ એ સ્થાન ગણું નીચું હતું.

## અંતરંગ વિકાસ ઉપર સ્થાનની ઉચ્ચતાનો આધાર છે

એક વાર માની લઈએ કે બ્રહ્મદેવલોકનું સ્થાન ઉંચું હતું તો તે પણ બાહ્ય સુખની અપેક્ષાએ ઊંચું સમજવાનું, પરંતુ આધ્યાત્મિક–અંતરંગ જીવનની અપેક્ષાએ ઉંચું સ્થાન સમજવાનું નથી. એક મિથ્યાદૃષ્ટિ આત્મા બાહ્ય કષ્ટક્રિયાનાં કારણે પાંચમા દેવલોકથી પણ ઘણાં ઉંચા ગણાતા નવમા ગ્રૈવેયકનાં સ્થાનમાં દેવ તરીકે ઉત્પન્ન થાય. બીજો આત્મા તપ–જપ–વ્રત–પચ્ચક્ખાણ વગેરેની અલ્પતા કિંવા અભાવ છતાં સમ્યગ્દર્શનજન્ય શ્રદ્ધાના કારણે સૌધર્મ દેવલોક અર્થાત્ પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થાય. બાહ્ય સુખના સાધનોની અપેક્ષાએ ભલે નવમા ગ્રૈવેયકમાં ઉત્પન્ન થનાર મિથ્યાદૃષ્ટિ જીવનું સ્થાન ઊંચું ગણાય, પરંતુ અંતરંગ આધ્યાત્મિક

દૃષ્ટિએ તો પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થનાર સમ્યગ્ દૃષ્ટિનું સ્થાન જ ઉચ્ચ કક્ષાનું ગણાય છે. નવમી ગ્રૈવેયકમાં ઉત્પન્ન થયેલો દેવ એકત્રીસ સાગરોપમ પર્યંત પૌદ્ગલિક સુખો ભોગવે છે, પણ આયુષ્યની મર્યાદા પૂર્ણ થયે એ આત્માને મિથ્યા દર્શનના પ્રભાવે સંસારમાં ચિરકાલ પર્યંત દુરંતદુઃખો ભોગવવાનું ચાલુ રહેવાનું છે. જ્યારે સૌધર્મ દેવલોકમાં પૌદ્ગલિક સુખોનું પ્રમાણ નવમી ગ્રૈવેયકની અપેક્ષાએ અલ્પ હોય છે. પરંતુ આયુષ્યની મર્યાદા પૂર્ણ થયા બાદ મનુષ્યાદિભવોમાં ઉત્પન્ન થઈ સમ્યગ્દર્શનના પ્રભાવે એ આત્મા અલ્પભવોમાં અનંત સુખનો ભોક્તા બનવાનો છે. **બાહ્ય વિકાસ એ ક્ષણિક સુખનો હેતુ છે, જ્યારે અંતરંગ વિકાસ એ ચિરસ્થાયી સુખનું સાધન છે.**

## પ્રકાશમાંથી અંધકારમાં ગયા બાદ પુનઃ પ્રકાશ પ્રાપ્ત થવો મુશ્કેલ બને છે

મરિચિ માટે પણ એ દેવલોકનું સ્થાન બાહ્ય સુખનું સાધન છે, પરિવ્રાજકપણાનો સ્વીકાર કર્યા બાદ શ્રદ્ધાની જ્યોતિ જે વિદ્યમાન હતી તે કપિલ પાસે ઉત્સૂત્રપ્રરૂપણાના પ્રસંગે બુઝાઈ ગઇ છે. દેવલોકમાં પણ એ આત્માને તે દિવ્યજ્યોતિના અભાવે અંતરંગ દૃષ્ટિએ અંધકારજ રહ્યો છે. એટલું જ નહિ પણ મરિચિના ભવમાં પ્રગટ થયેલો એ અંધકાર લગભગ દસ અગિયાર ભવો પર્યંત સતત ચાલુ રહ્યો છે. **અંધકારમાંથી પ્રકાશમાં આવવું જેમ અંત્યત મુશ્કેલ છે, તેમ પ્રગટ થયેલો પ્રકાશ બુઝાઇ**

**ગયા બાદ પુનઃ પ્રકાશ પ્રાપ્ત થવો તે પણ સહજ બનતું નથી.** એમાં પણ વિપરીત પ્રવૃત્તિ વધુ પડતા આવેશ કિંવા રસથી થયેલ હોય તો તે આત્માને પુનઃ સમ્યગ્દર્શનનો નિર્મળ પ્રકાશ ઘણા લાંબા ગાળે પ્રાપ્ત થાય છે.

## આચારભ્રષ્ટતાથી ઉત્સૂત્રપ્રરૂપણા એ મોટું પાપ છે.

બીજી એક વાત આવા પ્રસંગે ખાસ ધ્યાનમાં લેવાની છે કે કોઈ પણ વ્યક્તિના જીવનમાં મોહોદયના કારણે આચાર ભ્રષ્ટતાનું પાપ થઈ જવું એ યદ્યપિ તેના આત્મા માટે હિતાવહ નથી. એમ છતાં તે આચારભ્રષ્ટતાથી તે વ્યક્તિનું જ અહિત થાય છે. પરંતુ એ આચારભ્રષ્ટતાના પાપની પરંપરા દીર્ઘકાળ-પર્યંત પ્રાયઃ ચાલતી નથી. પણ ઉત્સૂત્રપ્રરૂપણાના પાપની તો હજારો, લાખો યાવત્ અસંખ્ય વર્ષો પર્યંત અવિચ્છિન્ન પરંપરા ચાલે છે, અને એ વિરૂદ્ધમાર્ગની અસંખ્ય વર્ષો પર્યંત ચાલતી અનિષ્ટ પરંપરાનું પાપ વિરૂદ્ધ માર્ગપ્રવર્તક મૂળ વ્યક્તિને ફાળે જાય છે. મરિચએ કપિલ પાસે ઉત્સૂત્ર-પ્રરૂપણા કરી અને આલોચનાદિ પ્રાયશ્ચિત કર્યા સિવાય આયુષ્ય પૂર્ણ થયે સ્વર્ગલોકમાં મરિચિ ઉત્પન્ન થયા. પરંતુ ત્યારબાદ કપિલે ઉપદેશ દ્વારા અનેક શિષ્યસમુદાયને તૈયાર કર્યો. તે સર્વ પાસે પોતાનાં સિદ્ધાંતો તેમ જ આચારો રજૂ કરી પોતાના મતને પુષ્ટ બનાવ્યો એટલું જ નહિ પરંતુ કપિલ આયુષ્ય પૂર્ણ થયા બાદ પંચમ બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી પણ અવધિ–વિભંગજ્ઞાનનાં બળ વડે પૂર્વ

જન્મનું જ્ઞાન થતાં પોતાનાં પુષ્ટ કરેલા સાંખ્ય મતનો વધુ ને વધુ પ્રચાર કરવામાં પોતાની દિવ્યશક્તિનો ખૂબ ઉપયોગ કર્યો. **મતાગ્રહનું પાપ એટલું ભયંકર છે. કે મતાગ્રહી આત્મા પોતાના આત્માનું તો અહિત કરે છે પણ અસંખ્ય વર્ષો પર્યંત ગણનાતીત આત્માઓને એ મતાગ્રહનાં પાપથી દુર્ગતિના અધિકારી બનાવે છે.**

## ભગવાન મહાવીરનાં પાંચમા ભવથી પંદરમાં ભવ સુધીની હકીકત

બ્રહ્મદેવલોકનું આયુષ્ય પૂર્ણ થયા બાદ **પંચમભવમાં કોલ્લાક** નામના સન્નિવેશમાં મરિચિ કિંવા ભગવાન મહાવીરનો આત્મા કૌશિક બ્રાહ્મણરૂપે મનુષ્યજન્મ પ્રાપ્ત કરે છે. પૂર્વજન્મના વિરાધક ભાવને કારણે જીવનમાં વિષયાસક્તિ, ધનની લોલુપતા અને પાપાચરણમાં નિર્ધ્વંસ પરિણામાદિ દુર્ગુણો પ્રગટ થાય છે. એ ભવમાં એ કૌશિક વિપ્રનું એંશી લાખ પૂર્વનું આયુષ્ય છે. આયુષ્યનો ઘણો ભાગ ઉપર જણાવ્યા પ્રમાણે દુરાચારમાં પસાર થાય છે. એ કૌશિક વિપ્ર આયુષ્યના છેલ્લા ભાગે ત્રિદંડિકપણાનો સ્વીકાર કરે છે. છતાં જીવનનો મોટો ભાગ અધમ આચારમાં પસાર થયેલો હોવાથી ભગવાન મહાવીરના આત્માને આ પાંચમા ભવ પછી પશુ-પક્ષી વગેરે અનેક ક્ષુદ્ર ભવો કરવા પડે છે. સત્તાવીશ ભવોની ગણતરીમાં આ ક્ષુદ્ર ભવોની ગણના કરવામાં આવેલ નથી. આ અનેક ક્ષુદ્ર ભવોમાં પરિભ્રમણ દ્વારા અકામનિર્જરાનાં યોગે અશુભ કર્મ હળવું બનતાં

પુનઃ **છઠ્ઠા** ભવમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે! થૂણાનગરીમાં વિપ્રકુળમાં ઉત્પત્તિ, પુષ્પમિત્ર નામ, બોંતેર લાખ પૂર્વનું આયુષ્ય અને આયુષ્યનાં છેલ્લા ભાગમાં ત્રિદંડિકપણાનો સ્વીકાર કરી અંતે આયુષ્ય પૂર્ણ થતાં **સાતમા ભવમાં સૌધર્મ દેવલોકમાં** મધ્યમ આયુષ્યવાળા દેવ તરીકે ભગવાન મહાવીર ઉત્પન્ન થાય છે. ત્યારબાદ **આઠમા ભવમાં** ચૈત્યસન્નિવેશ નામનું સ્થાન **અગ્નિદ્યોત** નામે વિપ્ર, ચોસઠલાખપૂર્વનું આયુષ્ય અને પ્રાન્તે ત્રિદંડિકપણું, **નવમા ભવે ઇશાન** દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળા દેવ, **દશમા ભવે મન્દર** શન્નિવેશ નામનાં સ્થાનમાં અગ્નિભૂત વિપ્ર, છપ્પન લાખ પૂર્વનું આયુષ્ય અને આયુષ્યનાં છેલ્લા ભાગે ત્રિદંડિક ધર્મનો સ્વીકાર, **અગિયારમાં** ભવે **સનત્કુમાર** દેવલોકમાં મધ્યમ આયુઃસ્થિતિ વાળા દેવ, **બારમા** ભવે **શ્વેતામ્ભિકા** નગરીમાં **ભારદ્વાજ** નામે વિપ્ર, ચુમ્માલીશ લાખ પૂર્વનું આયુષ્ય, આયુષ્યના પ્રાંતભાગે ત્રિદંડિકપણાનો સ્વીકાર, **તેરમા** ભવે ચતુર્થ માહેન્દ્ર દેવલોકમાં મધ્યમ આયુઃસ્થિતિવાળા દેવ, **ચૌદમા** ભવે રાજગૃહ નગરમાં સ્થાવર નામે વિપ્ર, ચોત્રીસ લાખ પૂર્વનું આયુષ્ય તેમજ પ્રાન્તે ત્રિદંડિક વેષને ધારણ કરી, **પંદરમા** ભવે પંચમ બ્રહ્મદેવલોકમાં મધ્યમ આયુષ્યસ્થિતિવાળા દેવ તરીકે ભગવાન મહાવીર પ્રભુનો આત્મા અવતારને ધારણ કરે છે. અને બ્રહ્મદેવલોકમાં દેવભવનું આયુષ્ય પૂર્ણ થયા બાદ **સોળમા** ભવે રાજગૃહ નગરમાં વિશાખનન્દી રાજાના અનુજ

બંધુ વિશાખભૂતિ યુવરાજની રાણી ધારિણીની કુક્ષિથી વિશ્વભુતિ રાજકુમાર તરીકે જન્મ પ્રાપ્ત કરે છે.

## એક જન્મની વધુ પડતી ભૂલની અનેક ભવો સુધી કારમી શિક્ષા

**મરિચિના** ભવમાં કરેલા કુલમદનાં કારણે બંધાયેલ નીચગોત્રનાં પ્રભાવે પંદરમાં ભવ પર્યંત, જ્યારે જ્યારે ભગવંતનો આત્મા મનુષ્યપણું પામ્યો ત્યારે ભિક્ષાવૃત્તિના નિમિત્તે અપ્રશસ્ત ગણાતાં બ્રાહ્મણકુળમાં જન્મ થવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. ત્રિદંડિકવેષનો સ્વીકાર અને ઉન્માર્ગદેશનાજન્ય દર્શનમોહનીય કર્મનાં કારણે અસંખ્ય વર્ષો પર્યંત ભગવંત મહાવીરનો આત્મા સમ્યગ્દર્શન અને તેના અનન્ય સાધન સુદેવ, સુગુરુ અને સુધર્મથી વંચિત રહેવા ઉપરાંત દરેક મનુષ્યનાં ભવમા મોક્ષની પ્રાપ્તિમાં પ્રતિબંધક આચાર-વિચારોથી યુક્ત ત્રિદંડિકપણું પામ્યા. **જીવનમાં સંજોગ વશાત્ ધર્મની આરાધના કદાચ અલ્પ પ્રમાણમાં થાય અથવા ન થાય તો તેટલા માત્રથી આત્માનું વધુ પ્રમાણમાં અહિત થતું નથી.** પરંતુ શુદ્ધધર્મ માર્ગથી વિપરીત-શ્રદ્ધા અને ઉન્માર્ગ દેશનાનું આવેશભર્યું સ્થાન આવી જાય તો મરિચિના આત્માની માફક અસંખ્ય કાળ પર્યંત આત્મકલ્યાણના અનુકૂળ સાધનોથી તે આત્માને વંચિત રહેવું પડે છે. ભગવંત મહાવીર પ્રભુના સત્તાવીશ સ્થૂલ ભવો પૈકી પંદર ભવો અને તેમના જીવન પ્રસંગોને અનુસરતું વિવેચન અહીં પૂર્ણ થાય છે.



- ભવ ૧૬ -

સોળમાં ભવમાં ભગવાનનો જીવ વિશ્વભૂતિ મુનિરૂપે હતો તે અવસરે પોતાના બળની નિંદા સાંભળી, તાકાત બતાવવા ગાયને શિંગડાવડે પકડી આકાશમાં ઉછાળી પાછી પડતાં ઝીલી નીચે મૂકે છે. પૃષ્ઠ ૭૬ જુઓ

# [૫]

## શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો સોળમો ભવ 'વિશ્વભૂતિ મુનિરાજ' અને ચાર ગતિનું સ્વરૂપ

ભગવાન મહાવીર પ્રભુનો આત્મા પંદરમા ભવમાં પંચમ બ્રહ્મદેવલોકે મધ્યમ સ્થિતિવાળા દેવ તરીકે ઉત્પન્ન થયેલો છે, જે વાત અગાઉ કહેવાઇ ગયેલ છે. દેવલોકમાં સામાન્ય રીતે પુન્યપ્રકૃતિની બહુલતાવાળા જીવો ઉત્પન થઇ શકે છે. સંસાર, નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ચાર ગતિમાં વહેંચાયેલ છે. સર્વ સંસારી જીવાત્માઓનો આ ચાર ગતિમાં અન્તર્ભાવ થઇ જાય છે. પાપકર્મ કિંવા અશુભ કર્મનો તીવ્ર દુઃખરૂપે ભોગવટો કરવાનું જે કોઇ સ્થાન તેનું નામ નરકગતિ છે પુન્યકર્મ અથવા શુભ કર્મનો વિશિષ્ટ ભૌતિક સુખરૂપે ભોગવટો કરવાનું જે કોઇ સ્થાન તેનું નામ દેવગતિ છે. અધિક અંશે પાપ અને અલ્પ અંશે પુન્યનો ભોગવટો કરવાનું જે કોઈ સ્થાન તે તિર્યંચગતિ છે અને અલ્પાધિકપણે અથવા સમભાગે પુન્ય-પાપ બંને ભોગવવાનું જે કોઈ સ્થાન તે મનુષ્યગતિ છે. પુન્ય અને પાપના અનેક પેટાવિભાગો તેમ જ તેમાં પણ તીવ્રતા-મંદતાના કારણે ફળમાં પણ અનેક વિભાગો દૃષ્ટિગોચર થાય છે. મનુષ્યપણું દરેક મનુષ્યમાં સમાન છતાં સુખ-દુઃખની પરિસ્થિતિમાં સમાનતા એકાંતે નથી હોતી તેનું મુખ્ય

કારણ પુન્ય-પુન્યમાં અને પાપ-પાપમાં વિવિધ પ્રકારની તરતમતા છે. પ્રત્યેક જીવની પ્રવૃત્તિ અને પરિણતિ એક સરખી નથી પણ ભિન્ન ભિન્ન પ્રકારની છે એટલે શુભ-અશુભ કર્મમાં અને તેના ફળસ્વરૂપે સુખ-દુ:ખમાં પણ તરતમતા ઉભી થાય છે. સ્વર્ગલોક અથવા દેવલોકમાં વર્તતા સર્વ દેવો સામાન્ય રીતે પુન્ય-પ્રકૃતિના ઉદયવાળા હોય છે, એમ છતાં પુન્ય-પુન્યમાં અનેક પ્રકારની વિવિધતા હોવાના કારણે ભવનપતિવ્યંતર જ્યોતિષી અને વૈમાનિક તેમજ તે દરેકમાં પણ પુનઃ અનેક પ્રકારના પેટા વિભાગો છે. ચારેય વિભાગોમાં વૈમાનિક દેવોનું સ્થાન ઉચ્ચ કોટિનું છે. વૈમાનિક નિકાયમાં પણ બાર બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર એમ ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ કોટિના સ્થાનો છે. શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો આત્મા વૈમાનિક નિકાયના બાર દેવલોક પૈકી પંચમ બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયેલ છે.

## સોળમા ભવે વિશ્વભૂતિ રાજકુમાર

પંચમ દેવલોકમાં ઉત્પન્ન થયા બાદ નિશ્ચિત થયેલા આયુષ્ય ત્યાં સંપૂર્ણપણે ભોગવી ભગવાનનો આત્મા સોળમા ભવમાં આ ભરતક્ષેત્રના રાજગૃહ નગરમાં વિશ્વનન્દી રાજાના અનુજબંધુ વિશાખભૂતિ યુવરાજના રાણી ધારિણીની કુક્ષિથી પુત્રરૂપે અવતરે છે. 'વિશ્વભૂતિ કુમાર' એવું એ પુત્રનું નામ સ્થાપન કરવામાં આવે છે. મરિચિના ભવ પછીના બાર ભવોમાં એકાંતરે સ્વર્ગલોક અને મનુષ્યલોકમાં ભગવાન

મહાવીરના આત્માએ જન્મને ધારણ કરેલ છે. પરંતુ એ દરેક મનુષ્યના ભવોમાં અગાઉ જણાવી ગયા પ્રમાણે બ્રાહ્મણ કુળમાં જન્મ અને પ્રાન્તે ત્રિદંડિકપણાની પ્રાપ્તિનું પ્રાધાન્ય રહ્યું છે. સોળમા ભવથી તેનો પલટો થાય છે. ભિક્ષાવૃત્તિ-પ્રધાન બ્રાહ્મણ કુળના સ્થાને સોળમા ભવે પ્રભુના આત્માને ક્ષત્રિય અને તેમાં પણ રાજકુળ પ્રાપ્ત થાય છે.

## કર્મોદયમાં સાન્તરપણું

મરિચિના ભવમાં ઉપાર્જન કરેલું અને ત્યાર પછીના ભવોમાં પુષ્ટ થયેલ નીચ ગોત્ર કર્મ, સંપૂર્ણ તથા ભોગવાઇને ક્ષીણ થઈ જવાના કારણે ભગવંતનો આત્મા રાજકુલમાં ઉત્પન્ન થયો છે એમ માનવાની જરૂર નથી. પરંતુ કર્મના બંધમાં જેમ સાન્તરબંધ–નિરન્તરબંધના વિભાગો છે તે પ્રમાણે કર્મના ઉદયમાં પણ સાન્તર ઉદય–નિરન્તર ઉદય (ધ્રુવોદય–અધ્રુવોદય) એવા વિભાગો છે. અને તેમાં પણ પરાવર્તમાન કર્મપ્રકૃતિઓ તો અવશ્ય સાન્તર ઉદયવાળી (અધ્રુવોદયથી) જ હોય છે. શાતા વેદનીય, અશાતા વેદનીય, ઉચ્ચ ગોત્ર, નીચ ગોત્ર, વગેરે કર્મપ્રકૃતિઓ પરાવર્તમાન પ્રકૃતિઓ છે. શાતા–અશાતા પરસ્પર વિરુદ્ધ છે. ઉચ્ચ–નીચ ગોત્ર પણ પરસ્પર વિરુદ્ધ છે, પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળી કર્મપ્રકૃતિઓ અવશ્ય પરાવર્તમાન હોય છે, એ પ્રકૃતિ-ઓનો એક સાથે બંધ થતો નથી તેમ જ એક સાથે ઉદય પણ પ્રવર્તતો નથી. શાતા વેદનીય અને ઉચ્ચ ગોત્રનો બંધ અથવા ઉદય ચાલે ત્યારે અશાતા વેદનીય તેમ જ નીચ

ગોત્રનો બંધ અથવા ઉદય પ્રવર્તતા નથી. આવા કારણે નીચ ગોત્ર એ સાંતર ઉદયવાળું અર્થાત્ અધ્રુવોદયી છે. મરિચિના ભવથી પંદરમાં ભવ સુધી જ્યારે જ્યારે મનુષ્ય લોકમાં ભિક્ષાવૃત્તિપ્રધાન બ્રાહ્મણ કુળમાં પ્રભુના આત્માનો જન્મ થયો છે ત્યારે ત્યારે નીચ ગોત્રનો ઉદય પ્રવર્તે છે. પરંતુ વચ્ચે વચ્ચે દેવલોકમાં જ્યારે જ્યારે દેવ તરીકે ભગવંતનો આત્મા ઉત્પન્ન થયેલ છે ત્યારે ત્યારે નીચ ગોત્રના સ્થાને ઉચ્ચ ગોત્રનો ઉદય માનવો એ સુસંગત છે. એ જ પ્રમાણે સોળમા વિશ્વભૂતિના ભવમાં પણ ઉચ્ચ ગોત્રનો ઉદય સમજવાનો છે. સાથે સાથે સત્તામાં નીચ ગોત્ર બેઠું છે તે પણ ધ્યાનમાં રાખવાનું છે.

## વિશ્વભૂતિની ઉદ્યાનક્રીડા અને યુદ્ધ માટે પ્રયાણ

વિશ્વભૂતિકુમારે અનુક્રમે યૌવનવયમાં પ્રવેશ કર્યો. યોગ્ય રાજકન્યા સાથે વિશ્વભૂતિનું પાણીગ્રહણ થયું. એક અવસરે વિશ્વભૂતિ યુવરાજ પોતાના અંતઃપુર સાથે એ રાજગૃહ નગરના પુષ્પકરંડક ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયા. પાછળથી તેમના કાકાનો કુંવર એટલે વિશ્વનન્દીનો પુત્ર વિશાખાનન્દી પણ ક્રીડા કરવા માટે તે ઉદ્યાન પાસે આવ્યો. પરંતુ ઉદ્યાનની અંદર વિશ્વભૂતિ કુમાર પોતાના અંતઃપુર સાથે ક્રીડા કરતા હોવાના ખબર મળતાં વિશાખાનન્દીને અનિચ્છાએ બહાર રહેવું પડ્યું. દરમિયાન વિશાખાનન્દીની માતા રાણી પ્રિયંગુની દાસીઓ પુષ્પ લેવા માટે ઉદ્યાન પાસે આવી. તે દાસીઓને પણ વિશ્વભૂતિ ઉદ્યાનમાં હોવાના

કારણે પુષ્પો લીધા સિવાય પાછું જવું પડ્યું. દાસીઓ પાસેથી રાણી પ્રિયંગુને હકીકત જાણવામાં આવતાં 'અરે! હું રાજાની રાણી, મારો પુત્ર વિશાખાનંદી પાટવીકુંવર, એમ છતાં વિશ્વભૂતિની ઉદ્યાનક્રીડાના કારણે મારા એ પાટવીકુંવરને ઉદ્યાનની બહાર રહેવું પડે, તેમ જ મારી દાસીઓને પુષ્પ લીધાં સિવાય પાછું આવવું પડે, એમાં મારી જબ્બર માનહાનિ છે આવા વિચારોમાં ને વિચારોમાં રોષે ચઢેલા રાણી રોષ ભવનમાં પહોંચી ગયા. રાજા વિશ્વનંદીને આ હકીકત જાણવામાં આવતા વિશ્વભૂતિને ઉદ્યાનમાંથી ખસેડવા અને વિશાખાનંદી તેમજ તેની માતા પ્રિયંગુરાણીને પ્રસન્ન કરવા રણસંગ્રામનો સાચી રીતે પ્રસંગ ન હોવા છતાં કપટકળા વડે રણયાત્રાની ભેરી વગડાવી અને જાહેર કર્યું કે 'આપણા તાબાનો પુરુષસિંહ નામનો સામંત ઉદ્ધત બની ગયો છે, પ્રજાને અનેક રીતે ત્રાસ આપે છે. માટે એની સાથે રણસંગ્રામ કરવા હું જાઉં છું.' ઉદ્યાનક્રીડામાં આનંદ કરતા વિશ્વભૂતિને આ સમાચાર પ્રાપ્ત થતાં સરલ સ્વભાવવાળા વિશ્વભૂતિએ રાજાને વિનંતિ કરી કે 'એવા સામંત સામે આપ જેવા સમર્થ રાજવીને યુદ્ધ માટે જવાનું કાંઇ પ્રયોજન નથી. હું પોતે ત્યાં જવા તૈયાર છું. અને આપના આશીર્વાદથી શીઘ્રપણે તેને તાબામાં લઈ આપના ચરણમાં આવી પહોંચીશ.' વિશ્વભૂતિનાં વિનમ્ર વચન શ્રવણ કરી રાજાએ અનુમતિ આપી. વિશ્વભૂતિએ પણ સૈન્યના પરિવાર સાથે પુરૂષસિંહ સામંતને વશ કરવા તે તરફ પ્રયાણ કર્યું.

## રાજાનાં પ્રપંચની જાણ થતાં વિશ્વભૂતિને વૈરાગ્યપ્રાપ્તિ અને ચારિત્રનો સ્વીકાર

વિશ્વભુતિ રવાના થયા બાદ વિશાખાનંદીએ પુષ્પકરંડક ઉદ્યાનમાં ક્રીડા માટે પરિવાર સહિત પ્રવેશ કર્યો. અને આનંદ કલ્લોલમાં મગ્ન બન્યો. વિશ્વભૂતિ પુરુષસિંહ સામંત પાસે પહોંચતા તેમના તરફથી આજ્ઞાના ઉલ્લંઘનની વાત અસત્ય જાણવામાં આવી પરસ્પર શિષ્ટાચાર પૂર્ણ થયે વિશ્વભુતિ ત્યાંથી પાછા ફર્યા. માર્ગમાં પુષ્પકરંડક ઉદ્યાન પાસે આવતાં ઉદ્યાનનાં ન કે વિશાખાનંદીના દ્વારપાલ તરફથી જાણવામાં આવ્યું કે 'વિશાખાનંદી પોતના પરિવાર સાથે ઉદ્યાનમાં આનંદ ક્રીડા કરી રહેલ છે' વિશ્વભૂતિ બલવાન હોવા સાથે બુદ્ધિમાન પણ હતા. પોતાને આ ઉદ્યાનમાંથી ખસેડી વિશાખાનંદીને આનંદ ક્રીડા માટે ઉદ્યાનમાં પ્રવેશ કરવાની તક આપવાના કારણે જ પુરુષસિંહ સામંતની સાથે રણસંગ્રામનું ઓઠું રાજાએ ઊભું કર્યાનું ચતુર વિશ્વભૂતિ બરાબર સમજી ગયા, અને વિશાખાનંદી ઉપર તેમજ તેના પિતા ઉપર વિશ્વભૂતિને રોષ પણ ઉત્પન્ન થયો. રોષમાં ને રોષમાં પાસેના કોઠાના ઝાડ ઉપર એવો જોરથી મુષ્ટિપ્રહાર કર્યો કે ઝાડ ઉપર વર્તતા ઘણાખરા કોઠાનાં ફળ તુરત નીચે પડી ગયા, વૃક્ષ ઉપર મુષ્ટિપ્રહાર કરવા વડે કોઠાનાં ફળો ટપોટપ નીચે પડતાં વિશ્વભૂતિએ વિશાખાનંદીના દ્વારપાલને સ્પષ્ટ સંભળાવ્યું કે 'કુલમર્યાદાનો ગુણ તથા વડીલો તરફની ભક્તિ મારા અંતઃકરણમાં

ન હોત તો મુષ્ટિપ્રહાર વડે કોઠાનાં ફળ જેમ નીચે પાડી નાંખ્યા તે પ્રમાણે તમો બધાય વિશાખાનંદીના પરિવારના મસ્તકો હમણાં ધડથી નીચે પાડી દેત.' એ પ્રમાણે વિશાખાનંદીના દ્વારપાલને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું, અને ચિત્તમાં વિચાર કરવા લાગ્યા કે 'હું જ્યારે આટલી સરલતા અને વડીલો પ્રત્યે ભક્તિભાવ રાખું છું ત્યારે વડીલો મારી સાથે કપટબાજી રમે છે. ખરેખર ! સંસાર આવા કુડકપટથી જ ભરેલો છે. વિષય-ભોગનું સુખ ક્ષણિક અને પરિણામે અતિ દુઃખદાયી છે. આવા સંસારમાં રહેવું અને આત્માને અધોગતિનો અધિકાર બનાવવો તે અપેક્ષાએ અનેક પ્રકારની ખટપટ અને કાવાદાવાથી ભરેલા આ સંસારની મોહમાયાને તિલાંજલી આપી આત્મકલ્યાણના પવિત્ર પંથે પ્રયાણ કરવું એ મારા માટે અત્યંત હિતાવહ છે.'

આ પ્રમાણે વૈરાગ્યવાસિત બનવા સાથે ચારિત્રગ્રહણનો નિર્ણય કરી પોતાના ઘેર માતા-પિતા પાસે ન જતાં સીધે સીધા તે પ્રદેશમાં વિચરતા સ્થવિરમહર્ષિ **શ્રી સંભૂતિ** મુનિવર પાસે વિશ્વભૂતિ પહોંચી ગયા અને અતિ ઉલ્લાસ પૂર્વક ચારિત્ર ગ્રહણ કર્યું. વિશ્વભૂતિ રાજકુમાર હવે વિશ્વવંદ્ય વિશ્વભૂતિ મુનિવર થયા. વિશાખાનંદીના પિતા વિશ્વનંદીને પાછળથી આ બાબતની જાણ થતાં, વિશ્વનંદી પોતાના અનુજ બંધુને સાથે લઈ વિશ્વભૂતિ મુનિવર પાસે આવ્યા. પોતાનાથી થયેલ અપરાધની વારંવાર ક્ષમા માંગી અને દીક્ષા છોડી પુનઃ ઘેર આવી રાજ્ય સ્વીકારવા માટે

ઘણો ઘણો આગ્રહ કર્યો. પરંતુ વિશ્વભૂતિ મુનિ એ પ્રલોભનમાં ન મૂંઝાયા, પોતાના સંયમમાં મક્કમ રહ્યા અને પરમકૃપાળુ ગુરુની શુભ નિશ્રામાં રહી જ્ઞાન સાથે ધ્યાન છઠ્ઠ–અઠ્ઠમ, વગેરે તપશ્ચર્યામાં ઝુકી પડ્યા.' 'છઠ્ઠ–અઠ્ઠમથી આગળ ચાર—પંચ યાવત્ પક્ષ–ક્ષપણ (પંદર ઉપવાસ) અને માસ ક્ષમણ (ત્રીસ ઉપવાસ)ની તપસ્યા સુધી ઉત્તરોત્તર વધતા ગયા. તપસ્યાથી શરીર અતિકૃશ બની ગયું. ગુરુદેવની આજ્ઞા પ્રાપ્ત કરી કાયાની વધુ કસોટી કરવા માટે એકાકી વિહારનું અવલંબન લઈ વિશ્વભૂતિ મુનિ સંયમ ગુણમાં પ્રતિદિન વધુ ને વધુ ઉજમાળ બનવા લાગ્યા.

**સંયમ માર્ગનો સ્વીકાર થયા બાદ તેમાં સ્થિરતા પ્રાપ્ત થવી તે પરમ સૌભાગ્ય છે.**

વર્તમાન ભવની અપેક્ષાએ અતીત કાળના ભવોમાં જે આત્માએ એકવાર પણ ભાવચારિત્રની સ્પર્શના કરી હોય, અને અમુક સમય બાદ મોહોદયના કારણે એ આત્મા સંયમથી કદાચ ભ્રષ્ટ થયેલ હોય, એમ છતાં જેટલો સમય ભાવચારિત્ર પાળ્યું છે અને આત્માને સંસ્કારી બનાવ્યો છે, તે સંસ્કારો ભાવિકાળે કોઈવાર સુંદર લાભ આપે છે. આ હકીકતની પ્રતીતિ માટે વિશ્વભુત મુનિનો પ્રસંગ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. **સંયમ ગ્રહણ કર્યા બાદ સંયમમાંથી ભ્રષ્ટ ન થવાય. વસ્તુતઃ એ જ સર્વોત્તમ માર્ગ છે. છતાં અનંત કાળથી જમા**

**થયેલી મોહનીય કર્મની પ્રબળ સત્તાના કારણે તેવા તેવા સંજોગોમાં સંયમી આત્મામાં પણ કદાચિત્ શિથિલતા નબળાઇ આવી જાય છે અને સંયમના શિખરે પહોંચવા પ્રસ્થાન કરનાર આત્મા અધવચ્ચેથી જ નીચે સરકી પડે છે.** 'સંયમગ્રહણ કર્યા બાદ સંયમમાંથી ભ્રષ્ટ થવું તે અપેક્ષાએ સંયમનો સ્વીકાર ન કરવો એ વધુ ઉત્તમ છે'—આવાં વાક્યો આપણા સમાજમાં ઘણીવાર ઉચ્ચારાય છે, પરંતુ આવાં વાક્યો ઉચ્ચારવામાં ઘણો ઉપયોગ રાખવાની જરૂર છે. કોઇપણ બાબતમાં એકાન્ત કથન કરવું એ જૈન દૃષ્ટિએ વ્યાજબી નથી. કોઈ પણ સંયમી આત્મા સંયોગવશાત્ સંયમમાં શિથિલ બને તે અવસરે સાપેક્ષદૃષ્ટિ હૃદય સમક્ષ રાખી તેને સંયમમાં સ્થિર કરવાના આશયથી ઉપરનું વાક્ય બોલે તો તે બરોબર છે, પરંતુ બોલનાર વ્યક્તિના અંતઃકરણમાં સંયમ તેમ જ સંયમી પ્રત્યે જોઇએ તેવો સદ્‌ભાવ ન હોય એ પરિસ્થિતિમાં કોઇ સાધુ પુરૂષને સંયમ માર્ગથી પરિચ્યુત થયેલા જોઈ 'સંયમ ગ્રહણ કર્યા બાદ સંયમથી ભ્રષ્ટ થવું એના કરતાં સંયમ ન લેવો એ શું ખોટું ?' આવાં વાક્યો અપ્રશસ્તભાવે ઉચ્ચારાય તો ઉચ્ચારનાર માટે એ વાક્યો અહિત કરનારાં છે. **સંયમ જેવો અતિપવિત્ર માર્ગ પ્રાપ્ત થવો એ જેટલી સૌભાગ્યની વાત છે, તેથી પણ અધિક સૌભાગ્યની વાત એ અતિપવિત્ર સંયમમાર્ગમાં**

**અસ્ખલિતપણે ટકી રહેવામાં છે.** એ વાત નિઃસંશય છે. એમ છતાં અનંત ભૂતકાળમાં આત્માએ અનન્તીવાર અવળો પુરુષાર્થ કરવા વડે કંચન કામિની અને કાયાની માયાના જે વિપરીત સંસ્કારો આત્મા ઉપર ઉભા કર્યા છે, અને જે વિપરીત સંસ્કારોની ઉલટી અસર હજુ અલ્પાધિકતયા ઊંડે ઊંડે આત્મા ઉપર વિદ્યમાન છે. એવા આત્માને અનુકૂલ પ્રતિકૂલ પરીષહોના પ્રસંગમાં વિપરીત સંસ્કારોની ઉંડાણમાં રહેલી અસર કોઈવાર પ્રગટ થાય તો સંયમના દિવ્ય પ્રકાશ ઉપર અમુક સમય પ્રર્યંત અંધકારની છાયા પોતાનું સામ્રાજ્ય ચલાવે છે.

## ક્ષયોપશમ ભાવના ગુણમાં ચલ-વિચલ અવસ્થા

મોહનીય કર્મનો એકાન્તે જ્યાં સુધી ઔદયિક ભાવ જ અનાદિ કાળથી વર્તતો હોય ત્યાં સુધી આત્મા સદાય અંધકારમાં છે. એ મોહનીય કર્મમાં દર્શન (મિથ્યાત્વ) મોહનો સર્વ પ્રથમ જ્યારે ઉપશમ અથવા ક્ષયોપશમ થાય ત્યારે દૃષ્ટિપર્યાયમાં જે કેવળ અંધકાર હતો તેમાં અનુપમ પ્રકાશ પ્રગટ થાય છે. પરંતુ એ પ્રકાશ ઉપશમભાવનો અથવા ક્ષયોપશમભાવનો હોવાથી કાયમ માટે ટકતો નથી. ઉપશમ ભાવનો પ્રકાશ વધુમાં વધુ એક અન્તર્મુહૂર્ત પર્યંત અને ક્ષયોપશમ ભાવનો પ્રકાશ વધુમાં વધુ અસંખ્ય કાળ પર્યંત ટકે છે, અને તે અસંખ્ય કાળ પણ કોઈક વિશિષ્ટ આત્મા માટે હોય છે. બહુલતાએ તો થોડા થોડા સમયના અંતરે પ્રકાશ અને અંધકારનું પરાવર્તન ચાલ્યા કરે છે. તેમાં પણ શરૂઆતમાં પ્રકાશનો કાળ અલ્પ અને અંધકારનો કાળ વધુ

હોય છે. કોઇ પણ ગુણ ક્ષાયિક ભાવનો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે ગુણમાં ચલ-વિચલ પરિસ્થિતિ હોવાનો અવશ્ય સંભવ છે. એમ છતાં અનાદિથી સતતપણે મોહનીય કર્મનાં એકાન્તે ઔદયિક ભાવમાંથી ફક્ત એકવાર પણ ઉપશમ ભાવ અથવા ક્ષયોપશમ ભાવજન્ય જો સમ્યગ્દર્શન ગુણનો પ્રકાશ પ્રગટ થઈ ગયો હોય, તો પુનઃ અંધકાર પ્રાપ્ત થઇ ગયા બાદ પણ યોગ્ય અવસરે તે આત્માને પ્રકાશ પ્રગટ થયા સિવાય રહેતો નથી. દેવદર્શન-પૂજન, વગેરે મંગલમય ધર્માચરણ કરનાર કોઇ પણ મહાનુભાવને નિરન્તર પ્રકાશનું સ્થાન પ્રાપ્ત થાય તેવું પ્રાયઃ નથી બનતું, એમ છતાં આત્મા યોગ્ય હોય અને સુવિહિત ધર્માનુષ્ઠાન હોય તો નિરંતર ધર્માચરણ કરનાર મહાનુભાવને કોઇક ક્ષણ તો એવી પ્રાપ્ત થઇ જાય છે કે, જે ક્ષણે પ્રગટ થયેલો અંતરંગ પ્રકાશ આજ સુધીના અનંત ભૂતકાળનાં જીવનમાં કોઇ પણ વાર અનુભવ ગોચર ન થયો હોય. એક વાર પણ એ પ્રકાશનું કિરણ પ્રગટ થઇ ગયું તો ઓછા-વધુ કાળે છેવટ અપાર્ધ પુદ્ગલ પરાવર્ત કાળમાં તો તેના આત્મમંદિરમાં પુનઃ એ અનુપમ પ્રકાશ પ્રગટ થવા સાથે તે મહાનુભાવ અવશ્ય મુક્તિનો અધિકારી બની જાય છે.

## મરિચિના ભવમાં પાળેલા સંયમના સંસ્કારોનો પ્રભાવ

ભગવાન મહાવીર પ્રભુનો આત્મા સોળમા ભવે વિશ્વભૂતિ રાજકુમાર થયા. ભોગવિલાસની હરકોઇ પ્રકારે સામગ્રી

પ્રાપ્ત થઇ. એમ છતાં વિશ્વનંદી રાજાની કપટ જાળ જ્યાં જાણવામાં આવી ત્યાં આત્મા જાગૃત બની ગયો અને કૂડ કપટથી ભરેલા સંસાર ઉપરથી વિરક્ત ભાવ પ્રગટ થયો, કારણ કે મરિચિના ભવમાં ભગવાન શ્રી ઋષભદેવજી પાસે ચારિત્ર ગ્રહણ કર્યા બાદ વર્ષો સુધી શ્રદ્ધાપૂર્વક ચારિત્ર પાલન કરીને આત્માને ઉત્તમ સંસ્કારથી વાસિત બનાવ્યો હતો. મોહોદયના કારણે મરિચિ પોતાના પાછલા જીવનમાં સંયમથી પરિભ્રષ્ટ થયા અને એ ઉત્તમ સંસ્કારો ઉપર બાર બાર ભવ પર્યંત પડદો ટકી રહ્યો, પરંતુ વિશ્વભૂતિના ભવમાં નિમિત્ત મળવાની સાથે એ પડદો દૂર થઈ ગયો. અને ઉંડે ઉંડે રહેલા સંસ્કારોની જ્યોત પુનઃ સતેજ બની ગઈ. એ પ્રભાવ મરિચિના ભવમાં વર્ષો સુધી પાળેલા સંયમજન્ય સંસ્કારોનો છે.

## વિશ્વભૂતિ મુનિએ કરેલ નિયાણું, આયુષ્યની સમાપ્તિ અને સત્તરમા ભવે મહાશુક્ર દેવલોકે

ઉગ્ર તપસ્વી વિશ્વભૂતિ મુનિવર માસક્ષમણની તપસ્યાના પારણે મથુરા નગરીમાં ભિક્ષા માટે એક અવસરે પધાર્યા, બરાબર તે જ અવસરે વિશાખાનન્દી પણ મથુરાનગરીના રાજાની કન્યા સાથે પાણિગ્રહણ કરવા માટે ત્યાં આવેલો હતો. ગોચરી માટે નીકળેલા વિશ્વભૂતિ મુનિવર ફરતાં ફરતાં ભવિતવ્યતાના યોગે વિશાખાનન્દીની છાવણી પાસે થઇને નીકળતાં, વિશાખાનન્દીના માણસોએ તીવ્ર તપ વડે અતિકૃશ થઈ ગયેલા મુનિવરને જોયા, અને હાંસીપૂર્વક

'આ વિશ્વભૂતિ કુમાર જાય-કુમાર જાય.' એમ બોલવા લાગ્યા. એવામાં વિશાખાનન્દી પણ આવી પહોંચ્યો અને વિશ્વભૂતિ મુનિના ભૂતકાળનો પ્રસંગ યાદ આવતાં તેમના ઉપર તેને રોષ ઉત્પન્ન થયો. દરમિયાન રસ્તામાં અત્યંત વેગથી ચાલી જતી ગાયની હડફેટમાં આવતાં, તપ વડે શરીર કૃશ થયેલ હોવાના કારણે વિશ્વભૂતિ મુનિ ભૂમિ ઉપર પડી ગયા. વિશ્વભૂતિને જોતાં વિશાખાનંદીના દિલમાં રોષ તો પ્રગટ થયેલો જ હતો. એમાં ગાયની હડફેટથી મુનિરાજ ભૂમિ ઉપર પડી જતાં વિશાખાનંદીના દિલમાં વધુ આનંદ થયો અને તેણે મજાકમાં કહ્યું કે-'મુનિરાજ! ગૃહસ્થાશ્રમમાં મુષ્ટિના પ્રહાર વડે કોઠાંનાં ફળો વૃક્ષ ઉપ-રથી નીચે પાડી નાખવાનું તમારું બળ ક્યાં ગયું ? ગાયની હડફેટમાં આવી જવાના સામાન્ય પ્રસંગ માત્રથી ભૂમિ ઉપર પટકાઈ પડવા જેવી નિર્માલ્ય દશા કેમ થઈ ગઈ?' મજા-કમાં કહેવાયેલા વિશાખાનંદીના વચનો સાંભળી મુનિવર વિશ્વભૂતિ ક્ષમા ધર્મને ચૂકી, ક્રોધના આવેશમાં આવી ગયા. ક્રોધના આવેશની પાછળ માનદશા પણ પ્રગટ થઈ અને માનદશાજન્ય અહંભાવના કારણે 'હજુ પણ મારામાં પહે-લાંના જેવું જ બળ છે. તપસ્યા વડે ભલે મારી કાયા કૃશ થઈ ગઈ, પરંતુ હું નિર્બળ નથી બન્યો'-એમ વિચારી વિશાખાનન્દીને એ પરિસ્થિતિથી માહિતગાર કરવા જે ગાયની હડફેટમાં આવતાં પોતે ભૂમિ ઉપર પટકાઈ ગયા હતા તે ગાયનાં શિંગડાં બે હાથ વડે મજબૂત રીતે પકડી ગાયને ઊંચકી અને ઉછાળી. એટલેથી જ ન અટક્યા, પરંતુ સાથે

સાથે પોતાની મજાક કરનાર વિશાખાનની ઉપર ઉત્પન્ન થયેલા વધુ પડતા રોષના કારણે તે જ અવસરે નિયાણું કર્યું કે– 'સંયમગ્રહણ કર્યા બાદ આજ સુધી કરેલી મારી તીવ્ર તપશ્ચર્યાના ફળમાં મને હવે પછીના ભવમાં એવું કાયિક બળ પ્રાપ્ત થાઓ કે મારી હાંસી કરનાર આ વિશાખાનન્દીને ઠેકાણે કરી શકું.' પરિણામની આ મલિન ધારા પ્રગટ થયા પછી લગભગ એક ક્રોડ વર્ષ પર્યંત વિશ્વભૂતિ સાધુવેશમાં રહ્યા, પરંતુ તેટલા લાંબા કાળ દરમિયાન અને છેવટ આયુષ્યની પૂર્ણાહુતિ પ્રસંગે પણ પોતાની હદ ઉપરાંતની પૂર્વોક્ત મલિન પરિણતિનો પશ્ચાત્તાપ ન થયો અને આલોચના કર્યા સિવાય આયુષ્ય પૂર્ણ કરી સત્તરમા ભવે સાતમા શુક્ર દેવલોકમાં મહર્દ્ધિક દેવ તરીકે ઉત્પન્ન થયાં.

અભિમાનએ આત્માની પ્રવૃત્તિના પંથમાં ભયંકર પથ્થરની પ્રતિબંધક શિલા છે. વિનય ગુણના અમૃતનો વિનાશ કરે છે. અને અંતરંગ વિવેક ચક્ષુમાં અંધકાર પ્રગટ કરે છે. આવા અભિમાનને સુજ્ઞ માનવો એક ક્ષણ માટે પણ સ્થાન આપતા નથી.

# [૬]

## શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો
## અઢારમો ભવ 'ત્રિપૃષ્ઠ-વાસુદેવ'
## વિશ્વભૂતિના જીવનમાં અવનવા રંગો

વિશ્વભૂતિનો ભવ ગૃહસ્થાશ્રમ તેમજ સાધુજીવનની અપેક્ષાએ અવનવા રંગથી ભરેલો હતો, રાજકુળમાં રાજકુમાર તરીકે જન્મ, અદ્‌ભુત શારીરિક બલ, વડીલોના પક્ષપાતી જીવનની જાણ થતાં મનોમંદિરમાં વૈરાગ્યનો ઉદ્‌ભવ અને ચારિત્રગ્રહણ, સંયમી જીવનમાં જ્ઞાન-ધ્યાન સાથે માસક્ષમણ-માસક્ષમણ જેવી ઉગ્ર તપશ્ચર્યા, મથુરામાં પારણા પ્રસંગે ગોચરી માટે જતાં ગાયની હડફેટથી ભૂમિ ઉપર પડી જવાના અવસરે વિશાખાનન્દીએ કરેલો ઉપહાસ, એ ઉપહાસે જન્માવેલ વિશાખાનન્દી ઉપર વૈર વૃત્તિ અને ભવાંતરમાં બદલો લેવા માટે કરેલ નિયાણું, છેવટે આલોચના કર્યા સિવાય આયુષ્યની પૂર્ણાહુતિ તેમજ સાતમા શુક્ર દેવલોકમાં મહર્દ્ધિક દેવ તરીકે ઉત્પત્તિ, આ પ્રમાણે સોળમો ભવ વિશુદ્ધ અને સંક્લિષ્ટ પરિણામો તેમ જ શુભ-અશુભ પ્રવૃત્તિના ચિત્ર-વિચિત્ર ભાવોથી ભરપુર હતો.

### જીવોના બે પ્રકાર-ક્ષપિત કર્માંશ અને ગુણિત કર્માંશ

જે જીવાત્માઓને આજ સુધીમાં એકવાર પણ સમ્યગ્દર્શનજન્ય આત્મજ્ઞાન અને તે પહેલાંની ભૂમિકાઓ પ્રાપ્ત

થયેલ નથી તેવા આત્માઓને તો હજી વિકાસક્રમનો પ્રારંભ જ થયો નથી. આત્માઓ હજુ અજ્ઞાનના ઘોર અંધકારમાં અટવાઇ રહેલા હોય છે. ચરમપુદ્ગલપરાવર્ત, ધર્મક્રિયાની અભિરૂચિ, માર્ગાનુસારિતા, જિનવાણીનું શ્રવણ કરવા માટે અંતરનો પ્રેમ અને તેના ફળ સ્વરૂપે કષાયોની મંદતા સાથે સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ, આ બધી સંસારી જીવાત્માના વિકાસક્રમની પ્રાથમિક અવસ્થાઓ છે, એકવાર આત્માનો વિકાસ શરૂ થયા બાદ અમુક જીવાત્માઓ એવા પણ હોય છે કે જેનો ક્રમશઃ ઉત્તરોત્તર વિકાસ ચાલુ રહે છે, વિકાસનો પ્રારંભ થયા બાદ પ્રાયઃ તેમાં અવરોધ આવતો નથી અને એવું પણ બને છે કે જે ભવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તે જ ભવમાં ભાવ ચારિત્ર, ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ અને કેવળજ્ઞાન સાથે મોક્ષ પણ હાજર થાય છે. પણ આવી ઉત્તમ પરિસ્થિતિવાળા જીવો ઘણી અલ્પ સંખ્યામાં હોય છે. શાસ્ત્ર–સિદ્ધાંતોમાં બે પ્રકારના સંસારી જીવો વર્ણવ્યા છે. અમુક જીવો **क्षपितकर्मांश** વાળા હોય છે. જ્યારે અમુક જીવો **गुणितकर्मांश** વાળા હોય છે.

## આત્માનો આરોહ–અવરોહ અને ભવ્ય–અભવ્ય જીવો

ગમે તે જીવાયોનિમાં ઉત્પન્ન થયા બાદ સ્વાભાવિક રીતે જે આત્માઓને અન્ય જીવોની અપેક્ષાએ સહજ રીતે ઓછામાં ઓછું કર્મબંધન અને વધુ પ્રમાણમાં ( અકામ ) કર્મ નિર્જરાનો પ્રસંગ મળતો હોય એવા આત્માઓને **क्षपितकर्मांश** કહ્યા છે, અને જે આત્માઓ જે જે

જીવાયોનિમાં ઉત્પન્ન થાય ત્યાં વધુને વધુ કર્મબંધન કરવા સાથે ઓછામાં ઓછી કર્મનિર્જરા કરનારા હોય તેવા આત્માઓને **ગુણિતકર્માંશ** તરીકે સંબોધ્યા છે. આ બે પ્રકારના સંસારી જીવોમાં જે આત્માઓ **ક્ષપિતકર્માંશ** હોય છે તે આત્માઓનો એકવાર ગુણસ્થાનકની ભૂમિકા ઉપર આરોહ થયા બાદ પ્રાયઃ અવરોહ થવાનો સંભવ અલ્પ પ્રમાણમાં હોય છે, પરંતુ જે આત્માએ **ગુણિત-કર્માંશ** હોય છે તેઓને પ્રાથમિક આરોહ પ્રાપ્ત થવો એ જેમ અત્યંત મુશ્કેલ છે તે પ્રમાણે એકવાર આરોહ થયા બાદ આરોહમાં ને અવરોહમાં ટકી રહેવું તે તો અત્યન્ત મુશ્કેલ છે. માતા મરૂદેવા સરખા કોઇક જ ભવ્ય આત્માઓ પ્રથમ કક્ષામાં હોય છે, જ્યારે ભવ્યાત્માઓનો મોટો સમુદાય બીજા નંબરની કક્ષામાં હોય છે. અભવ્ય આત્માઓ માટે તો આરોહ કિંવા વિકાસનું સ્થાન જ નથી. એ અભવ્ય જીવો ભલે એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય, મનુષ્ય થાય કે તિર્યંચ થાય, દેવનો અવતાર પામે કે નારક તરીકે ઉત્પન્ન થાય, પરંતુ અંતરંગ દૃષ્ટિએ તે આત્માનો કોઇપણ કાળે વિકાસ થયો નથી અને ભાવિ કાળે થવાનો પણ નથી, અને એ કારણે જ તેમને અભવ્ય ગણવામાં આવ્યા છે. જીવત્વ અને અજીવત્વ જેમ અનાદિ પારિણામિક ભાવો છે તે પ્રમાણે ભવ્યત્વ અને અભવ્યત્વ એ પણ અનાદિ પારિમિણાક ભાવ છે. જીવ એ ત્રણેય કાળમાં જીવ જ છે,

અજીવ એ ત્રણેય કાળમાં અજીવ જ છે તેમ ભવ્ય કોઈ પણ કાળે અભવ્ય ન થાય અને અભવ્ય કોઈપણ કાળે ભવ્ય ન થાય. જૈન દર્શનનો આ સનાતન સિદ્ધાંત છે.

## ગુણસ્થાનકોમાં આરોહ-અવરોહ

નયસારના ભવમાં ભગવાન મહાવીર દેવના આત્માને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી મરિચિનો ભવ, વિશ્વભૂતિ મુનિનો ભવ વગેરે ભવોમાં આત્માના વિકાસક્રમની અપેક્ષાએ આરોહ-અવરોહની પરિસ્થિતિ ચાલુ રહેલ છે. એક બાજુથી રાજ્યવૈભવનો પરિત્યાગ કરવા સાથે સંયમનો સ્વીકાર અને ઉગ્રતપોમય જીવનમાં કેવો ઉચ્ચ કક્ષાનો આત્મિક વિકાસ, એ જ સંયમીજીવનમાં જરા પોતાના ઉપહાસનો પ્રસંગ પ્રાપ્ત થતાં અહંભાવના કારણે નિયાણું બાંધવા જેવી ક્યાં આત્માના અવરોહની એકદમ અધોગામી દશા? **कत्थइ बलियं कम्म कत्थइ बलिओ आया।** કોઈવાર કર્મ-સત્તા બલવાન બને છે, અને કોઈવાર આત્મસત્તા બલવાન બને છે,' એ શાસ્ત્રીય વાક્યોનો આવા આરોહ-અવરોહ ભર્યા જીવનપ્રસંગથી સ્પષ્ટ ખ્યાલ આવે છે. સાતમા ગુણ-સ્થાનથી ઉપરના સર્વ ગુણસ્થાનોમાં ક્ષપકશ્રેણિની અપેક્ષાએ આત્મા માટે કેવળ આરોહની જ અવસ્થા હોય છે. અભવ્ય અને દુર્ભવ્ય તેમ જ જાતિભવ્યો માટે સદાય અવરોહની અવસ્થા હોય છે, અને આસન્નભવ્યને પ્રથમ ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાન સુધી, અપેક્ષાએ સાતમા ગુણસ્થાન સુધી આરોહ-અવરોહ એમ ઉભય પ્રકારની પ્રાયઃ અવસ્થા હોય છે.

## દ્રવ્યપાપ અને ભાવપાપની વિચારણા

વિશ્વભૂતિમુનિ આયુષ્ય પૂર્ણ થયે વૈમાનિક નિકાયના બાર દેવલોક પૈકી સાતમા દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા અને દેવલોકમાં દેવભવનું આયુષ્ય પૂર્ણ થયા બાદ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં પોતનપુર નગરના પ્રજાપતિરાજાની મૃગાવતી રાણીની કુક્ષિથી, ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે તેમનો જન્મ થયો. વિશ્વભૂતિ મુનિના ભવમાં ભગવાન મહાવીર પ્રભુના આત્માએ જે નિયાણું કરેલું હતું, કે-'મારા ચારિત્ર-પર્યાયમાં મેં જે કાંઈ તપશ્ચર્યા વગેરે ધર્મારાધન કરેલ છે તેનાં ફલ તરીકે મારા દિલમાં એક જ અભિલાષા છે કે–હવે પછી પ્રાપ્ત થનારા મનુષ્યભવમાં હું અત્યંત બલવાન બનું અને એ બળ વડે વિશાખાનંદીનાં ઉપહાસનો બદલો લઈ શકું.' ધર્મ જો ધર્મબુદ્ધિથી થાય તો એ ધર્મ અનન્તર-પણે કે પરંપરપણે આત્માને મોક્ષે પહોંચાડે છે, પરંતુ એ જ ધર્મ, ધર્મબુદ્ધિને બદલે ધન–દોલત–શારીરિક બલ, વગેરે ભૌતિક સુખની બુદ્ધિથી જ થાય, અથવા ધર્મપ્રવૃત્તિ કર્યા બાદ તેના ફલ તરીકે એકાંતે ભૌતિક સુખની જ ભાવના જો પ્રગટે તો અમુક સમય સુધી એકવાર ભૌતિક સુખની પ્રાપ્તિ તો આરાધેલા ધર્મના પ્રભાવે અવશ્ય થઇ જાય છે, પરંતુ પરિણામે એ ભૌતિક સુખની પાછળ આત્માનું ઉભય પ્રકારે અધઃપતન થાય છે. વિશ્વભૂતિ મુનિના ભવમાં કરેલી સંયમ અને તપોધર્મની જે આરાધના આત્માને અલ્પ સમયમાં અનંતનું પ્રભુત્વ પ્રાપ્ત કરાવનારી હતી તે આરાધ-નાની પાછળ તેવા પ્રકારની ભવિતવ્યતાના યોગે એકાંત

ભૌતિક સુખના અભિલાષાથી ભરપુર નિયાણાંની વૃત્તિ પ્રગટ થતાં મોહનું પ્રાબલ્ય ખૂબ વૃદ્ધિ પામ્યું.

અઢાર પાપસ્થાનકો પૈકી પ્રથમનાં હિંસા, અસત્ય, ચોરી મૈથુન વગેરે પાંચ દ્રવ્ય પાપો છે, પણ ત્યાર પછીના ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરે પાપસ્થાનકોમાં ભાવ-પાપની પ્રધાનતા છે. જીવનમાં જેટલું દ્રવ્યપાપનું જોર તેટલા પ્રમાણમાં અઘાતી કર્મની અશુભ પ્રકૃતિઓ (પાપ પ્રકૃતિઓ) નો આત્માને બંધ થાય, અને જેટલું રાગ-દ્વેષ, વૈરવૃત્તિ, વગેરે ભાવપાપનું પ્રાબલ્ય તેટલા પ્રમાણમાં મોહનીય વગેરે ઘાતીકર્મનો તીવ્ર બંધ થાય અને તેનાં ફળ સ્વરૂપે ભાવિ-કાળે આત્માનું અધઃપતન થતું જાય. જીવનમાં નિયાણાની વૃત્તિ પ્રગટ થવી એ પણ એક પ્રકારનું પ્રબલ ભાવપાપ છે. નિયાણું કરવા પહેલાં અને નિયાણું કર્યા બાદ વિશ્વભૂતિ મુનિ પંચમહાવ્રતધારી હોવાથી હિંસા-અસત્ય-વગેરે દ્રવ્ય-પાપનો તેમના જીવનમાં લગભગ અભાવ છે, અને તેના કારણે દ્રવ્યપુન્યનું જોર હોવાથી સત્તરમા ભવે સાતમું સ્વર્ગલોક અને અઢારમાં ભવે ત્રિપૃષ્ઠ વાસુદેવનો ભવ પ્રાપ્ત કરે છે. **જીવનમાં જેટલો જેટલો દ્રવ્ય પાપનો ત્યાગ તેટલો તેટલો દ્રવ્યધર્મ અને તેના ફલસ્વરૂપે પુન્યોદયના કારણે તેટલા પ્રમાણમાં સ્વર્ગાદિ બાહ્ય સુખની પ્રાપ્તિ થાય, તે જ પ્રમાણે જીવનમાં જેટલા અંશે ભાવ પાપનો ત્યાગ તેટલે અંશે ભાવ ધર્મ અને તેના પ્રભાવે આત્માને સમ્યગ્દર્શન, વગેરે અભ્યન્તર ગુણોની અનુકૂલતા પ્રગટ થાય છે.**

## ત્રિષષ્ટિ શલાકા પુરૂષો

અઢીદ્વીપમાં ૫, ભરત ૫, ઐરવત અને ૫, મહાવિદેહ એમ કર્મભૂમિના ક્ષેત્રો ૧૫ છે. એ પંદર કર્મભૂમિઓ પૈકી પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં તીર્થંકર, ચક્રવર્તી વગેરે શલાકા પુરૂષોનો વિરહકાળ નથી. પરંતુ પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રોમાં કાળચક્રનું પરિવર્તન હોવાના કારણે તીર્થંકર, ચક્રવર્તી વગેરે ઉત્તમ પુરુષોનો સદાય સદ્ભાવ નથી હોતો, અવસર્પિણીમાં તૃતીય આરાના પર્યંત ભાગથી ચતુર્થ આરાના પર્યંત ભાગ સુધીમાં અને ઉત્સર્પિણીમાં તૃતીય આરાના પ્રારંભથી ચતુર્થ આરાના પ્રારંભ પછી અમુક કાળ સુધીમા ચોવીશ તીર્થંકરો, બાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિ વાસુદેવ અને નવ બલદેવ એમ ત્રેસઠ શલાકા પુરુષો શાસ્ત્રોક્ત મર્યાદા પ્રમાણે અવશ્ય થાય છે.

## તીર્થંકરો અને ચક્રવર્તીઓ

તેમાં તીર્થંકર ભગવંતો ધર્મતીર્થના પ્રવર્તક, મહાગોપ, મહાનિર્યામક, મહા માહણ, મહા સાર્થવાહ યાવત્ ધર્મચક્રવર્તી હોય છે. તીર્થંકરે પ્રવર્તાવેલા ધર્મતીર્થના આલંબનથી અસંખ્ય આત્માઓ મુક્તિસુખના અધિકારી બને છે. તીર્થંકર ભગવંતો પોતે પણ આયુષ્ય પૂર્ણ થયે નિર્વાણપદ પ્રાપ્ત કરે છે. અશોક વૃક્ષ વગેરે અષ્ટ મહાપ્રતિહાર્યો, ઇત્યાદિ બાહ્ય અભ્યંતર ઐશ્વર્ય એ તીર્થંકર દેવો સિવાય કોઈને પણ સંભવતુ નથી, અને એ કારણે જ એ ભગવંતોને **ધર્મદેવ** ગણવામાં આવ્યા છે. **ચક્રવર્તીઓ** માનવગણનાં

ઇન્દ્ર અથવા નરદેવ તરીકે ગણાય છે. છ ખંડનું ઐશ્વર્ય તેમને પ્રાપ્ત થયેલ હોય છે. બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓ ચક્રવર્તીની આજ્ઞાને આધીન હોય છે. ચૌદ રત્ન અને નવ-નિધાનની પુન્યોદયથી તેમને પ્રાપ્તિ થાય છે. હજારો યક્ષ-દેવો ચક્રવર્તીની સેવામાં હાજર રહે છે. આ અપૂર્વ વૈભવ પ્રાપ્ત થયા પછી જે ચક્રવર્તીઓ વૈરાગ્યવાસિત બની ચારિત્ર ગ્રહણ કરે છે તે મહાનુભાવો મોક્ષ અથવા સ્વર્ગ-લોકને પ્રાપ્ત કરે છે, પણ જે ચક્રવર્તીઓ પાપાનુબંધી પુન્યોદયવાળા હોવાથી વિષયકષાયની તીવ્રતાનાં કારણે વૈરાગ્ય રંગથી વંચિત રહે છે, તે ચક્રવર્તીઓ આયુષ્ય પૂર્ણ કરી નરક ગતિના અધિકારી થાય છે. આ અવસર્પિણી કાળે ભરત ક્ષેત્રમાં થયેલા ભરત વગેરે બાર ચક્રવર્તીઓમાંથી આઠ મોક્ષે ગયા છે. બે સ્વર્ગલોકમાં ગયા છે અને સુભૂમ તથા બ્રહ્મદત્ત બન્ને ચક્રવર્તીઓ સાતમી નરકે પહોંચ્યા છે.

## વાસુદેવો તથા પ્રતિવાસુદેવો અને બળદેવો

વાસુદેવો નિશ્ચિતપણે પૂર્વભવમાં નિયાણું કરીને જ વાસુદેવપણું પ્રાપ્ત કરે છે, અને વાસુદેવપણામાં અનેક દુષ્કર્મો કરવા દ્વારા નરકગતિમાં જ જાય છે. વાસુદેવોને નરકગતિ સિવાય બીજી ગતિનો અભાવ હોય છે. પ્રતિ-વાસુદેવ અનેક રણસંગ્રામો વગેરે કરીને ત્રણ ખંડનું સામ્રાજ્ય ભેગું કરે, દરમિયાન વાસુદેવનો તે પ્રદેશમાં જન્મ થાય, યોગ્ય વયે વાસુદેવ પ્રતિવાસુદેવનો વધ કરી તેના

ત્રિખંડ સામ્રાજ્યનો ભોક્તા બને, સોળ હજાર સામંત-રાજાઓ તેની આજ્ઞાને શિરોમાન્ય કરનારા હોય, સાત રત્નની પણ તેમને પ્રાપ્તિ થાય. તે કાળના માનવીઓમાં સર્વથી વધુ કાયાબલ તેમને વર્તતું હોય અને બધી ભોગોપભોગની સામગ્રી પાછળ મસ્ત બની અનેક પ્રકારના પાપાચરણો સેવી નરકમાં ચાલ્યા જાય. વાસુદેવો માટે શાસ્ત્રકથન આ પ્રમાણે છે. પ્રતિવાસુદેવ અને વાસુદેવ બંને પરસ્પર પૂર્વ જન્મના અવશ્ય વૈરી હોય છે. પ્રતિવાસુદેવ પોતાની શકિતથી વર્ષો પર્યંત અનેક પ્રકારની જહેમત ઉઠાવી ત્રણ ખંડનું ઐશ્વર્ય ભેગું કરે, પણ પોતાને એ ઐશ્વર્યનો ભોગવટો કરવાનો સમય આવે તે પહેલાં જ યૌવનવયે પહોંચેલા વાસુદેવ ગમે તે કારણે પ્રતિવાસુદેવ સાથે રણસંગ્રામ કરી, તેના ચક્રવડે તેનો શિરચ્છેદ કરી, પ્રતિવાસુદેવને યમસદનનો અતિથિ બનાવે. અને રૌદ્રધ્યાનમાં પરવશ બનેલો પ્રતિવાસુદેવ નરકગતિમાં ચાલ્યો જાય. બલદેવ અને વાસુદેવ બંને સગા ભાઈ હોય. બંનેનાં પિતા એક, પણ માતાઓ જુદી જુદી હોય, એમ છતાં બંને-ભાઈઓમાં અનન્ય સ્નેહસંબંધ વર્તતો હોય એકબીજા એકબીજા વિના રહી ન શકે એટલી પરસ્પર પ્રીતિ હોય પરંતુ બંનેના અંતરંગ જીવનમાં આભ-જમીનનું અંતર હોય છે. વાસુદેવનું જીવન જેટલું પાપમાં પરાયણ હોય છે, તેટલું જ બલદેવનું જીવન ધર્મપરાયણ હોય છે. એટલું જ નહિં, પણ અવસરે બલદેવનો આત્મા વૈરાગ્યરંગથી રંગાય છે અને દીક્ષા ગ્રહણ કરે છે. જ્ઞાન, ધ્યાન અને સંયમતપની આરાધના કરી સકલકર્મનો

ક્ષય કરવા દ્વારા મોક્ષે જાય અથવા છેવટે વૈમાનિક નિકાયમાં સ્વર્ગલોકના અધિકારી થાય છે. પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રોમાં પ્રત્યેક અવસર્પિણી દરમિયાન ઉપર જણાવ્યા પ્રમાણે ત્રેસઠ શલાકા પુરુષો થાય. આ ત્રેસઠ શલાકા પુરુષો પૈકી ચોવીસ તીર્થંકર દેવો તો નિશ્ચિતપણે તે જ ભવમાં મુક્તિગામી હોય છે, બાકીના બાર ચક્રવર્તીઓ, નવ વાસુદેવો, નવ પ્રતિવાસુદેવો અને નવ બલદેવો પૈકી ઉપર જણાવ્યા મુજબ કોઇ મુક્તિમાં, કોઈ સ્વર્ગમાં અને કોઈ નરકમાં જાય છે. એમ છતાં સ્વર્ગ અને નરકમાં જનારા એ આત્માઓ અમુક ભવો બાદ છેવટે તો અવશ્ય મોક્ષગામી જ હોય છે.

## પુત્રીની સાથે જ પિતાએ કરેલ ગાંધર્વ-લગ્ન

ભગવાન મહાવીર પ્રભુનો આત્મા સત્તરમાં ભવે શુક્ર દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી આ ભરતમાં પોતનપુર નગરના રાજા પ્રજાપતિની રાણી મૃગાવતીની કુક્ષિથી પુત્ર તરીકે જન્મ પામ્યા, પુત્રનો આત્મા માતાની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયો ત્યારે માતાને સાત મહાસ્વપ્નો આવ્યાં હતાં. અરિહંત અથવા ચવક્રતીંની માતા ચૌદ મહાસ્વપ્નને જોઇને જેમ જાગૃત થાય છે, તેમ વાસુદેવની માતા સાત મહાસ્વપ્નને જોઇને જાગે છે. પોતનપુરનાં રાજાને બે રાણીઓ હતી. એકનું નામ ભદ્રા, અને બીજીનું નામ મૃગાવતી. ભદ્રા એ વિશિષ્ટ રાજકુલની કન્યા હતી અને રાજા પ્રજાપતિ સાથે યોગ્ય સમયે પાણિગ્રહણ થયા બાદ સંસાર સુખ ભોગવતાં એક

પુત્ર અને એક પુત્રીનો અનુક્રમે રાણી ભદ્રાએ જન્મ આપ્યો હતો. પુત્રનું નામ અચલકુમાર હતું અને તે બલદેવ તરીકે જન્મ્યા હતા. તેમજ પુત્રીનું નામ મૃગાવતી હતું અને તેનું ભવિષ્યમાં પોતાનાં જ પિતા સાથે ગાંધર્વ લગ્ન થતાં એક વખતની પુત્રી પછીનાં સમયમાં રાજાની રાણી બની હતી. પ્રસંગ એવો બન્યો કે પુત્રી મૃગાવતી યૌવનના આંગણામાં પ્રવેશ કરતાં તેના સર્વ અંગો સંપૂર્ણ કલાએ ખીલી ઉઠયાં. રાજકુલમાં જન્મ,રૂપ-લાવણ્યની સુંદર સંપત્તિ અને યૌવનના કારણે અંગોપાંગનાં વિકાસ તરફ દૃષ્ટિ જતાં કોઈ વધુ પડતા પાપોદયે રાજાના હૈયામાં વિકારી વૃત્તિ પ્રગટ થઈ, પણ પુત્રી સાથે પાણિગ્રહણનો પ્રસંગ બને શી રીતે? આ વિચારણાએ રાજાને મુંઝવણમાં મુક્યા. બુદ્ધિનો દુરૂપયોગ પણ થાય અને સદુપયોગ પણ થાય. રાજાએ બુદ્ધિનો દુરૂપયોગ કરવાનું નક્કી કરી એક અવસરે રાજસભામાં હાજર રહેલા મંત્રીઓ, સામંતો તેમજ પ્રજાજનોને સંબોધીને પ્રશ્ન કર્યો કે- 'રાજ્ય મહેલમાં જે રત્નની ઉત્પત્તિ થાય તેની માલિકી કોની?' રાજાના કથનમાં ક્યાં કપટ રહેલું છે? તે સરલ આશયવાળા મંત્રીઓ વગેરે ન સમજી શક્યા અને બધાય એક સાથે બોલી ઉઠ્યા કે-'એમાં પૂછવાનું શું હોય! રાજ્યમહેલમાં ઉત્પન્ન થયેલ રત્નની માલિકી રાજાજીની જ હોય.' મંત્રીઓ વગેરેને કપટકલાથી વચનબદ્ધ કરીને સર્વ કોઈને ઘૃણા ઉપજે તેવું પુત્રી સાથે

ગાંધર્વ લગ્નનું રાજાએ તુરત અઘટિત કાર્ય કર્યું. રાજાનું મુખ્યનામ તો રિપુપ્રતિશત્રુ હતું, પણ પોતાની જ પુત્રી સાથે આવું અઘટિત કાર્ય થતાં નગરજનોએ પોતાની જ પુત્રી રૂપી પ્રજાના પતિ બનવાના કારણે પ્રજાપતિ એવું નામ સ્થાપન કર્યું, અને એ મૃગાવતીની સાથે સાંસારિક સુખ ભોગવતાં રાજા પ્રજાપતિને ત્યાં આપણા શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો આત્મા ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે ઉત્પન્ન થયો. કર્મની કેવી અકળ ગતિ છે ? મોહ મહારાજાની કેવી અજબ લીલાઓ છે ? તે માટે આવા પ્રસંગો એ પ્રત્યક્ષ પ્રમાણો છે.

## પૂ. જુગદિવાકરની ધર્મવાણી

ઓછી કે વધુ વિષયવાસના વિષ કરતાં પણ વધુ ભયંકર છે. વિષ તો શરીરમાં પ્રસરે તો જ તે વ્યકિતને–પ્રાણને નુકશાન પહોંચાડે છે. જ્યારે વાસનાનું તો સ્મરણ થાય તો પણ આત્માનું અત્યંત અહિત થાય છે. આના કારણે પરમબ્રહ્મના પ્રધાન કારણ તરીકે ત્રિકરણ યોગથી બ્રહ્મચર્યનું પાલન કરવા માટે સદા તૈયાર રહેવું જાઇએ. અને ચતુર્થ મૈથુન નામના પાપસ્થાનકથી નિરંતર બચવું જોઈએ.

# [ ૭ ]

## શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો
## અઢારમો ભવ-ત્રિપૃષ્ઠ વાસુદેવ

### સંસારી જીવોમાં સ્ત્રી-પુરુષ અને નપુંસકના વિભાગો

સંસારમાં વર્તતા પ્રત્યેક જીવાત્માઓ ચૈતન્યધર્મની અપેક્ષાએ સમાન હોવાથી એક પ્રકારના છે. ત્રસ અને સ્થાવરની અપેક્ષાએ બે પ્રકારે છે, અને સ્ત્રી, પુરુષ તથા નપુંસક (નરજાતિ, નારીજાતિ અને નાન્યતરજાતિ)ની અપેક્ષાએ ત્રણ પ્રકારના છે. સ્ત્રી, પુરુષ અને નપુંસકમાં લિંગ અને વેદની અપેક્ષાએ બે બે પ્રકાર છે. શરીરના અંગોપાંગો સ્ત્રી સંબંધી હોય તો તે સ્ત્રીલિંગ, શરીરનાં અવયવો પુરુષ યોગ્ય હોય તો તે પુરુષલિંગ અને શરીરના અમુક અંગોપાંગો સ્ત્રીસંબંધી અને અમુક અંગોપાંગો પુરુષસંબંધી હોય તો તે નપુંસકલિંગ કહેવાય છે. પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ–વનસ્પતિમાં જ્યાં સુધી ચૈતન્ય છે. ત્યાં સુધી તે બધાય નપુંસકલિંગી છે. બે ઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય પણ પ્રત્યેક નપુંસકલિંગી છે. નરકમાં વર્તતા સર્વ નારકો નપુંસક છે. મનુષ્ય તેમજ પશુપક્ષી વગેરે તિર્યંચોમાં સ્ત્રી પુરુષ અને નપુંસક એમ ત્રણેય લિંગ હોય છે, તેમજ સ્વર્ગમાં સ્ત્રી અને પુરુષ (દેવ દેવી) એમ બે

જ લિંગ છે પણ કોઈ નપુંસકલિંગી નથી. આ પ્રમાણે સર્વ સંસારી જીવોમાં શરીરની આકૃતિ કિંવા અંગોપાંગોની અપેક્ષાએ લિંગ વ્યવસ્થા અનંત જ્ઞાનીઓએ વર્ણવી છે. વ્યવહારમાં પૃથ્વી કેવી, પાણી કેવું, પવન કેવો, કીડી કેવી, મંકોડો કેવો આમ અનેક રીતે તે તે જીવાત્માઓ માટે નરજાતિ, નારીજાતિ અને નાન્યતરજાતિ રૂપે ગુજરાતી વગેરે ભાષામાં શબ્દપ્રયોગો થાય છે, પરંતુ એ પ્રયોગો સ્થૂલ અથવા ઔપચારિક છે. વાસ્તવિક દૃષ્ટિએ સચેતન પૃથ્વી, પાણી વગેરે એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીનાં સર્વ જીવાત્માઓ નપુંસક–નાન્યતર જાતિવાળા છે, અને તે કારણે જ અંગ્રેજી ભાષામાં તે પ્રાણીઓ માટે Her અને Hisનો પ્રયોગ ન કરતાં it નો પ્રયોગ કરવામાં આવે છે.

## લિંગ અને વેદમાં તફાવત

શરીરની આકૃતિ એ ભિન્ન વસ્તુ છે, અને વાસના એ ભિન્ન વસ્તુ છે. શરીરની આકૃતિ અને વાસનાને મુખ્ય સંબંધ નથી, કર્મના મુખ્ય આઠ પ્રકારો પૈકી શરીરની આકૃતિ અથવા સ્ત્રીપુરુષ નપુંસક યોગ્ય અંગોપાંગોની પ્રાપ્તિ નામ કર્મજન્ય અને વાસના અથવા વેદોદય મોહનીય કર્મજન્ય છે. મોહનીય કર્મનાં દર્શનમોહ, ચારિત્રમોહ એ બે વિભાગો પૈકી ચારિત્રમોહનાં પુનઃ બે વિભાગ છે. ૧. કષાયમોહ અને ૨ નોકષાય મોહ, એમાં નોકષાય મોહના નવ પ્રકારોમાં સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એમ ત્રણ પ્રકારો છે. કર્મોદયના કારણે વાસનાની ક્ષણિક નિવૃત્તિ માટે પુરુષ સંગની

અભિલાષા જાગૃત થાય તે સ્રીવેદ. જે કર્મોદયજન્ય વાસનાની નિવૃત્તિ માટે સ્ત્રી સંગની અભિલાષા થાય તે પુરુષવેદ, અને જે કર્મોદયજન્ય તીવ્ર વાસનાની તૃપ્તિના કારણે સ્ત્રી –પુરૂષ ઉભયનાં સંગનો અભિલાષ થાય તે નપુંસકવેદ છે. પુરુષવેદજન્ય વાસના દેખાવમાં કોઇ વાર મંદ અથવા કોઈ ક્વાર તીવ્ર હોય, પરંતુ તેનો કાળ અલ્પ હોય છે. સ્રીવેદજન્ય વાસના પુરુષવેદની અપેક્ષાએ વધુ તીવ્ર અને તેનો કાળ વધુ હોય અર્થાત્ વાસનાની નિવૃત્તિ લાંબા કાળે થાય છે. તેમ જ નપુંસકવેદજન્ય વાસના અત્યન્ત તીવ્ર હોય છે એને વાસનાની નિવૃત્તિ હોય નહિ. કદાચ નિવૃત્તિ જેવું ઉપલક દષ્ટિએ લાગે પણ અંતરંગ દષ્ટિએ તો વાસનાનો પ્રબળ અગ્નિ ભરેલો જ હોય, પુરુષવેદજન્ય વાસના ઘાસના ભડકા સમાન, સ્ત્રીવેદજન્ય વાસના છાણા અથવા બકરાની લીંડીના અગ્નિ સમાન અને નપુંસકવેદજન્ય વાસના નગરમાં લાગેલા પ્રચંડ અગ્નિ સમાન જ્ઞાનીઓએ શાસ્ત્રોમાં વર્ણવેલ છે.

## લિંગમાં સ્ત્રી છતાં વેદમાં પુરુષવેદ વગેરે

શરીરનાં અંગોપાંગોનો આકાર પુરુષનો હોવા છતાં તેને વાસનામાં પુરુષવેદ જ હોય એવો નિયમ નથી. આકૃતિમાં પુરુષ છતાં વાસનામાં પુરુષ–સ્ત્રી યાવત્ નપુંસકવેદજન્ય મંદતીવ્ર–તીવ્રતર વાસનાઓ હોય છે. અને યાવત્ અવેદી અર્થાત્ સર્વથા વાસનારહિતપણું પણ પ્રાપ્ત થઈ શકે છે. એ પ્રમાણે શરીરની આકૃતિ સ્ત્રી તેમ જ નપુંસકની

હોવાં છતાં વાસનામાં પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદજન્ય મંદ–તીવ્ર–તીવ્રતરપણું હોય છે અને સ્ત્રી તથા કૃત્રિમ નપુંસક યોગ્ય શરીરનો આકાર, હોવા છતાં સંપૂર્ણતયા નિર્વેદી–નિર્વિકારી થઇ તે આત્માઓ મુક્તિના અધિકારી બની શકે છે. પુરુષવેદજન્ય વાસના સર્વથી મંદ છે. સ્ત્રીવેદ જન્યવાસના તેથી વધુ તીવ્ર છે અને નપુંસકવેદજન્ય વાસના અત્યન્ત તીવ્ર છે.

## પાણિગ્રહણનો આદર્શ

લિંગ અને વેદ તેમજ વેદોદયજન્ય વાસનાની તીવ્રતા-મંદતાનું પ્રાસંગિક નિરૂપણ જે અહીં કરવામાં આવ્યું છે તેનું મુખ્ય કારણ ત્રિપૃષ્ઠ વાસુદેવનાં પિતા રાજા પ્રજાપતિનો પોતાની પુત્રી સાથે જ ગાન્ધર્વ લગ્નનો વિચિત્ર પ્રસંગ છે આવા પ્રસંગોમાં કોઈક અપવાદને બાદ કરતાં બહુલતાએ વાસનાની અત્યન્ત તીવ્રતા જ મોટો ભાગ ભજવનારી હોય છે, કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રસૂરિજી જેવા સમર્થ મહાપુરુષોએ રચેલા યોગશાસ્ત્ર વગેરે માન્ય-ગ્રંથોમાં માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો પૈકી બીજા ગુણના વિવેચન પ્રસંગે **कुलशीलसमैः सार्द्धं कृतोद्वाहोऽन्यगोत्रजैः** આ આ અર્ધા શ્લોકદ્વારા થોડા શબ્દો પણ પાણિગ્રહણ કોની સાથે કોનું કરવું ? તેની સ્પષ્ટ વ્યવસ્થા જણાવેલ છે. પાણિગ્રહણ કરનાર સ્ત્રી અને પુરુષ બન્નેના 'કુળની સમાનતા તેમજ શીલ અર્થાત્ આચારધર્મની સમાનતા તથા બન્નેના ગોત્રનું ભિન્નભિન્નપણું" આટલી બાબત મુખ્યત્વે

હોવાનું એ શ્લોકાર્ધમાં સ્પષ્ટ દિગ્દર્શન કરવામાં આવેલ છે. **ગૃહસ્થાશ્રમમાં પાણિગ્રહણનો પ્રસંગ એ વાસનાના પોષણ** દ્વારા આત્માને અધોગતિનો અધિકારી બનાવવાનો ક્ષુદ્ર પ્રસંગ નથી, પરંતુ સર્વોત્કૃષ્ટ માનવ જીવન પ્રાપ્ત થયા બાદ બાલ્યવયથી જીવનપર્યંત ત્રિકરણયોગે પવિત્ર બ્રહ્મચર્યનું પાલન જ મહાનુભાવ માટે અશક્ય હોય તે મહાનુભાવ પૂર્વોક્ત રીતે પાણિગ્રહણ લગ્ન કરવા દ્વારા જીવનમાં વધુને વધુ સંયમ રાખવા સાથે મર્યાદિત બ્રહ્મચર્યનું પાલન કરી શકે અને આત્માને ઉર્ધ્વગામી બનાવી શકે તે માટે છે, એ બધું ત્યારે જ બની શકે કે જ્યારે ત્રિકાલદર્શી ઋષિમુનિઓએ ફરમાવેલાં વચનામૃતોને અમલમાં મૂકવામાં આવે. વર્તમાનકાળે તો સ્નેહલગ્ન, આંતરજાતીય-લગ્ન વગેરે મોહક શબ્દોના ઓઠા નીચે મહર્ષિઓનાં વચનામૃતોનો કેવો અનાદર થાય છે અને ભારતની પવિત્ર સંસ્કૃતિમાં કેટલું પરિવર્તન થયું છે ! તે સુજ્ઞ મહાનુભાવોથી અજ્ઞાત નથી.

## જાતિ અને કુળ ઉપર આત્માના ઉત્કર્ષનો આધાર

બીજી મુદ્દાની બાબત એ ધ્યાનમાં રાખવાની છે કે આત્માના અંતરંગ વિકાસનો પ્રાથમિક આધાર **जातिसंपन्नता** અને **कुलसंपन्नता** છે. દીક્ષા ગ્રહણ કરનાર મુમુક્ષુ આત્માના ગુણોનું વર્ણન કરવા પ્રસંગે શાસ્ત્રકાર ભગવાન હરિભદ્રસૂરિ મહારાજાએ **जातिसंपन्नता, कुलसंपन्नता** વગેરે ગુણોને પ્રથમ સ્થાન આપેલ છે. માતાના પક્ષને કુળમાં ગણવામાં

આવે છે. એ બન્ને પક્ષની જેટલી વિશુદ્ધિ તેટલી તે માતા-પિતાના સંતાનને પોતાના ઉત્કર્ષ માટે વધુ અનુકૂળતા, અને તે ઉભય પક્ષની જેટલી વિકૃતિ તે માતાપિતાના સંતાનને પોતાના વિકાસ માટે તેટલી અનુકૂળતાનો અભાવ. આ વિષય પરત્વે આપણી ભારતીય સંસ્કૃતિના અનેક ગ્રંથોમાં સંખ્યાબંધ દૃષ્ટાંતો મળી આવે છે.

## ત્રિપૃષ્ઠ વાસુદેવને પાપાનુબંધી પુણ્ય

ભગવાન મહાવીર પ્રભુ સકલ કર્મનો ક્ષય કરી મહાવીરના ભવમાં નિર્વાણપદ પામ્યા, તે પહેલાં કર્મોદયના કારણે ભગવંતના આત્માને જુદી જુદી ગતિમાં વિવિધ સ્થળે જન્મ ધારણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય એ બરાબર છે. એમ છતાં પોતાના પિતા સાથે પાણિગ્રહણ કરનાર મૃગાવતીની કુક્ષિથી પ્રભુના આત્માનો જન્મ થવો એમાં પ્રભુના પુણ્યાનુબંધી પુણ્યનો અભાવ ગણવામાં આવે તો એ અવાસ્તવિક નથી. પિતાને પુત્રીના રૂપલાવણ્ય ઉપર પોતાના પાપોદયથી તીવ્ર મોહ જાગ્યો, પણ પુત્રીના શીલ અને સદાચારના સંસ્કારોની મક્કમતા હોત તો પ્રાણનાં ભોગે એ સંસ્કારોનું સંરક્ષણ થાત, પરંતુ પિતાના અંતરમાં પુત્રી તરફ વિકારી મોહનું પ્રાબલ્ય અને પુત્રીના દિલમાં આર્યસંસ્કૃતિનું શૈથિલ્ય, એમ પિતા પુત્રીની અપ્રશસ્ત પરિસ્થિતિ હોવાને કારણે ઉભય વ્યક્તિઓ વચ્ચે પાણિગ્રહણનો પ્રસંગ બન્યો. અને એવા સંસ્કારવિહોણા માતા-પિતાને ત્યાં જન્મ લેનાર પુત્રના પુણ્યાનુબંધી પુણ્યની ન્યૂનતા

કહેવાય. તો તે શાસ્ત્ર દૃષ્ટિએ યોગ્ય ગણાય. રાજ રાજેશ્વરનું ઐશ્વર્ય માનવ જીવનમાં મળી જાય એટલા માત્રથી એ સાચું પુણ્ય (પુણ્યાનુંબંધી પુણ્ય) નથી, પરંતુ એ ઐશ્વર્ય મળવા સાથે વિશુદ્ધ જાતિ અને કુળની પ્રાપ્તિ તેમજ આત્માનો ઉત્કર્ષ થાય તો જ એ વાસ્તવિક પુણ્ય કરી શકાય વાસુદેવનો ભવ એ નિયાણ પૂર્વકનો જ હોય, અને નિયાણું એટલે પાપાનુબંધી પુણ્યનું જ કારણ ગણાય. આ સંજોગોમાં ભગવાન મહાવીર પ્રભુનો આત્મા પણ વિશ્વભૂતિનાં ભવમાં કરેલા નિયાણાનાં પ્રભાવે પિતા સાથે પાણિગ્રહણ કરનાર મૃગાવતી રાણીની કુક્ષીથી પુત્ર તરીકે ઉત્પન્ન થાય એમાં આશ્ચર્ય નથી.

## બલદેવ અચલકુમારને પુણ્યાનુબંધી પુણ્ય

ત્રિપૃષ્ઠકુમારના વડીલ બંધુનું નામ અચલકુમાર છે અને તેમની માતાનું નામ ભદ્રા છે. ભદ્રા રાણી પણ પ્રજાપતિરાજાની જ અર્ધાંગના છતાં કુલીન બાળા છે, અને એવી કુલીન બાળાની કુક્ષિથી અચલકુમારનો જન્મ થવો એ એમના પુણ્યાનુબંધી પુણ્યનું પરિબળ છે. વાસુદેવ જેમ પાપાનુબંધી પુણ્યવાન આત્મા છે અને નરકગતિના અધિકારી હોય છે, તેથી જ ઊલટું બલદેવ પુણ્યાનુબંધી પુણ્યના અધિકારી હોવા સાથે સ્વર્ગ અથવા મોક્ષના અધિકારી હોય છે. અંતરંગજીવન વાસુદેવ અને બલદેવ પરસ્પર વિરુદ્ધ છતાં બાહ્યજીવનમાં એ બન્ને બાંધવ બેલડીનો પરસ્પર

બંધુસ્નેહ અવર્ણનીય હોય છે. હરકોઈ કાર્યમાં પ્રાયઃ બન્ને બંધુઓ સામે ભાગ લેનારા હોય છે અને અન્યોન્ય એવી પ્રીતિ હોય છે કે એક બીજા વિના રહી શકતા નથી.

વાસુદેવનું જીવન પ્રતિવાસુદેવના જીવન સાથે ઘણું સંકળાયેલ છે. પ્રતિવાસુદેવ ત્રણ ખંડનું ઐશ્વર્ય અનેક પ્રકારના પરિશ્રમ બાદ પ્રાપ્ત કરે. એ ઐશ્વર્યનો ઉપભોગ કરવાનો પ્રસંગ આવે ત્યાં તો વાસુદેવનો જન્મ થઈ ગયો અને એ વાસુદેવ યૌવનના આંગણામાં પ્રવેશ કરવાની સાથે જ પોતાના અદ્ભુત પરાક્રમ વડે પ્રતિવાસુદેવનો શિરચ્છેદ કરીને તેમણે મેળવેલું ત્રિખંડ ઐશ્વર્ય પોતાને સ્વાધીન કરે. આ કારણે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવ નિરૂપણ પ્રસંગે તે કાળે વર્તતા પ્રતિવાસુદેવ અશ્વગ્રીવનો પણ સંક્ષિપ્ત વૃત્તાંત જાણવો જરૂરી છે.

### ધર્મવાણી

તરવાના સ્વભાવવાળી તુંબડીમાં કાણું પડે અને તેમાં માટી ભરાય એટલે જેમ તે તુંબડી જળાશયના તળીયે જઈને બેસે છે. તેમ આત્મામાં અનાદિકાળથી અઢારે પાપના કાણા વિદ્યમાન હોવાથી એ કાણા દ્વારા ક્ષણે ક્ષણે કર્મરૂપી માટી આ આત્મારૂપી તુંબડીમાં ભરાય છે, અને તેના કારણે આ આત્મા સંસારસાગરમાં ડૂબીને અનંત કાળથી ગોથા ખાધા કરે છે.

# [૮]

## શ્રમણ ભગવાન મહાવીરપ્રભુનો
## અઢારમો ભવ–ત્રિપૃષ્ઠ વાસુદેવ
## પ્રાસંગિક પ્રતિવાસુદેવ અશ્વગ્રીવનો જીવનવૃત્તાન્ત
## ઉત્સર્પિણી–અવસર્પિણીનો પ્રભાવ

પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ શાસ્ત્રીય દૃષ્ટિએ, જંબુદ્વીપવર્તિ ભરતક્ષેત્રના છ ખંડો પૈકી દક્ષિણ દિશાવર્તિ ત્રણ ખંડના સ્વામી હતા. રત્નપુર નગર એ એમની રાજધાની હતી. તેમની કાયાનું પ્રમાણ એંશી ધનુષ્ય (૩૨૦ હાથ) અને આયુષ્ય પ્રમાણ ચોરાશીલાખ વર્ષનું હતું. તેઓ શૂરવીર, પરાક્રમી અને રણસંગ્રામના શોખીન હતા.

વર્તમાનકાળના કેટલાક બંધુઓને ૩૨૦ હાથની કાયા અને ચોરાશી લાખ વર્ષના આયુષ્યની વાત જાણવામાં આવતાં આશ્ચર્ય અથવા અશ્રદ્ધા પ્રગટ થાય એ સ્વાભાવિક છે. પરંતુ આજથી સો બસો કે પાંચસો વર્ષ અગાઉનો ઇતિહાસ વાંચીએ તો આજની કાયા તથા આયુષ્યના પ્રમાણની અપેક્ષાએ તે કાળનાં મનુષ્યોની કાયા તેમ જ આયુષ્યનું પ્રમાણ અમુક પ્રમાણમાં પણ જરૂર અધિક હતું એમ અવશ્ય જાણવા મળે છે તો અસંખ્ય વર્ષો પહેલાંના માનવોની કાયાનું પ્રમાણ તેમજ આયુષ્ય પ્રમાણ સેંકડો હાથનું તેમ લાખો વર્ષનું હોય તેમાં આશ્ચર્ય કે અશ્રદ્ધા કરવા જેવું

કાંઈ નથી. શાસ્ત્રદ્રષ્ટિએ ભરતાદિ દશ ક્ષેત્રોમાં અવસર્પિણી અને ઉત્સર્પિણી એમ બે પ્રકારનો કાળ છે. જે કાળમાં વન, ધાન્ય, ભૂમિના રસ-કસ, કાયા-તેમ જ આયુષ્ય પ્રમાણ અનુક્રમે ઓછું ઓછું થતું જાય તે કાળને અવસર્પિણીકાળ કહેવાય છે, અને જે કાળમાં ધન-ધાન્ય યાવત્ આયુષ્ય વગેરેમાં ક્રમશઃ વૃદ્ધિ થતી જાય છે તેને ઉત્સર્પિણીકાળ કહેવામાં આવે છે. વર્તમાનમાં અવસર્પિણીકાળ હોવાથી ભૂતકાળની અપેક્ષાએ વર્તમાન કાળમાં કાયાનું પ્રમાણ ઓછું થતું જાય તો તે બરાબર છે.

## કુશલ દૈવજ્ઞને પ્રતિવાસુદેવનો પ્રશ્ન

પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ ત્રણ ખંડના સ્વામી છતાં એક અવસરે તેમના ચિત્તમાં વિચાર પ્રગટ થયો કે 'ભરતના દક્ષિણાર્ધમાં જે જે દેશોના જે જે રાજવીઓ છે તે દરેક રાજાઓ તો મારી આજ્ઞાને આધીન છે એ સર્વ રાજવીઓ પૈકી કોઇપણ રાજવીનો મને જો કે ભય નથી, પરંતુ એ પ્રત્યેક રાજા પૈકી કોઇ રાજાનો પુત્ર મારા કરતાં વધુ બળવાન વધુ પરાક્રમી હોય અને ભવિષ્યમાં મારા ત્રણ ખંડનું સામ્રાજ્ય રણસંગ્રામ વગેરે કરીને પોતાને સ્વાધીન કરે એવું તો કોઈ નથી ને ? એનો મારે નિર્ણય કરવો જોઇએ.' આ પ્રમાણે વિચાર થયા બાદ દૈવયોગે અષ્ટાંગ નિમિત્તના જાણકાર કોઈ દૈવજ્ઞનો સમાગમ થતાં પ્રતિવાસુદેવ અશ્વગ્રીવે એ દૈવજ્ઞને પોતાના દીલમાં જે વિચાર પ્રગટ થયો હતો તે રજૂ કર્યો. ઉપરાંત 'મારૂં મૃત્યુ કોના હાથે થશે ?' તે બાબત

પણ દૈવજ્ઞને પૂછવામાં આવ્યું પરિપૂર્ણ દૈવજ્ઞ જ્યોતિષશાસ્ત્રમાં કુશલ હતો. પ્રતિવાસુદેવનું ભાવિ અનિષ્ટ જ્યોતિષના બળે દૈવજ્ઞના જાણવામાં આવ્યું, પરંતુ એ વાત પ્રતિવાસુદેવ સમક્ષ રજૂ કરવામાં દૈવજ્ઞનું દિલ અચકાયું. પ્રતિવાસુદેવ અશ્વગ્રીવે દૈવજ્ઞની મુખાકૃતિ ઉપરથી એ વાત સમજી જતાં, ઇષ્ટ અનિષ્ટ જે ભાવિ હોય તે સત્ય રીતે જણાવવાનો દૈવજ્ઞને અતિ આગ્રહ કર્યો. પ્રતિવાસુદેવનો અતિશય અનુરોધ થતાં દૈવજ્ઞે સ્પષ્ટ રીતે જણાવ્યું કે 'આપણા ચંડવેગ દૂતનો જે રાજકુમાર પરાભવ કરશે, તેમ જ શાલિક્ષેત્રનાં રક્ષણ માટે મોકલેલો જે રાજકુમાર ત્યાં રહેલા કેસરી સિંહનું વિના શસ્ત્રે વિદારણ કરશે તે રાજકુમારના હસ્તથી તમારૂં મૃત્યુ થશે.' જેનું કથન પ્રાયઃ પ્રત્યેક પ્રસંગે સાચુ પડતું હતું એવા શાસ્ત્રકુશલ દૈવજ્ઞના મુખેથી ઉપર જણાવેલ બાબત પ્રતિવાસુદેવ અશ્વગ્રીવના જાણવામાં આવતાં અંતરંગ દૃષ્ટિએ તેનું હૈયું ભયભ્રાન્ત બનવા છતાં બાહ્ય દૃષ્ટિએ મુખની પ્રસન્નતા પ્રદર્શિત કરવા સાથે દૈવજ્ઞને યોગ્ય દાન-દક્ષિણા આપી વિદાય કર્યો.

## અષ્ટાંગ નિમિત્તનો અવબોધ એ વિશિષ્ટ શ્રુતજ્ઞાન છે.

પાંચ પ્રકારના જ્ઞાનમાં અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન, એ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષજ્ઞાન છે, અને મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન એ બન્ને પરોક્ષજ્ઞાન છે. અવધિજ્ઞાન. મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ ત્રણેય જ્ઞાનવડે ઇન્દ્રિય અને મનની મદદ સિવાય સીધેસીધું આત્માને પોત-પોતાના વિષયની મર્યાદા

પ્રમાણે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનું પ્રત્યક્ષ જાણપણું થાય છે, તેમજ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વડે ઇન્દ્રિય અને મનની મદદથી મર્યાદિત વિષયોનો પરોક્ષ અવબોધ થાય છે. એમ છતાં મતિ અને શ્રુતનો જો વિશિષ્ટ ક્ષયોપશમ હોય તો તે બન્ને જ્ઞાનવડે ભૂતકાળનાં ભાવિકાળના ભાવોનું પણ વાસ્તવિક જ્ઞાન આત્માને પ્રાપ્ત થાય છે. શ્રુતજ્ઞાનના અનેક પ્રકારો પૈકી અષ્ટાંગનિમિત્તનો અવબોધ એ પણ એક પ્રકારનું વિશિષ્ટ શ્રુતજ્ઞાન છે. કોઈ મહાનુભાવને એ અષ્ટાંગ નિમિત્ત-વિષયક શાસ્ત્રોનો જો સુંદર અભ્યાસ તેમજ અનુભવ હોય તો તે મહાનુભાવની ભવિષ્યવાણી બરાબર સાચી પડે છે. પ્રતિવાસુદેવ અશ્વગ્રીવે જે દૈવજ્ઞને પ્રશ્ન કરેલ તે દૈવજ્ઞ પણ વિશિષ્ટ કક્ષાનો દૈવજ્ઞ હતો. તેના મુખમાંથી ભવિષ્યવાણી પ્રગટ થતી હતી તે પ્રાયઃ બરાબર સાચી જ પડતી હતી. આવા કારણે એ દૈવજ્ઞના મુખમાંથી પોતાના ભાવિ માટે નીકળેલાં અનિષ્ટ વાક્યો શ્રવણ કરવાનો પ્રસંગ આવતાં અશ્વગ્રીવનું નિર્ભય હૈયું પણ ભયથી કમ્પી ઉઠે એમાં શું આશ્ચર્ય હોય ?

## પ્રતિવાસુદેવને શરૂ થયેલ આર્ત્તધ્યાન

કોઈપણ મહાનુભાવ અનેક પ્રકારના પ્રયાસો કરવા સાથે વિવિધ પ્રકારના પાપસ્થાનકોને સેવી વિશાળ રાજ્યસંપત્તિ પ્રાપ્ત કર્યા બાદ પોતાની સામે એનો વિયોગ દેખે ત્યારે તો પ્રાયઃ તે વ્યક્તિને અત્યંત દુઃખ થાય. પરંતુ ભવિષ્યકાળમાં એ વિશાળ રાજ્ય–સંપત્તિના વિયોગની વાત સાંભળવા ઉપ-

રાંત પોતાના મૃત્યુ સંબંધી અક્ષરો શ્રવણ કરે એટલે ભલભલા નિર્ભય હૈયાઓમાં પણ તીવ્ર આર્ત્તધ્યાનના કારણે કમકમાટી શરૂ થઈ જાય. ફક્ત જે મહાનુભાવના અંતરમાં સમ્યગ્જ્ઞાનનો ઓછો વધુ પ્રકાશ વર્તતો હોય અને એ પ્રકાશના કારણે નિત્યસંયોગી–અનિત્યસંયોગી ભાવોનો અવબોધ પ્રાપ્ત થયો હોય તે મહાનુભાવોને આર્ત્તધ્યાન થવાનો પ્રસંગ પ્રાયઃ પ્રાપ્ત ન થાય, અને કદાચ થાય તો તેનો કાળ અલ્પ હોય પરંતુ જે વ્યકિતને ઉપર જણાવેલ સમ્યગ્દર્શનજન્ય નિર્મળબોધ પ્રગટ નથી થયો તેવી વ્યકિતઓને તો અનિત્ય સંયોગી ભાવોમાં પણ નિત્યસંયોગીપણાનો ભ્રમ વર્તતો હોવાથી તેમજ પૌદ્ગલિક સાધનોની અનુકૂળતામાં સુખની કલ્પના અને તેની પ્રતિકૂળતામાં દુઃખની કલ્પના વર્તતી હોવાથી આવા પ્રસંગે ઇષ્ટવિયોગ નામનું તીવ્ર આર્ત્તધ્યાન શરૂ થાય છે. એ આર્ત્તધ્યાનના પ્રવાહની પાછળ રૌદ્રધ્યાન પ્રગટ થાય, અને પરિણામે તે આત્મા નરકાદિ દુર્ગતિમાં ચાલ્યા જાય છે.

## દૈવજ્ઞના વચનોની પ્રતીતિ કરવા માટે પ્રતિવાસુદેવનો પ્રયાસ

પ્રતિવાસુદેવ અશ્વગ્રીવના અંતઃકરણમાં પણ દૈવજ્ઞના વચનો શ્રવણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં અજ્ઞાન દશાના કારણે તીવ્ર આર્ત્તધ્યાનનો પ્રારંભ થઈ ગયો. શું મારો આ રાજ્યવૈભવ અને વિપુલ સંપત્તિ એ રાજકુમાર લઇ લેશે ? અરે ! આટલું આટલું મારૂં પરાક્રમ છતાં એ ઉગતા રાજકુમારના હાથે શું મારૂં મૃત્યુ થશે !' રાતદિવસ

આ વિચારોની ઘટમાળ શરૂ થઇ, અને નિર્ણય કર્યો કે દૂતનો પરાભવ અને કેસરી સિંહના વિદારણની દૈવજ્ઞે જણાવેલ વાત માટે ખાતરી તો કરૂં. તુરત પોતાના ચંડવેગ નામના દૂતને ત્રિપૃષ્ઠ વાસુદેવના પિતા રાજા પ્રજાપતિ તરફ રવાના કર્યો. રાજા પ્રજાપતિ પોતે યદ્યપિ વિશાળ રાજ્યનાં અધિપતિ હતા છતાં ત્રણ ખંડનાં સ્વામી પ્રતિવાસુદેવ અશ્વગ્રીવની આજ્ઞા એમને શિરોમાન્ય હતી. પ્રતિવાસુદેવનો દૂત ચંડવેગ જે અવસરે રાજા પ્રજાપતિના નગરમાં પહોંચ્યો તે અવસરે રાજા પ્રજાપતિ પોતાની રાજસભામાં સુવર્ણના સિંહાસન ઉપર બિરાજમાન હતા. એક બાજુના આસન ઉપર ત્રિપૃષ્ઠ વાસુદેવ અને બીજી બાજુના સિંહાસન ઉપર બલદેવ અચલકુમાર બિરાજેલા હતા. મહામાત્ય મંત્રી, ઉપમંત્રી, સેનાપતિ, નગરશેઠ તેમ જ બીજા નાના મોટા અધિકારીઓ અને શ્રીમંત પ્રજાજનો વડે રાજસભા અત્યંત શોભતી હતી. વારાંગનાઓ તેમ જ સંગીતકારોનાં નાચમુજરા અને સંગીતની રેલમછેલ એ રાજસભામાં ચાલતી હતી સર્વ કોઇ એ નાચ, મુજરા અને સંગીત શ્રવણમાં લયલીન બની ગયા હતા. બરાબર એ અવસરે પ્રતિવાસુદેવ અશ્વગ્રીવના દૂતે અગાઉથી ખબર આપ્યા સિવાય એમને એમ રાજસભામાં પ્રવેશ કર્યો. રાજા પ્રજાપતિ આ ચંડવેગને જાણતા હતા. અકસ્માત્ પ્રતિવાસુદેવના દૂતનો રાજસભામાં પ્રવેશ થતાં રાજા સસંભ્રમ ઉભા થઈ ગયા. દૂતનું સ્વાગત કર્યું અને યોગ્ય આસને તેને બેસાડી પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ મહારાજાના

કુશળ સમાચાર પૂછયા. પરંતુ રાજસભામાં દૂતનો અકસ્માત પ્રવેશ થતાં નાચમુજરા અને સંગીતના રંગમાં ભંગ પડવાથી ત્રિપૃષ્ઠ વાસુદેવના હૈયામાં દૂત ઉપર રોષ આવ્યો. બાજુમાં બેઠેલાને આ દૂત કોણ છે ? કયાંથી આવ્યો છે ? પિતાજીએ આ દૂતનો આટલો બધો આદરસત્કાર કર્યો તેનું શું કારણ છે ? વગેરે હકીકત પૂછતાં આ દૂત ત્રણખંડનાં સ્વામી અશ્વગ્રીવ પ્રતિવાસુદેવનો દૂત છે, ભરતક્ષેત્રના ત્રણ ખંડમાં વર્તતા નાના મોટા સર્વ રાજાઓ એ પ્રતિવાસુદેવની આજ્ઞામાં વર્તતા હોવાથી આપણા રાજા પણ તેમના દૂતનો આદરસત્કાર કરે તે સ્વાભાવિક છે પ્રતિવાસુદેવના દૂતનો આદર એ પ્રતિવાસુદેવનો જ આદર છે એમ આજે સર્વ રાજાઓ માને છે. અને એ કારણે જ આપણા રાજા પ્રજાપતિએ રાજસભામાં ચાલતા નાચ-મુજરા તેમજ સંગીતનાં રંગને બાજુમાં રાખીને પણ આ દૂતનું બહુમાન કર્યું છે તે બરાબર કરેલ છે.

## ત્રિપૃષ્ઠકુમારે કરેલો ચંડવેગ દૂતનો પરાભવ

ત્રિપૃષ્ઠકુમાર એ વાસુદેવનો અવતાર હતો. પ્રતિવાસુદેવ કરતાં તેમનું પુણ્યબળ વધુ પ્રબળ હતું. તેના આત્મામાં જોમ અને શૂરાતનનો પ્રવાહ અસ્ખલિત હતો. જે વ્યકિતને ત્રિપૃષ્ઠકુમારે દૂત સંબંધી હકીકત પૂછેલી તે વ્યકિત પાસેથી ઉપર જણાવેલ બાબત જાણવામાં આવતાં ત્રિપૃષ્ઠકુમારનું લોહી ગરમ થઈ ગયું, 'મારા પિતા ભલે ગમે તે કારણે પ્રતિવાસુદેવની આજ્ઞા શિરોમાન્ય રાખતા હોય અને તેમનાં

દૂતનો આદર કરતા હોય પરંતુ હું તે પ્રમાણે એ અશ્વ-ગ્રીવની આજ્ઞા માનવા તૈયાર નથી એટલું જ નહિ પણ રંગમાં ભંગ પાડનાર આ દૂતની મારે બરાબર ખબર લેવી જોઈએ.' આ પ્રમાણે અનેક પ્રકારની વિચારધારા ત્રિપૃષ્ઠકુમારના અંતઃકરણમાં શરૂ થઈ. અને અગાઉથી કરેલા સંકેત મુજબ પોતાના માણસ મારફત આ ચંડવેગ દૂતને રાજાએ આપેલ કિંમતી ભેટણાં લઈને પોતાના સ્વામી અશ્વ-ગ્રીવ રાજા પાસે જવા રવાના થયાની ખબર મળતાં ત્રિપૃ-ષ્ઠકુમારે તેના માર્ગમાં પહોંચી એ ચંડવેગને લૂંટી લીધો અને અનેક પ્રકારના અપશબ્દો વગેરેથી તેનો પરાભવ કર્યો. ચંડવેગ દૂત પોતાનાં સ્વામી પાસે જઈ રાજા પ્રજાપતિ તરફથી મળેલ આદર માન અને તેમના પુત્ર ત્રિપૃષ્ઠકુમાર તરફથી પરાભવની હકીકત પ્રતિવાસુદેવને જણાવે તે પહેલાં જ બીજા માણસો મારફત એ બધી હકીકત અશ્વગ્રીવનાં જાણવામાં આવી ગઈ હતી, અને અષ્ટાંગ નિમિત્તના જાણ દૈવજ્ઞની બે હકીકત પૈકી એક હકીકત સાચી પડતાં પ્રતિ-વાસુદેવ અશ્વગ્રીવનું અંતઃકરણ વધુ આકુળ વ્યાકુળ બન્યું હતું.

## ત્રિપૃષ્ઠકુમારે કરેલ સિંહવિદારણ

દૈવજ્ઞે જણાવેલ બીજી સિંહવિદારણની હકીકત માટે પ્રતિવાસુદેવને પ્રતીતિ કરવાની ઇચ્છા થતાં પોતાના તાબાનાં જે પ્રદેશમાં સિંહનો ખૂબ ત્રાસ હોવાના કારણે ખેડુત વર્ગ પોતાના ક્ષેત્રનું યથોચિત રક્ષણ કરવા માટે અસમર્થ હોવાથી

પોતાની આજ્ઞામાં વર્તતા જુદા રાજાઓને એ પ્રદેશનું અને ત્યાંની પ્રજા તેમજ અનાજ વગેરેનું રક્ષણ કરવા માટે ક્રમશઃ મોકલવામાં આવતા હતા અશ્વગ્રીવ રાજાએ પ્રજાપતિ રાજાને એ પ્રદેશના સંરક્ષણ માટે જવાનો ઈરાદા પૂર્વક સંદેશો મોકલ્યો. રાજા પ્રજાપતિ અશ્વગ્રીવના સંદેશા પ્રમાણે એ પ્રદેશમાં જવા તૈયાર થતાં બલદેવ અચલકુમાર તથા વાસુદેવ ત્રિપૃષ્ઠકુમાર બન્ને બંધુઓએ વિનંતિ સાથે પિતાજીને તે પ્રદેશમાં જતાં અટકાવી સિંહના ભયથી એ પ્રદેશને સદા માટે નિર્ભય બનાવવાની ઇચ્છાથી તે સ્થાન તરફ પ્રયાણ કર્યું સિંહને રહેવાનું જ્યાં સ્થાન હતું ત્યાં બન્ને બંધુઓ રથમાં બેસી પહોંચી ગયા. અને પોતાનાં સ્થાનમાં નિર્ભયપણે સૂતેલા સિંહને જાગૃત કરવા ત્રિપૃષ્ઠકુમારે સિંહ કરતાં વધુ જોરદાર ગર્જના કરી. એ ગર્જના શ્રવણ થતાં સિંહ તુર્તજ પોતાના સ્થાનમાંથી નીકળીને બહાર આવ્યો અને બન્ને કુમારને પોતાની સામે ઉભેલા જોઇને સિંહે પણ આજુબાજુનો પ્રદેશ ધ્રુજી જાય તેવો સિંહનાદ કર્યો, તેમજ પોતાનું પૂછડું જોરથી જમીન પર પછાડી કુમાર ઉપર તરાપ મારવા તૈયાર થઈ ગયો. ત્રિપૃષ્ઠકુમાર અચલકુમારને આગળ વધતા અટકાવી એકલા પોતે રથ ઉપરથી સિંહની સામે આવી ગયા. 'સિંહ નિઃશસ્ત્ર છે તો મારાથી શસ્ત્ર કેમ રાખી શકાય ? એમ વિચારી શસ્ત્રો બાજુમાં મૂકી પશુના રાજા કેશરીસિંહની સામે ત્રિપૃષ્ઠકુમાર યુદ્ધ કરવા તૈયાર થઇ ગયા. સિંહે કુમાર ઉપર જેવી તરાપ મારી

એ સાથે જ તેની તરાપને ચુકાવી પોતાના બે હાથ વડે મજબૂત રીતે સિંહના બે જડબાં કુમારે પકડી લીધાં અને પછી પોતાના સમગ્ર બળનો ઉપયોગ કરી વસ્ત્રનાં બે ટૂકડા કરવામાં આવે તે પ્રમાણે સિંહનું વિદારણ કરી નાખ્યું, દૂર દૂરથી આ દૃશ્યને જોનારા સેંકડો મનુષ્યોએ કુમારને જયજય શબ્દોથી વધાવી લીધા. શરીરના બે ટૂકડા થવા છતાં 'હું જંગલનો રાજા અને એક બાળક જેવા અને તે પણ નિઃશસ્ત્ર કુમારે મને ચીરી નાંખ્યો' જાણે એવી મનોવેદનામાં તરફડિયાં મારતા સિંહની પાસે ત્રિપૃષ્ઠકુમારનો રથ ચલાવનાર સારથિ આવી પહોંચ્યો અને મધુર વાણીથી સિંહને આશ્વાસન આપ્યું કે 'હે કેસરી સિંહ ! તું એમ સમજે છે કે આ બાળક સામાન્ય કુમાર છે ? અને તેના હાથે તારું મૃત્યુ થતાં તારો અંતરાત્મા અત્યન્ત મનોવેદના અનુભવી રહ્યો છે? પણ આ તારી આ સમજણ બરાબર નથી જેમ જંગલનો રાજા છે. એમ આ કુમાર થોડા સમયમાં વાસુદેવ તરીકે ત્રણ ખંડ–પૃથ્વીનાં રાજાધિરાજ થવાના છે. તારું મૃત્યુ સામાન્ય કુમારને હાથે નથી થયું માટે તારે તરફડિયાં મારવાનું અને મનમાં દુઃખ ધરવાનું કશું પ્રયોજન નથી. સારથિ તરફથી આ પ્રમાણે આશ્વાસન મળતાં સિંહ શાંત બની ગયો અને આયુષ્ય પૂર્ણ કરી નરકગતિમાં ચાલ્યો ગયો. ત્રિપૃષ્ટકુમાર પણ પોતાના વડીલ બંધુ અચલકુમાર સાથે પોતાની રાજધાનીમાં પહોંચ્યા. પ્રતિ વાસુદેવ અશ્વગ્રીવને સિંહવિદારણની વાત જાણવામાં આવતાં

દેવજ્ઞના વચનો સાચાં પડવાથી તેનું હૈયું વધુ ગમગીન બની ગયું.

## ત્રિપૃષ્ઠકુમાર સાથે સ્વયંપ્રભાનું પ્રાણિગ્રહણ

અષ્ટાંગનિમિત્તનાં જાણકાર દેવજ્ઞે પ્રતિવાસુદેવનાં મૃત્યુ માટે રજુ કરેલ બન્ને બાબતો સાચી પડતાં ત્રણ ખંડના અધિપતિ અશ્વગ્રીવનું અંતઃકરણ અત્યન્ત વ્યાકુળ બની જાય તે સ્વાભાવિક હતું. અશ્વગ્રીવના આત્માને ક્યાંય શાંતિ પ્રાપ્ત થતી નથી, દિવસો અને રાત્રિઓ અશાંતિમાં જ પસાર થાય છે. એ દરમ્યાન પોતાની આજ્ઞામાં વર્તતા વિદ્યાધર જ્વલનજટીએ યોગ્ય વયે પહોંચેલી પોતાની પુત્રી સ્વયંપ્રભાનું ત્રિપૃષ્ઠકુમારની સાથે પાણિગ્રહણ કરાવ્યાના પ્રતિવાસુદેવને સમાચાર મળતાં એના અંતઃકરણમાં પ્રચંડ ઈર્ષ્યાગ્નિ પ્રગટ થવા ઉપરાંત અશાંતિમાં ઓર વધારો થયો. 'મારી આજ્ઞામાં વર્તતો વિદ્યાધર પોતાની પુત્રીનું મારા સિવાય બીજાની સાથે કેમ પાણિગ્રહણ કરાવી શકે ? વિદ્યાધરે ભલે ગમે તે કારણે તે પ્રમાણે પ્રાણિગ્રહણ કરાવ્યું. પરંતુ ત્રિપૃષ્ઠકુમારે શા માટે એ વિદ્યાધરપુત્રીનું પાણિગ્રહણ કર્યું ? 'આ વિદ્યાધર પુત્રી મારે યોગ્ય નથી. આ સ્ત્રીરત્ન તો ત્રણ ખંડના સ્વામી અશ્વગ્રીવના અંતપુર માટે યોગ્ય છે' આ બાબત કેમ એ કુમારને ખ્યાલમાં ન આવી ? વિદ્યાધરે તથા ત્રિપૃષ્ઠકુમારે ગમે તે કર્યું પણ એ સ્ત્રીરત્ન સ્વયંપ્રભાને મારા અંતઃપુરમાં બેસાડું તો જ હું સાચો પ્રતિવાસુદેવ !' આ પ્રમાણે નિર્ણય કરી સ્વયંપ્રભાની માંગણી માટે ત્રિપૃષ્ઠકુમાર પાસે પોતાના દૂતને રવાના કર્યો.

## પૂર્વસંચિત પ્રારબ્ધ પ્રમાણે નિમિત્તની હાજરી

**विनाशकाले विपरीतबुद्धि** : વાક્ય જગપ્રસિદ્ધ છે. અશુભોદય દ્વારા જીવનમાં અનિષ્ટ થવાનું હોય ત્યારે તે વ્યક્તિને બુદ્ધિમાં વિપર્યાસ થાય છે. પ્રતિવાસુદેવ અશ્વગ્રીવની બુદ્ધિમાં એજ પ્રમાણે વિપર્યાસ થયો. જગતનાં નિયમ પ્રમાણે કન્યાની હજુ માગણી હોય પરંતુ પાણિગૃહીતા સ્ત્રીની માગણી ન હોય. પ્રતિવાસુદેવનો દૂત ત્રિપૃષ્ઠકુમાર પાસે પહોંચ્યો અને પોતાના સ્વામીનો સંદેશો એ ક્ષત્રિયકુમારને સંભળાવ્યો. ત્રિપૃષ્ઠકુમાર વાસુદેવના અવતાર હતા, અને તેમના પ્રારબ્ધ યોગે વાસુદેવની પદવી પ્રાપ્ત થવાનો અવસર નજીક આવી પહોંચ્યો હતો. એજ પ્રમાણે પ્રતિવાસુદેવના પ્રારબ્ધનો અંત આવવાની તૈયારી હતી અને આયુષ્ય પૂર્ણ થવાનો યોગ નજીક આવી પહોંચ્યો હતો જે વ્યક્તિનું પૂર્વ સંચિત પ્રારબ્ધ જેવા પ્રકારનું હોય પ્રાયઃ તે વ્યક્તિને પોતાના પ્રારબ્ધ પ્રમાણે અનુકૂળ પ્રતિકૂળ નિમિત્તો મળી જાય છે. પ્રતિવાસુદેવના દૂતનો સંદેશો ત્રિપૃષ્ઠકુમાર માટે વાસુદેવપણું પ્રાપ્ત કરવામાં નિમિત્ત બન્યો. અને પ્રતિવાસુદેવના મૃત્યુ માટે નિમિત્તરૂપ થયો.

## વાસુદેવ–પ્રતિવાસુદેવનું યુદ્ધ અને વાસુદેવનો વિજય

દૂતના મુખેથી પ્રતિવાસુદેવનો સંદેશો શ્રવણ કરવાની સાથે પ્રતિવાસુદેવની નિર્લજ્જ અને અતિ અનુચિત માગણી અંગે ત્રિપૃષ્ઠકુમારનું લોહી ખૂબ ગરમ થઈ ગયું. તેમજ પ્રતિવાસુદેવના દૂતનો અત્યંત તિરસ્કાર કરી તેને હાંકી કાઢયો. દૂતે પોતાના સ્વામી પાસે જઈ પોતાનો તિરસ્કાર થયાની સર્વ હકીકત જણાવી. અશ્વગ્રીવનું હૈયું પણ આ હકીકત સાંભળતાં અતિશય રોષે ભરાયું અને ત્રિપૃષ્ઠકુમાર

સાથે રણસંગ્રામ કરી તેને હરાવી સ્વયંપ્રભાને પોતાના અંતપુરમાં લાવવાનો નિર્ણય કર્યો. વિશાળ સૈન્યને તૈયાર કરી ત્રિપૃષ્ઠકુમારની હદમાં અશ્વગ્રીવ આવી પહોંચ્યો. ત્રિપૃષ્ઠકુમારને તો રણસંગ્રામ અત્યંત પ્રિય હતો. તેના શૂરાતન અને વીર્યોલ્લાસ અદ્ભુત હતાં. પિતાજીની આજ્ઞા લઈ પોતાના સૈન્ય સાથે ત્રિપૃષ્ઠકુમાર પણ રણસંગ્રામના મોખરે આવી પહોંચ્યો. રણસંગ્રામમાં અગણિત સૈનિકો મરણને શરણ થયાં. ખૂનખાર જંગ જામ્યો. અશ્વગ્રીવ અને ત્રિપૃષ્ઠકુમાર બન્ને વીર પુરુષો રણસંગ્રામમાં સામસામે આવી ગયા. અશ્વગ્રીવે ગુસ્સામાં ને ગુસ્સામાં પોતાનું ચક્રરત્ન ત્રિપૃષ્ઠકુમાર તરફ ફેંક્યું. પરંતુ વિશિષ્ટ પુણ્યબળનાં કારણે કુમારને ક્ષણવાર મૂર્ચ્છા સિવાય ચક્રરત્નની ખાસ બીજી કશી અસર ન થઈ ત્રિપૃષ્ઠકુમારે એજ ચક્ર હાથમાં લઈને પ્રતિવાસુદેવ ઉપર ફેંક્યું. પ્રતિવાસુદેવનો કાળ નજીક પહોંચ્યો હતો. એટલે પોતાના જ ચક્રથી પોતાનો શિરચ્છેદ થતાં અશ્વગ્રીવ અવનિ ઉપર ઢળી પડયા અને આયુષ્ય પૂર્ણ કરી સાતમી નરકના અતિથિ થયા. તે જ અવસરે ગગનમાં રહેલા દેવોએ ત્રિપૃષ્ઠકુમારને જય જય શબ્દોથી વધાવી લીધા. વાસુદેવનાં સાતરત્નો પૈકી શાંર્ગ-ધનુષ્ય, કૌમુદકી ગદા વગેરે જે રત્નો બાકી હતાં તે તેમને અર્પણ કર્યાં અને એ દેવોએ ત્રિપૃષ્ઠકુમારની વાસુદેવ તરીકે અત્યાર સુધી પ્રતિવાસુદેવ અશ્વગ્રીવની આજ્ઞામાં વર્તતા ભરતના ત્રણેય ખંડના નાના મોટા રાજાઓએ વાસુદેવ ત્રિપૃષ્ઠ મહારાજાની આજ્ઞાનો સ્વીકાર કર્યો. આ પ્રમાણે ભગવાન મહાવીર દેવના આત્માને અઢારમા ભવમાં વાસુદેવપણું પ્રાપ્ત થયું

[ ૯ ]

## શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો
## અઢારમો ભવ 'ત્રિપૃષ્ઠ-વાસુદેવ'

શ્રમણ ભગવાન મહાવીરપ્રભુના સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી મોક્ષગમન સુધીના સ્થૂલ સત્તાવીશ ભવોનાં નિરૂપણમાં અઢારમા વાસુદેવના ભવનું નિરૂપણ પ્રકરણ ૭-૮ થી ચાલુ છે પ્રતિવાસુદેવ અશ્વગ્રીવનો રણસંગ્રામમાં ત્રિપૃષ્ઠવાસુદેવે વધ કર્યો. દેવોએ ત્રિપૃષ્ઠકુમાર ઉપર પુષ્પવૃષ્ટિ કરવા સાથે પ્રથમ વાસુદેવ તરીકે તેમને જાહેર કર્યા. પ્રતિવાસુદેવ અશ્વગ્રીવની અજ્ઞાને આધીન રહેલા અને રણસંગ્રામમાં સામેલ થયેલા નાના મોટા સર્વ રાજાઓ ત્રિપૃષ્ઠવાસુદેવના ચરણમાં પ્રણામ કરી, થયેલા અપરાધની માફી માંગવા લાગ્યા. ત્રિપૃષ્ઠવાસુદેવે સર્વ રાજાઓને સાંત્વન આપી સુખેથી પોતાનું રાજ્ય પાલન કરવાનું ફરમાન કર્યું અને વાસુદેવની આજ્ઞા શિરોમાન્ય રાખી સર્વ રાજાઓ પણ પોતાના સ્થાને ગયા.

### સુખનું અનન્ય સાધન ધર્મ જ છે.

ત્રિપૃષ્ઠવાસુદેવે ત્યારબાદ પોતાના નગરમાં આવી વાસુદેવ નામ કર્મના ફળ સ્વરુપે પોતાના બંધુ બલદેવ અચલકુમાર તેમજ ચક્ર વગેરે સાતેય રત્નોની સામગ્રી સાથે ભરતના ત્રણ ખંડને સાધવા માટે શુભમુહુર્તે પ્રયાણ કર્યું લવણસમુદ્રની નજીકમાં આવી પૂર્વ દિશામાં મગધદેવની,

દક્ષિણદિશામાં વરદામદેવની અને પશ્ચિમ દિશામાં પ્રભાસદેવની સાધના કરી. ત્યારબાદ વૈતાઢયપર્વત ઉપર વર્તતી વિદ્યાધરોનાં નગરોની બન્ને શ્રેણીઓને પણ પોતાના બળ વડે સાધી લીધી, અને પોતાના સસરા જ્વલનજટી વિદ્યાધરને ત્યાંની વ્યવસ્થા માટે નિયુક્ત કર્યા, વૈતાઢય પર્વતની દક્ષિણમાં લવણસમુદ્ર પર્યંત ત્રિખંડ પૃથ્વીનું એક છત્રીય સામ્રાજ્ય પ્રાપ્ત કરી પોતાની રાજધાની પોતનપુર નગર તરફ ત્રિપૃષ્ઠકુમારે પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં ત્રિપૃષ્ઠવાસુદેવ પોતાના પરિવાર સાથે મગધદેશમાં આવી પહોંચ્યા, ત્યાં કરોડો માણસો ભેગા થાય તો પણ ન ખસેડી શકાય એવી એક મોટી શિલાને દેખતાં જનતાને પોતાનું બળ દેખાડવા લીલા માત્રમાં એ શિલાને ઉચકીને દૂર ફેંકી દીધી. વાસુદેવનું આવું અદ્ભુત બળ જોઈ ત્યાં હાજર રહેલા સર્વ લોકો અત્યંત આશ્ચર્ય પામ્યા.

ચક્રવતીને પુન્યબળના યોગે ચૌદરત્નો હોય છે. અને વાસુદેવને સાત રત્નો હોય છે. ચક્રવર્તીને પોતાના શરીરમાં જે બળ અને સામર્થ્ય હોય છે, વાસુદેવના શરીરમાં તેનાથી અર્ધું બળ હોય છે. ચક્રવર્તી તથા બલદેવ બન્ને મનુષ્ય છતાં હજારો દેવો તેમની સેવામાં હાજર હોય છે. એ બધોયે પ્રભાવ જો કોઈનો હોય તો પૂર્વજન્મમાં કરેલી ધર્મની આરાધનાનો છે. અભ્યંતર સુખ યાવત્ મોક્ષની પ્રાપ્તિમાં ધર્મ એ અનન્ય સાધન છે જ. પરંતુ શારીરિક બલ, ધન-દોલતની પ્રાપ્તિ અને રાજરાજેશ્વરના અધિકારની અનુકૂળતા વગેરે

બાહ્ય સુખના સાધનો પણ ધર્મની આરાધના અને તજ્જન્ય પુણ્યોદયથી જ પ્રાપ્ત થાય છે. શ્રુતકેવલી ભગવા શય્યંભવસૂરિ મહારાજે દશવૈકાલિકસૂત્રના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથામાં એક વાત સ્પષ્ટપણે નિર્દેશી છે કે **'देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो'** જે મહાનુભાવના મનોમંદિરમાં ધર્મનો પ્રકાશ અને તે કારણે સંચિત થયેલ પુણ્યબલ વિદ્યમાન છે તે મહાનુભાવના ચરણોમાં સ્વર્ગ લોકમાં વર્તતા દેવો પણ નમસ્કાર કરે છે. વ્યવહાર અને નિશ્ચય ઉભય પ્રકારે ધર્મ જો અવિકૃત અર્થાત્ શુદ્ધ હોય તો એ ધર્મ આત્માને સ્વર્ગાદિ સુખોની પરંપરા સાથે પરિણામે મોક્ષે પહોંચાડે છે, અને એ ધર્મ જો અંતરંગ દૃષ્ટિએ અશુદ્ધ હોય તો અમુક સમય પૂરતી બાહ્ય સુખની અનુકૂળતા પ્રાપ્ત થયા બાદ પરિણામે તે આત્મા દુર્ગતિનો અધિકારી બને છે.

ત્રિપૃષ્ઠવાસુદેવના આત્માને વર્તમાન ભવમાં ત્રણ ખંડનું જે ઐશ્વર્ય મળ્યું છે તે શુદ્ધ ધર્મના કારણે નહિં પણ અશુદ્ધધર્મના કારણે મળ્યું છે. તેથી જ વાસુદેવના ભવની પૂર્ણાહુતિ પછી એ વાસુદેવનો આત્મા નરકગતિનો અતિથિ થવાનો છે. આપણે આગળના પ્રકરણોમાં એ વાત જાણી ગયા છીએ કે સોળમા વિશ્વભૂતિના ભવમાં સંયમ અને તપની સુંદર આરાધના છતાં વિશાખાનંદીએ કરેલા ઉપહાસનું નિમિત્ત મળતાં એ મહામુનિએ ઉગ્ર અશુભભાવે નિયાણું કર્યું હતું. કે "મારા સંયમ અને તપના સ્વરુપે આગામી મનુષ્યજન્મમાં હું અત્યન્ત બળ પ્રાપ્ત કરું

અને એ બળ વડે મારો ઉપહાસ કરનાર વિશાખાનંદીનો બદલો લઇ શકું." સંયમ અને તપ એ મોક્ષસાધક શુદ્ધ-ધર્મ હતો, એમ છતાં પૂર્વોક્ત નિયાણાની આવેશભરી અનિષ્ટ વૃત્તિએ એ સંયમ તપને વિશિષ્ટ બલપ્રાપ્તિ દ્વારા દુર્ગતિના સાધન રૂપ બનાવી દીધા. આ વાત તો પ્રાસંગિક છે. મૂળ વાત તો એટલી છે કે જીવનમાં કોઈ પણ પ્રકારનાં વર્તમાન સુખની અનુકૂળતાનું પણ મુખ્ય કારણ ધર્મ સિવાય કોઈ જ નથી.

## વાસુદેવનો રાજ્યાભિષેક

ત્રિપૃષ્ઠવાસુદેવ અનુક્રમે પોતનપુર નગરમાં આવી પહોંચ્યા. નગરની પ્રજાએ પોતાના માલિક રાજાધિરાજનો દબદબાભર્યો નગરપ્રવેશ કરાવ્યો. રાજમહેલમાં પહોંચતા રાજસભાના મધ્યભાગે રહેલ મણિરત્નજડિત સુવર્ણના સિંહાસન ઉપર વાસુદેવ બિરાજમાન થયા. મહામંત્રીશ્વર, નગરશેઠ, સેનાધિપતિ વગેરે અધિકારી વર્ગે એમનો વિધિપૂર્વક રાજ્યાભિષેક કર્યો અને દેવોએ પણ એ શુભકાર્યમાં યથાવિધિ સાથ આપ્યો. અચલકુમારને બલદેવ તરીકે અભિષિક્ત કરવામાં આવ્યા. આ પ્રમાણે વાસુદેવ-બલદેવ એ ઉભય બંધુબેલડીની નિશ્રામાં પ્રજાજનો આનંદથી પોતાનો સમય પસાર કરવા લાગ્યા.

## પોતનપુરના પરિસરમાં ભગવાન શ્રેયાંસનાથ

ત્રિપૃષ્ઠવાસુદેવ વર્તમાન અવસર્પિણીમાં થનારા નવ વાસુદેવો પૈકી પ્રથમ વાસુદેવ હતા. એ અવસરે વર્તમાન

અવસર્પિણીના ચોવીસ તીર્થંકરો પૈકી અગિયારમાં તીર્થંકર ભગવાન શ્રેયાંસનાથ પ્રભુનું શાસન હતું. જે અવસરે ત્રિપૃષ્ઠકુમારને ત્રણ ખંડના આધિપત્યરૂપ વાસુદેવપણું પ્રાપ્ત થયું, લગભગ એ સમય દરમ્યાન ભગવાન શ્રેયાંસનાથ પ્રભુને ઘાતીકર્મનો ક્ષય અને કેવલજ્ઞાન–કેવલદર્શનની પ્રાપ્તિ થઈ. તેમજ એ સર્વજ્ઞપ્રભુ શ્રેયાંસનાથ ભગવાન કેવલી અવસ્થામાં ગ્રામાનુગ્રામ વિહાર કરતા પોતનપુર નગરના પરિસરમાં પધાર્યા. ઈન્દ્રાદિ દેવોએ ત્યાં પ્રભુનું સમવસરણ રચ્યું. વનપાલકે રાજાધિરાજ ત્રિપૃષ્ઠ વાસુદેવને પ્રભુની પધરામણીની વધામણી આપી. પ્રભુની પધરામણીના સમાચાર શ્રવણ કરતાં વાસુદેવ અત્યંત પ્રસન્ન થયા અને વધામણી આપનાર વનપાલકને ક્રોડ સોનૈયા દાનમાં આપ્યા. પોતાના બંધુ બલદેવ અચલકુમાર વગેરે પરિવાર તેમજ રાજ્યના તમામ વૈભવ સાથે ત્રિપૃષ્ઠવાસુદેવ ભગવંતની પાસે પહોંચ્યા. પંચાભિગમ સાચવી ત્રણ પ્રદક્ષિણા આપવા પૂર્વક પ્રભુને વંદન કરી ત્રિપૃષ્ઠ વાસુદેવ યોગ્ય આસને બેઠા એટલે પ્રભુએ પણ યોજનગામિની અમૃતમય ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો.

## પ્રભુની ધર્મદેશના અને સંવર નિર્જરાનું સ્વરૂપ

ભગવાન શ્રેયાંસપ્રભુની ધર્મદેશનામાં સંવર અને નિર્જરા તત્વની પ્રધાનાતા હતી. કર્મસ્કંધોનો આત્મપ્રદેશોની સાથે અમુક પ્રમાણમાં પણ જ્યાં સુધી સંબંધ હોય છે અને નવા નવા કર્મસ્કંધોનું ગ્રહણ ચાલુ છે ત્યાં સુધી આત્માને મુક્ત અવસ્થા પ્રાપ્ત થતી નથી, તથા જન્મજરામરણાદિ

દુઃખોની પરંપરા ચાલુ રહે છે. મુક્ત અવસ્થાનું અસાધારણ કારણ સંવર અને નિર્જરા છે તથા સંવરનિર્જરાનું કારણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. સમ્યગ્દર્શન એ આત્માનો શુદ્ધોપયોગ અથવા શુદ્ધ ચેતના છે અને સમ્યક્ચારિત્ર એ પણ આત્માની શુદ્ધ ચેતના છે. જેટલો જેટલો આત્માનો શુદ્ધોપયોગ અથવા શુદ્ધ ચેતના તેટલા તેટલા અંશે કર્મનો સંવર અને સકામ નિર્જરા પ્રગટ થાય છે. કોઈ સુવિહિત ધર્માનુષ્ઠાનનું શુદ્ધ ધ્યેય સંવર અને નિર્જરા છે. અનુક્રમે ચૌદમા અયોગી ગુણસ્થાનકે સર્વસંવર અને સંપૂર્ણ નિર્જરા પ્રાપ્ત થાય છે. તેમ જ આત્મા સર્વ પ્રકારે કર્મરહિત થઈ મુક્ત અવસ્થા પ્રાપ્ત કરે છે. આ બધી અનુકૂળતા મનુષ્યજીવન સિવાય અન્ય કોઈપણ જીવનમાં પ્રાપ્ત થતી નથી. મનુષ્યજીવનમાં ચક્રવતીપણું અથવા વાસુદેવની પદવી પુણ્યયોગે કદાચ પ્રાપ્ત થઈ જાય એમ છતાં એ બધોય વૈભવ અનિત્યસંયોગી છે. છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ આત્માનું સ્વતત્વ છે. તેમ જ ક્ષાયિક ભાવે એ ગુણો જો આત્મમંદિરમાં પ્રગટ થયા તો પછી અનંતકાળપર્યંત તે ગુણો આત્મમંદિરમાં સદાય અવસ્થિત રહે છે. કર્મના ઔદયિક ભાવે કોઈપણ અનુકૂળ કે પ્રતિકૂળ સામગ્રી જીવનમાં પ્રાપ્ત થયા બાદ સંવર અને નિર્જરા કરાવનાર સ્વભાવદશામાં આત્મરમણતા ટકી જાય તો જીવન ધન્ય ધન્ય બની જાય છે.

## ત્રિપૃષ્ઠવાસુદેવને પુનઃ સમ્યક્ત્વની પ્રાપ્તિ

ભગવાન શ્રેયાંસનાથ પ્રભુની ધર્મદેશનાનો આ તો અતિ

સંક્ષિપ્ત સાર છે. ત્રિપૃષ્ઠવાસુદેવના અંતઃકરણમાં અમૃતથી પણ અધિક પ્રભુની ધર્મદેશના શ્રવણ થતાં આનંદ આનંદ પ્રગટ થયો. કોઈપણ મહાનુભાવની વર્તમાન અવસ્થા ગમે તે પ્રકારની હોય, પરંતુ જેના આત્મમંદિરમાં તીર્થંકર પદની યોગ્યતા વર્તતી હોય અને એકવાર પણ સમ્યગ્દર્શનની દિવ્યજ્યોતિ પ્રગટ થઈ ગયેલી હોય એ મહાનુભાવને જ્યારે જ્યારે દેવ-ગુરુ ધર્મનો સુયોગ મળે તેમજ પ્રભુની મંગલમય વાણી શ્રવણ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય ત્યારે ત્યારે તે આત્માઓનું હૃદયકમળ નવપલ્લવિત બને છે. અને એકવાર તો મોહનું આવરણ દૂર થતાં સમ્યક્ત્વનો પ્રકાશ પુનઃ પ્રગટ થઇ જાય છે.

## નિમિત્તવાસી આત્મા

ભગવાન મહાવીર ભગવંતને નયસારના ભવમાં સર્વથી પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ થયું હતું મરીચિના ભવમાં કપિલનો સમાગમ અને ઉત્સૂત્રપ્રરૂપણાનું નિમિત્ત મળતા એ ગુણનો તિરોભાવ થયો. સોળમા વિશ્વભૂતિના ભવમાં સંયમગ્રહણનો સંયોગ અને તીવ્ર તપશ્ચર્યાનાં પ્રસંગે એ સમ્યગ્દર્શનનો પુનઃ આવિર્ભાવ થયો. તેમજ એ જ ભવમાં વિશાખાનંદીનો ઉપહાસ અને નિયાણાનો પ્રસંગ પ્રાપ્ત થતાં પુનઃ એ પ્રકાશ અસ્ત થયો. એથી આગળ ચાલુ અઢારમા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શ્રેયાંસનાથ ભગવંતની ધર્મદેશના શ્રવણ કરતાં પુનઃ એ સમ્યક્ત્વગુણ ભગવંતના આત્માને પ્રગટ થયો. એકવાર સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થયા

બાદ જ્યાં સુધી આત્મામાં એ ગુણ ક્ષાયિક ભાવે પ્રકટ ન થાય ત્યાં સુધી પ્રાયઃ ગુણનો ઉદય અને અસ્ત, ઉદય અને અસ્ત એમ પરંપરા ચાલ્યા કરે છે. આત્મહિત માટે અનુકૂળ નિમિત્ત મળતાં આત્મામાં અનુકૂળતા પ્રકટ થાય છે. અને પ્રતિકૂળ નિમિત્ત મળતાં આત્મામાં પ્રતિકૂળતા પ્રાપ્ત થાય છે. પરંતુ આ પરિસ્થિતિ પ્રાયઃ ત્યારે જ બને છે કે એક વાર પણ આત્માને નિજાનંદનો અનુભવ થઈ ચૂક્યો હોય. **'निमितवासी आत्मा'** જાણુતા આ વાક્યના ચરિતાર્થપણાનો અનુભવ પણ આવા પ્રસંગે પ્રગટ સમજાય.

## ત્રિપૃષ્ઠ વાસુદેવની વિષયલોલુપતા

ભગવાન શ્રેયાંસનાથ પ્રભુની ધર્મદેશના શ્રવણ થતાં ત્રિપૃષ્ઠવાસુદેવના આત્મા ઉપર વર્તતુ દર્શનમોહનું આવરણ તત્કાળ પુરતુ દૂર થઇ ગયું, અને સમ્યગ્દર્શનનો પ્રકાશ પ્રકટ થયો. પ્રભુને વંદના નમસ્કાર કરીને વાસુદેવ પોતાના પરિવાર સાથે રાજમહેલમાં પધાર્યા. વાસુદેવનું જીવન બહુલતાએ વિષયોની લોલુપતાથી ભરપૂર હોય છે, અને એ વિષયોની વધુ પડતી લોલુપતાના કારણે સમ્યગ્દર્શન વગેરે ગુણોનો લાંબો સમય ટકાવ થતો નથી. દીવો પ્રગટ થયા બાદ એ દીવાની જ્યોત ન બુઝાઇ જાય તે માટે જેમ કાચ વગેરેના સંરક્ષણની જરૂર છે. તેજ પ્રમાણે આત્મગુણની પ્રગટ થયેલ જ્યોતને સજાગ રાખવા જીવનમાં સંયમ, તપ વગેરેની ઘણી જરૂર છે. અનંતકાળની વિષયલોલુપતા તપ અને સંયમ સિવાય ટળતી નથી એ નક્કી વાત છે.

તપ અને સંયમનું પરમાર્થિક રહસ્ય જો કોઈપણ હોય તો વિષયોની લોલુપતાનો અભાવ અથવા મંદતા છે. ત્રિપૃષ્ઠવાસુદેવને ઇન્દ્રિયોના વિષયોની તીવ્ર લોલુપતા હતી. તેમાં પણ શ્રવણેન્દ્રિયની લોલુપતા સર્વથી વધુ પ્રમાણમાં હતી. સંગીત અને નૃત્યકળામાં કુશળ ગણાતા અનેક સંગીતકારો નૃત્યકારો જુદા જુદા દેશોમાંથી બોલાવીને તેણે પોતાની રાજધાનીમાં રાખ્યા હતા. રાજસભામાં તો એ સંગીત નૃત્યના જલસાઓ નિરંતર ચાલું રહેતા, ઉપરાંત રાત્રે શયન પ્રસંગે પણ એ મધુરા સંગીતના આલાપો શ્રવણ થાય તો જ ત્રિપૃષ્ઠવાસુદેવ નિદ્રાદેવીને આધીન થાય. આવી વધુ પડતી વિષય પરાધીનતાએ વાસુદેવને ઘેરી લીધા હતાં

## સર્વ અનિષ્ઠનું મૂળ વિષયોની લોલુપતા

જ્ઞાની ભગવંતોએ સંસારી જીવો માટે બાહ્ય તેમજ અંતરંગ આપત્તિઓનું મૂળ કારણ ઇંદ્રિયોનો અસંયમ કિંવા ઇંદ્રિયોની ગુલામી વર્ણવેલ છે.

**आपदां कथितः पन्था इन्द्रियाणां असंयमः ।**
**तज्जयः सम्पदां मार्गः येनेष्टं तेन गम्यताम् ॥**

‘ઇંદ્રિયોનો અસંયમ એ આપત્તિનો માર્ગ છે અને ઇંદ્રિયો ઊપર વિજય એ સંપત્તિનો માર્ગ છે એમ જાણીને હે આત્મન્ ! તને જે માર્ગ ઇષ્ટ હોય તે માર્ગે ચાલ્યો જા’ આશ્રવ તત્ત્વના નિરૂપણ પ્રસંગે પણ નવતત્વના બધાય આશ્રવોનાં મૂળ તરીકે **इंद्रिय कसाय अव्वय** એ ગાથામાં

ઇંદ્રિયોની ગુલામીનું જ સ્થાન પ્રથમ જણાવેલું છે. ઇંદ્રિયોના અસંયમથી એટલે કે વિષયોની લોલુપતાથી કષાય ભાવ પ્રકટ થાય છે, કષાય ભાવથી હિંસક પરિણામ પ્રકટ થાય છે અને હિંસક પરિણામમાંથી મન-વાણી-કાયાના વિપરીત વ્યાપારો ચાલે છે. તેમ જ પ્રતિક્ષણે નવું નવું કર્મ બંધન ચાલુ રહે છે. સર્વ પ્રકારના અનિષ્ટનું મૂળ જો કોઇ પણ હોય તો વિષયોની લોલુપતા જ છે.

એક અવસરે ત્રિપૃષ્ઠવાસુદેવે પોતાના શય્યાપાલકને રાત્રિએ શયન કરવા અગાઉ આજ્ઞા કરી કે 'હમણાં જે સંગીતકારો મધુર સંગીત કરી રહ્યા છે તે સંગીતના મધુરા નાદમાં મને નિદ્રા આવી ગયા બાદ સંગીત ચાલુ ન રાખતાં બંધ કરવાનું આ સંગીતકારોને જણાવી દેજે, જેથી સંગીતના શબ્દથી મારી નિદ્રામાં સ્ખલના ન થાય ' શય્યાપાલકે પોતાના માલિકની આજ્ઞા સાંભળી લીધી, પણ સંગીતના મોહમાં આજ્ઞાનો અમલ ન થયો. સંગીતમાં એવી શકિત છે કે તેનો અચ્છો જાણકાર હોય તો તેના સંગીતથી ઊંઘ ન આવતી હોય તેને મીઠી ઊંઘ આવી જાય, વરસાદ ન વરસતો હોય તો સંગીતથી વરસાદ પણ આવે. અમુક પ્રકારના દર્દો જે ગમે તેવી ઊંચી દવાઓથી દૂર ન થતાં હોય તે સંગીતના પ્રભાવે દૂર થઇ જાય. સંગીતકારોના મધુર સંગીતથી વાસુદેવ ક્ષણવારમાં નિદ્રાને આધીન તો થઇ ગયા પણ શય્યાપાલક સંગીતના નાદમાં એવો મુગ્ધ બની ગયો કે પોતાના માલિકની આજ્ઞાનો અમલ કરવાનું વીસરી ગયો. અમુક સમય બાદ ત્રિપૃષ્ઠવાસુદેવે જાગૃત થઇ જતો

સંગીત ચાલુ દેખ્યું અને પોતાની આજ્ઞાનું પાલન ન કરવા બદલ શય્યાપાલક ઉપર તીવ્ર રોષ પ્રકટ થયો. પ્રભાતે રાજસભામાં શય્યાપાલકને ખડો કરી ગરમ કરેલું કથિર તેનાં કાનમાં રેડવાનો પોતાના સેનાપતિને હુકમ કર્યો અને પોતાની આજ્ઞાનું ખંડન કરનારને કેવી આકરી શિક્ષા ભોગવવી પડે છે તેનો દાખલો બેસાડયો. કાનમાં કથિર રેડવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં શય્યાપાલક મરણને શરણ થયો. અને ત્રિપૃષ્ઠ-વાસુદેવ પણ તીવ્ર વિષયલોલુપતા, તીવ્રકષાયભાવ વગેરે આત્મદોષના કારણે સમ્યકત્વને વમી અનેક પાપ પ્રવૃત્તિ-ઓમાં બાકીનું જીવન પૂર્ણ કરી સાતમી નરકના અધિકારી થયા. એ પ્રમાણે ભગવંત મહાવીરના અઢારમાં ભવની હકીકત અહીં પૂર્ણ થઇ.

## ધર્મવાણી

કર્મનો બંધ કરવો, બાંધેલા કર્મના ફળોને ભોગવવા, અને એ કર્મફળો ભોગવવા માટે ચોરાશી લાખ જીવાયોનિમાં વારંવાર પરિભ્રમણ કરવું, તત્વ દૃષ્ટિએ આત્માનો આ સ્વભાવ નથી, પરંતુ વિશ્વના સર્વ ભાવો જાણવા, જોવા અને પોતાના સ્વરૂપમાં રહેવું એ જ આત્માનો મૂલ સ્વભાવ છે.

# [ ૧૦ ]

## શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના અઢારમા ભવનું સિંહાવલોકન

શ્રમણ ભગવાન મહાવીર દેવના સ્થૂલ સત્તાવીશ ભવો પૈકી અઢાર ભવ સુધીનું નિરુપણ થયું છે.

હવે ઓગણીસમા ભવથી નિરુપણ શરુ કરવાનું છે, પરંતુ એ નિરૂપણ શરૂ કરવા પહેલા અઢારમાં ભવનું થોડી સિંહાવલોકન કરવાની ખાસ જરૂર છે.

ભગવાન મહાવીર પ્રભુના સત્તાવીસ ભવો પૈકી પ્રથમ નયસારનો ભવ, ત્રીજો મરીચિનો ભવ, સોળમો વિશ્વભૂતિનો ભવ, અઢારમો ત્રિપૃષ્ઠવાસુદેવનો ભવ, ત્રેવીસમો પ્રિયમિત્ર ચક્રવર્તિનો ભવ, પચ્ચીશમો નંદન મુનિનો અને સત્તાવીશમો તીર્થંકર તરીકેનો ભવ અનેક વિશિષ્ટ જીવન પ્રસંગોથી સભર છે.

આ બધાય ભવો દરમિયાન બનેલા એ પરમાત્માના વિધવિધ જીવન પ્રસંગો અંગે જેટલું ચિંતન મનન કરીએ તેટલું વધુ પ્રમાણમાં તત્વનું જાણપણું થાય છે.

ભગવાન મહાવીરનો આત્મા ત્રિપૃષ્ઠવાસુદેવના ભવમાંથી સાતમી નરકના અપ્રતિષ્ઠાન નામના નરકવાસમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યે ઉત્પન્ન થયો. એ બાબત આગળ

જણાવવામાં આવેલ છે.

અહિં વિચાર કરવા યોગ્ય બાબત એ છે કે એક બાજુથી માનવ જેવું સર્વોત્તમ જીવન, બીજી બાજુથી શારીરિક બલનું વૈશિષ્ટ્ય અને ત્રીજી બાજુથી ત્રણ ખંડનું એકછત્રીય સામ્રાજ્ય, આવી આવી અનેક સર્વાંગ સુંદર સામગ્રી મળી હોવા છતાં ત્રિપૃષ્ઠવાસુદેવ મરીને નરકના અતિથિ કેમ બન્યા ! એમનું આટલું બધું પતન કેમ થયું ?

કારણ એ છે કે એમને એ વિશિષ્ટ સામગ્રી પાપાનુબંધી પુણ્યના ઉદયથી મળી હતી, તેથી એ સુખ...સામગ્રીનો ઉપભોગ કરતાં વાસુદેવ તેમાં તીવ્ર ભાવે આસક્ત બન્યા અને તેથી પાપનો ઉત્કટ અનુબંધ કરી એ પાપોને ભોગવવા માટે દુર્ગતિમાં હડસેલાઈ ગયા.

## પુણ્ય-પુણ્યમાં તફાવત

જૈનશાસનમાં પુણ્યના બે પ્રકાર મુખ્યત્વે વર્ણવાયા છે એક પુણ્યાનુબંધી પુણ્ય અને બીજુ પાપાનુબંધી પુણ્ય

જે પુણ્ય પ્રકૃતિના બંધ સમયે મોહનીય કર્મનાં સ્થિતિબંધ તથા રસબંધમાં જોર ન હોય....પરંતુ મંદતા હોય તે પુણ્ય પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે, તેથી વિપરીત જે પુણ્યપ્રકૃતિના બંધ અવસરે મોહનીયના સ્થિતિબંધ અને રસબંધનું પ્રમાણ જોરદાર હોય તે પુણ્ય પાપાનુબંધી પુણ્ય ગણવામાં આવે છે.

દાન-શીલ-તપ વગેરે કોઈપણ સુવિહિત ધર્માચરણ આત્મહિતને લક્ષ્યમાં રાખીને કરવામાં આવે ત્યારે મન-વાણી-કાયાના યોગમાં જેમ શુભપણું હોય છે....તેમ ઉપ-યોગ-અધ્યવસાયમાં પણ અમુક પ્રમાણમાં વિશુદ્ધિ હોય છે, આમાં શુભયોગ પુણ્યબંધનું કારણ છે, જ્યારે ઉપયોગની વિશુદ્ધિ મોહનીય કર્મની સ્થિતિ અને રસની પ્રબલ મંદ-તાનું કારણ છે.

એથી ઉલટું એજ સુવિહિત ધર્માચરણ ભૌતિક હેતુ-ઓને લક્ષ્યમાં રાખી કરવામાં આવે ત્યારે યોગમાં તો શુભપણું છે પણ ઉપયોગ પરિણામમાં અવિશુદ્ધિ મલિનતા હોય છે. તેથી શુભયોગને કારણે પુણ્યબંધ તો થાય છે. પણ ઉપયોગની મલિનતા મોહનીય કર્મની સ્થિતિ અને રસમાં તીવ્રતા ઉભી કરે છે.

*એથી પુણ્યાનુબંધી પુણ્યના* ઉદય પ્રસંગે મોહના ઉદ-યની મંદતા હોય છે. તેથી અંતરાત્મામાં સમ્યગ્દર્શન વગેરે સદ્ગુણોનું સ્થાન હોવાથી એ આત્મા પુણ્યોદયથી પ્રાપ્ત થયેલ માનવ જીવન....શારીરિક બલ....ધન દોલત વગેરે સામગ્રીનો ગુલામ બનતો નથી, પરંતુ તે સામગ્રીનો શક્ય હોય તેટલો વધુમાં વધુ પ્રમાણમાં સદુપયોગ કરે છે. પરિ-ણામે અલ્પ સંસારી બની સદ્ગતિનો અધિકારી થાય છે.

જ્યારે પાપાનુબંધી પુણ્યના ઉદય સમયે મોહનીયના ઉદયની પ્રબલતા હોય છે. તેથી અંતરમાં મિથ્યાત્વાદિ દોષોનો ગાઢ અંધકાર હોવાથી એ આત્મા પુણ્યોદય જન્ય

સુખ-સંપત્તિનો ગુલામ બની જાય છે અને મળેલી અનુકૂળ સામગ્રીનો સમગ્રપણે દુરૂપયોગ કરી સંસારવૃદ્ધિ કરી દુર્ગતિમાં ચાલ્યો જાય છે.

આ વસ્તુને વધુ સ્પષ્ટ સમજવા માટે પુણ્ય-પાપની ચઉભંગી સમજવી આવશ્યક છે.

## પુણ્ય-પાપની ચઉભંગી

મન-વાણી-કાયાના સારા કે નરસા વ્યાપાર-પ્રવૃત્તિ એ યોગ છે. અને એની પાછળનો ઉદ્દેશ-લક્ષ્ય અથવા દૃષ્ટિબિન્દુ એ ઉપયોગ છે.

આ યોગ અને ઉપયોગમાં ચાર પ્રકારો સંભવે છે. (૧) શુભયોગ અને શુદ્ધોપયોગ. (૨) શુભયોગ અને અશુદ્ધોપયોગ (૩) અશુભયોગ અને શુદ્ધોપયોગ. (૪) અશુભયોગ અને અશુદ્ધોપયોગ.

આ ચાર પ્રકારોને કારણે બંધાતા પુણ્ય-પાપમાં પણ ચાર પ્રકારો-ચઉભંગી ઊભી થાય છે. તે આ પ્રમાણે. (૧) પુણ્યાનુબંધી પુણ્ય. (૨) પાપાનુબંધી પુણ્ય. (૩) પુણ્યાનુબંધી પાપ. (૪) પાપાનુબંધી પાપ.

પ્રથમ પ્રકારમાં સુવિહિત ધર્માચરણ હોય છે અને સાથે આત્મહિતનું લક્ષ્ય હોય છે. એટલે આમાં યોગનું શુભપણું અને ઉપયોગની વિશુદ્ધિ છે. આવા પ્રસંગે સંવર અને સકામ નિર્જરા સાથે પુણ્યાનુબંધી પુણ્યની અનુકૂલતા ઉભી થાય છે જે મોક્ષનું અસાધારણ કારણ છે.

બીજા પ્રકારમાં સુવિહિત ધર્માચરણ હોય પણ તેની પાછળ ભૌતિક સુખની લાલસા હોય, આ પ્રકારમાં યોગ શુભ છે. પણ ઉપયોગ અશુદ્ધ છે એટલે સંવર અને સકામ નિર્જરાનો અભાવ હોય છે. માત્ર ભૌતિક સિદ્ધિ આપનાર પુણ્ય બંધાય છે. અને તેથી જ તે મોક્ષસાધક નથી પણ સંસારવર્ધક છે. જે મોક્ષસાધક નથી તે પાપાનુબંધી પુણ્ય કહેવાય છે.

ત્રીજા પ્રકારમાં સુવિહિત ધર્માચરણ ન હોય પણ તેના બદલે સાંસારિક પ્રવૃત્તિ અને તે પ્રસંગે પાપસ્થાનકોનું સેવન હોય, એમ છતાં સમ્યગ્દર્શન હોવાનાં કારણે એ પાપસ્થાનકોના સેવન પાછળ દિલમાં તીવ્ર પશ્ચાત્તાપ–ડંખ વગેરેનો સદ્ભાવ હોય છે. આ વિભાગમાં યોગ અશુભ છે પણ ઉપયોગ વિશુદ્ધ છે. અશુભયોગના કારણે ઘાતિ–અઘાતિ ઉભય પ્રકારનું પાપ તો બંધાય છે, પણ ઉપયોગની વિશુદ્ધિનાં કારણે તેમાં સ્થિતિ અને રસની તીવ્રતા નથી આવતી. આવા પાપને પુણ્યાનુબંધી પાપ કહેવાય છે.

ચોથા પ્રકારમાં પ્રવૃત્તિ એટલે યોગમાં સુવિહિત ધર્માનુષ્ઠાન નહિ....પણ પાપસ્થાનકોનું સેવન છે. સાથે ઉપયોગમાં પણ તે પાપના સેવન અંગે પશ્ચાતાપના સ્થાને પ્રમોદહર્ષ હોય છે એટલે અશુભ યોગ અને અશુદ્ધ ઉપયોગ હોય છે. આવા અવસરે આત્મા ઘાતી–અઘાતી જે પાપ બાંધે છે, તેની પરંપરા અનેક ભવો પર્યંત ચાલે છે. તેથી તેને પાપાનુબંધી પાપ કહેવામાં આવે છે.

## યોગનો ધર્મ અને ઉપયોગનો ધર્મ

જૈનશાસનમાં યોગની શુદ્ધિ માટે જેટલો ભાર મુકવામાં આવેલ છે તેનાથી પણ વધુ પ્રમાણમાં ભાર ઉપયોગની શુદ્ધિ ઉપર આપવામાં આવેલ છે.

એકલો યોગમાં ધર્મ હોય. એટલે પ્રવૃત્તિમાં ધર્મ હોય, પણ ઉપયોગમાં અર્થાત્ પરિણતિમાં ધર્મ ન હોય તો યોગનો ધર્મ અમુક સમય પુરતું સાંસારિક–ભૌતિક સુખ આપે છે પણ સંસારના પરિભ્રમણનો અંત લાવતો નથી.

યોગના ધર્મની સાથે જો ઉપયોગમાં પણ હોય તો બાહ્ય સુખ તો મળે છે. પણ તે પ્રાસંગિક હોય છે. ખરેખર તો સંસારનું પરિભ્રમણ ઘટે છે અને છેવટ સંસારનો અંત આવતાં મોક્ષ સુખ મળે, એજ ધર્મનું મુખ્ય ફળ છે.

વર્તમાનકાળે બાહ્ય પ્રવૃતિમાં ધર્મનું પ્રમાણ ઘણું વધ્યું હોય તેમ અનુભવમાં આવે છે અને પ્રવૃતિ સ્વરુપ ધર્મની આજના જડવાદના વિષમ વાતાવરણમાં ઘણી જરૂર છે, એમ છતાં એ પ્રવૃતિ ધર્મમાં જ ધર્મની પૂર્ણતા ન માની લેતાં ઉપયોગમાં પણ ધર્મને સ્થાન આપવાની અને એ રીતે ધર્મને આત્મસ્પર્શી બનાવવાની ખૂબ જ અગત્યતા છે.

## ત્રિપૃષ્ઠ વાસુદેવને પાપાનુબંધી પુણ્ય

ત્રણ ખંડના અદ્ભુત ઐશ્વર્યને ભોગવનાર રાજેશ્વર

ત્રિપૃષ્ઠકુમાર વાસુદેવ જેવા સમર્થ રાજાધિરાજ આયુષ્ય પૂર્ણ થયા બાદ મરીને સાતમી નરકે કેમ ગયા ? એ બાબતનું સમાધાન ઉપરનું સ્પષ્ટીકરણ વિચારવાથી આપોઆપ થઇ જાય છે.

વાસુદેવ ત્રણ ખંડનાં સ્વામી હોવા છતાં પાપાનુબંધી પુણ્યોદયવાળા હતા અને એથી જ મળેલી બાહ્ય સુખની વિપુલ સામગ્રી પાછળ એ વાસુદેવનાં હૃદયમાં તીવ્ર આસક્તિ હતી. જોરદાર ગુલામી હતી.

એ ગુલામીના કારણે ઘોર હિંસા વગેરે પાપો કરવામાં પણ વાસુદેવને જરાય આંચકો આવતો નો'તો.

પોતાની નિદ્રાના સુખમાં જરા ખામી આવી એટલે શય્યાપાલકના કાનમાં ગરમ કરેલું કથીર રેડવાનું અને એ શય્યાપાલકને યમસદનનો અતિથિ બનાવવાનું ક્રૂર કૃત્ય કરતાં દિલમાં અરેરાટી કે કંપારી છૂટી ન હતી....પણ આવી કઠોર શિક્ષા દ્વારા સેવકવર્ગમાં આજ્ઞાના ઉલ્લંઘનના ખતરનાક પરિણામોનું ભાન કરાવ્યાનો ગર્વ હતો. ઉન્માદ હતો. આવા ભયંકર પાપો બાહ્ય સુખોની ગુલામીના કારણે જ થયાં હતાં.

એનાં બીજ ૧૬ મા વિશ્વભૂતિમુનિના ભવમાં રોપાયાં હતાં. મથુરા નગરીમાં ગાયની હડફેટમાં આવી જવું, જમીન ઉપર પડી જવું, વિશાખાનંદિએ કરેલ ઉપહાસ સાંભળતાં ક્રોધમાં આવી ગાયને શીંગડાથી પકડી આકાશમાં ઉછાળવી

છેવટે 'આજ સુધીની મારી સમગ્ર તપશ્ચર્યા અને ઉત્કટ સંયમારાધનાનું જે કોઈપણ ફળ પ્રાપ્ત થવાનું હોય તે ફળમાં મને ભવાન્તરમાં વધુમાં વધુ શારીરિક બળની પ્રાપ્તિ હો.' આ નિયાણું કરવાના અધ્યવસાયો પાપાનુબંધિ પુણ્યનું કારણ હતું.

તે કારણથી જ વાસુદેવના ભવમાં ઉગ્ર પાપો કરીને ભવિષ્યમાં ભગવાન થનાર એવો પણ વાસુદેવનો આત્મા એક વાર સાતમી નરકમાં પહોંચી ગયો.

એકલા ત્રિપૃષ્ઠ વાસુદેવ માટે જ આ પ્રમાણે બન્યું છે એમ સમજવાનું નથી. પરંતુ પ્રત્યેક ઉત્સર્પિણી અવસર્પિણી કાળમાં પંદર કર્મભૂમિ પૈકી કોઈપણ કર્મભૂમિમાં ઉત્પન્ન થનારા દરેકે દરેક વાસુદેવો નિયાણાપૂર્વક જ વાસુદેવ બનતા હોય છે. અને વાસુદેવના ભવમાં ઘોર પાપો કરી મરીને નિયતપણે નરક ગતિમાં ચાલ્યા જાય છે.

## બલદેવો અને વાસુદેવોના અંતરંગ જીવનની તરતમતા

વાસુદેવો અને બલદેવો હંમેશાં સગા બંધુઓ છે.... એક જ પિતાના બંને પુત્રો હોય છે. પરંતુ ખૂબી તો એ છે કે બન્નેના અંતરંગ જીવનમાં આભ–જમીનનું અંતર હોય છે.

વાસુદેવો નિયતપણે પાપાનુબંધી પુણ્યોદયવાળા જ હોય છે. જ્યારે બલદેવો તેથી વિપરીત નિશ્ચિતપુણ્યાનુબંધી પુણ્યોદયવાળા હોય છે.

વાસુદેવો બધા જ નરકગતિ ગામી હોય છે....જ્યારે બલદેવો બધાય સ્વર્ગ અથવા મોક્ષે જનારા હોય છે.

બાહ્ય પુણ્યમાં અમુક રીતે સમાનતા હોવા છતાં પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પુણ્યનાં કારણે અંતરંગ જીવનની દૃષ્ટિએ એક અધોગામી હોય છે, બીજો ઊર્ધ્વગામી હોય છે.

## અચલકુમારનો વિલાપ અને દીક્ષા

વાસુદેવ અને બલદેવ આ બન્ને જુગલજોડીમાં પરસ્પર ગાઢ પ્રેમ હોય છે, એ નિયમ પ્રમાણે ત્રિપૃષ્ઠ વાસુદેવના વડીલબંધુ બલદેવ અચલકુમારને ત્રિપૃષ્ઠકુમાર ઉપર નિઃસીમ પ્રેમ હતો.

તેઓ તેજ ભવમાં મુક્તિગામી અને વિવેકી હોવા છતાં ત્રિપૃષ્ઠ વાસુદેવનું અવસાન થયા બાદ હદ ઉપરાંત બંધુ સ્નેહના કારણે ઉચ્ચ અને કરૂણ સ્વરે રૂદન કરવા લાગ્યા... વાસુદેવના મૃતક શરીરને પોતાના ઉત્સંગમાં લઈને વિવિધ પ્રકારે વિલાપ કરવા લાગ્યા.

કુટુંબના વૃદ્ધ પુરુષોની ઘણી ઘણી સમજાવટ પછી અચલકુમારે વાસુદેવનું શરીર કુટુંબી વર્ગને સોંપ્યું અને ત્યારબાદ તેનો ઉત્તરવિધિ થયો.

આ પ્રસંગ બની ગયા બાદ વાસુદેવ ઉપરના ગાઢ સ્નેહના કારણે ઉદાસીન અને ગમગીન બની ગયેલા અચલકુમારને રાજ્યમહેલમાં....ઉપવનમાં....નગરમાં કોઈ પણ સ્થળે

અને એટલેથી જ ન અટકતાં માનદશામાં આગળ વધી ખાન-પાન-ભોગ-ઉપભોગ વગેરે કોઈપણ સંસારિક પ્રવૃત્તિમાં આનંદ આવતો નથી. રસપડતો નથી. ત્રિપૃષ્ટકુમારનું વારંવાર સ્મરણ કરીને શોક સંતાપ કરે છે.

આ રીતે કેટલોક કાળ પસાર થયા બાદ એક વખતે અચલકુમારને અગિયારમા તીર્થંકર શ્રેયાંસનાથ ભગવાનનો ઉપદેશ યાદ આવ્યો તેઓ સંસારની અસારતાનું ચિંતન કરી વિષયોથી વિરક્ત બની સંયમ ગ્રહણ કરવા તત્પર થયા....પરંતુ કુટુંબી વર્ગના અતિ આગ્રહથી થોડો સમય સંસારમાં રહેવા સંમત થયા.

કેટલાક સમય બાદ ધર્મઘોષ નામના આચાર્ય ભગવંત પોતનપુર નગરના પરિસરમાં પધાર્યા. અચલકુમાર પોતાના પરિવાર સાથે એ આચાર્ય ભગવંતને વંદન કરવા માટે ગયા.

આચાર્ય ભગવંતની વૈરાગ્યવાહિની ધર્મદેશના સાંભળી તેઓ સંસાર ઉપરથી નિર્વેદ પામ્યા. અને સ્વજન-સંબંધી વર્ગની અનુમતિ મેળવી આચાર્ય ભગવંત પાસે ભાગવતી દીક્ષાનો સ્વીકાર કર્યો.

દીક્ષા લીધા બાદ મૂલગુણ ઉત્તરગુણના પરિપાલનમાં કઠોરપણે ઉજમાળ બન્યા. જ્ઞાન-ધ્યાન-તપ-સંયમની સુવિ-શુદ્ધ આરાધના કરવા લાગ્યા....આ રીતે આરાધના કરતાં કરતાં ઘાતીકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું....અને શેષ આયુષ્ય પૂર્ણ કરી બલદેવ અચલકુમાર મોક્ષે પહોંચ્યા

## ત્રિપૃષ્ઠ વાસુદેવનું આયુષ્ય

ત્રિપૃષ્ઠ વાસુદેવનું કુલ આયુષ્ય ચોરાશી લાખ વર્ષનું હતું. તેમાં પચીશ હજાર વર્ષ કુમાર અવસ્થામાં રહ્યા. પચીશ હજાર વર્ષ મંડલિક રાજા તરીકેના પસાર કર્યા. એક હજાર વર્ષ દિગ્‌વિજય કરવામાં ગાળ્યાં. બાકીના ત્યાસી લાખ ઓગણ પચાશ હજાર વર્ષ વાસુદેવપણામાં વ્યતીત કર્યા. આ રીતે ૮૪ લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી તીવ્ર રૌદ્ર ધ્યાનના કારણે બાંધેલા અતિનિકાચિત અશુભ કર્મોના કટુ વિપાકો ભોગવવા સાતમી નરકમાં ઉત્પન્ન થયા.

ભગવાન મહાવીરદેવનો ૧૮ મો ભવ પૂર્ણ થયો. પ્રથમ નયસારના ભવમાં પ્રકટેલ સમ્યગ્‌દર્શનની દિવ્ય જ્યોત ઉપર મિથ્યાત્વના ગાઢ પડળો વ્યાપી ગયા. પ્રકાશ તિરોહિત થયો. બાહ્ય દુઃખની ચરમસીમાએ આત્મા પહોંચી ગયો.... મોહરાજા સાથેના સંગ્રામમાં પીછેહઠ કરી પરાજિત બન્યો.... કર્મની મજબૂત જંજીરોમાં જકડાયો. અને પોતાના કરેલા દુષ્કર્મોની કારમી શિક્ષા ભોગવવા માટે નરકમા જઇ ત્યાં તીવ્રતમ દુઃખો, પ્રગાઢ યાતનાઓ અને અસહ્ય વેદનાઓને અશરણપણે ભોગવવા લાગ્યા. ભવિષ્યમાં જગત આખાને શરણ આપવાની યોગ્યતા ધારણ કરનાર પ્રભુનો આત્મા કર્મની આગળ પામર અશરણ બની ગયો !

એમ છતાં જગતના પ્રાણીઓને આત્માઓને બોધ આપી રહ્યો કે–

–કર્યાં કર્મ કોઇને પણ ન છોડે....

–ભલે રાજા હોય, મહારાજા હોય, ચક્રવર્તી કે ખુદ ભાવિ તીર્થંકર થનાર આત્મા હોય!

–કર્મનો કાયદો બધે જ નિષ્પક્ષ અટલ અને સુવ્યવસ્થિત રીતે ચાલે છે.

–ત્યાં કોઈ લાગવગ કે લાંચ-રૂશ્વત ચાલતી નથી.

–માટે તીવ્ર કર્મ બંધન ન કરો!

–સાવધાન રહો!

卐

**ધર્મવાણી**

એક જ પિતાના પુત્રો વચ્ચે પણ વૈમનસ્ય પ્રગટ કરનાર તેમજ અસત્ય અને અનીતિ વગેરે ઉન્માર્ગની પરંપરાનું પોષણ આપનાર, ધન ધાન્ય વગેરે નવ પ્રકારના પરિગ્રહની મમતા છે. આ પરિગ્રહની મમતા, એજ આત્માની જ્ઞાન-દર્શન-ચારિત્રની સંપતિ લૂંટી લીધી છે આવા કારણે આ નવે પ્રકારનાં પરિગ્રહની મમતાના પાશમાંથી મુમુક્ષુ આત્માએ સર્વથા દૂર રહેવા નિરંતર જાગૃત રહેવુ જોઇએ.

# [ ૧૧ ]

## વાસુદેવના નામ-સમય-ગતિ

ત્રિપૃષ્ઠ વાસુદેવ વર્તમાન અવસર્પિણીમાં થયેલા નવ વાસુદેવો પૈકી પ્રથમ વાસુદેવ હતા. વર્તમાન અવસર્પિણીના ૨૪ તીર્થંકરો પૈકી ૧૧ મા શ્રીશ્રેયાંસનાથ તીર્થંકરના શાસનમાં એમનું અસ્તિત્વ હતું....અને મરીને તેઓ ૭મી નરકે ગયા. જે વાત આગળ જણાવેલ છે.

આ પ્રસંગે બાકીના ૮ વાસુદેવોનાં પણ નામો, તેઓનો સમય અને આયુષ્ય પૂર્ણ થયા બાદ મરીને કેટલામી નરકે તે ઉત્પન્ન થયા વગેરે બાબતો જાણવી અવસરોચિત હોવાથી સંક્ષેપમાં તે હકીકત અહિં કોષ્ટકો દ્વારા રજૂ કરાય છે.

| વાસુદેવનું નામ | કયા તીર્થંકરના શાસનમાં | કઈ ગતિમાં |
|---|---|---|
| ત્રિપૃષ્ઠ | શ્રેયાંસનાથ | સાતમી નરક |
| દ્વિપૃષ્ઠ | વાસુપૂજ્ય સ્વામી | છઠ્ઠી નરક |
| સ્વયંપ્રભુ | વિમલનાથ | છઠ્ઠી નરક |
| પુરુષોત્તમ | અનંતનાથ | છઠ્ઠી નરક |
| પુરુષસિંહ | ધર્મનાથ | છઠ્ઠી નરક |
| પુરુષ પુંડરિક | અરનાથ | છઠ્ઠી નરક |
| શ્રીદત્ત | અરનાથ | પાંચમી નરક |
| લક્ષ્મણ | મુનિસુવ્રત સ્વામી | ચોથી નરક |
| કૃષ્ણ | નેમિનાથ | ત્રીજી નરક |

એજ પ્રમાણે નવ બલદેવો જે વાસુદેવના વડીલ બંધુઓ હોય છે. એમનાં નામો, સમય અને ગતિ આ પ્રમાણે છે.

| બલદેવનું નામ | ક્યા તીર્થંકર પ્રભુના શાસનમાં | કઈ ગતિમાં |
|---|---|---|
| અચલ | શ્રેયાંસનાથ | મોક્ષ |
| વિજય | વાસુપૂજ્ય સ્વામી | મોક્ષ |
| શ્રીભદ્ર | વિમલનાથ | મોક્ષ |
| સુપ્રભ | અનંતનાથ | મોક્ષ |
| સુદર્શન | ધર્મનાથ | મોક્ષ |
| આનંદ | અરનાથ | મોક્ષ |
| નંદન | અરનાથ | મોક્ષ |
| રામચંદ્ર (શ્રીપદ્મ) | મુનિસુવ્રત સ્વામી | મોક્ષ |
| બલરામ | નેમિનાથ | પંચમ દેવલોક |

## બાહ્ય સુખ-દુ:ખની ચરમસીમાઓ

સાતમી નારકીનું સ્થાન કે જ્યાં શ્રમણ ભગવાન મહાવીરનો આત્મા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાંથી અધિકાધિક આરંભ અને પરિગ્રહના કારણે ઉત્પન્ન થયેલ છે. એ સાતમી નારકી જેવું વધુ બાહ્ય દુઃખનું સ્થાન અખિલ વિશ્વમાં બીજુ કોઈ નથી. પૌદ્ગલિક કિંવા બાહ્ય સુખનું ચરમ સ્થાન જેમ સર્વાર્થસિદ્ધ વિમાન છે, તે જ પ્રમાણે પૌદ્ગલિક અથવા શારીરિક-બાહ્ય દુઃખની ચરમસીમાનું સ્થાન સાતમી નરક છે.

સર્વજ્ઞ કથિત શાસ્ત્રોનાં વચન પ્રમાણે આ સાતમી નરકમાં રહેલા નારકીના જીવોને પાંચ ક્રોડ, અડસઠ લાખ,



– ભવ ૧૮ –

ભગવાનનો આત્મા ત્રિપૃષ્ઠ વાસુદેવ રૂપે હતો ત્યારે.
આજ્ઞાનો ભંગ કરનાર શય્યારક્ષકના કાનમાં ધગધગતું સીસું રેડાવે છે.

–પૃષ્ઠ ૧૩૦ જુઓ

નવ્વાણું હજાર, પાંચસો ચોરાસી (૫,૬૮,૯૯,૫૮૪) રોગોના નિરંતર ઉદય-ભોગવટો વિદ્યમાન હોય છે.

## નારક જીવોની અશરણ દશા

આપણા શરીરમાં એકાદ સામાન્ય રોગ થાય તો તે પણ આપણાથી સહન થતો નથી....અને એ રોગનું નિવારણ કરવા માટે શક્ય હોય એટલા બધાય ઉપાયો કરીએ છીએ.

જ્યારે આ નરકના જીવોને એક સાથે લાખો અને ક્રોડો ભયંકર દર્દોનો ભોગવટો નિરંતર ચાલુ હોય છે, એ દર્દના નિવારણ માટે એ નરકના સ્થાનના વૈદ્ય, ડોક-ટર, કે ઔષધ વગેરે કોઈ ઉપાય હોતો નથી, એ અક્ષર આશ્વાસન કિંવા શાન્તિના સંભળાવનાર માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, મિત્ર, કે સ્વજન વગેરે કોઈની પણ હાજરીનો અભાવ હોય છે...વધુમાં આજુબાજુનું વાતાવરણ પણ શાન્તિને બદલે અશાન્તિમાં જ ઉમેરો કર-નારૂં હોય છે....

બીજી વાત એ છે કે...વર્તમાનમાં મનુષ્યોનું આયુષ્ય પ્રમાણ લગભગ પોણોસો–સો વર્ષનું મર્યાદિત હોય છે... જ્યારે આ નારકીના જીવોનું આયુષ્ય પણ તેત્રીસ સાગરો-પમ સુધીનું હોય છે. જૈનદર્શનમાં કથન પ્રમાણે અસંખ્ય વર્ષોનો એક પલ્યોપમ....અને દશ કોડાકોડી (ક્રોડને ક્રોડથી ગુણતાં આવે એટલા) પલ્યોપમનો એકમ સાગરોપમ કાળ થાય આવા ૩૩ સાગરોપમનું આયુષ્ય ત્યાં હોય છે.

આટલા સુદીર્ઘ સમય સુધી ઉત્પત્તિના કાળથી આયુષ્યની સમાપ્તિ પર્યંત ઉપર જણાવ્યા પ્રમાણે પાંચ-પાંચ ક્રોડ ઉપરાંત ભયાનક દર્દોનો એક સાથે ભોગવટો એ નારકીના જીવો અશરણપણે કરે છે.

આ પરિસ્થિતિમાં એ નારકીના જીવોની વેદનાઓ.... ત્રાસ, દુઃખો, યાતનાઓ, કષ્ટો....કેવાં અસહ્ય, દારૂણ અને ભીષણ હશે....! એની કલ્પના જ આવી શકે એમ નથી... એ વિચાર જ ધ્રુજાવી મૂકે એવો છે....

## દુઃખની સતત પરંપરા

નરકગતિમાં, અને તેમાંય છઠ્ઠી-સાતમી નરકમાં ઉત્પન્ન થનાર જીવાત્માઓને માત્ર એકલો પાપનો જ ઉદય હોય છે એમ નથી. પાપના એટલે કે અશુભ કર્મનાં ભોગવટા સાથે અમુક પ્રમાણમાં શુભકર્મનો-પુણ્યનો ભોગવટો પણ હોય છે.

નરકગતિ, નરકનું આયુષ્ય....અશાતા વેદનીય, હુંડક સંસ્થાન, અશુભવર્ણ ગંધ રસ સ્પર્શ...., વગેરે વગેરે પાપ પ્રકૃતિઓના ઉદયની સાથે સાથે પંચેન્દ્રિય જાતિ, ત્રસ નામ કર્મ....પ્રત્યેકનામ કર્મ....વૈક્રિયશરીર....વગેરે પુણ્ય પ્રકૃતિઓ પણ ઉદયમાં અવશ્ય વર્તતી હોય છે.

એમ છતાં પાપ પ્રકૃતિઓ તીવ્ર રસવાળી યાવત્ નિકાચિત જેવી અવસ્થાવાળી હોવાથી....અને પુણ્ય પ્રકૃતિઓ

મંદ રસવાળી હોવાથી વ્યકત અનુભવમાં બહુલતાએ પાપોદયજન્ય દુઃખનું જ પ્રમાણ રહે છે. પુણ્ય પ્રકૃતિઓનો અમુક પ્રમાણમાં ભોગવટો ચાલુ હોવા છતાં તેનાથી સુખનો અનુભવ તો થતો નથી....પરંતુ દુઃખના ભોગવટામાં તીવ્રતા ઉભી કરવામાં એ પુણ્યપ્રકૃતિઓ કેટલીવાર મદદગાર બનતી હોય.

આવા સંજોગોમાં નારકીના જીવોને ક્ષણભર પણ સુખ કે શાન્તિનો અનુભવ લગભગ અસંભવિત હોય છે.

ફકત જગતના સર્વજીવોના કલ્યાણ અને શાંતિ માટે જ જે પરમાત્માઓનો અવતાર થાય છે, એવા વિશ્વવત્સલ ભગવાન તીર્થંકર દેવોના કલ્યાણક અવસરે જ નિરંતર દુઃખમાં રિબાતા એ નારકીના જીવોને ક્ષણભર શાતાનો અનુભવ થાય છે.

## નરકમાં બીજી વેદનાઓ

નારકીમાં ઉત્પન્ન થયેલા આ જીવોને ઉપર જણાવ્યા મુજબ એકલી રોગજન્ય શારીરિક વેદનામાં જ દુઃખની સમાપ્તિ થતી નથી.

પરંતુ ત્યાંનું ક્ષેત્ર કિંવા ભૂમિજન્ય શીત અને ઉષ્ણ વેદનાઓ પણ અતિશય ભયંકર હોય છે ઉપરાંત એ નારકોના જીવોમાં બહુલતાએ ક્રોધ કષાય તીવ્ર ઉદયવાળા હોવાથી હંમેશા પરસ્પર ઝઘડા...મારામારી....કાપાકાપી અને કલેશ-કંકાસનું પણ એટલું બધું પ્રમાણ હોય છે કે

અંતરંગ દૃષ્ટિએ પણ ત્યાં શાંતિનું પ્રાયઃ નામ નિશાન હોતું નથી. કોઇ સમ્યગ્દૃષ્ટિ આત્મા હોય તો તેની વાત જુદી છે.

પ્રથમથી ત્રણ નારકીમાં તો પરમાધામી દેવો તરફથી થતી વેદનાઓ પણ અત્યંત ભયંકર હોય છે કે જેનું વર્ણન શ્રવણ કરતાં પણ આપણને ધ્રૂજારી છૂટી જાય.... આવી દશ-દશ પ્રકારની નિબિડ વેદનાઓને એ નરકજીવો અહોનિશ ભોગવતા હોય છે.

ભવિષ્યમાં ભગવાન થનાર એવા મહાવીરદેવનાં આત્માને પણ ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં સેવાયેલા ઉગ્ર પાપોનાં કારણે સાતમી નરકમાં જવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે....ત્યાં અસંખ્ય વર્ષો પર્યંત દુરન્ત દુઃખો અનુભવવાનો જે પ્રસંગ આવેલ છે, એમાં કારણ જો કોઇ હોય તો તીવ્રભાવે પાપો કરી ઉપાર્જન કરેલ કર્મસત્તાનું પ્રબલ સામ્રાજ્ય છે.

## વિષયોની ગુલામી એ દુઃખનું કારણ છે.

આવા પ્રસંગે આપણને સહુને એમ વિચાર આવશે કે, જે દુઃખોથી સદંતર દૂર રહેવાની જ આપણી અભિલાષાઓ છે, છતાં એજ અતિ દારૂણ દુઃખો ભોગવવાં પડે છે એનું કારણ શું?

આ વિચારનું સમાધાન સંક્ષેપમાં એટલું જ છે કે, આપણા સુખનું કારણ પોતે જ છીએ, અને આપણા દુઃખનું કારણ પણ આપણે પોતે જ છીએ.

ઇન્દ્રિયોના વિષયોની પાછળ ગુલામ બનેલો....ભાન

ભૂલેલો પુદ્ગલાનંદી આત્મા, વધુ પડતી અજ્ઞાન દશાના કારણે કોઈ કોઇ વાર હિંસા, અસત્ય, ચોરી, દુરાચાર, વગેરે પાપોનું અવિરતપણે એવું ઉગ્રભાવે સેવન કરે છે.... અને તે પાપોના સેવન પાછળ એવો આનંદ, એવો પ્રમોદ અનુભવે છે કે જેના કારણે નિકાચિત ભાવે અશુભકર્મોનો બંધ કરી તે આત્મા નરકાદિ દુર્ગતિમાં ચાલ્યો જાય છે.... અને અસંખ્ય કાલપર્યંત તીવ્રતમ કષ્ટોનો અનુભવ કરે છે

સમર્થ શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજનું વચન છે કે—

**दुःखं पापात् सुखं धर्मात्, सर्वशास्त्रेषु संस्थितिः ।**
**अतः कर्तव्यं न पापं कर्तव्यो धर्मसंचयः ॥**

પાપ એ દુઃખનું કારણ છે અને ધર્મ એ સુખનું કારણ છે, આ વાત એકલા જૈન શાસ્ત્રોની નહિં....પણ સર્વ આસ્તિક દર્શનનાં શાસ્ત્રોની છે. જો દુઃખ અનિષ્ટ હોય તો પાપથી દૂર રહો અને બાહ્ય–અભ્યંતર કોઇપણ પ્રકારના સુખની અભિલાષા હોય તો ધર્મની આરાધનામાં આત્માને જોડી દો.

## ૨૦ મા ભવમાં સિંહ તરીકે ઉત્પત્તિ

સાતમી નારકીનું આયુષ્ય પૂર્ણ થયા બાદ વીશમાં ભવમાં ભગવંતનો આત્મા સિંહ તરીકે ઉત્પન્ન થયો.

નારકીના જીવો માટે એ નિયમ છે કે એ જીવો નારકીનાં ભવમાંથી અનંતરપણે દેવનો ભવ પ્રાપ્ત કરી શકતા નથી,

કારણ કે દેવનો ભવ પ્રાપ્ત થઇ શકે એવી અન્ય પ્રકૃતિઓ બાંધવાની નારકીના આત્માને અનુકૂળતા નથી.

તે જ પ્રમાણે નારકીનો જીવ નરકમાંથી નીકળીને વચમાં કોઇપણ મનુષ્ય કે તિર્યંચનો ભવ કર્યા સિવાય તુરત નારકી તરીકે તેમજ એકેન્દ્રિય....બેઇન્દ્રિય....તેઇન્દ્રિય....અને ચઉરિન્દ્રિય તરીકે પણ ઉત્પન્ન થઈ શકતો નથી. કારણકે દંડકોમાં ઉત્પન્ન થવા યોગ્ય પાપ પ્રકૃતિઓનો બંધ કરવાની પણ નારકીના જીવોને અનુકૂળતા નથી હોતી.

આવા હેતુઓથી નરકમાં ઉત્પન્ન થયેલા નારકીના જીવો પોતાનું આયુષ્ય જેટલું હોય તેટલું સંપૂર્ણ થયા બાદ ફકત પંચેન્દ્રિય, તિર્યંચ અને મનુષ્યના દંડકમાં જ ઉત્પન્ન થાય છે. તે સિવાય બીજા કોઇ દંડકમાં નારક જીવોની ઉત્પત્તિ થતી નથી.

તેમાં પણ પહેલી નરકથી છઠ્ઠી નરક સુધીના નારકીના જીવો મનુષ્ય અને તિર્યંચ એમ બન્ને દંડકો પૈકી કોઇપણ દંડકમાં ઉત્પન્ન થઇ શકે છે....પરંતુ સાતમી નારકીના જીવો તો માત્ર એક પંચેન્દ્રિય તિર્યંચના જ દંડકમાં ઉત્પન્ન થઈ શકે છે. એ જીવોને મનુષ્યના દંડકમાં ઉત્પન્ન થવાનો અધિકાર નથી.

## સાતમી નારકીમાં પણ સમ્યક્ત્વ

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે....સાતમી નારકીમાં સમ્યગ્દૃષ્ટિ જીવો પણ કોઈ કોઈ હોય છે....અને સમ્ય-

દ્દષ્ટિ નારકજીવ આયુષ્યનો બંધ કરે તો મનુષ્યના આયુષ્યનો બંધ કરે એમ કર્મગ્રન્થ વગેરે શાસ્ત્રોનું કથન છે....તો પછી સાતમી નારકીનો કોઈજીવ સમ્યગ્દષ્ટિમાં મનુષ્યના આયુષ્યનો બંધ કરી મનુષ્યના દંડકમાં કેમ ઉત્પન્ન ન થઈ શકે ?

એના સમાધાનમાં સમજવાનું છે કે સાતમી નારકીમાં ઉત્પન્ન થયેલા જીવો પૈકી કોઈ જીવ સમ્યગ્દષ્ટિ હોઇ શકે છે એ વાત બરાબર છે. મનુષ્ય અથવા તિર્યંચના ભવમાંથી કોઈ આત્મા જ્યારે સાતમી નરકમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તો એ આત્મા અવશ્ય મિથ્યાદષ્ટિ જ હોય છે, પણ ઉત્પન્ન થયા બાદ પ્રથમનું અંતર્મુહૂર્ત સમાપ્ત થયા પછી સાતમી નારકી જેવા ભયંકર દુઃખના સ્થાનમાં પણ કોઇ ભવ્ય આત્માને સમ્યગ્દર્શન પ્રકટ થાય છે, અને કોઇ કોઈ વાર તો એવું બને છે કે પ્રગટ થયેલ એ ક્ષયોપશમ સમ્યગ્દર્શન એ નારકીના જીવના ૩૩ સાગરોપમના આયુષ્યનું ફક્ત એક છેલ્લું અંતર્મુહૂર્ત બાકી રહે ત્યાં સુધી એક ધારૂં ટકી રહે છે.

એમ છતાં એ સાતમી નારકીના ભવનું સ્થાન એવું વિચિત્ર છે...અથવા ત્યાં ઉત્પન્ન થનાર આત્માના કર્મની સત્તા જ એવા પ્રકારની છે કે સમ્યગ્દર્શન વિદ્યમાન હોય તે સમય દરમિયાન આયુષ્યનો બંધ પડતો નથી છેલ્લું એક અંતર્મુહૂર્ત જ્યારે બાકી રહે અને સમ્યગ્દર્શનને વમી નાંખે અને મિથ્યાત્વનો ઉદય શરુ થાય ત્યારે જ આયુષ્યનો

બંધ પડે છે. અને તે વખતે તિર્યંચ ગતિના જ આયુષ્યને બાંધે છે. આ હકીકત કર્મપ્રકૃતિ...પંચસંગ્રહ વગેરે ગ્રન્થોમાં વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવેલ છે.

આવા સંજોગોમાં સાતમી નરકમાં ઉત્પન્ન થયેલ ભગવાન મહાવીરદેવના આત્માને પણ મનુષ્યગતિનો બંધનો અવકાશ ન હોવાથી તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધી વીશમા ભવમાં ભગવાનનો આત્મા કોઈ અટવીમાં સિંહ તરીકે જન્મ ધારણ કરે છે.

**ધર્મવાણી**

પારકાના ગુણદોષ જોવા એ વિષય દૃષ્ટિ છે.

અને પોતાના ગુણોના અનુભવના પ્રકાશથી પ્રાપ્ત એવી દૃષ્ટિ અમૃતવર્ષા જેવી છે.

—પરમાત્મ પંચ વિંશતિકા

# [ ૧૨ ]

## પશુ-પશુઓમાં તરતમતા

શ્રમણ ભગવાન મહાવીરદેવનો આત્મા નયસારના ભવની અપેક્ષાએ સ્થૂલ ૨૭ ભવો પૈકી ૨૦ માં ભવમાં સિંહ તરીકે ઉત્પન્ન થયો છે.

તિર્યંચના ભવોમાં કોઇ પણ વાર ગાય, બળદ વગેરે પશુજીવનમાં જન્મ થવો એ યદ્યપિ અશુભોદય છે. એમ છતાં એ ગાય અથવા બળદ વગેરે પશુજીવનમાં સિંહ, વાઘ, દીપડા, બિલ્લી વગેરે પશુઓની અપેક્ષાએ ક્રૂરતાનું પ્રમાણ અતિ અલ્પ હોય છે, અને તેથી હિંસા વગેરે તીવ્ર પાપોથી સ્વાભાવિક રીતે બચાવ થાય છે.

એટલું જ નહિ પણ એ ગાય, બળદ વગેરે પશુઓ અનેક કષ્ટો સહન કરીને પણ માનવસમુદાયને દુધ, ખેતી છાણ, મૂત્ર વગેરે સામગ્રી પૂરી પાડવા દ્વારા ઉપકારક બને છે. અને એ રીતે પુણ્યપ્રકૃતિનો બંધ કરી મનુષ્યે અથવા દેવગતિમાં પણ ઉત્પન્ન થઈ શકે છે.

જ્યારે વાઘ, દીપડા, સિંહ, બિલાડી, વગેરે ચોપગા પ્રાણીઓની તેથી લગભગ વિપરીત દશા હોય છે. કોઇ વાર કોઇ જીવવિશેષની વાત અપવાદ રૂપે બાજુમાં રાખીને

સર્વ સામાન્ય વિચાર કરીએ તો, એ વાઘ–દીપડા–સિંહ વગેરે ચોપગા પ્રાણીઓ પોતાના જીવન દરમિયાન અનેકાનેક પંચેન્દ્રિય જીવોની હિંસા વગેરે પાપસ્થાનકોના સેવનદ્વારા અશુભ કર્મ ઉપાર્જન કરી નરક અથવા તિર્યંચ જેવી દુર્ગતિમાં પ્રાયઃ ચાલ્યા જાય છે.

## શુભાશુભ પ્રવૃત્તિથી સુખ-દુઃખ નિર્માણ

જીવનમાં કોઇ કોઇ વાર ત્રિકરણ યોગે એવી શુભ પ્રવૃત્તિ થઈ જાય છે કે જેના પ્રભાવે એ આત્મા જ્યાં જ્યાં ઉત્પન્ન થાય, ત્યાં ત્યાં બાહ્ય–અભ્યંતર સુખ–શાંતિ કિંવા કુશલાનુબંધની પરંપરા ચાલે છે.

જ્યારે એથી વિપરીત રીતે જીવનમાં કોઈ વાર મન–વાણી કાયા દ્વારા એવી અશુભ પ્રવૃત્તિનો પ્રસંગ પ્રાપ્ત થાય છે કે પરિણામે એ આત્મા જ્યાં જ્યાં જન્મ ધારણ કરે, ત્યાં ત્યાં બહુલતાએ ઉભય પ્રકારે અશાન્તિ અથવા અકુશલાનુબન્ધની પરંપરા અનેક ભવોપર્યંત ચાલે છે.

## પાપથી વિમુખ યા અનાસક્ત બનો

પાપને પાપ તરીકે જાણ્યા પછી તેનાથી, દૂર રહેવાય પાપને પડખે ન ચડાય, આત્મહિત માટે એ સર્વોત્તમ માર્ગ છે.

પરંતુ એ ઉચ્ચ કક્ષાએ ન પહોંચાય તો પાપને પાપ તરીકે જાણ્યા બાદ જ્યારે જ્યારે પાપની પ્રવૃત્તિનો પ્રસંગ આવે, અને અનિવાર્ય સંયોગોમાં પાપ કરવું પડે, ત્યારે

અંતરમાં એ પાપની વેદના વર્તતી હોય તો એ પાપની પરંપરા નથી ચાલતી.

એ પાપનાં ફળો અત્યંત હળવા સ્વરૂપે ભોગવાય છે, અને જે અવસરે ભોગવાય છે, તે અવસરે પણ વિપાક-વિચય ધર્મધ્યાનનું અંતરાત્મામાં સ્થાન હોવાથી અનંતર-પણે યા પરંપરપણે મોક્ષ પ્રાપ્ત કરાવનાર સકામનિર્જરાનો આત્માને લાભ મળે છે.

જે આત્મા પાપને પાપ તરીકે જાણતો નથી અને જાણતો હોય તો પાપને પાપ તરીકે ગણતો નથી, અને તેથી નિડરપણે પાપની પ્રવૃત્તિમાં ચકચૂર બને છે, એટલું જ નહિ પણ કરેલા પાપના પશ્ચાત્તાપને સ્થાને એનામાં આનંદ, પ્રમોદ વર્તતો હોય તો એક બીજા પાપમાંથી અનેક પાપોની પરંપરા ઉભી થાય છે, અને અનેક જન્મ પર્યંત એ આત્માને દુર્ગતિમાં પરિભ્રમણ કરવું પડે છે.

## નિયાણું એ ઉગ્ર પાપ છે.

પ્રભુના આત્માને ૧૬ મા વિશ્વભૂતિના ભવમાં ચારિત્ર ગ્રહણ કર્યા બાદ વિશાખાનંદીએ ઉપહાસ કર્યો, ત્યારે નિયાણું કરવાનું એવું ઉગ્ર પાપ શરૂ થયું કે પછી અનેક ભવો સુધી એની પરંપરા ચાલી.

અઢારમા ભવમાં ત્રણ ખંડનું ઐશ્વર્ય ભોગવનાર વાસુ-દેવ થવા છતાં શય્યાપાલકનાં કાનમાં ઉકાળેલું કથીર રેડા-વવાનું ઉગ્ર પાપ આચરવાનો જે અશુભ પ્રસંગ આવ્યો, તે

પ્રસંગનું મૂળ એ નિયાણું જ હતું.

નિયાણામાંથી કાનમાં કથીર રેડાવવાનું પાપ થયું, એ પાપમાંથી ૭ મી નરક મળી, સાતમી નરકમાંથી સિંહનો ભવ, સિંહના ભવમાંથી પુનઃ ચોથી નરક પ્રાપ્ત થઇ, ચોથી નરક પછી પણ અનેક તિર્યંચ વગેરે દુરંતભવોમાં પરિભ્રમણની પરંપરા ચાલુ રહી છે, એ બધા ભવો સ્થૂલ ૨૭ ભવોમાં ગણવામાં નથી આવ્યા.

આ બધી વિષમ પરિસ્થિતિનું સર્જન થવાનું મૂળ જો કોઈપણ હોય તો તે નિયાણાનું ઉગ્ર પાપ હતું.

આવા પ્રસંગો જાણ્યા બાદ જીવનમાં નિયાણા જેવાં પાપો ન થઈ જાય. અને અનિવાર્યપણે થતાં હિંસાદિ પાપસ્થાનકોમાં વધુ પડતો આનંદ ન આવી જાય, તે માટે ઉપયોગ રાખવાની ઘણી જ જરુર છે.

## ૨૧ મા ભવમાં ચોથી નરક

ભગવાન મહાવીરનો આત્મા વીશમા સિંહના ભવ દરમિયાન હિંસા વગેરે અનેક પાપસ્થાનકોનું સેવન કરી નરકગતિ, નરકાયુષ્યનો બંધ કરી એકવીશમા ભવે ચોથી નરકમાં ઉત્પન્ન થયો.

શાસ્ત્રગ્રંથોમાં એ હકીકત છે કે અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવ વધુમાં વધુ પાપના યોગે નરકમાં જાય તો પણ પહેલી નરક સુધી જાય, આગળ નહિં.

ચંદન ઘો, ગીરોલી, નકુલ, વગેરે ભુજપરિસર્પ (મુખ્યતયા ભુજાના સહારાથી ચાલતા) જીવો પાપની પ્રવૃત્તિના કારણે વધુમાં વધુ બીજી નરક સુધી જાય,

બાજ, ગીધ-સમળી વગેરે ખેચર પક્ષિઓ ક્રુરતા અને હિંસાદિના કારણે વધુમાં વધુ ત્રીજી નરક સુધી જઈ શકે છે, સિંહ, વાઘ, દીપડા, વગેરે ચોપગા પશુઓ અશુભ કર્મના યોગે વધુમાં વધુ ચોથી નરક સુધી જઈ શકે છે.

સર્પ, અજગર વગેરે ઉરપરિસર્પ (ખાસ કરીને છાતીની સહાયથી ચાલનારા) તિર્યંચો ક્રોધાદિ પાપોના કારણે વધુમાં વધુ પાંચમી નરક સુધી જાય છે.

ઉગ્ર પાપી અને દુરાચારિણી મનુષ્ય-સ્ત્રીઓ વિષયાસક્તિના કારણે વધુમાં વધુ છઠ્ઠી નરક સુધી જઇ શકે છે.

મનુષ્ય-પુરુષો અને મગરમચ્છ વગેરે જલચર પ્રાણીઓ તીવ્ર લોભ-હિંસા. રૌદ્રધ્યાન વગેરે પાપોના યોગે સાતમી નરક સુધી ઉત્પન્ન થાય છે.

## વિપરીત પુરુષાર્થથી બચો

પ્રભુના આત્માનો ૨૧ મો ભવ ચોથી નારકીનો છે. આ ચોથી નારકીમાં વર્તતા નરકના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય દશ સાગરોપમનું હોય છે. અને સાડી બાસઠ (૬૨॥) ધનુષ્ય જેવડું મોટું સ્વાભાવિક વૈક્રિય શરીર હોય છે.

એ નરકમાં પરમાધામીદેવોકૃત વેદનાઓ જો કે હોતી નથી, પરંતુ ક્ષેત્રજ વેદના અને અન્યોન્યકૃત વેદના એટલી

વધુ પ્રમાણમાં હોય છે. કે તે વેદનાની પાસે પરમાધામીકૃત વેદનાઓ કશી ગણતરીમાં નથી.

ભગવાનનો આત્મા પણ ચોથી નરકમાં દશ સાગરોપમ (અસંખ્ય વર્ષો) પર્યંત એ ભીષણ અને દારૂણ વેદનાઓને પરાધીનદશાએ ભોગવી રહ્યો છે.

નયસારના ભવમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા બાદ પણ સત્તામાં વર્તતા મોહનીય કર્મના ઉદયજન્ય અવળો પુરુષાર્થ અને અશુભ કર્મની પ્રબલતાના કારણે ભગવંતના આત્માને ૧૯ મા ભવમાં ૭ મી નરક અને ૨૧ મા ભવમાં ચોથી નરકમાં અવતાર લેવો પડેલ છે.

એ બાબત જગતના આત્માઓને અવળા પુરુષાર્થથી બચવા માટે ચેતવવાની–દીવાદાંડી [Red Signal] રૂપ છે.

## નરક પછી અનેક તિર્યંચાદિ ભવો

સાતમી અને ચોથી એમ બે વાર નારકીના સ્થાનમાં ૩૩ સાગરોપમ અને ૧૦ સાગરોપમ સુધી તીવ્ર દુઃખો ભોગવવા છતાં ભગવાન મહાવીર પ્રભુના આત્માને અશુભ કર્મનો અને અકુશલાનુબંધની પરંપરાનો અંત નથી આવ્યો

અને તે કારણે ચોથી નારકીનું આયુષ્ય પૂર્ણ થયા બાદ ભગવંતના આત્માને તિર્યંચાદિ અનેક ભવો કરવાનો વચ્ચે પ્રસંગ પ્રાપ્ત થયો છે, પરંતુ તે ભવોના આયુષ્યની અલ્પતા વગેરે કારણે અથવા બીજા કોઈ ગમે તે કારણે તે ભવો સ્થૂલ ૨૭ ભવોની ગણતરીમાં ગણવામાં નથી આવ્યા.

એમ છતાં એક વાત નિશ્ચિત છે કે વિશ્વભૂતિ મુનિ તરીકેના ૧૬ મા ભવમાં નિયાણાના પાપ દ્વારા અકુશલાનુબંધનું જે બીજારોપણ થયું હતું, તેની પરંપરાનો અંત ૨૧ મા ચોથી નરકના ભવ સુધી નથી આવ્યો. અને એ અકુશલાનુબંધની પરંપરાનો અંત ન આવે ત્યાં સુધી કુશલાકુશલાનુબંધ તેમજ કુશલાનુબંધનો અનુકૂળ યોગ પ્રાપ્ત થાય નહિ.

આવા કારણે જ અકુશલાનુબંધની પરંપરાનો અંત થવામાં નિમિત્ત રૂપે સહાયક બનતા તિર્યંચાદિ અનેક ભાવો એકવીશમા ભવ પછી પણ ભગવંતના આત્માને કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે.

## અકુશલાનુબંધની પરંપરાનો અંત

જે જીવ અનાદિકાળથી મિથ્યાદૃષ્ટિ છે, અને હજી ચરમાવર્તમાં આવ્યો નથી. એવો આત્મા તો સંસારમાં ગમે તે ગતિમાં ઉત્પન્ન થાય તો પણ તેને અકુશલાનુબંધની જ પરંપરા ચાલે છે.

પરંતુ જે આત્મા ચરમાવર્તમાં આવવા સાથે એકવાર સમ્યગ્દર્શન પામી ગયો છે, તે આત્માને પણ કોઈવાર પ્રતિકૂલ નિમિત્ત મળતાં અકુશલાનુબંધનું બીજારોપણ થવા સાથે અનેક ભવો પર્યંત તેની પરંપરા ચાલે છે, પરંતુ પાંચ–સાત કે અમુક ભવો બાદ એ અકુશલાનુબંધની પરંપરાનો અંત અવશ્ય આવે જ છે.

ભગવાન મહાવીરદેવના આત્માને એકવીશમા ચોથી નારકીના ભવ સુધીમાં અકુશલાનુબંધની પરંપરાનો જે રીતે અંત આવવો જોઇએ. એ રીતે ન આવ્યો, માટે જ ચોથી નારકીમાંથી નીકળીને ભગવંતનો આત્મા અમુક ભવો સુધી તિર્યંચ વગેરે ક્ષુદ્ર ભવોમાં ઉત્પન્ન થયો અને અકુશલાનુબંધની પરંપરાનો એ ભવો દરમિયાન અકામનિર્જરા દ્વારા અંત કર્યો,

## કુશલાનુબંધનો પુનઃ પ્રારંભ

આ રીતે અકુશલાનુબંધનો અંત થવા બાદ બાવીસમા વિમલ રાજકુમારના ભવથી કુશલાનુબંધનો પુનઃપ્રારંભ થાય છે. એ બાબત હવે ૨૨ મા ભવના વર્ણનથી જાણવા મળશે.

રથપુર નામના નગરમાં ધર્મપરાયણ પ્રિયમિત્ર રાજાની પતિવ્રતા વિમલા રાણીની કુક્ષીમાં ભગવંત મહાવીરનો આત્મા બાવીશમા ભવે પુત્ર તરીકે ઉત્પન્ન થયો. ગર્ભકાળ પૂર્ણ થયા બાદ વિમલા રાણીએ શુભ લગ્ને પુત્રને જન્મ આપ્યો.

એકવીશમા ભવ પછીના ગણતરીમાં નહિ ગણેલા તિર્યંચ વગેરે અનેક ભવો દરમિયાન અકામનિર્જરા દ્વારા અશુભ કર્મ ઘટી ગયું અને શુભકર્મનો બંધ શરૂ થયો. એ શુભકર્મના કારણે જ મનુષ્યનો ભવ ઉપરાંત ધર્મપરાયણ રાજા અને પતિવ્રતા રાણીને ત્યાં ભગવાન પુત્ર તરીકે અવતર્યા.

## સકામ-અકામ નિર્જરા

સકામ નિર્જરા એ ઉત્તમોત્તમ નિર્જરા છે. અને એ

સકામ નિર્જરાની જેટલી પ્રબલતા તેટલી શીઘ્રપણે મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ વાત જૈનશાસનમાં પ્રસિદ્ધ છે.

પરંતુ કોઇવાર અકામનિર્જરા પણ અમુક આત્માને મોક્ષની અનુકૂલતાવાળા સાધનો પ્રાપ્ત કરાવવામાં ઘણો સુંદર ભાગ ભજવે છે.

અમુક અવસ્થામાં વર્તતી અકામનિર્જરા ઘણા લાંબા સમય પર્યંત અથવા કાયમ માટે અકામનિર્જરા જ રહે છે. પણ અમુક અવસ્થામાં વર્તતી અકામનિર્જરા સકામ નિર્જરાને શીઘ્ર નજીકમાં લાવવાનું પણ સુંદર કામ કરે છે

એકવાર સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ ગયા બાદ મિથ્યાત્વે ગયેલા જીવની અકામનિર્જરા પણ સકામનિર્જરાનું સાપેક્ષપણે કારણ બને છે.

## * વિમલ રાજકુમાર

પુત્રનો જન્મ થયા બાદ રાજકુમારનું ચંદ્રમા સરખું સુંદર મુખમંડળ તેમજ બાલ્યવય છતાં તેનામાં વર્તતા નિર્મળ ગુણો વગેરેના કારણે એ રાજકુમારનું વિમલકુમાર એવું નામ સ્થાપન કરવામાં આવ્યું. લઘુવયમાં જ સર્વકલાનાં અભ્યાસમાં રાજકુમાર પારંગત થયા અને યૌવન કાળનાં પ્રારંભમાં જ પ્રિયમિત્ર રાજાએ તેમને રાજ્યગાદી ઉપર બિરાજમાન કરી પોતાનું શેષ જીવન ધર્મારાધનમાં પૂર્ણ કર્યું.

વિમલરાજવી ન્યાયપરાયણ અને ભદ્રક પરિણામી છે.

અંતરાત્મામાં દયા–કરુણા–અનુકંપાના પરિણામનો પ્રવાહ અસ્ખલિતપણે વહી રહ્યો છે. કોઈપણ અન્યજીવના દુઃખને દેખતાં રાજા વિમલનું હૈયું કરુણાથી છલકાઈ જવા સાથે તેના દુઃખનું નિવારણ કરવા માટે તત્પર હોય છે.

વિશ્વભૂતિ મુનિના ભવમાં થયેલા નિયાણાજન્ય અકુશલાનુબંધની પરંપરાનો હવે ભગવંતનાં આત્માને અંત આવ્યો છે. અને નયસારના ભવમાં પ્રાપ્ત કરેલા સમ્યગ્દર્શનના પ્રકાશ ઉપર જે આવરણ આવેલ હતું, તે દૂર થવાથી એ અંતરંગ દિવ્ય પ્રકાશનો પુનઃ પ્રારંભ થઈ ચૂક્યો છે.

## રાજા વિમલની અનુકંપા

રાજા વિમલ એક અવસરે કોઈ કાર્ય પ્રસંગે નજીકના અટવી પ્રદેશમાં ગયા છે. ત્યા એક શિકારીને પાશદ્વારા નિરપરાધી હરણીયાઓ પકડતો દેખ્યો. આ દૃશ્યથી રાજાનું હૈયું તુરત દયાર્દ્ર બન્યું. શિકારીને જે રીતે સમજાવવો ઘટે તે રીતે સમજાવીને પાશમાં સપડાયેલા સંખ્યાબંધ હરણોને પાશના બંધનમાંથી મુક્ત કરાવી અભયદાન આપ્યું.

આવી અનેકાનેક કુશલાનુબંધની પ્રવૃત્તિઓ અને ભદ્રક પરિણામના યોગે વિમલ રાજાએ આગામી ભવ અંગે મનુષ્યના આયુષ્યનો બંધ કર્યો.

---

* ૨૨ મા ભવ તરીકે વિમલ રાજકુમાર અને તેનું જીવન જે રજૂ થયું છે. તે નંદલાલ વકીલ રચિત મહાવીર ચરિત્રના આધારે થયું છે. અન્ય કોઇ ગ્રન્થમાં આ જાતનો ઉલ્લેખ મળતો નથી, શ્રી નંદલાલભાઇએ કયા આધારે લખ્યું હશે તે શોધવું રહ્યું.

શાસ્ત્રોમાં સંસારી આત્માઓની ચાર ગતિ તથા એ ચારેય ગતિના આયુષ્યના બંધના કારણોનું વર્ણન આવે છે તેમાં આરંભ–પરિગ્રહની અલ્પતા અને સ્વભાવમાં ભદ્રકતા એ મનુષ્યગતિ તેમજ મનુષ્યભવના આયુષ્ય માટેના કારણો તરીકે વર્ણવાયાં છે.

આગામી ભવના આયુષ્યનો બંધ મનુષ્ય માટે સામાન્ય રીતે પોતાના ચાલુ આયુષ્યના બે ભાગ પૂર્ણ થાય અને ત્રીજો ભાગ બાકી રહે ત્યારે થવાનું શાસ્ત્રોમાં વર્ણન આવે છે. એ અવસરે પણ આયુષ્યનો બંધ ન થયો તો બાકી રહેલા આયુષ્યના ત્રીજા ભાગે પડે, એ અવસરે પણ આયુષ્ય ન બંધાયું તો તેના ત્રીજા ભાગે બંધાય. એમ કરતાં કરતાં છેલ્લું અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે તો પરભવનું આયુષ્ય અવશ્ય બંધાય છે.

## ચારિત્રગ્રહણ

રાજા વિમલને આગામી ભવ માટે મનુષ્ય–આયુષ્યનો બંધ થયા બાદ ચાલુ આયુષ્યના ઘણા વર્ષો બાકી હતા. એ વર્ષો દરમિયાન સદ્‌ગુરુના મુખેથી ધર્મદેશનાનું શ્રવણ કરી વૈરાગ્યરંગથી વાસિત બની વિમલ રાજાએ ચારિત્ર ગ્રહણ કર્યું.

ચારિત્ર ગ્રહણ કર્યા બાદ જ્ઞાન–ધ્યાન–સંયમની આરાધનામાં ઉજમાળ બનવાના કારણે એક બાજુથી સંવર અને સકામનિર્જરા દ્વારા સંસારમાં રખડાવનાર અશુભ કર્મોથી

આત્માને હળવો બનાવ્યો બીજી બાજુ ચારિત્ર ગ્રહણ કરવા અગાઉ બંધાઈ ગયેલ મનુષ્યભવના આયુષ્યમાં ચક્રવર્તીપણું પ્રાપ્ત થાય અને અવસર આવે એટલે એ છ ખંડનાં વૈભવનો ત્યાગ કરી ચારિત્ર ગ્રહણ કરવાનો વીર્યોલ્લાસ પ્રગટ થાય એવું પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું.

ચારિત્ર ગ્રહણ કરવા પછી સરાગસંયમનાં કારણે વિમલ રાજાને આયુષ્યનો બંધ પડયો હોય તો સ્વર્ગલોકમાં વૈમાનિક નિકાયનું જ આયુષ્ય બંધાત અને દેવનાં ભવ પરત્વે વિરતિનો લાભ પ્રાપ્ત ન થાત, એટલો સંસાર વધત.

પણ જે આત્માનો સંસાર અલ્પ હોય તે આત્માની ભવિતવ્યતા જ એવા પ્રકારની હોય કે સર્વવિરતિની આરાધના શીઘ્ર પ્રાપ્ત થાય તેવા અનુકૂલ સંજોગો આપોઆપ તે મહાનુભાવને પ્રાપ્ત થતા જાય.

વિમલ રાજાએ જ્યારે જ્યારે મનુષ્યના આયુષ્યનો બંધ કર્યો ત્યારે સમ્યગ્દર્શન પણ તેમણે વિદ્યમાન ન હોવું જોઈએ. કારણ કે જો સમ્યગ્દર્શન વિદ્યમાન હોય અને આયુષ્યનો બંધ થાય તો રાજાને દેવગતિમાં વૈમાનિક નિકાયના આયુષ્યનો જ બંધ પડે.

એટલે ક્યારેક એવું બને છે. કે કોઈ તેવા પ્રસંગે સમ્યગ્દર્શનની ગેરહાજરીમાં ભવિતવ્યતા એવી અનુકૂલ હોય કે જ્યાં સર્વવિરતિની આરાધનાનો શીઘ્ર લાભ મળે એવું મનુષ્યનું આયુષ્ય મિથ્યાત્વની મંદતાના કારણે બંધાઇ ગયા

બાદ પાછળથી સમ્યગ્દર્શન અને સંયમની પ્રાપ્તિ થાય અને એની આરાધનાના પ્રસંગે સરાગસંયમના કારણે સંવર અને સકામનિર્જરા સાથે એવું પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય કે હવે પછીના મનુષ્યના ભવમાં ચક્રવર્તીપણું અને ચારિત્ર બન્નેની પ્રાપ્તિનો યોગ થાય.

વિમલ રાજાને માટે પણ એમ જ બન્યું છે. ચારિત્ર ગ્રહણ કર્યા બાદ નિરતિચારપણે સંયમની આરાધના કરી અંત સમયે સમાધિપૂર્વક કાલધર્મ પામી ૨૩ મા ભવમાં એ વિમળરાજા ( ભગવાન મહાવીરનો આત્મા ) એ રાજકુળમાં રાજકુમાર તરીકે મનુષ્ય અવતારને પામે છે.

[ ૧૩ ]

## ૨૨ ભવોનું સરવૈયું (તારવણી)

શ્રમણ ભગવાન મહાવીર દેવનો આત્મા બાવીશમા ભવમાં વિમલ નામે રાજા થયો, અને એ વિમલ રાજાએ એ જ ભવમાં વર્ષો સુધી નિરતિચારપણે સંયમની આરાધના કરી. પ્રાન્તે પંડિતમરણ વડે સંસારને અલ્પ કરી નાંખ્યો.

નયસારનાં ભવથી વિમલરાજાના ભવ સુધીમાં ભગવાન મહાવીરના આત્માને ત્રણ વાર સંયમની આરાધનાનો યોગ પ્રાપ્ત થયો (૧) ત્રીજા મરીચિના ભવમાં (૨) સોળમા વિશ્વભૂતિના ભવમાં અને (૩) બાવીશમા વિમલ રાજાના ભવમાં.

પરંતુ મરીચિ અને વિશ્વભૂતિનાં ભવમાં સંયમની આરાધનાનો યોગ પ્રાપ્ત થવા છતાંય પ્રતિકૂળ નિમિત્તોની ઉપસ્થિતિના સમયે સત્તામાં રહેલા મોહનીય કર્મના જોરદાર ઉછાળાથી પુરુષાર્થ એવો પાંગળો બન્યો કે મરીચિનાં ભવ પછી પંદરમા ભવ સુધી સ્વર્ગલોક અને મનુષ્યોના ભવો મળવા છતાં ભગવંતના આત્માને આરાધનાનો યોગ ન મળ્યો અને વિશ્વભૂતિના ભવથી એકવીશમા ભવ સુધી તો ભગવંત જેવા ભગવંતનો આત્મા પણ પ્રાયઃ અકુશલાનુબંધના કારણે આરાધનાથી વંચિત થયો અને

સત્તરમા દેવના તથા ૧૮ મા વાસુદેવના ભવ સિવાય બહુધા બાહ્ય-અભ્યંતર ઉભય પ્રકારે દુઃખનો ભાગી બની ગયો.

## વિકાસક્રમમાં આરોહ-અવરોહ

કોઇ પણ ભવ્યાત્માને સંસાર-અટવીમાં પરિભ્રમણ કરતાં કરતાં અનંતાનંત પુદ્ગલ-પરાવર્તન (અનંતો કાળ) વ્યતીત થયા બાદ જ્યારે ભવસ્થિતિનો પરિપાક થાય છે. ત્યારે સમ્યગ્દર્શન વગેરે રત્નત્રયીની આરાધનાનો યોગ મળે છે.

પરંતુ એ રત્નત્રયી જ્યાં સુધી ક્ષાયિકભાવ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી હરેક ભવ્યાત્મામાં યાવત્ ભાવીમાં તીર્થંકર પદ પ્રાપ્ત કરનાર મહાન આત્મામાં પણ અનેક પ્રકારના પલટાઓ આવ્યા કરે છે:

સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થયા બાદ સામાયિકાદિ આવશ્યક કરણીનું આલંબન જોરદાર હોય તો તો ક્ષયોપશમ ભાવમાંથી ક્ષાયિકભાવની આરાધના પ્રાપ્ત થવામાં વિલંબ નથી. થતો.

પણ જો સામાયિકાદિ આવશ્યક કરણીનું જોર ન હોય અને સાથે સાથે પ્રતિકૂલ નિમિત્તો મળ્યા બાદ આત્મા સજાગ ન રહે તો આરાધક ભાવમાંથી આત્મા વિરાધક ભાવમાં ચાલ્યો જાય છે.

વિકાસક્રમ આ રીતનો હોવા છતાં એટલું ચોકકસ છે કે એક વાર પણ જો બે ઘડી જેટલો સમય અંતરાત્મામાં

આરાધક ભાવ પ્રકટ થઈ જાય પછી પ્રતિકૂલ નિમિત્તોની હાજરીમાં મોહનીયના ઉદયથી આત્માનું કદાચ અધઃપતન થાય. તો પણ વધુમાં વધુ અર્ધપુદ્દગલ-પરાવર્તન જેટલા સમયમાં તે આત્માનો ઉદ્ધાર થયા વિના રહેતો નથી.

સમ્યગ્દર્શનાદિ રત્નત્રયી પ્રાપ્ત થવી એ જો કે અત્યંત દુષ્કર છે. પરંતુ એ રત્નત્રયી પ્રાપ્ત થયા બાદ પ્રતિકૂલ સંજોગોમાં પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો આરાધક ભાવ ટકી રહેવો એ તો અતિશય દુષ્કર છે.

## ગર્ભાવતાર અને માતાને સ્વપ્નદર્શન

૨૨ મા વિમલરાજવીના ભવમાં સંયમની આરાધના સાથે સમાધિપૂર્વક આયુષ્ય પૂર્ણ કરી ભગવાન મહાવીરનો આત્મા ૨૩ મા ભવમાં પશ્ચિમ મહાવિદેહમાં મુકા નગરીનાં મહારાજા ધનંજયની પટરાણી ધારિણીદેવીની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થાય છે.

જે રાત્રિએ ભગવંતનો આત્મા ધારિણી માતાની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયો. તે રાત્રિએ ગર્ભમાં ઉત્પન્ન થયેલ આત્માના પુણ્યપ્રભાવે ધારિણીદેવીને ગજ-વૃષભાદિ ચૌદ મહાસ્વપ્નોના દર્શન થાય છે.

શાસ્ત્રમાં વર્ણન કર્યું છે કે તીર્થંકર ચક્રવર્તીનો આત્મા જ્યારે માતાની કુક્ષિમાં અવતરે છે. ત્યારે બન્નેની માતાને ચૌદ મહાસ્વપ્નોનાં દર્શન અવશ્ય થાય છે. પણ એમાં તફાવત એટલો છે કે તીર્થંકરની માતા ગજ-વૃષભાદિ જે ૧૪

સ્વપ્નને દેખે છે...તે સ્વપ્નો અત્યંત તેજસ્વી અને વિશિષ્ટ પ્રકારની કાંતિવાળા હોય છે.

તીર્થંકર ભગવંતના આત્માના પુણ્યબળની અપેક્ષાએ ચક્રવર્તીના આત્માનું પુણ્યબળ અલ્પ હોવાથી આ પ્રમાણે બને એ સ્વાભાવિક છે.

## સ્વપ્નફલનિરૂપણ

માતા ધારિણી ચૌદ સ્વપ્ન દર્શન થયા બાદ તુર્ત જાગી ગયાં....પોતાને આવેલા આવા ઉત્તમોત્તમ સ્વપ્ન અંગે ઘણો હર્ષ થયો....પંચપરમેષ્ઠિમય નવકાર મહામંત્રનું સ્મરણ કરવા પછી મહારાણી ધારિણી પોતાના સ્વામી ધનંજય રાજા પાસે આવે છે....મધુર વચનોથી રાજાને જાગૃત કરે છે....અને પોતાને આવેલા ગજ વૃષભાદિક ચૌદ મહાસ્વપ્નો સંબંધી વૃત્તાન્ત વિનમ્રવાણીમાં સ્વામીને જણાવે છે.

રાજા ધનંજય પણ ધર્મપરાયણ તેમજ પુણ્યવંત આત્મા છે. પોતાની રાણીના મુખેથી સ્વપ્નોનો વૃત્તાન્ત શ્રવણ કરીને રાજાના હૈયામાં અત્યન્ત હર્ષ ઉત્પન્ન થાય છે. અને "આ ચૌદ મહાસ્વપ્નના પ્રભાવે ભાવિકાળે ચક્રવર્તી થાય એવા ઉત્તમ પુત્રરત્નને તમે જન્મ આપશો." એ પ્રમાણે ધારિણી રાણીને સ્વપ્ન સંબંધી સુંદર ફળ સંક્ષેપમાં જણાવે છે.

મહારાણી ધારિણી પોતાના સ્વામી પાસેથી સ્વપ્નના ઉત્તમ ફળને શ્રવણ કરીને અતિશય પ્રમોદ પામે છે...અને

પોતાના શયનખંડમાં જઇ શેષ રાત્રિ ધર્મજાગરિકામાં પસાર કરે છે.

## મોક્ષાનુકૂલ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ ભાવ સામગ્રી

મોક્ષને અનુકૂળ આરાધના માટે કોઇપણ આત્માને દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ એ ચારેય પ્રકારની સામગ્રી સુયોગ્ય રીતે પ્રાપ્ત થાય તો જ તે ભવ્ય આત્મા આરાધના કરવા દ્વારા સકલ કર્મનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરવાનો અધિકારી બને છે....કદાચ બાકી રહેલાં કર્મોના કારણે તે ભવમાં મોક્ષ ન જાય તો પણ હવે પછી તેનું પ્રયાણ તો મોક્ષ તરફ જ હોય છે.

મનુષ્યજન્મ-પંચેન્દ્રિયની પૂર્ણતા-વજ્રઋષભનારાચ સંઘયણ-ઉત્તમ-કુલ નીરોગી શરીર એ બધું દ્રવ્ય સામગ્રી તરીકે ગણવામાં આવેલ છે.

પાંચ ભરત....પાંચ ઐરાવત....અને પાંચ મહાવિદેહ... પંદર કર્મભૂમિ અને તેમાં પણ આર્યક્ષેત્ર....એ ક્ષેત્ર વિષયક સામગ્રી છે.

ઉત્સર્પિણી કાળનો ત્રીજો આરો અને ચોથા આરાનો પ્રારંભ ભાગ તથા અવસર્પિણી કાળનો ત્રીજા આરાનો પ્રાન્ત ભાગ અને ચોથો આરો....એ કાળવિષયક સામગ્રી.

જ્યારે ઔપશમિક ભાવ અને ક્ષયોપશમ ભાવ એ પરંપરાએ અને ક્ષાયિક ભાવ એ અનંતરપણે ભાવની અપેક્ષાએ મોક્ષસાધક સામગ્રી છે.

## ભાવ સામગ્રીની પ્રધાનતા

મનુષ્યનો ભવ વગેરે દ્રવ્ય સામગ્રી મળે પણ કર્મભૂમિના ક્ષેત્રને બદલે અકર્મભૂમિ અથવા અંતર્દ્વીપનું ક્ષેત્ર મળે અથવા એથી વિપરીત....કર્મભૂમિ જેવી ક્ષેત્ર સામગ્રી મળે પણ મનુષ્યજન્માદિ દ્રવ્ય સામગ્રી ન મળે તો ભવ્ય જીવને આરાધનાનો લાભ પ્રાપ્ત ન થઈ શકે.

મનુષ્યનો ભવ અને કર્મભૂમિ જેવું ક્ષેત્ર પ્રાપ્ત થાય પણ ભરત ઐરવત ક્ષેત્રમાં ઉત્સર્પિણીના પહેલા–ચોથા–પાંચમા–છઠ્ઠા આરામાં અને અવસર્પિણીના પહેલા–બીજા–ત્રીજા છઠ્ઠા આરામાં જન્મ પ્રાપ્ત થાય તો પણ આત્માને રત્નત્રયીની આરાધનાને યોગ્ય વીર્યોલ્લાસ પ્રકટ ન થઈ શકે.

મનુષ્યજન્માદિ દ્રવ્ય સામગ્રી કર્મભૂમિ આદિ ક્ષેત્ર સામગ્રી અને મોક્ષાનુકૂલ સમય–રૂપ–કાળ સામગ્રી પ્રાપ્ત થવા છતાં પણ જો ભવ્ય આત્માનું ઉપાદાન પરિપક્વ ન થયું હોય તો ય આરાધનાનો યોગ બની શક્તો નથી.

એટલે ભવ્યાત્માઓનું ઉપાદાન પરિપકવ ભાવને પામેલ હોય અને એ પછી દ્રવ્ય–ક્ષેત્ર–કાળ એ ત્રણેય અનુકૂળ હોય તો જ આત્માને મોક્ષમાર્ગની આરાધના માટે ભાવોલ્લાસ પ્રાપ્ત થાય છે.

## દ્રવ્ય અને ભાવપુણ્ય

દ્રવ્ય, ક્ષેત્ર અને કાળની અનુકૂલ સામગ્રી પ્રાપ્ત થવી એ દ્રવ્ય પુણ્ય છે. જ્યારે ઉપશમ ભાવ, ક્ષયોપશમ ભાવ અને ક્ષાયિક ભાવને યોગ્ય વીર્યોલ્લાસ પ્રાપ્ત થવો એ ભાવ

પુણ્ય છે અને એ બન્નેનો સહયોગ થવો એનું નામ પુણ્યાનુબંધી પુણ્ય છે.

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના આત્માને નયસારના ભવથી એકવીશમા ભવ સુધીમાં કોઇ ભવ દરમિયાન દ્રવ્ય અને ભાવ ઉભય પ્રકારે પાપોદય, કોઈ ભવમાં દ્રવ્યથી પુણ્યોદય અને ભાવથી પાપોદય, કોઇ ભવમાં દ્રવ્યથી પાપોદય પણ ભાવથી પુણ્યોદય, જ્યારે બાવીશમા વિમલ-રાજાના ભવથી દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારે પુણ્યોદયની અનુકૂળતા પ્રાપ્ત થયેલ છે.

વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મોની શુભપ્રકૃતિનો ઉદય એ દ્રવ્યપુણ્ય અને અશુભ પ્રકૃતિનો ઉદય એ દ્રવ્યપાપ છે. જ્યારે જ્ઞાનાવરણ, દર્શના-વરણ, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મો અને તેમાંય ખાસ કરીને મોહનીયનો ઉદય એ ભાવપાપ છે અને એ મોહનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય એ ભાવપુણ્ય છે.

ભગવંતના આત્માને ૨૩મા ભવમાં મનુષ્યનો ભવ પ્રાપ્ત થયો. ધર્મપરાયણ ધનંજય રાજા અને સુશીલા ધારિણી માતાને ત્યાં અવતાર થવો. વગેરે દ્રવ્યની અપે-ક્ષાએ ઉત્તમ સામગ્રી છે. જ્યાં નિરંતર અવિચ્છિન્નપણે મોક્ષમાર્ગ ચાલુ હોય એવા પશ્ચિમ મહાવિદેહની મૂકાનગરી જેવા ક્ષેત્રમાં જન્મ થવો એ ક્ષેત્રથી અનુકૂલ સામગ્રી છે. જ્યાં હંમેશાં મોક્ષમાર્ગની સાધના માટે અનુકૂલ ચતુર્થ આરા જેવા ભાવો હોય એ કાળથી પ્રશસ્ત સામગ્રી છે

અને સમ્યગ્દર્શનાદિ આત્મિક ગુણો એ ભાવથી ઉત્તમ સામગ્રી છે.

## બાલમરણ-પંડિતમરણ

કોઈપણ આત્મા જ્યાં સુધી સંસારમાં હોય છે....ત્યાં સુધી તે આત્માને જન્મ-મરણની પરંપરા નિયમિત ચાલુ રહે છે. જે સ્થળે જન્મ થાય તે સ્થળે ઉપર જણાવ્યા પ્રમાણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ એ ચારેય પ્રકારની પ્રશસ્ત સામગ્રી પ્રાપ્ત થવી, એનો આધાર ગતજન્મના મરણ ઉપર છે. પૂર્વભવમાં જો બાલમરણ થયું હોય તો વર્તમાન ભવમાં દ્રવ્ય-ક્ષેત્ર વગેરે ચારેય પ્રકારો અને તેમાંય ભાવની અપેક્ષાએ પ્રશસ્ત સામગ્રી પ્રાપ્ત થવામાં બાધા પહોંચે છે.

પરંતુ જો પૂર્વભવમાં પંડિતમરણ થયું હોય તો વર્તમાનભવમાં પ્રાયઃ દ્રવ્ય-ક્ષેત્ર વગેરેની અને તેમાંય ખાસ કરીને ભાવની અપેક્ષાએ સમુચિત સામગ્રી અવશ્ય પ્રાપ્ત થાય છે અને ચારેય પ્રકારની સામગ્રીનો અનુકૂલ યોગ મળ્યા બાદ એ આત્મા મોક્ષમાર્ગની આરાધનામાં ઉત્તરોત્તર આગળ વધતો જાય છે.

કોઇ અમુક કારણે દ્રવ્યાદિ સામગ્રી કદાચ એટલી અનુકૂલ ન હોય તો પણ ભાવની અનુકૂલતા હોવાથી એ દ્રવ્યાદિ સામગ્રીની અમુક કચાશ મોક્ષની આરાધનામાં બાધક થતી નથી.

મરણ સમયે આત્માની પરભાવમાં રમણતા હોય તો તે બાલમરણ છે... અને મરણ સમયે આત્મા સ્વભાવ

રમણતામાં અને તેને લાયક આરાધનામાં વર્તતો હોય તો તે પંડિતમરણ છે.

આત્મસ્વરૂપને જાણવું તે સમ્યગ્ જ્ઞાન છે. આત્મ-સ્વરૂપની અભિરુચિ થવી તે સમ્યગ્દર્શન છે.... અને આત્મસ્વરૂપની સ્થિરતા પ્રાપ્ત થવી તે સમ્યક્ ચારિત્ર છે.

એ ત્રણેય ગુણોની અનુકૂલતામાં મરણ થાય તો પંડિત મરણ કહેવાય છે, અને પંડિત મરણ વડે મૃત્યુ પામનાર આત્માનું જીવન ધન્ય બનવા સાથે પરભવમાં જ્યાં ઉત્પન્ન થાય ત્યાં સમ્યગ્દર્શન અમુક હદ સુધીનું સમ્યગ્જ્ઞાન તે આત્માની સાથે જાય છે.

કોઈપણ આત્માને પૂર્વભવમાં વિદ્યમાન ચારિત્ર ગુણ પરભવમાં સાથે જતો નથી...પણ પૂર્વભવમાં કરેલી ચારિત્રની આરાધનાથી થયેલ કષાયોદયની મંદતા અને પરભવમાં સાથે આવેલ સમ્યગ્જ્ઞાનાદિ ગુણો જો દ્રવ્ય–ક્ષેત્ર–કાળની અનુકૂલતા હોય તો ભાવસામગ્રી સ્વરૂપ સર્વવિરતિ ચારિત્રને અવશ્ય ખેંચી લાવે છે. આ કારણે જ જીવનમાં પંડિતમરણ કિંવા સમાધિમરણનું ખૂબ જ મહત્ત્વ છે.

## સમાધિમરણની દુર્લભતા

સામાયિકાદિ આવશ્યક ક્રિયામાં અભિરુચિ સાથે એનો અમલ કરવો, સમકિત મૂલ બાર વ્રતમાં આત્માને જોડવો, અને એથી આગળ વધીને પંચ મહાવ્રતરૂપી ચારિત્રને ગ્રહણ કરવું, એ આત્મા માટે ઉત્તરોત્તર ઘણું દુષ્કર છે. એમ છતાં એ બધું પ્રાપ્ત થયા બાદ પંડિતમરણ પ્રાપ્ત

થવું એ તો અત્યંત દુષ્કર છે. એક પંડિતમરણ મળી જાય તો અલ્પ કાળમાં ભવના ફેરા ટળી જાય, અને એ માટે જ જયવીયરાય-પ્રણિધાન સૂત્રમાં 'સમાહિમરણં ચ' એ પદદ્વારા હંમેશા પ્રભુ પાસે પંડિતમરણની માંગણી કરવામાં આવે છે.

બાવીશમા ભવમાં વિમલરાજાએ ચારિત્ર તો લીધું, સાથે નિરતિચારપણે એ ચારિત્રનું પરિપાલન કર્યું, અને અંતે પંડિતમરણના અધિકારી પણ તેઓ બન્યા. તેના પ્રભાવે જ ત્રેવીશમા ભવમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળની સર્વોત્તમ સામગ્રી પ્રાપ્ત થવા સાથે પુણ્યના પ્રભાવે છ ખંડના ઐશ્વર્યની પ્રાપ્તિ અને તેનો ત્યાગ કરી સર્વવિરતિ ગ્રહણ કરવાનાં સંસ્કારોની જ્યોત પ્રગટાવી શકે એવા ધર્મમય વાતાવરણથી યુક્ત રાજા-રાણીને ત્યાં પ્રભુનો આત્મા ઉત્પન્ન થયો છે.

**બોધ વચન**

યુવાવસ્થા, ધન સમ્પત્તિ, સત્તા અને રૂવાબ આ ચારે ય ખૂબ અનર્થને કરનાર છે, તો પછી જે વ્યકિતમાં આ ચારે ય ભેગાં થયાં હોય તો તેને શું અનર્થ ન કરે ?

# [ ૧૪ ]

## એક ભવમાંથી બીજા ભવમાં ઉત્પન્ન થવાનું મુખ્ય કારણ

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો આત્મા ત્રેવીશમા ભવમાં પશ્ચિમ મહાવિદેહની મૂકા નગરીમાં ધનંજય રાજાની ધારિણી નામે રાણીની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયો છે, તે બાબત આગળ જણાવેલ છે. કોઈપણ ગતિમાં કિંવા ભવમાં વર્તતો આત્મા પોતાનું આયુષ્ય પૂર્ણ થાય એટલે તે ભવમાંથી નીકળી ચારગતિ અથવા ચોરાશીલાખ જીવાયોનિ પૈકી શુભાશુભ કર્મના અનુસારે કોઈપણ ગતિ કિંવા જીવાયોનિમાં ઉત્પન્ન થાય છે. એક ભવનું આયુષ્ય પૂર્ણ થયા બાદ ક્યા આત્માને ક્યાં ઉત્પન્ન થવું ! તેનું અસાધારણ કારણ તે આત્માનું ગતિનામકર્મ સાથે આયુષ્ય કર્મ છે. માનવ જીવન, આર્યક્ષેત્ર વગેરે અનુકૂલ સામગ્રી પ્રાપ્ત થયા બાદ જે આત્મા સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની આરાધના કરી સકલ કર્મનો ક્ષય કરે છે તે આત્મા સંસારની કોઈપણ ગતિમાં ઉત્પન્ન થવાનું કારણ ન હોવાથી અજર અમર અનંત સુખ સ્વરૂપ મુક્તિસ્થાનને પ્રાપ્ત કરે છે. પણ જે આત્મા એ કક્ષાએ નથી પહોંચ્યો અને વર્તમાન ભવની પૂર્ણાહુતિ પ્રસંગે આઠેય કર્મો ભોગ-

વવાનાં બાકી છે તે આત્માને પોતાના ચાલુ ભવ દરમ્યાન બંધાયેલા ગતિનામકર્મ તેમજ આયુષ્યકર્મના અનુસારે તે તે ગતિમાં અવશ્ય ઉત્પન્ન થવું પડે છે.

## એક ભવમાંથી બીજા ભવમાં જતાં આત્માને કેટલો કાળ લાગે?

વિમલરાજાએ બાવીશમા ભવમાં મનુષ્યગતિનામકર્મ તથા મનુષ્યના આયુષ્યનો બંધ કર્યો હતો. જે બાબત આગળના પ્રકરણમાં રીતસર વિવેચનપૂર્વક સમજાવાયેલ છે. એ બંને કર્મોના અનુસારે તેમજ બીજી વિશિષ્ટ પુણ્ય પ્રકૃતિઓના કારણે ભગવાન મહાવીર પ્રભુનો આત્મા વિમલમુનિના ભવમાંથી ધારિણી માતાની કુક્ષિમાં પુત્રરત્ન તરીકે ઉત્પન્ન થયો છે. ચાલુ ભવનું આયુષ્ય પૂર્ણ થયા બાદ નિશ્ચિત થયેલ ઉત્પત્તિસ્થાને પહોંચતાં આ આત્માને ઋજુગતિની અપેક્ષાએ એક સમય અને વિગ્રહગતિ (વક્રાગતિ)ની અપેક્ષાએ બે-ત્રણ-ચાર અથવા કોઈવાર પાંચ સમય લાગે છે. જૈનદર્શનમાં કાળની વ્યાખ્યા આપવામાં આવેલ છે તે પ્રમાણે આંખના એક પળકારામાં અસંખ્યાતા સમય પસાર થાય છે. સમય એ કાળનો નિર્વિભાજ્ય વિભાગ છે. હજુ અહિંઆ ડોક્ટર-વૈદ્ય વગેરેની પાસે શરીરમાં ચેતના છે કે કેમ? તેની ખાત્રી કરવાની હોય એ દરમ્યાન આત્મા તો આયુષ્યકર્મના દલિકોના ભોગવટાની પૂર્ણાહુતિના કારણે આ શરીરનો ત્યાગ કરી ઉપર જણાવવા મુજબ એક-બે અથવા ત્રણ વગેરે સમયોમાં ઉત્પત્તિસ્થાને પહોંચી ગયો હોય છે.

## ઋજુગતિ

જે આકાશપ્રદેશો ઉપર મરણ થયું હોય તે આકાશ-પ્રદેશોમાંથી લોકના પર્યંત સુધી પૂર્વ–પશ્ચિમ–ઉત્તર–દક્ષિણ, ઉર્ધ્વ અને અધો એમ છ દિશામાં આકાશપ્રદેશોની છ શ્રેણિઓ શરૂ થાય છે. આ છ શ્રેણી પૈકી કોઈપણ શ્રેણીમાં નજીક અથવા સંખ્ય–અસંખ્ય યોજન દૂર ઉત્પન્ન થવાનું હોય તો ઉત્પન્ન થનાર આત્માને એક સમય લાગે છે અને એ પ્રમાણે ઉત્પન્ન થવાની પદ્ધતિને જૈનદર્શનમાં ઋજુગતિ તરીકે સંબોધવામાં આવેલ છે.

## વિગ્રહગતિ અથવા વક્રાગતિ

પ્રતર તેનું તેજ હોય પણ જો શ્રેણિનો ભેદ હોય તો મરણસ્થાનથી ઉત્પત્તિ સ્થાને પહોંચતાં આત્માને બે સમય લાગે છે. શ્રેણિભેદની સાથે પ્રતરનો પણ ભેદ હોય અર્થાત્ શ્રેણિ અને પ્રતર બન્ને જુદા જુદા હોય તો ત્રણ સમય અને લોકભેદ હોય તો ઉત્પત્તિ સ્થાને પહોંચતાં આત્માને કોઈવાર ચાર અને કોઈવાર પાંચ સમય પણ લાગે છે. રેલ્વે ટ્રેઈન જેમ પાટા ઉપર ચાલી શકે છે તે પ્રમાણે આત્મા પણ લોકાકાશમાં વર્તતી આકાશ પ્રદેશોની પંક્તિ ઉપર ચાલે છે પણ આડીઅવળી ગતિ થઈ શકતી નથી. આવા પ્રકારની બે સમય, ત્રણ સમય વગેરે સમયોવાળી ઉત્પન્ન થવાની પદ્ધતિને જૈનદર્શનમાં વક્રાગતિ અથવા વિગ્રહગતિ એવું નામ આપવામાં આવેલ છે. તત્ત્વાર્થાધિગમ સૂત્ર, કર્મગ્રન્થ, લોકપ્રકાશ વગેરે ગ્રંથોમાં ઋજુગતિ

તેમજ વિગ્રહગતિના વિષયોનું સવિસ્તરણપણે નિરૂપણ કરવામાં આવેલ છે. અહિં તો પ્રાસંગિક ખૂબ જ સંક્ષેપમાં આ હકીકત જણાવેલ છે.

## ઉત્તમ પુત્રરત્નની પ્રાપ્તિમાં માતા-પિતાનો પણ વિશિષ્ટ પુણ્યોદય

ત્રેવીશમા ભવમાં ભગવાન મહાવીર પ્રભુનો આત્મા માતા ધારિણી રાણીની કુક્ષિમાં ઉત્પન્ન થયાનું અને ઉત્પન્ન થનાર પુણ્યવંત આત્માના પ્રબલ પુણ્યના પ્રભાવે માતાને તેજ રાત્રિએ ગજ, વૃષભ વગેરે ચૌદ મહાસ્વપ્નોનાં દર્શન થયાનું આગળ આપણે જાણી ગયા છીએ. જેને ત્યાં આવા પુત્રરત્નો ગર્ભપણે અવતરે છે, તે માતા-પિતાનો પણ વિશિષ્ટ પુણ્યોદય હોય છે. માનવજીવન પ્રાપ્ત થયા બાદ કેટલાયે સ્ત્રી-પુરુષો એવાં હોય છે કે સંતાનના અભાવે તેની પ્રાપ્તિ માટે ફાંફા મારે છે. કેટલાય સ્ત્રી-પુરુષો એવા છે કે સંતાન હોવા પછી તેમના તરફથી જીવનમાં જે શાંતિ મળવી જોઈએ તેને બદલે કાયમી અસંતોષ અને અશાંતિ માતા-પિતાને રહ્યા કરે છે. જ્યારે કેટલાય સ્ત્રી-પુરુષો એવા પણ છે કે, જેમને પોતાનાં પુત્ર-પુત્રીઓ તરફથી હરહંમેશ સંતોષ અને શાંતિનો અનુભવ થાય છે. આ બધી ઘટના પૂર્વસંચિત પુણ્ય-પાપ, શુભાશુભકર્મને આભારી છે.

## પ્રિયમિત્ર ચક્રવર્તીનો જન્મ અને જન્મ-મહોત્સવની ઉજવણી

નવમહિના લગભગનો ગર્ભકાળ પૂર્ણ થયા બાદ ધારિણી

રાણીએ પુત્રરત્નને જન્મ આપ્યો, ધનંજય રાજાએ પુત્રનો જન્મપ્રસંગ ઘણા ઉલ્લાસથી મહોત્સવ સાથે ઉજવ્યો. અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવની પરમકલ્યાણકારી ભક્તિના મંગલ પ્રવાહો સ્થળે સ્થળે શરૂ થયા, દીન-દુઃખીયાને વિવિધ પ્રકારે વિપુલ પ્રમાણમાં દાન દેવાયાં અને કેદખાનામાં વર્તતા ગુન્હેગારોને બંધનમુક્તિ આપવામાં આવી. તેમજ યોગ્ય સમયે પુત્રરત્નનું પ્રિયમિત્ર એવું નામાભિધાન કરવામાં આવ્યું. જન્મ-જન્માંતરની આરાધનાના કારણે બાલ્યવયમાં જ આત્મધર્મના માર્ગને પોષણ આપનાર અનેક વિદ્યાઓમાં પ્રિયમિત્ર પારંગત થયા. અનુક્રમે યૌવનવય પ્રાપ્ત થતાં માતા-પિતાએ તેમને રાજ્યગાદી અર્પણ કરી અને ત્યારબાદ રાજા ધનંજય પોતાની રાણી ધારિણી સાથે સંસારથી નિર્વેદ પામી સંયમ ગ્રહણ કરવા પૂર્વક મુક્તિના પવિત્ર પંથે ચાલી નીકળ્યા.

## પ્રાચીન કાળમાં આર્યાવર્તની ભૂમિ ઉપર અધ્યાત્મવાદની પ્રબલતા

આજે ચારે ય તરફ જડવાદનું વાતાવરણ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતું જાય છે. ભૌતિક સુખનાં સાધનોની પ્રાપ્તિ તરફ આજનું મોટા ભાગનું માનવજગત દોટ મુકી રહ્યું છે અને પરિણામે આજના વિશ્વમાં બહુલતાએ સર્વત્ર અશાંતિ-અસંતોષ સિવાય ભાગ્યેજ બીજી વાત દૃષ્ટિગોચર થાય છે. પ્રાચીન કાળમાં માનવ જગત માનવતાથી સભર હતું, માનવ જીવનમાં ત્યાગ-વૈરાગ્ય અને અધ્યાત્મવાદનાં

મૂલ્યાંકન હતાં, 'મૃત્યુદેવનું આમંત્રણ આવે તે પહેલાં ઓછામાં ઓછી એક દિવસ તો સંયમની સાધના થવી જ જોઈએ' એ આર્યસંસ્કૃતિનું તત્ત્વ આર્યાવર્ત્તનાં માનવ-સમુદાયમાં સદાય જાગૃત હતું. છેલ્લે છેલ્લે એક દિવસ જેટલી પણ સંયમની સાધના સિવાય પરલોકમાં પ્રયાણ થાય તો માનવજીવન નિષ્ફળ ગણવામાં આવતું હતું અને આ કારણે જ રાજામહારાજાઓ, મહામાત્યો, ક્રોડપતિઓ, લક્ષાધિપતિઓ તેમજ મધ્યમવર્ગનાં માનવ બંધુઓ જ્યારે જ્યારે અવસરે મળે એટલે બાલ્યવયમાં, યૌવનવયમાં અથવા પ્રૌઢવયમાં અધ્યાત્મિકદૃષ્ટિનાં પોષણ માટે સંયમ કિંવા સંન્યસ્તધર્મની આરાધના માટે ચાલી નીકળતા હતાં. ગૃહસ્થાશ્રમના વ્યવહારમાં પણ ત્યાગ-વૈરાગ્ય અને અધ્યાત્મવાદની પુષ્ટિને અગ્રસ્થાન આપવામાં આવતું હતું.

## રાજા ધનંજય અને રાણી ધારિણીની સંયમ સાધના

રાજા ધનંજય ને રાણી ધારિણીના અંતરાત્મામાં આ ત્યાગ–વૈરાગ્ય અને અધ્યાત્મવાદનું તત્ત્વ હરહંમેશ જીવંત હતું. પુત્ર પ્રિયમિત્રનો યૌવનકાળ અને રાજ્યની ધુરા સંભાળી શકે તેવી તેનામાં યોગ્યતા દેખવામાં આવી એટલે પુત્રને રાજ્યનો ભાર અર્પણ કરી રાજા રાણી બંને રાજ્યનો વિપુલ વૈભવ તેમજ પુત્રાદિ પરિવારની મમતાનો ત્યાગ કરી આત્મકલ્યાણ માટે ચારિત્ર ગ્રહણ કરવા યોગ્ય ગુરુદેવની પાસે પહોંચી ગયા, દીક્ષા ગ્રહણ કરી તેમજ જ્ઞાન ધ્યાન સાથે તપ–સંયમની આરાધનામાં ઉજમાળ બન્યા.

## રાજા પ્રિયમિત્રનું નિર્વેદમય જીવન

રાજા પ્રિયમિત્રનો આત્મા આગળના વિમલ રાજાનાં ભવમાં સંયમની સુંદર આરાધના કરીને આવેલો હોવાથી વર્તમાન ભવમાં ભોગોપભોગની સર્વાંગસુંદર સામગ્રી પ્રાપ્ત થયેલી છતાં નિર્વેદના રંગથી રંગાયેલ હતો. ભોગોપભોગની પ્રવૃત્તિના પ્રસંગોમાં પણ રાજા પ્રિયમિત્રનો આત્મા ઉદાસીન હતો. કોઇપણ સમ્યગ્દૃષ્ટિ આત્મા અમુક કર્મોની પ્રબલતાના કારણે સંસારમાં રહેવું પડે અને રહે તે જુદી વાત છે, પણ સંસાર અને સંસારના બાહ્યસુખોમાં તે સમ્યગ્દષ્ટિ આત્માની રમણતાનો અભાવ હોય છે. રાજા પ્રિયમિત્રના અંતરાત્માની પણ આજ પરિસ્થિતિ હતી.

## રાજાનું રાજ્યપરિપાલન

માતા–પિતાના સંયમગ્રહણ બાદ રાજા પ્રિયમિત્ર નીતિ અને ધર્મને અગ્રસ્થાને રાખી પ્રજાનું સારી રીતે પાલન કરે છે. પ્રજાનો પણ પ્રિયમિત્ર રાજા તરફનો આદર તેમજ પ્રેમ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે અને પ્રતિદિન વૃદ્ધિ પામતા પ્રબલ પુણ્યોદયના પ્રભાવે પ્રિયમિત્ર રાજાને આંગણે ધન–ધાન્ય ઋદ્ધિ–સિદ્ધિ વગેરે હરકોઇ પ્રકારની બાહ્ય સુખની સામગ્રીનો નિરંતર વધારો થતો જાય છે.

## આજના માનવજગતની વિષમ સ્થિતિ

આજનું મોટા ભાગનું જગત લક્ષ્મી વગેરે બાહ્ય સુખના સાધનોની પ્રાપ્તિ માટે એક સરખી દોડધામ કરી રહેલ છે, અને એ દોડધામની પાછળ હિંસા અસત્ય,

અત્યાચાર, અનીતિ વગેરે ઉગ્ર પાપોનું સેવન કરે છે. એમ છતાં ઘણાં ભાગે લક્ષ્મી વગેરે ભૌતિક સુખનાં સાધનો આજના માનવને મળતાં નથી. મળે છે તો ટકતાં નથી અને થોડો વધુ સમય ટકે છે તો શાંતિને બદલે પ્રાયઃ એ લક્ષ્મી વગેરે સાધનો અશાંતિ, દુઃખ, ક્લેશ અને કંકાસના કારણ રૂપે બને છે.

## આપણે કેવું જીવન જીવવું જોઇએ ?

આપણે આપણું જીવન એવું બનાવવું જોઇએ કે આપણે લક્ષ્મીને શોધવા જવું ન પડે, પણ લક્ષ્મી આપણુને શોધતી આવે, આપણે શારીરિક આરોગ્ય માટે ડોક્ટર, વૈદ્યને ત્યાં ધક્કા ખાવા ન પડે, પણ આરોગ્ય આપણો પીછો છોડે જ નહિ, પરંતુ આ બાબત આ રીતે ત્યારે જ સિધ્ધ થાય કે કેવલ આત્મકલ્યાણની ભાવનાથી પરમપવિત્ર વીતરાગ પ્રભુના શાસનની યથોચિત સુંદર આરાધના કરી હોય.

## આરાધનાપ્રસંગે સંવર અને સકામ નિર્જરાની મુખ્યતા

રાજા પ્રિયમિત્રના આત્માએ ગત જન્મમાં સંયમ ગ્રહણ કરી વીતરાગ પ્રભુના પવિત્ર શાસનની ઘણી સુંદર આરાધના કરી હતી. એ આરાધનાના પ્રસંગે મુખ્ય દૃષ્ટિબિંદુ સંવર અને સકામનિર્જરાનું જ હતું એમ છતાં સાથે સાથે વિશિષ્ટ રસવાળી પુણ્યાનુબંધિ પુણ્યની પ્રકૃતિઓ બંધાયેલી હતી એટલે એ પ્રકૃતિઓના વિપાકોદયના કારણે જ ધનંજય રાજાને ત્યાં જન્મ તેમજ ભોગોપભોગની હરકોઈ પ્રકારે

સુંદર સાધન સામગ્રીઓ એ પ્રિયમિત્ર રાજાને આંગણે આપોઆપ હાજરાહજુર રહેતી હતી. એમ છતાં મોહનીય કર્મનો વિશિષ્ઠ ક્ષયોપશમ થયેલો હોવાથી પ્રિયમિત્રનો આત્મા એ બધી સામગ્રીની હાજરીમાં પણ નિર્લેપ હતો.

રાજા પ્રિયમિત્ર રાજ્યગાદીની પ્રાપ્તિ થયા બાદ ધર્મ, અર્થ અને કામ એ ત્રણેય પુરૂષાર્થને ગૌણ મુખ્યતાની અપેક્ષાએ પરસ્પર બાધ ન પહોંચે તે પ્રમાણે સુંદર રીતે રાજ્યનું પાલન અને પ્રજાનું સંરક્ષણ કરવા ઉપરાંત શ્રાવક ધર્મને ઉચિત દાન, શીલ, તપ અને ભાવ ચારેય પ્રકારનાં ધર્મની પ્રશસ્ત આરાધનામાં નિરંતર ઉજમાળ હતા, રાજાનાં પુન્ય–બલના કારણે રાજગાદી પ્રાપ્ત થયા બાદ ધન–ધાન્ય, ઋદ્ધિ–સિદ્ધિ વગેરે અનેક પ્રકારે સુખ–સંપતિના સાધનોમાં દિનપ્રતિદિન અભિવૃદ્ધિ થતી હતી.

## પ્રિયમિત્રના ભવમાં ચક્રવર્તીપણાની યોગ્યતા

પરંતુ રાજા પ્રિયમિત્રની પુણ્યપ્રકૃતિના વિપાકોદય દ્વારા પ્રાપ્ત થનાર બાહ્યસુખના સાધનોની સામગ્રી સામાન્ય રાજ્ય વૈભવમાં પુર્ણ થાય તેમ ન હતી. પ્રિયમિત્ર રાજાએ પોતાના ગત જન્મમાં જે સંયમાદિ મોક્ષસાધક યોગોની આરાધના કરી હતી, તેના કારણે મોહનીયકર્મના સ્થિતિબંધમાં તથા રસબંધમા ઘણી અલ્પતા થવા ઉપરાંત આયુષ્યકર્મ સિવાયના બાકીના કર્મોની સ્થિતિનું પ્રમાણ પણ ઘણું અલ્પ કર્યું હતું; તેમજ અઘાતિકર્મની પુણ્યપ્રકૃતિઓમાં વિશિષ્ટ પ્રમાણમાં એવો શુભરસ ઉપાર્જન કર્યો

હતો કે જેના પ્રભાવે પ્રિયમિત્રના ભવમાં ભગવાન મહાવીર પ્રભુના આત્માને ચક્રવર્તીપણું પ્રાપ્ત થવાનું નિશ્ચિત થયું હતું.

## ત્યાગની પાછળ ભોગ-ઉપભોગની સામગ્રી

કોઇપણ આત્માને માનવજીવનમાં ચક્રવર્તીપણું ત્યારે જ પ્રાપ્ત થાય કે ગત જન્મમાં ત્યાગધર્મની આચરણા-આરાધના કરી હોય. 'ત્યાગની પાછળ જ ભોગની સામગ્રી પ્રાપ્ત થાય છે, આ સામાન્ય નિયમ પણ પ્રસિદ્ધ છે. ભોગોપભોગની સામગ્રી પ્રાપ્ત થયા બાદ જો તેનો ત્યાગ કરવામાં ન આવ્યો અને ભોગ-ઉપભોગની પ્રવૃત્તિમાં જ આયુપૂર્ણ થયું તો પ્રાયઃ ભવાન્તરમાં તે આત્માને ભોગ-ઉપભોગની અનુકૂલ સામગ્રી પ્રાપ્ત થતી નથી અને કદાચ કોઈ કારણે ભોગ-ઉપભોગની સામગ્રી પ્રાપ્ત થાય તો પણ આત્મા ભોગાંતરાય-ઉપભોગાંતરાય વગેરે કર્મોના કારણે મમ્મણશેઠની માફક મળેલી સામગ્રીનો ભોગ-ઉપભોગ કરી શકતો નથી.

## અંતરાય કર્મનો વાસ્તવિક ભાવાર્થ

અંતરાયકર્મ દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય એમ પાંચ પ્રકારનાં વિભાગમાં વહેંચાયેલ છે. અનંતગુણના સ્વામી આત્માને અનંત જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ અને તેને લાયક સુપાત્રદાનાદિ તેમજ શીલ, તપ, ભાવ વગેરે આરાધનાનો યોગ ન મળે તેનું નામ સાચો અંતરાય છે. ક્રોડોનો વૈભવ તેમજ ભોગ-

ઉપભોગની વિપુલ સામગ્રી અને બલવાન તંદુરસ્ત શરીર પ્રાપ્ત થાય એટલા માત્રથી અંતરાયકર્મની મંદતા છે અથવા અંતરાય કર્મનો અભાવ છે એમ માનવું એ ભયંકર અજ્ઞાનતા છે. ગમે તેટલી ધન-સંપત્તિ હોય પણ આત્મહિતને લક્ષ્યમાં રાખી સુપાત્રદાનાદિની પ્રવૃત્તિ જો ન થાય તો તત્વદષ્ટિએ અંતરાયકર્મની મંદતા નથી પણ અંતરાયકર્મની તીવ્રતા છે. ભોગ-ઉપભોગની વિપુલ સામગ્રી પ્રાપ્ત થયા પછી જો આત્મકલ્યાણની ભાવનાથી શીલધર્મ અને તપોધર્મની આરાધના માટે વીર્યોલ્લાસ ન આવે તો પણ અંતરાય કર્મનું જોર છે, ધનસંપતિ તેમજ ભોગ-ઉપભોગની સામગ્રી જો આત્માનું હિત થવામાં સહાયક થવાને બદલે આત્માનું અહિત કરવામાં મદદગાર થાય તો પણ અંતરાયની તીવ્રતા સમજવાની છે.

## મોહની લઘુતા સાથે જ અંતરાયની લઘુતાનો સંબંધ

ધન-સંપત્તિ ભલે અલ્પ પ્રમાણમાં હોય, ભોગ-ઉપભોગની સામગ્રી પણ ભલે ઓછા પ્રમાણમાં હોય અને શરીરમાં ગમે તે કારણે નિર્બલતા વર્તતી હોય એમ છતાં દર્શનમોહ તેમજ ચારિત્રમોહનો યથોચિત ક્ષયોપશમ વર્તતો હોય તો તે આત્માનાં જીવનમાં દાન, શીલ, તપ વગેરે મંગલમય ધર્મની યથાશક્તિ આરાધના તેમજ તેને માટેની ભાવના અવશ્ય વિદ્યમાન હોય છે અને તે આત્માનું અંતરાયકર્મ તીવ્ર નહિ પણ મંદ ગણવામાં આવે છે. અંતરાયકર્મની તીવ્રતા-મંદતાનો મુખ્ય આધાર અનુક્રમે મોહનીયના ઉદયની તીવ્રતા તેમજ મોહનીયનો ઉપશમ-ક્ષયોપ-

શમ-ક્ષાયિક ભાવ છે. જે જે આત્માઓ મોહનીયના તીવ્ર ઉદયવાળા છે તે આત્માઓના અંતરાય વગેરે બધાય કર્મો તીવ્ર ગણવામાં આવે છે. જે આત્માને મોહનીયનો ઉપશમ ક્ષયોપશમ-ક્ષાયિક ભાવ પ્રાપ્ત થયો છે તે આત્માના અંતરાય વગેરે બધાય કર્મો મંદ ગણવામાં આવે છે.

## ધર્મની આરાધનાનું વાસ્તવિક ફળ

ધર્મની આરાધનાનું વાસ્તવિક ફળ, ધન-સંપત્તિ કે ભોગ-ઉપભોગની વિપુલ સામગ્રી નથી પણ મોહનો ઉપશમ-ક્ષયોપશમ અર્થાત્ મોહની મંદતા અને પરંપરાએ મોહનો સર્વથા અભાવ છે. મોહનીય કર્મનો એકવાર પણ જો ઉપશમ-ક્ષયોપશમ પ્રાપ્ત થઈ જાય તો બાકીના બધાય કર્મોની લઘુતા થવામાં વિલંબ ન લાગે; માટે મોહની અલ્પતા કરવાના સદાશયથી જ ધર્મની આરાધના કરવાનું જૈન શાસ્ત્રોમાં સ્થળે સ્થળે પ્રતિપાદન કરવામાં આવેલ છે અને એ સદાશયથી જે ભાગ્યવાન આત્મા ધર્મની આચરણા કરે છે, તેને સમ્યગ્દર્શનાદિ આત્મિક ગુણવૈભવની પ્રાપ્તિ સાથે વિના પરિશ્રમે ચક્રવર્તીપણું તેમજ ઇન્દ્રાદિપદનો વૈભવ પ્રાપ્ત થાય છે.

## વિમલમુનિના ભવની આરાધના

ભગવાન મહાવીર પ્રભુના આત્માએ પણ બાવીશમા વિમલ રાજાના ભવમાં સંયમ ગ્રહણ કરવા પૂર્વક સમ્યગ્-દર્શનાદિ રત્નત્રયીની સુંદર આરાધના કરી હતી અને એ આરાધના વડે ભગવંતના આત્માને મોહનીય કર્મની વિશિ-

૯૮ પ્રમાણમાં લઘુતા થઈ હતી, તેમજ એ આરાધનાના પ્રસંગે વર્તતા પ્રશસ્ત મન, વાણી, કાયાના યોગો દ્વારા ભગવાન મહાવીરના આત્માએ એવી ઉત્તમ પુણ્ય પ્રકૃતિઓ ઉપાર્જન કરી હતી કે જેના પ્રભાવે ત્રેવીશમા ભવમાં તેમને ચક્રવર્તીપણાનો વૈભવ પ્રાપ્ત થવાનો હતો.

## તીર્થંકર નામકર્મની અંતર્ગત ગણધરાદિ નામકર્મ

નામકર્મની કુલ ૯૩, અથવા ૧૦૩ ઉત્તર પ્રકૃતિઓમાં આઠ પ્રત્યેક પ્રકૃતિઓ પૈકી તીર્થંકર નામકર્મની કર્મપ્રકૃતિ સુપ્રસિદ્ધ છે. એ તીર્થંકર નામકર્મનો જ્યારે વિપાકોદય થાય ત્યારે આત્મા જેમ દેવાધિદેવ-તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે તે પ્રમાણે એ તીર્થંકર નામકર્મની અંતર્ગત ગણધર નામકર્મ, આચાર્ય નામકર્મ, ઉપાધ્યાય નામકર્મ યાવત્ ચક્રવર્તી નામકર્મ વગેરે અવાંતર વિભાગવાળી કર્મપ્રકૃતિઓ શાસ્ત્રને બાધ ન આવે તે રીતે પૂર્વાપર વિચાર કરીને આપણી બુદ્ધિથી આપણે સમજવાની છે.

## દ્રવ્યદયા અને ભાવદયાનું ભાવિ ફળ

માનવજીવન દરમ્યાન દ્રવ્યદયા તથા ભાવદયા બન્ને પ્રકારની દયામાં જો પરાકાષ્ઠા આવે તો તે આત્મા શાંતિનાથ ભગવાન વગેરે તીર્થંકરોની માફક એક જ ભવમાં ચક્રવર્તીપણું તથા તીર્થંકરપણું પ્રાપ્ત થાય તેને લાયક નામકર્મ ઉપાર્જન કરે છે. માનવજીવનમાં દ્રવ્યદયા હોવા છતાં દ્રવ્યદયાની અપેક્ષાએ ભાવદયાનું અત્યંત પ્રાધાન્ય હોય તો તે આત્મા રાજા-મહારાજા તરીકે અવતાર પ્રાપ્ત

કરવા સાથે તીર્થંકરપણું પ્રાપ્ત થાય એવા તીર્થંકર નામ-કર્મનો બંધ કરે છે. માનવજીવનમાં ભાવદયાનું અંતરાત્મામાં સ્થાન હોવા છતાં એ ભાવદયાની અપેક્ષાએ દ્રવ્ય દયાનું વિશિષ્ટ પ્રાધાન્ય વર્તતું હોય તો તે આત્મા દ્રવ્ય-દયાના કારણે ચક્રવર્તીપણું પ્રાપ્ત કરવા સાથે ભાવચારિત્ર પ્રાપ્ત થાય તેને લાયક નામકર્મની પુણ્યપ્રકૃતિનો બંધ કરી અનંતર અથવા એકાંતર ભવમાં ચક્રવર્તીપણું પ્રાપ્ત કરવા પછી અવસર આવે ત્યારે છ ખંડના વૈભવને છોડી સંયમધર્મની આરાધના માટે ચાલી નીકળે છે, અને માનવ-જીવનમાં ભાવદયાનો સર્વથા અભાવ હોવા સાથે કેવળ દ્રવ્ય-દયાનું જ પ્રાધાન્ય હોય તેમજ તે દ્રવ્યદયા પાછળ એકાંતે ભૌતિક સુખની અભિલાષા વર્તતી હોય તો તે આત્મા મનુષ્યના ભવમાં ઉત્પન્ન થાય તો બ્રહ્મદત્ત ચક્રવર્તી વગેરેની માફક પાપાનુબંધિ પુણ્ય તરીકે ચક્રવર્તીપણું પ્રાપ્ત કરે છે અને આયુષ્ય પૂર્ણ થયા બાદ નરક-ગતિમાં ઉત્પન્ન થાય છે.

## લોકોત્તર અને લૌકિક અધિકારોના હેતુ

વીતરાગપ્રણીત શુદ્ધ ધર્મની ગીતાર્થની નિશ્રામાં રહી નિરતિચારપણે આરાધના કરવા સાથે આત્મકલ્યાણની સાધના કરવી એ જો કે ઘણું ઉત્તમ છે. એમ છતાં સંખ્ય-અસંખ્ય વર્ષો સુધી, હજારો લાખો યાવત્ અસંખ્ય આત્માઓને આત્મકલ્યાણની આરાધના માટે ધર્મતીર્થની સ્થાપના કરવી, પ્રાણના ભોગે એ ધર્મતીર્થનું રક્ષણ કરવા તૈયાર રહેવું, એ બધી તીર્થંકર પદ, ગણધરપદ, આચાર્યપદ, ઉપાધ્યા-

યાદિ પદ વગેરે લોકોત્તર અધિકારોની અનુકૂલતા પ્રાપ્ત થવામાં ભાવદયાની પ્રધાનતા સાથે તેની તરતમતા એ જ મુખ્ય કારણ છે. તેમજ ચક્રવર્તીપણું. વાસુદેવપણું, પ્રતિ-વાસુદેવપણું યાવત્ રાજા-મહારાજા-મહામાત્ય, નગરશેઠ વગેરે લૌકિક અધિકારો પ્રાપ્ત થવામાં દ્રવ્યદયાની તરતમતા હેતુરૂપ છે.

## દ્રવ્યદયા અને ભાવદયાની સંક્ષિપ્ત વ્યાખ્યા

'આજે દ્રવ્યદયાની જરૂર નથી' એમ કોઈ કહે તો તે વાત એકાંતે બરાબર નથી, તે જ પ્રમાણે ભાવદયાને તર-છોડીને એકાંતે દ્રવ્યદયાની પ્રવૃત્તિને પ્રધાનતા આપવામાં આવે તો તે માર્ગ પણ બરાબર નથી. દ્રવ્યદયાના સ્થાનમાં દ્રવ્યદયાનું પ્રાધાન્ય છે, અને ભાવદયાનાં સ્થાનમાં ભાવદયાની મુખ્યતા છે. દ્રવ્યદયા એ ભૌતિક સુખનું સાધન છે અને ભાવદયા એ આત્મિક સુખનું સાધન છે. છએ કાયાના જીવોની રક્ષા કરવી, દીનદુઃખીની સેવા તેમ જ માંદાની માવજત કરવી અને મૂળ સંસ્કૃતિને ધક્કો ન લાગે તેને લાયક ઔષધાલયો વગેરે સમાજોપયોગી કાર્યોની સ્થાપના કરવી વગેરે દ્રવ્ય-દયા છે. તેમજ સ્વયં ધર્મની આરાધના કરવા સાથે અન્ય આત્માઓને શુદ્ધધર્મની પ્રાપ્તિ કરાવવી અને તેનાં સાધન તરીકે સાતે ય ક્ષેત્રોને પોષણ આપવું તેનું નામ ભાવદયા છે.

## વિમલ રાજાએ ઉપાર્જન કરેલ પુણ્યાનુબંધી પુણ્ય

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના આત્મમંદિરમાં બાવી-શમા વિમલ રાજાના ભવ દરમ્યાન ભાવદયાનું સ્થાન તો

અવશ્ય હતું એમ છતાં ભાવદયાની અપેક્ષાએ દ્રવ્યદયાનું પ્રાધાન્ય વધુ પ્રમાણમાં હોવાથી એકજ ભાવમાં ચક્રવર્તી-પણું તેમજ ભાવસાધુપણું પ્રાપ્ત થાય તેવું પુણ્યાનુબંધી પુણ્ય કર્મ ઉપાર્જન કર્યું હતું અને તે કારણે ત્રેવીશમા પ્રિયમિત્રના ભવમાં ચક્રવર્તીપણું તેમજ ચૌદરત્ન અને નવનિધાન પ્રાપ્ત થયા, તેને લાયક વિપાકોદય શરૂ થયો હતો.

## પંદર કર્મભૂમિમાં ચક્રવર્તીઓ

પાંચ ભરત તથા પાંચ ઐરવત એમ દશ ક્ષેત્રોમાં એક અવસર્પિણી તથા એક ઉત્સર્પિણી દરમ્યાન કુલ બાર-બાર ચક્રવર્તીઓ થાય છે અને પાંચ મહાવિદેહમાં જેમ તીર્થં-કર ભગવંતોનું ઓછી વધુ સંખ્યામાં અવશ્ય વિદ્યમાનપણું હોય છે, તે પ્રમાણે ચક્રવર્તીઓ પણ જઘન્ય-મધ્યમ અથવા ઉત્કૃષ્ટ સંખ્યાંમાં અવશ્ય વિદ્યમાન હોય છે. ભગવાન મહા-વીર પ્રભુના આત્માને પાંચ ઐરવતક્ષેત્રો પૈકી કોઈપણ ક્ષેત્રનું ચક્રવર્તીપણું પ્રાપ્ત થયું નથી પણ મહાવિદેહ ક્ષેત્રની બત્રીશ વિજયો પૈકી એક વિજયના છ ખંડના સ્વામી તરીકે ચક્ર-વર્તીપણાનો વૈભવ પ્રાપ્ત થયો છે. પંદર કર્મભૂમિ પૈકી કોઈપણ કર્મભૂમિમાં ઉત્પન્ન થનાર ચક્રવર્તીના જીવનમાં ચક્રરત્ન વગેરે ચૌદ રત્નો અવશ્ય પ્રાપ્ત થાય છે.

# [ ૧૫ ]

## પંચેન્દ્રિય સાત રત્નો

ચક્રવર્તીના ચૌદ રત્નોનું સંક્ષિપ્ત વર્ણન આ પ્રમાણે છે.

૧ સેનાપતિ–છ ખંડના સર્વદેશ–પ્રદેશોને સાધવાના કાર્યમાં આ સેનાપતિરત્ન મુખ્યપણે સહાયક છે.

૨ ગાથાપતિ–સર્વ પ્રકારના ધાન્ય તેમજ રસોઇ વગેરે તૈયાર કરવામાં ગાથાપતિરત્ન મુખ્ય કાર્ય કરનાર છે.

૩ પુરોહિત–રણસંગ્રામ વગેરે પ્રસંગે સૈનિકોના શરીરમાં કોઇપણ ઘા વાગેલ હોય તો તે અવસરે મલમપટ્ટા વગેરે પ્રવૃત્તિ દ્વારા ઘાને મટાડવાના કાર્યમાં, અન્ય કોઇ નાના મોટા રોગોનું નિવારણ કરવાના કાર્યમાં તેમજ શાંતિક, પૌષ્ટિક કાર્યમાં આ પુરોહિતરત્ન અત્યંત ઉપયોગી થાય છે.

૪ વાર્ધકી–નાના મોટા રાજમહેલ વગેરે મુકામોનાં બાંધકામ તથા રણસંગ્રામ પ્રસંગે ડેરા, તંબુ વગેરે છાવણી વસાવવાનાં કાર્યમાં આ વાર્ધકીરત્નનો મુખ્ય ઉપયોગ હોય છે.

૫–૬ હસ્તી તથા અશ્વ–આ બન્ને રત્નો ચક્રવર્તીને સવારી કરવાના કાર્યમાં ઉપયોગી થાય છે. એ હસ્તીરત્ન તથા અશ્વરત્ન ઉપર સામાન્ય રીતે ચક્રવર્તી સિવાય બીજા કોઇને

સવારી કરવાનો અધિકાર હોતો નથી. ગમે તેવા પ્રબલ શત્રુઓની સામે પણ આ બન્ને રત્નો ચક્રવર્તીને અવશ્ય વિજયની વરમાળા પ્રાપ્ત કરાવે છે.

૭ સ્રીરત્ન–પાંચેય ઇન્દ્રિયજન્ય વિષયસુખની અનુકૂલતામાં આ સ્રીરત્નનો ઉપયોગ થાય છે. ચક્રવર્તી સિવાય આ સ્રીરત્નનો ઉપભોગ કરવાની કોઈ વ્યક્તિમાં શક્તિ હોતી નથી.

આ સાતેય રત્નો પૈકી શરૂઆતના ચાર રત્નો ચક્રવર્તીની પોતાની રાજધાનીમાં જ ઉત્પન્ન થાય છે. સ્રીરત્ન વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધરના નગરો પૈકી કોઈપણ નગરમાં ઉત્પન્ન થાય છે. ગજ અને અશ્વરત્ન એ બન્ને રત્નો પણ વૈતાઢ્યના મૂળમાં ઉત્પન્ન થાય છે. આ સાતેય પંચેન્દ્રિય રત્નો છે.

## એકેન્દ્રિય સાત રત્નો

બાકીના ચક્ર વગેરે સાતેય રત્નો એકેન્દ્રિય રત્નો છે. તેનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે—

૧ ચક્રરત્ન–ચક્રવર્તી છ ખંડની સાધના માટે પ્રયાણ કરે ત્યારે આ ચક્રરત્ન આપોઆપ સર્વથી આગળ ચાલે અને ચક્રવર્તી તેમજ તેમના સૈન્યને વ્યવસ્થિત માર્ગ બતાવે છે.

૨ ખડ્ગરત્ન–જરૂર પડે તો વૈરીનું મસ્તક છેદવાના ઉપયોગમાં આવે છે.

૩ છત્રરત્ન–સામાન્ય રીતે આ છત્રરત્ન એક ધનુષ્ય

પ્રમાણનું હોય છે. એમ છતાં પ્રસંગ વિશેષમાં જરૂર જણાય અને ચક્રવર્તી પોતાના હસ્તનો આ છત્રરત્નને સ્પર્શ કરે એટલે બાર યોજન જેટલા વિસ્તારમાં છાયા આપે છે.

૪ ચર્મરત્ન–સામાન્ય રીતે બે હાથનું આ રત્નનું પ્રમાણ છતાં પ્રસંગવિશેષમાં ચક્રવર્તીના હસ્તસ્પર્શથી બાર યોજન પ્રમાણ આ ચર્મરત્નનો વિસ્તાર થાય છે. ઉપરાંત સવારે વાવેલ ધાન્ય–ફળાદિ સાંજે તૈયાર થઈ જાય એવો આ ચર્મરત્નનો અતિશય છે.

૫ દંડરત્ન–આ રત્નનું પ્રમાણ એક ધનુષ્ય અર્થાત્ ચાર હાથનું છે. રણસંગ્રામાદિ પ્રસંગે રસ્તે ચાલતાં ગમે તેવી વાંકી–ચુંકી અથવા ઉંચી–નીચી જમીન હોય તે એક–સરખી સપાટ કરવાનું કાર્ય આ રત્નનું છે. ઉપરાંત એક હજાર યોજન પ્રમાણ ભૂમિનું વિદારણ કરવાની જરૂર પડે તો દંડરત્નથી એ વિદારણ થઈ શકે છે અને છ ખંડની સાધના પ્રસંગે તમિસ્રાદિ ગુફાનાં દ્વાર ઉઘાડવાના પ્રસંગમાં પણ આ દંડરત્નનો ઉપયોગ થાય છે.

૬ મણિરત્ન–ચાર આગળ લાંબુ અને બે આંગળ પહોળું હોય છે. આ મણિરત્નનો એવો અદ્‌ભુત પ્રભાવ છે કે હાથે બાંધવામાં આવે અથવા મસ્તક ઉપર રાખવામાં આવે તો સર્વ પ્રકારના રોગોનો વિનાશ થાય છે. તેમજ આ મણિરત્નનો પ્રકાશ બાર–બાર યોજન સુધી વિસ્તાર પામે છે.

૭ કાકિણીરત્ન–છ ખંડની સાધના પ્રસંગે વૈતાઢ્ય પર્વતની ગુફામાં બન્ને બાજુની ભીંતો ઉપર ૪૯–૪૯

માંડલા કરવામાં આ રત્નનો ઉપયોગ થાય છે. આ રત્નનું પ્રમાણ ચાર અંગુલનું હોય છે.

આ સાત એકેન્દ્રિય રત્નો પૈકી ચક્ર, ખડ્ગ, છત્ર, અને દંડ એ ચારેય રત્નો ચક્રવર્તીની આયુધશાળામાં ઉત્પન્ન થાય છે. ચર્મ, મણિ અને કાકિણી આ ત્રણ રત્નો ચક્રવર્તીના લક્ષ્મીભંડારમાં ઉત્પન્ન થાય છે.

## નવનિધાનનાં નામો

ચક્રવર્તીને જે નવનિધાન પ્રાપ્ત થાય છે તે ગંગા નદીના મુખ પાસેથી પ્રાપ્ત થાય છે.

૧ નૈસર્પ, ૨ પાંડુક, ૩ પિંગલ, ૪ સર્વરત્ન ૫ મહાપદ્મ, ૬ કાળ, ૭ મહાકાળ, ૮ માણવક અને ૯ શંખ, આ પ્રમાણે નવનિધાનનાં નામો છે. આ નવનિધાનનાં જે નામો છે, તે જ પ્રમાણે અનુક્રમે નવે ય નિધાનના અધિષ્ઠાયક દેવોનાં નામો છે અને એ દરેક દેવોનું એક પલ્યોપમ પ્રમાણ (અસંખ્ય વર્ષનું) આયુષ્ય હોય છે.

## ચૌદરત્ન અને નવનિધાનનો પ્રભાવ

આ ચૌદરત્ન અને નવનિધાનનો પ્રભાવ અલૌકિક અને અચિન્ત્ય છે. એક એક રત્ન તેમજ નિધાન અંગે એક એક હજાર યક્ષો અધિષ્ઠાયક તરીકે વિદ્યમાન હોય છે અને બે હજાર યક્ષો ચક્રવર્તીની સેવા માટે સદાય હાજર રહે છે. એ પ્રમાણે કુલ પચીસ હજાર યક્ષો ચક્રવર્તીની સેવા માટે તૈયાર હોય છે. ચક્રવર્તી મનુષ્ય છતાં હજારો યક્ષો અર્થાત્

દેવો સેવા માટે હાજરી આપે છે. તે પ્રભાવ ચક્રવર્તીએ પોતાનાં પૂર્વભવમાં કરેલી ધર્મની આરાધનાનો છે. તીર્થંકર પ્રભુ સિવાય સર્વ મનુષ્યોમાં ચક્રવર્તીનું પુન્યબળ અને તેના પ્રભાવે શારીરિક વગેરે હરકોઈ પ્રકારનું બળ સર્વોત્કૃષ્ટ હોય છે. અને તે કારણે ચક્રવર્તીને નરદેવ કહેવામાં આવે છે.

## ચક્રવર્તીનો અભિષેક મહોત્સવ

ચક્રવર્તીનો જન્મ થયા બાદ યૌવનકાળમાં જ્યારે રાજ્ય-ગાદી પ્રાપ્ત થાય ત્યારે આયુધશાળામાં સર્વ પ્રથમ ચક્રરત્ન ઉત્પન્ન થાય છે. અને ત્યારબાદ અનુક્રમે બીજા રત્નોની ઉત્પત્તિ થાય છે. એ અવસરે એ રત્નોની ઉત્પત્તિની ખુશાલીમાં ચક્રવર્તી મહોત્સવ કરે છે અને ત્યારપછી છ ખંડની સાધના માટે ચક્રવર્તીનું પ્રયાણ થાય છે. એ ચક્રવર્તીના પુણ્યબલના કારણે છ ખંડના નાના–મોટા રાજવીઓ તેમની આજ્ઞાનો સ્વીકાર કરે છે તેમ જ દેવતાઓની મદદથી સર્વ રાજવીઓ તેમ જ છ ખંડની સમસ્ત પ્રજા ચક્રવર્તીનો ચક્રવર્તી તરીકે અભિષેક મહોત્સવ ઉજવે છે.

## ચક્રવર્તીના બે વિભાગ

ચક્રવર્તીઓમાં પણ બે વિભાગો છે. એક પુણ્યાનુબંધિ પુણ્યના ઉદયવાળા અને બીજા પાપાનુબંધિ પુણ્યોદયવાળા. દ્રવ્યધર્મ અને ભાવધર્મની આરાધના કરીને આવેલા પુન્યાનુબંધિ પુણ્યોદયવાળા હોય છે, અને ફક્ત દ્રવ્યધર્મની આરાધના કરીને આવેલા અથવા નિયાણું કરીને આવેલા ચક્રવર્તીઓ પાપાનુબંધિ પુણ્યના ઉદયવાળા છે. પુણ્યાનુ-

બંધિ પુણ્યના ઉદયવાળા ચક્રવર્તીઓ ચક્રવર્તીપણાના વૈભવનો અવસરે ત્યાગ કરી સંયમના પુનીત પંથે પ્રયાણ કરે છે અને મોક્ષ અથવા સ્વર્ગને પ્રાપ્ત કરે છે. જે ચક્રવર્તીઓ નિયાણાપૂર્વક એ પદવી પામ્યા છે અને પાપાનુબંધિ પુન્યના ઉદયવાળા છે, તેઓ ચક્રવર્તીના ભવમાં આયુષ્યની છેલ્લી પળ સુધી આરંભ-પરિગ્રહમાં મસ્ત હોય છે અને પરિણામે અવશ્ય નરકગતિમાં ઉત્પન્ન થાય છે.

## આ અવસર્પિણીના બાર ચક્રવર્તીઓ

આ ભરતક્ષેત્રે વર્તમાન અવસર્પિણીમાં બાર ચક્રવર્તી કયા કયા તીર્થંકરના શાસનમાં થયા અને આયુષ્યની સમાપ્તિ બાદ કયાં ઉત્પન્ન થયા ? તેનો સંક્ષિપ્ત ક્રમ આ પ્રમાણે છે.

પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવંતના શાસનમાં થયા. ગૃહસ્થાશ્રમમાં જ આરિસાભુવનમાં ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઇ કેવળજ્ઞાન પામ્યા અને ત્યારબાદ ઘણાં વર્ષો પર્યંત સ્વલિંગે પૃથ્વીતલ ઉપર વિચરી ચાર અઘાતિકર્મોનો ક્ષય કરી મોક્ષે ગયા.

બીજા સગર ચક્રવર્તી અજિતનાથ ભગવંતના શાસનમાં થયા અને અવસરે ચારિત્ર ગ્રહણ કરી કેવળજ્ઞાન પામી મોક્ષે પહોંચ્યા.

ત્રીજા મઘવા નામના ચક્રવર્તી અને ચોથા સનત્કુમાર ચક્રી પંદરમા ધર્મનાથ અને સોળમા શાંતિનાથ પ્રભુના આંતરામાં થયા, (અર્થાત્ પંદરમા ધર્મનાથ પ્રભુના શાસનમાં થયા) અને એ બન્ને ચક્રવર્તી અવસરે સંયમ ગ્રહણ કરવા

પૂર્વક આયુષ્ય પૂર્ણ થયા બાદ ત્રીજા દેવલોકમાં ઉત્પન્ન થયા.

પાંચમા ચક્રી શાંતિનાથ પ્રભુ, છઠ્ઠા ચક્રવર્તી કુંથુનાથ ભગવાન અને સાતમા ચક્રવર્તી અરનાથ પ્રભુ આ ત્રણેય તીર્થંકરો તીર્થંકર પણ હતા અને ગૃહસ્થાશ્રમમાં ચક્રવર્તી પણ હતા. એક જ ભવમાં તીર્થંકર અને ચક્રવર્તી બન્ને પદવીઓ તેમને પ્રાપ્ત થઈ હતી અને ત્રણે ય તીર્થંકર-ચક્રવર્તીઓ મોક્ષે ગયા છે. આઠમા ચક્રવર્તી સુભૂમ. અઢારમા અને ઓગણીસમા તીર્થંકરના આંતર સમયમાં થયા છે. અર્થાત્ અઢારમા અરનાથ પ્રભુના નિર્વાણ પછી તેમના શાસનની હયાતીમાં સુભૂમ ચક્રવર્તી થયા છે. પણ પાપાનુબંધિ પુણ્યોદયના કારણે શાસનની આરાધના કરી શક્યા નથી અને આરંભ-પરિગ્રહની બહુલતાના કારણે સાતમો ખંડ સાધવા જતાં સાતમી નરકમાં પહોંચ્યા છે.

નવમા શ્રી પદ્મ ચક્રવર્તી, દશમા શ્રી હરિષેણ ચક્રવર્તી આ બન્ને ચક્રવર્તીઓ વીસમા શ્રી મુનિસુવ્રતસ્વામીના નિર્વાણ પછી તેમના શાસનમાં ઉત્પન્ન થયા છે અને સંયમ ગ્રહણ કરવા સાથે ત્રિકરણયોગે શાસનની આરાધના કરી સકલ કર્મનો ક્ષય કરી મુક્તિપદને પામ્યા છે.

અગીયારમા શ્રી જય નામના ચક્રવર્તી એકવીશમા શ્રી નમિનાથ પ્રભુના શાસનમાં ઉત્પન્ન થયા છે અને એ શાસનની સર્વાંગસુંદર આરાધના કરવા પૂર્વક સકલ કર્મનો ક્ષય કરી સિદ્ધિપદને પામ્યા છે.

બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તી બાવીશમા શ્રી નેમિનાથ પ્રભુ અને ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ પ્રભુ એ બન્ને તીર્થંકરનાં

આંતર કાળમાં ઉત્પન્ન થયા છે. અને વિષયાસકિતની તીવ્રતાના કારણે આયુષ્ય પૂર્ણ થયા બાદ સાતમી નરકમાં પહોંચ્યા છે.

કુલ ચક્રવર્તીઓમાં સુભૂમ અને બ્રહ્મદત્ત આ બન્ને ચક્રીઓ પાપાનુબંધિ પુણ્યોદયવાળા અને બાકીના દશ ચક્રવર્તીઓ પુણ્યાનુબંધિ પુણ્યોદયવાળા હતા. બે ચક્રવર્તીઓ મિથ્યાદ્દષ્ટિ અને આરંભ-પરિગ્રહ તેમજ વિષય-કષાયમાં ચકચૂર હતા તથા દશ ચક્રવર્તીઓ સમ્યગ્દષ્ટિ તેમજ ચક્રવર્તીના ઐશ્વર્યને પણ બંધનરૂપ માનવા સાથે આત્માની મુકિત માટે પુરુષાર્થ કરનારા હતા.

## પ્રિયમિત્ર ચક્રી

આપણા ભગવાન મહાવીર પ્રભુનો આત્મા ત્રેવીશમા ભવમાં મહાવિદેહની મુકા નગરીમાં પ્રિયમિત્ર ચક્રવર્તી તરીકે ઉત્પન્ન થયા છે અને સમ્યગ્દષ્ટિપણા સાથે પુણ્યાનુબંધિ-પુણ્યના ઉદયવાળા હોવાથી ચક્રવર્તીપણાનો અપૂર્વ વૈભવ પ્રાપ્ત થવા છતાં—

**શીતલ ચંદનથી જે ઉપન્યો,**
**અગ્નિ દહે જેમ વનને રે,**
**ધર્મજનિત તેમ ભોગ ઇહાં પણ**
**લાગે અનિષ્ટ તે મનને રે.**

ઉપાધ્યાયજી મહારાજના આ કથન પ્રમાણે સંસારનાં ભોગ-ઉપભોગથી તેમનું મન ઉદાસીન હતું અને કયારે 'આત્મકલ્યાણનાં પવિત્ર પંથે પ્રયાણ કરવાનો ભાગ્યોદય જાગે

આ ભાવના પ્રિયમિત્ર ચક્રીના મનોમંદિરમાં નિરંતર ચાલુ હતી.

કોઈપણ સમ્યગ્દૃષ્ટિ આત્માને અંતરાત્મામાં સમ્યગ-દર્શનનો દીવડો ઝગમગતો હોય ત્યારે એ આત્માના યોગ તથા ઉપયોગનું આત્મહિતને ઉચિત પરિવર્તન થઈ જાય છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં અનંતકાળ દરમ્યાન પાપની પાપ તરીકે ઓળખાણ થઇ ન હતી કદાચ કોઈવાર શ્રુતસામાયિકના કારણે ઓળખાણ થઇ હોય તો પાપની પ્રવૃત્તિથી છુટવાની અભિરુચિ તો પ્રગટી જ ન હતી.

## સંસારના ટકાવનું કારણ અઢાર પાપસ્થાનકો

અનંતકાળથી આ આત્માનો સંસાર અને જન્મ–મરણની પરંપરા અવિચ્છિન્નપણે જે ટકી રહેલ છે તેનું અસાધારણ કારણ અનાદિકાળથી ખુલ્લા રહેલા અઢારે ય પાપસ્થાનકો છે. અવ્યવહાર રાશિમાં અનંતકાળ પર્યંત આ આત્મા રહ્યો, તે દરમ્યાન ભલે કાયયોગમાં (અર્થાત્ ક્રિયામાં) એ પાપસ્થાનકોનું સેવન સ્થૂલદૃષ્ટિએ ન હતું એમ છતાં ભાવમાં તો એ બધાય પાપના દરવાજાઓ ઉઘાડા જ હતાં. પૃથ્વી, પાણી, વગેરે બાદર એકેન્દ્રિયમાં પણ એ પાપો ભાવથી પ્રતિસમય ચાલુ હતા. બેઇંદ્રિય વગેરે ભવોમાં પણ આ આત્માની એ જ દશા હતી. સંજ્ઞિપંચેન્દ્રિય તરીકે દેવ–નારક–તિર્યંચ અને મનુષ્યના ભવોમાં આ આત્મા ભૂતકાળમાં અનંતીવાર ઉત્પન્ન થયો, પરંતુ ભવસ્થિતિનો પરિપાક ન થવાના કારણે પ્રાણાતિપાત મૃષાવાદ

વગેરે પાપોને પાપ તરીકે જાણ્યા નહિ અને જાણ્યા તો તે પ્રમાણે શ્રદ્ધારૂપે માન્યા નહિ. પરિણામે એ પાપોના દ્વાર ખુલ્લા હોવાથી પ્રતિક્ષણે કર્મબંધન ચાલુ રહ્યું અને સંસાર પણ ટકી રહ્યો.

## સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રનું સાચું રહસ્ય

એ અઢારેય પાપોને પાપ તરીકે જાણવા તેનું નામ સમ્યગ્જ્ઞાન, એ પાપોને પાપ તરીકે જાણ્યા બાદ એનાથી દૂર રહેવાની અભિરુચિ ઉત્પન્ન થવી તેનું નામ સમ્યગ્-દર્શન અને ત્રિવિધે ત્રિવિધે અઢારેય પાપોનો ત્યાગ કરવા માટે સંપૂર્ણ પુરુષાર્થ શરૂ થવો તેનું નામ સમ્યક્ચારિત્ર. ધર્મની યથાર્થ વ્યાખ્યા કોઈપણ હોય તો 'આત્મકલ્યાણની ભાવનાથી પાપના દરવાજા બંધ કરવા' તે છે. સામાયિક વગેરે છએ આવશ્યકોનું તાત્પર્ય જે રીતે સમજવું જોઈએ તે રીતે સમજાય તો એ છએ આવશ્યકોમાં ત્રિકરણયોગે પાપના પ્રતિબંધનો મુખ્ય ઉદ્દેશ છે. ગમે તેટલું પુણ્ય બંધાય પણ જો આ અઢારેય પાપો ન ઘટે તો તેનું નામ સાચો ધર્મ નથી; પુણ્ય બંધાશે એટલે તેનાં ફળ સ્વરૂપે સ્વર્ગાદિ સંપત્તિ પ્રાપ્ત થશે, પણ પાપ ખસ્યું નથી એટલે સંસાર કિંવા જન્મ-મરણની પરંપરા ઓછી થતી નથી.

## પ્રભુ પાસે પણ પાપથી બચવાની માંગણી

આત્મમંદિરમાં જ્યારે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે

ત્યારે તે આત્માને પાપની પ્રવૃત્તિ માટે નફરત જાગે છે. અનિવાર્ય સંજોગોમાં પાપાચરણ થઈ જાય તોપણ તે આત્માને એ માટે તીવ્ર પશ્ચાત્તાપ થાય છે અને ક્ષણે ક્ષણે એક જ ભાવના વર્તે છે કે આ પાપાચરણમાંથી ક્યારે બચું ! એ આત્મા પ્રભુદર્શને જાય ત્યાં ધન-દોલત કિંવા બાગ-બંગલાની માગણી નથી કરતો, પરંતુ હે ભગવાન ! "મારો આત્મા કોઈપણ ઉપાયે પાપાચરણમાંથી બચે તેને લાયક મને બળ આપજે" આ પ્રકારની માંગણી કરે છે.

## પ્રિયમિત્ર ચક્રવર્તિની સંસારસુખમાં ઉદાસીનતા

આપણા પ્રિયમિત્ર ચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિ હોવાથી તેમના આત્મામાં પણ પાપોથી નિવૃત્ત થવાની તાલાવેલી લાગી છે. નિકાચિત ભોગાવલી કર્મોના કારણે ભલે એ આત્મા ગૃહસ્થાશ્રમમાં રહ્યો છે અને છ ખંડના ઐશ્વર્યનું સ્વામિત્વ પ્રાપ્ત થયું છે છતાં એમાં એ પ્રિયમિત્રને રસ નથી, આનંદ નથી પરંતુ ઉદાસીનતા છે. ક્યારે મહાવ્રતધારી સાધુ-મુનિરાજનો યોગ મળે ? ક્યારે એ પૂજ્ય મહાનુભાવના મુખેથી ધર્મદેશના શ્રવણ કરું ? અને વૈરાગ્યવાસિત બની ક્યારે સંયમને ગ્રહણ કરું ? આ ઝંખના પ્રિયમિત્ર ચક્રવર્તીના મનોમંદિરમાં રાત્રિ-દિવસ સતતપણે ચાલ્યા જ કરે છે અને એમ થવાનું મુખ્ય કારણ બાવીશમા ભવમાં કરેલી ભાવચરિત્રની આરાધના છે, જે આત્માને ભાવચારિત્રની આરાધનાજન્ય આત્મિક આનંદનો યથાર્થ અનુભવ થયો હોય તે આત્માને ચક્રવર્તીપણાના અથવા દેવ-દેવેન્દ્રનાં

પૌદ્ગલિક સુખોમાં આનંદ ક્યાંથી આવે !

## પોટ્ટિલાચાર્ય પાસે પ્રિયમિત્ર ચક્રવર્તીનું ચારિત્રગ્રહણ

પ્રિયમિત્ર ચક્રવર્તીનુ, એકંદરે ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય હતું. સંસાર અને સંસારના રંગ-રાગમાં અનાસક્ત છતાં ભવિતવ્યતાના કારણે અથવા ભોગાવલી કર્મોદયના કારણે ચક્રવર્તી વ્યાશી લાખ પૂર્વથી વધુ કાળ પર્યંત ગૃહસ્થાશ્રમમાં રહ્યા એમ છતાં ભોગસુખમાં અલિપ્તપણું હોવાથી સંસારમાં પરિભ્રમણ કરાવનાર મોહનીય કર્મના સ્થિતિબંધ અને રસબંધમાં અલ્પતા જ રહી. એક ક્રોડ વર્ષ જેટલું આયુષ્ય જ્યારે બાકી રહ્યું તે અવસરે મૂકા નગરીના ઉદ્યાનમાં જ્ઞાનધ્યાન તેમજ તપ-સંયમમાં પરાયણ એવા પોટ્ટિલાચાર્ય ભગવાન વિશાલ પરિવાર સાથે પધાર્યા. આચાર્ય ભગવંતની પધરામણીના સમાચાર મળતાં રાજ્યની રિયાસત તેમજ મંત્રી-સામંત અને પ્રજાજનના વિશાળ સમુદાય સાથે પ્રિયમિત્ર ચક્રવર્તી આચાર્ય ભગવંત પાસે પહોંચ્યા, ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદન કરી ચક્રવર્તી વગેરે સર્વ સમુદાય ઉચિત આસને બેઠો અને આચાર્ય ભગવંતે પુષ્કરાવર્ત્ત મેઘની ધારા સરખી વૈરાગ્યભરપુર ધર્મ-દેશનાનો પ્રારંભ કર્યો. ચક્રવર્તીના અંતરાત્મામાં સંસાર પ્રતિ નફરત અને સંયમ માટે અભિરુચિ તો હતી જ, આચાર્ય ભગવંતની દેશનાએ તેમાં પ્રાણ પૂર્યા અને ધર્મ-દેશનાને અંતે પ્રિયમિત્ર ચક્રવર્તીએ આચાર્ય ભગવંતની પાસે સંયમ ગ્રહણ કરવાની ભાવના પ્રગટ કરી. આચાર્ય ભગવંતની અનુમતિ

મળતાં ચક્રવતીના ચિત્તમાં અત્યંત આનંદ ઉત્પન્ન થયો. મૂકા નગરીમાં જઈ સર્વ પ્રજાજનો સમક્ષ રાજ્યનો ભાર પુત્રને સમર્પણ કર્યો અને આચાર્ય ભગવંત પાસે આવી પ્રિયમિત્ર ચક્રવર્તીએ ચારિત્ર ગ્રહણ કર્યું.

## આયુષ્ય કર્મ સિવાય બધાય શુભા-શુભ કર્મનો સ્થિતિબંધ અશુભ જ હોય

ચારિત્ર ગ્રહણ કર્યા બાદ ગુરુદેવની નિશ્રામાં રહીને એક બાજુથી શાસ્ત્રનો અભ્યાસ અને તેનું સતત પરિશીલન તેમજ બીજી બાજુથી તપ-સંયમની સુંદર આરાધનાના કારણે પ્રિયમિત્ર મુનિવરે મોહનીય કર્મની અત્યંત લઘુતા કરી અને સાથે સાથે પુણ્યાનુબંધિ પુણ્ય ઉપાર્જન કર્યું. કોઈપણ આત્મા સમ્યગ્દર્શન ગુણને સન્મુખ થાય, ત્યારબાદ સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ વગેરે આત્મિક ગુણોમાં જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ તે આત્માને મોહનીય કર્મના બંધ, ઉદય, ઉદીરણા, તેમજ સત્તા અથવા પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધની અપેક્ષાએ ઉત્તરોત્તર લઘુતા થતી જાય. એક મોહનીય કર્મની લઘુતા હોય એટલે જ્ઞાનાવરણ, દર્શનાવરણ તેમજ અંતરાય એ ત્રણે ઘાતિકર્મોની પણ ઉપર જણાવેલા ચારેય પ્રકારે અવશ્ય લઘુતા થાય તેમજ ચાર અઘાતિકર્મોમાં પણ શુભ અશુભ બન્ને પ્રકારની ઉત્તર પ્રકૃતિઓ પૈકી બહુલતાએ શુભનો બંધ થાય. શુભ પ્રકૃતિઓનો બંધ ચાલે તેમાં રસની તીવ્રતા થતી જાય અને સ્થિતિબંધમાં લઘુતા આવતી જાય. કારણ કે આયુષ્યકર્મ સિવાય-શુભાશુભ સર્વકર્મનો સ્થિતિબંધ તો એકાંતે અશુભ જ કહેલ છે. સ્થિતિબંધ શુભ-

કર્મનો હોય કે અશુભકર્મનો હોય પણ એ સ્થિતિબંધ સંપૂર્ણ જ્યાં સુધી ન ભોગવાય ત્યાં સુધી આત્માને સંસારના બંધનમાં અવશ્ય રહેવું પડે છે અને મુમુક્ષુ આત્મા માટે આ વાત ઠીક નથી.

## કષાયની મંદતાનું અસાધારણ કારણ સમ્યગ્જ્ઞાન પૂર્વક તપ-સંયમની આરાધના

જેમ જેમ કષાયની તીવ્રતા તેમ તેમ શુભકર્મનો પણ સ્થિતિબંધ વધુ અને જેમ જેમ કષાયની મંદતા તેમ તેમ શુભકર્મના પણ સ્થિતિબંધની અલ્પતા. શાતાવેદનીય એ શુભકર્મ છે. એ 'શાતાવેદનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પંદર કોડાકોડી સાગરોપમ છે. અને જઘન્ય સ્થિતિબંધ બાર મુહૂર્તનો છે. આત્મા જ્યારે મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે વર્ત્તતો હોય અને તત્પ્રાયોગ્ય કષાયની તીવ્રતા હોય ત્યારે એ શાતાવેદનીયનો સ્થિતિબંધ પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ બંધાય છે. એ આત્મા સમ્યગ્દર્શન પામે એટલે અમુક પ્રમાણમાં કષાયની મંદતા થવાના કારણે એક કોડાકોડી સાગરોપમથી પણ ઓછો સ્થિતિબંધ થાય અને એ જ આત્મા ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ કરતા દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે પહોંચે એટલે શાતાવેદનીય જેવી શુભ પ્રકૃતિનો પણ ફક્ત બાર મુહૂર્ત જેટલો જ સ્થિતિબંધ થાય છે. શુભાશુભ કર્મનો સ્થિતિબંધ જેટલો વધુ તેટલું સંસારનું પ્રમાણ વધારે તેમજ શુભાશુભ કર્મના સ્થિતિબંધનું પ્રમાણ કષાયની વાસ્તવિક મંદતાના કારણે જેટલું અલ્પ તેટલું સંસારનું પરિભ્રમણ પણ અલ્પ અને મોક્ષનું સામીપ્ય. આ જૈનદર્શનનો સનાતન સિદ્ધાંત છે. આ કષાયની મંદ-

તાનું આસાધારણ કારણ સમ્યગ્જ્ઞાનપૂર્વક કરેલી તપસંયમની આરાધના છે.

## એક ક્રોડ વર્ષના ચારિત્ર પર્યાયમાં પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનકનો કાળ

પ્રિયમિત્ર-ચક્રવર્તી અત્યાર સુધી પૌદ્ગલિક સુખના સ્વામી તેમજ ચક્રવર્તી હતા. ચારિત્ર ગ્રહણ કર્યા બાદ સમ્યગ્જ્ઞાનપૂર્વક તપ-સંયમની આરાધનાના કારણે. નિરંતર કષાયની મંદતા થતી હોવાથી અને ઉત્તરોત્તર વૃદ્ધિવાળી સ્વરૂપરમણતા પ્રાપ્ત થતી હોવાથી હવે એ પ્રિયમિત્ર મુનિવર આત્માના સ્વામી કિંવા સમ્રાટ્ બનતા જાય છે. પરંતુ હજી આ ભવમાં ને આ ભવમાં યથાખ્યાત ચારિત્ર માટે પુરૂષાર્થ પ્રગટ થાય એવો વીર્યોલ્લાસ પ્રાપ્ત થતો નથી. એક ક્રોડ વર્ષના ભાવ ચારિત્ર પર્યાયમાં પ્રમત્ત અને અપ્રમત્ત (છઠ્ઠા, સાતમા) ગુણસ્થાનકોમાં ગમનાગમન ચાલુ છે; તેમાં પણ પ્રમત્તગુણસ્થાનકના કાળનું પ્રમાણ ઘણું વધારે છે; જ્યારે એક ક્રોડ વર્ષના ચારિત્રપર્યાયમાં એ પ્રિયમિત્ર રાજર્ષિને વારંવાર પ્રાપ્ત થતા અપ્રમત્ત ગુણસ્થાનકનો બધો કાળ ભેગો કરતાં પણ એક અંતર્મુહૂર્ત જેટલો થાય છે.

## ચોવીસમા ભવે શુક્ર નામના દેવલોકમાં અવતાર

આ પરિસ્થિતિમાં પ્રમત્ત ગુણસ્થાનકે વર્તતા પ્રિયમિત્ર મુનિવર દેવગતિના આયુષ્યનો બંધ કરે છે અને એકંદર ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ થતાં વૈમાનિક નિકાય પૈકી શુક્રનામના સાતમા દેવલોકે સર્વાર્થ નામના વિમાનમાં પ્રિયમિત્ર મુનિવરનો આત્મા ઋદ્ધિવંત દેવ તરીકે ચોવીશમા ભવમાં ઉત્પન્ન થાય છે.

# [ ૧૬ ]

## દેવલોક અને મહર્દ્ધિક દેવ

પ્રિયમિત્ર ચક્રવર્તીના ભવમાંથી શ્રમણ ભગવાન મહાવીર દેવનો આત્મા ચોવીશમા ભવમાં વૈમાનિક નિકાયના બાર દેવલોક પૈકી સાતમા શુક્ર નામના દેવલોકમાં મહર્દ્ધિક દેવ તરીકે ઉત્પન્ન થયેલ છે. મનુષ્યોમાં મનુષ્યપણું સમાન છતાં બધાય મનુષ્યો એક સરખા જેમ નથી હોતા. આયુષ્ય, સુખ-દુઃખ, બુદ્ધિબલ અને આધ્યાત્મિક વિકાસ વગેરે અનેક બાબતોમાં જેમ મનુષ્ય-મનુષ્યમાં પણ તફાવત છે, તે જ પ્રમાણે દેવલોકમાં વર્તતા ચારે ય નિકાયના દેવોમાં દેવપણું સમાન છતાં આયુષ્ય, બુધ્ધિબલ ઋદ્ધિ સિદ્ધિ તેમ જ આધ્યાત્મિક વિકાસની અપેક્ષાએ અનેક પ્રકારની તરતમતા હોય છે.

### દેવલોકમાં સર્વથી ઉત્તમ કોટિના દેવો

દેવલોકમાં ભવનપતિ. વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એમ મુખ્યત્વે ચાર વિભાગો છે. એક એક વિભાગમાં ઇંદ્ર, સામાનિક યાવત્ પ્રકીર્ણક વગેરે અનેક વિભાગો છે. અને એ વિભાગોમાં પણ પુણ્યપ્રકૃતિની તરતમતાના કારણે અનેકાનેક પેટા વિભાગો છે, ભવનપતિ વગેરે ચારે ય મુખ્ય વિભાગોમાં મુખ્ય-પ્રધાન સ્થાન વૈમાનિક દેવોનું છે અને

વૈમાનિક દેવોમાં પણ સર્વોત્તમ સ્થાન પાંચ અનુત્તર પૈકી સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવોનું ગણવામાં આવે છે.

## એ સર્વોત્તમ દેવોનું સંક્ષિપ્ત સ્વરૂપ

આ સર્વાર્થસિદ્ધ વિમાનવાસી બધાય દેવો નિયમા એકાવતારી હોય છે. ગત માનવજીવનમાં દ્રવ્ય–ભાવથી સંયમની સુંદર આરાધના કરનાર આત્મા જ આ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે. આ વિમાનમાં વર્તતા સર્વ દેવોનું તેત્રીસ સાગરોપમનું જ આયુષ્ય હોય છે. આ દેવોમાં જઘન્ય, મધ્યમ તેમજ ઉત્કૃષ્ટ એવા આયુષ્યના વિભાગો નથી. ગત જન્મમાં કરેલા તપ–સંયમની ઉચ્ચકક્ષાની આરાધનાના પ્રભાવે આ દેવોને આહાર સંજ્ઞાનું પ્રમાણ એટલું બધું અલ્પ હોય છે કે તેત્રીસ હજાર વર્ષો પસાર થાય એટલે એકવાર આહારની અભિલાષા થાય છે.

ગત જન્મમાં સંયમધર્મની આરાધનાના પ્રસંગે નિષ્કલંક ત્રિકોટી શુદ્ધ બ્રહ્મચર્યના પરિપાલનના પ્રભાવે વાસનાની અત્યંત મંદતા હોવાથી તેત્રીશ સાગરોપમ દરમ્યાન સવેદી છતાં પ્રાયઃ નિર્વિકારી ભાવમાં જ દેવો સદા–સર્વદા વર્તતા હોય છે. બાહ્ય કિંવા ભૌતિક સુખની આ સર્વોત્કૃષ્ટ *સીમાનું સ્થાન* પ્રાપ્ત થવાં છતાં એ સામગ્રીમાં લગભગ અલિપ્ત રહેવાવાળા એ દેવો એકાવતારી હોય એમાં શું આશ્ચર્ય હોય ! તેત્રીશ પખવાડીએ એકવાર શ્વાસોચ્છ્વાસની પ્રવૃત્તિ રૂપ શારીરિક સંપૂર્ણ આરોગ્યનું પ્રબલ પ્રતીક ધારણ કરનાર એ દેવોનું સર્વાંગસુંદર શરીર ફકત એક

હસ્ત પ્રમાણ જ હોય છે, આયુષ્યનો લગભગ ઘણો ખરો સમય આત્મચિંતન અને વિશ્વના સ્વરૂપની વિચારણામાં જ એ દેવો પસાર કરે છે કોઈવાર અત્યંત ગહન અતીન્દ્રિય ભાવોમાં શંકા થાય ત્યારે મનથી ને મનથી તીર્થંકર સર્વજ્ઞ ભગવંતોને પોતાના સ્થાનેથી ભાવવંદન કરવા સાથે પ્રશ્ન કરે છે અને સમાધાન પ્રાપ્ત કરે છે. નવગ્રૈવેયક અને અનુત્તર વિમાનવાસી દેવો કલ્પાતીત હોવાથી તીર્થંકર ભગવંતનાં કલ્યાણકાદિ પ્રસંગે અથવા અન્ય કોઈપણ કારણે આ દેવોને પૃથ્વીતલ ઉપર અર્થાત્ મનુષ્યલોકમાં આવવાપણું નથી હોતું. જિનેશ્વર દેવોના કલ્યાણક વગેરે પ્રસંગે પોતાના સ્થાને રહ્યા રહ્યા ભાવ-ભક્તિ કરવા દ્વારા કલ્યાણકોની ઉજવણી કરવાનો એ દેવોનો આચાર છે.

## દેવલોક તથા નારકીના સ્થાન માટે શંકાનું સમાધાન

વર્તમાનમાં કેટલાક મહાનુભાવોને દેવલોક અને નારકનાં સ્થાનો માટે શંકા હોય છે. "મુંબઈ જેવા શહેરમાં મરીન લાયન્સ અથવા મલબાર હીલના સ્થાનો એજ સ્વર્ગલોક અને આજુબાજુ ગટરોના દુર્ગંધમય વાતાવરણથી ભરપૂર ચાલીઓ અથવા વાંદરાની ખાડી પાસેના ઝુંપડાઓ એ જ નારકલોક" આવું આવું કેટલાક મહાનુભાવોનું મંતવ્ય હોય છે પણ એ મંતવ્ય બરાબર નથી. વિશ્વમાં એવું પણ કોઈ સ્થાન અવશ્ય હોવું જોઈએ કે જ્યાં ભૌતિક સુખના સાધનોમાં કોઈ અપૂર્ણતા ન હોય, માનવ

જીવન ગમે તેટલું બાહ્ય સુખના સાધનોથી સભર હોય છતાં ગર્ભાવાસનાં દુઃખો, જન્મ પ્રસંગના કષ્ટો, વૃદ્ધ અવસ્થાની યાતનાઓ તેમજ રોગાદિ પ્રસંગો માનવજીવન સાથે ઓછા-વધુ પ્રમાણમાં અવશ્ય સંકળાયેલા છે. જ્યારે સ્વર્ગલોકમાં દેવ-દેવીઓની ઉત્પત્તિ ગર્ભાવાસથી નથી, એ દેવોને જીવન પર્યંત રોગનો અભાવ હોય છે અને વૃદ્ધ અવસ્થાની પીડાઓનો પણ એ દેવ-દેવીએ પ્રસંગ નથી. દેવોને લોમાહાર હોવાથી માનવજીવનની માફક ખાન-પાનાદિની મુશ્કેલી નથી. અર્થાત્ ગતજન્મમાં ગમે તે સંજોગોમાં સંચિત થયેલા પુણ્યબલના પ્રભાવે સ્વર્ગલોકમાં ભૌતિક સુખનાં સાધનો યથોચિતપણે હરહંમેશ તૈયાર હોય છે. ભૌતિક સુખનાં સાધનો હાજર હોવા છતાં અસંતોષનાં કારણે માનસિક દુઃખ ઉભું થાય એ જુદી વાત છે. પરંતુ શરીરમાં દર્દજન્ય કષ્ટ ઉભું થવાનો અથવા ક્ષુધા-તૃષાની વેદના ઊત્પન્ન થવાનો સ્વર્ગલોકમાં લવલેશ પણ પ્રસંગ નથી. અને માનવજીવન અથવા પશુ-પક્ષિના જીવનમાં ગમે તે સંજોગમાં થયેલી શુભ પ્રવૃત્તિના ફળોનો ભોગવટો કરવા માટે જેને સ્વર્ગલોક અથવા દેવલોક કહેવાય એવું કોઈપણ સ્થાન આ જગતમાં અવશ્ય હોવું જોઈએ. એમ માન્યા સિવાય બુદ્ધિમાન મહાનુભાવને ચાલે તેમ નથી.

## સ્વર્ગલોકમાં કોણ ઉત્પન્ન થાય ?

ધર્મબુદ્ધિથી સુકૃતની પ્રવૃત્તિ કરનાર આત્મા તો જ્યાં સુધી મુકિતને લાયક પુરૂષાર્થ ન જાગે ત્યાં સુધી વચલા

ગાળામાં સ્વર્ગલોક અવશ્ય પ્રાપ્ત કરે છે. પરંતુ બાહ્ય સુખની અભિલાષાથી સુકૃતની પ્રવૃત્તિ કરનાર અથવા આપોઆપ સ્વાભાવિક રીતે વધુ પડતા પાપમાંથી બચી જવાના કારણે તેમજ સ્વાભાવિક રીતે વધુ પ્રમાણમાં કષ્ટ સહન કરવાના કારણે અને મન, વાણી, કાયાના શુભ વ્યાપારના કારણે પણ કોઈવાર આત્મા એવું પુણ્યબલ ઉપાર્જન કરે છે કે જેનો ભોગવટો કરવા માટે આત્મા સ્વર્ગલોકમાં ઉત્પન્ન થાય છે.

## સંયમ એ મોક્ષનું સાધન છતાં આત્મા સ્વર્ગલોકમાં કેમ ઉત્પન્ન થાય ?

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના આત્માએ પ્રિયમિત્ર ચક્રવર્તી તરીકેના ત્રેવીશમા ભવમાં છ ખંડના વિપુલ ઐશ્વર્યનો પરિત્યાગ કરી આત્મકલ્યાણની સાધના કિંવા મોક્ષપ્રાપ્તિ માટે સંયમનો સ્વીકાર કર્યો અને જ્ઞાન, ધ્યાન, તપશ્ચર્યા વગેરે મોક્ષસાધક યોગોમાં આત્માને હજારો વર્ષો પર્યંત ઝુકાવી દીધો એમ છતાં મોહનીય કર્મની પ્રબલતાના કારણે આત્માને તે ભવમાં વીતરાગભાવ પ્રાપ્ત ન થયો. કોઈપણ આત્મા મોક્ષની પ્રાપ્તિ માટે સંયમ ગ્રહણ કરે પરંતુ તે જ ભવમાં તે સંયમી આત્માને મોક્ષ પ્રાપ્ત થાય જ એવો એકાંત નિયમ નથી. મોહનીય કર્મની અત્યંત લઘુતા હોય અને સંયમ ગ્રહણ કરે, અથવા મોહની મર્યાદિત પ્રબલતા હોવા છતાં સંયમ ગ્રહણ કર્યા બાદ અનુકુળ પુરુષાર્થનું જોર વધુ પ્રમાણમાં હોય તો તે

આત્મા તેજ ભવમાં મુક્તિનો અધિકારી બને છે પણ સંયમ ગ્રહણ કરવા છતાં મોહનો સર્વથા અભાવ થાય તેવો પુરુષાર્થ ન પ્રગટે અને તે દરમ્યાન આયુષ્ય પૂર્ણ થાય તો તે આત્મા મોક્ષની નજીક જરૂર આવે છે, અને તે આત્માને મોક્ષપ્રાપ્તિ થતા સુધીમાં વચ્ચે એક બે યાવત્ સાત આઠ ભવ સુધી સ્વર્ગલોક તેમજ મનુષ્યલોકમાં જન્મ લેવો પડે છે.

આપણા પ્રિયમિત્ર રાજર્ષિ માટે પણ આજ પરિસ્થિતિ છે. હવે એમનું પ્રયાણ મોક્ષના પવિત્ર પંથે શરૂ થઈચૂક્યું છે, એમ છતાં પૂર્વસંચિત કર્મની વિષમતા હોવાથી તેમજ પંથ લાંબો અને તેટલા પ્રમાણમાં પ્રબલ પુરુષાર્થનો અભાવ વગેરે કારણે હજારો લાખો વર્ષો પર્યંત તપ–સંયમની આરાધના છતાં સરાગસંયમની અવસ્થામાં જ આયુષ્યનો બંધ અને એજ અવસ્થામાં વર્તમાન આયુષ્યની સમાપ્તિ થવાથી શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો આત્મા ચોવીશમા ભવે વૈમાનિક નિકાયના બાર દેવલોક પૈકી સાતમા શુક્ર નામે દેવલોકમાં મહર્દ્ધિક દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

## દેવો દેવલોકમાં કેવી રીતે ઉત્પન્ન થાય ?

દેવલોકમાં દેવોને ઉત્પન્ન થવા માટે પ્રત્યેક વિમાનોમાં ઉપપાત શય્યા હોય છે. આ ઉપપાત શય્યા સુગંધી અને સુકોમળ પુષ્પોની અહિંની શય્યા કરતાં પણ અત્યંત સુકોમળ અને સુવાસિત હોય છે. આ ઉપપાત શય્યા ઉપર એક દેવદૂષ્ય મુલાયમ વસ્ત્ર હોય છે. આ શય્યા અને દેવદૂષ્ય વસ્ત્રના વચલા વિભાગમાં દેવ અથવા દેવી ઉત્પન્ન થાય

છે. ગર્ભાશયમાં ઉત્પન્ન થનાર મનુષ્ય અથવા તિર્યંચને પોતાના શરીરની વૃદ્ધિ થવામાં જેમ વિલંબ થાય છે તે પ્રમાણે દેવના શરીરની વૃદ્ધિ થવામાં વિલંબ લાગતો નથી. આ ઉપપાત શય્યામાં ઉત્પન્ન થનાર દેવનો આત્મા ઉત્પત્તિના પ્રથમ સમયથી વૈક્રિય શરીર યોગ્ય આહારના પુદ્ગલોને ગ્રહણ કરે છે અને અંતર્મુહૂર્ત દરમ્યાન જે દેવલોક પરત્વે જેટલું શરીર હોવું જોઈએ તેવડું અતિશય સુંદર શરીર તૈયાર થઈ જાય છે તેમ જ નિદ્રામાં પોઢેલો મનુષ્ય આળસ મરડીને બેઠો થાય તે પ્રમાણે શરીર તૈયાર થયા બાદ આ દેવ પણ દેવદૂષ્ય વસ્ત્રને દૂર કરીને ઉપપાત શય્યામાંથી બેઠો થાય છે અને તુરત જ સ્વર્ગીય સુખનો ભોગવટો શરૂ થાય છે.

## દેવલોકમાં ઉત્પન્ન થનાર દેવોને મતિ, શ્રુત અને અવધિજ્ઞાન

દેવલોકમાં ઉત્પન્ન થનાર કોઇપણ દેવને ઉત્પત્તિના પ્રારંભકાળથી જ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની સાથે તે તે દેવલોકના નિયમ પ્રમાણે અવધિજ્ઞાન પણ અવશ્ય હોય છે. ઉત્પન્ન થનાર દેવ સમ્યગ્દૃષ્ટિ હોય તો અવધિજ્ઞાનને અવધિજ્ઞાન તરીકે ગણવામાં આવે છે અને એ સમ્યગ્દૃષ્ટિ દેવ પોતાના એ અવધિજ્ઞાનનો જિનેશ્વર દેવનાં કલ્યાણકો વગેરે ઉત્તમ પ્રસંગે ભક્તિ કરવા દ્વારા સદુપયોગ કરે છે. જે દેવો મિથ્યાદૃષ્ટિ છે તે દેવોને પણ અવધિજ્ઞાન તો હોય છે પણ તેને વિભંગજ્ઞાન તરીકે સંબોધવામાં આવે છે અને

સાથે અન્ય સર્વ કળાઓનું નંદનકુમારને શિક્ષણ આપવામાં આવ્યું.

## આરાધનાની સફળતા

જે વ્યકિતએ પોતાના વર્તમાન જીવનમાં દેવ-ગુરુ અને ધર્મની આરાધના કરી છે, અને એ આરાધનાના ફળ સ્વરૂપે દર્શનમોહ, ચારિત્રમોહ એ ઉભયકર્મની મંદતા સાથે જ્ઞાનાવરણ વગેરે અન્યકર્મોની પણ લઘુતા કરેલ છે તે આત્મા આયુષ્ય પૂર્ણ થયા બાદ પ્રાયઃ સદ્દગતિમાં જ ઉત્પન્ન થાય છે અને જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં ઘણા ભાગે તે આત્માને પુનઃ વિશિષ્ટ આરાધનાની જોગવાઇ પ્રાપ્ત થાય છે. વર્તમાનજીવનમાં દેવ-ગુરુ-ધર્મની આરાધનાનો યોગ મળવા અગાઉ દુર્ગતિનું આયુષ્ય બંધાઇ ગયું હોય તો આયુષ્યનાં બંધકાળ પછીના વર્તમાન જીવનમાં કરેલી આરાધના નિષ્ફળ નથી જતી. નરક જેવી દુર્ગતિનું આયુષ્ય બંધાઇ ગયું હોય અને પછી આત્મા આરાધનામાં જોડાવા સાથે દર્શન-મોહનીય કર્મના ઉપશમ-ક્ષયોપશમના કારણે સમ્યગ્દર્શન વર્તમાન જીવનમાં પ્રાપ્ત કરે, તેમજ આગામી ભવનું નરકગતિનું આયુષ્ય બંધાઈ ગયેલું હોવાથી વર્તમાન આયુષ્ય પૂર્ણ થવામાં એક અંતર્મુહૂર્ત જ્યારે બાકી રહે ત્યારે તે આત્મા (જો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ન હોય અને ક્ષયોપશમ સમ્યગ્દર્શન હોય તો) સમ્યગ્દર્શનને વમી મિથ્યાદર્શન પ્રાપ્ત કરે છે અર્થાત્ પ્રથમ ગુણસ્થાનકે આવે (જો ક્ષાયિક સમકિત હોય તો સમકિત કાયમ રહે પણ અશુભ લેશ્યા પ્રાપ્ત

સ્વર્ગીય સુખોના રંગ-રાગમાં એ જ્ઞાનનો ઉપયોગ કરવા દ્વારા એ આત્મા વિશિષ્ટ કર્મબંધનનો અધિકારી બને છે.

## ભગવંતના આત્મામાં ત્રણ જ્ઞાનની વિશેષતા

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો આત્મા શુક્ર દેવલોકમાં ઉત્પન્ન થયેલ છે. ભગવંતનો આત્મા સમ્યગ્દૃષ્ટિ છે. એટલું જ નહિ પણ એ દેવલોકમાં વર્તતા અન્યદેવોના મતિ-શ્રુત અને અવધિજ્ઞાનથી ભગવંતના આત્માનું મતિ-શ્રુત તેમજ અવધિજ્ઞાન વિશિષ્ટ કોટિનું તેમજ ઘણું નિર્મળ છે. જે આત્મા પૂર્વભવમાં રત્નત્રયીની આરાધના કરીને સંયમમાં વર્ત્તતા સરાગ ભાવને કારણે દેવગતિ, દેવાયુષ્યનો બંધ કરી સ્વર્ગલોકમાં ઉત્પન્ન થાય છે તે દેવના આત્મામાં મોહની અલ્પતા હોવાથી મતિ, શ્રુત અને અવધિજ્ઞાન પણ અત્યંત નિર્મળતાવાળા હોય છે.

## દેવલોકમાં વર્તતા સમ્યગ્દૃષ્ટિ દેવોનું અંતરંગ જીવન

દેવલોકમાં વર્તતા દેવો દેવના ભવપરત્વે અવિરતિના ઉદયવાળા હોય છે, સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવોને ઉપર જણાવ્યા પ્રમાણે તેત્રીસ હજાર વર્ષો પસાર થયા બાદ આહારની અભિલાષા અને લોમઆહાર ગ્રહણ કરવાનું થાય એમ છતાં નવકારશી, પોરસી યાવત્ એક ઉપવાસ વગેરે તપશ્ચર્યા અને અન્ય વ્રત પચ્ચક્ખાણ જે રીતે મનુષ્યજીવનમાં મુમુક્ષુ આત્માને થઈ શકે છે તે રીતે એ દેવોને દેશથી કે સર્વથી વિરતિની આરાધનાનો અભાવ હોય છે પરંતુ સમ્યગ્દર્શન અને જ્ઞાનની નિર્મળતા હોવાનાં

કારણે વિરતિ તરફનું બહુમાન તેમજ અભિરુચિ ઘણી ઉચ્ચકોટિની પ્રવર્તે છે. ઈન્દ્રાદિ સમ્યગ્દૃષ્ટિ દેવો જ્યારે પોતાના સિંહાસન ઉપર બિરાજમાન થાય છે તે અવસરે વિરતિને પ્રણામ કરીને ઇંદ્રસભામાં બેસે, 'મેરે પ્યારે એ વ્રત જગમાં દીવો' આ કથન પ્રમાણે મનુષ્યલોકમાં વર્તતા બ્રહ્મચર્ય વગેરે વિરતિવંત આત્માઓને નમસ્કાર કરીને પછી સિંહાસન ઉપર બેસે છે. ઉપરાંત ભોગોપભોગની સર્વાંગ-સુંદર સામગ્રી છતાં એ દિવ્ય સામગ્રીના ભોગોપભોગમાં એ દેવોને આનંદના સ્થાને ઉદાસીનતા હોય છે. પરિણામે મોહનીય કર્મના સ્થિતિબંધ તથા રસબંધની અને તેની પાછળ અન્ય કર્મોના સ્થિતિબંધાદિકની તીવ્રતા થવાનો પ્રસંગ નથી આવતો. આ કારણે જ દેવલોકનું આયુષ્ય પૂર્ણ થયા બાદ એ સમ્યગ્દૃષ્ટિ દેવનો આત્મા જ્યાં વીત-રાગ પ્રભુના શાસનનો અનુકુલ યોગ હોય એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ તેમ જ ભાવને ભવાંતરમાં અવશ્ય પ્રાપ્ત કરે છે.

આપણા શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના આત્માની પણ આજ પરિસ્થિતિ છે. અને શુક્ર નામના દેવલોકમાં સત્તર સાગરોપમનું આયુષ્ય પૂર્ણ થયા બાદ પચીશમા ભવે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં છત્રા નામની નગરીમાં જિત-શત્રુ રાજાની ભદ્રા રાણીની કુક્ષિમાં ગર્ભપણે અવતર્યા છે. ગર્ભકાળ-પરિપૂર્ણ થયા બાદ યોગ્ય સમયે સર્વલક્ષણ-સંપન્ન પુત્ર-રત્નનો જન્મ થયો. માતા પિતાએ પુત્રનું નંદ-નકુમાર નામ સ્થાપન કર્યું. બીજના ચંદ્રની માફક પુત્ર-રત્નની ક્રમશઃ વૃદ્ધિ થવા લાગી અને યોગ્ય વયે ધર્મકળા

થાય) અને પછી જ નરકગતિમાં આત્મા ઉત્પન્ન થાય, એમ છતાં વર્તમાન ભવમાં દેવ–ગુરુ–ધર્મની આરાધના કરવા દ્વારા મોહનીય કર્મની જે લઘુતા કરેલ છે. તેના કારણે નરકગતિમાં ઉત્પન્ન થયા બાદ અંતર્મુહૂર્ત પછી અથવા યોગ્ય સમયે એ આત્મા નારકીના ભવમાં પુનઃ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે અને એ સમ્યગ્દર્શનના સહયોગથી નરકગતિને લાયક જે આરાધના શક્ય હોય તે આરાધનાનો તે આત્મા લાભ પ્રાપ્ત કરે છે.

## આરાધનાની સફળતા નરકગતિમાં કેવી રીતે ?

અહીં સહજ પ્રશ્ન થાય કે–નરકગતિમાં દેવ નથી, ગુરુ નથી અને સામાયિક વગેરે છ આવશ્યકમય ધર્મ નથી, તો ત્યાં સમ્યગ્દર્શન હોવા છતાં આરાધનાનો લાભ કેવી રીતે પ્રાપ્ત થાય ? આ પ્રશ્નના સમાધાનમાં એમ સમજવું જોઇએ કે–ભલે નરકગતિમાં દેવ–ગુરુ અને છ આવશ્યકમય ધર્મ નથી પણ દેવ–ગુરુ અને છ આવશ્યકમય સાધનોની હાજરીમાં આરાધનાનું વાસ્તવિક સ્થાન આપણા આત્મામાં જ છે. દેવ–ગુરુ અને આવશ્યકમય ધર્મ વગેરે સાધનોની હાજરી હોય અને આત્મા આરાધક હોવા સાથે આરાધનામાં વિશિષ્ટ વીર્યોલ્લાસ પ્રગટ કરે તો માનવજીવનમાં યાવત્ સકલકર્મનો ક્ષય થવા પૂર્વક નિર્વાણપદને પણ પામે. નરકગતિમાં એ નિર્વાણપદની શક્યતા યોગ્ય આરાધના નથી, એ વાત જેમ બરાબર છે તેમ સર્વથા આરાધના ન જ હોય એ પણ બરાબર નથી.

## નારકીના જીવોને ભયંકર વેદનાના ભોગવટામાં પણ સમભાવ એ આરાધના છે.

આરાધનાના બાહ્ય પ્રકારો યદ્યપિ અનેક છે, એમ છતાં અંતરદૃષ્ટિએ આરાધનાનો વિચાર કરવામાં આવે તો 'દર્શનમોહ, ચારિત્રમોહનો તીવ્ર બંધ ન થાય અને એની સાથે બીજા જ્ઞાનાવરણાદિ કર્મોની પણ દીર્ઘસ્થિતિ ન બંધાય એ માટે આત્મામાં વર્તતી ઉપયોગની જાગૃતિ' એ વાસ્તવિક અંતરંગ આરાધના છે, જીવનમાં રૌદ્રધ્યાનથી બચવું હજુ શક્ય છે પણ આર્ત્તધ્યાનથી બચવું ઘણું આકરૂં છે. બાહ્યદૃષ્ટિએ જરા અનુકૂળ સંજોગો મળ્યા એટલે આપણે રાજી રાજી અને થોડા પ્રતિકૂળ સંજોગો મળ્યા એટલે નારાજી, આ રાજીપો અને નારાજી એટલે એક પ્રકારનું આર્ત્તધ્યાન જ છે. તે તે કર્મના ઔદયિક ભાવોની અનુકૂળતા – પ્રતિકૂળતાના પ્રસંગે, હર્ષ – શોકના કારણે આર્ત્તધ્યાન ચાલુ હોય છે. અને એ આર્ત્તધ્યાનના પ્રધાન કારણે જ આ સંસાર કાયમ રહ્યો છે. ભલે આત્મા નરકગતિમાં હોય અને ત્યાં અનેક પ્રકારે ત્રિવિધ યાતનાનો ભોગવટો ચાલુ હોય એમ છતાં એ નારકીનો આત્મા જો સમકિતવંત હોય તો ભયંકર યાતનાના ભોગવટા પ્રસંગે તે આત્મા હાય હાય, વોય વોય વગેરે બુમબરાડા નથી પાડતો, તેમજ આક્રંદ નથી કરતો પણ પોતાના આત્માને સમજાવે છે કે–"ચેતન ! મનુષ્ય અથવા તિર્યંચના ભવમાં ક્ષણિક એવા બાહ્ય સુખને

માટે અજ્ઞાન દશામાં આચરેલા હિંસા, અસત્ય વગેરે ઉગ્ર પાપોનું આ ફળ છે માટે સમભાવે સહન કરવા તૈયાર રહે, આક્રંદ કરીશ તો પણ આ વેદનાઓ તો સહન કરવી જ પડશે. વધારામા નવું અશુભ કર્મ બંધાશે, અને સમભાવે સહનશીલતા રાખીશ તો ઉદયમાં આવેલ અશુભ કર્મની નિર્જરા થશે અને નવા અશુભ કર્મના બંધનમાંથી લગભગ બચી જવાશે." આ પ્રમાણે અત્યંત વેદનાના પ્રસંગમાં પણ સમભાવ ટકવો એમાં મુખ્ય કારણ એ નારકીનાં અંતરાત્મામાં વર્તતો સમ્યગ્દર્શનનો પ્રકાશ છે અને આવો સમભાવ એ જ સમકિતવંત નારક જીવોને મોટામાં મોટી આરાધના છે. આવી આરાધનાના કારણે જ પહેલી-બીજી-ત્રીજી યાવત્ ચોથી નરકમાંથી ચ્યવીને મનુષ્યભવ પામેલા આત્માઓ તે જ ભવમાં સકલ કર્મનો ક્ષય કરી નિર્વાણ પદના પણ અધિકારી બની શકે છે.

## એકવાર પણ આરાધક ભાવ પ્રગટ થાય તો સંસાર પરિમિત બને

જીવનમાં વિરાધક ભાવના સાધનો તો પ્રત્યેક ભવમાં મળે છે પણ આરાધક ભાવનાં સાધનો મળવાં અત્યંત દુર્લભ છે. આરાધક ભાવના સાધનો મળ્યા બાદ આરાધનામાં જોડાવું એ એનાથી પણ દુર્લભ છે અને આરાધનામાં જોડાયા બાદ સમ્યગ્દર્શન વગેરે આરાધક ભાવ પ્રગટ થવો તે તો અતિશય દુષ્કર છે. એકવાર જો એ આરાધક ભાગ પ્રગટ થઈ જાય તો એ આત્માનો સંસાર અર્ધ પુદ્-

ગલ પરાવર્તકાળથી પણ ઓછો બની જાય છે અને આરાધક ભાવનો પ્રવાહ કિંવા પરંપરા ચાલ્યા કરે તો એ આત્માને નિર્વાણપદની પ્રાપ્તિ હાથ-વેંતમાં હોય છે.

## બાવીશીમા ભવથી આરાધક ભાવની પરંપરા

આપણા નંદનકુમાર પણ બાવીશમા વિમલ રાજાના ભવથી આરાધક ભાવની પરંપરાવાળા છે. ત્રેવીશમા ભવે પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થયા. છ ખંડનું ઐશ્વર્ય મળ્યું એમ છતાં અવસરે છ ખંડનાં ઐશ્વર્યને તિલાંજલિ આપી મહાત્યાગી મુનિવર બન્યા અને આરાધક ભાવોનો વિશિષ્ટ પ્રવાહ ચાલુ રહ્યો. ચોવીશમા ભવે શુક્ર નામે સાતમા દેવલોકમાં સત્તર સાગરોપમના આયુષ્યવાળા મહર્દ્ધિક દેવ થયા. છતાં એ શુભકર્મનાં ઔદયિક ભાવોમાં અનાસક્ત રહી આરાધકભાવને ટકાવી રાખ્યો હવે પચ્ચીશમા નંદનકુમારના ભવે એ આરાધક ભાવ કેટલી ઉચ્ચકક્ષાએ પહોંચે છે ? તે બાબત આપણે ખાસ ધ્યાનમાં લેવાની છે.

## ઉચ્ચકુલનો વાસ્તવિક ભાવાર્થ

જેમને ત્યાં નંદનકુમારનો જન્મ થયો હતો એ રાજા-રાણી બન્ને આરાધક આત્માઓ હતા. કર્મગ્રંથાદિ શાસ્ત્રોમાં ક્ષત્રિય વગેરે કુળોને ઉચ્ચકુળ ગણવામાં આવેલ છે અને એવા ઉચ્ચ કુલની પ્રાપ્તિ ગતજન્મમાં સંચિત કરેલા ઉચ્ચગોત્રકર્મના પ્રભાવે થાય છે, પરંતુ એ તો વ્યવહાર-નયની અપેક્ષાએ છે. નિશ્ચયનયની અપેક્ષાએ તો એવા ક્ષત્રિયકુલ વગેરે ઉચ્ચ ગણાતા કુળમાં જન્મ પ્રાપ્ત થયા

બાદ માતા-પિતા વગેરે સ્વજન વર્ગ ધર્મ-પરાયણ હોય અને તેમના તરફથી જન્મ પ્રાપ્ત કરનાર બાળકને ગર્ભાવાસમાંથી જ આરાધનાના સંસ્કાર સારી રીતે મળતા રહે તો જ તે ઉચ્ચકુલ કિંવા ઉચ્ચ ગોત્ર છે. ક્ષત્રિય કુળ જેવા ઉચ્ચ ગણાતા કુળમાં જન્મ લીધા બાદ જીવોને અભયદાન આપવાનું તેમજ અનેકવિધ યાતનાઓથી રીબાતા અનાથ પશુ-પક્ષીઓને તથા દીન-દુઃખી માનવોને રક્ષણ અને રાહત આપવાનું વાતાવરણ હોવાને બદલે નિરપરાધી પ્રાણીઓના શીકાર વગેરે કરવાનું વાતાવરણ હોય તો સામાન્ય રીતે વ્યવહાર પૂરતું ઉચ્ચ કુલ ગણવામાં આવે પરંતુ વાસ્તવિક રીતે ઉચ્ચ-કુલ ન ગણાય જે કુલમાં અહિંસા, સત્ય, અચૌર્ય, શીલ, સંતોષ અને ક્ષમાદિ ગુણોનું વાતાવરણ હોય તે જ સાચી રીતે ઉચ્ચકુલ તરીકે ગણી શકાય.

## નંદનકુમારને પિતા તરફથી રાજયગાદીનું સમર્પણ અને પિતાજીની દીક્ષા

આપણા નંદનકુમારના માતા ભદ્રારાણી અને પિતા જિતશત્રુ અનેક દેશોના રાજવી છતાં એ બન્નેના દિલમાં અહિંસા વગેરે મંગલમય ધર્મનું વાતાવરણ હતું અને એથી જ નંદનકુમાર જયારે યોગ્ય વયે પહોંચ્યા એટલે રાજયની ધુરા એ નંદનકુમારને સમર્પણ કરી આત્માના કલ્યાણ માટે જિતશત્રુ રાજાએ યોગ્ય ગુરુદેવ પાસે સંયમનો સ્વીકાર કર્યો. નંદનકુમાર હવે રાજા થયા. એમ છતાં રાજ્યનો

કારભાર ચલાવવામાં ન્યાયનીતિનું સંપૂર્ણપણે પાલન કરવા લાગ્યા. મારા રાજ્યની સમસ્ત પ્રજામાં કોઈપણ પ્રજાને યત્ કિંચિત્ દુઃખનો પ્રારંભ પ્રાપ્ત થાય તો પ્રજાપાલ તરીકેના નંદનરાજાના હૈયામાં એ પોતાનું દુઃખ છે એ માન્યતા હોવાથી દુઃખી પ્રજાજનના દુઃખોનું નિવારણ કરવામાં રાજા સદાય સાવધાન હતા. પોતાના સમગ્ર રાજ્યમાં ચોરી–જારી, હિંસા વગેરે પાપોનું કોઈપણ આચરણ ન કરે તે માટે નંદનરાજાના બધાય પ્રયાસો ચાલુ રહેતા અને એ પ્રયાસોમાં ધર્મપરાયણ રાજવીને યથોચિત સફળતા પણ પ્રાપ્ત થતી હતી તે ઉપરાંત ગૃહસ્થને ઉચિત અર્થ અને કામ પુરુષાર્થના સેવનમાં ધર્મપુરુષાર્થને બાધા ન પહોંચે તે માટે આપણા નંદન નૃપતિના હૈયામાં હરહંમેશ જાગૃતિ રહેતી હતી.

## નંદન રાજાની દીક્ષા

નંદન રાજાનું આયુષ્ય પચીશ લાખ વર્ષનું હતું. તે પૈકી ચોવીશ લાખ વર્ષો પર્યંત એ નંદન રાજા ગૃહસ્થાશ્રમમાં રહ્યા, એક લાખ વર્ષનું આયુષ્ય જ્યારે બાકી રહ્યું ત્યારે એ ક્ષેત્રમાં વિચરતા પોટ્ટિલાચાર્ય ભગવંત પાસે નંદનરાજાએ સંયમ ગ્રહણ કર્યું. નંદન રાજાને પોતાના પ્રબલ પુણ્યોદયથી માનવ જન્મ, નીરોગી શરીર, દીર્ઘ આયુષ્ય અને રાજ્યવૈભવના કારણે ભોગોપભોગની સુંદર સામગ્રી મળી હતી, એમ છતાં એ રાજવીનું પુણ્ય પુણ્યાનુબંધી પુણ્ય હોવાથી ભોગોપભોગની પ્રવૃત્તિમાં એમને આનંદ ન હતો. એ રાજવીના અંતર-

આમાં સમ્યગ્દર્શનનો દીવડો ઝગમગતો હોવાથી આ ભોગોપભોગની પ્રવૃત્તિનો ત્યાગ કરી નિજગુણની રમણતામાં અસાધારણ કારણસ્વરૂપ સંયમ ગ્રહણ કરવાનો અને જ્ઞાન, ધ્યાન તેમજ તપના તેજ વડે પરમાત્મદશાને પ્રાપ્ત કરવાની તાલાવેલી હતી, તેથી જ વિશાળ એવા રાજ્યનો ત્યાગ કરી સંયમ ગ્રહણ કરવા સાથે નંદન રાજવી આત્મકલ્યાણનાં પવિત્ર પંથે ચાલી નીકળ્યા.

## દીક્ષા ગ્રહણ કર્યા બાદ સંયમ, તપ અને જ્ઞાનયોગનો ત્રિવેણી સંગમ

ચારિત્ર ગ્રહણ કરવું એ જેમ દુષ્કર છે તેમ ચારિત્ર ગ્રહણ કર્યા પછી તપ-સંયમમાં દિન-પ્રતિદિન વૃદ્ધિ થવી એ એથી પણ વધુ દુષ્કર છે. નંદનરાજા હવે નંદનરાજર્ષિ બન્યા પણ જે દિવસે ચારિત્ર ગ્રહણ કર્યું તે જ દિવસે ગુરુદેવની પાસે અભિગ્રહ ધારણ કર્યો કેઃ **આજથી જીવન પર્યંત માસખમણના પારણે માસખમણ તપશ્ચર્યા ચાલુ રાખવી"** આ અભિગ્રહનું અખંડપણે જીવન પર્યંત પાલન કરવાથી મહાન તપસ્વી પણ બન્યા. અને આટલી તપશ્ચર્યા હોવા છતાં જ્ઞાનાભ્યાસમાં ઉજમાળ રહેવાના કારણે અગીઆર અંગના પારંગત થવાથી સમર્થ જ્ઞાની પણ થયા. એકબાજુથી સંયમ, બીજી બાજુથી ઉગ્ર તપશ્ચર્યા અને ત્રીજી બાજુથી શાસ્ત્રનો સુંદર અભ્યાસ એમ ત્રિવેણી સંગમ થવાથી નંદન રાજર્ષિનું આત્મતેજ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યું.

## ભાવદયાની પ્રધાનતા તેમજ વિંશતી-સ્થાનકની આરાધનાનો પ્રારંભ

નંદન રાજર્ષિ પોતાના આત્મકલ્યાણ માટે તો જ્ઞાન-ધ્યાન તેમજ તપ, સંયમમાં ત્રિકરણયોગે ઝુકી પડયા. પરંતુ પોતાના આત્મકલ્યાણ માત્રથી તેમને સંતોષ થાય તેમ ન હતું. એ મહર્ષિનાં અંતરાત્મામાં વિશ્વવર્તિ સર્વ જીવોના કલ્યાણમાર્ગમાં નિમિત્તભૂત ધર્મતીર્થની સ્થાપના માટે યોગ્યતા વિદ્યમાન હતી અને એ યોગ્યતા પરિપક્વ થવાનો સમય નજીક આવી પહોંચ્યો હતો. જન્મ-જરા-મરણ-આધિ, વ્યાધિ, ઉપાધિ રોગ, શોક, સંતાપ વગેરે વિવિધ દુઃખોથી સંસારનાં સર્વ જીવો ઘેરાયેલા જાણીને આપણા નંદન મહર્ષિના મનોમંદિરમાં દ્રવ્ય અનુકંપા સાથે ભાવ-અનુકંપાનો પ્રવાહ અસ્ખલિતપણે શરુ થયો હતો. 'મારે જીવનમાં ગમે તેટલી તપસ્યા કરવી પડે અને પરિસહ ઉપસર્ગોની ફોજ સામે ઝઝુમવું પડે તેની મને પરવા નથી, દિવસ અને રાત્રિના જાગરણ કરવા પડે તેની પણ મને પરવા નથી, એ બધું કષ્ટ સહન કરવાના ભોગે પણ વિશ્વના સર્વ જીવો જો વિશુદ્ધ ધર્મના આરાધક બની જન્મ, જરા, મરણ, વગેરે સકલ દુઃખોથી રહિત થાય તો જ મારૂં જીવન સફલ છે.' આવી વિશ્વકલ્યાણની સર્વોત્કૃષ્ટ લોકોત્તર ભાવદયાની પરંપરા આપણા નંદન રાજર્ષિના અસંખ્ય આત્મપ્રદેશોમાં નિરંતર ચાલુ હતી અને એ મહર્ષિએ માસખમણને પારણે માસખમણનો જીવન પર્યંત જે અભિગ્રહ ધારણ કર્યો હતો તેની સાથે વિંશતિ સ્થાનક તપની આરાધનાનો પણ મંગલમય પ્રારંભ કર્યો.

## [૧૭]

## શ્રી નંદનમુનિવરની વિંશતિસ્થાનકની આરાધના અને વિંશતિસ્થાનકના એક એક પદનું સ્વરૂપ

સામાન્ય રીતે વિચારીએ તો તીર્થંકર નામકર્મના બંધનું કારણ શ્રી વિંશતિસ્થાનક તપની આરાધના છે. પણ વિશિષ્ટપણે વિચારીએ તો વિંશતિસ્થાનકની આરાધના સાથે ભાવદયાની પ્રધાનતા એ જ તીર્થંકર નામકર્મના બંધનો મુખ્ય હેતુ છે. વિંશતિસ્થાનકના વીશ પદોમાં પ્રથમ શ્રી અરિહંત પદ છે. અરિહંત પદની સાથે ભાવદયાનો અનન્ય સંબંધ છે. ભાવદયાની પરકાષ્ઠાના કારણે જ અરિહંત પદની પ્રાપ્તિ થાય છે અથવા ભાવદયાની પ્રધાનતા એ કારણ છે અને અરિહંત પદ એ કાર્ય છે. અરિહંત પદ સિવાયના બાકીના ઓગણીશ પદોનું ઉત્પત્તિ સ્થાન પણ અરિહંત પદ છે. તે ઉપરાંત એ ઓગણીશેય પદોનું જે રીતે ઊંડાણથી ચિંતન મનન કરવું જોઈએ તે રીતે કરવામાં આવે તો તે સર્વ પદો પણ ભાવદયાની પ્રધાનતાથી સંકળાયેલા છે. એમ છે તો જ વીશેય પદોની અથવા વીશમાંથી કોઈ પણ એક અથવા બે પદની ત્રિકરણ યોગે આરાધના કરનાર મહાનુભાવ તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કરી ત્રીજે ભવે અરિહંત પદ પ્રાપ્ત કરે છે. શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના આત્માએ પોતાના સ્થૂલ સત્તાવીશ ભવો પૈકી પચી-

શમા નંદનમુનિના ભવમાં વિંશતિસ્થાનકની જે આરાધના કરી છે એ વિશેષ પદોનો અને સાથે સાથે તે પ્રત્યેક પદોની સાથે સંકળાયેલ ભાવદયાની પ્રધાનતાનો અહિં સંક્ષેપમાં પરામર્શ કરવામાં આવે તો તે અવસરોચિત છે.

## વિંશતિસ્થાનકમાં પ્રથમ શ્રી અરિહંત પદ

અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, વચનાતિશય અને પૂજાતિશય એ ચાર મુખ્ય અતિશયો ઉપરાંત અશોક વૃક્ષ વગેરે અષ્ટમહાપ્રાતિહાર્યથી વિભૂષિત વર્તમાનમાં જે કોઈ વિચરતા તીર્થંકર હોય તેઓને અરિહંત કહેવાય છે. અરિહંત પદના ઉચ્ચારણમાં ત્રણેય કાળના તેમ જ પંદર કર્મભૂમિના સર્વ તીર્થંકરોનો સમાવેશ થાય છે.

અરિહંત ભગવંત પોતાના અંતરાત્મામાં વર્ત્તતા રાગદ્વેષ વગેરે અપાયો (દોષો)નો સંયમની સાધના વડે સર્વથા ક્ષય કરે છે. પરંતુ પોતાના એ અપાયોનો સર્વથા અપગમ (વિનાશ) થયા બાદ કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રથમ સમવસરણના પ્રસંગે જ એક એવું લોકોત્તર ધર્મતીર્થ સ્થાપે છે કે જે કોઈ મહાનુભાવ ભવ્યાત્માએ તીર્થનું જે રીતે શરણ સ્વીકારવું જોઈએ તે રીતે અભેદપણે શરણ સ્વીકારે તો તે ભવ્યાત્માના રાગદ્વેષાદિ અપાયો (દોષો)નો અપગમ-વિનાશ અવશ્ય થાય છે. એ અપેક્ષાએ જ અપાયાપગમાતિશયમાં વર્ત્તતા 'અતિશય' પદની સફળતા છે. તે ઉપરાંત એ અરિહંત પરમાત્માએ પ્રવર્ત્તાવેલા ધર્મતીર્થનું અવલંબન લીધા બાદ પોતાના આત્મકલ્યાણની ભાવના સાથે વિશ્વવર્તિ

સર્વ જીવોનાં આત્મકલ્યાણની સર્વોત્કૃષ્ટ ભાવના પ્રગટ થાય તો એ ભવ્યાત્મા તીર્થંકર નામગોત્રનો પણ બંધ કરે છે, અને ભાવિકાલે અરિહંત પદ પામે છે. **વિશ્વમાં અરિહંત ભગવંત જેવા બીજા કોઇ પરમોપકારી નથી.**

આ અખિલ વિશ્વમાં અરિહંત ભગવંત જેવા કોઇ બીજા પરમોપકારી મહાપુરુષ નથી. અનંત કાળથી સંસાર અટવીમાં ઘોર અજ્ઞાન અંધકારના કારણે રખડતા-રઝળતા અને વિવિધ પ્રકારના ભયંકર દુઃખો ભોગવતા ભવ્યજીવોના આત્મમંદિરમાં જ્ઞાન અને ચારિત્રનો દિવ્ય પ્રકાશ પ્રગટાવી સાદિ અનંત ભાગે અક્ષય અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરાવનાર કોઇ પણ હોય તો વિશ્વવંદનીય અરિહંત ભગવંતે પ્રવર્ત્તાવેલ ધર્મતીર્થ જ છે આ અખિલ વિશ્વમાં જો એક અરિહંત ભગવાન અને તેઓએ પ્રવર્ત્તાવેલ ધર્મતીર્થનો અભાવ હોત તો આ વિશ્વની તેમજ વિશ્વવર્તિ જીવોની શું સ્થિતિ હોત! એ કલ્પના કરવી પણ ઘણી મુશ્કેલ છે.

અરિહંત પરમાત્મા મહામાહણ છે; અરિહંત ભગવાન મહાનિર્યામક છે, અરિહંત ભગવંત મહાગોપ છે અને એ દેવાધિદેવ અરિહંત પ્રભુ મહાન્ સાર્થવાહ પણ છે. કોઇ પણ અરિહંત ભગવાન અરિહંત પરમાત્માની તેમજ તેમણે પ્રવર્ત્તાવેલ ધર્મતીર્થની અસાધારણ ભક્તિના કારણે જ અરિહંત થાય છે. સિદ્ધપદ, આચાર્યપદ, ઉપાધ્યાયપદ તેમજ સાધુપદ એ બધાયનું મૂલ અરિહંત ભગવાન અને અરિહંત પ્રભુએ પ્રવર્ત્તાવેલ ધર્મતીર્થ સિવાય બીજું કોઈ નથી, "ધન્ય છે એ અરિહંત ભગવંતને કે જેઓએ વિશ્વના સર્વ જીવોની

શાંતિ માટે આવું લોકોત્તર ધર્મતીર્થ પ્રવર્ત્તાવ્યું. મારો એવો ભાગ્યોદય ક્યારે જાગે કે હું પણ સર્વોત્કૃષ્ટ તપ-સંયમની આરાધના કરવા સાથે 'સવિ જીવ કરું શાસન રસી' આ ભાવદયાના પરમ મંત્રનું મારા અસંખ્ય પ્રદેશે સતત ધ્યાન ધરતા ધરતા તીર્થંકર નામ કર્મનો બંધ કરવા પૂર્વક ભવિષ્યમાં તીર્થંકર પદ પ્રાપ્ત કરી ધર્મતીર્થની સ્થાપના વડે જગતના સર્વ જીવોની ઐકાન્તિક અવિચલ શાંતિની પ્રાપ્તિમાં નિમિત્ત બનું." આવી ઉત્તમ ભાવના સતતપણે ભાવનાર આત્મા તીર્થંકર નામકર્મનો બંધ કરે છે. ભગવાન મહાવીરપ્રભુના આત્માએ પચીશમા નંદનમુનિના ભવમાં આવી ઉત્તમોત્તમ ભાવનાના કારણે જ તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કર્યો હતો.

## બીજા સિદ્ધપદની આરાધના

વીશ સ્થાનકના વીશ પદો પૈકી બીજું સિદ્ધપદ છે. આત્માને આત્માના સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ એનું નામ સિદ્ધપદ છે, કોઇપણ સંસારી જીવાત્મામાં આ સિદ્ધ-પર્યાય તિરોભાવે અવશ્ય રહેલો હોય છે. ક્ષાયિકભાવે દર્શન જ્ઞાન અને ચારિત્રની આરાધનાનો યોગ મળતાં તિરોભાવે એ સિદ્ધપર્યાય પ્રગટ થાય છે. એ પર્યાય પ્રગટ થાય એટલે જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, રોગ, સંતાપનો સાદિ અનંત ભાગે અર્થાત્ કાયમ માટે સર્વથા અભાવ થાય છે, અને લોકના અગ્ર ભાગે રહેલા એ સિદ્ધ ભગવંતો ક્ષણે ક્ષણે લોકાલોકના ત્રૈકાલિક ભાવોને જાણવા

જોવા સાથે સ્વરૂપરમણતાનો અવર્ણનીય આનંદ અનુભવે છે. વિશ્વમાં કોઇ એવું સુખ કે એવો આનંદ નથી કે જેની સાથે એ સિદ્ધાવસ્થાના આનંદના અંશની પણ સરખામણી થઇ શકે. "હું આવા સર્વ સિદ્ધ ભગવંતોને ત્રિકરણયોગે વારંવાર વંદના કરું છું, અને મારા આત્માને સિદ્ધપર્યાયની પ્રાપ્તિ સાથે વિશ્વના સર્વ જીવોને પણ આ સિદ્ધપર્યાયની પ્રાપ્તિમાં તપ-સંયમાદિની આરાધના દ્વારા મારે નિમિત્ત બનવું છે." આવી સર્વોત્કૃષ્ટ ભાવના જે મહાનુભાવના આત્મમંદિરમાં ક્ષણે ક્ષણે ચાલુ રહે છે, તે આત્મા અવશ્ય તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કરી ભવિષ્યમાં અરિહંત પદ પ્રાપ્ત કરે છે.

## ત્રીજા પ્રવચન પદની આરાધના

ત્રીજું પ્રવચન પદ છે. ધર્મતીર્થ, ધર્મશાસન અથવા પ્રવચન આ બધાય પર્યાયવાચક એક અર્થ વાળા શબ્દો છે. વિશ્વવર્તિ સર્વભાવોનો અથવા અમુક ભાવોનો યથાયોગ્ય વાસ્તવિક રીતે આત્મામાં બોધ કરનાર દ્વાદશાંગીમય સમ્યક્ શ્રુત અને તે પ્રમાણે આચરણામય સમ્યક્ ચારિત્ર, એ બન્નેનો આ પ્રવચન પદમાં સમાવેશ થાય છે. પ્રવચનપદથી દ્વાદશાંગી તેમજ શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘનું કથન કરવામાં આવે છે. તેની પાછળ આજ પ્રધાન આશય છે, કારણ કે દ્વાદશાંગીરૂપ સમ્યક્ શ્રુતનો આધાર તેમજ તેને અમલમાં મુકનાર શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ જ છે. અરિહંત પદની જમે તેટલી ભક્તિ કરવામાં આવે અને સિદ્ધ પર્યાય

પ્રાપ્ત કરવાની ગમે તેટલી ભાવના રાખવામાં આવે પરંતુ શ્રુતધર્મ (દ્વાદશાંગી) અને ચારિત્ર ધર્મ (ચરણ સિત્તરી-કરણ સિત્તરી) રૂપ પ્રવચન પદની કિંવા ધર્મતીર્થની જીવનમાં જે રીતે આરાધના થવી જોઇએ તે રીતે આરાધના ન થાય તો અરિહંતની ભક્તિ અને સિદ્ધપદની ભાવના છતાં સિદ્ધપદની પ્રાપ્તિ થતી નથી કારણ હોય તો જ કાર્યસિદ્ધિ થાય છે. અરિહંત પદની આરાધના એ સિદ્ધપદનું પરંપર કારણ છે. સિદ્ધપદનું અનંતર કારણ તો ધર્મતીર્થની આરાધના જ છે. શ્રુતધર્મ તેમજ ચારિત્રધર્મરૂપી પ્રવચનપદ (ધર્મતીર્થ)ની આરાધના સિવાય કોઇ પણ આત્માને સિદ્ધપદની પ્રાપ્તિ થઇ નથી. વર્તમાનમાં થતી નથી, અને ભવિષ્યમાં થવાની પણ નથી. અતીર્થ સિદ્ધ તરીકે ગણાતા મરૂદેવા માતા વગેરે મુક્તિગામી આત્માઓને પ્રગટપણે ધર્મતીર્થનું આલંબન ન હોવા છતાં ધર્મતીર્થના અવલંબનથી જે આરાધના થવી જોઇએ તે આરાધના થાય તો જ તે આત્મા મુક્તિ પદનો અધિકારી બને છે, અરિહંત પદની સફલતા સિદ્ધ પદની પ્રાપ્તિમાં છે માટે અરિહંત પદ પછી સિદ્ધપદને સ્થાન અપાયું, પરંતુ સિદ્ધપદની પ્રાપ્તિનું ઉપાદાન (અસાધારણ) કારણ અરિહંતે પ્રવર્ત્તાવેલ ધર્મતીર્થ (પ્રવચન પદ) જ છે. એ કારણે સિદ્ધપદ પછી ત્રીજું સ્થાન પ્રવચન પદને આપવામાં આવેલ છે. અરિહંત વિના જેમ પ્રવચન નથી એ જેમ નિશ્ચિત છે તે પ્રમાણે (પ્રગટપણે કિંવા અપ્રગટપણે) પ્રવચનપદની આરાધના વિના સિદ્ધપદ નથી, એ પણ એટલું જ નિશ્ચિત છે.

આ વાતને આ રીતે સમજવા પૂર્વક વિશ્વના સર્વજીવોને સિદ્ધપદની પ્રાપ્તિ માટે ધર્મતીર્થનાં પ્રવર્તનની સર્વોત્કૃષ્ટ ભાવના સતત ધારણ કરનાર આત્મા પણ તીર્થંકર નામ-કર્મનો અવશ્ય નિકાચિત બંધ કરે છે અને ભાવિકાલે તે આત્મા તીર્થંકરપદ પ્રાપ્ત કરે છે, તેમજ સિદ્ધપદની પ્રાપ્તિનું અસાધારણ કારણ ધર્મતીર્થ પ્રવર્ત્તાવે છે.

આ ધર્મતીર્થને શરણે આવનાર ભવ્યાત્માને વિષય કષાયના અનાદિકાલીન સંતાપનો કાયમ માટે ઉપશમ થાય છે. આ તીર્થના શરણે આવનાર ભવ્યાત્માની અનાદિકાળથી ચાલુ રહેલી ભોગપિપાસા સર્વથા નિવૃત્ત થાય અને આ તીર્થનું યથાર્થ શરણ લેનાર ભવ્યાત્મા પોતાના આત્મસ્વરૂપની સંપૂર્ણ નિર્મલતા પ્રાપ્ત કરે છે. **अरिहंते सरणं पवज्जामि, सिध्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि** આ ત્રણ પદોની અપેક્ષાએ **केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि** આ ચોથા પદનું મહત્ત્વ ઉપર જણાવેલ કારણે ઘણું વધી જાય છે.

## ચોથું આચાર્ય પદ

ત્રીજા પ્રવચનપદ પછી ચોથા પદમાં આચાર્યપદનું સ્થાન છે, ભગવાન તીર્થંકર દેવની ગેર હાજરીમાં ગણધર ભગવંત વગેરે આચાર્ય ભગવંતો જૈનશાસનના શિરતાજ છે. તીર્થંકર દેવોએ ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું પણ એ ધર્મતીર્થને હજારો લાખો યાવત્ અસંખ્ય વર્ષો પર્યંત

ટકાવી રાખનાર કોઈ પણ કાળે અને કોઈપણ ક્ષેત્રે કોઈપણ વિશિષ્ટ મહાનુભાવો હોય તો પંચાચારના પાલક છત્રીશ-છત્રીશીથી અલંકૃત આચાર્ય ભગવંતો જ છે. આ આચાર્ય ભગવંતો યદ્યપિ-અનેક ગુણ સમુદાયથી વિભૂષિત હોય છે, એમ છતાં શાસન પ્રત્યે વફાદારી અને શાસનના કિંવા ધર્મતીર્થના રક્ષણ માટે પ્રાણાર્પણ કરવા સુધીનું પ્રશંસનીય ખમીર એ આ આચાર્ય ભગવંતનો મુખ્ય ગુણ છે. એવી વફાદારી અને ખમીરવાળા આચાર્ય ભગવંતોની પરંપરા જ અરિહંત ભગવંતના જૈનશાસનને-ધર્મતીર્થને કિંવા પ્રવચનપદને સુરક્ષિત રાખી શકે છે. ધર્મતીર્થની સ્થાપના કિંવા પ્રવર્ત્તન એ અતિ ઉત્તમોત્તમ બાબત છે. એમ છતાં અરિહંત પ્રભુએ પ્રવર્ત્તાવેલા એ ધર્મશાસનને સુરક્ષિત રાખવું એ પણ ઘણી જ મહત્ત્વની બાબત છે. ધર્મતીર્થના પ્રવર્તક તીર્થંકર ભગવંતની ભક્તિ એ જેમ તીર્થંકરનામ કર્મના બંધનું અસાધારણ કારણ છે, એ જ પ્રમાણે ધર્મતીર્થના સંરક્ષક આચાર્ય ભગવંતની ભક્તિ એ પણ તીર્થંકરનામ કર્મના બંધનો અસાધારણ હેતુ છે-"જગતના સર્વ જીવોને અક્ષય અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરાવનાર ધર્મતીર્થના સંરક્ષક એવા આચાર્ય ભગવંતોની હું એવી ત્રિકરણયોગે ભક્તિ કરું કે ભાવિકાલે ધર્મતીર્થના પ્રવર્તન દ્વારા હું પણ વિશ્વના સર્વ જીવોને અવિચલ શાંતિની પ્રાપ્તિમાં નિમિત્ત રૂપ બની શકું." આવી સર્વોત્કૃષ્ટ ભાવના વડે આચાર્યપદની આરાધના કરનાર આત્મા ભાવિકાલે અવશ્ય અરિહંત પદનો અધિકારી બને છે.




- ભવ ૨૫ -

ભગવાન શ્રીમહાવીરનો આત્મા, નંદનમુનિના ભવમા વીશસ્થાનક તપની આરાધના કરે છે, અને તે દ્વારા તીર્થંકર (પરમાત્મા) પદને નિશ્ચિત યોગ્યતાને વરે છે. પૃષ્ઠ ૨૨૧ જુઓ

## પાંચમું સ્થવિરપદ અને છઠ્ઠું ઉપાધ્યાયપદ

આચાર્ય ભગવંતો ધર્મતીર્થના સંરક્ષક છે અને ધર્મ-તીર્થના સંરક્ષણ માટેની પોતાની જવાબદારીનો પોતાને ખ્યાલ હોય તો જ વાસ્તવિક રીતે તે મહાનુભાવ આચાર્ય-પદના અધિકારી છે, આ વાત જેમ યથાર્થ છે, તે જ પ્રમાણે આચાર્ય ભગવંતોને ધર્મતીર્થના સંરક્ષણમાં સ્થવિર ભગવંતો તેમ જ ઉપાધ્યાય ભગવંતોની સહાયની પણ તેટલી જ જરૂર છે. શાસ્ત્રમાં ત્રણ પ્રકારના સ્થવિર કહ્યા છે. વયઃસ્થવિર, પર્યાયસ્થવિર અને શ્રુતસ્થવિર. ઉંમરમાં ૬૦ અથવા ૭૦ વર્ષથી વધુ ઉંમર હોય તો તે વયઃસ્થવિર છે. અહિં સ્થવિરપદમાં વયઃસ્થવિર સાથે કશો સંબંધ નથી, પણ જેઓનો ચારિત્રપર્યાય ઓછામાં ઓછો વીસ વર્ષથી અધિક છે તે પર્યાયસ્થવિર છે અને જેઓએ ગીતાર્થ ગુરૂની નિશ્રામાં રહીને વિધિપૂર્વક જિન–આગમાદિ સર્વ શાસ્ત્રોનો વાચના–પૃચ્છના, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચેય સ્વાધ્યાયના પ્રકારો વડે આત્મસ્પર્શી સુંદર અભ્યાસ કર્યો છે તે મહામુનિઓ શ્રુતસ્થવિર છે. આચાર્ય ભગવંતો શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘરૂપ ધર્મતીર્થનું અવશ્ય રક્ષણ કરે છે, એમ છતાં સંયમ ગ્રહણ કરનાર મુનિવરોને સારણા, વારણા, ચોયણા, પડિચોયણા વગેરે પ્રકારો વડે સંયમગુણમાં સ્થિર કરવાનું મુખ્ય કાર્ય સ્થવિર ભગવંતોનું છે, અને સંયમની સ્થિરતા તેમ જ સંયમગુણની વૃદ્ધિમાં અસાધારણ કારણ આગમાદિ શાસ્ત્રોનો અભ્યાસ છે. સંયમ ગ્રહણ કર-

નાર મુનિવરોને આગમાદિ શાસ્ત્રોનો સાંગોપાંગ અભ્યાસ કરાવવાનું પ્રધાન કાર્ય ઉપાધ્યાય ભગવંતોનું છે.

આ પ્રમાણે સ્થવિર ભગવંતો અને ઉપાધ્યાય મહારાજાઓ પણ પરંપરાએ ધર્મતીર્થના સંરક્ષક છે. અને જ્યાં ધર્મતીર્થના સંરક્ષણની ભાવના વર્તતી હોય ત્યાં 'સવિ જીવ કરું શાસનરસી' આ ભાવદયાની ભાવના પણ અવશ્ય વિદ્યમાન હોય છે. આ કારણે સ્થવિરપદ તથા ઉપાધ્યાય પદનો આરાધક આત્મા તીર્થંકરનામ ગોત્રનો બંધ કરી ભાવિકાલે તીર્થંકરપદનો ભોક્તા બને છે.

## સાતમું સાધુપદ

વીશસ્થાનક પૈકી પાંચમા અને છઠ્ઠાપદમાં અનુક્રમે સ્થવિર પદ અને ઉપાધ્યાય પદનું સ્થાન આવ્યા પછી સાતમા પદમાં સાધુ પદનું સ્થાન છે. નિર્વાણ સાધક અર્થાત્ મોક્ષસાધક યોગોને સાધે તે સાધુ છે. સાધુપદની આરાધનામાં ત્રણે ય કાળનાં અને પંદરે ય કર્મભૂમિનાં સર્વ સાધુ ભગવંતોનો સમાવેશ થાય છે. કોઈપણ સાધુ—સાધુપદની જે રીતે આરાધના કરવી જોઇએ તે રીતે આરાધના માટે જો ઉપયોગવંત હોય તો તે સાધુ-મુનિરાજના અંતરાત્મામાં પ્રતિક્ષણે છએ કાયના જીવોને એટલે કે જગતના સર્વ જીવોને અભયદાન આપવાની ભાવના વિદ્યમાન હોય છે. ચાલવાની, બોલવાની, ખાવાની, પીવાની, સુવાની કે બેસવાની કોઈપણ પ્રવૃત્તિ પ્રસંગે કોઈપણ સૂક્ષ્મ કે બાદર, ત્રસ અથવા સ્થાવર જીવોને યતકિંચિત્ પણ પીડા

ન થાય તે માટે એ સાધુ ભગવંતોનો મનોયોગ, વચનયોગ, અને કાયયોગ જાગૃત હોય છે, પોતાના નિમિત્તે કોઇપણ જીવને પીડા ન થાય એ ઉપરાંત બીજા મારફત કોઈપણ જીવને જાણતાં અજાણતાં પીડા ન થાય અને કોઇ વ્યકિત કોઇપણ જીવને પીડા આપે તો તેનું અનુમોદન પણ ન થઈ જાય તે અંગે એ સાધુ ભગવંતો જીવોના સદા સર્વદા ખૂબ ઉપયોગવંત હોય છે. ટૂંકમાં કહીએ તો સાધુ ભગવંતો છએ કાયના એટલે વિશ્વવર્ત્તિ સર્વ પિયર સમા છે. એથી પણ વધુ સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો સાધુ ભગવંતો એ ધર્મતીર્થની આરાધનાનું મૂર્તિમંત સ્વરૂપ છે. એ અપેક્ષાએ જ સાધુ–મુનિરાજોને જંગમ ધર્મતીર્થ તરીકે શાસ્ત્રમાં સંબોધવામાં આવેલ છે. જે રીતે હોવી જોઇએ તે રીતે જો હોય તો આસાધુપદના સર્વોત્કૃષ્ટ આરાધક આત્માંનાં હૈયામાં ભાવદયાની પરાકાષ્ટા જે રીતે હોવી જોઇએ તે રીતે જો હોય તો આ સાધુપદનો આરાધક આત્મા પણ તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કરી શકે છે.

## આઠમું જ્ઞાન પદ, નવમું દર્શન પદ અને દશમું વિનય પદ

સતામા સાધુપદ પછી આઠમા પદમા જ્ઞાન પદ, નવમા પદમાં દર્શનપદ અને દશમા પદમાં વિનયપદનું સ્થાન છે. અરિહંતપદ સિદ્ધપદ યાવત્ સાધુપદ સુધીના પદો એ ગુણવંત આત્માની આરાધનાના પદો છે. ગુણવંતની આરાધ-

નામાં ગુણની આરાધના યદ્યપિ આવી જ જાય છે, છતાં ગુણવંત આત્માઓની મહત્તા વ્યકિતનાં કારણે નથી પણ તેના વિશિષ્ટ ગુણના કારણે જ છે. એ બાબતના સ્પષ્ટીકરણ માટે જ્ઞાન વગેરે પદોને જુદું સ્થાન આપવામાં આવેલ છે. ગુણવંત આત્માની આરાધનાથી જે કાર્ય સિદ્ધ થાય છે તેજ કાર્યની સિદ્ધિ તે તે ગુણની આરાધનાથી પણ અવશ્ય થાય છે, એ બાબતનું પણ આ પ્રસંગે સ્પષ્ટીકરણ થઈ જાય છે.

## "સમ્યગ્જ્ઞાન-સાચું જ્ઞાન કોને કહેવાય ?"

જ્ઞાન એટલે દીપક, જ્ઞાન એટલે પ્રકાશ, જ્ઞાન એટલે અંતરમાં અજવાળાં પ્રગટ કરનાર, જ્ઞાન એટલે તે તે ભાવોને યથાર્થ સ્વરૂપે ઓળખાવનાર આત્માની દિવ્ય જ્યોતિ. સંસારના સર્વ જીવાત્માઓ પૈકી કોઈપણ જીવાત્માને ગમે તે ગતિમાં યાવત્ સૂક્ષ્મ નિગોદ જેવા સ્થાનમાં જ્ઞાનનો અનંતમો અંશ સદાકાળ ખુલ્લો હોય છે પરંતુ મિથ્યાત્વમોહના તેમજ અનંતાનુબંધિ કષાયોના ઓદયિક ભાવને કારણે એ જ્ઞાનનો અનંતમો અંશ અનાદિકાળથી પોતાના આત્મમંદિરમાં અજવાળાં પ્રગટ કરવાને બદલે પૌદ્ગલિક (બાહ્ય-ભૌતિક) પદાર્થોમાં જ અજવાળાં પાથરે છે, અને એ કારણે ભૌતિક પદાર્થોની અનુકૂળતા-પ્રતિકૂળતામાં સુખ-દુ:ખની ભ્રામક કલ્પના ઉભી થાય છે. એ હેતુએ મહાપુરુષોએ આવા ઓછા-વધુ જ્ઞાનને અજ્ઞાનરૂપે જ ગણેલ છે, જે ક્ષણે મિથ્યાત્વમોહ તેમજ અનંતાનુબંધિનો ઉપશમાદિ થાય છે તે જ ક્ષણે પોતાના ઓછા-વધુ જ્ઞાનનો પોતાના આત્મ-

મંદિરમાં પ્રકાશ પ્રગટે છે. એ ક્ષણે એ આત્માનો આનંદ અવર્ણનીય હોય છે. એ ક્ષણે એ આત્માને પોતાના આત્મામાં રહેલ પરમાત્મસ્વરૂપ દેવાધિદેવનાં દર્શનનો પ્રારંભ થાય છે. અને એ જ્ઞાનજ્યોતિ વડે એ આત્માના જીવનવ્યવહારમાં એકદમ પરિવર્તન આવે છે. એવું જે જ્ઞાન એ જ જ્ઞાન છે અને એ જ સમ્યગ્દર્શન છે, તેમજ એ જ વિનય–ગુણનું મૂલ છે એ જ્ઞાન પ્રગટ થયા બાદ એ આત્માની દૃષ્ટિમાં અજબ–ગજબનો પલટો પ્રાપ્ત થાય છે. હવે એ આત્માને અહંભાવનું પરિબલ હોતું નથી. અહંભાવ આવે તો લાંબો સમય ટકતો નથી. આ ત્રણેય ગુણની આરાધના કરનારના મનોમંદિરમાં ભાવદયાની પ્રધાનતા અવશ્ય પ્રગટ થઈ શકે છે અને ભાવદયામાં જો સર્વોત્કૃષ્ટપણું આવે તો તીર્થંકરનામ ગોત્રનો નિકાચિત બંધ પણ તે આત્માને અવશ્ય થાય છે.

## અગીયારમું ચારિત્ર પદ

દશમા પદમાં સર્વ ગુણના મૂલ તરીકે વિનય પદને સ્થાન આપવામાં આવે છે. એક વિનય ગુણ બીજા સર્વ ગુણને વહેલા–મોડા પણ અવશ્ય ખેંચી લાવે છે. આ વિનય પદ પછી વિનય ગુણનાં ફળસ્વરૂપે ચારિત્રપદનું સ્થાન આવે છે. પંચમહાવ્રતોનો સ્વીકાર એ દ્રવ્યચારિત્ર કિંવા વ્યવહાર ચારિત્ર છે અને એ પંચમહાવ્રતોના પરિપાલન સાથે ક્રોધ વગેરે કષાયોની લઘુતા થવી, પરભાવ–રમણતા ઓછી થવી અને નિજગુણમાં રમણતા પ્રાપ્ત કરવી

તે ભાવ ચારિત્ર અથવા નિશ્ચય ચારિત્ર છે. કોઈપણ મુક્તિગામી આત્મા આ ભાવચારિત્રની સંપૂર્ણપણે પોતાના સર્વાત્મપ્રદેશે સ્પર્શના કર્યા સિવાય મુક્તિનો અધિકારી બની શકતો નથી. સમ્યગ્દર્શન તેમજ સમ્યગ્જ્ઞાન એ મુક્તિનું કારણ છે, અને ભાવ ચારિત્ર એ મુક્તિનું અનંતર કારણ છે. ભાવ ચારિત્ર એજ યથાર્થ ચારિત્ર છે. એમ છતાં દ્રવ્ય ચારિત્ર સિવાય ભાવ ચારિત્રની પ્રાપ્તિ થવી અશક્ય હોવાથી દ્રવ્ય ચારિત્રની પણ એટલી જ જરૂર છે. "હું પોતે આવા સર્વ શાંતિ આપનાર દ્રવ્ય-ભાવ ચારિત્રની આરાધના કરી મારા આત્માને જે મુક્તિનો અધિકારી બનાવું." એટલાથી મને સંતોષ નથી, મારી તો એવી ભાવના છે કે મારી ચારિત્રપદની આરાધના દ્વારા ભાવિકાલે હું એવા ધર્મતીર્થના પ્રવર્ત્તનનો અધિકારી બનું કે એ ધર્મતીર્થનાં શરણે આવનાર સર્વ કોઈ ભવ્યાત્માઓ ચારિત્રપદના આરાધક બની અનંતર કિંવા પરંપરપણે મુક્તિના અધિકારી બને." જે સમ્યગ્દૃષ્ટિના અંતરાત્મામાં આવી ભાવના ઉત્કૃષ્ટપણે પ્રગટ થાય છે તે આત્મા તીર્થંકર નામગોત્રનો અવશ્ય બંધ કરે છે.

## બારમું બ્રહ્મચર્ય પદ

ચારિત્રપદનાં પ્રાણ સમાન બારમું બ્રહ્મચર્ય પદ છે. પ્રાણ વિનાનું શરીર મૃતક (મડદું) ગણાય છે, અને તેમાંથી દુર્ગંધ પ્રગટે છે. તે જ પ્રમાણે બ્રહ્મચર્ય વિનાનું ચારિત્ર એ પણ મૃતક સમાન છે, અને એવા ચારિત્રમાંથી અનેક

પ્રકારે બદબો પ્રગટ થાય છે, પરબ્રહ્મ અને અપરબ્રહ્મ એમ બે પ્રકારના બ્રહ્મ છે. તેમાં પરબ્રહ્મ એટલે મોક્ષ અને અપરબ્રહ્મ એટલે સંસાર. આ પરબ્રહ્મનું પ્રધાન કારણ બ્રહ્મચર્ય છે. જીવનમાં નવકોટિ શુદ્ધ જો બ્રહ્મચર્યનું સ્થાન આવે તો તે આત્મા અલ્પકાળમાં ભવસાગરનો પાર પામે છે. જીવનમાં ભલે બીજા બધાય વ્રત-નિયમો હોય પણ એક જ જો બ્રહ્મચર્ય ન હોય તો અન્ય વ્રત-નિયમોની કશી કિંમત નથી. કોઈ સંજોગોમાં અન્વ વ્રત-નિયમો માટે આદર છતાં જીવનમાં અભાવ હોય પરંતુ એક બ્રહ્મચર્ય વ્રત નવકોટિ શુદ્ધ જીવનમાં આવી જાય તો બીજા વ્રત નિયમો અલ્પકાળમાં આપોઆપ આવી જાય છે. પાંચેય ઇન્દ્રિયોના વિષયોની ગુલામી એ અબ્રહ્મ છે. અને પાંચેય ઈન્દ્રિયોના વિષયો પર સંપૂર્ણ કાબુ એ બ્રહ્મચર્ય છે. સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત મુકુટ સમાન છે. "આ બારમા બ્રહ્મચર્ય પદની હું સ્વયં એવી સર્વોત્કૃષ્ટ આરાધના કરૂં કે ભાવિકાલે ધર્મતીર્થના પ્રવર્તન દ્વારા સર્વ ભવ્યાત્માઓને આ બ્રહ્મચર્યના આરાધક બનાવવામાં નિમિત્તરૂપ બનું." આવી ઉત્તમ ભાવના સતત ભાવનાર આત્મા પણ તીર્થંકર નામકર્મનો બંધ કરી ભાવિકાલે તીર્થંકર પદનો અધિકારી બને છે.

## તેરમું શુભધ્યાન પદ-પ્રાસંગિક આર્ત અને રૌદ્રનું સ્વરૂપ

આર્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ એમ ચાર પ્રકારના ધ્યાન છે. કોઈ પણ એક સંસારી જીવને અનંતકાળ દરમ્યાન જે શુભઅશુભ અધ્યવસાયો કિંવા વ્યક્ત-અવ્યક્ત માનસિક

વિચારો આવે છે તે સર્વ વિચારોનો આ ચાર પ્રકારના ધ્યાનમાં સમાવેશ થાય છે. આ ચાર પ્રકારના ધ્યાનમાં રૌદ્ર ધ્યાન સહુથી ખરાબ-દુષ્ટ ધ્યાન છે. એ ધ્યાનમાં આત્મા વર્તતો હોય તે જ અવસરે તે આત્માને પરભવના આયુષ્યનો બંધ પડે તો નરકગતિના આયુષ્યનો જ બંધ પડે છે. આ રૌદ્રધ્યાન પ્રસંગે અંતરાત્મામાં વિશિષ્ટ પ્રકારની ક્રૂરતા વગેરે ઉગ્ર દૂષણો પ્રગટે છે. વાઘ, વરૂ, દીપડા, બિલાડા, કોળી, વાઘરી કસાઈ, ચોર તેમ જ વધુ પડતા લોભી આત્માઓ આ રૌદ્ર ધ્યાનના અધિકારી છે, આર્ત્ત-ધ્યાન એ પણ અશુભ ધ્યાન છે, છતાં રૌદ્ર ધ્યાનનાં જેવી એ ધ્યાનમાં દુષ્ટતા નથી, કોઈપણ જીવાત્માને જ્યાં સુધી જીવનમાં વાસ્તવિક ધર્મનું સ્થાન પ્રાપ્ત નથી થયું ત્યાં સુધી એ જીવાત્માને આર્ત્ત અને રૌદ્ર બન્ને ધ્યાનનો સંભવ છે. એમ છતાં રૌદ્રધ્યાનના કાળની અપેક્ષાએ આર્ત્ત-ધ્યાનનાં કાળનું પ્રમાણ ઘણું વધારે છે. અનંતકાળથી અજ્ઞાન ભાવને કારણે પરપદાર્થોની અનુકૂળતામાં આત્માને જે સુખ મનાયું છે તે આર્તધ્યાન છે. એ પરપદાર્થોને મેળવવાની રાત્રિ દિવસ ચિંતા એ પણ આર્ત્તધ્યાન છે. એ પર-પદાર્થોનો વિયોગ થાય એટલે શોક સંતાપ કરવો એ પણ આર્ત્તધ્યાન છે, એ પરપદાર્થોની પ્રતિકૂળતા થયા બાદ અનુ-કૂળતા ઉભી કરવા માટે સતત વિચારો એ પણ આર્ત્ત-ધ્યાન છે. 'મારા વર્તમાન કે ભાવિ જીવનમાં આ પર-પદાર્થોની અનુકૂળતા સિવાય મને બીજી કોઇ વસ્તુની ઇચ્છા નથી ' આવો તીવ્ર પરિણામ તે પણ સર્વોત્કૃષ્ટ આર્ત્ત

ધ્યાન છે, રૌદ્ર ધ્યાનથી બચવું શક્ય છે પણ આર્ત્તધ્યાનથી બચવું શક્ય નથી આર્ત્ત અને રૌદ્ર એ બન્ને ધ્યાન જો કે સંસાર અને દુર્ગતિના કારણો છે એમ છતાં અનંતકાળથી જીવાત્માનો સંસાર જે ટકી રહેલ છે તેમાં પ્રધાન કારણ આર્ત્તધ્યાન છે.

## ધર્મ અને શુક્લનું સંક્ષિપ્ત સ્વરુપ

આત્માને આત્મસ્વરૂપનું ચિંતન અથવા એ ચિંતનની તેમ જ સમ્યગ્દર્શન વગેરે ગુણોની અનુકૂળતામાં અનંતર કે પરંપર કારણરૂપ દેવ-ગુરુ-ધર્મની આરાધના એ ધર્મ-ધ્યાન છે. સામાયિક, દેવદર્શન, પૂજન વગેરે ધર્મક્રિયાનું સ્થાન જીવનમાં આવવું જો કે દુર્લભ છે. એમ છતાં એ ધર્મક્રિયાનું સ્થાન તો જીવનમાં આવી શકે છે. પણ અનેકવાર અનેક ભવોમાં ધર્મક્રિયા કરવા છતાં જીવનમાં ધર્મધ્યાન પ્રાપ્ત થવું ઘણું મુશ્કેલ છે, ચિરકાળ પર્યંત આત્મામાં વર્તતી અજ્ઞાનદશાના કારણે પૌદ્ગલિક ભાવોની અનુકૂળતા–પ્રતિકૂળતામાં આ આત્માને સુખ–દુઃખની કલ્પના જે નિશ્ચિત થએલ છે તે કારણે ધર્મક્રિયા વારંવાર કરવા છતાં આત્માને આત્મા તરફ લક્ષ્ય નથી આવતું. પરઘરમાં અનંતકાળથી ભટકતા આ આત્માને જે ક્ષણે પોતાના ઘરનું ભાન થવા માટે બીજારોપણ થાય છે તે ક્ષણથી ધર્મધ્યાનનો પ્રારંભ થાય છે અને એક વાર સાચી રીતે જેને ધર્મધ્યા-નનો પ્રારંભ થયો, ભલે તે આત્મા અમુક સમય બાદ ધર્મધ્યાનથી ખસી જાય, એમ છતાં પુનઃ ધર્મધ્યાન અને પરંપરાએ શુક્લધ્યાન પ્રાપ્ત કરવા સાથે તે આત્મા અવશ્ય

મુક્તિ પદનો અધિકારી બને છે. દેવદર્શનાદિ ધર્મક્રિયા વડે મારા આત્મામાં વર્તતા રાગ–દ્વેષ કામ-ક્રોધ વગેરે દૂષણોનો કેમ અભાવ થાય, ગમે તેવા આપત્તિના પ્રસંગે 'મારૂં પૂર્વસંચિત કર્મ એ જ મારી આપત્તિનું કારણ છે' એમ સતત ચિંતન મનન દ્વારા સમભાવ ટકાવી રખાય, 'હિંસા વગેરે પાપોના સેવનમાંથી હું બચી શકતો નથી એ મારો તીવ્ર અશુભનો ઉદય છે, પાપનો ત્રિકરણયોગે ત્યાગ કરવો એ જ અરિહંત ભગવંતની આજ્ઞા છે' આ પ્રમાણે સતત ચિંતન–મનન થાય અને પોતાના આત્મસ્વરૂપના ચિંતન સાથે વિશ્વના સ્વરુપનું વાસ્તવિક ઓછુ-વધુ પણ ચિંતન કરાય, આ બધાય ધર્મ–ધ્યાનના–પ્રકારો છે. આ ધર્મધ્યાન વડે આત્મા સંવર અને સકામનિર્જરાનો લાભ પ્રાપ્ત કરવા ઉપરાંત પુણ્યાનુબંધિ પુન્ય ઉપાર્જન કરે છે; અને શુક્લ ધ્યાનનો અધિકારી બને છે.

## શુક્લધ્યાન

શ્રુતના આલંબનથી, અથવા આલંબન વિના ધર્મા-સ્તિકાય વિગેરે દ્રવ્યો અને તેના પર્યાયોના યથાર્થ ચિંત-નમાં સ્થિરતા કિંવા એકાગ્રતા, તેમજ આત્મા આત્માને વડે આત્મા માટે આત્માથી આત્મામાં સ્થિર બને, એ બધા ય શુક્લ ધ્યાનના સર્વોત્તમ પ્રકારો છે. શુક્લ ધ્યાન એ અનંતર કિંવા પરંપર મોક્ષનું કારણ છે. "મારો આત્મા આર્ત્ત અને રૌદ્ર ધ્યાનમાંથી કોઈપણ ઉપાયે બચે તેમ જ ધર્મ અને શુક્લ ધ્યાનમાં જોડાય, એટલું જ નહિ પણ આ

ધર્મ અને શુક્લ ધ્યાનની સર્વોત્કૃષ્ટ આરાધના દ્વારા વિશ્વ-વર્તિ ભવ્ય જીવાત્માઓને પણ ધર્મતીર્થના આલંબન વડે આર્તરૌદ્રમાંથી બચાવી ધર્મ અને શુક્લ ધ્યાનની પ્રાપ્તિમાં હું નિમિત્ત બનું" આવી સર્વોત્તમ ભાવનાનું સતત પરિશીલન કરનાર આત્મા અવશ્ય તીર્થંકર નામકર્મનો બંધ કરે છે.

## ચૌદમું તપ પદ

પ્રવાહની અપેક્ષાએ અનંતકાળથી આત્માની સાથે વળગેલા ચીકણાં કર્મોને પણ (ભોગવટો કર્યા સિવાય) આત્માથી દૂર કરવાની તાકાત જેવી તપમાં છે તેવી પ્રાયઃ બીજા કોઇમાં નથી. સુવર્ણને શુદ્ધ કરવા માટે જેમ રીફાઈનરીની અથવા પ્રચંડ અગ્નિના તાપની જરૂર છે, તે પ્રમાણે કર્મ-મળથી આત્માને શુદ્ધ કરવા માટે તપની પણ એથી વધુ જરૂર છે. સાચા શબ્દોમાં કહીએ તો તપ એ આત્માના શુદ્ધીકરણ માટેની રિફાઈનરી છે. બાહ્ય અને અભ્યંતર એમ આ તપના મુખ્ય બે પ્રકાર છે. અને એ બન્ને પ્રકારના તપના પુનઃ છ છ પેટા ભેદ છે. બાહ્ય તપમાં અશન -પાન-ખાદિમ-સ્વાદિમ એ ચારે ય પ્રકારના આહાર સંબંધી અલ્પાંશે કિંવા સર્વાંશે ત્યાગની પ્રધાનતા પૂર્વક કાયિક સહનશીલતા અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવાનું દૃષ્ટિ-બિંદુ છે. તેમજ અભ્યંતર તપમાં પોતાના દોષોનું શુદ્ધી-કરણ, વડીલોના વિનય બહુમાન, મોટા-નાનાની યથાયોગ્ય સેવા-ભક્તિ, સ્વાધ્યાય કાયોત્સર્ગ અને ધ્યાન વગેરે દ્વારા

આત્મસ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત કરવા માટે લક્ષ્ય રાખવાનું છે. બન્ને પ્રકારના તપમાં અભ્યંતર તપની જો કે પ્રધાનતા છે, એમ છતાં આહારની લોલુપતાના ત્યાગસ્વરૂપ બાહ્ય તપની આચરણા સિવાય અભ્યંતર તપનું-સ્થાન પ્રાપ્ત થવું અશક્ય હોવાના કારણે બાહ્ય તપની પણ એટલી જ પ્રધાનતા છે, જૈનશાસનમાં તપનો જેટલો મહિમા અને જેટલી આચરણા છે તેવો મહિમા અને તેવી આચરણા અન્ય કોઈ દર્શનમાં નથી "આવા ઉભય પ્રકારનાં તપનું હું સુંદર આરાધન કરૂં અને ભાવિકાલે અસંખ્ય ભવ્ય જીવોને આ તપની આરાધના કરવામાં ધર્મતીર્થના પ્રવર્તન દ્વારા નિમિત્ત બનું" આ પ્રમાણે સતત સર્વોત્કૃષ્ટ ભાવના ભાવનાર આત્મા પણ જિન નામકર્મના બંધનો અધિકારી બને છે.

## પંદરમું ગોયમ અથવા પ્રથમ ગણધર પદ

પંદરમા પદમાં કોઈ કોઈ ગ્રન્થોમાં સુપાત્ર દાનને અને કોઈ કોઇ ગ્રન્થોમાં ગોયમ પદને સ્થાન આપવામાં આવેલ છે. અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો સુપાત્રદાન એ ગુણ છે, અને ગોયમ પદ એ ગુણી છે. ગુણ-ગુણીનો અભેદ સંબંધ ખ્યાલમાં રખાય તો સુપાત્રદાનનું અથવા ગોયમપદનું પંદરમા પદ તરીકે સ્થાન બરાબર લાગે છે. અહિં એ બાબત પણ ખ્યાલમાં રાખવાની છે કે ગોયમ પદ વડે એકલા ગૌતમ સ્વામી શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના પ્રથમ ગણધર ઇન્દ્રભૂતિ જ લેવાના નથી. પરંતુ અઢીદ્વીપવર્ત્તિ ત્રણેય કાળના સર્વ તીર્થંકરોનાં પ્રથમ ગણધર ભગ-

વંત, આ પંદરમા પદ તરીકે લેવાય તો તે વધુ યોગ્ય લાગે છે. જૈનશાસનમાં ભગવાન તીર્થંકર દેવોનું સર્વોત્તમ સ્થાન છે. અને ત્યાર બાદ ગણધર ભગવંતોનું સ્થાન આવે છે. એ ગણધર ભગવંતોમાં પણ જે તીર્થંકર ભગવંતનાં જેટલા ગણધરો હોય તે સર્વ ગણધરો જો કે ગણધર પદની લબ્ધિની અપેક્ષાએ સરખા પૂજનીય છે એમ છતાં પ્રથમ ગણધરનું સ્થાન બીજા ગણધરોની અપેક્ષાએ વધુ ઉંચું છે તીર્થપદની શાસ્ત્રોમાં વ્યાખ્યા પ્રસંગે ચતુર્વિધ સંઘને તીર્થ તરીકે ગણેલ છે તે પ્રમાણે પ્રથમ ગણધરને પણ તીર્થ તરીકે ગણેલ છે, પરંતુ બાકીનાં ગણધરોને તીર્થ સ્વરૂપ ગણવામાં આવ્યા નથી.

## પ્રથમ ગણધર ભગવંતની મહત્તા

કોઈપણ તીર્થંકર ભગવાન કેવલજ્ઞાન પ્રાપ્ત થયા બાદ સમવસરણમાં બિરાજમાન થઈ પ્રથમ ધર્મદેશના આપે છે તે જ અવસરે ગણધરપદની યોગ્યતાવાળા મહાનુભાવો સમવસરણમાં હાજર હોય છે, ભગવંતની ધર્મદેશના સાંભળી તેઓ પ્રતિબોધ પામે છે, ત્યાં ને ત્યાં સંયમ ગ્રહણ કરે છે, એટલું જ નહિ પરંતુ તે જ અવસરે ભગવાન તીર્થંકર દેવના શ્રી મુખેથી **"उप्पन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा"** આ ત્રિપદીને શ્રવણ કરી અંતમુહૂર્ત્ત માત્રમાં સમગ્ર દ્વાદશાંગીની સૂત્ર રચના એ પ્રત્યેક ગણધરોની બીજ બુદ્ધિમાં ક્રમબદ્ધ સંકલના રૂપે તૈયાર થઇ જાય છે. સર્વે ગણધરોની દ્વાદશાંગીમાં સૂત્રરચનાની અપેક્ષાએ અક્ષર પદ,

વાકયમાં તરતમતા હોવાનો સંભવ છે. પરંતુ અક્ષરો, પદો તેમજ વાકયોમાં તરતમતા હોવા છતાં ભાવાર્થમાં જરા પણ તરતમતા નથી હોતી. સર્વ ગણધરો પોત-પોતાના શિષ્ય પરિવારને પોતાની રચેલી દ્વાદશાંગીનો યથાયોગ્ય અભ્યાસ કરાવે છે એમ છતાં જ્યાં સુધી પ્રથમ ગણધર વિદ્યમાન છે ત્યાં સુધી (અને અમુક સંજોગોમાં ત્યારપછી પણ) તે તે તીર્થંકરનાં શાસનની હયાતી સુધી ચતુર્વિધ સંઘમાં પ્રથમ ગણધરની દ્વાદશાંગીનું સૂત્ર અર્થરૂપે અધ્યયન પ્રધાનપણે ચાલુ રહે છે. કોઇપણ ભવ્યાત્માને સંસાર સાગરનો પાર પ્રાપ્ત કરવામાં પ્રાથમિક અસાધારણ કારણ ભાવથી સમ્યક્શ્રુતજ્ઞાન છે, અને એ સમ્યગ્ ભાવશ્રુતની પ્રાપ્તિનું પ્રધાન કારણ આ દ્વાદશાંગી અથવા તેમાંનો એક પણ અક્ષર, તેમજ તેના આધારે આપવામાં આવતી ધર્મદેશના અને રચાયેલ કોઇપણ સૂત્રાનુસારી ગ્રન્થરૂપ સમ્યક્ શ્રુત છે. આ આશયને ધ્યાનમાં રાખીને જ સમ્યક્ દ્રવ્યશ્રુત રૂપ દ્વાદશાંગીને, તેના પ્રણેતા પ્રથમ ગણધરને અને તેના અવલંબનથી ભાવશ્રુતને પ્રાપ્ત કરવા ઉપરાંત એ દ્વાદશાંગીના સંરક્ષણ માટે તન-મન અને ધનનો યથાયોગ્ય ભોગ આપનાર શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘને પણ તીર્થસ્વરૂપ ગણવામાં આવેલ છે. આ અપેક્ષાએ પંદરમા ગોયમપદ (કિંવા પ્રથમ ગણધરપદનું) ઘણું જ મહત્વ છે. તીર્થંકર દેવોએ ભલે ધર્મદેશના દ્વારા વિશ્વના તે તે ભાવોનું યથાર્થ પ્રતિપાદન કર્યું, પરંતુ બીજબુદ્ધિના નિધાન ગણધર ભગવં-

તોએ પરમાત્માની એ વાણીને દ્વાદશાંગી રૂપે સંકલિત ન કરી હોત તો પરમાત્મા તીર્થંકર દેવોનાં નિર્વાણની સાથે જ ધર્મતીર્થના વિચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થાત. ભગવાન મહાવીરના નિર્વાણને લગભગ ૨૫૦૦ વર્ષો થયા છતા ભગવંતનું શાસન આજે જે વિદ્યમાન છે અને હજુ લગભગ ૧૮૫૦૦ વર્ષ પર્યંત પ્રભુશાસન અવિચ્છિન્નપણે જે ટકવાનું છે તેમાં મુખ્ય કારણ શાસનને ટકાવનાર દ્વાદશાંગીના પ્રણેતા પ્રથમ ગણુધર ભગવાન છે. આ કારણે જ બીજા બધાય પદોની તપસ્યામાં એક ઉપવાસ હોય છે અને આ પંદરમા પદની તપસ્યામાં છઠ્ઠના તપનું વિધાન છે. (આ વ્યવસ્થા એક ઉપવાસથી વીસસ્થાનકની આરાધના કરનાર માટે છે પણ છઠ્ઠ-અઠ્ઠમ વગેરે તપથી વિંશતિસ્થાનકની આરાધના કરનાર મહાનુભાવ માટે તો ચાલુ જે તપ હોય તે અપેક્ષાએ પંદરમા પદની આરાધના પ્રસંગે બેવડો તપ કરવાનું વિધાન હોય તો તે સ્વાભાવિક છે.)

## ગોયમપદ અને દાનપદનો સમન્વય

દાન પદને પંદરમા પદ તરીકે લેવામાં આવે તો વિશ્વમાં જ્ઞાનદાન જેવું બીજું ઉત્તમ દાન નથી. દાનના અન્ય સર્વ પ્રકારોને સમજાવનાર આ જ્ઞાનદાન જ છે અને દ્વાદશાંગીની રચનાની અપેક્ષાએ આ જ્ઞાનદાનના આદ્ય મહાપુરુષ પ્રથમ ગણુધર ભગવંત છે. એ રીતે આ પંદરમા પદમાં પ્રથમ ગણુધર અથવા દાનપદનો સ્વીકાર કરવામાં આવે તો કોઇ બાધક હેતુ જણાતો નથી. જે ભાગ્યવાન ભવ્યાત્મા આ

પંદરમા ગોયમપદનું ઉત્કૃષ્ટભાવે આરાધન કરવા સાથે 'સવિજીવ કરૂં શાસનરસી' એ ભાવનાને ત્રિકરણ યોગમાં સતત સ્થાન આપે છે તે આત્મા અવશ્ય તીર્થંકર નામ ગોત્રનો બંધ કરે છે.

## સોળમું વૈયાવચ્ચપદ અને સત્તરમું સમાધિપદ

ઉપર જણાવ્યા મુજબ પંદરમા પદમાં 'ગોયમ પદનું' સ્થાન આવ્યા બાદ સોળમા પદમાં 'વૈયાવચ્ચ' પદનું સ્થાન આવે છે. વિજયલક્ષ્મીસૂરિ મહારાજે વિંશતિસ્થાનકની પૂજામાં સોળમા પદમાં 'જિન' પદનું સ્થાન આપેલ છે. અને રૂપવિજયજી મહારાજે સોળમા પદમાં 'વૈયાવચ્ચ' પદનું સ્થાન આપેલ છે. સોળમા પદમાં જિન પદ લેવામાં આવે કે વૈયાવચ્ચ પદ લેવામાં આવે તેમાં શાસ્ત્રને બાધ ન પહોંચે તે રીતે સમન્વય થાય તો પ્રાયઃ કોઇ વિરોધ આવે તેમ નથી. જિનપદથી ભગવાન અરિહંત પ્રભુ લેવાના નથી કારણ કે અરિહંત પદનું સર્વથી પહેલું સ્થાન આવી ગયેલ છે, પરંતુ આચાર્ય ઉપાધ્યાય તપસ્વી ગ્લાન તેમજ વિશિષ્ટ લબ્ધિવંત પરમાવધિજ્ઞાનવાળા, મનઃપર્યવજ્ઞાનવાળા વગેરે ઉત્તમ મહર્ષિઓ યાવત્ સંઘ લેવાનો છે. જિનપદનો અર્થ રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓ ઉપર જે વિજય મેળવનારા તેમજ એ માટે પુરુષાર્થ કરનારા મહાનુભાવો લેવાના છે. તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી વગેરે દશ પ્રકારે વૈયાવચ્ચના સ્થાન આપવામાં આવેલા છે એ દશ પ્રકારમાં અવધિજિન, મનઃપર્યવજિન વગેરે જિન ભગવંતોનો

સમાવેશ કરી લેવાત તો તે સુસંગત છે. સાપેક્ષભાવે કથન કરવામાં આવે તો તે આચાર્ય ઉપાધ્યાય યાવત્ સંઘ એ દશેય પદોમાં રત્નત્રયીની આરાધના અને રાગદ્વેષાદિ શત્રુઓનાં વિજયની પ્રધાનતા છે. આચાર્યપદ, ઉપાધ્યાયપદ સ્થવિરપદ વગેરે પદોની આરાધના આગળ આવી ગયેલ છે, એમ છતાં તપસંયમથી વિશિષ્ઠ આરાધના વડે અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત કરનાર અને એ લબ્ધિઓ દ્વારા અનેક ભવ્યાત્માઓને જિનશાસનની આરાધનાના રસીયા બનાવવા સાથે અનંતર કિંવા પરંપરપણે સકલ કર્મનો ક્ષય કરી પોતે પણ મોક્ષ પ્રાપ્ત કરનાર મહાત્માઓની વૈયાવચ્ચ સેવા ભક્તિ માટે આ સોળમું પદ છે.

'**सव्वं किर पडिवाई वैयावच्चं किर अप्पडिपवाइ**' બીજી ધર્મક્રિયાનું ફળ સંજોગવશાત્ મળે અથવા ન પણ મળે પણ રત્નત્રયીની આરાધના કરનાર અને ગણનાતીત આત્માઓને રત્નત્રયીની આરાધનામાં જોડનાર આચાર્ય, ઉપાધ્યાય તેમ જ વિશિષ્ટ લબ્ધિવંત અવધિજિન, પરમાવધિજિન વગેરેની સેવાભકિત-વૈયાવચ્ચનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. એટલું જ નહિ પરંતુ આ વૈયાવચ્ચ પદની આરાધના ઉત્કૃષ્ટ ભાવે થઇ જાય અને એ વૈયાવચ્ચ પદની સાથે ભાવ-દયાની પરાકાષ્ઠા નિશ્ચિતપણે જીવનમાં જો પ્રગટે તો તે આત્મા તીર્થંકર નામ-ગોત્રનો પણ અવશ્ય બંધ કરે છે.

## સત્તરમું સમાધિ પદ

આત્માનું વાસ્તવિક રીતે સમભાવમાં ટકવું એનું નામ સમાધિ છે. સમતા–સમભાવ નિર્વિકલ્પદશા એ બધાય પદો લગભગ સમાન અર્થવાચક છે, સમ્યગ્દર્શનનું ફળ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનનું ફળ વિરતિ અથવા સંયમ છે, અને સંયમનું ફળ સમાધિ છે. તેમજ સમાધિના ફળમાં સંવર–નિર્જરા અને પરંપરાએ મોક્ષ છે. આ સમાધિપદની આરાધના સિવાય અર્થાત્ આત્મમંદિરમાં સમાધિ પ્રાપ્ત થયા સિવાય કોઇપણ આત્મા ભૂતકાળમાં મોક્ષે ગયેલ નથી, વર્તમાનમાં જતો નથી અને ભવિષ્યમાં જવાનો નથી. "આવા સમાધિપદની મારા જીવનમાં એવી ઉત્કૃષ્ટભાવે આરાધના થાય કે હું સ્વયં મુક્તિ પદનો શીઘ્ર અધિકારી બનવા સાથે અસંખ્ય આત્માઓને આ સમાધિપદની આરાધનામાં નિમિત્ત બનું" આવી ત્રિકરણ યોગે સતત ભાવનાનું પરિશીલન કરનાર આત્મા અવશ્ય જિન નામનો નિકાચિત બંધ કરે છે અને ભાવિકાલે તીર્થંકરનું ઐશ્વર્ય પ્રાપ્ત કરવા સાથે ધર્મતીર્થની સ્થાપના કરવા પૂર્વક અસંખ્ય ભવ્યાત્માઓને મુક્તિપથના અધિકારી બનાવે છે.

## અઢારમું અભિનવજ્ઞાન પદ

"अपुव्वनाणग्गहणे निच्चब्भासेण केवलुप्पत्ती"

શાસ્ત્ર–સિદ્ધાન્તોમાં જે કથન છે તેનો ભાવાર્થ એ છે કે નિરંતર નવું નવું શાસ્ત્ર કિંવા શ્રુતનું અધ્યયન કરવાની અભિલાષાવાળો અને એ રીતે હરહંમેશ શ્રુતજ્ઞાનનો આરા-

ધક આત્મા અલ્પકાળમાં કેવલજ્ઞાનને પ્રગટ કરે છે.” સદાકાળ જિનેશ્વરદેવની ભક્તિ તેમ જ વ્રત, નિયમ, તપ, સંયમની યથોચિત આરાધના દર્શનમોહ અને ચારિત્રમોહના નિવારણનું જેમ પ્રબળ સાધન છે, તે પ્રમાણે ગીતાર્થની નિશ્રામાં રહીને આત્મકલ્યાણની ભાવનાથી નવું નવું શ્રુતજ્ઞાન કિંવા તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની મંગલમય પ્રવૃત્તિ જ્ઞાનાવરણ-દર્શનાવરણકર્મના નિવારણ માટેનું અસાધારણ કારણ છે. “મારા જીવનમાં આવું અભિનવ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની તમન્ના જાગે, ઉપરાંત વિશ્વના સર્વજીવોને પણ આવું અભિનવ તત્ત્વજ્ઞાન મેળવવાની તીવ્ર અભિલાષા જગાડવામાં ધર્મતીર્થની સ્થાપના દ્વારા હું પરમ આલંબન રૂપ બનુ” આવી ઉત્કૃષ્ટ ભાવના નિરંતર આત્મમંદિરમાં ટકાવી રાખનાર મહાનુભાવ પણ તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કરે છે અને ભાવિકાલે અરિહંતપદના લોકોત્તર ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે.

## ઓગણીસમું શ્રુતપદ

જીવનમાં નવું નવું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થવા માટે હરહંમેશ શાસ્ત્રના અધ્યયનમાં તેમજ તેના ચિંતન-મનન-પરિશીલનમાં ઉદ્યમ કરવો એ ઘણી ઉત્તમ વાત છે. સાથે સાથે એ પ્રમાણે શાસ્ત્રના અધ્યયન-અધ્યાપનમાં સતત પુરુષાર્થ કરનાર મહાનુભાવોની સેવાભક્તિ-વૈયાવચ્ચ કરવી, શાસ્ત્ર-સિદ્ધાન્તોને લખાવવા તેમજ સુરક્ષિત રાખવા, અને તે અંગે તન-મન-ધનનો સંપૂર્ણ ભોગ આપવો એ શ્રુત-

પદની આરાધના આત્મહિત માટે ઘણી અનુમોદનીય છે. તીર્થંકર પ્રભુ, ગણુધર ભગવાન તેમજ સાતિશય જ્ઞાની ભગવંતોની ગેરહાજરીમાં જિનશાસનની આરાધનાનું અસાધારણ કારણ આગમાદિ શાસ્ત્રગ્રંથો છે, આવા આગમાદિ ગ્રંથોની ત્રિકરણુયોગે થતી ભક્તિમાં ભાવદયા જો અવશ્ય સંકળાયેલ હોય અને એ ભક્તિ જો પરાકાષ્ટાએ પહોંચે તો જિનનામકર્મનો નિકાચિત બંધ થવામાં જરા પણ વિલંબ થતો નથી.

## વીસમું તીર્થપદ

જેના આલંબનથી આત્મા ભવસાગરનો પાર પામી શકે તેનું નામ તીર્થ છે. આગમાદિ ગ્રંથોમાં તીર્થ શબ્દ વડે જિનપ્રવચન, પ્રથમ ગણુધર ભગવાન અને ચતુર્વિધ સંઘનો સ્વીકાર કરવામાં આવેલ છે તે વાત સર્વથા યથાર્થ છે. સાથે સાથે એ જિનપ્રવચનરૂપી મંગલમય તીર્થનું અવલંબન લઈ મુક્તિગામી સંખ્ય-અસંખ્ય આત્માઓ જે સ્થળે સકલકર્મનો ક્ષય કરી નિર્વાણુપદને પામ્યા હોય છે. તે ભૂમિને પણ તીર્થસ્વરૂપ માનવામાં આવે છે. મુક્તિગામી સંખ્ય-અસંખ્ય આત્માઓની પવિત્રતાનું વાતાવરણ એ ભૂમિને પવિત્ર બનાવે છે. અને જિનપ્રવચન વગેરેનું અવલંબન લેવાથી ભવ્યાત્માને જે વિશુદ્ધ ભાવના પ્રગટ થાય છે તેવી જ વિશુદ્ધભાવના આ તીર્થભૂમિના દર્શન-સ્પર્શન અને અવલંબનથી પણ અવશ્ય પ્રાપ્ત થાય છે. ભગવાન તીર્થંકર પ્રભુ તો સર્વોત્તમ તીર્થ છે જ, પરંતુ એ

તીર્થંકર ભગવંતોની કલ્યાણકભૂમિ તેમ જ વિહારભૂમિ પણ તીર્થ તરીકે જિનશાસનમાં પ્રસિદ્ધ છે. ભગવાન તીર્થંકર દેવે ભવ્ય જીવોના કલ્યાણ માટે જિનપ્રવચનરૂપ ધર્મતીર્થની પ્રવર્તના કરી, એ ધર્મતીર્થના સાક્ષાત્ મૂર્તિમાન સ્વરૂપ પ્રથમ ગણધર ભગવંત (અપેક્ષાએ કોઈપણ ગણધર ભગવંત) એ પણ તીર્થ છે. એ ધર્મતીર્થના આધારભૂત શ્રમણપ્રધાન ચતુર્વિધસંઘ પણ તીર્થ છે. ધર્મતીર્થ સ્વરૂપ જિનપવચનનું શ્રવણ કરવા દ્વારા શ્રુતસામાયિક, સમ્યક્ત્વ સામાયિક યાવત્ સર્વવિરતિ સામાયિક પ્રાપ્ત કરનાર શ્રમણ નિર્ગ્રન્થ પણ ધર્મતીર્થ છે. અને એવા શ્રમણ નિર્ગ્રન્થો હજારો લાખો યાવત્ ક્રોડોની સંખ્યામાં જે ભૂમિ ઉપર સકલ કર્મનો ક્ષય કરી નિર્વાણપદને પામ્યા હોય તે ભૂમિ પણ તીર્થમય બની જાય છે, "આ પ્રમાણે સ્થાવર, જંગમ ઉભય પ્રકારના તીર્થની હું એવી અપૂર્વ આરાધના કરૂં કે મારો આત્મા ભાવિકાલે સ્થાવર જંગમ ઉભય તીર્થના પ્રવર્ત્તનમાં નિમિત્તરૂપ બને." આવી સર્વોત્કૃષ્ટ ભાવના અસંખ્ય પ્રદેશે પ્રાપ્ત કરનાર મહાનુભાવ તીર્થંકર નામ–ગોત્રનો બંધ કરી ભવિષ્યમાં તીર્થંકર પદને પ્રાપ્ત કરે છે.

# [૧૮]

## નંદનમુનિવરનું પ્રશંસનીય સંયમી જીવન

નંદનમુનિવરે જ્યારથી સંયમ ગ્રહણ કર્યું ત્યારથી જીવન પર્યંત માસક્ષમણના પારણે માસક્ષમણની ઉગ્ર તપશ્ચર્યાનો પ્રારંભ તો કર્યો હતો, ઉપરાંત આર્ત અને રૌદ્ર આ બન્ને પ્રકારના દુર્ધ્યાનમાંથી બચવા માટે સતત તેઓ જાગૃત રહ્યા, રાગ અને દ્વેષના પરિણામ દ્વારા કર્મના બંધનમાંથી બચવા માટે તેઓ સાવધાન બન્યા. મનદંડ, વચનદંડ અને કાયદંડ, ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવ, માયાશલ્ય, નિયાણશલ્ય તેમજ મિથ્યાદર્શનશલ્યથી દૂર રહેવા માટે તેઓ સતત પ્રયત્નશીલ થયા. ક્રોધ વગેરે ચાર પ્રકારના કષાયો, આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓ; રાજકથા, સ્ત્રીકથા, દેશકથા અને ભક્તકથા એ ચાર વિકથાઓ વગેરે સંસારપરિભ્રમણના પ્રધાન કારણોથી પણ આપણા નંદનમહામુનિવર નિઃસંગ બન્યા. સંયમ ગ્રહણ કર્યા બાદ દેવસંબંધી, મનુષ્ય સંબંધી કે પશુ-પક્ષી સંબંધી જે કોઈ ઉપસર્ગ પ્રાપ્ત થયા તેને ધીરતાથી સહન કરવામાં મેરૂ સમાન નિશ્ચલ રહ્યા. પંચ મહાવ્રતોનું પાલન, પાંચે ય ઇન્દ્રિયો ઉપર વિજય, પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં સતત ઉદ્યમ, પંચ સમિતિના પરિપાલનમાં સદા ય સાવધાન,

છ એ કાયના જીવોની રક્ષામાં નિરંતર પરાયણ, સાતે ય પ્રકારના ભયોનો સર્વથા પરિત્યાગ, આઠ પ્રકારના મદના સ્થાનનો અભાવ, નવે ય પ્રકારના બ્રહ્મચર્યનું નિરતિચાર પરિપાલન, દશ પ્રકારના યતિધર્મની સુંદર આરાધના, અગીયાર અંગનો નિર્મળ બોધ, સાધુધર્મની બાર પડિમાનું અપૂર્વ આરાધન વગેરે વગેરે અનેક પ્રકારે નંદનમુનિવર સંયમશ્રેણિમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા રહ્યા. સાથે સાથે વિંશતિસ્થાનકની સુંદર આરાધના તેમજ "સવિ જીવ કરૂં શાસનરસી"ની તીવ્ર ભાવનાના કારણે **તીર્થંકર નામકર્મનો** નિકાચિત બંધ કર્યો. આ પ્રસંગને અનુલક્ષીને વિંશતિસ્થાનકના પ્રત્યેક પદોનું અને તે દરેક પદો સાથે સંકળાયેલ ભાવદયાનું પણ આગળના પ્રકરણમાં સંક્ષેપમાં નિરૂપણ કરવામાં આવ્યું.

## નંદનમુનિવરની અંતિમ આરાધના

નંદનમુનિવરનું કુલ આયુષ્ય પચીસ લાખ વર્ષનું હતું તેમાંથી તેમના ચોવીશ લાખ વર્ષ તો ગૃહસ્થાશ્રમમાં વ્યતીત થયા હતા. એક લાખ વર્ષ આયુષ્યના બાકી રહ્યા ત્યારે એ નંદનમુનિવરે સંયમનો સ્વીકાર કર્યો હતો, તેમજ એક લાખ વર્ષના સંયમપર્યાય દરમ્યાન પોતાના આત્મ કલ્યાણની સાધનામાં ઉપર જણાવ્યું તે પ્રમાણે અત્યંત સાવધાન હતા, એમ છતાં જ્યાં સુધી ક્ષયોપશમભાવનું ચારિત્ર હોય ત્યાં સુધી અલ્પ પ્રમાણમાં પણ મોહનીયનો ઉદયહોવાથી અતિક્રમ, વ્યતિક્રમ, અતિચારનો સંભવ રહે છે, અને

એ અતિક્રમ, વ્યતિક્રમ તેમજ અનિચારની આલોચના ઉત્તમ આત્માઓના જીવનમાં હરહંમેશ ચાલુ હોય છે. તેમાં પણ જ્યારે આયુષ્યની પૂર્ણાહુતિનો સમય નજીક આવે છે, ત્યારે તો આરાધક મહાનુભાવો અંતિમ આરાધના પ્રસંગે પોતાના સંયમી જીવન દરમ્યાન જાણતાં અજાણતાં જે કોઈ અતિચારાદિ લાગ્યા હોય તેની આલોચના અવશ્ય કરે છે. કોઈપણ વ્રત-નિયમ લીધા બાદ સ્થૂલ અથવા સૂક્ષ્મ અતિચારાદિ દોષ ન લાગે તે માટે ક્ષણે ક્ષણે સતત જાગૃત રહેવું એ યદ્યપિ ઘણું જરૂરી છે, એમ છતાં અનંત-કાળથી આત્મામાં ઘર કરી બેઠેલા વિષય-કષાય-પ્રમાદાદિના કારણે અતિક્રમ-વ્યતિક્રમ અતિચારાદિ ઓછા વધુ પ્રમાણમાં લાગ્યા સિવાય રહેતા નથી, પરંતુ જૈનશાસનમાં આલોચના -નિંદા-ગર્હા-પશ્ચાત્તાપ-પ્રતિક્રમણ વગેરે મંગલમય ક્રિયાઓનું જે ફરમાન કરવામાં આવેલ છે, તે લાગેલા અતિચારાદિના શુદ્ધિ-કરણ માટે જ છે. સાતમું અપ્રમત્ત ગુણસ્થાનક અને તેથી ઉપરના ગુણસ્થાનકોમાં વર્તતા આત્માને એટલી પ્રબલ વિશુદ્ધિ હોય છે કે તે અવસ્થામાં અતિચારાદિનો પ્રાયઃ જરા પણ અવકાશ નથી, પરંતુ છઠ્ઠા પ્રમત્તસંયત ગુણ-સ્થાનક સુધી તો ઉપયોગ રાખવા છતાં જાણતાં અજાણતાં અતિચારાદિનો અવશ્ય સંભવ છે અને તેથી એ પ્રમત્ત ગુણસ્થાનકની મર્યાદા સુધી પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓ ફરજીયાત કરવાનું વિધાન શાસ્ત્રમાં જણાવવામાં આવેલ છે.

## અતિચારની આલોચના એ અભ્યંતર તપ છે

આપણા નંદનમુનિવર હંમેશાં પ્રતિક્રમણાદિ આવશ્યકની આરાધનામાં એ કારણે જ સાવધાન હતા. એમ છતાં આયુષ્યની પૂર્ણાહુતિનો સમય જ્યારે નજીક આવ્યો ત્યારે પોતાના સંયમી જીવન દરમ્યાન સતત ઉપયોગની જાગૃતિ, પ્રતિક્રમણ વગેરે આવશ્યક પ્રવૃત્તિમાં હરહંમેશ સાવધાનપણું રાખવા પછી પણ અત્યંત વિશિષ્ટ કોટિની આલોચના કરીને પોતાના આત્માને ઉચ્ચ કક્ષાની આરાધનામાં જોડે છે. પોતાના સંયમી જીવનમાં લાગેલા અતિચારોની હરહંમેશ ભલે આલોચના થતી હોય, એમ છતાં એ અતિચારોને યાદ કરી કરીને હૃદયના સાચા પશ્ચાત્તાપપૂર્વક વારંવાર જેટલી વધુ પ્રમાણમાં આલોચના થાય તેટલું અભ્યંતર તપનું પ્રમાણ વધે છે અને તેનાથી સકામનિર્જરાનો સુંદર લાભ પ્રાપ્ત થવા સાથે નવા અતિચારો ન લાગે તેમાં જાગૃતિ આવવાના કારણે આત્માને સંવરનો પણ ઘણો વિશિષ્ટ લાભ પ્રાપ્ત થાય છે. આ સકામનિર્જરા અને સંવરના પરિણામે આત્મા ઘાતિકર્મનો ક્ષય કરી અઈમુત્તા મુનિવરની માફક કેવલજ્ઞાન-કેવલદર્શનને પણ અલ્પ કાળમાં પ્રાપ્ત કરવા ભાગ્યશાલી બને છે, અતિચારાદિ ન લાગે એ સર્વોત્તમ છે, પરંતુ અતિચારાદિ લાગ્યા બાદ હૃદયની ભાવનાપૂર્વક તેની આલોચના કરવી એ તો અપેક્ષાએ એનાથી પણ વધુ ઉત્તમ છે.

## પંચાચારનું પરિપાલન એજ ધર્મ છે

પ્રભુના શાસનમાં શ્રાવક ધર્મ તેમજ સાધુધર્મ પ્રધાન-

પણે જ્ઞાનાચાર, દર્શનાચાર ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર એમ પાંચ પ્રકારના આચારમાં વિભક્ત થયેલો છે. શ્રાવક ધર્મમાં એ પાંચે ય આચારો મર્યાદિત હોય છે જ્યારે સાધુ-ધર્મમાં એ પાંચે ય આચારોની પૂર્ણતા હોય છે. વાસ્તવિક રીતે વિચારીએ તો જ્યાં જ્યાં પાંચે ય આચારોનું યથોચિત પરિપાલન છે ત્યાં ત્યાં ધર્મ છે જ્યાં જ્યાં પાંચ આચારોનું પાલન નથી તેમજ તેના તરફ આદર નથી ત્યાં ધર્મનો અભાવ છે. નંદન મહામુનિ તો નિર્ગ્રન્થ અણગાર હતા, પાંચ આચારોનું પરિપાલન એ એમનો ભાવપ્રાણ કિંવા અંતરંગ મૂલધર્મ હતો, અને એ પાંચે ય આચારોના પાલનમાં સદાય ઉદ્યમવંત હતા; એમ છતાં એ પાંચે ય આચારોના જે કોઈ અતિચારાદિ લાગેલ હોય તેના પશ્ચાતાપ અને નિંદા ગર્હા કરવા સાથે લાગેલા અતિચારોની આલોચના પ્રસંગે તેઓએ જે અંતિમ આરાધના કરેલ છે તે આપણા જેવા બાલ જીવો માટે ઘણી મનનીય હોવાથી સંક્ષેપમાં તેનું અહીં વર્ણન આપવામાં આવેલ છે.[1]

## જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચારની આલોચના

જિનાગમાદિ સમ્યક્ શ્રુત ( શાસ્ત્ર-ગ્રંથો )નો અભ્યાસ કરવા પ્રસંગે કાળ-વિનય-બહુમાન વગેરે જ્ઞાનના આઠે ય આચારોનું પાલન કરવામાં, તેમજ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ,

---

[1] નંદનમુનિવરની આ અંતિમ આરાધનાનું સવિસ્તર વર્ણન કલિકાલસર્વજ્ઞ ભગવંત શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજાએ ત્રિષષ્ઠિ

શલાકા પુરૂષ ચરિત્રના દશમા પર્વના પ્રથમસર્ગમાં સવિસ્તરપણે આપેલ છે. વર્તમાનમાં કેટલાય સુવિહિત સાધુ મુનિરાજો આ આરાધનાનો નિત્ય સ્વાધ્યાય કરે છે. મારા પરમતારક દાદા ગુરુ શાસનપ્રભાવક ગીતાર્થપ્રવર શુદ્ધ પ્રરૂપક આચાર્યદેવ શ્રી વિજય-મોહનસૂરીશ્વરજી મહારાજ પણ આ નંદનમુનિવરની આરાધનાના શ્લોકોનો નીરંતર સ્વાધ્યાય કરતા હતા અને પોતાના સ્વર્ગવાસના નજીકના દીવસોમાં તો પોતાની પાસેના સાધુઓને આ અંતિમ આરાધના શ્રવણ કરાવવાની માંગણી તેઓશ્રી તરફથી વારંવાર ચાલુ રહેતી હતી. —યશોવિ.

---

સમ્યગ્દર્શનની સ્થિરતા અને સમ્યગ્દર્શનની નિર્મલતા પ્રાપ્ત કરવા માટે નિશંકિતપણું, કાંક્ષારહિતપણું વગેરે આઠ પ્રકારના દર્શનના આચારોનું પરિપાલન કરવામાં મારાથી મન-વચન કાયા વડે જાણતાં અજાણતાં જે કોઈ અતિચારાદિ લાગેલ હોય તેનો હું ત્રિવિધે ત્રિવિધે પશ્ચાત્તાપ કરૂં છું, એ અતિચારોની નિંદા ગર્હા કરૂં છું અને વારંવાર તેનો મિચ્છામિદુકકડં આપું છું. પંચ મહાવ્રતો તેમજ છઠ્ઠું રાત્રિભોજનવિરમણવ્રત એ ચારિત્ર છે. પાંચ સમિતિ તેમજ ત્રણ ગુપ્તિ આ અષ્ટ પ્રવચન માતાનું જેટલું વિશિષ્ટ પાલન તેટલી ચારિત્રમાં નિર્મળતા આવે છે, અને એ કારણે જ ચારિત્રના આઠ આચારમાં આ અષ્ટ પ્રવચન માતાને સ્થાન આપવામાં આવેલ છે. આ અષ્ટ પ્રવચન માતાના પરિપાલનમાં તેમજ પરિણામે પંચમહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજનવિરમણ વ્રતના પરિપાલનમા મન વચન કાયા વડે જે કોઈ અતિ-

ચારાદિ દોષો લાગ્યા હોય તેનો હું વારંવાર પશ્ચાત્તાપ કરું છું, આત્મસાક્ષીએ એ લાગેલા દોષોની નિંદા કરું છું, ગુરુસાક્ષીએ એ દોષોની વારંવાર ગર્હા કરું છું અને એ લાગેલા દોષો અંગે વારંવાર મિચ્છામિદુક્કડં પણ આપુ છું. પંચમહાવ્રતોનું પાલન એ દ્રવ્યચારિત્ર કિંવા વ્યવહાર ચારિત્ર છે, અને ક્ષમા, મૃદુતા, સરલતા વગેરે દશ પ્રકારનો યતિધર્મ એ ભાવચારિત્ર છે કિંવા નિશ્ચયચારિત્ર છે. વ્યવહાર ચારિત્રમાં લાગેલા અતિચારોની આલોચના કરવી જેમ આવશ્યક છે તેમ ભાવચારિત્ર અથવા નિશ્ચયચારિત્રની આલોચના પણ અતિઆવશ્યક છે, એટલે નંદનમુનિવર નિશ્ચયચારિત્રની પણ આલોચના કરવા પ્રસંગે આ પ્રમાણે આલોચના કરે છે–"મારા સંયમી જીવનમાં ક્રોધ–માન, માયા, લોભ રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, (આળ આપવું) પૈશુન્ય (ચાડી–ચુગલી) બીજાના અવર્ણવાદ વગેરે પાપસ્થાનકોનું જાણતાં અજાણતાં મન વાણી કાયા વડે સેવન થવાથી ભાવચારિત્રમાં જે કોઇ અતિચાર લાગેલ હોય તેની હું વારંવાર નિંદા. ગર્હા કરવા સાથે મિચ્છામિ દુક્કડં આપું છું.

## તપાચાર અને વીર્યાચારની આલોચના

આ પ્રમાણે જ્ઞાનાચાર દર્શનાચાર અને ચારિત્રાચારની આલોચના કર્યા બાદ નંદન મુનિવર તપાચાર અને વીર્યાચારની આલોચના કરીને પોતાના આત્માને–વિશુદ્ધ બનાવે છે. અનશન ઉણોદરી વગેરે છ પ્રકારનો બાહ્યતપ તેમજ પ્રાય-

શ્ચિત-વિનય વૈયાવચ્ચ વગેરે છ પ્રકારના અભ્યંતર તપ કરવા માટેની અનુકૂલતા હોવા છતાં એ ઉભય પ્રકારના તપની આચરણાથી હું વંચિત રહ્યો, ઉપરાંત તપની આચરણા પ્રસંગે જે રીતે આચરણા કરવી જોઈએ તે રીતે મેં આચરણા ન કરી, વગેરે કારણે મને તપાચારમાં જે કોઈ અતિચારાદિ લાગેલ હોય તેનો હું વારંવાર મિચ્છામિ દુક્કડં આપું છું. એજ પ્રમાણે ધર્માનુષ્ઠાનના વિષયમાં જે રીતે મારો વીર્યોલ્લાસ હોવો જોઈએ તે વીર્યોલ્લાસમાં જે કાંઈ ખામી આવેલ હોય તેનો પણ ત્રિકરણયોગે હું વારંવાર મિચ્છામિ દુક્કડં આપું છું.

## સર્વ જીવોની સાથે ક્ષમાપના

મારા વર્તમાન જીવનમાં તેમજ આજ સુધીમાં થયેલા પૂર્વ ભવોમાં નારકી, તિર્યંચ, મનુષ્ય તેમ જ દેવો પૈકી કોઇ પણ જીવને મેં હણેલ હોય, પરિતાપ ઉપજાવેલ હોય, યાવત્ કોઈપણ પ્રકારનું દુઃખ જાણતાં અજાણતાં અપાયું હોય અને કોઈપણ જીવની સાથે મનોયોગ, વચનયોગ તેમજ કાયયોગ વડે વેર-વિરોધ થયો હોય, તે સર્વની સાથે હું ક્ષમાપના કરું છું. હવે પછી મને કોઇપણ જીવની સાથે વેર-વિરોધ નથી, અને વિશ્વના સર્વ જીવો પ્રત્યે મારે સંપૂર્ણ મૈત્રીભાવ છે.

## અનિત્ય અશરણ વગેરે બાર ભાવનાઓનું ચિંતન મનન

શરીર તેમજ અન્ય સર્વ પૌદ્ગલિક ભાવોના સંબંધો અનિત્ય સંયોગી છે, ક્ષણિક છે. વર્તમાન જીવનમાં તેમજ

આજ સુધી સંસારચક્રના પરિભ્રમણ દરમિયાન ભૂતકાળમાં થયેલ મારા અનંત ભવોમાં આ પૌદ્ગલિક ભાવો પ્રત્યે અજ્ઞાન ભાવના કારણે મારા અંતરાત્મામાં જે મોહ-માયા મમતાનું અત્યાર સુધી સેવન થયું હોય અને વર્તમાન સાધુજીવન દરમ્યાન પણ શરીર-ઉપધિ પ્રત્યે જે અપ્રશસ્ત મમતા વર્તતી હોય તે સર્વને અનિત્ય ભાવના, અશરણ ભાવના, એકત્વ ભાવના, અન્યત્વ ભાવના, અશુચિ ભાવના વગેરે વગેરે બારે ય ભાવનાના સ્વરૂપનું ચિંતન મનન નિદિધ્યાસન કરવા પૂર્વક ત્રિકરણ યોગે વોસિરાવું છું.

## અરિહંતાદિ ચારે ય શરણનો સ્વીકાર

અરિહંત ભગવંતનું મને શરણ હો, સિદ્ધ પરમાત્માનું મને શરણ હો સાધુ ભગવંતનું ભવોભવ મને શરણ હો અને વીતરાગ પ્રણીત પ્રભુશાસનનું આ ભવ-પરભવ યાવત્ ભવોભવ મને શરણ હો, જૈનશાસન કિંવા જૈનધર્મ એ મારી માતા છે. કંચનકામિનીના ત્યાગી જિનાજ્ઞાપાલક મહાવ્રતધારી આચાર્ય, ઉપાધ્યાય વગેરે પદસ્થ ગુરુ ભગવાન મારા પિતા છે. સાધુ ભગવંતો મારા બંધુ છે. અને સાધર્મિકો મારા સાચા મિત્રો છે. એ સિવાય સર્વ સંસારની મોહજાળ છે.

## અરિહંતાદિ પંચ પરમેષ્ઠિને નમસ્કાર

આ ભરત ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી દરમિયાન આજ સુધીમાં થયેલા ભગવાન ઋષભદેવ વગેરે સર્વતીર્થંકર ભગવંતોને હું ત્રિકરણયોગે પ્રણામ કરું છું. તે ઉપરાંત બીજા

ચાર ભરતક્ષેત્રના, પાંચ ઐરવત ક્ષેત્રના અને પાંચ મહાવિદેહ ક્ષેત્રના સર્વ તીર્થંકર ભગવંતોને પણ હું ભાવથી વંદના-નમસ્કાર કરૂં છું. ત્રણેય કાળના સર્વક્ષેત્રોનાં અરિહંત ભગવંતોને કરવામાં આવતો આ નમસ્કાર ભવ્યાત્માઓને પરંપરાએ સંસારનો વિનાશ કરનારો બને છે, અને એ અરિહંત ભગવંતને કરવામાં આવતો ભાવપૂર્વકનો નમસ્કાર આ ભવમાં ભવ્ય જીવોને બોધિલાભની પ્રાપ્તિમાં પ્રબલ નિમિત્ત રૂપ થાય છે. જેઓએ ધર્મધ્યાન અને શુક્લધ્યાનના પ્રચંડ અગ્નિવડે સકલ કર્મોનો ક્ષય કર્યો છે, એવા સિદ્ધ ભગવંતોને હું નમસ્કાર કરું છું અને મારા આત્માને શીઘ્રપણે સિદ્ધપદની પ્રાપ્તિ થાય એવી ભાવના ભાવું છું. સંસારનો વિચ્છેદ થવામાં અસાધારણ આલંબનભૂત એવા જૈનશાસનના જેઓ આધારસ્તંભ છે એ આચાર્ય ભગવંતો તેમજ જ્ઞાનાચારાદિ પંચાચારને પણ હું વારંવાર ભાવપૂર્વક વંદન-પ્રણામ કરું છું. જે મહાપુરુષો દ્વાદશાંગીરૂપ શ્રુતના પારંગત છે અને શિષ્ય-પ્રશિષ્યાદિ સાધુ સમુદાયને નિરંતર વાચના વગેરે આપવામાં ઉજમાળ છે. એવા સર્વ ઉપાધ્યાય ભગવંતોને હું અંતરાત્માની ભાવનાપૂર્વક વંદના-નમસ્કાર કરું છું, જેઓ શીલ અને સંયમના સાક્ષાત મૂર્તિમાન પુંજ સમાન છે, એ શીલ સંયમ વડે લાખો ભવોમાં સંચિત થયેલ કર્મનો ક્ષય કરવામાં જેઓ સદાય પરાયણ છે, તેમજ પોતાની પાસે આવનાર ભવ્યાત્માઓને મોક્ષમાર્ગની આરાધનામાં હરહંમેશ જેઓ સહા-

યક બને છે એ સર્વ સાધુ ભગવંતોને પણ હું વારંવાર વંદના કરૂં છું.

## ચારેય પ્રકારના આહારનો ત્યાગ અને અનશનનો સ્વીકાર

હું સર્વસાવદ્ય (પાપના) વ્યાપારોનો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરૂં છું, બાહ્ય તેમજ અભ્યન્તર ઉપધિનો પણ જીવન પર્યંત ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરૂં છું. અશન–પાન–ખાદિમ અને સ્વાદિમ એ ચારે ય પ્રકારના આહારનો પણ જીવનપર્યંત ત્યાગ કરૂં છું, અને અંતિમ શ્વાસોચ્છ્વાસ પૂર્ણ થયે આ મારા દેહને પણ વોસિરાવું છું.

આપણા નંદન મહામુનિ ઉપર જણાવ્યા પ્રમાણે (૧) દુષ્કર્મની નિંદા ગર્હા અને પશ્ચાત્તાપ, (૨) સર્વ જીવોની સાથે ક્ષમાપના (૩) અનિત્યાદિ બાર ભાવનાના સ્વરૂપનું ચિંતન મનન (૪) અરિહંતાદિ ચારે ય શરણનો સ્વીકાર (૫) અરિહંતાદિ પંચપરમેષ્ઠિને નમસ્કાર અને (૬) ચારે ય પ્રકારના આહારનો સર્વ સાવદ્ય વ્યાપારનો તેમ જ ઉપાધિ શરીરનો સર્વથા ત્યાગ, આ પ્રમાણે છ પ્રકારે અંતિમ આરાધના કરે છે અને છેલ્લે છેલ્લે પોતાના ધર્માચાર્ય તેમ જ સમુદાયના સર્વ સાધુઓની સાથે ક્ષમાપના કરવા પૂર્વક બે મહિનાના ઉપવાસ સાથે કાલધર્મ પામી વૈમાનિક નિકાયના બાર દેવલોક પૈકી દશમા પ્રાણતનામના દેવલોકમાં પુષ્પોત્તરાવતંસક નામે વિમાનમાં મહર્દ્ધિક દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

## દેવલોકમાં દેવને ઉત્પન્ન થવાની વ્યવસ્થા

દેવલોકના વિમાનોમાં દેવ–દેવીઓને ઉત્પન્ન થવા માટે ઉપપાત શય્યા હોય છે. કોઇપણ દેવલોકમાં ઉત્પન્ન થનારા આત્માઓ મનુષ્ય અથવા પંચેન્દ્રિય તિર્યંચના ભવનું આયુષ્ય પૂર્ણ થયા બાદ પોતે બાંધેલ દેવગતિ–દેવાયુષ્યના અનુસારે તે તે દેવલોકમાં જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે આવી ઉપપાત શય્યામાં જ ઉત્પન્ન થાય છે. ઉત્પત્તિના પ્રથમ ક્ષણે એ ઉપપાત શય્યામાં વર્ત્તતા વૈક્રિય વર્ગણાના મનોજ્ઞ પુદ્ગલોને ગ્રહણ કરી અન્તર્મુહૂર્તમાં નવયુવાન જેવી દિવ્ય કાયા તૈયાર કરે છે અને ત્યાર બાદ એ ઉપપાત શય્યા ઉપરનું વસ્ત્ર દૂર કરી પોતે પોતાના દિવ્ય આસન ઉપર બિરાજમાન થાય છે. તે પ્રસંગે ત્યાં વિદ્યમાન અગાઉના દેવ–દેવીઓ ઉત્પન્ન થનાર નવા દેવને જય–જય શબ્દથી વધાવે છે અને તે પછી તે દેવલોકના દિવ્ય સુખોના ભોગવટામાં પોતાનો દીર્ઘકાળ પસાર કરે છે.

## દેવોના જીવનમાં પણ ધર્મ વ્યવહાર

પ્રાણતનામે દશમા દેવલોકમાં ઉત્પન્ન થનાર નંદન મહામુનિનો આત્મા તો ભાવિકાળે ભરતક્ષેત્રના ચોવીશમા તીર્થંકર ભગવાન મહાવીર પ્રભુનો આત્મા હતો. આ દેવનો ભવ પૂર્ણ થયા બાદ અનન્તરપણે હવે તે આત્મા મનુષ્ય ભવમાં તીર્થંકરપદના ઐશ્વર્યને પ્રાપ્ત કરનાર હતો. દેવભવમાં ઉત્પન્ન થવા પહેલાના મનુષ્યાદિભવમાં જે આત્માએ સમ્યગ્દર્શન–જ્ઞાન અને ચારિત્રની આરાધના કરેલ હોય તે

આત્મા દેવભવમાં જ્યારે દેવ તરીકે ઉત્પન્ન થાય ત્યારે તે દેવનો જીવનવ્યવહાર દેવભવને યોગ્ય શુદ્ધ ધર્મના વ્યવહાર સાથે અવશ્ય સંકળાયેલો હોય છે. અને જે આત્મા દ્રવ્યધર્મના પ્રભાવે ઉપાર્જન કરેલા ફક્ત દ્રવ્ય પુણ્યના કારણે દેવલોકમાં ઉત્પન્ન થાય છે, તે દેવનો દેવલોકમાં ઉત્પન્ન થયા બાદ જીવનવ્યવહાર પ્રાયઃ શુદ્ધ ધર્મથી રહિત હોય છે.

## દેવલોકમાં ઉત્પન્ન થયા બાદ અવધિજ્ઞાનનો ઉપયોગ અને પૂર્વભવનું જાણપણું

આપણા નંદન મહામુનિનો આત્મા તો દ્રવ્ય ભાવ ઉભય પ્રકારે રત્નત્રયીનો વિશિષ્ટ આરાધક આત્મા હતો અને તીર્થંકર નામકર્મની સત્તા આત્મમંદિરમાં વિદ્યમાન હતી. આવા સંજોગોમાં દેવલોકમાં ઉત્પન્ન થયા પછી તેમનો જીવન–વ્યવહાર દેવલોકને ઉચિત વીતરાગ પ્રભુના ધર્મથી ઓતપ્રોત જ હોય તે નિઃશંક છે. નંદન મુનિવરનો આત્મા દેવલોકમાં ઉત્પન્ન થયા બાદ અન્તર્મુહૂર્ત પછી દિવ્ય શરીર સાથે જ્યારે ઉપપાત શય્યામાંથી બેઠો થાય છે અને આજુબાજુના દેવો જય જય શબ્દોથી તેમને વધાવે છે તે અવસરે એ દેવાત્મા "આ શું છે ? હું ક્યાં છું ? અહીં આ દેવલોકમાં કેવી રીતે આવ્યો ?" વગેરે વગેરે બાબતોની વિચારણા કરતાં અવધિજ્ઞાનના ઉપયોગ વડે પોતાના પૂર્વ ભવને સંપૂર્ણપણે જાણે છે. તેમજ પૂર્વ ભવમાં કરેલ તપ–સંયમની આરાધના પ્રસંગે પ્રાસંગિક બંધાયેલા પુણ્યાનુ-

બંધી પુણ્યના કારણે દેવલોકમાં મારો અવતાર થયો તેનો તે દેવાત્માને ખ્યાલ આવે છે. આ દિવ્ય ઋદ્ધિની પ્રાપ્તિમાં અરિહંત ભગવંતના શાસનની ગત જન્મમાં કરેલ આરાધના એ જ પ્રધાન કારણ છે, એવો અંતરાત્મામાં નિર્ણય થાય છે. દરમિયાન ત્યાં એકત્ર થયેલા દેવો બે હાથ જોડી આ દેવાત્માને આપ જય પામો ! જય પામો ! વગેરે મંગલમય વાક્યોનાં ઉચ્ચારણ સાથે જણાવે છે કે "આપ અમારા સ્વામી છો અમો આપના સેવક છીએ, આ વિમાનના આપ અધિપતિ છો. આપની આજ્ઞાનો અમલ કરવા માટે હરહંમેશ તૈયાર રહેનારા અમો આપના પરિચારક દેવો છીએ, આ બાજુ દિવ્ય સુખોના વિશિષ્ટ ભોગવટા માટે સુંદર ઉપવનો છે; આ બાજુ સ્નાન માટે નિર્મળ જળથી પરિપૂર્ણ રમણીય વાવડીઓ છે. આ બાજુ આત્માના કલ્યાણ માટે અરિહંત પરમાત્માની પૂજા-ભકિતનો લાભ આપનારું સિદ્ધાયતન અર્થાત્ શાશ્વત જિનચૈત્ય છે, આ સ્નાનગૃહ છે, આ અલંકાર સભા છે." આ પ્રમાણે એકત્ર થયેલા દેવોનાં મંગલ કથન બાદ આપણા નંદન મુનિવરનો દેવાત્મા સ્નાનગૃહમાં જાય છે, સ્નાન કરવા માટે યોગ્ય એવા પાદપીઠ સહિત સિંહાસન ઉપર બેસે છે અને અન્ય દેવો નિર્મળ દિવ્ય જળથી ભરેલા કુંભો વડે એ દેવાત્માને અભિષેક કરવા પૂર્વક સ્નાન કરાવે છે, ત્યારબાદ અલંકાર સભામાં જઈ દિવ્ય વસ્ત્રઅલંકારને ધારણ કરે છે. ત્યાર પછી વ્યવસાય સભામાં જઈને દેવના આચારોને જણાવનાર ગ્રંથનું વાંચન કરે છે અને તે પછી પુષ્પાદિકની દિવ્ય

સામગ્રી લઈ સિદ્ધાયતનમાં-જિનચૈત્યમાં જઈ આપણા નંદનમુનિવરનો આત્મા અરિહંત ભગવંતની ત્રિકરણ યોગે ભક્તિ કરે છે. આ પ્રમાણે અરિહંત ભગવંતની ભક્તિ કરીને સુધર્માસભામાં પોતાને યોગ્ય સિંહાસન ઉપર બેસી દિવ્ય સંગીતનું શ્રવણ તેમજ અનેક પ્રકારના દેવતાઈ સુખોને અનાસક્તપણે ભોગવતા પોતાના દેવાયુષ્યનો સમય આનંદમાં પસાર કરે છે. મનુષ્ય ક્ષેત્રમાં પંદર કર્મભૂમિમાં જ્યારે જ્યારે તીર્થંકર ભગવંતોનાં જન્મ, દીક્ષા વગેરે કલ્યાણકોના પ્રસંગ હોય છે ત્યારે ત્યાં આ દેવાત્મા જાય છે. અને અન્ય ઇન્દ્રાદિ દેવો સાથે અરિહંત પરમાત્માની ત્રિકરણ યોગે ભક્તિ કરવા દ્વારા સમ્યગ્દર્શનને નિર્મળ કરવા સાથે સત્તામાં વર્તતા તીર્થંકર નામ કર્મને પુષ્ટ કરે છે.

## દેવલોકમાં આયુષ્યની સમાપ્તિ અને ચ્યવન

આ પ્રમાણે એક બાજુથી દેવલોકને યોગ્ય અરિહંતાદિની અપૂર્વ ભક્તિની પ્રવૃત્તિમાં અને બીજી બાજુથી નિરાસક્તભાવે દેવતાઈ સુખોના ભોગવટામાં એ દેવાત્માનું વીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ થવાનો સમય નજીક આવી પહોંચ્યો. અન્ય દેવોને તો પોતાના આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે દેવતાઈ શરીરની દિવ્ય કાંતિ ઝાંખી પડે, કંઠમાં વર્ત્તતી પુષ્પમાળા પણ દિવસે દિવસે કરમાતી જાય, અને મિથ્યાદૃષ્ટિ દેવોને તો દિવ્ય સુખો છોડીને મનુષ્યાદિ ભવમાં ઉત્પન્ન થવાનો સમય નજીક આવવાના કારણે

આર્તધ્યાનની પરંપરા વધુ પ્રમાણમાં શરૂ થાય. પરંતુ આપણા શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો દેવાત્મા તો નિર્મળ સમકિતવંત અને હવે પછીના મનુષ્યના ભવમાં તીર્થંકર તરીકે અવતાર લેનાર આત્મા હોવાથી પ્રબળ પુન્ય પ્રકૃતિના કારણે દેવાયુષ્યની પૂર્ણાહુતિની અંતિમ ક્ષણ સુધી તેમના શરીરની દિવ્યકાંતિ વગેરે તેવું ને તેવું જ રહે છે. અને સમ્યગ્દૃષ્ટિ હોવાના કારણે અવસ્થાને લાયક ધર્મધ્યાનની પરંપરા ચાલે છે. આ પરિસ્થિતિમાં જ તેમનું દિવ્ય આયુષ્ય પૂર્ણ થયું અને શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો એ દિવ્ય આત્મા દેવલોકમાંથી ચ્યવન થયા બાદ આ ભરતક્ષેત્રમાં બ્રાહ્મણકુંડ નામે નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદા માતાની કુક્ષિમાં અષાડ શુદિ ૬ની મધ્યરાત્રિએ ગર્ભપણે ઉત્પન્ન થાય છે.

અહિં નયસારના ભવથી ૨૬ ભવ સુધીનું શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનું જીવન સંપૂર્ણ થાય છે.

卐

અહીંઆ ૨૬ ભવ સુધીનું મનનીય વર્ણન પૂરું થયું. ૨૭મા ભવનું વર્ણન પૂજ્યગુરુદેવ જેટલું લખી શકયા હતા તે હવે પછી શરૂ થાય છે. ઊંડે ઊંડે ભાવના થાય છે કે પૂજ્યગુરુદેવની શૈલી-પદ્ધતિએ આ ૨૭મો ભવ હું લખું, અલબત્ત પૂજ્યપાદ ગુરુદેવ કયાં કયાં હું ? પણ એમની કૃપાથી વાચકોને ઠીક સંતોષ થાય એવું લખી કંઈક ગુરુસેવા કરૂં. જોઈએ સમયદેવની કૃપા કયારે થાય છે ?

—યશોદેવસૂરિ

## ૨૭ મો ભવ શરૂ થતાં પહેલાં મારો થોડોક ખુલાસો

**લે. આચાર્ય યશોદેવ સૂરિ (૨૦૪, પાલીતાણા)**

અહીંથી ભગવાન શ્રી મહાવીરના ૨૭ મા એટલે કે અન્તિમ ભવનું વર્ણન શરૂ થાય છે. આ પુસ્તકની ત્રણ આવૃત્તિ ગુજરાતી અને હિન્દી મુદ્રિત થઈ પણ તે વખતે તેમાં માત્ર ૨૬ ભવ સુધીનું જ વર્ણન સમાવેશ કરાયું હતું. તેનું કારણ એ કે જૈન કોન્ફરન્સ તરફથી નીકળતા જૈનયુગ માસિકની ફાઈલો ભેગી કરી ઉતારવાનું હતું. આને લીધે તત્કાલ સક્રિય ધ્યાન આપી શકાયું નહિ, પણ ત્યાર પછી પૂરતું ધ્યાન આપીને તેની પ્રેસ કોપી તૈયાર કરાવી દીધી એટલે શરુ કરેલા ૨૭મા ભવનું ઉપલબ્ધ વિવેચન અહીં પ્રગટ કરી શકાયું છે. આથી વાંચકોને પૂજ્યપાદશ્રીની વિશિષ્ટ કલમ, ધીર ગંભીર, શૈલી, અને તત્ત્વજ્ઞાનથી પુટિત સમજણ, કાર્ય-કારણ ભાવો સાથે જીવન પ્રસંગોને મૂલવીને સમજાવવાની એમની એક વિશિષ્ટ શૈલીનો વધુ લાભ વાંચકોને મળશે. પણ ભારે કમનશીબી એ કે ૨૭ મા ભવની પ્રારંભિક ઘટનાઓ સુધી જ એમની કલમ ચાલી હતી. જો આખું ચરિત્ર લખાયું હોત તો આજ સુધીમાં પ્રસિદ્ધ થએલાં ગુજરાતી-હિન્દી ચરિત્રોમાં તત્ત્વજ્ઞાનના આપેલા પુટના કારણે મૂર્ધન્ય કોટિનું સ્થાન પામ્યું હોત! અહીં સ્વાભાવિક રીતે જ પૂછવાનું મન થાય કે, તો તે અધૂરું કેમ રહી ગયું? એ પ્રશ્નનો જવાબ એ છે કે; જેટલું લખાઇ શકાયું તે પણ તેઓશ્રીની અન્ય જવાબદારીઓ અને વ્યવસાય જોતાં કદી કરી શકત નહિ, મારી ઈચ્છા તો એમના હાથે ઘણું ઘણું લખાવવાની હતી, સૂચના પણ કરતો પણ એઓશ્રીની પરિસ્થિતિ જ એવી હતી કે વધુ દબાણ થાય તેમ ન હતું. વધુ દબાણ કરવા માટે એમના પ્રત્યેના અનુરાગ સહિતની મારી વિનય

મર્યાદા પણ આડી આવતી હતી. એવામાં કર્મઠકાર્યકર, શ્રી કાન્તિલાલ કોરાએ 'જૈનયુગ' માસિકપત્રના પુનઃ પ્રકાશનની વાત કરી. પૂજ્ય ગુરુદેવ પાસે અને મારી પાસે લેખો આપવા સાગ્રહ વિનંતિ કરી ત્યારે વિચારીશું એટલો જવાબ આપ્યો. તે પછી મને થયું કે ૨૪ તીર્થંકરમાં આ એક જ તીર્થંકર એવા થયા છે કે કોઈપણ વ્યકિતને માટે વિશેષરૂપે શ્રદ્ધેય અને આદરરૂપ બની શકે તેવી અનેકાનેક ઘટનાઓ તેઓશ્રીના જીવનમાં ઘટી છે, જે બીજા તીર્થંકરોના જીવનમાં ઘટી બની નથી. વળી જીવનચરિત્રને, તત્ત્વજ્ઞાન અને અન્ય બોધ ઉપદેશથી સાંકળી લેવાં હોય તો, બહુ મજાથી સાંકળી શકાય તેવી પૂરી અનુકૂળતા આપણા પૂજ્ય તત્ત્વજ્ઞાની લેખકશ્રી માટે ભરી પડી હતી. એટલે પૂજ્યશ્રીની કસાએલી કલમે ભગવાન મહાવીરનાં જીવન ઉપર એક લેખમાળા શરૂ થાય, એ માટે સાગ્રહ વિનંતિ કરી પૂજ્યશ્રીજીએ સ્વીકારી. જો કે લખવા માટે સમયની મુસ્કેલી ઘણી રહેશે તે વાત વાતની ચિંતા તેઓશ્રીએ વ્યકત કરી. મેં કહ્યું કે વાત સાચી જ છે પણ આપને તો વિચારોની સ્ફૂર્તિ, લખવાની ઝડપ એવી છે કે ફકત લખવા માટે એકજ કલાક કાઢવો આપને માટે કાફી છે. ગમે ત્યારે અનુકૂળ સમયે બંધબારણે આપને બેસી જવાનું અને તે બાબતની બીજી જાહેર જવાબદારી હું સંભાળી લઈશ, એમ હિંમત આપી હા પડાવી.

બાકી જો 'જૈનયુગ' (માસિક) પત્ર નિમિતે શરૂ કરશો તો જ આપ લખી શકશો અને સમાજને કંઈક નવું આપી શકશો, અલબત્ત છાપું હોવાથી દર મહિને આપને ટાઇમ કાઢવાની ફરજ પડશે અને તો જ આપ આટલુંએ લખી શકશો નહિતર ભાવિ પેઢીને આપના જ્ઞાન–વિજ્ઞાન અને આપના વિચારમંથન અને દોહનનો લાભ કદિ નહીં મળી શકે, પછી ઉમેર્યું કે ભાવિ પેઢી માટે જ શું કામ? આપના જ્ઞાનનો લાભ અમને-સહુનેજ લેવા દો ને? ત્યારે તરત મારી વાતને હસી કાઢીને પછી એમના ઉદાર સ્વભાવ પ્રમાણે

મને કહે કે તું જ શરૂ કરને! મને રહેવા દે...મેં કહ્યું આપની કલમથી જે લખાશે તેવું મારી કલમથી થોડું લખાશે? ત્યારે કહે કે ન લખવું હોય એટલે તું બચાવ કરે છે. પ્રેમાળ વિવાદને અન્તે બંનેના સંતોષ ખાતર છેવટે મારે પણ જૈનયુગમાં કંઇ બીજું પણ લખવું એમ નક્કી થયું. કેમકે ભાઈશ્રી કાન્તિલાલ કોરાનો પણ સખત આગ્રહ હતો જ, કેમકે તેઓ મારા આત્મીયજન હતા. છેવટે પૂજ્યશ્રીને કહ્યું કે હું લખીશ, વચમાં આટલી વાત અથડાઇ ગયા બાદ પુનઃ મેં કહ્યું કે હવે આપ ઉત્સાહથી હા બોલો એટલે તરત જ તેઓશ્રીએ લખવા માટે સાનન્દ હા પાડી. પછી કહે કે, માસિક છાપવાના ચાર દિવસ બાકી રહે ત્યારે મને યાદ કરાવજે.

આ તો માસિક છાપું, દર મહિને લેખકો પાસે ખોરાક માગે જ એટલે માસિક પ્રેસમાં જવાનું હોય તેના બે દિવસ અગાઉ સૂચના કરીએ એટલે ફુલસ્કેપનાં ચાર પાંચ પાનાં તેઓશ્રી એક જ કલાકમાં એકજ કલમે લખી નાંખે. ભાગ્યેજ એમાં એકાદ જગ્યાએ ચેકચૂક હોય. લખ્યા પછી તેઓશ્રીની નમ્રતા, સરળતા તો ગળથૂથીમાંથી જ એટલે જ્ઞાનીપણાનો અહં કે ઘમંડનું તો પ્રારંભથી જ વિસર્જન થયેલું હતું. એટલે તેઓશ્રી પોતાના લેખ ચેક કરવા મને આપે હું ધ્યાનપૂર્વક ચીવટથી જોઈ લેતો. કોઈ કોઈ સ્થાન વિવાદાસ્પદ લાગે, બીજી રીતે લખવાનું લાગે કે કોઈ શાબ્દિક ફેરફાર કરવાનું લાગે તો આ માટે તેઓશ્રી તરફથી પૂરી સ્વતંત્રતા હતી. પણ સુધારવા જેવું કવચિત જ સામાન્ય હોય. યદ્યપિ સુધારા જરા તરા હોય. મને યાદ છે ત્યાં સુધી એ સુધારા અંગે અંગો ચર્ચા કરી લેતા, સુધારો અનિવાર્ય હોય ત્યાંજ કરાતો એટલે એકેય સુધારો અમાન્ય ન થતો.

કોઇ શુભ પળે-ચોઘડીએ નીકળેલી વાત સાકાર થઈ અને લેખમાળા ચાલુ થઈ અને વાચકોએ ઘણા રસપૂર્વક વાંચવા માંડી પૂજ્યશ્રીની કલમ-ભાષા અને ખાસ તો તત્ત્વજ્ઞાનના ઢોળ-પોલીશથી સં

લિત વર્ણનથી તત્ત્વજ્ઞવાંચકો તો આફ્રીન થઈ ગયા. વાંચીને અનુ-મોદનાના પત્રો પણ આવતા. હું પૂજ્યશ્રીને કહેતો કે જુઓ કેટ-કેટલા આત્માઓ આપની જ્ઞાન પ્રસાદીનો લાભ ઉઠાવી રહ્યા છે. કોરાની માંગણી લેખ લખવાની દર મહિને આવે. પૂજ્યશ્રીને હું કાળજી રાખી લખવાનું શરુ કરાવી દેતો. ઘણી વાર એક કલાકનું એકાંત કાઢવું ઘણું મુશ્કેલ બનતું પણ સળંગ લેખમાળા એટલે મુશ્કેલીમાં કઇ વેઠીને પણ લેખ લખી નાખતા અને તેઓ એક જ બેઠકે કલાકમાં ત્રણથી ચાર પાના લખી નાખતા પછી મને આપે અને કહે કે નજર કરી લેજે પછી મોકલાવી દે જે. આ રીતે લાંબા સમય સુધી પ્રવૃત્તિ કરી તો આટલું લખાયું, પણ તે પછી થયું એવું કે કમનશીબે 'જૈનયુગ' માસિકનું પ્રકાશન બંધ થયું એટલે લખવાનો વ્યવસાય બંધ થયો અને જ્યારે બંધ થયું ત્યારે ૨૭મો ભવ શરૂ થઈ ગયો હતો. જો એકાદ બે વરસ ચાલ્યું હોત તો પુરી શાસ્ત્રીય પદ્ધતિથી લખાએલું અનોખું અને બેજોડ એવું એક ભગવાન મહાવીરનું સંપૂર્ણ જીવનચરિત્ર આપણે પ્રાપ્ત કરી શકયા હોત ! જો કે હું તો પાછળથી સમય કાઢી ધીમે ધીમે ચરિત્ર પુરૂં કરવા ઘણી વાર યાદીઓ આપ્યા કરતો પણ લખી ન શકે જૈનયુગને મહિને ફર-જિયાત ખોરાક નીરવો પડે તેમ હતું એટલે લેખનો ખોરાક આપ્યા સિવાય ચાલે તેમ ન હતું, એ મોટી ચિંતા એમને માથે સવાર હતી એટલે લખવાની ફરજ પડતી એટલે લખી શકતા અને આ નિમિત્તે સમાજના સદ્ભાગ્યે આટલી એમની કલમ પ્રસાદી મળી શકી !

અરે ! તત્ત્વાર્થના ભાષાંતર માટે પૂજ્યશ્રીજીને ૪૦ વરસ પહેલાં એટલે સં. ૨૦૦૦ની સાલમાં અમદાવાદમાં નાગજીભૂદરની પોળે તત્ત્વાર્થસૂત્રની વાચના આપતા હતા અને એટલું સરસ સમજાવતા ત્યારે શ્રોતાઓ મને કહેતા કે ગુરુજી પાસે ભાષાંતર કરાવોને ? ત્યારે પણ મેં વિનંતિ કરેલી મારી એ પ્રાર્થના જો ફળી હોત તો તત્ત્વા-

ર્થનું એક અનોખી શૈલી અને અનોખા તાત્ત્વિક ભાવો સાથેનું એક સુંદર વિવેચન સમાજને સાંપડ્યું હોત !

* * *

પ્રાસંગિક એક વાત લખવાની લાલચને રોકી શકતો નથી. રાજકોટમાં તેઓશ્રી બપોરના ચારથી પાંચના ટાઇમે પ્રાયઃ તત્ત્વાર્થની વાચના આપતા હતા, વાચનામાં લગભગ તત્ત્વજ્ઞાનના જાણકારો, અભ્યાસીઓ, વકીલો અને શિક્ષિતો આવતા હતા. એમાં જાણીતા શ્રી રામજી માણેકચંદ દોશી કાનજી સ્વામીના પરમ ભક્ત પ્રધાન શ્રોતા હતા. એમને ખૂબ જ ચીવટ પૂર્વક પ્રશ્નોત્તરી સાથે તત્ત્વાર્થ સૂત્રનું પૂરું વાંચન કર્યું. ૬ મહિના સુધીમાં પૂજ્યશ્રીને જ્ઞાનદાન કરવાનો ભાવ એવો કોઇ ઉત્કટ કે રામજીભાઇને વકીલાતના ધંધાને અંગે ક્યારેક બહારગામ જવાનું હોય ત્યારે તેઓ એકપણ દિવસ પાઠ વિના ન જવો જોઇએ એવી રામજીભાઈની ઉત્કટ ધગશ, પૂજ્યશ્રીજીની સમજાવવાની શૈલી અને એમના ઊંડા તીવ્ર ક્ષયોપશમ પ્રત્યેનો ઊંડો આદર એટલે વળી રામજીભાઇ વહેલી સવારે પાઠ લેવા આવે. પૂજ્ય ગુરુદેવ સવારે પડિલેહણ કરી તૈયાર થઇ જાય અને વાચના આપે. રામજીભાઈ પણ સવારના ૬-૬॥ વાગે પણ આવી જાય પૂજ્યગુરુજી તો સવારનો પોતાનો કાર્યક્રમ સમાપ્ત કરી તૈયાર થઈ જતા. જ્ઞાનના ખૂબ ઉદાર આ જ્ઞાનદાતા ગુરુ, એમને તીવ્ર જ્ઞાનપિપાસુ અભ્યાસી મળે પછી શું પૂછવાનું એટલે અખંડ અધ્યયન થવા પામ્યું.

પ્રસ્તુત ૨૭મા ભવના લેખન બાબતની જ્ઞાનગમ્ય વિગત રજૂ કરવા સાથે પ્રસંગવશ પૂજ્યશ્રી અંગેના થોડા સંભારણા રજૂ કર્યા.

હવે ૨૭ મા ભવનું વાચન શરૂ કરો :—

卐

# છેલ્લા ૨૭ મા ભવનો પ્રારંભ

નોંધઃ— ૨૭ મા ભવનું વર્ણન કરતાં પહેલાં પૂજ્ય ગુરુદેવ ૨૭ મા ભવના અનુસંધાનમાં અનિવાર્ય એવી કેટલીક બાબતની ભૂમિકા બાંધે છે. એમાં કેટલીય મહત્વની તાત્ત્વિક, આધ્યાત્મિક બાબતો રજૂ કરીને તારક તીર્થંકરદેવો વિશ્વમાં કયા સ્થળે જન્મ લે છે તે સ્થળનો પરિચય વાંચકોને કરાવવો હોવાથી જૈનભૂગોળ દ્વારા તે સ્થળનો નિર્દેશ કરી ૨૭ મા ભવનું વર્ણન શરુ કરશે.

—સંપા૦ યશોવિ.

## આત્મા વગેરે દ્રવ્યોનું સ્વરૂપ

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ આ વિશ્વ અનાદિ-અનંત છે. આ વિશ્વમાં જે જીવાત્માઓ છે તેની સંખ્યા અનંત છે. એ અનંત જીવાત્માઓ પૈકી કોઈપણ જીવાત્માની-કોઈપણ કાળે ઉત્પતિ થયેલ નથી. અને આ અપેક્ષાએ એ જીવાત્માઓ અનાદિ છે. એજ પ્રમાણે એ સર્વે જીવાત્માઓ પૈકી કોઈપણ જીવાત્માનો સર્વથા વિનાશ થયો નથી, થતો નથી અને ભાવિકાળે થવાનો પણ નથી. જે જીવાત્મા છે તે સદા સર્વથા જીવાત્મા જ રહેવાનો છે. એ કારણે જીવાત્માઓ સંખ્યાની અપેક્ષાએ જેમ અનંત છે તેમ કાળની અપેક્ષાએ પણ અનંત છે. જે પ્રમાણે જીવાત્માઓ અનાદિ-અનંત અર્થાત્ શાશ્વત છે. તે જ પ્રમાણે

વિશ્વમાં વર્તતા અણુ-પરમાણુઓ યાવત્ સર્વ પુદ્ગલદ્રવ્યો પણ શાશ્વત્ છે.

માયા, કર્મ, કિંવા પ્રકૃતિના સંબંધના કારણે, જીવાત્માના મનુષ્ય, પશુપક્ષી, દેવ-નારક, કીડી-મંકોડી, ઝાડ-પાન રૂપે બાહ્યદૃષ્ટિએ અનેક રૂપાંતરો થયા કરે છે. તેમજ કામ, ક્રોધ, મોહ, માયા, લોભ અને અજ્ઞાનભાવના ભિન્નભિન્ન વિકારોના કારણે અંતરંગ ( આધ્યાત્મિક ) દૃષ્ટિએ પણ જીવાત્માનું પરાવર્તન થયા કરે છે. એ બાહ્ય તેમજ અંતરંગ સ્વરૂપના પરાવર્તન ( પર્યાય )ની ઉત્પતિ અને વિનાશ અનાદિકાળથી ચાલ્યા કરે છે. એમ છતાં જીવાત્મા શાશ્વત હોવા સાથે એનું મૂળ સ્વરૂપ તિરોભાવે ( અપ્રગટ ભાવે ) પણ કાયમનું કાયમ જ હોય છે.

વિશ્વમાં વર્તતા જીવાત્માઓ માટે મૂળભૂત જે પરિસ્થિતિ છે, તે જ પરિસ્થિતિ અચેતન પુદ્ગલ અણુ-પરમાણુઓ માટે પણ સમજવાની છે. અણુ-પરમાણુઓ સદા-સર્વદા નિત્ય છે. તેની ઉત્પત્તિ નથી તેમજ તેનો વિનાશ પણ નથી. પરંતુ ભિન્નભિન્ન પરમાણુઓ ભિન્નભિન્ન સ્વરૂપે ભેગા થાય એટલે શરીર, ઘર, વસ્ત્ર, શબ્દ, સંધ્યાના વાદળ, વિમાન, ભવન એમ ગણનાતીત જુદી જુદી અવસ્થામાં એ અણુ-પરમાણુઓનો સમુદાય ( સ્કંધ ) દેખાય છે. એ શરીર વગેરે સ્કંધનાં ઉત્પત્તિ અને વિલય બંને હોય છે. પણ મૂળ ' અણુપરમાણુઓનાં ઉત્પત્તિ અને વિલય હોતાં નથી. એ અનંતાનંત અણુપરમાણુઓ નિત્ય છે, શાશ્વત છે અને સદા-સર્વદા વિદ્યમાન રહેવાના છે.

## આકાશદ્રવ્યના લોકાકાશ અને અલોકાકાશ વિભાગ

અનંત જીવાત્માઓ તેમજ અનંતાનંત અણુ-પરમાણુઓને અવગાહ એટલે કે સ્થાન આપનાર જે દ્રવ્ય પદાર્થ છે, તેનું નામ આકાશ છે. આ આકાશ દ્રવ્ય સંખ્યાની અપેક્ષાએ એક જ છે, પણ ક્ષેત્રની-પ્રદેશની અપેક્ષાએ અનંત છે. એ આકાશ દ્રવ્યનો ક્ષેત્રની અપેક્ષાએ કોઈ સ્થળે અંત નથી. આ આકાશદ્રવ્યના સાપેક્ષ ભાવે બે પ્રકાર છે. લોકાકાશ અને અલોકાકાશ. જે આકાશક્ષેત્રમાં અનંત જીવાત્માઓ અને અનંત અણુ-પરમાણુઓ રહેલા છે તે આકાશક્ષેત્રને લોકાકાશ કહે છે. આજની પ્રચલિત ભાષામાં વિશ્વ, જગત, દુનિયા જે કંઇ કહેવાય છે તે આ લોકાકાશ છે. લોકાકાશના ક્ષેત્રની અપેક્ષાએ વિસ્તારમાં અનંતાનંતગણું અલોકાકાશનું ક્ષેત્ર છે. આ અલોકાકાશમાં જીવાત્મા અને અણુ-પરમાણુઓનો સર્વથા અભાવ છે લોકાકાશની-અંતિમ રેખા ઉપર ઉભો રહીને કોઇપણ શકિતશાળી દેવ, દાનવ કે મનુષ્ય આ અલોકાકાશમાં આંગળી પણ લાંબી કરી શકતો નથી. કારણકે લોકાકાશવર્તી જીવો અને પુદ્ગલ દ્રવ્યો જ્યારે ગતિ અને સ્થિતિશીલ બનીને ગતિ અને સ્થિતિ પરિણામમાં પરિણમે છે. ત્યારે તે દ્રવ્યોને ગતિ અને સ્થિતિમાં નિમિત્તભાવે સહાયક બનતાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નામના બે દ્રવ્યો કે જે લોકાકાશમાં વ્યાપીને રહેલાં છે, તે અલોકમાં ન હોવાથી જીવ-પુદ્ગલોની ગતિ સ્થિતિ ત્યાં થતી નથી.

## લોકાકાશના ઊર્ધ્વ, મધ્ય, અને અધોલોકના વિભાગો

આ લોકાકાશ કિંવા અખિલ વિશ્વ ઊર્ધ્વલોક, તિર્યંગ્ (મધ્ય) લોક અને અધોલોક એમ મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચાયેલ છે. પૃથ્વી, પાણી, વગેરે તરીકે ઉત્પન્ન થયેલા જીવાત્માઓ આ ત્રણે પ્રકારના લોકમાં પ્રાયઃ સર્વત્ર વ્યાપીને રહેલા હોય છે. એમ છતાં ઊર્ધ્વલોકમાં મુખ્યત્વે ભૌતિક સુખનો, અસંખ્ય વર્ષો પર્યંત અનુભવ કરનારા દેવોનું સ્થાન હોય છે. મધ્યલોકમાં બહુલતાએ માનવો અને પશુ પક્ષીઓની ઉત્પત્તિનું સ્થાન છે. અને રોગ શોક વગેરેને કારણે અસંખ્ય કાળ પર્યંત, વધુ પ્રમાણમાં દુઃખો ભોગવનારા જીવાત્માઓ જેને નારકી તરીકે સર્વ ધર્મ સંપ્રદાયોમાં સંબોધવામાં આવે છે. તેઓનું સ્થાન અધોલોકમાં છે.

## માનવ જન્મની મહત્તા તેમજ તેની ઉન્નતિ અને અવનતી

અંતરંગ દૃષ્ટિએ જીવાત્માની ઉન્નતિ અને અવનતિની છેલ્લી સીમાએ પહોંચવા માટેનો કોઈપણ જન્મ હોય તો તે માનવ જન્મ છે. મધ્યલોકમાં વર્તતા અનેક ક્ષેત્રો કિંવા વિભાગોમાં ક્રોડો અને અબજોની સંખ્યામાં માનવો જન્મે છે એમ છતાં દરેક ક્ષેત્રમાં માનવો ઉન્નતિ કે અવનતિની છેલ્લી સીમાએ પહોંચી શકતા નથી. અમુક ક્ષેત્રનો પ્રભાવ જ એવો હોય છે કે ત્યાંની માનવ શક્તિ મર્યાદિત ઉન્નતિ કે અવનતિ માટે જ કામ કરે છે. આ ક્ષેત્રોને શાસ્ત્રમાં અકર્મભૂમિ કહેલ છે. જ્યારે અમુક ક્ષેત્રો એવાં છે કે જો ત્યાંના માનવોને સાનુકૂળ નિમિત્તો હોય અને માનવશક્તિનો આધ્યાત્મિક

વિકાસ માટે જો સંપૂર્ણ સદુપયોગ થાય તો આ માનવ-જીવનમાં વર્તતો આત્મા માયા અવિદ્યા વધારાનું કિંવા કર્મના અનંતકાળના બંધનોનો સર્વથા વિચ્છેદ કરી જન્મ-જરા મરણના સર્વ દુઃખોથી રહિત થઇ અજર-અમર અને અવ્યાબાધ મુક્તિના ધામમાં પહોંચી જાય છે. અને ત્યાં પોતાનાં આધ્યાત્મિક સચ્ચિદાનંદમય અનંતસુખનો અનંતકાળ પર્યંત ઉપભોગ કરે છે આત્માની ચરમસીમાની ઉન્નતિ આ ક્ષેત્રમાં જ થઈ શકે છે. આથી ઉલટું, માનવ જેવું દુર્લભ જીવન અને અનુકૂળ ક્ષેત્ર મળવા છતાં હિંસા, અસત્ય ચોરી તેમજ ધન-દોલત ઉપરની તીવ્ર મૂર્છા વગેરે પાપાચરણોનાં તીવ્ર સેવન વડે પોતાની માનવશક્તિનો સંપૂર્ણપણે દુરુપયોગ કરનારા જીવો અવનતિની છેલ્લી સીમાએ પહોંચી ચિરકાળ પર્યંત નરક નિગોદનાં કષ્ટો દુઃખોને ભોગવે છે. આ રીતે માનવ જીવન પ્રાપ્ત થયા પછી આધ્યાત્મિક ઉન્નતિ તેમજ અવનતિની છેલ્લી સીમાએ પહોંચવાની શક્યતા જે ક્ષેત્રોમાં છે, એવાં મધ્યલોકનાં ક્ષેત્રોને કર્મભૂમિનાં ક્ષેત્રો તરીકે શાસ્ત્રમાં ગણવામાં આવ્યા છે

## ઉન્નતિમાં પરમ સહાયભૂત તીર્થંકરદેવોનું ધર્મશાસન

માનવ જીવનની ઉન્નતિનો મુખ્ય આધાર માનવના પોતાના પુરુષાર્થ ઉપર રહેલો છે. એમ છતાં જે મહાન વિભૂતિને ભગવાન, ઇશ્વર પરમાત્મા અથવા તીર્થંકર શબ્દોથી સંબોધવામાં આવે છે એવા તીર્થંકર ભગવાને પ્રવર્તાવેલ ધર્મશાસનના અવલંબનની એમાં અનિવાર્ય જરૂર રહે છે.

માનવ જીવન પ્રાપ્ત થયા બાદ તીર્થંકર પરમાત્માએ પ્રર્વાતવિલ ધર્મશાસનના અવલંબનથી હજારોલાખો યાવત્ કોટાનુકોટી આત્માઓ આધ્યાત્મિક દૃષ્ટિએ પૂર્ણતાએ પહોંચી શક્યા છે. પરંતુ ધર્મશાસનનું પ્રવર્તન કરનારા તીર્થંકર પરમાત્માઓ ભરત અને ઐરવત ક્ષેત્રમાં એક ઉત્સર્પિણી કિંવા એક અવસર્પિણી કાળમાં ૨૪ની સંખ્યામાં જ થાય છે. એકલા જૈનદર્શનમાં જ ધર્મશાસનને પ્રવર્તાવનારાની સંખ્યા ૨૪ની છે, એવું નથી; પરંતુ ઇતર દર્શનોમાં પણ ૨૪ અવતારની વાત જાણવામાં તેમજ વાંચવામાં આવે છે. મુસ્લીમ સમાજમાં પણ પેગંબરોની સંખ્યા ૨૪ ની કહેવામાં આવી છે. ધર્મશાસન કિંવા ધર્મતીર્થનું જે રીતે ત્રિકરણ યોગે અવલંબન લેવું જોઇએ, એ રીતે અવલંબન લેવામાં આવે તો અવલંબન લેનાર મહાનુભાવ આત્માના પૂર્ણસ્વરૂપને વહેલો કે મોડો અવશ્ય પ્રાપ્ત કરે છે. ધર્મશાસનમાં આવી અદ્ભુત શક્તિ છે. લોહને પારસમણિનો સ્પર્શ થાય એટલે લોહું સુવર્ણ બની જાય તે જ પ્રમાણે જે મહાનુભાવના અંતરાત્માને આ ધર્મશાસન સ્પર્શવા સાથે એકમેકપણે પરિણમે, તે આત્મા કર્મબંધનથી અવશ્ય મુક્ત થાય છે.

## ધર્મશાસન પ્રવર્તાવનાર તીર્થંકર ભગવંતો

ધર્મશાસન કિંવા ધર્મતીર્થના પ્રવર્તનનો અથવા સ્થાપનાનો અધિકાર ગમે તે વ્યક્તિને પ્રાપ્ત થતો નથી. એક ઉત્સર્પિણીમાં અર્થાત્ અસંખ્ય વર્ષોમાં આવા ધર્મતીર્થનું પ્રવર્તન કરનાર તીર્થંકર ભગવંતો (અવતારી મહાપુરુષો)

ની સંખ્યા ચોવીશની જ હોય છે. એ ચોવીશે તીર્થંકર ભગવંતોના આત્માઓ ભિન્ન ભિન્ન હોય છે. ઈતરદર્શનમાં એક જ આત્માના ભિન્ન ભિન્ન સ્વરૂપે ચોવીશ અવતાર માનવામાં આવે છે. પરંતુ જૈનદર્શનની માન્યતા એવી નથી. જૈનદર્શન તો દરેક તીર્થંકર ભગવંતના આત્માને જુદો જુદો માને છે અને મધ્યસ્થ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો યુક્તિથી પણ એ વાત સુસંગત લાગે છે.

## તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ

ધર્મશાસનનું પ્રવર્તન કરનાર તીર્થંકર ભગવંતના આત્મા ઓમાં તીર્થંકર ભગવંત થવાની યોગ્યતા તો અનંતકાળથી તિરોભાવે રહેલી જ હોય છે. પરંતુ જે જન્મમાં એ આત્માઓ તીર્થંકર તરીકે અવતરે છે. એ જન્મની અપેક્ષાએ પાછલાં (ભૂતકાળના) ત્રીજા જન્મમાં તીર્થંકરપદની પ્રાપ્તિ માટેનો પરિપૂર્ણ પુરુષાર્થ શરૂ થાય છે. એ ત્રીજા પાછલા જન્મમાં અનેક વ્રત-નિયમ-તપસ્યાની આચરણા સાથે, તેઓના અંતરાત્મામાં વિશ્વના સર્વ જીવો માટે અવર્ણનીય આત્મીયભાવ કિંવા અભેદભાવ પ્રગટે છે. હું અને વિશ્વનાં જીવો જુદા નથી. વિશ્વના કોઇપણ જીવાત્માનું બાહ્ય અભ્યં-તર કોઇપણ પ્રકારનું દુઃખ એ મારું દુઃખ છે. અને એ સર્વ જીવોના દુઃખનું નિવારણ કરવા માટે મારા સર્વસ્વનો ભોગ આપવો એ મારો પરમ ધર્મ છે. આવા પ્રકારની પરા-કાષ્ઠાની મૈત્રી કિંવા વિશ્વબંધુત્વની વાસ્તવિક ભાવના એ તીર્થંકર થનાર વિભૂતિના આત્મમંદિરમાં પ્રગટ થાય છે.

સૂતાં જાગતા કે જીવનની હરકોઈ પ્રવૃત્તિ કરતાં એમના અંતરમાં આ મૈત્રીભાવનાનું એકધારૂં રટન ચાલે છે. અને એ પવિત્ર ભાવનાની પરાકાષ્ઠાને કારણે એ વિભૂતિ ભાવિકાલે તીર્થંકર ભગવાન થવાની યોગ્યતા પાછળના ત્રીજા ભવમાં નિશ્ચિત કરે છે. અને તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કહે છે.

એ મૈત્રી ભાવનાનો અમલ કરવાના અભિલાષમાં ને અભિલાષમાં એ ભવનું જીવન પરિપૂર્ણ થાય છે. અને મોટે ભાગે તીર્થંકર ભગવાન થનાર એ દિવ્ય આત્મા દેવગતિમાં વૈમાનિક નિકાયમાં ઉત્પન્ન થાય છે. અસંખ્ય કાલ૦ પર્યંત અનાસકત ભાવે દેવલોકના દિવ્યસુખોનો ભોગવટો એ વૈમાનિક નિકાયમાં (દેવલોકમાં) ચાલુ રહે છે. સાથે સાથે સમ્યગ્દર્શન ગુણની વિશુદ્ધિના પ્રભાવે વિશ્વના સર્વ જીવો સાથે મૈત્રી સાધવાની ભાવનાનો પ્રકાશ પણ અવિચ્છિન્નપણે ટકી રહે છે.

---

જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા જૈનશાસનમાં આ સાતેય ઉત્તરોત્તર ઉતરતા ઉતરતા પણ સુપાત્ર ક્ષેત્રો છે. નીચેના ક્ષેત્રોનું દ્રવ્ય ઉપરના ક્ષેત્રોમાં વપરાય પણ ઉપર ઉપરના ક્ષેત્રો માટે નિયત થયેલ દ્રવ્ય નીચેના ક્ષેત્રમાં ન વપરાય આ જૈન શાસનની વ્યવસ્થિત મર્યાદા છે કે અવસરે જે ક્ષેત્ર સીદાતું હોય તે અવસરે પહેલેથીજ વિવેક પુર્વક એ ક્ષેત્રને પુષ્ટ કરવા માટે ધ્યાન દેવું ઘણું સુંદર છે. પણ પ્રભુ-ભકિતના ક્ષેત્રમા અર્પિત થએલું દ્રવ્ય સાધર્મિકના ઉત્કર્ષ માટે વાપરવાનો વિચાર કરવો એ શાસનની કોઇ પણ વ્યકિત માટે હિતાવહ નથી.

ધર્મવાણી પુસ્તિકામાંથી

# ૨૭મા (અન્તિમ) ભવની શરૂઆત

## તીર્થંકરપરમાત્માનું ગર્ભાવતરણ અને વિશ્વમાં સર્વત્ર સુખશાન્તિનો પ્રસાર

વૈમાનિકનિકાયનું અસંખ્ય વર્ષનું આયુષ્ય પૂર્ણ થયા બાદ તીર્થંકર પરમાત્માનો આત્મા માનવલોકના પૃથ્વીતલ ઉપર ક્ષત્રિયકુલમાં, કોઈ રાજા–મહારાજાની રાણીની કુક્ષીમાં પુત્રરૂપે ગર્ભપણે અવતરે છે. અને એ ગર્ભાવતરણની સાથે જ એ જન્મમાં તીર્થંકરભગવંત થવાનું સૂચન કરતાં લક્ષણો શરૂ થાય છે. પોતાનાં ભૂતકાળના જીવનમાં વિશ્વના સર્વ જીવોની લૌકિક તેમજ લોકોત્તર અનંતશાંતિ માટે મન–વાણી કાયાનો સમર્પિત ભાવ હોય એવા પરમાત્માસ્વરૂપ આત્માઓના ગર્ભાવતાર પ્રસંગે અખિલ વિશ્વમાં વીજળીના ઝબકારાની માફક [1]ક્ષણભર અજવાળા અજવાળા પથરાઈ જાય છે. અને પૃથ્વી, પાણી વગેરે એકેન્દ્રિય જીવો ઉપરાંત નિરંતર ત્રિવિધ સંતાપથી સંતપ્ત બનેલા નારકના જીવોને પણ એ અવતરણ (ચ્યવન કલ્યાણક) પ્રસંગે સુખ–શાંતિનો ક્ષણભર અનુભવ થાય છે.

તાજા જન્મેલા બાળકો અથવા પશુ–પક્ષીઓના બચ્ચાઓ પોતાની માતાને (જન્મ આપનાર જનેતાને) દેખતાની

---

૧. આ અજવાળા પ્રકાશ ૪૮ મીનીટ સુધી આ ધરતી પર રહે છે.

સાથે સર્વ પ્રકારનાં દુ:ખને ભૂલી જાય છે. અને એક પ્રકારની નિર્ભયતાની હુંફ કિંવા શાંતિ અનુભવે છે. તો ભગવાન તીર્થંકર પ્રભુ વિશ્વના સર્વ જીવો ઉપરના તેમના અસાધારણ વાત્સલ્ય ભાવનાના કારણે માતાની માતા જેવા છે. અને તેથી એ પરમાત્માના ગર્ભાવતાર પ્રસંગે વિશ્વના સર્વ જીવાત્માઓ સુખ–શાંતિનો ક્ષણભર અનુભવ કરે તે યથાર્થ છે.

## માતાનું સ્વપ્નદર્શન અને ઇન્દ્રદ્વારા સ્તુતિ

ગૃહસ્થાશ્રમમાં વર્તતી કોઇ પણ સ્ત્રીના ગર્ભમાં કોઇ ઉત્તમઆત્માનું જે અવસરે અવતરણ થાય છે. તે અવસરે તે સ્ત્રીને [માતાને] પ્રાય: ઉત્તમ કોટિનું સ્વપ્ન આવે છે. તીર્થંકર ભગવાનનો આત્મા તો ઉત્તમોત્તમ છે. એટલે જે રાત્રિએ ભગવાન માતાની કુક્ષિમાં અવતરે છે, તે રાત્રિએ એ રત્નકુક્ષિ માતાને સ્વપ્નશાસ્ત્રની અપેક્ષાએ શિરોમણિ ગણાતાં ગજ, વૃષભ વગેરે ચૌદ મહાસ્વપ્નો આવે છે. ઉપરાંત જે ક્ષણે એ પરમાત્માનું માતાની કુક્ષિમાં અવતરણ થાય છે. તે ક્ષણે અસંખ્ય યોજન દૂર રહેલા દેવલોકમાં સૌધર્મ દેવલોકના સ્વામી સૌધર્મેન્દ્રનું સિંહાસન ચલિત થાય છે. ઇન્દ્રમહારાજ પોતાને દેવેન્દ્રના ભવની સાથે પ્રાપ્ત થયેલ અવધિજ્ઞાન વડે મનુષ્યલોકમાં તીર્થંકર પરમાત્માનું અવતરણ થયાનું જાણે છે. અને જાણતાંની સાથે જ, પોતાના મણિરત્ન જડેલા સુવર્ણના સિંહાસન ઉપરથી ઉભા થઇ, પગમાં પહેરેલી દિવ્ય મોજડીઓને દૂર કરી જે દિશામાં ભગવાનનું અવતરણ થયેલ છે, એ દિશા સન્મુખ સાત આઠ ડગલા જઇ ચૈત્યવંદનની મુદ્રાએ જમીન ઉપર બેસી, મસ્તક ઉપર

અંજલિ કરવા પૂર્વક ભાવિકાલે જગજ્જંતુના ઉદ્ધારક થનાર એ પરમાત્માત્માની 'નમુત્થુણં' એ સૂત્રથી ગુણગર્ભિત સ્તુતિ કરે છે.

વિશ્વના સર્વ જીવાત્માઓ માટે અપ્રતિમ વાત્સલ્ય-ભાવના કારણે બંધાયેલ તીર્થંકર નામ કર્મની પુણ્યપ્રકૃતિનો આ બધો અચિન્ત્ય પ્રભાવ છે. વિશ્વના સર્વ જીવોનું ત્રણેય કાળનું કાળનું પુણ્યબલ ત્રાજવાના એક પલ્લામાં મૂકવામાં આવે અને બીજા પલ્લામાં તીર્થંકર નામકર્મની પુણ્યપ્રકૃતિ મુકવામાં આવે તો તીર્થંકર નામકર્મની પ્રકૃતિવાળું પલ્લું જ નમે છે.

## તીર્થંકરનામકર્મ પુણ્યનો પ્રબળ પ્રભાવ

વિશ્વમાં પુણ્ય અને પાપ ચર્મચક્ષુથી પ્રત્યક્ષ ભાવે ભલે ન દેખાય, પરંતુ એ પુણ્ય અને પાપના ફલો તો પ્રત્યક્ષ અનુભવાય છે. મૂળ સ્વરૂપની અપેક્ષાએ સંસારમાં વર્તતા બધા જીવાત્માઓ સમાન લેખાતા હોવા છતાં, અમુક જીવાત્માઓ પશુ-પક્ષીની યોનિમાં અમુક જીવાત્માઓ માખી મચ્છર અથવા કીટ પતંગીયાની યોનિમાં, અમુક જીવાત્માઓ ઝાડ પાનની યોનિમાં અમુક જીવાત્માઓ દેવો તરીકે અને અમુક જીવાત્માઓ નારક અથવા માનવ તરીકે ઉત્પન્ન છે. એ બધી વિચિત્રતા શુભ, અશુભ કર્મ અથવા પુણ્ય, પાપને જ આભારી છે. મનુષ્ય મનુષ્યમાં એક સુખી, એક દુઃખી એક રોગી, બીજો નિરોગી, એક રંક, બીજો રાજા વગેરે તફાવત પ્રત્યક્ષ દેખાય છે આ બધી પણ પુણ્ય

પાપની જ લીલા છે. એક જ પિતા તેમજ એક જ માતાના પાંચ સંતાનોમાં બધાયનું પ્રારબ્ધ સરખું નથી હોતું, જે અનુભવસિદ્ધ છે. આવા સંજોગોમાં પુણ્ય અને પાપને માન્યા સિવાય કોઈ પણ બુદ્ધિમાનને ચાલે તેમ નથી.

આ પુણ્યના અનેક વિભાગો છે. માનવજીવન મળવું, પંચેન્દ્રિયની પૂર્ણતા પ્રાપ્ત થવી, નિરોગી શરીર અને ઉત્તમ કુલ તેમજ ધન–દોલત વગેરેની અનુકુળતા મળવી, એ બધા પુણ્યના પ્રકારો છે. શાસ્ત્રગ્રન્થોમાં નવ પ્રકારે પુણ્ય બાંધવાની તેમજ બેંતાલીશ પ્રકારે પુણ્ય ભોગવવાની જે હકીકત આપી છે. તે યથાર્થ હોવા છતાં સ્થૂલ છે. સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારતાં તો પુણ્ય બાંધવાના તેમજ પુણ્ય ભોગવવાના અસંખ્ય પ્રકારો છે. પુણ્યના આ સર્વ પ્રકારોમાં તીર્થંકર નામકર્મની પુણ્યપ્રકૃતિનું સ્થાન શિરોમણિ છે. જગતના સર્વ જીવો માટે વિશ્વબંધુત્વની ઉત્કૃષ્ટ ભાવના રૂપી પુણ્યબંધનો હેતુ પણ બીજા સર્વ પુણ્યબંધના હેતુની અપેક્ષાએ સર્વોત્તમ છે. કાર્ય સર્વોત્તમ હોય તો તેનું કારણ પણ સર્વોત્તમ જ હોવું જોઇએ.

## ઈંદ્રનું સિંહાસન ચલિત થવાના સંદેહનું સમાધાન

વર્તમાનમાં કોઇ કોઈ મહાનુભાવોને ભગવાન તીર્થંકર દેવના અવતરણ (ચ્યવન કલ્યાણક) પ્રસંગે સૌધર્મેન્દ્રના સિંહાસનના ચલિત થવાના વિષયમાં સંદેહ રહે છે. પરંતુ પુણ્ય કે પાપ એ અમુક પ્રકારના અણુ–પરમાણુઓનો સ્કંધ રૂપે પરિણમેલ સમુદાય છે. અને અણું–પરમાણુંઓના

વિશિષ્ટ પ્રકારનાં સમુદાયમાં નજીક અથવા દુર રહેલા સૌધર્મેન્દ્રના સિંહાસન જેવાં અણુ-પરમાણુંઓના સમુદાયનું આકર્ષણ કરવાની કે એ અણુ-પરમાણુના સમુદાયને ચલિત[1] કરવાની શક્તિ હોય, એ હકીકત આજના વૈજ્ઞાનિક અણુ-પરમાણુની શક્તિના પ્રયોગાત્મક પુરાવાના યુગમાં બરાબર બંધબેસતી આવે છે. તેથી ભગવાનના અવતરણ પ્રસંગે સૌધર્મદેવલોકના સિંહાસનને ચલિત થવાની હકીકત માટે સંશય રાખવાનું કોઇ કારણ નથી.

## કલ્યાણક સમયના અજવાળા અને શાંતિ સર્વદા ન હોવા બાબત શંકાનું સમાધાન

ભગવાન તીર્થંકર દેવના ચ્યવન, જન્મ વગેરે કલ્યાણક પ્રસંગે નારકીના સ્થાનો સહિત અખિલ વિશ્વમાં ક્ષણભર (એટલે ૪૮ મીનીટ સુધી) અજવાળાં-અજવાળાં પથરાય, અને પૃથ્વી, પાણી વગેરે પાંચે પ્રકારના સ્થાવર જીવોને તેમજ નારકી વગેરે સર્વજીવોને એ અવસરે ક્ષણભર સુખ શાંતિનો અનુભવ થાય તો એ અજવાળાં અને સુખ-શાંતિનો અનુભવ તીર્થંકર પરમાત્માના ગર્ભાવતારથી લઇને નિર્વાણ પર્યંત કાયમ કેમ ન રહે ? તીર્થંકર પરમાત્માનું અસ્તિત્વ જો વિશ્વમાં સર્વ કોઇને સુખ શાંતિના અનુભવનું કારણ હોય તો જ્યાં સુધી પરમાત્મા તીર્થંકર વિદ્યમાન હોય ત્યાં સુધી એ અજવાળાં અને સર્વજીવોને સુખ-શાંતિનો અનુ-

---

૧ ધરતી ઉપર બેઠાં બેઠાં દુર દુર રહેલો ઉપગ્રહો વગેરેનું ધરતી ઉપરથી કરવામાં આવનું સંચાલન આ વાતની સંપૂર્ણ સાબીતી કરી આપે છે. યશો.

ભવ કાયમ ટકી રહેવો જોઇએ. અને એમ બને તો સદાકાળ વિશ્વમાં અજવાળાં જ રહેવાં જોઇએ, તેમજ હરકોઈ સંસારી જીવને સર્વત્ર સુખ શાંતિનો જ અનુભવ થવો જોઇએ. કારણ કે મનુષ્ય લોકમાં, જૈનશાસ્ત્રોના વચન પ્રમાણે, મહાવિદેહ ક્ષેત્રમાં હંમેશને માટે તીર્થંકરો હોય છે જ.

આવો પ્રશ્ન થવો એ સ્વાભાવિક છે. પરંતુ શાંતિથી વિચાર કરવામાં આવે તો યુક્તિથી અને શાસ્ત્રના વચનોથી તેનું બરાબર સમાધાન થઇ શકે છે. કોઇપણ રાજા–મહારાજાને ત્યાં અથવા ક્રોડપતિ, લક્ષાધિપતિ વગેરેને ત્યાં જે અવસરે પુત્ર જન્મ થાય છે, તે સમયના કિંવા તે દિવસના આનંદ જુદો હોય છે. ત્યારે ઘર ઘર સાકર વહેંચાય છે. અને સમગ્ર કુટુંબમાં યાવત્ સમગ્ર રાજ્યમાં તે દિવસે આનંદ આનંદ પ્રવર્તે છે. જન્મ થયા બાદ બીજા દિવસથી જન્મ દિવસના આનંદ જેવો આનંદ જોવામાં નથી આવતો એ વાત આપણા સર્વ કોઈના અનુભવથી જાણીતી છે. તે જ પ્રમાણે તીર્થંકર પરમાત્માના ચ્યવન, જન્મ વગેરે કલ્યાણકોના દિવસોમાં સર્વત્ર અજવાળાં તેમજ આનંદનું જે વાતાવરણ હોય તે વાતાવરણ પછીના [1] દિવસોમાં ન હોય તો તે બાબત વાસ્તવિક અને યુક્તિ સંગત છે.

કર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે કોઇપણ કર્મના શુભ

---

૧ જો અજવાળા કાયમ રહે તો વિશ્વની ઘણી વ્યવસ્થા જોખમાઈ જાય અને પારાવાર મુશ્કેલીઓ ઉભી થવા પામે અને જન્મ દિવસનો મહિમા કે મહત્વ નહીં રહે. ચરો.

અશુભ ફળનો તેમજ તેની તીવ્રતા–મંદતાનો આધાર તે તે કર્મમાં આ જીવે શુભ-અશુભ લેશ્યાના કારણે, પ્રગટ કરેલ રસ ઉપર છે. કર્મના બંધ પ્રસંગે શુભલેશ્યા હોય તો કર્મમાં શુભરસ ઉત્પન્ન થાય છે. શુભલેશ્યાની તીવ્રતા હોય તો કર્મના શુભરસમાં તીવ્રતા અને શુભલેશ્યાની મંદતા હોય તો કર્મના શુભરસમાં મંદતા પેદા થાય છે. એ જ પ્રમાણે અશુભ કર્મના રસની તીવ્રતા–મંદતા માટે પણ સમજી લેવું. શુભરસવાળું કર્મ સુખ આપે છે. અશુભરસવાળું કર્મ દુઃખ આપે છે. જીવનમાં સુખ–દુઃખનું કારણ કર્મનો શુભ–અશુભ રસ છે. અને કર્મના રસનું કારણ શુભ–અશુભ લેશ્યા છે.

વર્ષો સુધી જેનો સુખ–દુઃખરૂપે ભોગવટો ચાલે એવા શુભ કે અશુભ કર્મમાં એક સરખો શુભ–અશુભ રસ નથી હોતો. કોઇ ક્ષણ જીવનમાં એવી આવે કે એ ક્ષણે ઉત્કૃષ્ટ કોટિની શુભલેશ્યા હોય. આવી ઉત્કૃષ્ટ શુભલેશ્યાના કારણે બંધાતા કર્મમાં જે શુભરસ પેદા થાય અને એ શુભરસનો જે ક્ષણે ભોગવટો કરવાનો પ્રસંગ આવે ત્યારે શુભકર્મનું ફળ પણ સર્વોત્કૃષ્ટપણે ભોગવાય. તીર્થંકર ભગવંતના ચ્યવન કલ્યાણકથી લઈ તીર્થંકર પ્રભુના નિર્વાણ સુધી અને તેમાં પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી નિર્વાણ સુધી પ્રત્યેક ક્ષણે તીર્થંકર નામકર્મનો ઉદય સતત ચાલુ હોવા છતાં ચ્યવન, જન્મ વગેરે કલ્યાણકના વિશિષ્ટ પ્રસંગે જ વિશિષ્ટ રસનો ઉદય હોવાના કારણે, અખિલ વિશ્વમાં સર્વત્ર અજ-વાળા અજવાળા અને વિશ્વના સર્વ જીવોને સુખ–શાંતિનો અનુભવ થવાની અને તે સિવાયના સમયે તેવા અજવાળાં

અને સુખ શાંતિનો અનુભવ ન થવાની શાસ્ત્રીય બાબત તદ્દન યથાર્થ છે.

### ચ્યવન કલ્યાણકનો પુણ્ય પ્રસંગ

વર્તમાન બિહાર પ્રાન્તમાં આવેલા પ્રાચીન વૈશાલીના બ્રાહ્મણકુંડ તરીકે પ્રસિદ્ધિ પામેલાં નગરમાં ચારેય વેદ વગેરે બ્રાહ્મણ યોગ્ય શાસ્ત્રોના પારંગત ઋષભદત્ત નામે એક બ્રાહ્મણ વસતા હતા. શીલ વગેરે પવિત્ર ગુણોથી અલંકૃત દેવાનંદા નામે તેમને પત્ની હતી.

આજથી લગભગ ૨૫૭૨ વર્ષો અગાઉ અષાઢ સુદિ ૬નો એ અતિપવિત્ર દિવસ હતો, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રના સુભગયોગની એ સોહામણી રાત હતી. તે વખતે શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો આત્મા વૈમાનિક નિકાયના પ્રાણત નામના દશમા દેવલોકમાં આવેલા પુષ્પોત્તરાવતંસક નામના સર્વ શિરોમણિ વિમાનમાં વીશ સાગરોપમની આયુષ્યની સ્થિતિ પરિપૂર્ણ થયા બાદ ત્યાંથી ચ્યવી દેવાનંદાની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયો. અને તે અવસરે કેશરી સિંહ, ગજ, વૃષભ, લક્ષ્મીનો અભિષેક, પુષ્પમાળાનું યુગલ, ચન્દ્ર, સૂર્ય, ધ્વજ, કળશ, પદ્મસરોવર, ક્ષીરસમુદ્ર, દેવ-વિમાન, રત્નરાશિ અને નિધૂંમ અગ્નિ શિખા એમ ચૌદ મહાસ્વપ્નને જોઇને અર્ધ (અલ્પ) નિદ્રાવસ્થામાં વર્તતા માતા દેવાનંદા જાગૃત થયા.

### માતાજીને સ્વપ્નદર્શન અને તેનું કારણ

કોઈપણ પુણ્યવંત મહાનુભાવનો ભાવિમાં ઉદય થવાનો હોય ત્યારે તેના પુણ્યબલના પ્રભાવે રાત્રિએ અલ્પ નિદ્રા-

વસ્થામાં તે ભાગ્યવંત સ્ત્રી અથવા પુરૂષને સ્વપ્નશાસ્ત્રના નિયમ પ્રમાણે ઉત્તમ સ્વપ્નો આવે છે. અને એવાં ઉત્તમ-સ્વપ્નો આવ્યા બાદ જાગૃત થયા પછી શેષરાત્રિ જે રીતે આનંદપૂર્વક ધર્મધ્યાનમાં પસાર કરવી જોઇએ તે રીતે પૂર્ણ કરવામાં આવે તેમજ સૂર્યોદય થાય એટલે પરમાત્માનાં દર્શન, પૂજન, વાચકોને દાન વગેરે સુકૃતની પ્રવૃત્તિ કરવામાં આવે તો તે મહાનુભાવને રાત્રિએ આવેલાં ઉત્તમ સ્વપ્નનું ફળ મર્યાદિત સમયમાં અવશ્ય પ્રાપ્ત થાય છે.

## કર્મનો ભોગવટો બે પ્રકારે, વિપાકોદયથી અને પ્રદેશોદયથી

જૈન દર્શનમાં પૂર્વાવસ્થામાં બંધાએલા શુભ—અશુભ કર્મનો ઉદય (કર્મના ફળનો ભોગવટો) બે પ્રકારે કહેલો છે. વિપાકોદયથી અને પ્રદેશોદયથી. જે કર્મનું જે ફળ હોય તે કર્મનું તે ફળ યથાર્થ ભોગવવું, તેનું નામ વિપાકોદય અને *જે કર્મનું જે ફળ હોય તેનો તે રૂપે યથાર્થ ભોગવટાનો* અનુભવ ન થવો, એમ છતાં મંદપણે શુભ અશુભ સ્વપ્ન દર્શન વગેરે પ્રકારે ભોગવટો થવો તેનું નામ પ્રદેશોદય છે. તીર્થંકર ભગવંતને તીર્થંકરના ભવમાં સંયમ ગ્રહણ કરવા પછી કેવલજ્ઞાન—કેવલદર્શનની પ્રાપ્તિ થવી અને સમવસરણ તથા કોઇવાર સુવર્ણ કમળ ઉપર બિરાજમાન થઇ ગ્લાનિરહિત યોજનગામિની ધર્મદેશના આપવી તેમજ ધર્મતીર્થની સ્થાપના થવા સાથે તેનું પ્રવર્તન પોતાની હયાતી સુધી ચાલુ રાખવું એ તીર્થંકર નામકર્મનું યથાર્થ ફળ છે. એ કારણે જ એવંભૂત નય (સર્વ શુદ્ધનય)ની અપેક્ષાએ તીર્થંકરભગ-

વંતો જ્યારે ધર્મદેશના આપતા હોય ત્યારે જ તેમને **તીર્થંકર** કહેવાય છે. તીર્થંકર નામકર્મનો ભોગવટો થવો અને ભોગવટા દ્વારા એ કર્મ પણ આત્મપ્રદેશોથી ક્રમે ક્રમે છુટું પડવું. આ હકીકત માટે **अगिलाणाए धम्मदेसणाए** શાસ્ત્રનાં આ વચનો સુપ્રસિદ્ધ છે.

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તીર્થંકરપરમાત્માનાં જીવન પર્યંત અશોકવૃક્ષ વગેરે અષ્ટ મહા–પ્રાતિહાર્યની નિરંતર હાજરી હોવાનું શાસ્ત્રમાં જે વર્ણન આવે છે તે અષ્ટ–મહા-પ્રાતિહાર્યની સતત હાજરી એ તીર્થંકરનામકર્મનું મુખ્ય ફળ નથી, મુખ્ય ફળ તો ગ્લાનિ (શ્રમ) રહિત ધર્મદેશના અને તેના પરિણામે ધર્મતીર્થનું પ્રવર્તન તીર્થંકરનામકર્મનું મુખ્ય ફળ છે. એમ છતાં તીર્થંકરના ભવની અપેક્ષાએ આગલા ત્રીજા ભવમાં જ્યારથી તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ થાય છે, ત્યારથી એ તીર્થંકરનામકર્મનો પ્રદેશોદય ચાલુ હોય છે. અને માતાજીને ચૌદ સ્વપ્ન દર્શન વગેરે અનેક પ્રકારનો મહિમા શરૂ થઈ જાય છે. તીર્થંકરનામકર્મનો નિકાચિત બંધ થયા પછી, અવશ્ય ભાવિભાવના કારણે, શ્રેણિકમહારાજની માફક તીર્થંકરના આત્માને નરકમાં ઉત્પન્ન થવાનો પ્રસંગ આવે તો નરકમાં પણ એ તીર્થંકરભગવંતના આત્માની બીજા નારકીના જીવોની અપેક્ષાએ અનેક પ્રકારની વિશેષતા હોય છે.

રાજા–મહારાજાને ત્યાં જન્મ લેનાર રાજપુત્ર જન્મથી રાજા બનતો નથી. એમ છતાં, વિશિષ્ટ પ્રકારની પુણ્યપ્રકૃતિ સત્તામાં વિદ્યમાન હોવાના કારણે એ રાજપુત્રનો જન્મ થયા

પછી અનેક પ્રકારની ધામધૂમ થતી હોવાનું સર્વજન પ્રસિદ્ધ છે. એ પ્રમાણે ભગવાન તીર્થંકરદેવ માતાની કુક્ષિમાં આવે ત્યારથી જ વ્યવહારનય તેમજ ઋજુસૂત્રનયની અપેક્ષાએ એમને તીર્થંકર તરીકે ગણવામાં આવે છે. અને ઇન્દ્રાદિદેવો શક્રસ્તવ[૧] (નમુત્થુણં) સૂત્ર વડે તે અવસરે ભગવંતની સ્તુતિ કરે છે.

## દેવાનંદાનું ઋષભદત્ત બ્રાહ્મણ પાસે જવું અને સ્વપ્નનો વૃત્તાંત રજૂ કરવો—

માતા દેવાનંદા ગજવૃષભાદિ ચૌદ ઉત્તમોત્તમ મહાસ્વપ્નોને અર્ધનિદ્રાવસ્થામાં જોઇને જાગૃત થયા. એમનું હૈયું હર્ષથી પુલકિત બન્યું. રોમરાજી વિકસ્વર થઈ, અને મુખ ઉપર પ્રસન્નતાની રેખાઓ પ્રગટ થઇ, પોતાના સ્વામીનાથના શયનખંડમાં માતા દેવાનંદા પહોંચ્યા. અને " આપ જય પામો, જય પામો " વગેરે મધુરશબ્દો વડે પોતાના સ્વામીને જાગૃત કર્યા. વહેલી પ્રભાતે પોતાના પત્ની દેવાનંદા પોતાની પાસે આવ્યા અને મધુર તેમજ માંગલિક શબ્દો વડે મને જાગૃત કર્યો; તેમાં જરૂર કોઈ પ્રશસ્ત કારણ હશે, એમ સમજી ઋષભદત્ત બ્રાહ્મણ પણ શય્યામાં બેઠાં થયા, એટલું જ નહિ, પણ, મધુર વચનોવડે દેવાનંદાનું સ્વાગત કરી પાસેના ભદ્રાસન ઉપર બેસવા માટે અનુજ્ઞા આપી, એટલે દેવાનંદા પણ ભદ્રાસન ઉપર શાંતિ અને સ્વસ્થતાથી બેઠા.

---

૧. તીર્થંકર કેવા હોય ? તેનો સર્વોત્તમ પરિચય આપતી આ મહત્ત્વની ગંભીરાર્થક સ્તુતિ-પ્રાર્થના છે. જૈનસંઘમાં ખૂબંજ સુપ્રસિદ્ધ છે. યશો૦

## ગૃહસ્થાશ્રમમાં પતિ-પત્નીનો ધર્માનુકૂલ વ્યવહાર

ગૃહસ્થાશ્રમમાં વર્તતા પતિ-પત્નીનો આચાર કેવો પ્રશંસનીય હોય છે. તે આ હકીકતથી સમજી શકાય છે. સંયમધર્મ કિંવા સંયમરતપણું માનવજીવનમાં પ્રાપ્ત થાય તો તો ઘણું ઉત્તમ, એમ છતાં એ ઉચ્ચ કક્ષાએ પહોંચવા માટે અંતરાત્મામાં વીર્યોલ્લાસ પ્રગટ ન થાય તો ગૃહસ્થાશ્રમમાં પણ પતિ-પત્નીએ ધર્માનુકૂલ કેવો સુંદર વચન વ્યવહાર રાખવો ? એ બાબત આવા પ્રસંગોથી સારી રીતે જાણવા મળી શકે છે.

## ચૌદ મહાસ્વપ્નોનું ફળ

પ્રભુના માતાજી દેવાનંદા, ભદ્રાસન ઊપર સ્વસ્થતાથી બેઠા પછી પોતાના પતિને હે દેવાનુપ્રિય! વગેરે પ્રશસ્ત સંબોધન પૂર્વક પાછલી રાત્રિએ પોતાના અલ્પ નિદ્રાવસ્થામાં આવેલા સિંહ ગજવૃષભાદિ ચૌદ મહાસ્વપ્નોનો વૃત્તાંત રજૂ કરે છે ઋષભદત્ત બ્રાહ્મણ પોતાની પત્નીને આવેલાં ચૌદમહાસ્વપ્નનો વૃત્તાંત શ્રવણ કરી અત્યંત ખુશ થાય છે તેમજ પોતાના સ્વપ્નશાસ્ત્રના અભ્યાસ તેમજ અનુભવના આધારે દેવાનંદા પાસે એ ચૌદમહાસ્વપ્નનું ફળ શું પ્રાપ્ત થશે ? તે હકીકત સંક્ષેપમાં મધુર વચનો વડે રજૂ કરે છે. હે દેવાનંદા ! તમોએ સિંહ ગજવૃષભાદિ જે ચૌદસ્વપ્ન આજની પાછલી રાત્રિએ જોયાં છે, તે સ્વપ્નો ઘણાં જ ઉત્તમ છે. આવા સ્વપ્નોનાં દર્શન કોઇ પ્રબલપુણ્યવંત આત્માનેજ આવે છે. આ સ્વપ્નદર્શનનું પ્રાસંગિક ફળ, અખૂટ ઋદ્ધિ-સિદ્ધિ, સંપત્તિની પ્રાપ્તિ તેમજ નિર્મળ યશકીર્તિ છે;

પરંતુ એનું મુખ્યફળ તો સર્વોત્તમ પુત્રરત્નની પ્રાપ્તિ છે. હે દેવાનંદા ! આ મહાન સ્વપ્નોના પ્રભાવે તમો આપણા કુળમાં દીપક સમાન પુત્રરત્નને યોગ્ય સમયે, જન્મ આપશો. આ પુત્રરત્ન પોતાનો જન્મ થયા પછી બાલ્યવયમાં વ્યાકરણ, ન્યાય, કાવ્ય, છંદશાસ્ત્ર વગેરે અનેકશાસ્ત્રોના અભ્યાસમાં કુશાગ્ર બુદ્ધિવાળો થશે. એટલું જ નહિ પણ ધર્મશાસ્ત્રોની અપેક્ષાએ ચારેય વેદ અને વેદના સર્વ અંગોપાંગો તેમજ સંપૂર્ણ રહસ્યને જાણનાર મહાબુધ્ધિમાન સર્વશાસ્ત્રનો પારગામી બનશે. પોતાના સ્વામીનાથ પાસેથી પોતાને આવેલાં મહાસ્વપ્નોનું ઉત્તમોત્તમ ફળ શ્રવણ કરી દેવાનંદા અત્યંત આનંદ પામ્યા. આનંદના અતિરેકમાં મોહપરવશ બની શેષરાત્રિ ધર્માચરણ ન કરતાં સાંસારિક ભોગસુખમાં પસાર કરે છે.

### શુભ સ્વપ્ન આવવા છતાં તેનું ફળ કેમ ન મળે

સ્વપ્ન શાસ્ત્રનો એ નિયમ છે કે કોઇપણ વ્યકિતને ઉત્તમ સ્વપ્ન આવ્યા પછી ઓછી બાકી રહેલ રાત્રિ દેવ-ગુરૂ ધર્મની આરાધનામાં પસાર કરવી જોઇએ. એ પ્રમાણે થાય તો જ તે તે મહાનુભાવને આવેલા શુભ સ્વપ્નનું ફળ પ્રાપ્ત થાય છે. પરંતુ મોહની આધીનતાના કારણે જો સાંસારિક ભોગ સુખની અથવા બીજી કોઈ પાપાચરણની પ્રવૃત્તિ થાય તો શુભ સ્વપ્નનાં ઉત્તમ ફળથી તે આત્મા વંચિત રહે છે. શુભ–અશુભ કર્મના પ્રભાવે શુભ–અશુભ સ્વપ્ન આવે છે. અને તેનાં શુભ–અશુભ ફળ પ્રાપ્ત થાય છે. પરંતુ શુભ કર્મના પ્રભાવે શુભસ્વપ્ન આવ્યા બાદ હજુ

એ સ્વપ્નનું જે ફળ પ્રાપ્ત થવું જોઇએ, તે ફળ પ્રાપ્ત થવા પહેલા મોહની આધીનતાના કારણે જો પાપાચરણ થાય તો એ પાપાચરણ પ્રસંગે તે પાપાચરણ કરનાર આત્માની મલિન પરિણતિના (કિંવા વિચારધારાના) કારણે નવું કર્મ તો અશુભ બંધાય છે. પરંતુ સત્તામાં રહેલ શુભકર્મ (જેના પ્રભાવે શુભ સ્વપ્ન આવેલ તે) પણ અશુભ કર્મ તરીકે ફેરવાઈ જાય છે. (જૈન દર્શનમાં એને કર્મનો સંક્રમ કહેવામાં આવે છે.) અને જે શુભ કર્મના પ્રભાવે શુભ સ્વપ્ન આવેલ હતું તે શુભકર્મ અશુભરૂપે ફેરવાઈ જવાથી શુભ સ્વપ્નનું ફળ પ્રાપ્ત થતું અટકી જાય છે. એ પ્રમાણે અશુભ સ્વપ્ન માટે સમજવાનું છે. શુભ સ્વપ્ન જેમ શુભકર્મના ઉદયથી આવે છે. તે જ પ્રમાણે અશુભ સ્વપ્ન અશુભકર્મનાં ઉદયથી આવે છે. પરંતુ અશુભ સ્વપ્ન આવ્યા પછી સ્વપ્ન શાસ્ત્રના નિયમ પ્રમાણે દેવ ગુરુ ધર્મની આરાધના તેમજ આયંબિલ વગેરે તપસ્યા જે રીતે ઉલ્લસિત ભાવથી કરવી જોઇએ તે રીતે કરવામાં આવે તો એ ધર્મપ્રવૃત્તિજન્ય વિશુદ્ધિ દ્વારા અશુભ સ્વપ્નનાં કારણરૂપ અશુભકર્મ શુભકર્મ રૂપે પલટાઈ જાય છે. અને એ રીતે અશુભકર્મના ફળરૂપે જે દુઃખ આવવાનું હતું તેનું નિવારણ થાય છે.

## બંધાયેલ શુભ-અશુભ કર્મનાં ફળમાં ફેરફાર થવાનું કારણ

જૈનદર્શનનો એક સિદ્ધાંત એ છે કે જે પ્રકારનો જોરદાર આત્મકલ્યાણનો પુરુષાર્થ પ્રગટ થવો જોઇએ એવો પુરુ-

ષાર્થ આત્મામાં પ્રગટ થાય તો નિકાચિત કર્મો પણ ભોગવટો કર્યા સિવાય આત્મપ્રદેશોમાંથી છુટા પડી શકે છે. કારણકે આખર મોક્ષગામી આત્મા માટે કર્મની શકિતની અપેક્ષાએ આત્માની શકિત વધુ બલવાન હોય છે. એ અપેક્ષાએ જ **"तवसा निकाइयाणंपि"** આ શાસ્ત્રવચન સંગત થાય છે. એમ છતાં એવાં નિકાચિતકર્મો સિવાય બીજા સામાન્ય રસ અને સ્થિતિવાળાં શુભ-અશુભ કર્મો જે રીતે બંધાયા હોય અને તે કર્મનું જે ફળ ભોગવવાનું સામાન્ય રીતે બંધ સમયે નકકી થયું હોય તે કર્મોના ફળો તે રીતે જ ભોગવવાં પડે છે એવો કોઈ એકાંત નિયમ નથી. કર્મનો બંધ થયા બાદ સામાન્ય રીતે તે કર્મનું ફળ તરત જ ભોગવવાનો પ્રસંગ નથી આવતો તો જેને જૈનદર્શનમાં 'અબાધાકાળ' કહેવામાં આવે છે. એવો અમુક સમય પસાર થાય પછી એ કર્મના ફળનો ભોગવટો શરૂ થાય છે.

માતા દેવાનંદાને ચૌદ મહાસ્વપ્નો પાછલી રાત્રિએ, અલ્પનિદ્રા પ્રસંગે આવ્યા અને દેવાનંદાના પતિ ઋષભદત્ત બ્રાહ્મણે દેવાનંદાને પોતાના સ્વપ્નશાસ્ત્રના અભ્યાસ પ્રમાણે ચૌદ મહાસ્વપ્નોનું ઉત્તમોત્તમ પુત્રરત્નની પ્રાપ્તિ વગેરે ફલ પણ જણાવ્યું અને બાકીની રાત્રિ સાંસારિક ભોગસુખમાં પસાર કરી. આ પ્રસંગને અનુલક્ષીને પૂર્વાચાર્ય ભગવંતોએ જણાવેલા જૈનદર્શનના કર્મવિષયક સિદ્ધાંતો પૈકી પૂર્વબદ્ધકર્મમાં પણ કેવા કેવા કારણે કેવું પરિવર્તન થવાની શકયતા છે એ અંગે સંક્ષિપ્ત વિવેચન અત્રે રજૂ કરવામાં આવે છે.

## કર્મનો સંક્રમ અને સકામ નિર્જરા

કોઇપણ શુભ–અશુભકર્મનો બંધ કરનાર જેમ આત્મા છે. તેજ પ્રમાણે બંધાયેલા એ શુભ–અશુભકર્મનો ભોગવટો કરનાર પણ આત્મા જ છે, પરંતુ શુભઅશુભ કર્મનો બંધ થયા બાદ જ્યાં સુધી ભોગવટાની શરૂઆત ન થઇ હોય તે દરમિયાન કર્મનો બંધ કરનાર આત્માના શુભ–અશુભ અધ્યવસાયો વડે પૂર્વબદ્ધ કર્મનાં, શાસ્ત્રના નિયમ પ્રમાણે, અનેક પ્રકારના પલટા આવે છે અને એ કારણે પૂર્વબદ્ધકર્મ જે સ્વરૂપે બાંધ્યુ હોય તેમાં પ્રકૃતિ–સ્થિતિ–રસની અપેક્ષાએ પરિવર્તન થાય છે. જૈનદર્શનમાં એને કર્મનો સંક્રમ કહેવામાં આવે છે. અને અત્યંત વિશુદ્ધ પરિણામ પ્રગટ થાય તો, પૂર્વબદ્ધકર્મનો કોઇપણ પ્રકારે ભોગવટો થયા સિવાય આત્મપ્રદેશોથી તે કર્મ છૂટું પડી જાય છે. આ પ્રક્રિયાને જૈનશાસનમાં સકામનિર્જરાના નામે સંબોધવામાં આવે છે.

## સૌધર્મેન્દ્રની ચ્યવન કલ્યાણક પ્રસંગે સ્તુતિ–સ્તવના

શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ ‘ પ્રાણત ’ નામના દશમાં દેવલોકમાંથી ચ્યવી, જે ક્ષણે માતાદેવાનંદાની કુક્ષિમાં ગર્ભપણે અવતર્યા, તે ક્ષણે જેમ માતાને ચૌદ મહાસ્વપ્નનાં દર્શન થયાં, તે જ પ્રમાણે તે સમયે વૈમાનિકનિકાયના સૌધર્મદેવલોકના સ્વામી શક્રેન્દ્રનું સિંહાસન પણ ચલિત થયું. એટલે એ સૌધર્મેન્દ્રે તુરત અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. એ ઉપયોગ વડે ચોવીશમા તીર્થંકર ભગવાન મહાવીર-પ્રભુનું દેવાનંદા માતાની કુક્ષિમાં અવતરણ થયાનું એમને

જાણ્યું, એટલે તેઓ પોતાના સિંહાસન ઉપરથી તરત ઉભા થયા. અને જે દિશામાં ભગવંતનું અવતરણ થયું હતું. તે દિશા સન્મુખ સાત–આઠ પગલાં ચાલી, રત્નજડિત મોજડીઓ પગમાંથી કાઢી નાંખી, અખંડ ઊત્તરાસંગ ધારણ કરી, ચૈત્યવંદનની મુદ્રાએ જમીન ઊપર બેસી, બંને હાથ ભેગાં કરીને પોતાના લલાટ ઊપર રાખી, અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માની સૌધર્મેન્દ્રે, 'શક્રસ્તવ' (નમુત્થુણં સૂત્ર) વડે, અપૂર્વ ઉલ્લાસથી, સ્તુતિ સ્તવના કરી.

## દેવોની દુનિયા અને માનવ

### જગતમાં પ્રવર્તતી તરતમતા

વિશ્વમાં ભૌતિક સુખની છેલ્લામાં છેલ્લી પરિસીમાનું જે સ્થાન તેનું નામ દેવલોક અથવા સ્વર્ગલોક છે. માનવજગતની જેમ દેવોની પણ સ્વતંત્ર દુનિયા છે. માનવજગત ભૌતિક સુખદુઃખથી મિશ્રિત હોય છે. જ્યારે દેવની દુનિયામાં ભૌતિક દુઃખનો સર્વથા અભાવ હોય છે. માનવ જગતમાં આધ્યાત્મિક વિકાસની પૂર્ણતાએ પહોંચવાની શક્યતા છે. દેવોની દુનિયામાં આધ્યાત્મિક વિકાસની શકયતા બહુ મર્યાદિત છે. માનવજીવનની અપેક્ષાએ સ્વર્ગીય જીવનમાં આયુષ્યની મર્યાદા ઘણી વધારે હોય છે. એમ છતાં આયુષ્યની લાંબી મર્યાદા પૂર્ણ થાય, એટલે દેવોના આત્માઓને પણ એ સ્થાનનો ત્યાગ કરી, સ્વકર્માનુસાર અન્ય સ્થાનમાં જન્મ લેવો પડે છે. માનવજીવનમાં જેમ ઉંચ નીચ એવા વિભાગો છે. તેમ દેવજગતમાં પણ ઉંચ-નીચ એવા વિભાગો છે. માનવજગતમાં જેમ સર્વ મનુષ્યો એકસરખા

સુખ–દુઃખવાળા નથી હોતા, તેજ પ્રમાણે દેવલોકમાં વર્તતા દેવોમાં પણ બધાં સમાન સુખ–સંપત્તિવાળા નથી હોતા; એમની સુખસંપત્તિમાં પણ અનેક પ્રકારે તારતમ્ય હોય છે. માનવજગતમાં જેમ રાજા, મહામંત્રી, મંત્રી અને પ્રજા એવા વિભાગો હોય છે. તેજ પ્રમાણે દેવની દુનિયામાં પણ અમુક દેવોને બાદ કરી મોટાભાગના દેવોમાં ઈન્દ્ર–સામાનિક વગેરે અહીંના જેવા જ વિભાગો હોય છે. માનવજગતમાં આધ્યાત્મિક દૃષ્ટિએ જેમ જ્ઞાની, અજ્ઞાની, સમ્યગ્‌દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ એવા વિભાગો હોય છે. તેમ દેવલોકમાં વર્તતા દેવોમાં જ્ઞાની, અજ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ એવા વિભાગો હોય છે. માનવજગતમાં સંયમી તેમજ અસંયમી ઉભય પ્રકારના આત્માઓ હોય છે.

દેવોની દુનિયામાં સમ્યગ્‌દૃષ્ટિ દેવોને સંયમ માટે અનન્ય શ્રદ્ધા હોવા છતાં દેવનો ભવ મળવાને કારણે તેઓ સંયમનો અમલ કરી શકતા નથી અર્થાત્ દેવો બધાં અસંયમી જ હોય છે. માનવજીવનમાં અતીન્દ્રિય (અવધિ વગેરે) જ્ઞાન વિશિષ્ટ ગુણવાન અમુક જ વ્યકિતઓમાં હોઇ શકે છે. જ્યારે દેવોની દુનિયામાં ઓછા–વધુ પ્રમાણમાં પણ પ્રત્યેક દેવને, દેવના ભવપરત્વે, અતીન્દ્રિય-અવધિજ્ઞાન અવશ્ય હોય છે.

## સમ્યગ્‌દૃષ્ટિદેવોનું જીવન

સમ્યગ્‌દૃષ્ટિ દેવો દેવલોકમાં ઉત્પન્ન થયા પછી જીવન પર્યંત દેવતાઇ સુખોની વચ્ચે રહેવા સાથે યથોચિતપણે તેનો ભોગવટો કરવા છતાંએ ભોગસુખમાં સમ્યગ્‌દર્શનના કારણે અનાસકત હોય છે. સાથે સાથે તેઓ દેવલોકને

ઉચિત પોતાની ફરજો બજાવવાની સાથે, અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવની ભક્તિ માટે હંમેશા તત્પર રહે છે. અને નિર્મળ અવધિજ્ઞાનવડે માનવજગતમાં ભગવાન જિનેશ્વર દેવો અને એમના શાસનની આરાધના કરનારા મહાનુભાવો વગેરે તરફ એમનો ઉપયોગ વારંવાર ચાલતો હોય છે.

ભગવાન મહાવીરનો આત્મા દેવલોકમાંથી ચ્યવી, અગાઉ જણાવ્યા પ્રમાણે માતા દેવાનંદાની કુક્ષિમાં જે અવસરે ગર્ભપણે અવતર્યો, તે અવસરે સૌધર્મેન્દ્રને પોતાના નિર્મળ અવધિજ્ઞાનવડે મહાવીરપ્રભુનાં ચ્યવન કલ્યાણકનું જાણપણું થાય છે. અને એ જાણપણું થતાં તુરત જ તેઓ સિંહાસન ઉપરથી ઉભા થઇ, પ્રભુસન્મુખ સાત–આઠ પગલાં ચાલી, "શક્રસ્તવ–નમુત્થુણં" સૂત્રવડે પરમાત્માની ગુણગર્ભિત ભાવવાહી સ્તુતિ કરે છે. એવો કલ્પસૂત્રના મૂળપાઠમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. કોઇ કોઈ ગ્રન્થમાં આસનકંપનો પણ ઉલ્લેખ મળે છે.

ભગવાન મહાવીર પરમાત્માના ચ્યવન કલ્યાણક થયાને દિવસો, રાત્રિઓ અને મહિનાઓ વ્યતીત થયા. ગજ, વૃષભાદિ ચૌદ સ્વપ્નથી સૂચિત ઉત્તમોત્તમ પુત્રરત્ન દેવાનંદા માતાની કુક્ષિમાં અવતરેલ હોવાથી માતાજી અને ઋષભદત્ત બ્રાહ્મણ સપરિવારના દિવસો આનંદ–કલ્લોલમાં પસાર થવા લાગ્યા. પરંતુ એ આનંદના દિવસોનો ૮૨ અહોરાત્રિ બાદ અંત આવ્યો.

## શ્રી મહાવીરપ્રભુના બ્રાહ્મણકુળમાં થએલા અવતરણ અંગે સૌધર્મેન્દ્રની વિચારધારા

ભગવાન મહાવીરના આત્માનું દેવાનંદા માતાની કુક્ષિમાં પુત્રરૂપે જ્યારથી અવતરણ થયું છે ત્યારથી સૌધર્મેન્દ્રનો અવધિજ્ઞાન સંબંધી ઉપયોગ ભગવંતના આત્મા તરફ વારંવાર ચાલતો હોય છે. તેમજ ભગવંતની ક્ષેમકુશળતા અને ભક્તિ માટે વારંવાર ચિંતનમનન કર્યા કરે છે. સૌધર્મેન્દ્ર વગેરે પ્રત્યેક ઈન્દ્રો નિશ્ચિંતપણે સમકિતવંત– સમ્યગ્દૃષ્ટિ હોય છે અને એ સમ્યગ્દૃષ્ટિપણાના કારણે દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા માટે તેમજ કંચન–કામિનીના ત્યાગી મહાવ્રતધારી સાધુભગવંતો માટે તેઓના અંતરાત્મામાં અનન્ય ભક્તિભાવ હોય છે. ૮૨ અહોરાત્રિ વ્યતીત થયા બાદ, ઈંદ્રમહારાજાના ચિત્તમાં એક વિકલ્પ પ્રગટ થયો કે ભૂતકાળમાં પ્રત્યેક તીર્થંકર ક્ષત્રિયકુળમાં જ ઉત્પન્ન થયા છે. તો ભગવાન મહાવીર બ્રાહ્મણકુળમાં કેમ ઊત્પન્ન થયા? બ્રાહ્મણકુલ ભલે બીજી અનેક રીતે પ્રશસ્ત ગણાતું હોય, પણ એ કુળ ભિક્ષાની પ્રવૃત્તિના કારણે ધર્મતીર્થને પ્રવર્તાવનારા સર્વોત્તમ પુરુષાર્થના સ્વામી ભગવાન તીર્થંકરદેવોના આત્મા માટે યોગ્ય ગણવામાં આવતું નથી. જૈનશાસનના અનેકાંતવાદની વિશાળતા અને વ્યાપકતાની અપેક્ષાએ ગમે તે કુળ તેમજ જાતિમાં ઉત્પન્ન થયેલ આર્યમાનવ આત્મકલ્યાણ અને મુક્તિનો અધિકાર જેમ પ્રાપ્ત કરી શકે છે, તે જ પ્રમાણે તીર્થંકરભગવંતના આત્માને ધર્મતીર્થના પ્રવ-

ર્તન માટે જે સર્વશિરોમણિ પુરુષાર્થ કરવાનો હોય છે, તે માટે શકિતશાળી ક્ષત્રિયકુળની એટલી જ અનિવાર્ય જરૂર છે.

## અનંતકાળ દરમિયાન કર્મવિશેષના કારણે બનતા આશ્ચર્યકારક પ્રસંગો

અશ્વના અનેક પ્રકારોમાં જાતિવંત અશ્વની ઉત્પત્તિ અમુક પ્રકારના જાતિવંત અશ્વથી જ થાય છે. તે જ પ્રમાણે તીર્થંકર ભગવાનના શરીરની ઊત્પત્તિ તેને લાયક ક્ષત્રિય-બીજમાંથી જ થઇ શકે છે. આ સનાતન નિયમ છતાં ભગવાન મહાવીર પ્રભુનો આત્મા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં કેમ અવતર્યો ? ઈન્દ્ર મહારાજ સમ્યગ્ દૃષ્ટિ તો હતા, પણ અવધિજ્ઞાન સહિત વિશિષ્ટ સમ્યક્શ્રુતના ધારક હતા. બત્રીશ લાખ વિમાનના અધિપતિ સૌધર્મેન્દ્ર છતાં જૈન દર્શનના સિદ્ધાંતોનો એમને ઘણો સુંદર અવબોધ હતો, એ કારણે ભગવાન મહાવીરનું દેવાનંદાની કુક્ષિમાં અવતરણ થયાના સંબંધમાં જેમ વિકલ્પ પ્રગટ થયો તે જ પ્રમાણે પોતાના નિર્મળશ્રુતબોધના પ્રભાવે ઉપર જણાવેલ વિકલ્પનું સમાધાન પણ કર્યું કે તીર્થંકર જેવી વ્યકિતના કર્મવિશેષના કારણે આ સૃષ્ટિ ઉપર ધોરીમાર્ગની અપેક્ષાએ બની શકે તેવા આશ્ચર્યકારક પ્રસંગો ( અચ્છેરાઓ ) અનંતકાળ દરમિયાન કદાચિત્ બને છે. ગર્ભપણે અવતાર લેનાર તીર્થંકરભગવંતના આત્માનું કોઇ એવું ભોગ્ય કર્મ બાકી હોવું જોઈએ કે આ પ્રમાણે દેવાનંદાની કુક્ષિમાં અવતાર લેવાવડે અમુક દિવસો દરમ્યાન કર્મ ભોગવાઇને ક્ષીણ

થયાનું સર્જીત હોય અને માતા દેવાનંદાનો પણ કોઇ એવો શુભ–અશુભ કર્મનો ભોગવટો નિશ્ચિત હોય જેથી ત્રણલોકના નાથ ભગવંતનો આત્મા દેવાનંદાની કુક્ષિમાં અવતરે; અને ગર્ભકાળને ૮૨ દિવસો થયા બાદ ગર્ભરૂપે અવતરેલ પરમાત્માના આત્માનું અન્યમાતાની કુક્ષિમાં પરાવર્તન થવાનો પ્રસંગ આવે.

## સૌધર્મેન્દ્રનો ગર્ભપરાવર્તન માટે નિર્ણય

ઇન્દ્ર મહારાજ એ પણ અંતે નિર્ણય કરે કે, કર્મવિશેષના કારણે તીર્થંકર પરમાત્માનો આત્મા ક્ષત્રિય વગેરે ઉચ્ચકુળને બદલે બ્રાહ્મણ વગેરે અમુક પ્રકારના કુળમાં કદાચ અનંતકાળે ઉત્પન્ન થાય, પણ તે તીર્થંકર પરમાત્માનો જન્મ તો ક્ષત્રિય કુળમાં જ થવો જોઈએ. ગર્ભપણે અવતરણ દેવાનંદા માતાની કુક્ષિમાં અને જન્મ આપનાર બીજી માતા આ એક વિચિત્ર કોયડો હતો. પણ સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્ર મહારાજે પોતાના નિર્મળ અવધિજ્ઞાન અને વિશિષ્ટ શ્રુતજ્ઞાન તેમજ સાથે સાથે અસાધારણ જિનભક્તિના પ્રભાવે આ વિચિત્ર કોયડાનો ઉકેલ કેવી રીતે કરવો? તેનો નિર્ણય સ્વયં કરી લીધો. તુરત પોતાના પાયદળ સૈન્યના અધિપતિ હરિણૈગમેષીદેવને પોતાની પાસે બોલાવી ઉપર જણાવેલ સર્વવૃત્તાંત તેની પાસે રજૂ કર્યો કે, આપણા આચાર પ્રમાણે આ ગર્ભપરાવર્તનનું જવાબદારીનું કર્તવ્ય આપણે અવશ્ય કરવાનું છે તમો મારા પાયદળ સૈન્યના અધિપતિ છે. મારી કોઈપણ નાની–મોટી આજ્ઞાનું પાલન કરવાનો હરહંમેશ

તમારી તૈયારી છે. અને અનંત ઉપકારી તીર્થંકરપરમાત્માના તમો પરમભકત છો તેથી મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ મહાન જવાબદારીવાળું અને આપણા સહુ કોઇનું કલ્યાણકારીકાર્ય તમો જરૂર કરી શકશો!

**ગર્ભપરાવર્તન માટે હરિણૈગમેષી સાથે વાર્તાલાપ**

પોતાના સ્વામી ઈન્દ્રમહારાજ પાસેથી ઉપર જણાવેલ હકીકત શ્રવણ કરી હરિણૈગમેષી દેવ આત્મકલ્યાણકારી ઉત્તમ કાર્ય કરવાનો મંગળ અવસર પ્રાપ્ત થવાના કારણે અનન્ય આનંદ પામ્યા અને બે હાથ જોડી મસ્તક નમાવી પોતાના સ્વામી સૌધર્મેન્દ્રને વિનમ્રભાવે વિનંતિ કરી કે, મારા લાયક આજ્ઞા હોય તે મને ફરમાવો. આપની ગમે તેવી આજ્ઞા શિરોવન્દ્ય કરવા માટે આ સેવક તૈયાર છે. પોતાના સેવકના મુખેથી ઉલ્લાસભર્યો જવાબ મળવાથી સૌધર્મેન્દ્ર તરફથી હરિણૈગમેષીને જણાવવામાં આવ્યું કે, જંબૂદ્રીપનાં, ભરતક્ષેત્રના, બિહાર પ્રાન્તમાં, બ્રાહ્મણકુંડ નામના નગરમાં, ઋષભદત્ત બ્રાહ્મણના ધર્મપત્ની દેવાનંદાની કુક્ષિમાં, અષાઢ સુદ ૬ની રાત્રિએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યો તે અવસરે ચોવીશમા તીર્થંકર ભગવાન શ્રી મહાવીર પ્રભુનો આત્મા પ્રાણુત નામના દશમા દેવલોકમાંથી ચ્યવીને પુત્રરત્ન રૂપે અવતરેલ છે. જૈનશાસનનો એ સામાન્ય નિયમ છે કે તીર્થંકરનો આત્મા ક્ષત્રિય કુળમાં જ અવતરે, પણ બ્રાહ્મણ કુળમાં કદિ ન અવતરે એમ છતાં તીર્થંકર જેવા આત્મા માટે પણ અવશ્ય ભોગવવા યોગ્ય ગોત્રકર્મ વિશેષના કારણે

અનંતકાળ દરમિયાન કોઈવાર સામાન્ય રીતે જે ભાવો ન બનવા જેવા હોય તે પણ બની જાય. ભગવાન મહાવીર પ્રભુના આત્મા માટે પણ આવું જ બનેલ છે.

હે હરિણેગમેષીન ? ઉપર જણાવ્યા પ્રમાણે, ગોત્ર કર્મ-વિશેષના કારણે, બ્રાહ્મણને ત્યાં તીર્થંકર પ્રભુનો આત્મા કદાચ ગર્ભપણે અવતરે, પરંતુ એ તીર્થંકરનો જન્મ તો ક્ષત્રિયકુળમાં જ થવો જોઈએ. આ સનાતન નિયમમાં કોઈ-પણ કાળે ફેરફાર થતો નથી. હરિણેગમેષીન્ ! તને પણ જરૂર એમ થશે કે ગર્ભાવતરણ એક માતાની કુક્ષિમાં અને જન્મ પ્રસંગ બીજી માતાની કુક્ષિથી થવાની વાત કેમ બની શકે ? પણ આવા કટોકટીના અવસરે આપણું કર્તવ્ય આપણે બરાબર બજાવવાનું છે. આપણી દૈવિકશક્તિથી અસાધ્ય જેવું ગણાતું આ કાર્ય આપણે અવશ્ય કરવાનું છે. તમારે આ કાર્ય કેવી રીતે કરવાનું છે ? તે બાબત પણ તમોને સ્પષ્ટપણે સમજાવું છું તમો ધ્યાન દઈને બરાબર સાંભળશો તો અસાધ્ય જેવું કાર્ય પણ સરલતાથી થઈ જશે.

## ગર્ભપરાવર્તન કેવી રીતે કરવું ?

ભગવાન મહાવીર પ્રભુનો આત્મા બ્રાહ્મણકુંડ ગામમાં ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષિમાં જેમ પુત્ર તરીકે અવતરેલ છે. તે જ પ્રમાણે એ જ બિહાર પ્રાંતમાં ક્ષત્રિયકુંડ નગરના રાજા સિદ્ધાર્થ ક્ષત્રિયની ત્રિશલા રાણીની કુક્ષિમાં એક આત્મા પુત્રી તરીકે અવતરેલ છે. દેવાનંદાનાં ગર્ભને જેમ ૮૨ અહોરાત્ર વ્યતીત થયા છે તેજ પ્રમાણે

ત્રિશલારાણીના ગર્ભને પણ ૮૨ અહોરાત્ર વ્યતીત થયા છે. આ સંજોગોમાં હે હરિણૈગમેષીન્ ! તમારે તમારી દિવ્યશક્તિથી બંને ગર્ભને તેમજ ગર્ભધારણ કરનારી બંને માતાઓને યત્કિંચિત્ પીડા તો ન થાય, પરંતુ ગર્ભના પરિવર્તનનું જાણપણું પણ ન થાય એવી કુશળતાથી આ ઉભય ગર્ભનું પરાવર્તન કરવાનું છે. અર્થાત્ દેવાનંદાની કુક્ષિમાં વર્તતા ભગવાન મહાવીરના ગર્ભને ત્રિશલારાણીની કુક્ષિમાં અને ત્રિશલા રાણીના પુત્રીરૂપ ગર્ભને દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં સ્થાપન કરવાના છે. પોતાના સ્વામી સૌધર્મેન્દ્રની આજ્ઞા શ્રવણ કર્યા બાદ હરિણૈગમેષીએ હર્ષપૂર્વક એ આજ્ઞાનો સ્વીકાર કર્યો, અને અનંત ઉપકારી અરિહંત પરમાત્માના ગર્ભપરાવર્તન દ્વારા એ દેવાધિદેવની ભક્તિને લાયક તૈયારી શરૂ કરી.

## પ્રાસંગિક પાંચ પ્રકારનાં શરીરોનું સ્વરૂપ

સંસારમાં વર્તતા સર્વ સંસારી જીવોને પાંચ પ્રકારના શરીરો પૈકી તૈજસશરીર અને કાર્મણશરીર આ બે શરીરો તો અવશ્ય હોય છે. એક ભવનું આયુષ્ય પૂર્ણ થાય અને વર્તમાન સ્થૂલ શરીર (ઔદારિક અથવા વૈક્રિય) નો સર્વાત્મપ્રદેશો વડે પરિત્યાગ કરી જીવાત્મા, પોતાના ગતિનામ કર્મનાં અનુસારે ચાર ગતિ પૈકી કોઈપણ ગતિમાં ઉત્પન્ન થાય તે અવસરે પણ તૈજસ અને કાર્મણ શરીર તો સાથે જ હોય છે. ગ્રહણ કરવામાં આવતા આહારનું પાચન કરવામાં સહાયક જે શરીર છે, તેનું નામ તૈજસ શરીર છે. અને જીવન દરમિયાન શુભ-અશુભ પ્રવૃત્તિ દ્વારા

સંચિત કરેલ જ્ઞાનાવરણ દર્શનાવરણ વગેરે આઠે કર્મનો –ઉત્તર પ્રકૃતિની અપેક્ષાએ ૧૫૮ કર્મોનો) સમુદાય તેનું નામ કાર્મણ શરીર છે, દેવો અને નારક જીવો સિવાય સંસારી સર્વ જીવોને ઔદારિક વર્ગણાનાં પુદ્‌ગલોનું બનેલ જે સ્થૂલ શરીર હોય છે તેનું નામ ઔદારિક શરીર છે. શ્રુતકેવલી ચૌદ પૂર્વધર મહાત્મા અતીન્દ્રિય ભાવોમાં સંશય ઉત્પન્ન થતાં તેનાં નિવારણ માટે, અથવા તીર્થંકર પ્રભુની સમવસરણ વગેરે સમૃદ્ધિનાં પ્રત્યક્ષદર્શન વગેરે કારણ માટે, આહારક વર્ગણાના પુદ્‌ગલોનું ગ્રહણ પરિણમન કરવા દ્વારા તૈયાર કરેલ, સ્વચ્છ સ્ફટિકના સરખા લગભગ એક હાથ પ્રમાણ જે શરીરની સહાય વડે મહાવિદેહક્ષેત્રમાં ભગવાન સીમંધર સ્વામી વગેરે તીર્થંકર કેવલી ભગવંતની પાસે જાય અને સંશયનું નિવારણ વગેરે કાર્ય પૂર્ણ થયા બાદ અન્તર્મુહૂર્તમાં ભરતાદિક્ષેત્રમાં પોતાના સ્થાને પાછાં આવે, તે શરીરનું નામ આહારક શરીર છે. માનવ જીવનમાં અપ્રમત્ત સંયમી શ્રુતકેવલી ભગવાન હોય તેવાં મહાન આત્માઓને આ આહારક શરીરનામકર્મનો બંધ થઇ શકે છે. પાંચમાં શરીરનું નામ વૈક્રિય શરીર છે. જે શરીરની સહાય દ્વારા જીવાત્મા એકમાંથી અનેક મોટા નાના દૃશ્ય–અદૃશ્ય રૂપો [શરીરો]ની વિકુર્વણા કરી (બતાવી) શકે તે શરીરનું નામ વૈક્રિયશરીર છે. દેવો અને નારકો સ્થૂલ શરીરે આ વૈક્રિય શરીરવાળા હોય છે. વૈક્રિય શરીર એ પુણ્ય પ્રકૃતિનું ફળ છે. દેવોને એ શરીરનો સુખ રૂપે ભોગવટો થાય છે, પરંતુ નારકીના જીવોને અશાતા વેદનીય વગેરે બીજી

પાપ પ્રકૃતિઓ તીવ્ર રસનો ભોગવટો ચાલુ હોવાથી આ વૈક્રિયશરીરનો ભોગવટો સુખરૂપે થવો જોઇએ તેને બદલે વિશેષ દુઃખરૂપે થાય છે. પાંચ પ્રકારનાં શરીરો અંગે અતિ સંક્ષેપમાં આ પ્રાસંગિક વિવેચન કર્યું છે.

## હરિણૈગમેષીએ કરેલી ઉત્તર વૈક્રિયની રચના

હરિણૈગમેષીદેવ દેવના ભવ પરત્વે સુંદર વૈક્રિય શરીરવાળા તો છે જ. એમ છતાં દેવો માટે સામાન્ય રીતે એ નિયમ છે કે તીર્થંકરનાં કલ્યાણક પ્રસંગે અથવા બીજા કોઇ કાર્ય વિશેષના કારણે કોઇપણ દેવને પૃથ્વીતલ ઉપર મનુષ્યલોકમાં અથવા અન્યત્ર જવું આવવું હોય ત્યારે, તે ચાલુ ભવધારણીય શરીરની અપેક્ષાએ બીજું ઉત્તર વૈક્રિય શરીર રચે છે. અને એ શરીર વડે મનુષ્યલોકમાં જઇ જે કાર્ય કરવું હોય તે કરી પુનઃ સ્વર્ગલોકમાં આવી કાર્ય વિશેષ પૂરતું રચેલ ઉત્તર વૈક્રિયનું વિસર્જન કરે છે, અને મૂલ શરીર દ્વારા પૂર્વવત્ પોતાની દેવલોકની પ્રવૃત્તિ શરૂ કરી દે છે. ભગવાન મહાવીરના ગર્ભપરાવર્તન જેવા મહાન કાર્ય માટે ઇન્દ્ર મહારાજની આજ્ઞા પ્રમાણે હરિણૈગમેષીને પૃથ્વીતલ ઉપર અર્થાત મનુષ્યલોકમાં આવવાનું હોવાથી હરિણૈગમેષીદેવ પોતાના સ્થાનથી ઇશાનખુણામાં ગયા વૈક્રિય સમુદ્ઘાત વડે સર્વોત્તમ વર્ણ-ગંધ-સ્પર્શવાળા વૈક્રિયવર્ગણાના પુદ્ગલોનાં ગ્રહણ પરિણમન વડે સુંદરમાં સુંદર ઉત્તર વૈક્રિય શરીર તૈયાર કર્યું અને અત્યંત શીઘ્રતાવાળી દેવયોગ્ય પ્રશસ્તગતિ વડે હરિણૈગમેષી દેવ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં

આવેલા બ્રાહ્મણકુંડ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણના ધર્મપત્ની દેવાનંદા બ્રાહ્મણીનાં શયનઘરમાં આવી પહોંચ્યા આ પ્રસંગે કોઈપણ જિજ્ઞાસુને (૧) પોતાના મૂલશરીર વડે મનુષ્યલોકમાં ન જતાં હરિણેગમેષીને બીજું ઉત્તર વૈક્રિય શરીર બનાવવાનું પ્રયોજન શું ? (૨) જે અવસરે ઉત્તર વૈક્રિય શરીર બનાવે તે અવસરે એ હરિણેગમેષી દેવના આત્મપ્રદેશો મૂળ શરીરમાં હોય કે નહિ ? અને હોય તો (૩) એ મૂલ શરીરથી કોઈ પ્રવૃત્તિ ચાલુ હોય કે એ મૂલ શરીર સ્થૂલ કિંવા સૂક્ષ્મપ્રવૃત્તિ વિનાનું નિશ્ચેષ્ટ હોય ? આ પ્રમાણે અનેક પ્રશ્નો થવાનો સંભવ છે. પરંતુ ગણધર ભગવંતોએ રચેલા આગમોને અનુસારે પૂર્વાચાર્ય ભગવંતોએ તે તે શાસ્ત્ર ગ્રંથોમાં આ બધી બાબતોના વ્યવસ્થિત અને સુંદર સમાધાનો આપ્યાં છે.

## ઉપર રજૂ થયેલા પ્રશ્નોનું સમાધાન

સામાન્ય રીતે આપણા માનવસમુદાયમાં પુરુષ અથવા સ્ત્રી વર્ગને કોઇપણ વિશેષ કાર્ય પ્રસંગે પોતાના ઘેરથી જ્યારે બહાર જવાનું થાય છે ત્યારે પોતાનું શરીર તેનું તે જ હોય છે, છતાં સ્નાનાદિથી શુદ્ધ થયા બાદ ઉત્તમ-વસ્ત્રો અને અલંકારો ધારણ કરીને બહાર જાય છે. તેમજ બહારનું કાર્ય પરિપૂર્ણ થયે ઘેર આવી પોતાના ચાલુ વસ્ત્રો ધારણ કરે છે. જે હકીકત સર્વજન પ્રસિદ્ધ છે, તે પ્રમાણે ઈન્દ્રાદિ દેવો જે અવસરે જેવું કાર્ય હોય તેને લાયક ઉત્તર વૈક્રિય શરીર રચી વસ્ત્રાલંકાર ધારણ કરી તે તે કાર્ય

માટે અન્ય સ્થળે જાય છે. માનવ જાતમાં બીજું શરીર બનાવવાની શક્તિ નથી એટલે શરીર બદલાતું નથી પણ સ્નાનાદિ વડે શરીરનું શુદ્ધિકરણ અને વસ્ત્રાલંકારનું પરાવર્તન થતું હોવાનું આપણે સહુ કોઇ જાણીએ છીએ દેવોમાં દેવ ભવ પરત્વે વૈક્રિય લબ્ધિ હોવાથી, જ્યારે જરૂર હોય ત્યારે ઇચ્છા પ્રમાણે ઉત્તર વૈક્રિય શરીર બનાવી શકાય છે. કોઈપણ દેવ–દેવી કાર્ય વિશેષ પ્રસંગે જ્યારે ઉત્તર (બીજું) વૈક્રિય શરીર રચે, તે અવસરે તે નવા શરીરમાં તો એ દેવ અથવા દેવીના આત્મપ્રદેશો સર્વત્ર વ્યાપીને રહેલા હોય છે. મૂલશરીરમાં પણ એ દેવ–દેવીનાં આત્મપ્રદેશો હોય છે અને મૂલ શરીર તથા ઉત્તર વૈક્રિય (નવું) શરીર એ બન્ને શરીરો વચ્ચે એજ દેવ–દેવીમાં આત્મપ્રદેશોનો સંબંધ પણ વિદ્યમાન હોય છે.

કોઈપણ જીવાત્માના પ્રદેશોની સંખ્યા અસંખ્ય લોકાકાશના પ્રદેશો જેટલી છે. અને આત્મદ્રવ્ય અખંડ દ્રવ્ય છે; પુદ્ગલદ્રવ્યની માફક આ આત્મદ્રવ્યના વિભાગ થઇ શકતા નથી નાનું અંગુલના અસંખ્ય ભાગ જેટલું શરીર હોય તો એ અસંખ્ય આત્મપ્રદેશોએ નાના શરીરમાં સંકુચિત થઇને રહી શકે છે. અને કુંજર જેવી કાયામાં પહોળા થઇને પણ રહે છે. આ પરિસ્થિતિમાં મલ વૈક્રિયશરીર અને ઉત્તર વૈક્રિય શરીર બન્ને શરીરોમાં એક જ દેવ અથવા દેવીનાં આત્મપ્રદેશો રહી શકવામાં કશો શાસ્ત્રીય બાધ આવતો નથી.

## સૌધર્મેન્દ્રના પાંચ રૂપોની વિકુર્વણા

તીર્થંકર પરમાત્માના જન્મ કલ્યાણકની ઉજવણી પ્રસંગે

બધો લાભ લેવાની ભાવનાથી સૌધર્મેન્દ્ર પોતાના મૂલ વૈક્રિયશરીરમાંથી પાંચ ઉત્તર વૈક્રિય રૂપ કરે છે. એક રૂપ વડે ભગવંતને પોતાનાં હાથમા ધારણ કરે છે. બે રૂપ વડે ભગવંતની બન્ને બાજુ ચામર વીંજે છે, એક રૂપ વડે મસ્તક ઉપર છત્ર ધારણ કરે છે. અને એક રૂપ વડે વજ્ર ઉલાળતાં ઉલાળતાં ભગવંતની આગળ ચાલે છે. આ બાબત આપણા સહુ કોઇના જાણવામાં છે. આ પાંચ શરીરો ઉત્તર વૈક્રિય શરીરો છે. મૂલ વૈક્રિય શરીર તો દેવલોકમાં હોય છે. એ મૂલ શરીર અને ઉપર જણાવ્યા પ્રમાણે પાંચ ઉત્તર વૈક્રિય શરીરો એક જ આત્માના આત્મ પ્રદેશોની શ્રેણિઓથી સંબંદ્ધ છે. શાસ્ત્રના કથન પ્રમાણે એક સામાન્ય દેવમાં લાખ યોજનનાં જંબૂદ્વીપને ગણનાતીત બાળકોના રૂપોથી ભરી દેવાની શકિત હોય છે.

## ઉત્તર વૈક્રિય શરીરનું સ્વરૂપ

ભગવાનમહાવીર પરમાત્માના ગર્ભને દેવાનંદામાતાની કુક્ષિમાંથી ત્રિશલામાતાની કુક્ષિમાં પધરાવવા માટે ઇન્દ્ર મહારાજની આજ્ઞા થઈ એટલે હરિણેગમેષીદેવ પોતાના સ્થાનથી ઈશાન ખૂણામાં ગયા. કોઇપણ પ્રશસ્ત કાર્ય માટે અમુક દિશા અથવા વિદિશા પ્રશસ્ત ઉત્તમ ગણાય છે. હરિણેગમેષીને, પોતાના સ્વામીની આજ્ઞા પ્રમાણે, પરમાત્મા તીર્થંકરદેવની ભક્તિનું કાર્ય કરવા માટે જવાનું હોય છે. એટલે ઇશાન ખુણામાં જઇને એ પરમાત્માની ભક્તિને લાયક સર્વોત્તમ ઉત્તરવૈક્રિય શરીર બનાવે છે. ઔદારિક શરીરને યોગ્ય ઔદારિકવર્ગણાના પુદ્ગલો જેમ શુભ—અશુભ બન્ને

પ્રકારનાં હોય છે. તે જ પ્રમાણે વૈક્રિય શરીર યોગ્ય વૈક્રિય-વર્ગણાના પુદ્ગલો પણ શુભ-અશુભ બન્ને પ્રકારનાં હોય છે નારકીના જીવોને અને દેવગતિના જીવોને બન્નેને વૈક્રિય શરીર હોય છે. પણ નારકીના જીવોનું વૈક્રિય શરીર અશુભ વર્ણ-ગંધ-રસ અને સ્પર્શવાળું હોય છે. આ નારકીના જીવોના શરીરની આકૃતિ પણ હુંડક સંસ્થાનને કારણે બેડોળ હોય છે. કારણ કે એ નારકીના જીવો તીવ્રપાપના ઉદય-વાળા હોય છે. દેવલોકમાં ઉત્પન્ન થયેલ દેવોને પણ વૈક્રિય શરીર હોય છે. પરંતુ એ વૈક્રિય શરીર શુભ વર્ણ-ગંધ-રસ અને સ્પર્શવાળું હોય છે. એ દેવોના વૈક્રિય શરીરની આકૃતિ પણ સમચતુરસ્ત્ર સંસ્થાનને કારણે ઘણી સુંદર હોય છે.

## હરિણૈગમેષીનું બ્રાહ્મણકુંડ નગરમાં આગમન

હરિણગમેષીદેવનું મૂલ વૈક્રિય શરીર દેવના ભવપરત્વે પ્રશસ્ત વર્ણ ગંધ રસ અને સ્પર્શવાળું તેમજ અત્યંત સુંદર તો હતું જ એમ છતાં અનંત ઉપકારી તીર્થંકર દેવની ભકિતના કાર્ય માટે એ દેવને મનુષ્યલોકમાં જવાનું હોવાથી એને વધુમાં વધુ પ્રશસ્ત પુદ્ગલોથી સુંદર શરીર બનાવવાની ભાવના થઈ, રત્નની અનેક જાતિઓમાં હીરા મણિ માણેક વગેરે ઉત્તમ જાતિના જે રત્નો હોય છે તેના સરખા અતિ ઉત્તમ પ્રકારના વૈક્રિય વર્ગણાના પુદ્ગલોને વૈક્રિય સમુદ્ઘાત વડે ગ્રહણ કરી, દેવાધિદેવ અરિહંત પર-માત્માની ભકિતને લાયક ઉત્તર વૈક્રિય શરીર તૈયાર કરી

દેવયોગ્ય શીઘ્ર ગતિ વડે હરિણેગમેષીદેવ તિરછાલોકનાં અસંખ્યદ્વીપ સમુદ્રોના મધ્ય ભાગે રહેલા જંબૂદ્વીપનાં ભરતક્ષેત્રમાં બ્રાહ્મણકુંડ નામના નગરમાં દેવાનંદા માતાના શયન ઘરમાં આવી પહોંચ્યા આવ્યા બાદ તુરત એમણે ગર્ભમાં રહેલા પરમાત્મા મહાવીરદેવને ત્રિકરણ યોગે નમસ્કાર કર્યો અને ગર્ભપરાવર્તનની ક્રિયાના પ્રસંગનો દેવાનંદામાતાને ખ્યાલ ન આવવા ઉપરાંત જરાપણ પીડા ન થાય તે માટે દિવ્યશક્તિથી એમને અવસ્વાપિની નિદ્રા આપી

## માતા દેવાનંદા અને માતા ત્રિશલાના ગર્ભનું પરાવર્તન

વર્તમાનમાં કોઇ દર્દી મનુષ્યના શરીરનાં કોઇપણ અવયવનું *ઓપરેશન કરાવવાનું હોય છે ત્યારે, હોસ્પીટલમાં* ઓપરેશન થીએટરમાં દર્દીને કલોરોફોર્મ આપવામાં આવે છે. અથવા તો અવયવની આજુબાજુનાં વિભાગમાં ઇન્જેકશન આપી શરીરના એટલા વિભાગને અચેતન કરવામાં આવે છે. પ્રાચીન કાળમાં અમુક ઔષધિ દ્રવ્યોથી દર્દીને બેભાન બનાવવાની પ્રક્રિયાઓ વિદ્યમાન હતી. હરિણેગમેષી પાસે તો દિવ્ય શકિત હતી, એટલે અવસ્વાપિની નિદ્રા વડે માતા દેવાનંદાને અવ્યકત ચેતનાવાળા કરવામાં આવ્યા. પછી જરાપણ પીડા ન થાય તે રીતે બ્યાશી દિવસના ગર્ભને માતાની કુક્ષિમાંથી લઇને હરિણેગમેષીદેવ નજીકનાં ક્ષત્રિયકુંડનગરમાં, જ્યાં રાજા સિદ્ધાર્થના પટરાણી ત્રિશલાદેવીનું શયનગ્રહ હતું, ત્યાં આવી પહોંચ્યા. ત્રિશલામાતાને પણ હરિણેગમેષીદેવે અવસ્વાપિની નિદ્રા આપી અને તેમની કુક્ષિમાં વર્તતા પુત્રી

રૂપ ગર્ભને બહાર લઇ પરમાત્મા મહાવીરદેવના ખ્યાશી દિવસના ગર્ભને ત્રિશલા માતાની કુક્ષિમાં બિરાજમાન કર્યો, તેમજ અવસ્વાપિની નિદ્રાનું નિવારણ કરી હરિણૈગમેષી દેવ દેવાનંદા માતાના શયનઘરમાં આવ્યા અને ત્રિશલા-માતાની કુક્ષિમાં પુત્રી રૂપે જે ગર્ભ હતો તે તેમની કુક્ષિમાં સ્થાપન કર્યો. તેમજ અવસ્વાપિની નિદ્રાનું નિવારણ કરી દેવલોકમાંથી દેવતાઇ શીઘ્રગતિ વડે પૃથ્વીતલ પર આવ્યા હતા, તેનાથી વધુ શીઘ્રગતિ વડે હરિણૈગમેષીદેવ સ્વર્ગલોક તરફ રવાના થયા અને પોતાના સ્વામી સૌધર્મેન્દ્ર પાસે પહોંચી ગયાં.

## હરિણૈગમેષીનું સૌધર્મેન્દ્ર પાસે પુનરાગમન

સૌધર્મેન્દ્ર પાસે આવેલા હરિણૈગમેષી દેવે બે હાથ જોડી પોતાના સ્વામીને નિવેદન કર્યું કે "હે ઇન્દ્ર !" આપે ભગવાન મહાવીરના ગર્ભપરાવર્તનની જે આજ્ઞા ફરમાવી હતી, આપની તે આજ્ઞા પ્રમાણે દેવાધિદેવની ભકિતને લાયક ઉત્તર વૈક્રિય શરીર બનાવી હું મનુષ્ય ક્ષેત્રમાં ગયો. અને માતા દેવાનંદાની કુક્ષિમાં બિરાજમાન ભગવાન મહાવીર રૂપ ગર્ભને ત્રિશલામાતાની કુક્ષિમાં અને ત્રિશલા માતાની કુક્ષિમાં બિરાજમાન પુત્રી રૂપ ગર્ભને દેવાનંદા માતાની કુક્ષિમાં સ્થાપન કરવાનું કાર્ય નિર્વિઘ્નપણે કરીને આપની પાસે આવી પહોંચ્યો છું. મને આવો જિનેશ્વર-દેવની ભકિતનો લાભ મળ્યો એ મારો પરમ ભાગ્યોદય છે

## ગર્ભપરાવર્તનનાં પ્રસંગ માટે આગમપ્રમાણ

ગર્ભપરાવર્તનના આ પ્રસંગ માટે સામાન્ય રીતે સર્વ

કોઇને આશ્ચર્ય થવાનો સંભવ છે. જૈન દર્શનના ભિન્ન ભિન્ન સંપ્રદાયો પૈકી કેટલા બુદ્ધિજીવી મહાનુભાવોને આ હકીકત અસંગત લાગવા સાથે બ્રાહ્મણોની લઘુતા પ્રદર્શિત કરનારી પણ લાગે છે, આ બાબતનું વધારે સમાધાન અત્રે ન લખતાં ટૂંકમાં એટલું જ જણાવવું ઉચિત છે કે જે આગમ સૂત્રના પ્રણેતા શ્રુતકેવલી ભગવાન ભદ્રબાહુ સ્વામી છે તે કલ્પસૂત્રનાં મૂળ પાઠમાં હોવાથી આ નિર્વિવાદ હકીકત છે. આ કલ્પસૂત્રનાં પ્રણેતા ભદ્રબાહુ સ્વામી સામાન્ય પુરુષ ન હતા. પરંતુ તેમના સમયની અપેક્ષાએ સર્વશિરોમણિ મહાપુરુષ હતા. તેમનું તપોબળ અને સંયમી જીવન ઘણું ઉચ્ચકોટીનું હતું તેમની જ્ઞાનશકિત અગાધ હતી. શાસ્ત્રીયજ્ઞાનમાં તેઓ પરિપૂર્ણ હોવાથી શ્રુતકેવલી (ચૌદપૂર્વધર) તરીકે તેમની પ્રસિદ્ધિ હતી. સંપૂર્ણ વીતરાગ દશાએ આ મહાપુરુષ પહોંચ્યા ન હતા છતાં વીતરાગ ભાવની પૂર્ણતાએ પહોંચવાનો તેમનો પ્રબળ પુરૂષાર્થ હતો. આવા એક સમર્થ મહાપુરુષના રચેલા કલ્પસૂત્રમાં ગર્ભ પરાવર્તનનો સ્પષ્ટ અધિકાર મૂળસૂત્રમાં જ વિદ્યમાન હોય તો પછી પોતાની અલ્પબુદ્ધિ પ્રમાણે કોઈ સામાન્ય માનવીને અસંગત લાગે એવા આ ગર્ભ પરાવર્તનના પ્રસંગ અંગે તર્ક-વિતર્ક કરવાની કોઈ જરૂર નથી. એ [1]આશ્ચર્ય-

---

૧. આજે તો ગર્ભપરાવર્તનનાં પ્રયોગો પરદેશમાં આજે ટોચે પહોંચ્યા છે. માનવીય બુદ્ધિ જો આવા કાર્યો કરી શકતી હોય તો દૈવિક શકિતથી શું અશક્ય છે ? સંપા. યશો• (૨૦૪૦)

કારક ઘટનાને આપણે તો આગમપ્રમાણ માનીને* અવશ્ય સ્વીકારવાની જ રહી.

## ગર્ભપરાવર્તનના પ્રસંગને અનુલક્ષીને વિશેષ વિચારણા

કર્મસત્તાનું ગમે તેટલું બળ હોય પરંતુ એ બળની અપેક્ષાએ આત્મબળ અનંતગણું છે, પણ મોહપરવશ આત્માને પોતાના સ્વરૂપનો ખ્યાલ નથી હોતો, અને કોઈવાર ખ્યાલ હોય છે તો અનંતકાળની ઇન્દ્રિયોની ગુલામીની પ્રબળતાના કારણે કર્મસત્તા, અનંતના પ્રભુ આત્મા ઉપર પોતાનું સામ્રાજ્ય ચલાવે છે. આત્માના ક્રમિકવિકાસ માટે જૈનદર્શનમાં ચૌદ ગુણસ્થાનકની ઉત્તરોત્તર વિશુદ્ધિ ભૂમિકાઓ બતાવવામાં આવેલ છે. આ ચૌદ ભૂમિકાઓમાં પ્રથમની છ ભૂમિકાઓ પર્યંત આત્માની શક્તિની અપેક્ષાએ કર્મસત્તાનું સામ્રાજ્ય વધુ પ્રમાણમાં હોય છે. સાતમી અપ્રમત્ત ભૂમિકાથી ઉપરની બધી ભૂમિકાઓમાં કર્મસતાનું બળ ક્રમે ક્રમે ઘટતું જાય છે. અને આત્મશક્તિનું પ્રમાણ ક્રમે ક્રમે વૃદ્ધિ પામતું જાય છે. યાવત્ બારમી ભૂમિકાના ચરમસમયે આત્માની અનંતશક્તિ પ્રગટ થાય છે. આ બાબતને ખ્યાલમાં રાખીને જ પૂર્વાચાર્યોએ **"कत्थई बलियं कम्म, कत्थइ बलिओ आया"** કોઈવાર કર્મ બળવાન હોય છે. અને કોઈવાર આત્મા બળવાન હોય છે. એવા સૂત્રો શાસ્ત્રોમાં લખ્યા છે.

## અનંતકાળ દરમિયાન કદાચિત્ બનતા અચ્છેરાંઓ

સંસારની આ ઘટમાળ અનંતકાળથી ચાલુ હોવા છતાં કોઈવાર જીવ વિશેષમાં મોહરાજાની વધુ પડતી પરાધીનતા

ના કારણે કર્મસત્તાના સામાન્ય નિયમોનું અતિક્રમણ થાય, તેવુ વિશિષ્ટ અશુભ કર્મ તે જીવ બાંધે છે. અને એ વિશિષ્ટ કર્મનો ભોગવટો ચાલું સામાન્ય ભોગવટાથી જુદી જ રીતે ભોગવાય છે. એ ભોગવટાના પ્રસંગો સામાન્ય જનતાને અતિ આશ્ચર્યકારક લાગે એટલે તેને 'અચ્છેરા' તરીકે ગણવામાં આવે છે. આવા અચ્છેરાઓ વારંવાર નથી બનતા પણ અસંખ્ય કિંવા અનંતકાળ દરમિયાન કોઈવાર બને છે.

## ભગવાન્ મહાવીર માટે આવો પ્રસંગ આવવાનું કારણ

જૈનશાસનમાં ભગવાન મહાવીરના આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિની અપેક્ષાએ સ્થૂલ ભવોની સંખ્યા સત્તાવીશ હોવાનું સુપ્રસિદ્ધ છે. આ સત્તાવીશ ભવો પૈકી ત્રીજો ભવ 'મરિચિ'નો હતો. મરિચિકુમાર ભરત ચક્રવર્તીના પુત્ર અને પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના પૌત્ર હતા, યૌવનનાં પ્રારંભકાળમાં જ ભગવંતની ધર્મદેશના શ્રવણ કરવાથી વૈરાગ્ય વાસિત બની મરિચિ રાજકુમારે ભગવંતની પાસે સંયમનો સ્વીકાર કર્યો. જ્ઞાન-ધ્યાન સાથે ઉગ્ર તપશ્ચર્યા વડે સંયમી જીવનમાં મરિચિમુનિ ઘણાં આગળ વધ્યા. આચારાંગ વગેરે અગ્યાર અંગ-આગમ શાસ્ત્રોના પારંગત થયા. આટલી ઉચ્ચકક્ષાએ પહોંચવા પછી તપસ્યાના પારણા માટે ગ્રીષ્મઋતુના પ્રચંડ તાપમાં મધ્યાહ્ન સમયે એકવાર ગોચરી માટે નીકળ્યા બાદ ઉષ્ણ પરિસહે કાયાની માયા ઉભી કરી.

ઘેર જવું પણ અનુચિત લાગ્યું અને ત્રિદંડિક વેષનો મધ્યમ માર્ગ સ્વીકારી લીધો.

## ભરત મહારાજાએ ભગવાન ઋષભદેવ પ્રભુને પૂછેલ પ્રશ્નનો ઉત્તર

એક અવસરે ભરત મહારાજાએ ભગવાન ઋષભદેવ પ્રભુને પ્રશ્ન કર્યો કે, "આપની વર્તમાન પર્ષદામાં આ ભરત-ક્ષેત્રમાં ભાવિકાલ તીર્થંકરપદ પ્રાપ્ત કરનાર કોઈ આત્મા છે ખરો ?" ભરત મહારાજાના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન બોલ્યા કે, "બીજાની વાત બાજુમાં રાખો પણ તમારો પુત્ર મરિચિ જે હાલ ત્રિદંડિક વેષે અમારી સાથે વિચરે છે. તેનો આત્મા આ ભરત ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણીના ચોથા આરામાં '**મહાવીર**' નામે ચોવીશમાં તીર્થંકર થનાર છે. એ મરિચિનાં આત્માને ભાવિકાળે તીર્થંકરપદની પ્રાપ્તિનો તો લાભ મળવાનો છે, તે ઉપરાંત આ અવસર્પિણી કાળે આ ભરતક્ષેત્રમાં થનારા નવ વાસુદેવો પૈકી ત્રિપૃષ્ઠ નામે પ્રથમ વાસુદેવ પણ તારો પુત્ર મરિચિ થશે અને મહા-વિદેહ ક્ષેત્રે મુકા નામની રાજધાનીમાં પ્રિયમિત્ર ચક્રવર્તી તરીકે પણ તારો પુત્ર થવાનો છે. 'ભગવાન ઋષભદેવ પ્રભુ પાસેથી ઉપર જણાવેલી હકીકત સાંભળીને ભરત મહારાજા મરિચિ પાસે પહોંચ્યા અને "હું તમારાં ત્રિદંડિકપણાને પ્રણામ નથી કરતો, પરંતુ ભાવિકાળે તમારો આત્મા તીર્થં-કર પદને પ્રાપ્ત કરનાર છે, એ તીર્થંકર પદની યોગ્યતાને ખ્યાલમાં રાખીને હું તમોને નમસ્કાર કરું છું" એ પ્રમાણે

સ્પષ્ટ ખુલાસો કરી ભરત મહારાજાએ મરિચિને વંદન—નમસ્કાર કર્યા સાથે સાથે ભાવિકાળે ચક્રવર્તીની અને વાસુદેવની પણ તમોને પ્રાપ્તિ થવાની છે. એ હકીકત ભરતમહારાજે મરિચિને જણાવી અને ભરત મહારાજ પોતાના સ્થાને ગયાં.

## મરિચિને પ્રગટ થયેલ વધુ પડતો અહંભાવ

પોતાના સંસાર પક્ષના પિતા ભરત મહારાજા પાસેથી ભગવાન ઋષભદેવ પરમાત્માએ જણાવેલી હકીકત શ્રવણ કર્યા બાદ મરિચિના અંતરાત્મામાં તીર્થંકરપદની ભાવિકાળે થનાર પ્રાપ્તિના આનંદની પ્રશસ્ત અનુમોદના થવી જોઇએ તેને બદલે ત્રિદંડિકમરિચિ તીવ્ર અહંભાવમાં દાખલ થયાં ઉપરાંત એ અહંભાવને કારણે વારંવાર નાચવા—કુદવા લાગ્યા. મસ્તક, મુખ વગેરે શરીરના સર્વ અંગોપાંગો ઉપર અહંભાવનું સાક્ષાત્ મૂર્તિમાન સ્વરૂપ ખડું થયું. મુખમાંથી પણ **'ममाहो ? उत्तमं कुलं'** અહો મારૂં કુલ કેવું ઉત્તમ વગેરે વાક્યો વારંવાર ઉચ્ચ સ્વરે નીકળવા લાગ્યા. મરિચિનો આત્મા અહંભાવની પરાકાષ્ઠાએ પહોંચ્યો અને એ અહંભાવની તીવ્રતાના કારણે ઠેઠ મહાવીરપ્રભુના ભવમાં ભોગવવું પડે એવું નીચ ગોત્ર કર્મ ઉપાર્જન કર્યું. જે વ્યકિતને પોતાને પ્રાપ્ત થયેલી અથવા થનારી જે શકિતનું તીવ્ર અભિમાન આવે છે, તે વ્યકિતને ભવિષ્યમાં અવળી પરિસ્થિતિ પ્રાપ્ત કરાવનાર અશુભ કર્મનો બંધ થાય છે. મરિચિ માટે પણ એમજ બન્યું અને નીચગોત્રનો તીવ્રરસવાળો બંધ પડી ગયો.

## અવશિષ્ટ રહેલાં અશુભકર્મના કારણે દેવાનંદાની કુક્ષિમાં અવતરણ

ભગવાન મહાવીરના સમ્યગ્દર્શનની પ્રાપ્તિની અપેક્ષાએ ગણવામાં આવતા સત્તાવીશ ભવો પૈકી મરિચિનો ભવ એ ત્રીજો ભવ હતો. એ ત્રીજા ભવ પછીના અનેક ભવોમાં પ્રભુ મહાવીરના આત્માનો વારંવાર ભિક્ષાવૃત્તિવાળા બ્રાહ્મણકુળમાં અવતરણ (જન્મ) થયો હોવાથી મરિચિના ભવમાં સંચિત કરેલું નીચગોત્ર કર્મ ઘણું ખરૂં ભોગવાઈ જવા છતાં બ્યાશી દિવસ સુધી ભોગવવું પડે તેટલા પ્રમાણમાં તે કર્મ અવશિષ્ટ રહ્યું, અને તે કારણે ભગવાન મહાવીરનો આત્મા પ્રાણુત નામના દશમા દેવલોકમાંથી આવી બ્રાહ્મણકુંડ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષિમાંગર્ભપણે અવતર્યો. તેમજ બ્યાશી દિવસો દરમિયાન એ અશુભ કર્મ ભોગવાઇને ક્ષીણ થઈ જતાં સૌધર્મેન્દ્રે હરિણેગમેષી દેવ દ્વારા ગર્ભનું સંક્રમણ કરાવ્યું અને ભગવાન ત્રિશલા માતાની કુક્ષિમાં પધાર્યા.

## દેવાનંદાનો આ પ્રસંગ ઉપસ્થિત થવાનું શું કારણ ?

અહીં સ્વભાવિક રીતે એ પ્રશ્ન થવાનો સંભવ છે કે ભગવંતના આત્માને ૮૨ દિવસો સુધી ભોગવવા યોગ્ય અશુભ કર્મ બાકી હોવાના કારણે દેવાનંદાની કુક્ષિમાં ભગવાનને એટલો સમય અવતાર લેવાનો પ્રસંગ આવ્યો. પરંતુ દેવાનંદાની કુક્ષિમાં ત્રણલોકના નાથ, અનંત ઉપકારી તીર્થંકર પરમાત્માનો અવતાર લેવા પછી બ્યાશી દિવસ પરમા-

ત્માના આત્માનું ત્રિશલામાતાની કુક્ષિમાં સંક્રમણ થયું. તો શું દેવાનંદા માતાને આવો પ્રસંગ બનવામાં જન્માંતરમાં સંચિત કરેલ અશુભકર્મ કારણ હશે? અશુભના ઉદય સિવાય તો આ પ્રમાણે બને નહીં.

## દેવાનંદા અને ત્રિશલાનો પૂર્વજન્મનો સંબંધ

આ પ્રશ્નનાં સમાધાન માટે ભગવતીસૂત્ર વગેરે આગમસૂત્રો, ચરિત્ર ગ્રન્થો, સજ્ઝાયો અને સ્તવનો વગેરેમાં જે હકીકત ઉપલબ્ધ થાય છે, તે રીતે માતા દેવાનંદા અને માતા ત્રિશલા પૂર્વજન્મમાં દેરાણી-જેઠાણી હતા દેવાનંદાનો આત્મા જેઠાણી તરીકે અને ત્રિશલાનો આત્મા ગત જન્મમાં દેરાણી તરીકે હતો મોહપરવશ બનેલા જેઠાણીએ એક અવસરે દેરાણીનાં રત્ન જડિત સુવર્ણ અલંકારની પેટી કોઇને ખબર ન પડે તે રીતે આડી અવળી કરી નાંખી. વ્યક્તિ પાપાચરણ કર્યા બાદ તેને છૂપાવવા માટે પોતાનાથી થાય તેટલા પ્રયત્નો કરે છે, પણ આખરે એ પાપ વહેલું મોડું બહાર આવ્યા સિવાય નથી જ રહેતું દેરાણીને ચોક્કસ ખબર મળ્યા કે મારી રત્નજડિત આભૂષણોની પેટી મારા જેઠાણીએ જ લીધી છે. સમાચાર મળ્યા બાદ આભૂષણોની પેટી મેળવવા માટે દેરાણીએ ઘણા ઘણા પ્રયત્નો કર્યા છતાં દેરાણીને આભૂષણોની પેટી પાછી ન મળી તે ન જ મળી. અને એ કારણે દેરાણીનો આત્મા ઘણો દુભાયો તેમજ દેવાનંદાએ આ દુષ્કર્મના કારણે એવું ઉગ્ર લાભાંતરાય કર્મ ઉપાર્જન કર્યું કે ત્રણ લોકના નાથ જગજ-

તુના ઉદ્ધારક તીર્થંકર પરમાત્મામહાવીરદેવનો આત્મા દેવાનંદાના ભવમાં પોતાની કુક્ષિમાં અવતરવા છતાં બ્યાશી દિવસ બાદ એ પુત્રરત્નનું ઉપર જણાવ્યા પ્રમાણે ઈન્દ્ર મહારાજના આદેશથી હરિણૈગમેષી મારફત ત્રિશલા માતાની કુક્ષિમાં સંક્રમણ થયું. જે વ્યકિત જેવી શુભાશુભ પ્રવૃત્તિ કરે છે. તે પ્રમાણે તે વ્યકિતને શુભાશુલ કર્મ બંધાય છે. અને બહુલતાએ તે શુભાશુભ કર્મનાં ફળો તે આત્માને અવશ્ય ભોગવવાં પડે છે. પં. વીરવિજયજી મહારાજે પૂજામાં એ આશયથી જ પંકિત ઉચ્ચારી છે કે "બંધ સમય ચિત્ત ચેતીએ, ઉદયે શો સંતાપ !"

## માતા દેવાનંદાને આવેલાં ચૌદમહાસ્વપ્નોનું અપહરણ

ભગવાન મહાવીરનો આત્મા દેવાનંદાની કુક્ષિમાં અષાઢ સુદિ ૬ ની મધ્યરાત્રિએ જે અવસરે અવતરેલ તે અવસરે માતા દેવાનંદાને કેસરીસિંહ, ગજ, વૃષભાદિ જે ચૌદ સ્વપ્નો આવેલાં હતાં. તે, ભગવાનનું જે રાત્રિએ દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલારાણીની કુક્ષિમાં સંક્રમણ થયું તે રાત્રિએ શયનખંડમાં સૂતા સૂતા "મને આવેલા સિંહ, ગજ, વૃષભાદિ ચૌદ સ્વપ્નોનું ત્રિશલાએ અપહરણ કર્યું" આવા પ્રકારનું અશુભ સ્વપ્ન માતા દેવાનંદાને આવ્યું અને દેવાનંદા જાગૃત થયા બાદ પોતાના પતિ પાસે જઈને સ્વપ્ન સંબંધી વૃત્તાંત રજૂ કર્યો, ત્યારે ઋષભદત્ત બ્રાહ્મણે પોતાના પત્ની દેવાનંદાને આશ્વાસન આપ્યું કે "તમોને આવેલાં

અશુભ સ્વપ્ન સંબંધી જરાપણ શોક-સંતાપ કરવાની જરૂર નથી. મેરુ ભૂમિમાં જેમ કલ્પવૃક્ષનું સ્થાન ન હોય, તેમ આપણા જેવા અલ્પ પુણ્યશાળીને ત્યાં ત્રણલોકનાં નાથ-કરૂણાનિધાન પરમાત્મા તીર્થંકરદેવ સ્વરૂપ પુત્રરત્નનાં જન્મનો લાભ ક્યાંથી હોય ? એમ છતાં બ્યાશી દિવસ પર્યંત એ ભગવાન આપણા ઘરનાં આંગણે બિરાજમાન રહ્યા તેથી તારૂં અને મારું ભાવિમાં જરૂર કલ્યાણ થશે."

## ત્રિશલામાતાને ચૌદ મહાસ્વપ્નોનું દર્શન

જે રાત્રિએ ભગવાન ત્રિશલામાતાની કુક્ષિમાં પધાર્યા, તે રાત્રિએ અલ્પ નિદ્રાવસ્થામાં વર્તતા ત્રિશલામાતાને કેશરી સિંહ, ગજ, વૃષભ વગેરે ચૌદમહાસ્વપ્નોનાં દર્શન થયાં અને માતા ત્રિશલા તરત જાગી ગયા પોતાને આવેલાં ઉત્તમ સ્વપ્નોનાં કારણે માતા ત્રિશલાનું હૈયું હર્ષથી ઉભરાઈ ગયું રોમરાજી વિકસ્વર થઈ ગઈ અને આનંદમાને આનંદમાં ત્રિશલા ક્ષત્રિયાણી પોતાના પતિ સિદ્ધાર્થ ક્ષત્રિયના શયન-ગૃહમાં પહોંચી "તમો જય પામો. વિજય પ્રાપ્ત કરો" મધુર-વાણી વડે સિદ્ધાર્થક્ષત્રિયને જગાડયા. સિદ્ધાર્થ ક્ષત્રિયે વગેરે પણ ત્રિશલા ક્ષત્રિયાણીને ભદ્રાસન ઉપર બેસવા માટે અનુ-મતિ આપી એટલે ત્રિશલાદેવી ભદ્રાસન ઉપર બેઠા અને સ્વસ્થ-ચિત્તે પાછલી મધ્યરાત્રિએ પોતાને આવેલા ચૌદ મહાસ્વપ્નો સંબંધી સમગ્ર વૃત્તાંત સિદ્ધાર્થ ક્ષત્રિય પાસે રજૂ કર્યો, અને આ મહાન સ્વપ્નોનું શું ઉત્તમ કલ્યાણકારી ફળ પ્રાપ્ત થશે તે જણાવવા માટે સિદ્ધાર્થ ક્ષત્રિયને વિનંતિ કરી ત્રિશલા

ક્ષત્રિયાણી પાસેથી અતિ ઉત્તમ ચોદમહાસ્વપ્નનાં વૃત્તાંતને શ્રવણ કરી સિદ્ધાર્થ ક્ષત્રિય અત્યંત હર્ષ પામ્યા અને પોતાના વિશિષ્ટ ક્ષયોપશમવાળા મતિ અને શ્રુતજ્ઞાનના બલ વડે ત્રિશલા ક્ષત્રિયાણી પાસે આ ઉત્તમ મહાસ્વપ્નોનું ફળ જણાવવાની શરૂઆત કરી

## સિદ્ધાર્થ ક્ષત્રિયે જણાવેલું મહાસ્વપ્નોનું પ્રશસ્ત ફળ

'હે દેવને વલ્લભ ! તમોએ જે મહાન સ્વપ્નો જોયેલાં છે; તે અતિશય ઉત્તમ છે. આપણાં સમગ્ર કુટુંબમાં આનંદ મંગલ અને કલ્યાણને કરવાવાળાં આ સ્વપ્નો છે. ધનધાન્ય ઋદ્ધિ-સિદ્ધિ, સંપત્તિમાં વૃદ્ધિ કરનારાં છે- આવા ઉત્તમ મહાવીરનો પ્રબલ પુણ્યવંત આત્માને જ પ્રાપ્ત થાય છે. આ મહાસ્વપ્નોના પ્રભાવે આપણા કુલમાં દીપક સમાન, કુલની વૃદ્ધિ કરનાર. કુલના આધાર રૂપ, કુલમાં આનંદ આપનાર, સર્વ અંગોપાંગો અને લક્ષણોથી પરિપૂર્ણ એવા પુત્રરત્નને તમે જન્મ આપશો. ત્રિશલા ક્ષત્રિયાણી પોતાના સિદ્ધાર્થ ક્ષત્રિય પાસેથી પોતાને આવેલા ચોદમહાસ્વપ્નોનું પ્રશસ્ત ફળ શ્રવણ કરી તૃષ્ટિ-પુષ્ટિ તેમજ અતિહર્ષને પામ્યા અને આ મહાસ્વપ્નોનું ફળ આપે જણાવ્યા પ્રમાણે યથાર્થ છે; મને ઇષ્ટ છે; વારંવાર ઇષ્ટ છે એ પ્રમાણે સ્વપ્ન સંબંધી ફળનો ત્રિકરણયોગે સ્વીકાર કરી સિદ્ધાર્થ ક્ષત્રિયાની અનુમતિ મલ્યા બાદ પોતાનાં શયનખંડમાં આવી પહોંચ્યા. તેમજ પછી મને આવેલા આ મહાસ્વપ્નોનું ફળ તેમજ અશુભ સ્વપ્નોથી હણાઇ ન જાય ' એ બાબતને

ધ્યાનમાં રાખી બાકી રહેલ રાત્રિ દેવ–ગુરુ–ધર્મની આરાધનામાં ધર્મ જાગરિકમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ પસાર કરી ઉત્તમ સ્વપ્ન આવ્યા બાદ બાકી રહેલ રાત્રિ ધર્મ આરાધનામાં પસાર થાય તો એ ઉત્તમ સ્વપ્નનું પ્રશસ્ત ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે.

## સ્વપ્ન લક્ષણ પાઠકોને બોલાવી લાવવા માટે સેવક પુરુષોને સિદ્ધાર્થ રાજાએ કરેલ આજ્ઞા

પ્રભાતનો સમય થયો ત્યારે સિદ્ધાર્થ ક્ષત્રિયે પોતાના સેવક પુરુષોને બોલાવ્યા. અને ત્રિશલા ક્ષત્રિયાણીને આવેલાં સ્વપ્નોનું ફળ યદ્યપિ પોતે સંક્ષેપમાં પોતાની બુદ્ધિ પ્રમાણે ત્રિશલાક્ષત્રિયાણીને જણાવેલ હતું એમ છતાં આવા અતિ ઉત્તમ મહાસ્વપ્નોનાં ફળને સવિસ્તરપણે યથાર્થ જાણવાની અભિલાષાથી પોતાના ક્ષત્રિયકુંડ નગરમાં વસતા અષ્ટાંગ નિમિત્તના જાણકાર સ્વપ્ન લક્ષણ પાઠકોને શીઘ્ર રાજસભામાં બોલાવી લાવવાની પોતાના સેવકોને આજ્ઞા કરી.

## સ્વપ્ન લક્ષણ પાઠકોને આમંત્રણ

પોતાના સ્વામીની આજ્ઞાને શિરોમાન્ય કરી સિદ્ધાર્થ રાજાના સેવક પુરુષો ક્ષત્રિયકુંડ નગરમાં સ્વપ્નલક્ષણ પાઠકોના જે સ્થળે ઘરો છે ત્યાં આવી પહોંચ્યા અને આજે કોઈ પ્રશસ્ત કાર્ય માટે સિદ્ધાર્થ રાજા તમોને બોલાવે છે. એ પ્રમાણે પોતાના સ્વામીએ કરેલ આજ્ઞા પ્રમાણે સ્વપ્ન લક્ષણ પાઠકોને આમંત્રણ આપ્યું. પ્રાચીન કાળમાં રાજાનો અને પ્રજાનો શેઠ અને નોકરનો સંબંધ ભારતના પવિત્ર ઋષિ-

મુનિઓની સંસ્કૃતિના સુવાસથી મઘમઘતો હતો અને તેથી રાજા–પ્રજામાં તેમજ માલિક અને મજૂરી–મહેનત કરનાર કામદાર વર્ગમાં એક સરખી શાંતિ હતી. માલિક પોતાને ત્યાં કામ કરનાર વર્ગ માટે કૌટુંબિક ભાવના રાખતો હતો, અને એ કારણે જ કલ્પસૂત્રના મૂળમાં સેવક વર્ગ માટે કૌટું-બિક પુરુષ **कोडुंबियपुरिसे** આ પદનો પ્રયોગ કરવામાં આવેલ છે. વર્તમાન પરિસ્થિતિ તેથી વિપરીત જોવાય છે. માલિક વર્ગ સંપત્તિ અને સત્તાના અહંભાવમાં પોતાની ફરજથી વિમુખ બનેલ છે. પરિણામે કામદાર વર્ગે પણ આજે સંગઠન કરવા સ્થળે સ્થળે માલિક વર્ગ સામે મોરચા શરૂ કર્યા છે. ઉભય વર્ગમાં ભારતની પ્રાચીન સંસ્કૃતિનો વારસો પુનઃ પ્રાપ્ત થશે, તો અવસરે અંતર આત્માના પ્રેમભર્યો સામ્યવાદ દૃષ્ટિગોચર થશે અને ભારતમાં અગાઉના જેવા આનંદ કલ્લોલનાં દર્શન થશે.

## સ્વપ્ન લક્ષણ પાઠકોનું સભામાં આગમન

સિદ્ધાર્થ રાજાના સેવકોએ અષ્ટાંગનિમિત્ત શાસ્ત્રનાં યથાર્થ જાણકાર સ્વપ્ન લક્ષણ પાઠકોને શીઘ્ર રાજસભામાં આવવાનું આમંત્રણ આપ્યું. એટલે રાજા તરફથી આમં-ત્રણ મળવાને કારણે તેમને ઘણો જ આનંદ થયો અને સ્નાન વિલેપન વસ્ત્રાલંકારથી યથાયોગ્ય સજ્જ થવા સાથે ડાભ–સરસવ વગેરે શુકનવંતી વસ્તુઓ પોતાની પાઘડીમાં રાખી રાજમહેલ તરફ આવવા માટે રવાના થયા. રાજમહેલના દરવાજે પહોંચ્યા બાદ રાજાની સભામાં જવા પહેલાં એ બધાં

સ્વપ્ન લક્ષણ પાઠકો ભેગા થયા અને બધાએ આગેવાની લેવાની ભાવના ન રાખતા આઠમાંથી એક યોગ્ય વ્યકિતને આગેવાની આપી. સ્વપ્ન લક્ષણ પાઠકો અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્રોનાં ફક્ત અભ્યાસી ન હતા, પણ સાથે એ અભ્યાસીના ફળ સ્વરૂપે જીવનમાં વિવેક, નમ્રતા, લઘુતા વગેરે ગુણોથી સંપન્ન હતા. ભણતરની પાછળ ગણતર, ગણતરની પાછળ ઘડતર અને ઘડતર પાછળ રળતર અને તેની પાછળ વળતર હોય તોજ ભણતર, એ સાચું ભણતર છે. રાજસભામાં ગયા બાદ સૌ કોઈ પોતાનું મંતવ્ય રાજાની પાસે રજૂ કરે તો રાજાને જે રીતે સંતોષ થવો જોઈએ તે રીતે સંતોષ ન થાય ઉપરાંત આ બધાયનાં ભિન્નભિન્ન કથનમાં કોનું કથન માનવું ! એમ વિકલ્પોની પરંપરા ચાલે, આવો પ્રસંગ ન આવે અને પરસ્પર વિચારવિનિમય કરી એક મુખ્ય વ્યકિત જો રાજાને યથાર્થ જવાબ આપે તો રાજાના ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય.

## સર્વસંમત એક સ્વપ્ન લક્ષણ પાઠકને મુખ્યતા આપવાની વાત

જે સમુદાયમાં બધા જ આગેવાન હોય અને બધા જ જાતે પંડિતમન્ય હોય, એ સમુદાય છેવટે વિનાશના પંથે પ્રયાણ કરે છે. સ્વપ્ન લક્ષણ પાઠકો એક યોગ્ય વ્યકિતની સાથે રાજાની સભામાં દાખલ થયા. અને રાજાએ પ્રણામ કરવા પૂર્વક અગાઉથી તૈયાર રખાવેલા ભદ્રાસનો ઉપર બેસવા માટે તેઓને વિનંતિ કરી સ્વપ્ન લક્ષણ પાઠકોએ પણ

"રાજન ! તમો જય પામો, તમારા રાજ્યમાં સુખ સંપત્તિ તેમજ સર્વ પ્રકારના ઐશ્વર્યની વૃદ્ધિ થાઓ ! અને તમારા કુળમાં કુલદીપક પુત્ર વગેરે પરિવારની પ્રાપ્તિ સાથે પરમાત્માના પવિત્ર ધર્મની નિરંતર આરાધના તમારી વંશપરંપરામાં એક સરખી ચાલ્યા કરો' આ પ્રમાણે આશીર્વાદ આપી ભદ્રાસન ઉપર સ્થાન લીધું.

## ત્રિશલા ક્ષત્રિયાણીને આવેલાં ચૌદ મહાસ્વપ્ન

"રાજાની પાસે, પ્રભુ પાસે, ગુરુ પાસે અને જ્યોતિષી પાસે ખાલી હાથે ન જવું પણ ફળ તેમજ સુવર્ણ મુદ્રા વગેરે સાથે જવું." આ નીતિશાસ્ત્રનો નિયમ છે. રાજા આ નિયમને જાણતા હોવાથી પોતાના સિંહાસન ઉપરથી ઉભા થયા અને પોતાના બન્ને કરકમળોમાં રાખેલ શ્રીફળ સુવર્ણમુદ્રા વગેરે સ્વપ્ન લક્ષણ પાઠકો સામે ધરીને આ પ્રમાણે વાત રજૂ કરી. ગઈ પાછલી રાત્રિએ અલ્પ નિદ્રાવસ્થામાં વર્તતા ત્રિશલા ક્ષત્રિયાણીને પ્રથમ સ્વપ્નમાં આકાશમાંથી નીચે ઉતરતા અને પોતાના મુખમાં પ્રવેશ કરતાં કેશરી સિંહના દર્શન થયા, ત્યારબાદ મલપતો હાથી, સુંદર વૃષભ, હાથીઓ બન્ને બાજુએથી સૂંઢ વડે જેમનો અભિષેક કરી રહ્યા છે એવા લક્ષ્મીદેવી, સર્વઋતુના સુગંધી ફુલોની સુવાસથી મઘમઘતી પુષ્પમાળાનું યુગલ શરદપૂર્ણિમાનો ચન્દ્ર, સોળસો કિરણોથી પૃથ્વીમંડળને પ્રકાશ આપનાર સૂર્ય, સિંહના રેખાચિત્રથી શોભતી અને મંદમંદ પવનની લહેરથી શિખર ઉપર ફરકતી સુંદર ધ્વજા, નિર્મળ જળથી પરિપૂર્ણ

સુવર્ણ કળશ, અનેક પ્રકારના સુગંધી કમળોથી સુશોભિત પદ્મસરોવર, મગર મચ્છ વગેરે જળચર પ્રાણીઓ જેમાં આનંદ-કલ્લોલ કરી રહેલ છે. એવો ક્ષીર સમુદ્ર, અનેક દેવો અને દેવીઓથી સુશોભિત દિવ્ય ધ્વનિને મધુર અને માંગલિક સ્વરોથી અલંકૃત, મણિરત્નથી અનેક સુવર્ણ સ્થંભોથી શોભાયમાન દેવતાઈ વિમાન, સર્વ પ્રકારનાં ઉત્તમ રત્નોથી સુશોભિત વિશાળ રત્નરાશિ અને જેમાં ઘી-સાકર વગેરે ઉત્તમ પદાર્થોનું સિંચન થઈ રહ્યું છે, એવી નિર્ધૂમ અગ્નિશિખા આ પ્રમાણે કુલ ચૌદ મહાસ્વપ્નોનાં દર્શન કરીને ત્રિશલા ક્ષત્રિયાણી પાછલી રાત્રિએ જાગૃત થયા છે. આ ચૌદ મહાસ્વપ્નોનું યથાર્થ ફળ જાણવા માટે આપ સ્વપ્નલક્ષણ પાઠકોને અહીં રાજસભામાં પધારવાનું આમંત્રણ આપવામાં આવેલ છે. આપ બધા અષ્ટાંગનિમિત્તના શાસ્ત્રોમાં પારંગત છો માટે ત્રિશલા ક્ષત્રિયાણીને આવેલાં મહાસ્વપ્નોનું અમોને શું ફળ પ્રાપ્ત થશે તે જણાવો?"

## સ્વપ્નલક્ષણ પાઠકોના ફળકથનનો પ્રારંભ

સિદ્ધાર્થ ક્ષત્રિય પાસેથી ત્રિશલા ક્ષત્રિયાણીને આવેલાં ચૌદ મહાસ્વપ્નો સંબંધી વૃત્તાંત શ્રવણ કરી સ્વપ્નલક્ષણ પાઠકો અતિશય આનંદ પામ્યા. આ ચૌદ મહાસ્વપ્નોનાં ફળ સંબંધી પોતાની બુદ્ધિ પ્રમાણે સર્વ સ્વપ્નલક્ષણ પાઠકોએ વિચાર કર્યો. અને એક બીજાના વિચારોની આપ લે કરી એક નિર્ણય ઉપર સર્વ સંમત થયા અને ત્યારબાદ રાજાની પાસે આગેવાન સ્વપ્નલક્ષણ પાઠકે ચૌદ મહાસ્વપ્નનાં

ઉત્તમ ફળકથનનો પ્રારંભ કર્યો,

## અતિ ઉત્તમ કોટિનાં મહાસ્વપ્નો

હે રાજન્! ત્રિશલા ક્ષત્રિયાણીએ સર્વોત્તમ જે ચૌદ મહાસ્વપ્નો જોયેલાં છે. એ ચૌદ મહાસ્વપ્નોનું ફળકથન કરવું એ અમારી શક્તિનો વિષય નથી. રાજન્! વર્ષોથી અમો આપના આ ક્ષત્રિયકુંડનગરમાં વસીએ છીએ. અને અનેક મહાનુભાવો પોતાને આવેલા સ્વપ્નોનું ફળ જાણવા માટે અમારી પાસે આવે છે પરંતુ આજ સુધીમાં ઉત્તમોત્તમ સ્વપ્નો કોઈને આવ્યાં હોય અને એ સ્વપ્નોનું ફળ જાણવાની અભિલાષા કોઈએ અમારી પાસે આવીને જણાવેલ હોય એ અમારા અનુભવમાં નથી. અમારા સ્વપ્ન શાસ્ત્રમાં કુલ બોતેર પ્રકારનાં સ્વપ્નો છે. એ ઉપરાંત બીજા જે કોઈ સ્વપ્નના પ્રકારો હોય તેનો આ બોતેરમાં સમાવેશ થઈ જાય છે. આ બોતેર સ્વપ્નોમાં ત્રીશ મહાસ્વપ્નો છે અને એ ત્રીશ મહાસ્વપ્નોમાં ગજ, વૃષભ વગેરે ચૌદ મહાસ્વપ્નો અતિ ઊત્તમ કોટિનાં છે.

## સ્વપ્ન આવવાનું વાસ્તવિક કારણ

કોઈ પણ વ્યક્તિને જ્યાં સુધી છદ્મસ્થપણું છે, ત્યાં સુધી સ્વપ્ન આવવાનો સંભવ છે. સર્વજ્ઞ પરમાત્મા કેવલી ભગવંતને જ્ઞાનાવરણ-દ્રર્શનાવરણ-મોહનીય અને અંતરાય, આ ચાર ઘાતીકર્મોનો ક્ષય થયેલો હોવાથી કાયમ માટે ઉજાગર દશા હોય છે. એમને નિદ્રા-સ્વપ્ન અને જાગરદશાનો સર્વથા અભાવ હોય છે દર્શનાવરણ કર્મના કારણે નિદ્રા

હોય છે. દર્શનાવરણીય કર્મની તીવ્રતા-મંદતાના આધારે નિદ્રાની તીવ્રતા-મંદતા હોય છે. અને નિદ્રાની તીવ્રતા-મંદતાની અપેક્ષાએ નિદ્રા (કુતરાની ઉંઘ જેવી અત્યંત અલ્પ નિદ્રા) પ્રચલા, નિદ્રા નિદ્રા, પ્રચલા પ્રચલા અને થીણદ્ધિ (અત્યંત ગાઢ નિદ્રા-ઉંઘમાં પણ દિવસે ચિંતવેલ કાર્ય કરી આવે તો પણ પોતાને ભાન ન હોય) આ પ્રમાણે નિદ્રામાં અનેક પ્રકારે પેટા વિભાગો છે. જ્યાં દર્શનાવરણનો ઉદય છે ત્યાં જ્ઞાનાવરણનો ઉદય અવશ્ય હોય છે. એ બન્નેનો ઉદય, બન્નેનો બંધ અને બન્નેની સત્તા સદાકાળ સાથે જ રહે છે. દશમા ગુણસ્થાનકના અંતિમ સમય સુધી એ બંનેનો બંધ હોય છે. એમ બારમાગુણસ્થાનકના અંતિમ સમય સુધી બન્નેનો ઉદય અને સત્તા નિયત હોય છે. જ્ઞાનાવરણ દર્શનાવરણના ઉદયની સાથે જ્યાં સુધી મોહનીયનો ઉદય છે ત્યાં સુધી આત્માની સવિકલ્પક દશા છે, અને મોહનીયનો ઉદય અટકે એટલે આત્માની નિર્વિકલ્પક દશા છે.

## શુભ-અશુભ સ્વપ્નના હેતુઓ

મોહનીયના ઉદયમાં પણ આત્માની બે પ્રકારની અવસ્થા છે. એક પ્રમત્તદશા અને બીજી અપ્રમત્તદશા. મોહનો ઉદય છતાં ઔદયિક ભાવની જેમાં આધીનતા નથી એવી આત્માની અવસ્થા તેનું નામ અપ્રમત્તદશા છે અને મોહના ઉદયની જે અવસ્થામાં ઓછા-વધુ પ્રમાણમાં પણ આધિનતા છે તેનું નામ પ્રમત્તદશા છે અને શુભ-અશુભ સ્વપ્નો પણ આ જીવને પ્રમત્તદશામાં જ આવે છે. અપ્રમત્ત અવસ્થામાં

સ્વપ્નો આવવાની શકયતા નથી. પ્રમત્તદશામાં પણ જે જીવો તીવ્ર-મિથ્યાત્વના ઉદયવાળા અને ઉગ્ર પાપાચરણવાળા હોય છે. તે વર્ગને બહુલતાએ અશુભ સ્વપ્નો આવે છે અને તેનું ફળ પણ અશુભ પ્રાપ્ત થાય છે.

જે આત્માઓ મંદમિથ્યાત્વના ઉદયવાળા હોય છે, માર્ગાનુસારિપણું અથવા વ્યવહાર શુદ્ધિ જેના જીવનમાં વિદ્યમાન હોય છે, જેનું જીવન સપ્તવ્યસન-અભક્ષ ભક્ષણના ત્યાગવાળું છે એવા જનસમુદાયને તેમ જ સમ્યગ્દષ્ટિ-દેશ-વિરતિવાળા અને સર્વવિરતિવંત મહાનુભાવોને મોહના ઉદયનું પ્રમાણ ક્રમશઃ અલ્પ-અલ્પતર હોવાને કારણે બહુલતાએ તેમને શુભ સ્વપ્નો આવે છે. અને તે શુભ સ્વપ્નોનું ફળ અત્યંત ઉત્તમકોટિનું પ્રાપ્ત થાય છે.

## શુભ-અશુભ સ્વપ્નો એટલે સદ્-અસદ્ વર્તન અને વિચારોનું પ્રતિબિંબ

જાગૃત અવસ્થામાં સારા-નરસા વિચારો આવવાનું મુખ્ય કારણ અંતરંગ જીવન છે. અંતરંગ જીવન પવિત્ર હોય અર્થાત્ મોહના ઉદયની તીવ્રતાવાળું ન હોય તો તેના મનોમંદિરમાં પ્રાયઃ સદ્‌વિચારોની પરંપરા ચાલે છે. ઘણા ભાગે અસદ્-અપવિત્ર વિચારો તે મહાનુભાવને આવતા નથી અને કદાચ કોઈવાર આવે તો લાંબો સમય ટકતા નથી. તેથી વિપરીત જેના જીવનમાં કામ-ક્રોધ-મોહ-માયા-ઈર્ષા-અદેખાઈ વગેરે મોહનીયજન્ય દૂષણો જોરદાર હોય છે. તેના મનમાં સદ્‌વિચારની ધારા આવતી નથી, બહુલતાએ હિંસા

જુઠ–ચોરી–વ્યભિચાર વગેરે પાપી વિચારોની પરંપરા ચાલે છે કદાચ કોઈવાર સદ્‌વિચાર આવે તો લાંબો સમય ટકાવ થતો નથી. જાગૃત અવસ્થામાં પ્રગટ થતા સદ્–અસદ્ વિચારોનું પ્રતિબિંબ બહુલતાએ સ્વપ્ન સૃષ્ટિમાં હાજર થાય છે. જાગૃત અવસ્થામાં ચૈતન્ય વ્યકતદશામાં હોય છે અને નિદ્રાવસ્થામાં ચૈતન્ય અવ્યકતદશામાં હોય છે. તાત્પર્ય એ છે કે જેટલું મોહરાજાનું પરિબલ ઓછું તેટલા પ્રમાણમાં આત્માના પરિણામ કિંવા અધ્યવસાય વિશુદ્ધ હોય છે. અધ્યવસાય અથવા પરિણામની જેટલી વિશુદ્ધ હોય તેટલા પ્રમાણમાં મન–વાણી કાયાના વ્યાપારો પણ પ્રશસ્ત હોય છે અને આવા આત્માઓને કુશલાનુબંધની પરંપરા ચાલે છે, તેમજ રાત્રે નિદ્રામાં પણ ઉત્તમ પ્રકારનાં સ્વપ્નો આવે છે.

## સર્વગુણ સંપન્ન પુત્રરત્નની પ્રાપ્તિ

હે રાજન્ ! તમો તેમજ ત્રિશલા ક્ષત્રિયાણી ભગવાન પાર્શ્વનાથ પ્રભુના પરમશ્રાવક છો. તમારૂં જીવન ધર્મપરાયણ છે. અને એથી જ ત્રિશલા ક્ષત્રિયાણીને કેશરીસિંહ ગજ, વૃષભ વગેરે અતિ ઉત્તમ ચૌદ મહાસ્વપ્નોનાં પ્રભાવે તમારા સમગ્ર રાજકુટુંબમાં ધર્મ–આરાધનામાં દિન–પ્રતિદિન વૃદ્ધિ થશે. પુણ્યાનુબંધી પુણ્ય કિંવા કુશલાનુબંધની પરંપરા ચાલશે. ધન–ધાન્ય ઋદ્ધિ–સિદ્ધિ–સંપત્તિની અનેક રીતે વૃદ્ધિ થયા કરશે, અને આ મહાસ્વપ્નોના પ્રભાવે તમારા કુળમાં ચંદ્ર સમાન; તેજસ્વી દીપક સમાન કુળને

આનંદ આપનાર એક હજારને આઠ લક્ષણોથી સંપન્ન પુત્ર-રત્નનો જન્મ આપશો.

હે સિદ્ધાર્થ રાજન્ ! ત્રિશલા ક્ષત્રિયાણી જે પુત્રનો જન્મ આપશે; તે પુત્ર બાલ્યાવયમાં પણ બાળક યોગ્ય ચપલતાથી રહિત થશે બુદ્ધિ–વિજ્ઞાન જન્મ જન્માંતરનાં કારણે આપો આપ (અભ્યાસ કર્યા સિવાય) પરિણમેલ હશે. એ તમારો પુત્ર યૌવનનાં આંગણમાં પ્રવેશ કરશે ત્યારે શૂર થશે વીર થશે ! અને અતૂટ પરાક્રમી થશે. ઉપરાંત વિશાલ રાજ્યનો સ્વામી તો થશે પરંતુ છ ખંડના ઐશ્વર્યને ભોગવનાર ચક્રવર્તી મહારાજા અથવા ત્રણ લોકના નાથ, ચાર ગતિનો અંત કરનાર ધર્મતીર્થના પ્રવર્તક ધર્મચક્રવર્તી તીર્થંકર ભગવાન થશે.

## સ્વપ્ન શાસ્ત્રનો નિયમ

રાજન ! સ્વપ્ન શાસ્ત્રનો નિયમ છે કે તીર્થંકર પરમાત્માની માતા જે રાત્રિએ તીર્થંકરનો આત્મા માતાની કુક્ષિમાં ગર્ભપણે અવતરે છે તે રાત્રિએ ગજ વૃષભાદિ ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગે છે. ચક્રવર્તીની માતા પણ ચક્રવર્તીનો આત્મા માતાની કુક્ષિમાં ગર્ભપણે અવતરે છે ત્યારે એજ ગજ વૃષભાદિ ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગે છે (ફક્ત તીર્થંકરની માતાને આવતા ગજ, વૃષભાદિ ચૌદ મહાસ્વપ્નોની અપેક્ષાએ ચક્રવર્તીની માતાને આવતા ચૌદ સ્વપ્નો જરા ઓછી કાંતિવાળા હોય છે) વાસુદેવની માતા વાસુદેવનો આત્મા ગર્ભ-પણે અવતરે છે તે અવસરે ગજ–વૃષભાદિ ચૌદ મહાસ્વપ્નો પૈકી કોઇપણ સાત સ્વપ્નોને જોઇને જાગૃત થાય છે. બલ-

દેવની માતા બલદેવનો આત્મા ગર્ભપણે અવતરે ત્યારે એ ચૌદ મહાસ્વપ્નો પૈકી કોઈપણ ત્રણ મહાસ્વપ્નોને જોઇને જાગે છે. અને મંડલિક રાજાની માતા મંડલિક રાજાનો આત્મા માતાની કુક્ષિમાં અવતરે ત્યારે આ ગજ–વૃષભાદિ વગેરે ચૌદ મહાસ્વપ્નો પૈકી કોઈપણ એક મહાસ્વપ્નને જોઇને જાગૃત થાય છે.

## તીર્થંકરોની માતાને સ્વપ્ન દર્શનના ક્રમમાં તફાવત

હે સિદ્ધાર્થ રાજા ! દેવને વલ્લભ ! ત્રિશલા ક્ષત્રિયાણીએ કેસરી સિંહ ગજ વૃષભ વગેરે અતિશય દેદીપ્યમાન જે ચૌદ મહાસ્વપ્નો જોયેલાં છે તેના સામાન્ય ફળ સ્વરુપે ધન–ધાન્ય, ઋદ્ધિ–સિદ્ધિ–સંપત્તિ સત્કાર સન્માનની વૃદ્ધિ વગેરે અનેક પ્રકારનું પ્રશસ્ત ફળ પ્રાપ્ત થશે. પરંતુ મુખ્ય ફળ તરીકે તો અમારા સ્વપ્ન શાસ્ત્રના નિયમ પ્રમાણે ત્રિશલા ક્ષત્રિયાણી નવ મહિના અને ઉપર સાડા સાત દિવસ પૂર્ણ થયા બાદ વિશ્વના ઉદ્ધારક તીર્થંકર પરમાત્મા રૂપી પુત્ર રત્નનો જન્મ આપશે આપણા જંબૂદ્વીપવર્તી ભરત ક્ષેત્રની વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકરોની માતાઓ ઉપર જણાવ્યા પ્રમાણે જે રાત્રિએ તીર્થંકરનો આત્મા માતાની કુક્ષિમાં ગર્ભપણે અવતરે છે. તે રાત્રિએ ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગૃત થાય છે. ફકત તફાવત એટલો છે કે પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવંતના માતા મરુદેવાએ પ્રથમ સ્વપ્નમા વૃષભ જોયેલ છે, અને પછી ગજ કેશરીસિંહ એ પ્રમાણે બાકીના તેર મહાસ્વપ્નો જોયેલા છે.

ભગવાન મહાવીર પ્રભુના માતા ત્રિશલા રાણીએ પ્રથમ સ્વપ્નમાં કેશરી સિંહ અને પછી ગજ, વૃષભ, લક્ષ્મીનો અભિષેક યાવત્ ચૌદમા સ્વપ્નમાં નિર્ધૂમઅગ્નિ-શિખા જોયેલ છે. અને બાકીના અજિતનાથથી પાર્શ્વનાથ ભગવંત સુધી બાવીશ તીર્થંકરોની માતાઓએ ચાલુ પ્રસિદ્ધ ક્રમ પ્રમાણે પહેલાં સ્વપ્નમાં હાથી, બીજા સ્વપ્નમાં વૃષભ, ત્રીજા સ્વપ્નમાં કેશરી સિંહ, ચોથા સ્વપ્નમાં લક્ષ્મીનો અ-ભિષેક યાવત્ ચૌદમા સ્વપ્નમાં નિર્ધૂમઅગ્નિશિખા જોયેલ છે.

## બારમા સ્વપ્નદર્શનમાં વિમાન અથવા ભવનનું કારણ

આ ઉપરાંત તીર્થંકર ભગવંતનો આત્મા વૈમાનિક નિકાયમાંથી અર્થાત્ સૌધર્મ ઇશાન વગેરે બાર દેવલોક, નવ ગ્રૈવેયક અથવા સર્વાર્થસિદ્ધ વિગેરે પાંચ અનુત્તર વિમાનમાંથી ચ્યવીને જો માતાની કુક્ષિમાં ગર્ભપણે અવતરે છે, તો માતાજી બારમા સ્વપ્નમાં દિવ્યવિમાન દેખે છે. અને તીર્થંકરનો આત્મા પહેલી–બીજી અથવા ત્રીજી આ ત્રણ નારકી પૈકી કોઇપણ નારકીમાંથી ચ્યવીને જો માતાની કુક્ષિમાં ગર્ભપણે અવતરે તો માતાજી બારમા સ્વપ્નમાં દિવ્ય વિમાનનાં સ્થાને દિવ્ય ભવનને દેખે છે. આટલા તફાવત ધ્યાનમાં રાખવો વિમાન અને ભવનના આકારમાં તેમજ કાંતિમાં અમુક અંશે તફાવત હોય છે.

## તીર્થંકરના આત્મા માટે આગતિદ્વારનાં બેજ દંડક

તીર્થંકર થનાર આત્મા માટે બે જ આગતિનાં દંડક

છે. મુખ્યત્વે કોઈપણ તીર્થંકરનો આત્મા તીર્થંકર થવાના ભવની અપેક્ષાએ આગલા ત્રીજા ભવમાં "ચતુર્થ અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી લઇ આઠમાં અપૂર્વકરણ ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધીમાં "સવિ જીવ કરું શાસન રસી-એસી ભાવદયા મન ઉલ્લસી" આ ઉત્કૃષ્ટ ભાવદયાના પ્રભાવે તીર્થંકર નામ–ગોત્રનો નિકાચિત બંધ કરે છે. અને આયુષ્યપૂર્ણ થયે સમ્યક્ત્વ સહિત વૈમાનિક નિકાયના ઉપર જણાવેલા બારલોક, નવ ગ્રૈવેયક અથવા પાંચ અનુત્તર વિમાન પૈકી કોઈપણ સ્થાનમાં ઉત્પન્ન થાય છે. એ વૈમાનિક નિકાયનું આયુષ્ય પૂર્ણ થયે મનુષ્યલોકમાં પંદર કર્મભૂમિના કોઈપણ આર્યક્ષેત્રમાં ક્ષત્રિય કુલોત્પન્ન રાજા મહારાજાની પટ્ટરાણીની કુક્ષિમાં તીર્થંકરનો આત્મા ગર્ભપણે અવતરે છે.

## ૧–૨–૩ નારકીમાંથી મનુષ્યપણું પ્રાપ્ત કરનાર તીર્થંકર થઈ શકે છે.

શ્રેણિક મહારાજા સરીખા શ્રેષ્ઠ તીર્થંકર થનારા આત્મા માટે એવું પણ કદાચિત્ બને છે કે તીર્થંકરનાં ભવની અપેક્ષાએ આગલા ત્રીજા ભવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને તીર્થંકર નામગોત્રનો બંધ થવા અગાઉ અવશ્યભાવિ-ભાવનાં કારણે ભાવિમાં તીર્થંકર થનાર એ આત્માનું જીવન, શિકાર વગેરે વ્યસનોના યોગે હિંસાનાં ઉન્માર્ગ તરફ વળેલું હોય છે. અને હિંસાનુબંધી રૌદ્રધ્યાનનાં કારણે તીર્થંકર થનાર એ આત્માને નરકગતિનાં બંધ સાથે (આર્ત્તધ્યાનની તીવ્રતાના પરિણામે) નરકના આયુષ્યનો પણ બંધ

થઈ જાય છે. એકલી ગતિનો બંધ થયો હોય પણ સાથે સાથે તે ગતિને લાયક આયુષ્યનો બંધ થઇ ગયો હોય તો આયુષ્ય બંધનો પલટો થવાની શક્યતા ન હોવાથી ભાવિમાં તીર્થંકર થનાર આત્માને પણ તે ગતિમાં અવશ્ય અવતાર લેવો પડે છે. તીર્થંકર થનાર આત્મા માટે અગાઉ જણાવ્યા પ્રમાણે બે જ આગતિ દ્વાર છે. મનુષ્ય અથવા તિર્યંચના ભવમાંથી મનુષ્ય તરીકે જન્મ લેનાર સકલ કર્મનો ક્ષય કરી મોક્ષનો અધિકારી બની શકે છે. પરંતુ તીર્થંકર પદ એ આત્માને પ્રાપ્ત થઈ શકતું નથી. એજ પ્રમાણે દેવલોકની અપેક્ષાએ ભવનપતિ—વ્યંતર અને જ્યોતિષી નિકાયમાંથી ચ્યવીને મનુષ્ય જન્મ પ્રાપ્ત કરનાર એ માનવ જન્મમાં મોક્ષે જઈ શકે છે, પણ તીર્થંકરપદની પ્રાપ્તિ એ માનવને થઇ શકતી નથી નરકગતિમાં પણ પહેલી, બીજી, અને ત્રીજી નરકમાંથી ચ્યવી માનવજન્મ લેનારને તીર્થંકરપદની પ્રાપ્તિ શ્રેણિક મહારાજા વગેરેની માફક શક્ય છે પણ ચોથી પાંચમી કે છઠ્ઠી નરકમાંથી નીકળીને માનવજન્મ લેનાર મહાનુભાવને મોક્ષ સર્વવિરતિ અને દેશવિરતિનાં લાભ ક્રમશઃ મળી શકે છે. પણ તીર્થંકર પદ પ્રાપ્ત થઇ શકતું નથી. પ્રાંસગિક કેટલીક તાત્ત્વિક વિચારણા કરી.

હે સિદ્ધાર્થ ક્ષત્રિય ! ત્રિશલા ક્ષત્રિયાણીએ કેશરી સિંહ, ગજ, વૃષભાદિ જે ચૌદમહાસ્વપ્નો જોયેલાં છે, તે પૈકી બારમાં સ્વપ્નમાં દિવ્ય વિમાન જોયેલ હોવાથી ક્ષત્રિયાણી જે પુત્રરત્નનો જન્મ આપશે. તે પુત્રનો આત્મા વૈમાનિક

નિકાયમાંથી ચ્યવીને અહીં અવતરેલ હશે. હે રાજન ! આ ચૌદેય મહાસ્વપ્નોનું સામુદાયિક ફળ તો આપને અમે સંક્ષેપમાં જણાવ્યું એ ચૌદ મહાસ્વપ્નો પૈકી એક એક મહાસ્વપ્નનું ભિન્ન ભિન્ન શું ફળ પ્રાપ્ત થશે ? એ બાબત આપને અમે જણાવીએ છીએ.

## ચૌદેય મહાસ્વપ્નોનું ભિન્ન ભિન્ન ફળ

(૧) હે રાજન્ ! ત્રિશલાક્ષત્રિયાણીએ પ્રથમ સ્વપ્નમાં કેશરી સિંહને જે જોયેલ છે. તેના પ્રભાવે તમારો પુત્ર વિષયવિકાર કિંવા કામ–વાસના રૂપી મદોન્મત હાથી અને હાથિણીનાં સમૂહથી પરવશ બનેલ ભવ્ય જીવોને આધ્યાત્મિક સામ્રાજ્ય અપાવનાર થશે.

(૨) બીજા સ્વપ્નમાં ચાર દંતશૂલથી શોભાયમાન હાથીને જોયેલ હોવાથી તમારો પુત્ર દાન–શીલ–તપ–ભાવ આ ચારેય પ્રકારનાં ધર્મનું વિશ્વમાં પ્રવર્તન કરશે.

(૩) ત્રીજા સ્વપ્નમાં વૃષભને જોયેલ હોવાથી હે રાજન્! તમારો પુત્ર ભરતક્ષેત્રમાં બોધિબીજની સફળ વાવણી કરવામાં કુશલ હશે.

(૪) ચોથા સ્વપ્નમાં અભિષેક સહિત લક્ષ્મી દેવીના ત્રિશલા ક્ષત્રિયાણીએ દર્શન કરેલાં હોવાથી તમારો પુત્ર વાર્ષિક દાન આપશે. અને તીર્થંકર પદની લક્ષ્મીનો ભોક્તા બનશે.

(૫) પાંચમા સ્વપ્નમાં છ એ ઋતુના પુષ્પોથી ગુંથેલ અને સુવાસથી મઘમઘાટ કરતી માળાનાં યુગલને જોયેલ હોવાથી હે રાજન્! તમારો પુત્ર ત્રણેય ભુવનમાં સર્વ કોઇને

મસ્તકે ધારણ કરવા યોગ્ય થશે.

(૬) છઠ્ઠા સ્વપ્નમાં પૂર્ણિમાના ચન્દ્રનું દર્શન થયેલ હોવાથી ચન્દ્રના કિરણોના સ્પર્શથી ચન્દ્રવિકાસી કમળો જેમ વિકસ્વર પામે છે તે પ્રમાણે તમારા પુત્ર રૂપી દર્શનથી ભવ્ય જીવો રૂપી કમળો આધ્યાત્મિક ભાવની અપેક્ષાએ નવપલ્લવિત થશે.

(૭) સાતમા સ્વપ્નમાં સૂર્યનાં દર્શન કરેલ હોવાથી હે રાજન્! તમારો પુત્ર સૂર્ય જેવો તેજસ્વી થશે અને ભામંડળથી ભૂષિત બનશે.

(૮) આઠમા સ્વપ્નમાં ધ્વજનાં દર્શનથી તમારો પુત્ર વિશ્વમાં ધર્મની ધ્વજા ફરકાવશે.

(૯) નવમાં સ્વપ્નમાં પૂર્ણકળશ જોયેલ હોવાથી તમારો પુત્ર ધર્મપ્રાસાદના શિખર ઉપર બિરાજમાન થશે.

(૧૦) દશમા સ્વપ્નમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ પણ સરોવરનાં દર્શન કરેલ હોવાથી હે. રાજન્! તમારો પુત્ર કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી સુરસંચારિત સુવર્ણકમલ ઉપર પગ મૂકીને ચાલનારો થશે.

(૧૧) અગીઆરમા સ્વપ્નમાં રત્નાકર (સમુદ્ર)નાં દર્શનથી તમારો પુત્ર અનેક ગુણરૂપી રત્નોની ઉત્પત્તિ માટે રત્નાકર સમુદ્ર જેવો થશે.

(૧૨) બારમા સ્વપ્નમાં દિવ્ય વિમાનનાં દર્શનથી તમારો પુત્ર વૈમાનિક દેવોને પણ પૂજનીય બનશે,

(૧૩) તેરમા સ્વપ્નમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ રત્નનો

રાશિ જોયેલ હોવાથી તમારો પુત્ર મણિરત્નથી જડેલા સમવસરણમાં બિરાજમાન થઈ ધર્મદેશના આપશે.

(૧૪) ચૌદમા સ્વપ્નમાં નિર્ધૂમ અગ્નિશિખા જોયેલ હોવાથી ભવ્ય જીવો રુપી સુવર્ણની શુદ્ધિ કરનારો તમારો પુત્ર થશે.

અને ચૌદેય મહાસ્વપ્નોનાં યથાર્થ સામુદાયિક ફલ તરીકે તમારો પુત્ર સકલકર્મનો આ ભવમાં જ સંપૂર્ણ ક્ષય કરી ચૌદરાજલોકના અગ્રભાગે વર્તતી સિદ્ધશિલામાં બિરાજમાન થશે.

સ્વપ્ન લક્ષણપાઠકો પાસેથી ત્રિશલા ક્ષત્રિયાણીને આવેલાં ઉત્તમોત્તમ ચૌદ મહાસ્વપ્નોનાં સર્વાતિશાયી ફળને શ્રવણ કરી સિદ્ધાર્થ રાજા અત્યંત પ્રસન્ન થયા તેમજ સ્વપ્ન લક્ષણપાઠકોનો ફૂલહાર–શ્રીફળ વગેરેથી સત્કાર–સન્માન કરી જીવન પર્યંત ચાલે તેટલું વિપુલ સુવર્ણમુદ્રા વગેરેનું દાન આપી તેમને વિદાય કર્યા. ત્રિશલા ક્ષત્રિયાણી પાસે સ્વપ્નનાં ફળનું કથન રાજસભામાં સિદ્ધાર્થ રાજાએ ત્રિશલા ક્ષત્રિયાણીને બેસવા માટે પોતાની નજીકમાં જવનિકા (પડદા)ની પાછળ ભદ્રાસન તૈયાર રખાવેલું હતું અને સ્વપ્નપાઠકો રાજસભામાં આવ્યા તે અગાઉ ત્રિશલા ક્ષત્રિયાણી પોતાના ભદ્રાસન ઉપર આવીને બેસી ગયા હતા, જેથી સ્વપ્ન લક્ષણપાઠકોએ પોતાને આવેલાં ચૌદ મહાસ્વપ્નોનાં જે સર્વોત્તમ ફળ જણાવ્યુ તે બધી હકીકત ત્રિશલાએ પોતે યથાર્થપણે શ્રવણ કરેલ હતી. એમ છતાં સ્વપ્ન લક્ષણ-

પાઠકોની રાજસભામાંથી વિદાયગિરી થયા પછી સિદ્ધાર્થ રાજા સિંહાસન ઉપરથી ઉભા થઈ જવનિકમાં ત્રિશલા ક્ષત્રિયાણી પાસે આવ્યા અને કદાચ કોઈ વાત સાંભળવામાં ન આવી હોય એ આશયથી સ્વપ્નલક્ષણ–પાઠકોનાં મુખેથી શ્રવણ કરેલ ચૌદેય સ્વપ્નોનાં સર્વોત્તમ ફળનો સમગ્ર વૃત્તાંત ત્રિશલા ક્ષત્રિયાણી પાસે કહી સંભળાવ્યો ત્રિશલાક્ષત્રિયાણી પણ એ સમગ્ર વૃત્તાંત શ્રવણ કરી અત્યંત પ્રસન્ન થયા. અને પાર્શ્વનાથ પ્રભુનાં શાસનની આરાધના સાથે આનંદમા સમય પસાર કરવા લાગ્યા.

## સિદ્ધાર્થ રાજાને ત્યાં ધન–ધાન્યાદિકની વૃદ્ધિ

જ્યારથી ભગવાન મહાવીર દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશ-લા ક્ષત્રિયાણીની કુક્ષિમાં પધાર્યા ત્યારથી સિદ્ધાર્થ ક્ષત્રિયના સત્કાર–સન્માન સાથે યશકીર્તિની વૃદ્ધિ શરુ થઇ ગઇ. તેમજ સિદ્ધાર્થ ક્ષત્રિયને ત્યાં તેમના સમગ્ર જ્ઞાતકુલમાં રાજ્યમાં અને રાષ્ટ્ર પ્રજાજનોમાં ધન–ધાન્યની; ઋદ્ધિ–સિદ્ધિ–સંપ-ત્તિની વૃદ્ધિ શરૂ થઈ ગઈ. જેનું વંશવારસામાં કોઇ માલિક ન હોય એવા ભૂમિ વગેરે સ્થળે રહેલા મહાનિ-ધાનોને ઉપાંડી ઉપાડીને ઇન્દ્ર મહારાજની આજ્ઞાથી દેવો સિદ્ધાર્થ ક્ષત્રિયનાં રાજમહેલમાં લાવવા લાગ્યા, અને દિન-પ્રતિદિન આનંદ–કલ્લોલની પરંપરામાં વધારો થતો ગયો.

## 'વર્ધમાન કુમાર' નામ સ્થાપનનો મનોમન નિર્ણય

ભગવાન મહાવીરનો આત્મા ચોવીશમા તીર્થંકરનો

આત્મા હતો વિશ્વમાં સર્વ જીવોની પુન્યાઇ કરતા તીર્થંકર ભગવંતની પુન્યાઇ અનંતગુણી હોય છે. તીર્થંકર થનાર આત્માનું જે માતાની કુક્ષિમાં અવતરણ થાય તે માતાનું તેમજ તીર્થંકરનાં પિતાનું અને તેમના સમગ્ર કુટુંબ પરિવારનું પણ પ્રબલ પુણ્ય હોય છે. એમ હોય તો જ તીર્થંકર જેવા આત્માનું એ કુટુંબમાં અવતરણ થાય છે. અને હરકોઈ પ્રકારના સુખશાંતિનાં સાધનોમાં અભિવૃદ્ધિ થતી જાય છે. સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા ક્ષત્રિયાણીએ આવા અનુકૂલ સંજોગોમાં મનોમન નિર્ણય કર્યો કે જ્યારે પુત્રરત્નનો જન્મ થશે, અને નામસ્થાપનનો શુભ પ્રસંગ આવશે ત્યારે અમારા પુત્રના ગુણ પ્રમાણે **'વર્ધમાન કુમાર'** એવું નામ અમો સ્થાપન કરશું.

## ભગવંતની ગર્ભાશયમાં નિશ્ચલતા

દેવાનંદાની કુક્ષિમાં બ્યાશી દિવસ અને ત્રિશલા માતાની કુક્ષિમાં લગભગ સાડા ત્રણ મહિના એમ એકંદર ગર્ભકાળ લગભગ સાડા છ માસનો થયો અને ગર્ભાશયમાં અંગોપાંગોનો ક્રમે ક્રમે વિકાસ થવા લાગ્યો આવા સંજોગોમાં ગર્ભાવસ્થામાં રહેલા કરુણાનિધાન પરમાત્માના મનોમંદિરમાં અવશ્ય ભાવિભાવના કારણે બળે એક વિચારની સ્ફુરણા થઇ.

'હવે મારા અંગોપાંગો વિકાસ પામતા જાય છે. ગર્ભાશયમાં મારૂં હલન–ચલન થશે તો મારા ઉપકારી માતાને મારા હલન ચલનથી ઓછી વધુ પણ પીડા થશે. વિશ્વનાં કોઇપણ જીવાત્માને મારા તરફથી જરાપણ દુઃખ ન થાય

અને સર્વજીવોને સુખ–શાંતિની પ્રાપ્તિમાં નિમિત્ત બનું, એ માટે જ એ મારૂં અવતરણ–વર્તમાન જન્મ છે તો પછી અતિશય ઉપકારી એવા મારા માતાજીને મારા હલનચલનથી પીડા થાય એ મારા માટે કેમ યોગ્ય ગણાય !" આ વિચારધારા પ્રગટ થઈ અને ગર્ભાશયમાં વર્તતા ભગવંતના આત્માએ આ વિચારધારાનો અમલ શરૂ કર્યો.

## વિચાર કરવાની શકિતનું વિવેચન

ગર્ભાશયમાં વર્તતા જીવાત્માને જન્મ થવા અગાઉ શું આવા પ્રકારની વિચારધારા આવી શકે ખરી ? એમ આજની પ્રજાને વિકલ્પ ઉભો થવા સંભવ છે. પરંતુ જૈનદર્શન અને આજના વિકાસ પામેલા પ્રાણીવિજ્ઞાનનો જેને વ્યવસ્થિત અભ્યાસ છે તે વર્ગને ઉપર જણાવેલ વિકલ્પો પ્રગટ થવાનો કોઇ સંભવ નથી. સંસારમાં વર્તતા સર્વ જીવોના જૈનદર્શન બે વિભાગ માને છે. એક વિભાગ 'સંજ્ઞી' જીવોનો છે અને બીજો વિભાગ 'અસંજ્ઞી' જીવોનો છે. 'વિચાર કરવાની શકિત' એનું નામ 'સંજ્ઞા' છે. સામાન્ય રીતે અવ્યકત કિંવા વ્યકતપણે વર્તમાનનો વિચાર કરવાની શકિત સંસારનાં જીવોમાં ઓછા વધુ પ્રમાણમાં હોય છે; પરંતુ ભૂત–ભવિષ્યનો અલ્પ કે અધિક વિચાર કરવાની શકિત અમુક જીવાત્માઓમાં જ છે. અને એમાં પણ આધ્યાત્મિક વિચારણા કરવાનું બળ તો ઘણા અલ્પ જીવોમાં હોય છે. જે જીવોમાં ભૂત–ભવિષ્યનો વિચાર કરવાનું સામર્થ્ય નથી, પણ વર્તમાન કાળ પૂરતી જ વિચારણાશકિત

હોય એ વિચારણાશક્તિને જૈન દર્શનમાં હેતુવાદો પદેશિકી સંજ્ઞા એવું નામ આપવામાં આવેલ છે. જે જીવાત્માઓમાં ભૂત-ભવિષ્યનો વિચાર કરવાની જે શક્તિ છે તે શક્તિને જૈનશાસનમાં 'દીર્ઘકાલિકી સંજ્ઞા'નું નામ આપવામાં આવેલ છે. અને ભૂત ભવિષ્ય તેમજ વર્તમાન વિચાર કરવાની શક્તિમાં પણ જે આધ્યાત્મિક ભાવના પ્રધાનતાવાળી શક્તિ છે, એ શક્તિને 'દૃષ્ટિવાદોપદેશિકી' એવું નામાભિધાન આપવામાં આવેલ છે. ઝાડપાન વગેરે એકેન્દ્રિયથી લઈ અળશીયા વિષ્ઠાનાં કીડા, કીડી, મંકોડી, જુ, માંકડ, માખી, મચ્છર, પતંગીયા અને વાતાવરણમાં પેદા થનાર દેડકા, ઉંદર, માછલા, વગેરે અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીનાં બધાય ક્ષુદ્ર જીવોને વિશિષ્ટ મનોબળ નથી હોતું, અને તેથી ભૂતભાવિનો-તેમજ આત્મકલ્યાણનો વિચાર કરવાની એ જીવોમાં શક્તિ નથી, પણ નારકી, (ગર્ભજ) તિર્યંચ, દેવ અને (ગર્ભજ) મનુષ્ય આ ચારેય પ્રકારમાં સંજ્ઞી પંચેન્દ્રિય પ્રકારના જીવોમાં મનોબળ અવશ્ય હોય છે.

## ગર્ભાશયમાં મૃત્યુ થાય તો કોઈવાર દેવ અથવા નરક ગતિનો પણ સંભવ

આ મનોબળ માતાની કુક્ષિ માંથી જન્મ થયા પછી પ્રાપ્ત થાય છે. એવું કોઈ માને તો તે બરાબર નથી. જૈનદર્શનનાં પ્રતિપાદન પ્રમાણે કોઈપણ જીવાત્મા નારકી, તિર્યંચ મનુષ્ય અને દેવભવમાં સંજ્ઞી પંચેન્દ્રિય તરીકે ઉત્પન્ન થયા બાદ અન્તર્મુહૂર્ત એટલે બે ઘડી અડતાલીશ મિનિટથી પણ

ઓછા સમયમાં 'મનઃપર્યાપ્તિ' અર્થાત્ માનસિક વિચાર કરવાની શક્તિનો તે જીવને પ્રારંભ થઇ જાય છે, ક્રમે ક્રમે એ શક્તિનો વિકાસ વધતો જાય છે. અને એમાં પણ છ સાત મહિનાનો ગર્ભકાળ થયેલ હોય તો તે અવસરે હજુ કાયબળ મર્યાદિત હોય; વચનબળ પણ મર્યાદિત હોય પરંતુ મનોબળ તો કોઇવાર એવું હોય છે કે ભવિતવ્યતાના યોગે આયુષ્ય અલ્પ હોય અને જન્મ થવા પહેલાં ગર્ભાશયમાં જ બાળકનું આયુષ્ય પૂર્ણ થાય તો શુભ–અશુભ વિચારધારાની તીવ્રતાનાં પ્રભાવે મૃત્યુ પામનાર તે બાળક ગર્ભકાળમાં જ દેવ અથવા નારકીનું આયુષ્ય બાંધી દેવ અથવા નરકગતિમાં ઉત્પન્ન થાય છે, પ્રગટ વિચારધારા જો ગર્ભકાળમાં ન પ્રાપ્ત થતી હોય તો આ બાબત કેમ બની શકે !

## ગર્ભાશયમાં ભગવંતની જ્ઞાનશક્તિ

ભગવાન મહાવીરનો આત્મા તો દેવાનંદા માતાની કુક્ષિમાં અવતરેલ ત્યારથી મતિ–શ્રુત અને અવધિજ્ઞાન સંપન્ન હતો. વળી પોતાનું દેવાનંદા માતાની કુક્ષિમાંથી ત્રિશલામાતાની કુક્ષિમાં સંક્રમણ થવાનું છે તે બાબત સ્વયં બરાબર જાણતા હતા આવા કારણે દેવાનંદા અને ત્રિશલા બંને માતાની કુક્ષિમાં રહેવાનો એકંદર છ સાત મહિનાનો ગર્ભકાળ થાય, એ અવસરે ભગવંતને પોતાની ત્રિશલા માતાને હલન ચલનથી ઓછી વધુ પીડા હવે પછી જરાપણ ન થાય એવી માતા માટે અનુકંપા ભાવના થવાથી ભગવાન નિશ્ચલ રહેવાનો સંકલ્પ કરે તો તે વાસ્તવિક છે.

## ત્રિશલામાતાને વિકલ્પની પરંપરા

વિશ્વનાં સર્વજીવાત્માઓ માટે દ્રવ્યદયા અને ભાવદયાનાં સાક્ષાત્ મૂર્તિમાન્ પુંજ સમા પરમાત્મા ગૃહસ્થાશ્રમની અપેક્ષાએ પરમ ઉપકારિણી માતાની અનુકંપા માટે ઉપર જણાવ્યા પ્રમાણે ગર્ભાશયમાં સ્થિર રહ્યા. પણ માતા માટે સારૂં કરવા જતાં પરિણામ વિપરીત આવ્યું. અત્યાર સુધી શરીરના ધર્મ પ્રમાણે ગર્ભાશયમાં ઓછા વધુ પ્રમાણમાં પણ ગર્ભનું હલન ચલન ચાલુ હતું. એ બંધ થયા બાદ અલ્પ સમયમાં ત્રિશલામાતાના ચિત્તમાં બીજા વિકલ્પોની પરંપરા શરૂ થઈ 'અત્યાર સુધી મારાં ગર્ભનું હલન-ચલન' કંપન વગેરે ચાલુ હતું, હવે એ હલન-ચલન બંધ છે. તો મારો ગર્ભ શું ગળી ગયો હશે ? મારાં ગર્ભને શું કોઇ નુકશાન પહોંચ્યું હશે ? અને એ પ્રમાણે બનેલ હોય તો આ વિશ્વમાં મારા જેવો નિષ્પુણ્યક બીજો કયો આત્મા હોઇ શકે !'

## પોતાના સંતાન માટે માતાનું વાત્સલ્ય

માતાના હૈયામાં પોતાના સંતાન માટે જે વાત્સલ્યનો અસ્ખલિત પ્રવાહ વિદ્યમાન હોય છે તે વાત્સલ્ય પ્રવાહની (એક પરમાત્મા તીર્થંકરદેવ અથવા ધર્મગુરુ સિવાય) કોઇની સાથે સરખામણી થવી શકય નથી. ભલે પછી સંતાન ગર્ભાશયમાં હોય કે જન્મ પામેલ હોય, પુત્ર હોય કે પુત્રી હોય, શરીર સર્વાંગસુંદર હોય કે ખોડખાંપણવાળું હોય, પરંતુ માતાના હૈયાનું હેત પોતાના સંતાન માટે અજબ-

ગજબ કોટિનું હોય છે. પાણિગ્રહણ થયા બાદ પતિવ્રતા આર્યબાળાનું જીવન અને દિલનો પ્રેમ પોતાના પતિને સંપૂર્ણપણે સમર્પિત થયેલ હોય છે. એ જ પતિવ્રતા આર્યબાળાને એકાદ સંતાન થયા બાદ એ બાળાના દિલના પ્રેમનો પ્રવાહ બહુલતયા પોતાના સંતાન તરફ ઢળે છે. ગૃહસ્થ જીવનની જવાબદારી તરીકે ઘરનું ગમે તે કામકાજ એ આર્યબાળા કરતી હોય એમ છતાં ચેતના (બુદ્ધિ)નું જોડાણ *એના સંતાન તરફ જ હોય છે.*

## સિદ્ધાર્થ રાજા અને સમગ્ર પરિવારનું શોકાકુલ વાતાવરણ

ભગવાન મહાવીર એ તો તીર્થંકરનો આત્મા હતો, માતા ત્રિશલાને ગજ-વૃષભાદિ ચૌદ સ્વપ્ન આવેલાં અને સ્વપ્ન લક્ષણપાઠકોએ એ ચૌદમહાસ્વપ્નોના ફલાદેશ તરીકે જણાવેલ કે 'તમારો પુત્ર ભાવિકાળે તીર્થંકર થશે' ! તીર્થંકર જેવો આત્મા પોતાની કુક્ષિમાં અવતરે એ હકીકતથી માતાને જેટલો અવર્ણનીય આનંદ જેમ થાય, તે જ પ્રમાણે એ જ પુત્રના અમંગળની માતાને અલ્પ પણ શંકા થાય એટલે વાત્સલ્યભરી એ માતાના અંતરમાં કેટલી અસહ્ય વેદના થાય! અને એ આંતરવેદનાથી માતાનું અને માતાના સમગ્ર પરિવારનું વાતાવરણ કેવું શોકાકુલ બને! એ સમજી શકાય તેવી બાબત છે. માતા ત્રિશલાના શોક-સંતાપની પાછળ સખીવૃંદ, સિદ્ધાર્થ રાજા વગેરે રાજકુટુંબ અને નગરની સમસ્ત પ્રજા શોકાકુલ બની ગઈ. રાજદ્વારે વાગતી નોબત

અને ગાનતાન વગેરે આનંદ-પ્રમોદની સર્વ પ્રવૃત્તિ પણ બંધ થઈ, અને કલ્પિત અમંગળના નિવારણ માટે સહુ કોઈ પ્રયત્ન કરવા લાગી ગયા.

## મોહરાજાનો પ્રભાવ

જ્ઞાનના બલવડે ગર્ભાશયમાં વર્તતા ભગવંતે આ હકીકત જે અવસરે જાણી, એ અવસરે ભગવંતના અંતરાત્મામાં **मोहस्य गतिरिदृशी** ખરેખર ! મોહમાયાનું સામ્રાજ્ય વિશ્વમાં અનંતકાળથી આ રીતે જ ચાલતું આવ્યું છે. મેં તો મારા માતાજીના સુખ માટે ગર્ભાશયમાં મારી કાયા અને અંગોપાંગોનું સંગોપન કર્યું. પરંતુ મારી આ પ્રવૃત્તિ માતાજીને સુખશાંતિ આપવાને બદલે દુઃખ અને અશાંતિનું કારણ બની. આ બધો પ્રભાવ અનંતકાળથી આત્માને જન્મ-જરા-મરણ, આધિ-વ્યાધિ-ઉપાધિ અને શોક સંતાપથી ભરપુર એવા સંસારસાગરમાં ગોથા ખવડાવનાર મોહરાજાનો છે.

## પ્રભુની કાયાનું હલનચલન અને સમગ્ર રાજકુટુંબમાં આનંદ

કરૂણાસાગર ભગવંતે ગર્ભાશયમાં પોતાની કાયા અને અંગોપાંગોનું જે સંગોપન કર્યું હતું, અને જેના કારણે માતાને અશાંતિ થઈ હતી એ અશાંતિના નિવારણ માટે ભગવંતે પોતાના અંગોપાંગોનું હલનચલન શરૂ કર્યું અને આ હલનચલનનો માતાજીને ખ્યાલ આવ્યો કે તુરત માતાજી આનંદમાં આવી ગયા. શોક-સંતાપ દૂર થયો, અને હર્ષમાં આવેલ માતા ત્રિશલા પોતાના સખીવૃંદ વગેરેને કહેવા

લાગ્યા કે મારાં ગર્ભની સંપૂર્ણપણે કુશલતા છે. મારાં ગર્ભાશયમાં અવતરેલ સંતાનના અંગોપાંગોનું હલનચલન બંધ પડવાથી મને મારાં ગર્ભ માટે અમંગલના વિચારો આવેલા, પણ હવે એ સંતાનના અંગોપાંગોનું હલનચલન ચાલુ છે. માટે કોઈએ શોક–સંતાપ કરવાની જરૂર નથી આ સમાચારથી સિદ્ધાર્થરાજા અને સમગ્ર રાજકુટુંબ તેમજ નગરની સમસ્ત પ્રજામાં સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો. નોબત, ચોઘડીઆં વગેરે વાજિંત્રો તેમજ ગાન–તાન વગેરે આનંદ–પ્રમોદના સાધનો શરુ થઈ ગયાં. અધીંકાઢીએ ઉતારેલી ધ્વજાપતાકાઓ પુનઃ પોતાને સ્થાને ફરકવા લાગી અને સમગ્ર ક્ષત્રિયકુંડનગર આનંદ–આનંદમય બની ગયું.

## ભગવંતે ધારણ કરેલો અભિગ્રહ અને તેનું વિશદ વિવેચન

માતાની કુક્ષિમાં બિરાજમાન ભગવંતે આ પ્રસંગને અનુલક્ષીને માતાજીના પ્રબલ સ્નેહરાગના કારણે તેમજ સંસારમાં વર્તતા ગૃહસ્થજીવોને માતૃભક્તિનો બોધપાઠ આપવા માટે અભિગ્રહ ધારણ કર્યો કે માતાપિતાની હયાતી પર્યંત મારે સંયમનો સ્વીકાર ન કરવો. પરમાત્મા તીર્થંકર દેવના અભિગ્રહ અંગે કેટલાક મહાનુભાવો એવો વિચાર કરે છે કે 'ભગવાન મહાવીરે માતા–પિતાની હયાતી પર્યંત સંયમ ગ્રહણ કરેલ નથી, તો અન્ય દીક્ષાર્થી ભાઈઓ–બહેનોએ માતા-પિતાની હયાતી પર્યંત ચારિત્ર ગ્રહણ કરવું એ ઉચિત નથી. 'પરંતુ એ મહાનુભાવોનો આ વિચાર અનેક

રીતે યોગ્ય નથી. (૧) ભગવાન તીર્થંકરદેવ કરે એમ કરવાની શાસ્ત્ર આજ્ઞા નથી પણ ભગવાન કહે એમ કરવાની શાસ્ત્ર આજ્ઞા છે.' (૨) દીક્ષાના પ્રસંગમાં જેમ ભગવાન મહાવીરનું દૃષ્ટાંત આગળ કરવામાં આવે છે. તેમ ભગવાન ઋષભદેવ, નેમનાથ અને પાર્શ્વનાથ પ્રભુ વગેરે તીર્થંકરો જેઓએ માતાપિતાની હયાતીમાં સંયમ ગ્રહણ કરેલ છે, તેમનાં દૃષ્ટાંતો કેમ આપવામાં નથી આવતા? ચારિત્ર મોહનીયનો ઉદય તેમજ માતાજીનો પોતાના માટે અનહદ સ્નેહ-રાગ જ્ઞાનથી જાણીને પોતે પૂર્વોક્ત અભિગ્રહ લીધો. એમ છતાં એ જ ભગવાન મહાવીરે કેવલજ્ઞાન-કેવલદર્શનની પ્રાપ્તિ પછી ધર્મતીર્થની સ્થાપના પ્રસંગે અગીયાર ગણધરોને તેમજ કુલ ચાર હજાર ને ચારસો (૪૪૦૦) જેટલા તેમના શિષ્યોને એક સાથે દીક્ષા આપી, તે અવસરે તેમના માતા-પિતાની સંમતિ કેમ ન લીધી? અથવા એમાંથી અનેક શિષ્યોના માતા-પિતા હયાત છતાં ભગવંતે એ મહાનુભાવોને શા માટે દીક્ષા આપી?

તીર્થંકરપરમાત્માના જીવનની એક ખાસ વિશેષતા હોય છે કે જે પ્રમાણે તેઓના કર્મોદયની પરિસ્થિતિ સર્જાયેલ હોય તે પ્રમાણે જ તેઓશ્રીને અભિગ્રહ ગ્રહણ કરવાની પ્રેરણા પ્રગટ થાય છે. આ બધી બાબતોનો મધ્યસ્થ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો '*ભગવાન મહાવીરે માત-પિતાની* હયાતી સુધી સંયમ ન ગ્રહણ કરવું એવો અભિગ્રહ લીધેલ હોવાથી વર્તમાનના મહાનુભાવો માટે પણ માતાપિતાની

હયાતી પર્યંત સંયમ ન ગ્રહણ કરવું એ ઉચિત છે' આવો વિચાર-નિર્ણય કરવો તે કોઈ રીતે હિતાવહ નથી.

## સંયમાર્થી મહાનુભાવ માટે માતા-પિતાની અનુમતિ સાથે આશીર્વાદ

મુમુક્ષુ મહાનુભાવે માતા-પિતાની સંમતિ તેમજ તેમના આશીર્વાદ પૂર્વક સંયમ ગ્રહણ કરવું અને મોક્ષના પવિત્ર માર્ગની આરાધના કરવી એ સર્વશ્રેષ્ઠ રાજમાર્ગ છે. એમ છતાં સંયમ લેનાર મહાનુભાવ યોગ્ય ઉંમરના હોય અને માતા-પિતાની સંમતિ મેળવવાનો વારંવાર વાસ્તવિક રીતે પ્રબલ પ્રયાસ કરવા છતાં તીવ્રસ્નેહ-રાગાદિના કારણે માતા પિતાની સંમતિ ન મળે, તો હિતાહિતનો વિચાર કરી વિના સંમતિથી તે મહાનુભાવ સંયમ ગ્રહણ કરવાનો અધિકારી છે. એ પ્રમાણે પંચવસ્તુ વગેરે અનેક ગ્રંથોમાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ વગેરે પૂર્વાચાર્યોએ વિશદ રીતે ઘણું સુંદર સ્પષ્ટીકરણ કરેલ છે.

## ગર્ભનું પાલન-પોષણ

માતાના ગર્ભાશયમાં બિરાજમાન પરમાત્માએ જે અભિગ્રહ ગ્રહણ કર્યો તે અંગે સંક્ષેપમાં જરૂરી મુદ્દા પૂરતું વિવેચન અહીં કરવામાં આવ્યું. માતા ત્રિશલા ગર્ભના પોષણ માટે જે હિત, મિત અને પથ્ય હોય તે રીતે જ આનંદમાં પોતાનો સમય પસાર કરે છે. બોલવામાં ચાલવામાં તેમજ હર કોઇ પ્રવૃત્તિમાં ગર્ભની ક્ષેમકુશલતાનું માતાજી સંપૂર્ણપણે ધ્યાન રાખે છે. અને મોટા ભાગે

એકાંતનું વધુ સેવન કરે છે. સખીઓનો સમુદાય તેમજ કુલવૃદ્ધા અનુભવી સ્ત્રીઓ પણ "**मन्द संचर, मन्दमेव निगद, व्यामुंच कोपक्रमं**" તમે ધીમે ધીમે ચાલો; જરૂર પૂરતું પણ મન્દ મન્દ સ્વરે બોલો, અને ક્રોધને જરાપણ પરવશ ન બનો, વગેરે વગેરે હિતશિક્ષાના મધુર અને કર્ણપ્રિય વચનો માતા ત્રિશલાને સંભળાવે છે.

## ગર્ભના પ્રભાવે માતાજીના પ્રશસ્ત દોહલા

ત્રણલોકના નાથ અનંત ઉપકારી તીર્થંકર ભગવંતનો આત્મા માતાની કુક્ષિમાં અવતરેલ હોવાથી સર્વોત્કૃષ્ટ પુણ્યવંત એ ગર્ભના પ્રભાવે માતા ત્રિશલાને અનેક પ્રકારના પ્રશસ્ત મનોરથો (દોહલાઓ) ઉત્પન્ન થાય છે. 'હું મણિરત્નથી જડેલા સિંહાસન ઉપર બેસું. મારાં મસ્તકે છત્ર ધારણ કરવામાં આવે, બન્ને બાજુ ઉજ્જવલ ચામર વીંજાય, અને અનેક સામંત રાજા મહારાજાઓ વિવિધ પ્રકારનાં ભેટણાં લઈને મારી સમક્ષ એ ભેટણા ધરવા ઊપરાંત એ સર્વ રાજા મહારાજાઓ મારાં ચરણોમાં વંદન-નમસ્કાર કરે.'

'હું હાથીની અંબાડી ઉપર બેસું, અગ્ર ભાગમાં જુદા જુદા પ્રકારનાં વાંજિત્રો વાગે, મારી સાથે મંત્રી, મહામંત્રી અને નગરના નરનારીઓ મોટી સંખ્યામાં ચાલે અને અમો બધાં નગરની બહારના ઉપવનમાં મોટા નાના કોઈ જીવોને જરાપણ પીડા ન થાય એ સાવચેતીપૂર્વક આનંદભરી ઉજાણી ઉજવવા જઈએ.'

'અરિહંત- પરમાત્માના શિખરબંધી ભવ્ય જિન

પ્રાસાદમાં અષ્ટપ્રકારી સર્વોત્તમ સામગ્રીથી હું જિનેશ્વરદેવની ઘણાં ઘણાં ઉલ્લાસથી મારાં સખીવૃંદ સાથે પૂજન કરું અને ભક્તિરસથી ભરપૂર સ્તુતિ-સ્તોત્રો તેમજ સ્તવનો વડે મધુર કંઠે ગાઇને ભગવંતની ભાવપૂજા કરું"

આવા આવા અનેક પ્રશસ્ત દોહલા માતાજીને ગર્ભનાં પ્રબલ પુણ્યના કારણે પ્રગટ થાય છે, અને સિદ્ધાર્થરાજા પણ પોતાની ત્રિશલાક્ષત્રિયાણીને પ્રગટ થયેલાં સર્વ દોહલાઓ ઘણાં ઉલ્લાસથી પૂર્ણ કરે છે.

## ભગવાન મહાવીર પ્રભુનો જન્મ

અનુક્રમે નવ મહિના અને ઉપર સાડાસાત દિવસનો ગર્ભકાળ જે અવસરે પૂર્ણ થવા આવ્યો તે અવસરે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થયો હતો, મધ્યરાત્રિનો સમય છતાં દશે દિશાઓમાં યાવત્ સાતેય નારક સહિત સમગ્ર ચૌદરાજલોકમાં ક્ષણભર અજવાળાં અજવાળાં પથરાયા હતા, પવન પણ મંદ મંદ રીતે પ્રદક્ષિણાના ક્રમે સંચરવો શરુ થયો હતો, પક્ષીઓ પણ મધ્યરાત્રિ છતાં મધુર કલરવ કરવા લાગ્યા હતા, મનુષ્યલોકમાં સમગ્ર પૃથ્વી રસકસવાળી બનવા સાથે ધનધાન્યથી ઉભરાવા લાગી હતી મધ્યરાત્રિનો સમય છતાં વસંતઋતુના કારણે નરનારીઓનાં ટોળેટોળાં આનંદ પ્રમોદ વડે વસંતોત્સવની મજા માણી રહ્યા હતાં. આવા ચૈત્રશુકલા ત્રયોદશીની મધ્યરાત્રિના સમયે રોગ અને સર્વપ્રકારની પીડારહિત માતા ત્રિશલાએ સર્વ રીતે તંદુરસ્ત એવા શ્રમણભગવાન મહાવીરરૂપી પુત્રરત્નનો જન્મ આપ્યો.

## તીર્થંકરની માતાને ઉદરવૃદ્ધિ અને પીડાનો અભાવ

તીર્થંકરપરમાત્માની માતા અને બીજા રાજા મહારાજા વગેરે સંતાનનો જન્મ આપનાર માતા તેમજ જન્મ લેનાર પુત્રોમાં અમુક પ્રકારની તરતમતા હોય છે. અન્ય કોઇપણ સંતાનની માતાને જેમ જેમ ગર્ભકાળ વધતો જાય તેમ તેમ ઉદરવૃધ્ધિ થતી જાય. પણ તીર્થંકર ભગવંતનો આત્મા માતાની કુક્ષિમાં ગર્ભપણે અવતરવા પછી નવ માસ અને તે ઉપરના ઓછા વધુ દિવસોનો ગર્ભકાળ પૂર્ણ થાય ત્યાં સુધી જરાપણ ઉદરવૃદ્ધિ ન દેખાય, અન્ય કોઇ સંતાનની માતાને બાળક ગર્ભાશયમાં હોય, ત્યારે ઓછી–વધુ પીડા કોઇકોઇવાર થવાનો સંભવ હોય, ઉપરાંત ગર્ભાશયમાં વર્તતા બાળકને તો અશુચિના સ્થાનમાં ઉંધે મસ્તકે મહિનાઓ સુધી લટકવાનું અને નરક જેવી અસહ્ય વેદનાઓ ભોગવવાનું નિશ્ચિત હોય છે. ફકત તીર્થંકર ભગવંતની માતા અને તીર્થંકરરૂપી ગર્ભાશયમાં વર્તતા પુત્રને તીર્થંકર નામકર્મની સર્વોત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિના પ્રદેશોદય હોવાના કારણે યત્કિંચિત્ પણ પીડા કિંવા દુઃખ થતું નથી.

## તીર્થંકરના જન્મપ્રસંગે માતા અને પુત્રને પીડાનો સર્વથા અભાવ

એ જ પ્રમાણે કોઇપણ માતા બાળકનો જન્મ આપે ત્યારે જન્મ આપનાર જનેતા અને જન્મ લેનાર બાળકને ઓછી–વધુ અવશ્ય પીડા થાય છે. ફકત તીર્થંકર ભગવંતની માતાને તીર્થંકરરૂપી પુત્રના જન્મ પ્રસંગે માતા અને પુત્રને

લેશ પણ પીડા થતી નથી સામાન્ય રીતે કોઈપણ વિશિષ્ટ પુણ્ય પ્રકૃતિનો ભોગવટો ચાલુ હોય ત્યારે એ પુણ્ય પ્રકૃતિના ફળ સ્વરૂપે જેમ તે પુણ્યવંત વ્યક્તિના જીવનમાં સુખ-શાંતિ અને આનંદનો અનુભવ હોય છે. તો પછી જગતના સર્વ જીવો માટે પરાકાષ્ઠાની મૈત્રી ભાવનાના કારણે જેનો આગલા ત્રીજા ભવમાં નિકાચિતપણે બંધ થયો હોય એવા તીર્થંકરનામકર્મનો પ્રદેશોદય પણ શરૂ થાય એટલે માતા પુત્રને સર્વપ્રકારે સુખશાંતિ હોય અને જન્મ પ્રસંગે સાતેય ગ્રહો ઉચ્ચ સ્થાને હાજર થઈ ગયા હોય એમાં શું આશ્ચર્ય છે ?

## દ્રવ્યતીર્થંકરપણામાં તીર્થંકર નામકર્મનો પ્રદેશોદય

તીર્થંકરભગવંતનો આત્મા તીર્થંકરના ભવની અપેક્ષાએ આગલા ત્રીજા ભવમાં તીર્થંકરનામકર્મનો નિકાચિતપણે જ્યારથી બંધ કરે છે ત્યારથી એ તીર્થંકર પરમાત્માનો આત્મા દ્રવ્યનિક્ષેપની અપેક્ષાએ પૂજનીય બને છે. ભાવતીર્થંકરપણું તો તીર્થંકરના ભવમાં જ્યારે કેવલજ્ઞાન-કેવલ દર્શન પ્રગટ થાય ત્યારથી ગણવામાં આવે છે. જ્યાં સુધી કેવલજ્ઞાન-કેવલદર્શન પ્રગટ ન થાય ત્યાં સુધી તે પરમાત્માનો આત્મા દ્રવ્યતીર્થંકર તરીકે ગણાય છે. જ્યાં સુધી દ્રવ્યતીર્થંકરપણું હોય ત્યાં સુધી તીર્થંકરનામકર્મનો વિપાકોદય નથી હોતો. પરંતુ પ્રદેશોદય હોય છે. તીર્થંકરના ભવની અપેક્ષાએ આગલા ત્રીજા ભવમાં જ્યારથી તીર્થંકરનામકર્મનો નિકાચિત બંધ થાય ત્યારથી એ પરમાત્મા ભલે

મનુષ્યના ભવમાં ચોથા પાંચમા કે છઠ્ઠા સાતમા ગુણસ્થાનકમાં હોય અને દેવલોકમાં (અથવા શ્રેણિક મહારાજાની માફક નરકગતિમાં) ચોથા ગુણસ્થાનકે વર્તતા હોય, યાવત્ દેવલોકમાંથી અથવા નરકમાંથી 'ચ્યવી'માતાની કુક્ષિમાં ગર્ભપણે અવતરે, નવ મહિના ઉપર સાડા સાત દિવસનો ગર્ભકાળ વ્યતીત થાય, પરમાત્માનો માતાની કુક્ષિથી જન્મ થાય, રાજવૈભવને તિલાંજલી આપી પોતાના તેમજ વિશ્વના કલ્યાણ માટે 'ભગવાન' સંયમી જીવનમાં ઉગ્ર તપશ્ચર્યા સાથે અપ્રમત્તભાવે વિચરે આ બધી અવસ્થામાં એ 'ભગવંતના' આત્માને દ્રવ્યતીર્થંકર તરીકે ગણવામાં આવે છે.

## પ્રદેશોદય-પ્રદેશોદયમાં પણ વિચિત્રતા

એમ છતાં ઉપર જણાવેલ દ્રવ્યતીર્થંકરપણાની ભિન્નાભિન્ન અવસ્થામાં તીર્થંકર નામકર્મના પ્રદેશોદયની વિચિત્રતાના કારણે અનેક પ્રકારની તરતમતા હોય છે. એ કારણે જ ચ્યવન અને દીક્ષા કલ્યાણકની અપેક્ષાએ જન્મકલ્યાણકના પ્રસંગે અધિકાધિક આનંદ સાથે નારકી વગેરે સ્થાનોમાં યાવત અખિલ વિશ્વમાં વિશિષ્ટ અજવાળાં પ્રગટ થતાં હોય તો તે સંભવિત છે.

## પ્રત્યેક વર્ષે પાંચેય કલ્યાણકોની ઊજવણી અવશ્ય થવી જોઈએ

અન્ય વ્યક્તિઓના જન્મપ્રસંગની અપેક્ષાએ તીર્થંકર પરમાત્માના જન્મપ્રસંગની ખાસ વિશેષતા હોય છે. ભગવાન તીર્થંકરદેવના આત્માનું માતાની કુક્ષિમાં અવતરણ એ

પ્રસંગને જૈનદર્શનમાં ચ્યવનકલ્યાણક તરીકે જેમ સંબોધવામાં આવેલ છે તે જ પ્રમાણે માતાની કુક્ષિથી થતાં ભગવાન તીર્થંકર પ્રભુના જન્મનો પ્રસંગ જૈન દર્શનમાં જન્મકલ્યાણક તરીકે પ્રસિદ્ધ છે. પરમાત્મા તીર્થંકરદેવના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ અને મોક્ષ આ પાંચેય પવિત્ર પ્રસંગો કલ્યાણક તરીકે પ્રસિદ્ધ હોવા છતાં જન્મકલ્યાણકના પ્રસંગની વર્તમાનમાં આપણા જૈનશાસનમાં જેટલી પ્રસિદ્ધિ તેમજ ઉજવણી ચાલે છે તેટલી પ્રસિદ્ધિ તેમજ ઉજવણી ભગવાન મહાવીરના બીજાં ચાર કલ્યાણકનાં દિવસોમાં નથી થતી, જે બાબત આપણા સર્વકોઈના અનુભવમાં છે. કેટલાક મહાનુભાવોને જન્મકલ્યાણકના પવિત્ર દિવસ સિવાય ચ્યવન વગેરે બીજાં કલ્યાણકોના દિવસોનો ખ્યાલ પણ નથી હોતો. હાલમાં ભગવાનમહાવીર પ્રભુના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ વર્ષ દરમ્યાન એ કરૂણાનિધાન પરમાત્માના પાંચેય કલ્યાણકના દિવસોની સમગ્ર ભારતના મોટા નાના જૈન સંઘોમાં સારા પ્રમાણમાં જાહેરાત સાથે સુંદર–ઉજવણીનો પુણ્ય પ્રસંગ પ્રાપ્ત થયો છે. એ આપણા જૈન સંઘનું ગૌરવ છે. એમ છતાં આ એક વર્ષ પૂરતી જ પાંચેય કલ્યાણકોની જાહેરાત સાથે ઉજવણી ન રહેતા પ્રત્યેક વર્ષે હરકોઈ મોટા નાના જૈન સંઘોમાં શાસનપતિ ભગવાન મહાવીરના પાંચેય કલ્યાણકોની ઉજવણી ઘણાં ઉલ્લાસથી નિયમિત ચાલુ રહે તેવો પ્રબંધ કરવાની ઘણી જરૂર છે.

### જન્મકલ્યાણકની વિશેષતા

ભગવાન તીર્થંકરદેવના સર્વકલ્યાણક પ્રસંગે અખિલ

વિશ્વમાં સર્વત્ર આનંદ આનંદ સાથે સાતેય નારકી જેવાં ઘોર અંધકારમય સ્થાનમાં અજવાળાં અજવાળાં થતાં હોવાનું જૈન શાસનમાં સુપ્રસિદ્ધ છે. એમ છતાં બીજાં કલ્યાણકની અપેક્ષાએ આ જન્મકલ્યાણક પ્રસંગે અખિલ વિશ્વમાં વિશેષ આનંદનું વાતાવરણ હોવા સાથે-અજવાળાંના-ચમકાર કંઇક વધુ પ્રમાણમાં હોય તો તે વાસ્તવિક લાગે છે. જેમ રાજામહારાજા ક્રોડપતિ કિંવા લક્ષાધિપતિના ઘરના આંગણે પુત્રના લગ્નનો અથવા પુત્રના રાજ્યાભિષેક વગેરેનો માંગલિક પ્રસંગ હોય અને એ માંગલિક પ્રસંગે ગમે તેટલું આનંદનું વાતાવરણ હોય છે તે અન્ય પ્રસંગોની અપેક્ષાએ ઘણું અધિક હોય છે. તે જ પ્રમાણે તીર્થંકર પરમાત્માના અન્ય કલ્યાણકોની અપેક્ષાએ જન્મકલ્યાણક પ્રસંગે વિશિષ્ટ પ્રકારના આનંદ અને અજવાળાનું વાતાવરણ હોય તો તે અવસરોચિત લાગે છે.

## દિક્કુમારિકાઓનું આગમન

ચૈત્ર સુદ ૧૩ મધ્યરાત્રિએ જે અવસરે સાતેય ગ્રહો ઉચ્ચ સ્થાને હતા તે અવસરે ત્રિશલામાતાએ કોઈપણ પ્રકારની પીડા વિના ભગવાનમહાવીરરૂપી પુત્રનો-વર્ધમાનકુમારનો જન્મ આપ્યો. આ જન્મકલ્યાણકને અનુલક્ષીને તીર્થંકર નામકર્મના પ્રદેશોદયની પણ કેવી વિચિત્રતા હોય છે? આ વિષય પરત્વે સંક્ષેપમાં વિવેચન કરવામાં આવ્યું. જે ક્ષણે પરમાત્મા મહાવીર પ્રભુનો જન્મ તે ક્ષણે દશેય દિશામાં અજવાળાં, પછી પોત-પોતાના દિવ્ય સ્થાનમાં આનંદ કિલ્લોલ કરતી છપ્પન દિક્કુમારિકાઓના આસન

ચલિત થયા. દિક્કુમારિકાઓએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો અને જાણી લીધું કે અનંત ઉપકારી પરમાત્મા તીર્થંકર ભગવંતનો ભરતક્ષેત્રના ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થરાજાને ત્યાં ત્રિશલાપટરાણીની કુક્ષિથી જન્મ થયો છે. તુર્ત જ પોતાના આચાર પ્રમાણે સર્વસામગ્રી સાથે એ દિક્કુમારિકાઓ દિવ્ય ગતિથી ભગવંતના જન્મસ્થાને આવી પહોંચી, અને પોતાને યોગ્ય ભગવંત અને માતાનું સૂતિકર્મ કરવા માટે તત્પર બની ગઈ.

## પ્રભુના જન્મ પ્રસંગે સૂતિકર્મ માટે દિક્કુમારિકાઓનો અધિકાર

સામાન્ય વ્યકિતને ત્યાં પુત્ર–પુત્રીનો જન્મ થાય ત્યારે તેનું સૂતિકર્મ કરનાર તેને લાયક વ્યકિતઓ હોય, શ્રીમંત અને મહારાજાને ત્યાં જન્મપ્રસંગ હોય ત્યારે સૂતિકર્મ કરનાર વ્યકિતઓ રાજા–મહારાજાને યોગ્ય હોય, અને તીર્થંકર ભગવંતના જન્મ પ્રસંગે સૂતિકર્મ કરનાર મનુષ્ય સ્ત્રી વર્ગના સ્થાને ભવનપતિનિકાયમાં વસનારી ઉપર જણાવ્યા પ્રમાણે દિક્કુમારિકાઓ હાજર હોય છે.

## દરેક દિક્કુમારિકાઓ સમકિતવંત હોય

ભગવાન તીર્થંકરદેવના જન્મ પ્રસંગે વ્યકિતઓના જન્મ પ્રસંગ જેવી જરાપણ અશુચિ નથી હોતી, એમ છતાં પોતાના આચારનું પરિપાલન અને એ નિમિત્તે જિનેશ્વરદેવની ભકિતનો અપૂર્વ લાભ પ્રાપ્ત થતો હોવાથી સૂતિકર્મનો સંપૂર્ણવિધિ આ દિક્કુમારિકાઓ જ કરે છે.

ભવનપતિ-વ્યંતર-જ્યોતિષી અને વૈમાનિકકાયના સર્વ ઇન્દ્રો -અનુત્તર વિમાનના સર્વ દેવો અને નવ લોકાંતિક દેવો જેમ અવશ્ય સમકિતી હોય છે. તે જ પ્રમાણે આ છપ્પન દિક્કુમારિકાઓ પણ અવશ્ય સમકિતવંત હોય છે. અને તેથી તીર્થંકર પરમાત્માનો જન્મ થયા પછી એ દેવાધિદેવની ભકિતનો સર્વથી પ્રથમ લાભ આ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળી દિક્કુમારિકાઓને મળે છે. આ દિક્કુમારિકાઓ પરમાત્માના જન્મ સ્થળે આવી પહોંચવાની સાથે જ ભગવંત અને ભગવંતની માતાનાં દર્શન કરવા ઉપરાંત ત્રિકરણ યોગે માતા અને પુત્રને પ્રણામ કરે છે: અને પ્રથમ પરમાત્માની સ્તુતિસ્તવના કર્યા બાદ માતાની પણ ગુણગર્ભિત સ્તુતિ શરુ કરે છે.

## પ્રભુ અને પ્રભુની માતાની આ દિક્કુમારિકાઓએ કરેલ સ્તુતિ

'હે પરમાત્મા ! તમોને અમારો નમસ્કાર થાઓ. વિશ્વના ઉદ્ધાર માટે આ પૃથ્વીતલ ઉપર આપ પરમકૃપાલુનું અવતરણ થયેલ છે. ચાર ગતિમય આ સંસારરૂપી જેલમાં જકડાયેલા ભવ્ય જીવોના કર્મબંધનનો આપ સર્વથા ઉચ્છેદ કરનારા છો. જીવજંતુઓના મનોવાંછિત પૂર્ણ કરવામાં આપ કલ્પવૃક્ષ સમાન છો. આ વર્તમાન અવસર્પિણી કાળ દરમ્યાન લોકાલોકમાં સૂર્ય સમાન તેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુનું નિર્વાણ થયા બાદ નાથવિહોણા આ ભરતક્ષેત્રમાં આપ સર્વ કોઇના નાથ તરીકે ઉત્પન્ન થયા છો, અનાથ

એવું આ ભરતક્ષેત્ર આજથી આપના જન્મ કારણે સનાથ બનેલ છે. ભગવાન મહાવીરદેવની આ પ્રમાણે સ્તુતિ કર્યા બાદ દિક્કુમારિકાઓ હવે ભગવંતની માતા ત્રિશલાક્ષત્રિયાણીની આ પ્રમાણે સ્તુતિ કરે છે.' હે સર્વાંગસુંદર ત્રિશલાદેવી ! તમોને અમારો નમસ્કાર થાઓ. તમો સર્વ પ્રકારે જય પામો, વિજય પામો. જગતમાં દીપક સમાન તીર્થંકર ભગવંતરૂપી પુત્રરત્નનો આપે આજે જન્મ આપ્યો. તેથી આપ રત્નકુક્ષિ બન્યા છો. માતા તરીકે વિશ્વમાં આપનું સ્થાન અદ્વિતીય છે. વિશ્વના ઉદ્ધારક પુત્રરત્નનો જન્મ આપી હે માતાજી ! આપે આપનું જીવન સંપૂર્ણપણે કૃતાર્થ કરેલ છે.'

## સૂતિકર્મનો પ્રારંભ

આ પ્રમાણે સ્તુતિ કરીને દિક્કુમારિકાઓ માતા ત્રિશલાને જણાવે છે કે 'અમો જુદી જુદી દિશા-વિદિશામાં અમારે યોગ્ય દિવ્ય સ્થાનોમાં રહેવાવાળી દિક્કુમારિકા દેવીઓ છીએ. કોઈપણ તીર્થંકર પરમાત્માના જન્મ પ્રસંગે સૂતિકર્મ કરવાનો અમારો આચાર છે. અને એ માટે જ અમારું અહીં આવાગમન થયેલ છે. માટે આપની અનુમતિ પૂર્વક અમારે ઉચિત કાર્યનો અમો પ્રારંભ કરીએ છીએ. આ પ્રમાણે માતાજીને જણાવી સર્વપ્રથમ આઠદિક્કુમારિકાઓ વાયુની વિકુર્વણા કરી ભૂમિ શુદ્ધ કરે છે. આઠદિક્કુમારિકાઓ શુદ્ધ થયેલ આ ભૂમિ ઊપર મેઘની વિકુર્વણા કરી નિર્મળ સુગંધી જળનું સિંચન કરે છે. અને જાનુ (લગભગ ૨

કુટ) પ્રમાણ પુષ્પવૃષ્ટિ કરે છે. આઠ દિક્કુમારિકાઓ હાથમાં આદર્શ–અરીસો ધારણ કરી પ્રભુ સન્મુખ ઉભી રહે છે.

આઠ–આઠ દિક્કુમારિકાઓ ચંગેરી અને વીંઝણો હાથમાં લઇને પોતાનું કર્તવ્ય બજાવે છે. આઠ દિક્કુમારિકાઓ હાથમાં ચામર ધારણ કરીને ચામર ભગવંતને વીંઝે છે. બીજી ચાર ચાર દિક્કુમારિકાઓ નાલચ્છેદ ( બાળકની નાભિ ઉપરનો વધારાનો ભાગ) કરી ખાડો ખોદી રત્ન વગેરે ઉત્તમ સામગ્રી વડે ખાડાને પુરી તેનાં ઊપર પીઠિકા બનાવે છે તૈયાર કરેલાં કેળના ઘરમાં પુત્ર સહિત માતાજીને લઇ તૈલમર્દન અને સ્નાન વગેરે ક્રિયાઓ દિક્કુમારિકાઓ પોતાના આચાર પ્રમાણે વ્યવસ્થિત રીતે કરે છે. અને માતાને તેમજ પુત્રને ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરાવે છે. ત્યાર બાદ અરણિના કાષ્ઠ વડે અગ્નિ ઉત્પન્ન કરી હોમવિધિ થયા બાદ રક્ષા પોટલી તૈયાર કરી માતા અને પુત્રના હાથ ઊપર આ રક્ષાપોટલી બાંધવામાં આવે છે.

શ્રમણ ભગવાન મહાવીરપરમાત્માનો ત્રિશલામાતાની કુક્ષિથી જન્મ થયા બાદ ભવનપતિ નિકાયમાં જુદી જુદી દિશામાં વસનારી છપ્પન દિક્કુમારિકાઓ પોતપોતાના સ્થાનેથી ભગવંતના જન્મસ્થળે આવી પહોંચી અને પોતાને લાયક સૂતિકર્મની મંગળમય સર્વપ્રવૃત્તિ સંપૂર્ણ થયા બાદ અરણિકાષ્ઠના પવિત્ર અગ્નિ વડે હોમહવન ક્રિયા અને માતા તેમજ પુત્રને રક્ષાબંધનનો વિધિ સંપૂર્ણ થયા પછી એ દિક્કુમારિકાઓએ 'હે ભગવંત ! આપ જયવંતા વર્તો,

આપ દીર્ઘાયુષ્યવાળા થાઓ અને સર્વ પ્રકારની સુખ સમૃદ્ધિ પ્રાપ્ત કરો' વગેરે વગેરે મંગળ શબ્દો વડે આશીર્વાદ આપ્યા. અને ભગવંત તથા ભગવંતની માતાને જન્મસ્થાનમાં બિરાજમાન કરી અતિશય ઉલ્લસિત પરિણામથી ભગવંતની સ્તુતિ-સ્તવના કરીને પોત-પોતાના સ્થાને પહોંચી ગઇ.

## સૌધર્મેન્દ્રના સિંહાસનનું પણ ચલિત થવું

ભગવંતના જન્મ પ્રસંગે જેમ દિક્કુમારિકાઓના આસન ચલિત થયા અને અવધિજ્ઞાન વડે ભગવંતના જન્મકલ્યાણકનો પ્રસંગ જાણી દિક્કુમારિકાઓ તીર્થંકર પરમાત્માના જન્મસ્થાને જેમ આવી પહોંચી, તેમજ પોતાનો આચાર સાચવવા વડે જિનેશ્વરદેવની અનન્યભાવે ભક્તિ કરી પોતાના સ્થાને ગઇ, તે જ પ્રમાણે પ્રભુના જન્મપ્રસંગે વૈમાનિકનિકાયમાં સૌધર્મદેવલોકના સ્વામી, બત્રીશલાખ વિમાનના અધિપતિ સૌધર્મેન્દ્રનું સિંહાસન ચલિત થયું. અને અવધિજ્ઞાન વડે વિશ્વોધ્ધારક તીર્થંકર પરમાત્માનો જન્મ થયાનું જાણી, તુર્ત જ સિંહાસન ઉપરથી સૌધર્મેન્દ્ર ઉભા થઈ ગયા એટલું જ નહિ પણ જે દિશામાં ભગવંતનો જન્મ થયો છે તે દિશામાં સાત-આઠ પગલાં સન્મુખ ચાલી ચૈત્યવંદનના આકારે બેસી નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં એ સંપૂર્ણ સૂત્રપાઠ વડે ભગવંતની અપૂર્વ ઉલ્લાસથી સ્તુતિ કરી. ત્યારબાદ પ્રભુનો-જન્માભિષેક મહોત્સવ ઉજવવા માટે મેરુ શિખર ઉપર જવાનું

હોવાથી હરિણૈગમેષિ દેવ મારફત સુઘોષા નાદપૂર્વક બત્રીશલાખ વિમાનમાં વસતા દેવ-દેવીઓને સંદેશો-પહોંચાડયો.

## સુઘોષા ઘંટાના નાદ વડે સર્વ દેવલોકમાં પ્રભુનો જન્મ થયાના સમાચાર

દેવલોકમાં સામાન્ય રીતે એક એવો નિયમ છે કે કોઈપણ વિશિષ્ટ કાર્ય હોય અને પોતાની માલિકીના વિમાનોમાં વસનારા દેવો અને દેવીઓને સંદેશો પહોંચાડવો હોય ત્યારે સૌધર્મેન્દ્ર હરિણૈગમેષિ દેવને સુઘોષા ઘંટ વગાડવાની આજ્ઞા કરે. હરિણૈગમેષિ પણ તૂર્ત એ આજ્ઞાનો અમલ કરે અને સુઘોષા ઘંટા વગાડે. આ સુઘોષા ઘંટાનો અવાજ સંખ્યઅસંખ્ય યોજન દૂર રહેલ સર્વ વિમાનોની ઘંટામાં ઉતરે એટલે સર્વ દેવ-દેવીઓ આ ઘંટાનાદ સાંભળી સમજી જાય કે ઈન્દ્ર મહારાજાનો સંદેશો આવવાની તૈયારી છે. અને એ સંદેશો-સાંભળવા માટે સાવધાન થઈ જાય.

સુઘોષા ઘંટા વગાડયા બાદ હરિણૈગમેષિ દેવે પણ ઈન્દ્ર મહારાજાની આજ્ઞા પ્રમાણે સંદેશો સંભળાવ્યો કે 'જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થરાજાની ત્રિશલારાણીએ ચોવીશમાં તીર્થંકર ભગવાન મહાવીરરૂપી પુત્રનો જન્મ આપેલ છે. અમો એ પરમાત્માનો જન્મમહોત્સવ ઉજવવા માટે ત્યાં જઈએ છીએ. તમો પણ બધાં દેવ-દેવીઓ એ પરમાત્માનો જન્માભિષેક મહોત્સવ ઉજવવા અવશ્ય વેળાસર પધારો' ચારેય નિકાયના દેવોને ઉપર જણાવ્યા મુજબ સૌધર્મેન્દ્ર તરફથી સંદેશો પ્રાપ્ત થતાં સર્વ દેવ-દેવીઓને

ઘણો આનંદ થયો. સમ્યગ્દૃષ્ટિ દેવોને તો પરમાત્માની અણમોલ ભક્તિનો પ્રસંગ મળવાનો હોવાથી આનંદ થાય અને શીઘ્રપણે પ્રભુનો જન્માભિષેક મહોત્સવ ઉજવવા મેરુ-પર્વત ઉપર જવાની તૈયારી કરે, પરંતુ અન્ય સંખ્યાબંધ દેવદેવીઓ પણ કોઇક મિત્રની, કોઇ પોતાની દેવાંગનાની અને કોઇક પોતાના સ્વામી વગેરેની પ્રેરણાથી જન્માભિષેક-મહોત્સવ પ્રસંગે મેરુ શિખર ઉપર હાજરી આપવા તૈયાર થઇ ગયા.

## શબ્દપણે પરિણમેલા ભાષાનાં પુદ્ગલો

'હરિણેગમેષિ (હરિણગમેષી) દેવ ઇન્દ્ર મહારાજની સુઘોષા ઘંટા વગાડે અને ઇન્દ્ર મહારાજનો પવિત્ર સંદેશો સર્વ કોઇને સંભળાવે અસંખ્ય યોજન દૂર તેમજ નજીકના વિમાનોમાં વર્તતા સર્વ દેવ-દેવીઓ પણ સુઘોષા ઘંટાના નાદ સાથે *ઇન્દ્રમહારાજનો સંદેશો બરાબર સાંભળે'-એ બાબત માટે આજના વિજ્ઞાનના યુગમાં સંશય થવાનું કોઇ

---

આકાશવર્તી દેવલોકમાં સુધર્મા સભામાંથી ઘંટ વાગે એટલે એ અવાજના ધ્વનિતરંગો હજારો લાખો માઇલ દૂર સુદૂર રહેલા ૩૨ લાખ વિમાનની ૩૨ લાખ ઘંટાઓ જોડે અથડાતાં ૩૨ લાખ ઘંટાઓ એકજ વખતે ગાજી ઉઠે છે પછી જે સંદેશો પ્રચારિત થાય છે તે પણ ૩૨ લાખ વિમાનના દેવો સાંભળે છે આ વ્યવસ્થા અનાદિ કાળથી ચાલી આવે છે. આજના વિજ્ઞાને ધ્વનિ-તરંગોને વિદ્યુત શક્તિદ્વારા યાન્ત્રિક સાધનોથી પકડ્યા અને દૂર દૂર સુધી પહોંચાડવાના સાધનો શોધ્યા. આમ ૨૦મી સદીમાં રેડીયાની શોધ થઇ. —યશોવિ.

કારણ નથી. અમેરિકાના અથવા યુરોપ વગેરે દેશોના કોઇ-પણ બ્રોડકાસ્ટ સ્ટેશનથી શરૂ થતા ભાષણો તેમજ ગાયનો વગેરે આજે હજારો માઇલ દૂર રહેલાં માનવો રેડિયો મારફત બધું સાંભળી શકે છે. તો પછી હરિણૈગમેષિદેવે વગાડેલ સુઘોષા ઘંટાના અવાજ અને ઇન્દ્રમહારાજના સંદેશાને સર્વ કોઈ દેવ-દેવીઓ સાંભળે તેમાં શું આશ્ચર્ય છે ! જૈનદર્શનના તત્ત્વાર્થસૂત્ર વગેરે ગ્રન્થોમાં તો ત્રીજા-ચોથા સમયે ભાષા કિંવા શબ્દ પણે પરિણમેલા પુદ્ગલો સર્વ લોકમાં વ્યાપ્ત થવાનું પ્રતિપાદન કરેલ છે.

## સૌધર્મેન્દ્રનું ત્રિશલામાતાના શયનઘરમાં આગમન

સૌધર્મેન્દ્ર પોતાના પાલકદેવ મારફત એકલાખ યોજન પ્રમાણ પાલક નામના વિમાનની વિકુર્વણા (રચના) કરાવી સૌધર્મેન્દ્ર પોતાના સમગ્ર પરિવાર સાથે આ પાલક વિમાનમાં આરૂઢ થઇ દેવલોકમાંથી તિર્ચ્છાલોકમાં નંદીશ્વર દ્વીપે આવ્યા. અને એક લાખ યોજન પ્રમાણ પાલક વિમાનનો ત્યાં સંક્ષેપ કર્યો. અન્ય સર્વ દેવો ત્યાંથી સીધા મેરુશિખર ઊપર આવ્યા. સૌધર્મેન્દ્ર પોતે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ક્ષત્રિયકુંડ નગરમાં ત્રિશલામાતાના શયનઘરમાં પહોંચ્યા, અને પહોંચતાની સાથે જ ભગવંત અને ભગવંતની માતાને ત્રિકરણયોગે પ્રણામ કર્યાં.

## સૌધર્મેન્દ્ર ભગવંતને મેરુશિખર ઊપર લઇ જાય છે.

સૌધર્મેન્દ્ર માતાજીને જણાવીને તેમની સંમતિપૂર્વક ભગવંતને મેરુપર્વત ઊપર લઇ જવાના છે એમ છતાં

પાછળથી પુત્રને ન દેખતા માતાજીને અશાતા (ચિંતા) ન થાય તે માટે ભગવંતના પ્રતિબિંબની વિકુર્વણા રચના કરી માતાજી પાસે એ પ્રતિબિંબને સ્થાપન કરી સૌધર્મેન્દ્ર ભગવંતને જન્માભિષેક મહોત્સવ માટે મેરુશિખર ઊપર લઇ જાય છે. ત્રણલોકના નાથ દેવાધિદેવની ભક્તિનો સંપૂર્ણ લાભ પોતાને જ લેવાની ભાવના હોવાથી સૌધર્મેન્દ્ર પાંચ રૂપની સ્વયં વિકુર્વણા કરે છે. એક રૂપ વડે બંને કરકમલમાં ભગવંતને ધારણ કરે છે. બે રૂપ વડે બન્ને બાજુ ચામર વીંજવાનું કાર્ય ચાલે છે. એક રૂપ વડે મસ્તક ઊપર છત્ર ધારણ કરવામાં આવે છે, અને એક રૂપ વડે પ્રભુની આગળ વજ્ર ઉલાળવામાં આવે છે.

**બીજા ૬૩ ઈન્દ્રો વગેરેનું મેરુગિરિ ઉપર આવાગમન**

સૌધર્મેન્દ્ર જિનેશ્વરદેવની ભક્તિનો લાભ સંપૂર્ણ પોતાને મળે એ ઉત્તમ-ભાવનાથી પાંચ રૂપની વિકુર્વણા કરી ભગવાન મહાવીરપ્રભુને લઇને જે અવસરે મેરુશિખર ઊપર તીર્થંકર ભગવંતનો જન્માભિષેક મહોત્સવ ઉજવવા માટે આવી પહોંચ્યા, તે અવસરે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક નિકાયના બીજા કુલ ૬૩ ઇન્દ્રો પોતાના વિશાલ પરિવાર સાથે મેરુશિખર ઉપર આવી પહોંચ્યા હતા. ઉપરાંત ચારેય નિકાયના બીજાં અસંખ્ય દેવો અને દેવીઓ પણ પોતપોતાના સ્થાનેથી પરમાત્માની ભક્તિનો લાભ લેવા મેરુપર્વત ઉપર હાજર થઇ ગયા હતા.

**તીર્થંકરોના કલ્યાણકને ઉજવવા, એ ઈન્દ્રાદિદેવોનો શાશ્વતો આચાર છે.**

જૈનદર્શનના નિયમ પ્રમાણે કોઇ પણ તીર્થંકર ભગવંતનો પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ એમ કુલ પંદર કર્મભૂમિના ક્ષેત્રો પૈકી કોઇપણ ક્ષેત્રમાં જન્મકલ્યાણકનો પવિત્ર પ્રસંગ હોય તે અવસરે ચોસઠ ઇન્દ્રો, તેમની ઇંદ્રાણીઓ તેમજ બીજાં અસંખ્ય દેવો અને દેવીઓ ઘણાં ઘણાં ઉલ્લાસથી મેરુપર્વત ઊપર જન્માભિષેક મહોત્સવ અવશ્ય ઉજવે છે. ઇન્દ્રો વગેરે દેવોનો આ શાશ્વત આચાર છે. અનંત કાળ અગાઉ તીર્થંકરના જન્માભિષેક મહોત્સવની આ કલ્યાણકારી પ્રવૃત્તિ વિદ્યમાન હતી અને ભવિષ્યકાળમાં પણ આ મંગળમય આચાર શાશ્વત રહેવાનો છે.

## પ્રાસંગિક લોક-અલોકનું સ્વરૂપ

જૈનદર્શનની અપેક્ષાએ લોક-અલોકમય આ વિશ્વ અનાદિ-અનંત છે, અર્થાત્ સનાતન અને શાશ્વત છે. લોક-અલોક સ્વરૂપ અનંત વિશ્વમાં જે આકાશ ક્ષેત્રમાં અનંતાનંત જીવાત્માઓ તેમજ અનંતાનંત પરમાણુ વગેરે પુદ્ગલ દ્રવ્યો છે, ઉપરાંત એ જીવો અને પુદ્ગલોના ગતિ-સ્થિતિ પરિણામમાં નિયત સહાયક ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય દ્રવ્યો છે. એવા વિશ્વના વિભાગને 'લોકાકાશ' કહેવામાં આવે છે. તેમજ જે આકાશક્ષેત્રમાં જીવો નથી પુદ્ગલો નથી અને તેમના ગતિ-સ્થિતિમાં સહાયક ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય પણ નથી એ આકાશક્ષેત્રને 'અલોક' કહેવામાં આવે છે. લોકની અપેક્ષાએ અલોકનું ક્ષેત્ર અનંતાનંતગણું વિશાળ છે. અલોક કાયમ માટે અલોક છે અને લોક એ કાયમને માટે લોક જ છે.

## લોકાકાશના વિભાગો

લોકના ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોક (મધ્ય-લોક) એમ ત્રણ વિભાગો છે. ઊર્ધ્વલોકમાં બહુલતયા દેવોનું સ્થાન છે. અધોલોકમાં સામાન્ય રીતે નારકીના જીવો, ઉપ-રાંત ભવનપતિ નિકાયના દેવોનું સ્થાન છે. અને મધ્યલો-કમાં મોટાભાગે મનુષ્યો તેમજ પશુ-પક્ષી વગેરે તિર્યંચોનું સ્થાન હોવા સાથે શાસ્ત્રના કથન પ્રમાણે વ્યંતર દેવો અને જ્યોતિષી સૂર્ય-ચંદ્ર વગેરે દેવોનું પણ સ્થાન છે.

## અઢીદ્વીપમાં જ મનુષ્યનાં જન્મમરણ

આ મધ્યલોકમાં અસંખ્યદ્વીપો અને સમુદ્રો છે. સર્વ-દ્વીપ-સમુદ્રોના બરાબર મધ્યભાગમાં જંબૂદ્વીપ છે. તેને ફરતો ચારેય બાજુ લવણસમુદ્ર છે. તેને ફરતો ચારેય બાજુ ધાતકી ખંડ છે. તેને ફરતો ચારેય દિશાવિદિશામાં કાલોદધિ સમુદ્ર અને તેને ફરતો ચારેય બાજુ પુષ્કરદ્વીપ છે. આ પુષ્કર-દ્વીપના બરાબર મધ્યભાગે માનુષોત્તર પર્વત છે. આ માનુ-ષોત્તર પછી બાકીના અર્ધપુષ્કરમાં તેમજ ત્યારપછીના-અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં મનુષ્યની ઉત્પત્તિ નથી તેમજ મનુષ્યનું મૃત્યુ પણ સંભવિત નથી.

જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધપુષ્કર-આ અઢીદ્વીપ (સંજોગવશાત્-લવણ સમુદ્ર અને કાલોદધિ સમુદ્ર આ બે સમુદ્ર)માં મનુષ્યોની ઉત્પત્તિ અને મરણ છે. પશુ-પક્ષી વગેરે તિર્યંચોની પણ આ અઢીદ્વીપ અને બે સમુદ્રમાં ઉત્પત્તિ અને મૃત્યુ છે. પછીના અસંખ્ય દ્વીપો અને સમુ-

દ્રોમાં માત્ર પશુ-પક્ષી વગેરે તિર્યંચોનું જ સ્થાન છે. કોઈ લબ્ધિવંત મનુષ્યનું લબ્ધિના પ્રભાવે અથવા દૈવિક શક્તિની મદદથી આ અસંખ્ય દ્વીપ સમુદ્રો પૈકી અમુક અમુક દ્વીપ-સમુદ્રમાં ગમન-આગમન હોઈ શકે છે. પરંતુ મનુષ્યોના જન્મ-મરણનો તો સર્વથા અભાવ જ હોય છે.

## પંદર કર્મભૂમિના ક્ષેત્રોમાં જ તીર્થંકરોનો સદ્‌ભાવ

અઢીદ્વીપમાં મનુષ્યની ઉત્પત્તિ માટે મુખ્યત્વે પંદર કર્મભૂમિ, ત્રીશ અકર્મભૂમિ અને છપ્પન અન્તર્દ્વીપ એમ કુલ એકસોએક (૧૦૧) ક્ષેત્રો છે, પરંતુ તીર્થંકર ભગવંતનો જન્મ અને ધર્મશાસનનું અસ્તિત્વ તો પંદર કર્મભૂમિના ક્ષેત્રોમાં જ હોઈ શકે છે. પંદર કર્મભૂમિના ક્ષેત્રો પૈકી પાંચ મહાવિદેહના ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કાળે એકસો સાઠ તીર્થંકરો હોય છે. અને જઘન્ય કાળે કુલ વીશ તીર્થંકરો હોય છે. વર્તમાનમાં પણ પાંચ મહાવિદેહમાં ભગવાન સીમંધર-સ્વામી વગેરે કુલ વીશ તીર્થંકરો જુદાં જુદાં સ્થળોમાં (વિજયમાં) વિદ્યમાન છે; અને યોજનગામિની અમૃતમય ધર્મદેશના દ્વારા અસંખ્ય આત્માઓને કલ્યાણમાર્ગનો ઉપદેશ આપી રહ્યા છે. પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રોમાં અમુક કાળે જ અનંત ઉપકારી તીર્થંકર ભગવંત અને એમનું ધર્મશાસન વિદ્યમાન હોય છે.

## એક સાથે તીર્થંકરોના દશ કલ્યાણકો

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં જે અવસરે તીર્થંકર ભગવંતનો જન્મ થાય છે તે જ અવસરે ધાતકીખંડ અને

અર્ધપુષ્કરદ્વીપના બન્ને ભરતક્ષેત્રો તેમજ અઢીદ્વીપના પાંચેય ઐરવતક્ષેત્રોમાં પણ કાળની સમાનતાને કારણે તીર્થંકરનો જન્મ થાય છે. આપણા ભરતક્ષેત્રમાં ચોવીશ તીર્થંકરો જેમ એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણી દરમિયાન થાય છે. તે જ પ્રમાણે ઉપર જણાવેલા બાકીના ચારેય ભરતક્ષેત્રોમાં અને પાંચ ઐરવત ક્ષેત્રોમાં પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણી દરમિયાન ચોવીશ-ચોવીશ તીર્થંકરોનું અનુક્રમે અસ્તિત્વ અવશ્ય હોય છે.

પાંચ ભરત અને પાંચ ઐરવત પૈકી કોઈપણ એક ક્ષેત્રમાં જ્યારે તીર્થંકર ભગવંતનું ચ્યવનકલ્યાણક હોય ત્યારે બાકીના નવેય ક્ષેત્રોમાં પણ એ જ અવસરે અન્ય અન્ય તીર્થંકરોનું અવશ્ય ચ્યવનકલ્યાણક હોય છે. બાકીના જન્મ-દીક્ષા-કેવલ અને મોક્ષ આ ચારેય કલ્યાણકો માટે પણ એ પ્રમાણે જ સમજવાનું છે. અને બધા તીર્થંકરોનાં કલ્યાણકોના પ્રસંગે ઇન્દ્રાદિદેવો જે રીતે તેમનો આચાર હોય તે રીતે અવશ્ય કલ્યાણકને ઉજવે છે. દેવો વૈક્રિયશરીરી હોવાથી તે ભવના પ્રભાવે અનેક શરીરો બનાવી શકે છે. એટલે એક સાથે અનેક તીર્થંકરોના કલ્યાણકની ઉજવણી કરવામાં તેમને કશી અગવડ આવતી નથી. આમ ઈન્દ્રાદિદેવોને એક સાથે દશ-દશ તીર્થંકરોનાં કલ્યાણકોની ઉજવણી કરવાનો અપૂર્વ લાભ પ્રાપ્ત થાય છે.......

—મુંબઈથી પ્રગટ થતા જૈનયુગ માસિકમાં પ્રગટ થતી આ લેખમાળા કમનસીબે અહીંથી અટકી ગઈ હતી.

# પરિશિષ્ટો

**નોંધ :**–ભગવાન મહાવીરના ૨૭મા ભવ સાથે સંબંધ ધરાવતી વાચકોના હૃદય, નેત્ર અને મનને પવિત્ર કરે અને બુદ્ધિને જાગૃતી ગમે તેવી કેટલીક જરૂરી બાબતો અને ઘટનાઓની અહીં સંક્ષિપ્ત વિગતો અલગ અલગ રીતે રજૂ કરી છે જે (૧) "પરિશિષ્ટ"ના નામ નીચે આપી છે.

—**સંપાદક**

## ૧. શ્રમણ ભગવાન મહાવીરના પાંચ કલ્યાણકો

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ચ્યવન | કલ્યાણક | અષાઢ શુદિ ૬ | બ્રાહ્મણકુંડગ્રામ નગર |
| (૨) | જન્મ | ,, | ચૈત્ર શુદિ ૧૩ | ક્ષત્રિયકુંડગ્રામ નગર |
| (૩) | દીક્ષા | ,, | કાર્તિક વદિ ૧૦ | ક્ષત્રિયકુંડગ્રામ નગર |
| (૪) | કેવલજ્ઞાન | ,, | વૈશાખ શુદિ ૧૦ | ઋજુવાલુકા નદીના કિનારે શાલવૃક્ષ |
| (૫) | નિર્વાણ | ,, | આસો વદિ ૦)) | પાવાપુરી |

## ૨. શ્રમણ ભગવાન મહાવીરના ૨૭ ભવ

(૧) ભવ નયસાર ગ્રામમુખી
(૨) ,, સૌધર્મ દેવલોકમાં દેવ
(૩) ,, મરીચિ રાજકુમાર
(૪) ,, પાંચમા બ્રહ્મલોકમાં દેવ
(૫) ,, કૌશિક બ્રાહ્મણ

૧૦. મારી ઇચ્છા ભગવાન મહાવીરના ચિત્ર સંપુટના વિસ્તૃત પરિશિષ્ટો અહીં આપવાની હતી પણ સમય ઘણો જાય તેમ હોવાથી તે વિચાર જતો કર્યો છે.

(૬) ભવ પુષ્પમિત્ર બ્રાહ્મણ
(૭) ,, સૌધર્મ દેવલોકમાં દેવ
(૮) ,, અગ્નિદ્યોત બ્રાહ્મણ
(૯) ,, ઈશાન દેવલોકમાં દેવ
(૧૦) ,, અગ્નિભૂતિ બ્રાહ્મણ
(૧૧) ,, સનત્કુમાર દેવલોકમાં દેવ
(૧૨) ,, ભારદ્વાજ બ્રાહ્મણ
(૧૩) ,, માહેન્દ્ર દેવલોકમાં દેવ
(૧૪) ,, સ્થાવર બ્રાહ્મણ
(૧૫) ,, બ્રહ્મદેવલોકમાં દેવ
(૧૬) ,, વિશ્વભૂતિ રાજકુમાર અને સંયમની આરાધના તેમજ નિયાણું
(૧૭) ,, શુક્રદેવલોકમાં દેવ
(૧૮) ,, ત્રિપૃષ્ઠ વાસુદેવ
(૧૯) ,, સાતમી નરક
(૨૦) ,, સિંહ
(૨૧) ,, ચોથી નરક
(૨૨) ,, મનુષ્યભવ અને સંયમ ગ્રહણ
(૨૩) ,, પ્રિયમિત્ર ચક્રવર્તી સંયમ ગ્રહણ
(૨૪) ,, મહાશુક્ર નામના દેવલોકમાં દેવ
(૨૫) ,, નંદન રાજકુમાર, ચારિત્ર ગ્રહણ અને તીર્થંકરનામકર્મનો નિકાચિત બંધ
(૨૬) ,, પ્રાણત નામના દશમા દેવલોકમાં દેવ
(૨૭) ,, શ્રમણ ભગવાન મહાવીર

## ૩ પ્રભુ મહાવીરનો સાંસારિક કુટુંબ પરિવાર

માતા–દેવાનંદા તથા ત્રિશલા [વિદેહદિન્ના]

પિતા–ઋષભદત્ત તથા સિદ્ધાર્થ [શ્રેયાંસ]

વડીલબંધુ–નંદિવર્ધન

બહેન–સુદર્શના

પત્ની–યશોદા

પુત્રી–પ્રિયદર્શના

દૌહિત્રી–શેષવતી

કાકા–સુપાર્શ્વ

જમાઈ–જમાલી

---

## ૪. ભગવાન મહાવીરની સાડાબાર વર્ષના છદ્મસ્થકાળની ઉગ્ર તપસ્યા

| તપનું નામ | કેટલીવાર | દિનસંખ્યા | પારણા |
|---|---|---|---|
| છમાસી | ૧ | ૧૮૦ | ૧ |
| પાંચ મહિના ઉપર ૨૫ દિન | ૧ | ૧૭૫ | ૧ |
| ચોમાસી | ૯ | ૧૦૮૦ | ૯ |
| ત્રણ માસી | ૨ | ૧૮૦ | ૨ |
| અઢી માસી | ૨ | ૧૫૦ | ૨ |
| બે માસી | ૬ | ૩૬૦ | ૬ |
| દોઢ માસી | ૨ | ૯૦ | ૨ |
| માસક્ષમણ [એક મહિનો] | ૧૨ | ૩૬૦ | ૧૨ |
| પાસ ક્ષમણ [૧૫ દિવસના] | ૭૨ | ૧૦૮૦ | ૭૨ |

૧ આ યંત્રમાં દિવસની સંખ્યા ૧ માસના ૩૦ દિવસના હિસાબથી લખવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| પ્રતિમા અઠ્ઠમ તપ | ૧૨ | ૩૬ | ૧૨ |
| છઠ્ઠ તપ | ૨૨૯ | ૪૫૮ | ૨૨૮ |
| ભદ્ર પ્રતિમા | ૧ | ૨ | ૧ |
| મહાભદ્ર પ્રતિમા | ૧ | ૪ | ૧ |
| સર્વતોભદ્ર પ્રતિમા | ૧ | ૧૦ | ૧ |
| | | ૪૧૬૫ | ૩૫૦ |

૨ છઠ્ઠ ૨૨૯ અને પારણા દિન ૨૨૮. આ રીતે એક દિન પારણામાં ઓછો થવાનું કારણ એ છે કે કેવલ જ્ઞાન-કલ્યાણક અવસરનો છઠ્ઠ છદ્મસ્થકાળમાં જાય છે. જ્યારે તેના પારણાનો દિવસ કેવલીપર્યાયમાં જાય છે. તેથી એક દિવસ ઓછો થાય છે.

## ૫. શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો પરિવાર

(૧) ઇંદ્રિભૂતિ વગેરે ૧૧ ગણધરો
(૨) ઇન્દ્રભૂતિ વગેરે ચૌદ હજાર સાધુઓ
(૩) ચંદનબાળા વગેરે છત્રીશ હજાર સાધ્વીઓ
(૪) શંખ--શતક વગેરે એકલાખ ઓગણસાઠ હજાર શ્રાવકો
(૫) સુલસા રેવતી વગેરે ત્રણલાખ અઢાર હજાર શ્રાવિકાઓ
(૬) સાડાત્રણસો ચૌદપૂર્વધર સાધુઓ
(૭) તેરસો અવધિજ્ઞાની સાધુઓ
(૮) સાતસો કેવલજ્ઞાની સાધુઓ
(૯) ચૌદસો કેવલજ્ઞાની સાધ્વીઓ
(૧૦) સાતસો વૈક્રિય લબ્ધિધારી સાધુઓ

(૧૧) પાંચસો વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની સાધુઓ
(૧૨) ચારસો વાદલબ્ધિમાં નિપુણ-વાદી સાધુઓ
(૧૩) સાતસો તેજ ભવમાં મુકિતગામી સાધુઓ
(૧૪) ચૌદસો તેજ ભવમાં મુકિતગામી સાધ્વીઓ
(૧૫) આઠસો અનુત્તર વિમાનમાં એકાવતારી તરીકે ઉત્પન્ન થનારા સાધુઓ

---

## ૬. શ્રમણ ભગવાન મહાવીરના ઉપાસક રાજા-મહારાજાઓ

(૧) રાજગૃહીના રાજા શ્રેણિક (અપરનામ ભંભસાર અથવા બિંબિસાર)
(૨) ચંપાનગરીના રાજા અશોકચંદ્ર (અથવા કોણિક)
(૩) વૈશાલીના રાજા ચેટક
(૪) કાશી દેશના નવ મલ્લકી જાતિના ગણતંત્ર રાજવીઓ
(૫) કોશલદેશના નવ લચ્છવી જાતિના ગણતંત્ર રાજવીઓ
(૬) અમલકલ્પા નગરીના શ્વેત રાજા
(૭) વીતભય પત્તનના ઉદાયન રાજા
(૮) કૌશાંબીના શતાનિક રાજા તથા ઉદાયનવત્સ
(૯) ક્ષત્રિયકુંડના નંદિવર્ધન રાજા
(૧૦) ઉજ્જયિનીના ચંડપ્રદ્યોત રાજા
(૧૧) હિમાલય પર્વતની ઉત્તર તરફ પૃષ્ઠ ચંપાના શાલ અને મહાશાલ
(૧૨) પોલાસપુરના વિજય રાજા
(૧૩) પોતનપુરના પ્રસન્નચંદ્ર રાજા

(૧૪) હસ્તિશીર્ષ નગરના અદીનશત્રુ રાજા
(૧૫) ઋષભપુરના ધનાવહ રાજા
(૧૬) વીરપુરનગરના વીરકૃષ્ણુમિત્ર રાજા
(૧૭) વિજયપુરના વાસવદત્ત રાજા
(૧૮) સૌગંધિક નગરના અપ્રતિહત રાજા
(૧૯) કનકપુરના પ્રિયચંદ્ર રાજા
(૨૦) મહાપુરના બલરાજા
(૨૧) ચંપાનગરીના દત્તરાજા
(૨૨) સાકેતપુરના મિત્રનંદી રાજા

આ પ્રમાણે બીજા પણ અનેક રાજા, મહારાજાઓ, મંત્રીશ્વરો ક્રોડાધિપતિ-લક્ષાધિપતિ સંખ્યાબંધ શ્રીમંતો ભગવાન મહાવીરના પરમ ઉપાસક હતા.

## ૭. શ્રમણ ભગવાન મહાવીરના ચાતુર્માસ

૧ ચોમાસું અસ્થિક ગ્રામમાં
૩ ચોમાસા ચંપા અને પૃષ્ઠચંપામાં
૧૨ ચોમાસા વૈશાલી અને વાણિજ્ય ગ્રામમાં
૧૪ ચોમાસા રાજગૃહ નગરના નાલંદા પાડામાં
૬ ચોમાસા મિથિલામાં
૨ ચોમાસા ભદ્રિકામાં
૧ ચોમાસું આલંભિકામાં
૧ ચોમાસું શ્રાવસ્તીમાં
૧ ચોમાસું અનાર્ય ભૂમિમાં
૧ ચોમાસું પાવાપુરીમાં

૪૨

## શ્રી મહાવીરસ્વામિને નમઃ

# શ્રમણ ભગવાન મહાવીર પ્રભુની ઉપદેશ ધારામાંથી તારવેલા અમૃતબિંદુઓ

સંકલનકાર :-

પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

(૧) આત્મા અનાદિ છે તેમજ અનંત છે. આત્માની પોતાની ઉત્પત્તિ પણ નથી અને મરણ પણ નથી. આત્મા ત્રણેય કાળમાં શાશ્વત છે

(૨) આવા આત્માઓ વિશ્વમાં એક નહિ પણ અનંતાનંત છે. પ્રત્યેક આત્માનું મૌલિક સ્વરૂપ એક સરખું છે.

(૩) પ્રત્યેક આત્માના મૂલ સ્વરૂપમાં અનંતજ્ઞાન-અનંતદર્શન અનંતચારિત્ર અને અનંત વીર્યના ગુણો રહેલા છે.

(૪) આત્મા જેમ અનાદિ છે તેમ આત્માનો સંસાર પણ અનાદિ છે અને સંસારના કારણભૂત કર્મનો સંયોગ પણ અનાદિ છે.

(૫) અમુક કર્મ અમુક સમયે બંધાય એ સત્ય છે પરંતુ સર્વથી પહેલું કર્મ આત્માએ ક્યારે બાંધ્યું ? આ પ્રશ્નના જવાબમાં પ્રવાહની અપેક્ષાએ આત્માની સાથે કર્મનો સંબંધ અનાદિનો છે.

(૬) કર્મનો બંધ કરવો, બાંધેલા કર્મના ફળોને ભોગવવાં અને એ કર્મફળો ભોગવવા માટે ચોરાશી લાખ જીવાયોનિમાં વારંવાર પરિભ્રમણ કરવું, તત્ત્વદૃષ્ટિએ આત્માનો આ સ્વ-

ભાવ નથી પરંતુ વિશ્વના સર્વ ભાવો જાણવા, જોવા અને પોતાના સ્વરૂપમાં રહેવું એજ આત્માનો મૂલ સ્વભાવ છે.

(૭) પાણીની સપાટી ઉપર રહેવું પણ તળીયે ન જવું એ જેમ તુંબડીનો સ્વભાવ છે,તેમ વિશ્વના અગ્રભાગે સિદ્ધશિલા ઉપરના ભાગમાં રહેવું અને પોતાના અનંત સ્વરૂપનું અનંત સુખ અનંતકાળ પર્યંત ભોગવવું એ જ આત્માનું યથાર્થ સ્વરૂપ છે.

(૮) તરવાના સ્વભાવવાળી તુંબડીમાં કાણું પડે અને તેમાં માટી ભરાય એટલે જેમ તે તુંબડી જળાશયના તળીયે જઈને બેસે છે, તેમ આત્મામાં અનાદિકાળથી અઢારે પાપના કાણા વિદ્યમાન હોવાથી એ કાણા દ્વારા ક્ષણે ક્ષણે કર્મરૂપી માટી આ આત્મારૂપી તુંબડીમાં ભરાય છે અને તેના કારણે આ આત્મા સંસારસાગરમાં ડૂબીને અનંત કાળથી ગોથા ખાધા કરે છે.

(૯) નૌકા અથવા નાના મોટા વહાણનો સ્વભાવ પાણીની સપાટી ઉપર તરવાનો અને સામે કિનારે પહોંચવાનો છે, પરંતુ ડૂબવાનો નથી. એમ છતાં એ નૌકા અથવા વહાણમાં છિદ્રો વિદ્યમાન હોય તો એ છિદ્રો દ્વારા એ વહાણમાં પાણી ભરાય અને પાણી ભરાય એટલે પાણીની સપાટી ઉપર તરવાને બદલે તેમજ સામા કિનારે પહોંચવાને બદલે તે વહાણ તળીયે ડુબી જાય છે.

(૧૦) તે પ્રમાણે આ આત્મામાં હિંસા, અસત્ય, ચોરી વગેરે અનેક પાપનાં છિદ્રો જ્યાં સુધી વિદ્યમાન છે ત્યાં

સુધી તે પાપના છિદ્રો દ્વારા ક્ષણે ક્ષણે આત્મામાં કર્મરૂપી જળ ભરાયા કરે છે અને સામે કિનારે પહોંચવાને બદલે એ આત્મારૂપી નૌકા સંસારસાગરમાં જ ડુબકી માર્યા કરે છે.

(૧૧) સ્થૂલદૃષ્ટિએ સંસારમાં ગમે તેટલું સુખ દેખાતું હોય પણ તત્ત્વદૃષ્ટિએ તે સુખ નથી. પારકી અથવા ઉછીની માંગીને ભેગી કરેલી મુડી ઉપર તાગડધિન્ના કરવા જેવું તે સુખ છે.

(૧૨) વળી જ્યાં સુધી જન્મ–જરા--મરણનો ભય માથે ઝઝુમતો હોય, આધિ--વ્યાધિ અને ઉપાધિઓથી જીવન ભરપૂર હોય, તેમજ રોગ--શોક--સંતાપ વગેરે દુઃખોના વાદળ હરહંમેશ માથે ઘેરાયેલા જ રહેતા હોય, આવા સંસારમાં સુખની આશા રાખવી વ્યર્થ છે.

(૧૩) ગમે તેટલું ભોજનપાન કરવામાં આવે છતાં અમુક સમય બાદ ભુખ–તરસની વેદના પાછી જો હાજર થતી હોય તો એ ભોજન--પાનના સુખની કશી કિંમત નથી.

(૧૪) ગમે તેટલી સંપત્તિના ઢગ વિદ્યમાન હોય, છતાં આશા--તૃષ્ણા અને અસંતોષનો ઉકળાટ જીવનમાં નિરંતર ચાલુ હોય તો તે સંપત્તિના સુખ કશી ગણત્રીમાં નથી.

(૧૫) સાત માળ કે સિત્તેર માળની હવેલીના છેલ્લા મજલે સુવર્ણના હિંચકે હિંચવાનું મલ્યું હોય, એમ છતાં

એક ક્ષણે એ હવેલી અને સોનાનો હિંચકો છોડીને અજાણી વાટે અવશ્ય જવું પડતું હોય તો એ હવેલી અને હિંચકાના સુખ શા કામના છે?

(૧૬) ગમે તેટલો સમય પસાર થાય છતાં જ્યાં કોઈ અવસરે ક્ષુધા જ ન લાગે અને તૃષા પણ ન જાગે તે સાચું સુખ છે.

(૧૭) જ્યાં શરીર અને ઇન્દ્રિયોનો કાયમ માટે સર્વથા અભાવ હોય 'પુનરપિ જનનં પુનરપિ મરણં' આ બાબતનો સદંતર અંત હોય ત્યાં જ સાચું સુખ છે.

(૧૮) સોનાની સાંકળી, મોતીની માળા અને હીરાના હાર ભલે ન હોય, સાત અથવા સિત્તેર માળની હવેલી અને તેમાં સુવર્ણનો હિંચકો ભલે ન હોય પણ આત્માનો પોતાનો જ્ઞાન, દર્શન અને ચારિત્રનો અક્ષય ખજાનો જ્યાં વિદ્યમાન હોય ત્યાં જ સાચું સુખ છે.

(૧૯) રાજા,મહારાજા, ચક્રવર્ત્તી અથવા ઇન્દ્ર વગેરે પોતાની પ્રજા તેમજ પરિવાર ઉપર ગમે તેટલું આધિપત્ય ભોગવતા હોય છતાં પોતાને માથે કર્મસત્તાનું સામ્રાજ્ય અને કર્મની બેડીઓ કાયમ વિદ્યમાન હોવાથી ત્યાં સાચું સુખ નથી.

(૨૦) જ્યાં કોઈની પરતંત્રતા કે તાબેદારી નથી એવી સિદ્ધ અવસ્થાનું સુખ એજ સાચું સુખ છે. એનું જ નામ મોક્ષ છે. એ પરમાનંદનું અક્ષય ધામ છે.

(૨૧) સર્વપ્રકારના કર્મોનો બંધ, ઉદય અને સત્તામાંથી સર્વથા અભાવ થાય ત્યારેજ આત્માને આવું આત્માના પોતાના ઘરનું અક્ષય-મુક્તિ-સુખ પ્રાપ્ત થાય છે.

(૨૨) સર્વપ્રકારના કર્મોનો સર્વથા અભાવ અને મુક્તિ-સુખની પ્રાપ્તિ માટે હિંસા--અસત્ય વગેરે અઢાર પાપસ્થાનકોને મન--વાણી--કાયાથી સંપૂર્ણપણે તિલાંજલિ આપવી જોઇએ.

(૨૩) આપણુને પોતાને જેમ આપણું જીવન વ્હાલું છે, તેમ સંસારના સર્વ જીવોને પોતાનું જીવન પ્યારૂં છે. એમ સમજીને પ્રાણીમાત્રને અભયદાન આપવા માટે પ્રયત્નશીલ બનવું જોઇએ અને **પ્રાણાતિપાત** (હિંસા)ના પાપથી દૂર રહેવું જોઈએ.

(૨૪) વિશ્વમાં સત્ય જેવી બીજી કોઇ પવિત્રતા નથી અને અસત્ય જેવી કોઈ અપવિત્રતા નથી. જાતિ અપેક્ષાએ ભલે ચંડાલ હોય, પણ તેના જીવનમાં જો સદાય સત્યનું સ્થાન હોય તો અસત્ય બોલનાર બ્રાહ્મણની અપેક્ષાએ તે વધુ પવિત્ર છે એમ ખ્યાલ રાખીને નાના મોટા કોઇપણ પ્રસંગે **મૃષાવાદ**—અસત્ય વચન ન બોલાઇ જાય તે માટે હરહંમેશ સાવધાન રહેવુ જોઇએ.

(૨૫) જેના ઉપર પોતાની માલીકી નથી એવી બીજાની નાની મોટી કોઇપણ વસ્તુ માલિકની સંમતિ સિવાય લેવી તેનું નામ ચોરી છે. અથવા જેમાં પોતાનું ચિત્ત

ચોરાય તેનું નામ ચોરી છે. આ ચોરીની પ્રવૃત્તિ ચિત્તને સદાય શંકાશીલ અને ભયથી વ્યાકુલ રાખે છે અને આત્માને અધોગતિમાં પહોંચાડે છે. માટે આ ચોરીના પાપથી સદંતર દૂર રહેવું જોઇએ.

(૨૬) ઓછી કે વધુ વિષય--વાસના વિષ કરતાં પણ વધુ ભયંકર છે. વિષ તો શરીરમાં પ્રસરે તો જ તે વ્યક્તિને--પ્રાણને નુકશાન પહોંચાડે છે, જ્યારે વાસનાનું તો સ્મરણ થાયતો પણ આત્માનું અત્યંત અહિત થાય છે. આના કારણે પરબ્રહ્મના પ્રધાન કારણ તરીકે ત્રિકરણ યોગથી બ્રહ્મચર્યનું પાલન કરવા માટે સદાય તૈયાર રહેવું જોઇએ અને ચતુર્થ મૈથુન નામના પાપ સ્થાનકથી નિરંતર બચવું જોઇએ.

(૨૭) એક જ પિતાના પુત્રો વચ્ચે પણ વૈમનસ્ય પ્રગટ કરનાર તેમજ અસત્ય અને અનીતિ વગેરે ઉન્માર્ગની પરંપરાનું પોષણ આપનાર ધન--ધાન્ય વગેરે નવ પ્રકારના પરિગ્રહની મમતા છે. આ પરિગ્રહની મમતાએ જ આત્માની જ્ઞાન--દર્શન ચારિત્રની સંપત્તિ લુંટી લીધી છે. આવા કારણે આ નવે પ્રકારના પરિગ્રહની મમતાના પાશમાંથી મુમુક્ષુ આત્માએ સર્વથા દૂર રહેવા નિરંતર જાગૃત રહેવું જોઈએ.

(૨૮) તંદુરસ્ત અને બલવાન શરીરમાં ફકત એક જ કલાક એ ડીગ્રી તાવ આવે તો શારીરિક બળને જેમ હાનિ પહોંચે છે તે જ પ્રમાણે અલ્પ સમય માટે પણ

આવેલો ક્રોધ આત્માના જ્ઞાન–દર્શન–ચારિત્રના બલને નુકશાન પહોંચાડે છે. અગ્નિનો નાનો એવો કણ પણ વિશાળ જંગલને બાળી ભસ્મીભૂત કરે છે. એ જ પ્રમાણે થોડો એવો પણ ક્રોધ આત્માના અનેક ગુણોથી ભરેલા ઉપવનને ભસ્મસાત્ કરી નાંખે છે: માટે આવા **ક્રોધથી** સર્વથા દૂર રહેવાય એજ ઉત્તમ છે.

(૨૯) **અભિમાન** એ આત્માની પ્રગતિના પંથમાં ભયંકર પત્થરની શીલા છે. વિનયગુણના અમૃતનો એ વિનાશ કરે છે, અને અંતરંગ વિવેકચક્ષુમાં અંધકાર પ્રગટ કરે છે. આવા અભિમાનને સુજ્ઞ માનવો એક ક્ષણ માટે પણ સ્થાન આપતા નથી.

(૩૦) **માયા** એ કાળી નાગણથી વધુ ભયંકર છે. કાળી નાગણનો જેમ કોઇ વિશ્વાસ ન કરે, તેમ માયાવી માનવોનો કોઇ વિશ્વાસ નથી કરતું. આવા કારણે માયા (કૂડ–કપટની વૃત્તિ) થી સર્વથા દૂર રહેવું એ સર્વજન હિતાવહ છે.

(૩૧) સર્વ પાપનો બાપ **લોભ** છે. સન્નિપાતનો દર્દી જેમ માનસિક સ્વસ્થતા સર્વાંશે ગુમાવી બેસે છે. એ જ પ્રમાણે લોભને પરવશ પડેલો આત્મા મમ્મણ શેઠની માફક આત્માની અંતરંગ શાંતિ સર્વથા ગુમાવે છે. આવા હેતુથી જીવનને લોભ પિશાચથી દૂર રાખવું એ જ શ્રેયસ્કર છે.

(૩૨) પર પદાર્થ ઉપરનો **રાગ** એ આત્મા માટે મહોરગ-

મહાન અજગર સમાન છે. સંસારી સર્વ જીવોને ગળી જનાર અને પોતાના ઉદરમાં સમાવી લેનાર આ રાગ રૂપી મહાન અજગર સિવાય બીજું કોઇ નથી. અનંતાનંત કાળ પસાર થવા છતાં આત્મા સંસારના બંધનમાંથી મુક્તિ મેળવી શકતો નથી, તેનું કારણ પર પદાર્થનો આ રાગ જ છે. આ રાગ ઉપરથી મીઠો અને અંદરથી આત્માને ફોલી ખાનાર મહાન શત્રુ છે. આવા આ રાગના પાસથી દૂર રહેવું એમાં જ આત્માનું એકાંતે હિત છે.

(૩૩) દ્વેષ એ આત્માનો અંતરંગ દાવાનલ છે. એ દાવાનલનું જેના દિલમાં સ્થાન છે તે આત્માને ક્યાંય શાંતિ મળતી નથી. માટે મુમુક્ષુ મહાનુભાવે આ દ્વેષના ભયાનક દાવાનલથી સદાય દુર રહેવા લક્ષ રાખવું.

(૩૪) કલહ અથવા ક્લેશ–કંકાસ સામાન્ય રીતે ઇષ્ટ નથી. કોઇ સ્થળે ક્લેશ–કંકાસ થતો હોય તો તેનાથી દૂર રહેવાનું. સહેજે મન થાય છે. આવા સંજોગોમાં પોતાના આત્માને ક્લેશ કંકાસનું નિમિત્ત કોણ બનાવે? અર્થાત્ એ કલહ કિંવા કજીયાખોરીના પાપથી દૂર રહેવાય એ જ સર્વોત્તમ છે.

(૩૫) બીજાને અછતું આળ આપવું, મુખમાંથી અપશબ્દો ઉચ્ચારવા અને નિર્દોષ આત્માને માથે કલંક ચઢાવવા એનું નામ **અભ્યાખ્યાન** છે. એ પ્રવૃત્તિ આત્માને અત્યંત દુષિત કરનારી છે. માટે એ અભ્યાખ્યાનના

પાપથી દૂર રહેવામાં જ આત્માને એકાંતે લાભ છે.

(૩૬) એક બીજાની એક બીજા પાસે ચાડી ચુગલી કરવી, બીજાને ન કહેવા જેવી કોઈની ગુપ્ત વાત પણ પ્રગટ કરવી એ **પૈશુન્ય** છે. આ પાપથી બીજા અનેક અનર્થોની પરંપરા શરૂ થાય છે, માટે તે પાપથી દૂર રહેવા માટે સદાય જાગૃત રહેવું.

(૩૭) શરીર–ઇન્દ્રિયો અને મનને અનુકૂલ વિષયોની પ્રાપ્તિમાં આનંદ અને પ્રતિકૂલવિષયોની પ્રાપ્તિમાં દીનતા કિંવા નારાજી એ પાપનું નામ **રતિ–અરતિ**. એ એક પ્રકારનું આર્ત્તધ્યાન (દુર્ધ્યાન) છે. એનાથી માયાના બંધનની વૃદ્ધિ થાય છે. અને પરિણામે માનવતામાંથી પશુતા સર્જાય છે. માટે એનાથી દૂર રહેવુ, એ જ સમુચિત છે.

(૩૮) **પર–પરિવાદ** એટલે પારકાના અવર્ણવાદ અથવા નિંદા. નિંદા કરવી હોય તો તારા પોતાના દૂષણોની નિંદા કરજે, પણ બીજાના દોષો કિંવા અવગુણોની નિંદા ન કરીશ. તારા પોતાના આત્માને નિર્મળ બનાવવો હોય તો તારો પોતાનો તું ધોબી થજે, પણ બીજાનો ધોબી ન થઈશ. નિંદા એટલે ગટરના કાદવથી પોતાના સ્વચ્છ શરીર તેમજ કપડાને મલિન કરવા, આ નિંદાના પાપથી કલ્યાણકામી આત્માએ સદાય અળગા રહેવું.

(૩૯) માયા એ મનનો વિષય હતો. મૃષાવાદ (અસત્યવચન)

એ વાણીનો વિષય હતો. આ બન્ને જુદાં જુદાં પાપો ભેગા મળ્યા એટલે **માયા-મૃષાવાદ** નામનું એક સ્વતંત્ર પાપ ઊભું થયું. ચાંદુ તો હતું અને એમાં ક્ષાર ભભરાવ્યો. એટલે પછી તીવ્ર બળતરા જ થાયને, આ પાપની પણ એજ દશા છે. માટે એનાથી દૂર રહેવામાં જ આત્માનું હિત છે.

(૪૦) અઢારમાં પાપનું નામ **મિથ્યાત્વ-શલ્ય** છે. સત્તરેય પાપોનો ઉદ્ભવ આ અઢારમા પાપસ્થાનકથી થાય છે. આ એક પાપનું જોર હોય ત્યાં સુધી જ બધા પાપોનું જોર હોય છે. આ એક પાપનો અભાવ થાય એટલે બીજા બધાંય પાપો વહેલા મોડા પણ અવશ્ય વિનાશ પામે છે. પાપને પાપ તરીકે જાણવા ન દેવું અને કદાચ પાપને પાપ તરીકે જાણવાનો યોગ મળે તો તે પાપથી દૂર રહેવાની ઈચ્છા જ ન થવા દેવી વગેરે વગેરે આ અઢારમા પાપની જ લીલા છે. આ અઢારમા પાપ જેવું બીજું કોઇ ભયંકર પાપ નથી. અનંત કાળથી પાપનું ભૂત આત્મમંદિરમાં ઘર કરીને બેઠું છે. વહેલામાં વહેલી તકે આ પાપમાંથી આપણે બચીએ એ જ ભાવના આપણે સહુ કોઈએ રાખવાની છે.

(૪૧) આ અઢાર પાપમાંથી બચી શકાય તો કર્મ બંધનથી પણ સર્વથા રહિત થવાય અને પરંપરાએ મોક્ષ સુખની પ્રાપ્તિ થાય એ **શ્રમણ ભગવાન મહાવીરનો** મુખ્ય ઉપદેશ છે.

# મહત્વનો એક અભિપ્રાય

સુશ્રાવક શ્રી હરખચંદ બોથરા એક શ્રુતાભ્યાસી, ધર્મશ્રધ્ધાળુ, જિનશાસનરસી આત્મા છે, એમણે પૂજ્યપાદ યુગદિવાકર લિખિત ભગવાન શ્રી મહાવીરના ૧ થી ૨૬ ભવોની પુસ્તિકા વાંચી. વાંચ્યા બાદ પ્રસ્તુત લેખક પ્રત્યે, એમના હૈયામાં અનુમોદનીય જે ભાવો જન્મ્યા તે એમણે પત્રદ્વારા પૂજ્યપાદ ગુરુદેવ ઉપર પત્ર લખીને પાઠવ્યા હતા મૂલ પત્ર હીન્દીમાં લખેલો હતો.

પ્રસ્તુત પત્રની કોપી ગુજરાતી હિન્દી બંને ભાષામાં અહીં રજૂ કરી છે.

—સંપાદક

**હરખચંદ બોથરા કલકત્તા**

તા. ૨૫-૯-૭૮

પવિત્ર સેવામાં....નમ્ર નિવેદન એ છે કે આપશ્રીના દ્વારા રચિત પુસ્તક ‘ શ્રમણ ભગવાન મહાવીર ૧ થી ૨૬ ભવ ’ આજે દસ વર્ષ પછી સૌભાગ્યવશ મને જોવા મળ્યું.

વાસ્તવમાં આપશ્રીની આ રચના જ ભગવાનની ભવ પરંપરાના માધ્યમથી જિનવાણીના ગૂઢ રહસ્યો વિષે ખૂબજ સરળ અને જીવન વ્યવહારિક રીતે પ્રકાશ ફેંકે છે. અર્થાત એને તત્વજ્ઞાનનો ભંડાર કહેવામાં આવે તો તેમાં કોઈ અતિશયોક્તિ નથી, એના અધ્યયનથી અનેક સારગર્ભિત તથ્યો જાણવાં મળ્યાં ભગવાનના ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવના પિતાજી અને સ્વપિતાનું પાણિગ્રહણ કરેલ માતાજીની ખૂબ સુંદર રીતે સમાલોચના. પણ કરવામાં આવી છે. પિતા પણ બેભાન રૂપે મોહાસક્ત થઇ ગયા અને બેટીએ પણ ઊંચા કુળ-આચારનું ઉલ્લંઘન કર્યું.

એ સિવાય તાત્વિક રહસ્યો માટે તો આ ગ્રંથ રત્નકુંચી સમાન છે. જેમકે અંતરાય કર્મનો વાસ્તવિક ભાવાર્થ–મોહનીય કર્મનો ઉપશમ-ક્ષયોપશમ-ક્ષયાદિ છે. તીર્થંકરનામકર્મની અંતર્ગત ગણધર, આચાર્ય, ઉપાધ્યાય આદિ નામકર્મ પણ છે. ઊંચા કુળનો વાસ્તવિક ભાવાર્થ એ છે કે 'જે કુળમાં અહિંસા, સત્ય, અચૌર્ય, શીલ (ચારિત્ર), સંતોષ, ક્ષમા વગેરે ગુણોનું વાતાવરણ અને આચરણ હોય,' 'જેમાં પોતાનું ચિત્ત ચોરાય તેનું નામ ચોરી,' કેટલી ઉચ્ચ અને મહાન સત્ય ઉજાગર કરતી વ્યાખ્યા.

ભગવાનના એક ક્રોડ વરસના ચારિત્ર પર્યાયમાં અપ્રમત્ત ગુણસ્થાનનો આરોહણ કાળ માત્ર ૧-એક અન્તર્મુહૂર્ત કરતા પણ ઓછો. અપ્રમત્તાવસ્થા અર્થાત સિદ્ધ અવસ્થા, પૂર્ણાતિપૂર્ણ અવસ્થા, સત્‌ચિદાનંદરૂપ અવસ્થા, પૂર્ણ સમરસી–ભાવમય અનુભવ અવસ્થા, આવી ઉચ્ચતમ, મહત્તમ સ્થિતિ તો સાધના કાળમાં અલ્પાતિ-અલ્પ હશે એ સ્વાભાવિક છે.

ઔદયિક, ઔપશમિક ક્ષાયોપશમિક, ક્ષાયિક ભાવોની ખૂબીઓને, રહસ્યોને અત્યન્ત સરળ રૂપમાં વ્યવહારિક જીવનના રૂપે દરેક જગાએ–સ્થળે સમજાવવામાં આવ્યું છે. આ રીતે આ રત્નગ્રંથનો જેટલો મહિમા ગાઇએ તેટલો ઓછો છે. મુમુક્ષુઓને માટે પરમહિત–શિક્ષણરૂપ અને ભાથા–શકિત રૂપ આ ગ્રંથ છે, એ નિશ્ચત છે.

મેં આ ગ્રંથ બે વાર વાંચ્યો છતાં હું ધરાયો નહીં મને તૃપ્તિ ન થઇ. આપશ્રીની આ રચના, ખરેખર! મુમુક્ષુ જગતને એક અનુપમ–અદ્વિતીય ભેટ છે.

આજના આ મહાન કોલાહલ ભરપૂર, અશાન્તિપૂર્ણ વાતાવરણમાં આવા તત્ત્વજ્ઞાનથી ભરપૂર એવા આ ગ્રંથના વાંચનથી મને તો ખૂબજ આનંદ મળ્યો.

**—: મૂલ પત્ર–હિન્દીમાં :—**

पवित्र सेवामें ...विनीत निवेदन यह हैं कि आपश्री–द्वारा रचित पुस्तक 'श्रमण भगवान महावीर १ थी २६ भव' ग्रंथ आज दस (१०) वर्ष बाद सौभाग्यवश मुझे देखनेको प्राप्त हुआ ।

वास्तवमें ही आपश्री की यह रचना भगवानकी भव परंपरा के माध्यमसे जिनवाणी के गूढ रहस्यों पर बडे ही सरल एवं जीवन व्यावहारिक तरीके प्रकाश डालती है । यानि इसको तत्त्वज्ञानका भण्डार कहा जाए तो कोई अत्युक्ति नहीं । इसके अध्ययनसे अनेक सा गर्भित तथ्योंकी जानकारी हुई । समालोचना भी भगवान के त्रिपृष्ठ वासुदेवके भवके पिताजी एवं स्वपिता पाणिगृहीत माताजीकी बडे सुन्दर ढंगसे की गई है । पिता भी बेभानरुपेण मोहासक्त हो गये और बेटी भी उसम कुलाचारका उल्लंघन कर गई ।

इसके अतिरिक्त तात्त्विक रहस्योंकी तो यह ग्रंथ रत्नकुंची हैं । जैसे अंतराय कर्मनो वास्तविक भावार्थ मोहनीय कर्मनो उपशम–क्षयोपशम–क्षयादि हैं । तीर्थंकर नामकर्म के अंतर्गत गणधर, आचार्य, उपाध्या-

यादि नामकर्म भी हैं। उच्चकुलका वास्तविक भावार्थ जिस कुलमें अहिंसा, सत्य, अचौर्य, शील, संतोष, क्षमादि गुणोंका वातावरण एवं आचरण हो। 'जेमां पोतानु चित चोराय तेनु नाम चोरी' क्या ही उच्च एवं महती सत्योद्धारिका व्याख्या। धन्य।

भगवान के एक क्रोडवर्ष के चारित्र प्रर्याय में अप्रमत गुणस्थान का आरोहण काल मात्र १ एक अन्त-मुहूर्त से भी न्यून। अप्रमतावस्था अर्थात् सिद्धावस्था, पूर्णाति–पूर्णावस्था, सत्‌चिदानंद रुपावस्था, पूर्ण समरसीभाव. मय–अनुभव अवस्था, ऐसी ऊच्चतम, महत्तमस्थिति तो साधना कालमें अल्पातिअल्प होगी यह स्वाभाविक है। औदयिक. औपशमिक, क्षायोपशमिक, क्षायिक भावोंकी खूबीयोंकी, रहस्योंको अत्यन्त सरल रुपसे व्यावहारिक जीवनके रुपसे जगह–जगह पर समझाया गया है। इस प्रकार इस [ग्रंथकी] ग्रंथरत्नको जितनी महिमा गाई जाए थोडी है। मुमुक्षुओंके लिए परम हितशिक्षा एवं सम्बल रुप है निश्चय ही यह।

मैंने इस ग्रंथरत्न को दो (२) बार पढा। फिर भी तृप्ति नहीं हुई। आपश्रीकी यह रचना वास्तवमें ही मुमुक्षु–जगतको एक अनुपम भेट है।

ईस महाकोलाहलपूर्ण, अशान्तिपूर्ण वातावरणमें ऐसे तत्त्वज्ञान भरपूर आपके ग्रंथके वाचन से मुझें तो बड़ा आनन्द प्राप्त हुआ।

卐



## એક અનોખું પુસ્તક શીઘ્ર વસાવી લેજો

પૂ. યુગદિવાકર આચાર્યશ્રી વિજયધર્મસૂરિજીની કસાયેલી કલમથી લખાએલ, જૈનધર્મનાં તાત્ત્વિક રહસ્યો સાથે સર્વત્ર આદર પામેલ ગુજરાતી ભાષામાં સુંદર રીતે લખાએલ

# ભગવાન મહાવીરના ૧ થી ૨૬ ભવ

અને

# ૨૭ ભવનો પ્રારંભ

— આવૃત્તિ ચોથી —

આજ સુધીમાં ભગવાન મહાવીર ઉપર ઘણાં પુસ્તકો પ્રગટ થયાં છે. પરંતુ જૈનતત્ત્વજ્ઞાનના અજોડ વિદ્વાન ગણાતા આચાર્યશ્રીજીએ, આ પુસ્તક એમની વિશિષ્ટ કલ્પના અને સંકલનના કારણે સહુથી અનોખા પ્રકારે લખ્યું છે. વિદ્વાનો અને અનેક વાચકોએ જેની ભૂરિભૂરિ પ્રશંસા કરી છે. આની ચોથી આવૃત્તિ એ જ આ પુસ્તક કેટલું આદર એને શ્રદ્ધેય બન્યું છે તેનો પુરાવો છે.

ઠેર ઠેર જૈન ધર્મના કર્મનાં સિદ્ધાન્તો દ્વારા કારણ-કાર્ય ભાવોની વાચકને ભાગ્યે જ વાંચવા-સમજવા મળે એવી સમજણ, આત્મસ્પર્શી ભાવો … નાઓ અને છણા-વટો, ધાર્મિક … કરાવતી, સંસાર ચક્રમાં જીવનના … થાય છે? તેનો ચિતાર આપતી … નકથાને જલદી વસાવી લેજો અને …

— પ્રાપ્તિસ્થાન —

જૈન સાહિત્યમંદિર, પાલીતાણા તથા જૈન બુકસેલરો.



Serving JinShasan
030717
gyanmandir@kobatirth.org